If anybody want copy of this book,please send me email at desaivm50@yahoo.com I will send it. You can read it online at following address http://suratiundhiyu.wordpress.com/ Please click DHARMIK

# આમુખ – બે શબ્દ

મહારાષ્ટ્ર મહાભાગ્યશાળી છે. ઉત્તરોત્તર આ ભૂમિમાં કોઈપણ મહાપુરૂષ જન્મ ધારણ કરીને જડ જીવોનો ઉદ્ધાર કરતા હોય છે. આશરે એકાદ સૈકા પૂર્વે અહમદનગર જીલ્લાની ધાર્મિક પરિસ્થિતિ અતિ વિકટ બની હતી. મહારાષ્ટ્રના અન્ય કોઈ જીલ્લા કરતાં નગર જીલ્લામાં દુષ્કાળની પરિસ્થિતિનો લાભ લઈને ત્યાંના ગરીબ લોકોને ખ્રિસ્તી ધર્મની દીક્ષાનું કાર્ય ચાલુ હતું. એવામાં જ પંદર સોળ વર્ષની વયના સાઈબાબા શીરડીમાં પધાર્યા. તેઓશ્રીની અદ્‌ભુત લીલા તથા ઉપદેશાદિકનો સંગ્રહ આ ગ્રંથમાં કૈ. ગોવિંદરાવ ઊર્ફે અણ્ણાસાહેબ રઘુનાથ દાભોલકરે જાતે કરેલો છે. તેમણે આ ગ્રંથ રચીને શ્રી સાઈભક્તો ઉપર અનંત ઉપકાર કર્યા છે. કોઈ આ પ્રાસાદિક ગ્રંથનું સાત દિવસનું પારાયણ કરે છે. કોઈ નિત્ય નિદાન એક અધ્યાયનું અગર તો થોડા શ્લોકનું પણ વાંચન કરે છે.

ઠાણા જીલ્લાના કેળવા-માહિમ નામે એક નાના ગામડામાં નિર્ધન આદ્યગૌડ બ્રાહ્મણ કુટુંબમાં આ ગ્રંથકર્તા શ્રી દાભોલકરનો જન્મ સને ૧૮૫૯ માં માગશર શુદી ૫ ના રોજ થયો હતો. તેમના પિતા તથા પ્રપિતા ધાર્મિક વૃત્તિના ભક્તજન હતા. કુટુંબ ગરીબ હતું. તેથી ગામમાં જ પ્રાથમિક કેળવણી પુરી કરી અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ તેમણે પુનામાં કર્યો. નિર્ધન પરિસ્થિતિને લીધે આગળ અભ્યાસ કરી શક્યા નહિં. એ સમયમાં લેવાતી પબ્લીક સર્વિસની પરીક્ષામાં પાસ થયા. બાળવયથી જ સ્વભાવે સાલસ હતા. ઉદર-નિર્વાહનું કશું સાધન નહોતું; તેથી પોતાના ગામની નિશાળમાં માસિક આઠ રૂપિયાની શિક્ષકની જગા તેમને સ્વીકારવી પડી. પણ એવામાં કોલાબા જીલ્લાના મામલતદાર શ્રી સાબાજી ચિંતામણ ચિટનીસે તેમની કામની આવડત, મળતાવડો સ્વભાવ તથા તીવ્ર બુદ્ધિ પારખી લીધી. તેથી પ્રથમ તો તેમને ગામડાના તલાટીની જગા આપી જાતે ગરીબી અનુભવેલી હોવાથી તે ગરીબનાં આંસુ લોહતા હતા. કચેરીના કામમાં મહેનતુ ને હોશિયાર હોવાથી દિવસાનુદિવસ મહેરબાની વધતી ગઈ અને અંગ્રેજી કારકુન નીમાયા. થોડા સમયમાં રેવેન્યુ ખાતાની પરીક્ષા પાસ



કરી. અને મામલતદારની કોર્ટના અવલ કારકુનના દરજ્જા સુધી પહોંચ્યા. એ પછી તેમની નીમણુંક ફોરેસ્ટ સેટલમેન્ટ ઓફીસર તરીકે થઈ. અને ત્યારબાદ ભરૂચમાં ફેમીન રીલીફ વર્કસના સ્પેશ્યલ ઓફીસર નીમાયા. અહીં રહી અનાજની યોગ્ય વહેંચણી કરી, જેથી તેમના પર લોકોનો ઘણો પ્રેમ બંધાયો. આ જગા પર તેમણે ઘણું સંતોષજનક કામ કર્યું. તેથી સને ૧૯૦૧ માં થાણા જીલ્લામાં શાહપુરના મામલતદાર તેમને નીમ્યા. એ પછી સને ૧૯૦૩ માં વાંદરામાં ફર્સ્ટ ક્લાસ રેસીડેન્ટ મેજીસ્ટ્રેટની જગા તેમને મળી; જ્યાં સને ૧૯૦૭ સુધી પોતે ચાલુ રહ્યા. ત્યારબાદ તેમની બદલી મુરબાડ, આણંદ, બોરસદ વ૦ સ્થળે એજ હુદ્દા પર થઈ હતી.

એ સમયે કૈ. હરિ સીતારામ દીક્ષિત સોલીસીટર સાથે તેમને નિકટ સ્નેહ-સંબંધ બંધાયો. બન્ને જણ ગીતાજી સાથે જ વાંચતા. વળી એમાંથી કોઈને સદ્‌ભાગ્યે કોઈ મહાપુરૂષનો ભેટો થાય તો અરસપરસ ખબર આપવી એવું તેમણે નક્કી કર્યું હતું. સને ૧૯૦૯ માં કૈ. નાનાસાહેબ ચાંદોરકર દ્વારા કૈ. દીક્ષિતને શ્રી ક્ષેત્ર શીરડીમાં શ્રી સદ્‌ગુરૂ સાઈબાબાનું પ્રથમ દર્શન થયું. આ અલૌકિક મહાત્માનું દર્શન કૈ. અણ્ણાસાહેબને પણ કરાવવું એમ તેમણે ઇચ્છ્યું. પોતે કરેલા દર્શનની સર્વ હકીકત કૈ. અણ્ણાસાહેબને આણંદ મુકામે લખી મોકલી. તે વાંચીને તેમને પણ શ્રી સાઈબાબાના દર્શનની અત્યંત ઉત્કંઠા થઈ. તેમણે એક માસ રજાની અરજી ઉત્તર વિભાગના કમીશનરને લખી મોકલી. પરંતુ રજા અપાય તેમ નથી એવો ઉત્તર મળ્યો. થોડા દહાડા બાદ કમીશનર સાહેબનો મુકામ આણંદ થયો. તે વેળા અણ્ણાસાહેબે રૂબરૂમાં વાંદરા બદલી માટે વિનતિ કરી. પણ તેમણે વાંદરામાં મેજીસ્ટ્રેટનું કામ કરેલું હોવાથી તે વિનતિ માન્ય થઈ નહિ. પણ અણ્ણાસાહેબને તો શ્રી સાઈબાબાના દર્શનની તીવ્ર ઉત્કંઠા હતી. તેથી શ્રી ગુરૂમહારાજનું અંતર દ્રવ્યું. અને શ્રી સાઈએ અઘટિત ઘટના કરી. કમીશનર સાહેબનો આણંદથી આઠ દિવસમાં થાણા મુકામ થયો. એવામાં એક અસિસ્ટંટ કલેક્ટર અકસ્માત ગુજરી ગયા; તેથી ઉત્તરોત્તર બદલીઓ થતાં વાંદરાની જગા ફરી ખાલી પડી. તરતજ વાંદરાના રેસીડેન્ટ મેજીસ્ટ્રેટની જગા પર અણ્ણાસાહેબને મૂકી એ બદલીનો હુકમ તેમને તારથી મોકલ્યો. આણંદથી વાંદરા જઈ એ જગાનો ચાર્જ લીધા પછી તેમણે દસ દિવસની પરચુરણ રજા લીધી અને સહકુટુંબ શીરડી ગયા. અને સદ્‌ગુરૂ શ્રી સાઈબાબાનું પ્રથમ દર્શન કર્યું. તે



વેળાના મિલનના આનંદનું શું વર્ણન કરવું? સદ્‌ગુરૂમાઉલીએ ઇશારાથી તેમનો પૂર્વ ઇતિહાસ સૌના દેખતાં કહી બતાવ્યો. એ સાંભળી તેઓ છક થઈ ગયા. સદ્‌ગુરૂશ્રીનો તેમના પર એટલો બધો પ્રેમ થયો કે તેમણે તેમને 'હેમાડપંત' નામનો ખિતાબ આપ્યો; અને આ ગ્રંથ શ્રી સાઈ સચ્ચરિત્રના પર અધ્યાય પુરા તેમની પાસે લખાવ્યા. જે પ્રથમ શ્રી સાઈલીલા માસિકમાં ક્રમશઃ પ્રગટ થયા હતા. છેવટનો પર મો અધ્યાય તેમના મૃત્યુ અગાઉ બેજ દિવસ પહેલાં છાપવા માટે મોકલ્યો હતો. પોતે સ્નેહી-વર્ગને તથા સગા-સંબંધીઓને પણ તે સમયે વાત કરી હતી કે આ મારો રચેલો છેવટનો જ અધ્યાય છે.

તેઓ નોકરી પરથી સને ૧૯૧૬ માં નિવૃત્ત થયા, જે પછી થોડા સમય માટે તેમને હંગામી જગા પર સરકારે નીમ્યા હતા. પણ નિવૃત્તિ પછી તેમણે અંતકાળ સુધી શ્રી બાબાની સાચા અંતઃકરણથી સેવા જ કરી. અને પરોપકારાર્થે જ પરમાર્થ પથ પર તેમણે જીવન ગાળ્યું. પોતે નિત્ય ભગવત્સેવા ભાવથી કરતા. સ્નાન-સંધ્યા કર્યા પછી શ્રી ગુરૂચરિત્રવાંચન, વિષ્ણુસહસ્રનામ-પાઠ, એકનાથી ભાગવત તથા રામાયણવાંચન, તેમજ ગીતા તથા ઉપનિષદ્ વગેરે આધ્યાત્મિક ગ્રંથોનું અધ્યયન એ સર્વ તેમની દિનચર્યા હતી. છેવટે અંતકાળ અગાઉ એકાદ માસથી પોતે નિત્ય એકનાથી ભાગવતનો ૨૦ મો અધ્યાય "શ્રી કૃષ્ણ-નિધન" પ્રેમથી વાંચતા હતા. આ સર્વ નિયમ પોતે પ્રેમથી પાળતા હતા. શીરડી સંસ્થાન, શ્રી સાઈલીલા માસિક વ૦ બધું કામ નિયમિત રીતે કરીને દરેકની વ્યવસ્થિત નિત્ય-નોંધ રાખતા.

શ્રીમંત કે ગરીબ ગમે તે માણસ તેમને મળવા આવતા ત્યારે પ્રેમથી તેની જોડે વાત કરતા. સ્વભાવ આનંદી હતો. ભજન-કીર્તનના શ્રવણની હોંસ હતી. તેથી વિના આમંત્રણે પણ પોતે તે સાંભળવા જતા. ગરીબ વિદ્યાર્થીઓની કેળવણી અર્થે તેમણે પુષ્કળ સહાય કરી છે. કોઈ યાચકનો કદી પણ અનાદર કરતા નહોતા. પોતે ગરીબીમાંથી ઉંચે આવેલા હોવાથી ગરીબોની મુસીબતો પુરી સમજતા અને બનતી સહાય તેમને કરતા. તેમનું સ્નેહીમંડળ સર્વ વર્ગના માણસોનું હતું.

આમ કૈ. અણ્ણાસાહેબ સંસારમાં રહીને પણ પારમાર્થિક જીવન ઉત્તમ પ્રકારનું જીવ્યા. તા. ૧૫-૭-૧૯૨૯ ના રોજ બપોરના તેમનો સ્વર્ગવાસ



તેમના બંગલામાં જ થયો. કોઈ શુભ નિષ્ઠાવાળા યોગભ્રષ્ટ સાધુને દીપાવે તેવો તેમનો કૈલાસવાસ થયો.

શ્રી સાઈનાથ મહારાજની કૃપાથી ભક્તો માટે આ ગ્રંથરૂપી અમૂલ્ય ભેટ અણ્ણાસાહેબ મૂકી ગયા છે; જેનો વાંચકો અવશ્ય લાભ લેશે અને છેવટના અધ્યાયમાં આપેલી સૂચના પ્રમાણે સાઈભક્તો આ ગ્રંથનું પારાયણ-સપ્તાહ કરી સુખદ અનુભવ પણ લેશે એવી શ્રદ્ધા છે.

શ્રી સાઈબાબાના ભક્ત કૈ. હરિ સીતારામ દીક્ષિતે આ ગ્રંથના ૩૫ અધ્યાય પુરા રચાયા પછી તેનો ઉપોદ્‌ઘાત શ્રી સાઈલીલા માસિકમાં લખ્યો હતો. વળી ગ્રંથ પુરો થયા પછી સાઈભક્ત કૈ. બાળકૃષ્ણ વિશ્વનાથ દેવે તેની પ્રસ્તાવના પણ લખી છે. શ્રી સાઈ મહારાજના દર્શનાર્થે આવનાર હજારો ભક્તોમાં કૈ. અણ્ણાસાહેબ દાભોલકર શ્રેષ્ઠ ભક્ત હતા. આ પ્રાસાદિક ગ્રંથના પર અધ્યાય પૂર્ણ થયા પછી ૫૩ મા અધ્યાયની અર્થાત્ અવતરણિકાની નોંધ કૈ. અણ્ણાસાહેબે તૈયાર કરી હતી. પણ એવામાં જ તેઓ આ જગતનો પસારો છોડીને શ્રી સાઈના ચરણમાં વિલીન થયા. તેથી એ નોંધ મળી શકી નહિં. માટે કૈ. દેવ ઊર્ફે 'બાબાના બાળે' આ અવતરણિકા પૂર્ણ કરી. ઉપરોક્ત ઉપોદ્‌ઘાતનો તથા પ્રસ્તાવનાનો ઉપયોગી ભાગ આ લેખને અંતે જુદો આપેલ છે. કૈ. દેવની પ્રસ્તાવનામાં ગ્રંથ-વાંચનનું મહત્ત્વ સમજાવ્યું છે. તેમજ ગુરૂચરિત્ર ઉપર કયા ગ્રંથ કોણે લખ્યા છે તે માહિતી પણ આપી છે.

હાલમાં મુંબઈ, પુના, ગુજરાત, કલકત્તા, મદ્રાસ અને એવા શીરડીથી બહુ દૂરના સ્થળોમાં પણ શ્રી સાઈ મહારાજના ઉત્સવ સાર્વજનિક રીતે ઉજવાય છે. તેમજ તે તે પ્રાંતોમાંથી અસંખ્ય લોકો તેમની સમાધિના દર્શનાર્થે પણ નિત્ય શીરડી આવે છે. અહીં પ્રત્યેક આવનારે ખૂબ સાવધ રહેવું એમ સૂચના આપવાની મારી ફરજ સમજું છું. "હું શ્રી સાઈનો પટ્ટશિષ્ય છું. બાબા પ્રત્યક્ષ મારી જોડે વાતો કરે છે જેથી તમારે માટેનો સંદેશો પણ હું મેળવી શકીશ. તમારે બાબાને કહેવા કરવવાનું હોય તે મને કહો. એટલે હું બાબાને કહીશ. અને તમારૂં કામ જલદી થશે." આવી જાતની પાખંડબાજી ચાલતી જોવામાં આવે છે. આવો પ્રચાર આ ધૂર્ત લોકોના મિત્રો પણ કરવામાં કંઈ બાકી રાખતા નથી. કશી માહિતી વિનાના, શીરડીમાં પ્રથમ જ આવનાર ગૃહસ્થોને આવા પાખંડીઓ ધૂર્ત પ્રચારકોની

સહાય વડે પોતાની જાળમાં ફસાવે છે, આવો અનુભવ ઘણા સાઈભક્તોને થયો છે.

શ્રી સાઈબાબા પ્રત્યક્ષ પરમેશ્વર હતા. તેથી ભક્તે સ્વતઃ મનોભાવથી કરેલી પ્રાર્થના તેમને પહોંચે છે. તેમને આવા મધ્યસ્થીની જરૂર જ નથી. શ્રી સાઈ-સમાધિનું દર્શન, શ્રી સાઈ-નામ-સ્મરણ, તેમના ઉપદેશનું વાંચન-મનન જે કોઈ શ્રદ્ધાથી કરે છે તેમને આ વાતની ખાત્રી અવશ્ય થાય છે. શ્રી સાઈબાબાની હૈયાતી દરમ્યાન પણ આવા ઘણા ધૂર્ત લોકો આવતા, પણ ફજેત થઈને પાછા જતા. કૈ. મુક્તારામ ( રાવેલ જી. ખાનદેશ ) શ્રીના સમય દરમ્યાન શીરડીમાં હતા. શ્રી બાબા સ્વર્ગસ્થ થયાને બીજે જ દિવસે આ ગૃહસ્થે ત્યાંના લોકોને કહ્યું કે ' શ્રી બાબાએ દ્વારકામાઈમાં તેમની જગાએ બેસવાનો મને આદેશ કર્યો છે. હું જ તેમનો વારસ છું " કૈ. તાત્યાબા કોતે પાટિલ, રામચંદ્ર પાટિલ વગેરે સેવકોએ તેમ ન કરવા તેને સમજાવવા માંડ્યું પણ તેણે કોઈનું ન સાંભળતાં સર્વેને ધુત્કારી કાઢ્યા. અને બાબા બેસતા તે સ્થળે જઈને બેઠો. અલ્પ સમયમાં જ બેઠક નીચેથી તેને સોયા ભોંકાવા લાગ્યા અને લોહી વહેવા માંડ્યું. એથી ત્યાંથી ઉઠીને બાજુની જગા પર તે બેઠો. તો પણ એજ સ્થિતિ ચાલુ રહી. છેવટે સાત આઠ દિવસમાં જ ભયંકર હાલતમાં જ શ્રીની ક્ષમા માગી તેણે પ્રાણ છોડ્યા. તેની સમાધિ લેંડીબાગમાં છે. આમ વારસદારનો હક્ક આગળ કરનારા અન્ય ત્રણ ચાર જણ પણ નીકળ્યા હતા. પણ ઉપરની સ્થિતિ જોયા પછી તે સર્વ પણ શીરડી છોડીને ચાલી ગયા !

આમ કોઈ ધૂર્ત પાખંડી પોતે સાધુતાનો ઢોંગ કરી પોતે મોટો મહંત છે એવી શેખી કરતો બેસે છે તો 'શું તું મારી બરોબરી કરે છે ? એવું સંભળાવી શ્રી સાઈ મહારાજ તેને ભાનમાં લાવે છે. આજે પણ સમાધિ-મંદિરમાં તેમજ દ્વારકામાઈમાં કેટલાક લોકો ' શ્રી બાબા મારામાં અવતીર્ણ થાય છે' એવો ભાસ આપીને માણસોને પોતાના પગે પડાવે છે. તે પણ પોતાના સદ્‌ગુરુની બરોબરી કરવાની હિંમત જે માણસો કરે છે તેમની કેવી દુર્દશા થાય છે તે ઉપર આપેલી હકીકત જોતાં ખાત્રી થશે. ઘણું ખરૂં આવા કૃત્યોને ઉત્તેજન આપનારા શિક્ષિત સમાજ જોવામાં આવે છે. તેઓ જ આવો પ્રચાર ચલાવે છે. જગતમાં પ્રત્યેક ક્ષેત્રમાં સાધુ તેમજ ધૂર્ત બન્ને જોવામાં આવે છે. પરમાર્થની બાબતમાં પાખંડીઓ ઘણા છે, કારણ કે



પરમાર્થ તો બુદ્ધિથી પર છે. અને તેમાં કશી જાતની શ્રદ્ધા વિના પગ આગળ મૂકવો અશક્ય છે. વ્યવહારમાં ખોટું નાણું કોઈ સ્વીકારતું નથી. નાણું પારખીને આપણે લઈએ છીએ. તેમજ સાધુને પણ પારખીને તેઓનો સંગ કરવો જોઈએ. શ્રી સાઈબાબા કહેતા હતા કે " મારાં હાડકાં સમાધિમાંથી પણ બોલશે. અને લોકો કીડીયારાના માફક અહીં ઉભરાશે. મારા ભક્તોને હું ચકલીની માફક પગે દોરો બાંધીને અહીં ખેંચી લાવું છું. તેઓ ભવસાગરમાં ડૂબે છે તે મારાથી જોઈ શકાતું નથી. મને તેમની દયા આવે છે." શ્રી સાઈબાબાનો અત્યારે પણ આ પ્રકારનો ઘણાનો અનુભવ છે.

સત્પુરુષનું અંતઃકરણ માનવ-જીવનના કલ્યાણ માટે સદા તત્પર હોય છે. આ કામ કોઈના પ્રચાર-કાર્યથી થવાનું નથી. પ્રચાર કરનારાઓને પણ સદ્‌ગુરુના આદેશ તથા આશીર્વાદની જરૂર છે. પોતાનું કાર્ય સાધવા માણસ પ્રારંભમાં ઈશ્વરની પ્રાર્થના સકામ કરતો હોય છે. માટે જ આવા પવિત્ર સ્થળે સત્પુરુષના દર્શનાર્થે તે જાય છે. હજારો લોકોને શ્રી બાબાનો અનુભવ છે. છતાં લબાડ લોકો પોતાનો રંગ જમાવતા બેસે છે. શ્રી સાઈ મહારાજ જન્મસિદ્ધ સત્પુરુષ હતા. સાધકોએ ધ્યેય-પ્રાપ્તિ માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ. પણ મિથ્યા પ્રયત્નથી ફળ પ્રાપ્ત થતું નથી. આ પ્રયત્નમાં સફળતા માટે ઈશ્વરકૃપા જરૂરી છે. આ વસ્તુ પરમાર્થ સાધકોને પણ લાગુ પડે છે. સાધકોના પ્રયત્નોને સફળ કરનારી ગુરૂકૃપા અવશ્ય જોઈએ. ગુરૂકૃપા વિના ધાર્યે સ્થાને પહોંચાતું નથી. ગુરૂકૃપા જોડે ઈશ્વરકૃપા પણ જોઈએ. " ગુરૂ તથા ઈશ્વરમાં કાંઈ ભેદ નથી. એવું વેદ પણ કહે છે. પણ તેમાં ભેદ સમજનારો સર્વસ્વ ગુમાવે છે. આ વસ્તુ ઈશ્વરના અનુગ્રહથી જાણીને જ્ઞાનસંપન્ન થજો." ( એકનાથી ભાગવત-અધ્યાય ૧૨ ).

યોગવાસિષ્ઠમાં સ્પષ્ટ કહ્યું છે કે " ઈશ્વરી કૃપા સિવાય સદ્‌ગુરુની ભેટ થવી મુશ્કેલ છે. પુણ્યવાન માયાળુ માતાપિતા પણ સદ્‌ભાગ્યથી જ મળે છે." શ્રી સાઈબાબાની સત્પથ-પ્રેરણાની તરકીબ તદ્દન નિરાળી છે. જેમ કાચબી બચ્ચાને સીધું પોષણ દેતી નથી. પણ કેવળ દૃષ્ટિ વડે જ તેમનું પોષણ કરે છે તેમજ સદ્‌ગુરૂ શ્રી સાઈબાબાએ પણ કોઈને મંત્રોપદેશ ન દેતાં પોતાની કૃપા વડે જ ભક્તોને યોગ્યતા મુજબ વિવિધ માર્ગે બ્રહ્માનંદ પ્રાપ્ત કરાવ્યો છે. શ્રી હરિ-ભક્તિ-પરાયણ દાસગણુ મહારાજને પંઢરપુરની વારકરી મંડળીમાં જવાની તીવ્ર ઈચ્છા થઈ તે વેળા પોતે સ્વતઃજ પાંડુરંગ છે, માટે પંઢરપુર જવાની જરૂર નથી એવું

'http://suratiundhiyu.wordpress.com/



શ્રી બાબાએ તેને કહ્યું હતું અને તેની ખાત્રી માટે પોતે શીરડીમાં જ દ્વારકામાઈમાં શ્રી પાંડુરંગ બનીને તેને દર્શન આપ્યું હતું કે. બાપુસાહેબ જોગે સદ્‌ગુરૂ અક્કલકોટસ્વામીના દર્શને જવા ઈચ્છા કરી અને હઠ પકડી બપોરની આરતીમાં હાજર ન થયા. તેથી બાબાએ તેમને બે વાર બોલાવવા મોકલ્યા બાદ તે આવ્યા. આરતી થયા બાદ બાબાને દંડવત્ કરતી વેળા સર્વ હાજર ભક્તોને અક્કલકોટસ્વામીના રૂપમાં શ્રી સાઈનાથે દર્શન આપ્યાં હતાં. આવા મહાત્માની કૃપા મેળવવામાં મધ્યસ્થી જરૂર નથી. આપણે સૌ શ્રી પાંડુરંગ, શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી દત્ત, ઈ૦ દેવતાના ભક્ત છીએ. પ્રેમથી જ ઇષ્ટદેવને પ્રસન્ન કરી શકાય છે એવું આ ગ્રંથમાં અનુભવથી જોવામાં આવશે. હાલ પણ આવા અનુભવ ઘણાને થતા હોય છે. શ્રી સાઈબાબાને લીધે જ શીરડી ગામને મહત્વ મળ્યું છે. એટલું જ નહિ પણ પંઢરપુર, ગાણગાપુર, નાસીક, રામેશ્વર, બદ્રીનારાયણ, પ્રયાગ, કાશી ઈત્યાદીની જેમ શીરડી એક પવિત્ર ક્ષેત્ર બન્યું છે; અને જાગ્રત સ્થાન ગણાય છે. તેથી શ્રી સાઈબાબાને સંત-ગુરૂ-દેવ માનનારાઓને અત્રે એક સૂચના કરવી જરૂરી લાગે છે કે શ્રી ચરણમાં જે કંઈ કામના હોય તે શીરડીમાં અગર તો દુનિયાના પટ પર ગમે તે સ્થળે ભક્તિ-ભાવથી દૃઢ શ્રદ્ધા રાખીને માગજો. ધીરજ ધરશો તો મનોરથ પૂર્ણ થશે. પણ અજાણતાં પાખંડીઓના ભોગ બનશો નહિ; અગર તો અન્યને પણ તેમના હાથમાં ફસાવા દેશો નહિ.

શ્રી સાઈબાબાના પરમ ભક્ત કૈ. હરિ સીતારામ દીક્ષિત ઉર્ફે કાકા-સાહેબનો ઉલ્લેખ આ ગ્રંથમાં ઘણે ઠેકાણે આવેલ છે. તેઓ બાબાશ્રીના નિઃસીમ ભક્ત હતા. દક્ષિણ ભારતના એક બે ભક્તોએ પ્રગટ કરેલાં પુસ્તકોમાં શ્રી સાઈબાબા મુસલમાન હોઈ તેમનો જન્મ હૈદ્રાબાદ-નિઝામ રાજ્યના એક ગામડામાં થયાનો ઉલ્લેખ છે. આ બાબતમાં કૈ. દીક્ષિતે પચીશ વર્ષ પૂર્વે સાઈલીલા માસિકમાં પ્રસિદ્ધ કરેલા ઉપોદ્ઘાતના આરંભમાં માહિતી આપેલી છે. બાબાનું નામ 'સાઈબાબા' કોણે પાડ્યું તે વેળા તેમની પાસે આવનાર ગૃહસ્થો કોણ હતા તથા તે સમયની પરિસ્થિતિ શી હતી તે તમામ સવિસ્તર હકીકત તેમાં આપી છે. શ્રી બાબાના કાન વીંધેલા હતા. વળી શ્રીના સાંનિધ્યમાં વસેલા તથા હજુ જીવંત છે તે ગૃહસ્થો શ્રી રામચંદ્રદાદા પાટિલ, સગુણ મેરૂ નાયક, બાબાજી રત્નપારખી, દગડુ સોનાર વગેરે ગૃહસ્થો આ વાતની ખાત્રી આપે છે. તે હિન્દુ હતા કે યવન તે વાતનું સંશોધન કરવાનું



કોઈ કારણ નથી. આ વિષે સાતમા અધ્યાયમાં હેમાડપંતે લખેલું જ છે. શ્રી બાબાના વ્યક્તિત્વમાં સર્વ ધર્મો સમાયલા હતા. વૃક્ષ ગમે તેવું મોટું હોય પણ તે કોણે રોપ્યું, તેના પર ફળ કેવાં કે કેટલાં છે તેની ગણત્રી ન કરતાં આપણે તો તેના ઉપર પાકેલાં મિષ્ટ ફળ કેમ મળે તે જ જોઈએ છીએ. છતાં સાધુની નાત-જાત-ધર્મની તપાસ કરવાનો મોહ આપણે છોડતા નથી.

મનુષ્યના દૈનિક આયુષ્યક્રમ અંગેના ઘણા નિયમો આપણા ધર્મમાં છે, જેમાં પ્રાર્થનાનો પણ સમાવેશ થાય છે. સંસારમાં રહીને નિર્વિકલ્પ પ્રાર્થના કરનારને મુક્તિ મળી શકે છે આ તત્વ સંત તુકારામે તથા એકનાથ મહારાજે બતાવેલું છે. નામ-સ્મરણ, કીર્તન, મનન ઇત્યાદિનો સમાવેશ પ્રાર્થનામાં છેજ. ધાર્મિક ગ્રંથોનું વાંચન પણ પ્રાર્થનાનું એક અંગ છે, જે વસ્તુ કૈ. દેવની પ્રસ્તાવનામાં પણ આપેલ છે. આપણા નિત્યના ૨૪ કલાક પૈકી ફક્ત ૨૪ મિનીટ પણ એકાગ્ર મનથી પ્રાર્થનામાં દિલ પરોવશું તો જ ચિત્ત શાંત થશે. પ્રાર્થનાનું બળ અવર્ણનીય છે. પૂર્વના સંચિત કર્માનુસાર માનવીને ઐહિક સુખદુઃખ ભોગવવાનાં છે. તેથી ભાગ્યમાં લખેલું ટાળી શકતું નથી. આ જન્મમાં કરેલી સેવા તથા સત્કર્મો આપણા ભાવી જન્મનાં સંચિત બને છે. પ્રાર્થના સામુદાયિક હોય અગર વૈયક્તિક હોય છતાં તેની રીતે તે ફળદાયી બને છે. જે મુમુક્ષુ અથવા સાધક ગુરૂ ઉપર સત્ય પ્રેમ રાખી સ્વતંત્ર બુદ્ધિથી અભ્યાસ તથા નિદિધ્યાસન કરે છે તેની યોગ્યતા પ્રમાણે ગુરૂકૃપા અવશ્ય થાય છે તે વસ્તુ નિઃસંશય છે.

ગુરૂપૂર્ણિમા તા. ૧૮-૭-૧૯૫૧. **નાગેશ આત્મારામ સાવંત.**

**તા. ક. :**—શ્રી રેવાશંકર એ. સોમપુરા, બી. એ. એમણે મરાઠી શ્રી સાઈ સચ્ચરિત્રનો ગ્રંથ ગુજરાતીમાં ઉતારી આપીને ગુજરાતી સાઈભક્તોની ભારે સેવા કરી છે. તે માટે શીરડી સંસ્થાન તરફથી અમે તેમને શુભાશીર્વાદ પાઠવીએ છીએ.

ગુડી પડવો,<br>વિ. સં. ૨૦૧૩, તા. ૧-૪-૧૯૫૭. } **નાગેશ આ. સાવંત**<br>પ્રમુખ, શ્રી સાઈબાબા સંસ્થાન, શીરડી

'http://suratiundhiyu.wordpress.com/

# ઉપોદ્‌ઘાત



( કૈ. હરિ સીતારામ દીક્ષિત )

શ્રી સાઇનાથ મહારાજ સુમારે ૮૦ વર્ષ પૂર્વે શીરડીમાં આવ્યા હતા. શીરડી ગામ અહમદનગર જીલ્લામાં કોપરગામ તાલુકામાં છે. મહારાજનું મૂળ વતન કયું અને માતાપિતા કોણ એ સંબંધે ખાત્રીલાયક હકીકત મળતી નથી. મહારાજશ્રી નિઝામ રાજ્ય-મોગલાઇના શેલુ, જાલના, માણવડ, પાથરી, પરભણી, ઔરંગાબાદ, બીડ, બેદર, ૪૦ ગામો વિષે વારંવાર વાત કરતા. એક વાર પાથરીના એક ગૃહસ્થ મહારાજના દર્શને આવેલ. તેને ત્યાંની હકીકત પૂછી, ગામના બધા જાણીતા ગૃહસ્થોના નામ લઇ ખબર અંતર પૂછ્યા હતા. તે પરથી તેમને પાથરીની વિશેષ માહિતી હતી એમ માની શકાય. પણ તેમનો જન્મ એ જ ગામમાં થયો હતો એમ ખાત્રીથી કહી શકાય નહિ.

મહારાજશ્રી જન્મે હિન્દુ હતા કે મુસ્લિમ એ વસ્તુ પણ નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ નથી. કેટલાક ભક્તોની માન્યતા પ્રમાણે તેઓ અયોનિજ હતા. પણ ભક્તેતરોને તે અશક્ય લાગે છે. આ લેખક પાસે મહારાજશ્રીએ એક વાર કહેલું "હવે હું જાઉં છું. અને આઠ વર્ષનો થઇને આવીશ." શ્રી કૃષ્ણ દેવકીજી પાસે પ્રગટ થયા ત્યારે તેઓ પણ આઠ વર્ષની વયના હતા એ હકીકત પુરાણોમાં વર્ણવી છે. ઘણા ભક્તો તેમને સાધકમાંથી સિદ્ધ થયેલા માનતા નથી. પણ તેમને પ્રત્યક્ષ અવતાર જ માને છે. તેમની લીલા તથા અદ્‌ભુત શક્તિના પરચા જોઇ કેટલાક તેમને શ્રી વિષ્ણુનો અવતાર માને છે. પણ મહારાજશ્રીએ આવો અધિકાર કદી સ્વીકાર્યો નથી. પોતે કહેતા, "હું તો પરમેશ્વરનો સેવક-બંદો છું. મારા ગુરુના આશીર્વાદ તથા કૃપાથી જ તમારા-ભક્તોના સંકટ દૂર થાય છે ને કલ્યાણ સધાય છે." ભક્તોને આશીર્વાદ દેતાં પોતે કહેતા, 'અલ્લાહ ભલા કરેગા' એમ ઉચ્ચારતા. કદી જાતે મોટાઇ લેતા નહિ. કદી પણ અનલ હક્ક-અર્થાત્ હું જ પરમેશ્વર છું. એવું કહ્યું નથી. પણ વારંવાર કહેતા 'યાદે હક્ક'-હું ઇશ્વરનું સ્મરણ કરું છું.

રામનવમીના ઉત્સવના દિવસે બે મોટા નિશાનવાળા વરઘોડા હાજમાહથી નીકળીને મસીદમાં આવતા. અને બન્ને નિશાન મસીદના બન્ને છેડે બાંધતા.



તે પૈકી એક નિશાન રા. શંકરરાવ રઘુનાથ દેશપાંડે ઊર્ફે નાનાસાહેબ નિમોણકર તરફથી આવતું. અને બીજું નગરના દામુ શેઠ કાસાર તરફથી આવતું. નાનાસાહેબ સંગમનેર તાલુકામાં આવેલ નિમોણ ગામના દેશપાંડે હતા અને તાલુકામાં અગ્રણી ગૃહસ્થ ગણાતા. જેથી તેમને સરકારે ઑન. મેજીસ્ટ્રેટ નીમ્યા હતા. આ કામ તેમણે ઘણા વર્ષો સુધી કર્યું. વૃદ્ધાવસ્થામાં તે છોડી દીધું. ત્યાં રહેતા તેમના કાકા પણ ક્યારેક ક્યારેક મહારાજશ્રીના દર્શને આવતા. ક્રમશઃ તેમની શ્રદ્ધા વધવા માંડી. અને છેવટના ત્રણ વર્ષ તો મહારાજશ્રીની અખંડ સેવામાં જ તેમણે ગાળ્યા. માત્ર સ્નાન-સંધ્યા-નિત્યકર્મ માટે જ ઘેર જતા. બાકીનો આખો દહાડો મહારાજશ્રીની સેવામાં જ તત્પર રહેતા. સાઠ વર્ષની વય છતાં મહારાજશ્રીની સેવામાં આળસ કે વિશ્રાન્તિની ઇચ્છા પણ તેમને થતી નહોતી. મહારાજશ્રી તેમને કાકા કહીને બોલાવતા. મહારાજશ્રીની પાછળ તે પણ વધુ દિવસ રહ્યા નહિ. મહારાજશ્રીએ તેમને પોતાના ધામમાં બોલાવી લીધા, અને શ્રીકૃપાથી અંત પણ બહુ શ્રેષ્ઠ થયો. છેવટના ત્રણ દિવસ તેમને સર્વત્ર મહારાજ જ દેખાતા હતા. જે કોઇ તેમની પાસે આવે તેમને "આવો સાઇબાબા" કહેતા. પોતાનાં પત્નીને પણ 'આવો સાઇબાબા' એમ કહેલું. તેથી પત્નીને લાગ્યું કે તેમને કંઇક ભ્રમ થયો છે. તેથી તે બોલ્યાં. "હું બાબા નથી. હું તો આપની પત્ની છું.", તે સાંભળી તે બોલ્યા, "તારામાં કોણ છે? બાબા જ છે. તેથી તું બાબા જ છો" આમ મહારાજશ્રીના અખંડ સ્મરણમાં જ તેમનો દેહ છૂટી ગયો.

રામનવમી ઉત્સવમાં બીજું નિશાન દામોદર સાવળારામ ઊર્ફે દામું શેઠ કાસારનું આવતું. તેમને બે પત્ની હતી પણ કશી પુત્રસંતતિ નહોતી. જેથી તે ખિન્ન રહેતા. એક વાર માધવરાવ દેશપાંડે (શામા)ના સસરા ગોવિન્દરાવ સાપકરે તેમને કહ્યું, "શીરડી ચાલો. અને શ્રી સાઇ મહારાજના આશીર્વાદ લ્યો." એ મુજબ તે શીરડી આવ્યા. અને મહારાજના આશીર્વાદ પ્રમાણે તેને પુત્ર થયો. ત્યારથી તેને વધુ શ્રદ્ધા બેઠી: અને રામનવમીનું બીજું નિશાન લાવવાનું તેણે શરૂ કર્યું. તથા તે દિવસે શીરડી આવેલા ફકીર-ગરીબ ગુરબાને જમાડવાનો પણ સંકલ્પ કર્યો. જે નિયમ હજુ ચાલુ છે.

રામનવમી ઉત્સવના પ્રારંભ પહેલા કેટલાક વર્ષ પૂર્વે મહારાજશ્રીએ કલ્યાણના નિષ્કામ ભક્ત રા. રા. નારાયણ ગોવિંદ ઊર્ફે નાનાસાહેબ ચાંદોરકરને આકર્ષણ કર્યું. નગરના કલેક્ટરના તે ચિટનીસ હતા. એક દિવસ શીરડીના

http://suratiundhiyu.wordpress.com/



મુખ્ય પટેલ કેશવ અનંત ઊર્ફે આપ્પાએ તેમને કહ્યું, "મહારાજશ્રીએ આપને બોલાવ્યા છે." પણ આપ્પાનું આ કહેવું પ્રથમ તો નાનાસાહેબને સાચું લાગ્યું નહિ. તેથી તેમણે આપ્પાને કહ્યું, "મહારાજનું નામ શા માટે લે છે? મારું કંઇ કામ તારે હોય તો મને કહે." પણ આપ્પાએ ખાત્રીથી કહ્યું કે 'મહારાજશ્રીએ જ આપને બોલાવ્યા છે.' એમ ખાત્રી થતાં નાનાસાહેબ મહારાજશ્રીનાં દર્શને આવ્યા. અને તેમની શ્રદ્ધા બેઠી. પછી તો તે વારંવાર દર્શન કરવા આવી બોધામૃત-ઉપદેશનો લાભ લેતા અને કલાકો સુધી બાબા પાસે બેસતા. શ્રી સાઇ તેમને ગીતામાં કહ્યા મુજબ પ્રણિપાત-પરિપ્રશ્ન-સેવાનો ઉપદેશ દેતા. એક વાર આ શ્લોકનું જ વિવેચન બાબાએ એક કલાક સુધી કર્યું હતું. જે પરથી નાનાસાહેબને ખાત્રી થઇ કે મહારાજશ્રીને સંસ્કૃત ભાષાનું ઉત્તમ જ્ઞાન છે: નાનાસાહેબે બાબાની કરેલી સેવામાં મુખ્ય બે વસ્તુ ભક્તોમાં સદા ચિરસ્મરણીય છે. જુની મસીદ સમરાવી તેમણે મોટી વિશાળ કરી. તે કરવાની તેમની સ્થિતિ નહોતી. પણ તેમની જ વિનતિ પરથી નિમોણકરે જાતે હાજર રહીને તે કામ કરાવવાનું માથે લીધું ને તે સફળ પાર પાડ્યું. આ બાબતની પરવાનગી બાબા પાસેથી મહાળસાપતિ દ્વારા મળી હતી. છતાં ચાલુ કામે મહારાજશ્રી ઘણીવાર ક્રોધે ભરાઇને કામ તોડી પાડતા. અને પત્થરોને હાથે ઉંચકી ફેંકી દેતા. વળી એ કામ પુનઃ થતું. અન્યને આ ચમત્કૃતિ લાગે પણ શ્રી સાઇનું રહસ્ય જાણનારને આ કૃતિનું આશ્ચર્ય થશે નહિ. મસીદનું કામ આખરે પુરું થયું. મહારાજશ્રી તે દિવસ નીમગામ ગયા હતા ત્યાંથી તેમને વાજતે ગાજતે સામૈયું કરીને નવી મસીદમાં તેડી લાવ્યા. આ કામ કરવામાં ત્યાંના સુતાર કોંડાજી, ક્બાજી તથા તુકારામ એ ત્રણે ભાઇઓ ઘણા ઉપયોગી થયા. મહારાજશ્રીના દેહાવસાન સુધી મસીદ વાળી સાફ કરવાનું, મહારાજના હામવાસણ ઉંચવાનું, મહારાજને મુખ-પ્રક્ષાલનનું પાણી ગરમ કરવાનું એ સર્વ કામ આ તુકારામ જ કરતા હતા. મહારાજશ્રી પણ એ કામ અન્ય કોઇને કરવા દેતા નહિ. આજે પણ રામનવમીના ઉત્સવના નિશાનનો વરઘોડો આ સુથારને ઘેરથી જ તૈયાર થઇને નીકળે છે.

થોડા સમયમાં શીરડીને સંસ્થાનનું રૂપ પ્રાપ્ત થયું. મહારાજશ્રીની આરતી થવા લાગી. અને તે વેળા મહારાજ પર છત્ર-ચામર ઢોળાવા લાગ્યાં. ઘોડો, પાલખી, ચોપદાર, છડી, ધ્વજા-પતાકા એ સર્વની ગોઠવણ ભક્તોએ કરી.



અને મહારાજશ્રી ભજન-મંડળીના કીર્તનો સાથે વાજતે ગાજતે ચાવડી પર જતા. ચાવડી પણ છબીઓ, ઝુંમર, હાંડીઓ, આયના-તખતાથી સુશોભિત બની. મસીદમાં તથા ચાવડીમાં લાદી જડાવી. આ સર્વ શોભાનું શ્રેય કૈ. સુંદરાબાઇ ક્ષીરસાગર ઊર્ફે રાધાકૃષ્ણમાઇને જ ફાળે જાય છે. આ બાઇ પ્રેમ-ભક્તિની જ્વલંત મૂર્તિ હતાં. તેમની પાસે ધન તો નહોતું. પરંતુ પોતાનું તન-મન સર્વ શ્રી સાઇને અર્પણ કર્યું હતું. વિવિધ સાઇભક્તો પાસેથી આ ચીજ વસ્તુઓ મંગાવી તેમણે શીરડી સંસ્થાન ઉત્તમ સજાવ્યું. કમનસીબે તેઓ માત્ર પાંત્રીશ વર્ષની વયે જ ગુજરી ગયાં પોતે અહીં આઠ નવ વર્ષ જ રહ્યાં, પરંતુ અન્ય કોઇ પચીશ વર્ષમાં પણ ન કરી શકે તેટલું કામ તેમણે આ ટૂંક મુદતમાં કર્યું હતું. ચાવડીમાં રાત્રે શયન-આરતી તથા પરોઢીએ કાકડઆરતી તેમણે જ શરૂ કરાવી હતી. રાધાકૃષ્ણમાઇ જાતે દરેક પ્રકારની સેવા કરતાં એટલું જ નહિ પણ મહારાજશ્રીના જે ભક્તો શીરડી આવતા તેમની પાસેથી પણ સેવા લેતાં. દરેકને તે વિવિધ કામકાજ સોંપતાં; જે સૌ હોંશ તથા પ્રેમથી કરતા. તેમાં સર્વ વર્ગનાં માણસો હતાં, બૈરાંઓ પણ હતાં. રસ્તા સાફ કરવા, ધૂળ-પત્થર ઉપાડવા. ખાડા ખોદવા કે ભરવા. માટી પલાળવી, ઝાડ રોપવા, લાકડાં કાપવા, હાંડી ઝુંમર સાફ કરવાં, મસીદ ધોવી-ધોળવી રંગ કરવો, કાગળના ફુલો કાતરવા, છડી-છત્ર લઇને ઉભવું, નિશાન સમારવાં વગેરે સર્વ પ્રકારના કામમાં મોટા શ્રીમંત ગૃહસ્થો તેમજ તેમની પત્નીઓ-કુળસ્ત્રીઓ પણ હોંશથી સેવામાં જોડાતાં હતાં. અને પોતાનો સેવા કરવાની તક મળી એમ માની આનંદ પામતા હતાં. રાધાકૃષ્ણમાઇ જાતે પણ તમામ પ્રકારની સેવા કરતાં. હમેશાં મહારાજનો માર્ગ બે વખત ઝાડીને સાફ કરતાં. કચરો-દુર્ગંધ પણ દૂર કરતા. આ ક્રમ તેમની પહેલાં બાબાજી પાટિલ નેવાસકરે શરૂ કર્યો હતો. એ પૂર્ણ વિરક્ત ભક્ત સંસારનો સર્વ મોહ છોડીને અહીં આવીને રહ્યા હતા. તેમને સમજાવીને લઇ જવા માટે ઘણા લોકો આવેલા. પણ તે ગયા નહિ. રોજ માર્ગ સાફ કરવો, મસીદ લીંપવી ઇત્યાદિ કામ તે કરતા પોતે મહારાજનું દર્શન પણ દૂરથી જ કરતા. પાસે જતા નહિં. પીવાનું પાણી પણ તેઓ મહારાજનું ચરણતીર્થ અગર સ્નાન થતી વખતે મહારાજના અંગ પરથી પડેલું પાણી અગર મહારાજનું પીધેલું પાણી જ પીતા હતા. પોતાની વાડીની ઉપજ પણ મહારાજને ચરણે ધરી દેતા અને તેમાંથી મહારાજ

http://suratiundhiyu.wordpress.com/

13

આપે તેટલું જ લેતા. જો કે મહારાજશ્રી લગભગ બધું જ પાછું દેતા. બે વર્ષ અહીં રહ્યા પછી મહારાજશ્રીએ બાબાજીને ઘેર જવાની આજ્ઞા કરી તે પ્રમાણે તે ગયા. તો પણ વારંવાર દર્શને આવતા અને ઉપજ અર્પણ કરતા. થોડા સમય બાદ તે ગુજરી ગયા.

પ્રારંભમાં મહારાજશ્રી પોતાની પૂજા કોઇને કરવા દેતા નહિ. પ્રથમ મહાળસાપતિની પૂજા સ્વીકારી. તે પછી કેટલાક દિવસ બાદ નીમગામના રહીશ સીતારામ ડેંગળે પૂજા કરવા આવ્યા. ત્યારે મહારાજ તેમના પર ગુસ્સે થયા, છતાં પૂજા કરવા દીધી. ત્યારબાદ નાનાસાહેબ ચદોરકરનો નાનો પુત્ર મહાદેવ ઊર્ફે બાપુને સંપૂર્ણ પૂજા કરવા દીધી અને પછી તો સર્વને પૂજાની છૂટ મળી. પરંતુ તે સમયે મહારાજ પોતાની આરતી કરવા દેતા નહિ. કેટલાક સમય બાદ પ્રથમ આરતી કરવાનું માન રા. રા. લક્ષ્મણ કૃષ્ણાજી ઊર્ફે તાત્યાસાહેબ નૂલકરને મળ્યું. તે પંઢરપુરના મુનસફ હતા. માંદા પડવાથી રજા લઈને તેઓ શીરડી આવ્યા. પણ નોકરી છોડીને બાકી રહેલું આયુષ્ય શીરડીમાં મહારાજની સાંનિધ્યમાં જ ગાળવું એવી તેમની મનીષા હતી અને તે પૂર્ણ થઈ.

મહારાજનો નિત્યક્રમ નિયમસર પળાતો. પોતે સવારમાં વહેલા ઉઠી ધૂણી પાસે બેસતા. થોડા સમય પછી શૌચ-વિધિ કરી પોતાને હાથે ફેંકી દેતા. અને થોડો વખત સ્વસ્થ બેસતા. એટલામાં ભાગોજી શિંદે આવીને મહારાજના જમણા હાથનો પાટો છોડીને માલીશ કરતો; તથા આખા દીલની ચંપી કરતો. પછી તે ચિલમ ભરી સળગાવીને મહારાજને પીવા આપતો. મહારાજ પોતે પીધા પછી ભાગોજીને ચિલમ આપતા. આમ ચાર પાંચ વખત ચિલમ પીધા પછી ભાગોજી જતો. ભાગોજીને મહારોગ-પત થયેલ હતી. છતાં મહારાજે કદી તેની ઘૃણા કરી નથી, અગર નિત્યક્રમ બદલ્યો નથી. ભાગોજી ગયા પછી થોડો સમય મહારાજ બેસતા. એટલામાં નિયમિત ભક્ત-મંડળ આવતું તથા સેવા કરતું. પછી મહારાજ મુખ-પ્રક્ષાલન માટે ઉઠતા. તે ક્રિયા જોવા સરખી હતી. હાથ પર, પગ પર, મુખ પર, કાન પર, ખૂબ પાણી લઇ છાંટીને અત્યંત હળવા હાથે દરેક અંગ સ્વચ્છ કરતા (જે પછી એકનાથ મહારાજના વર્ણન મુજબ સ્નાનવિધ થતો).

મુખમાર્જન થયા બાદ બાબા ગામમાં ભિક્ષા માગવા જતા. નક્કી કરેલા પાંચ ઘરે જઇને એક સ્થળે ઉભા રહેતા. રોટલા-રોટલી, દાળ-કઢી-

14

ચટણી જે આપે તે લેતા અને મસીદમાં આવી થોડુંક જમતા. જમ્યા પછી થોડો વખત બેઠકનો ભાગ સાફસુફ થતો. ત્યાં તો ઘણા ભક્તો એકઠા થતા. તેમને મહારાજશ્રી વાર્તારૂપે બોધ કરતા. કોઈ કોઈવાર આ બેઠક વખતે કેળાં, જમરૂખ કે કેરી પોતે વેચાતી લઇને મંડળીને વહેંચતા. કેળાંની છાલ જાતે ઉતારીને કેળાં ખવડાવતા. જમરૂખના ટુકડા કરીને દેતા. અને કેરી દરેકને જાતે ચોળીને-આપતા. એ પછી પોતે લેંડી પર જતા. અને ત્યાં એક કલાક રોકાતા; ત્યાંથી આવ્યા પછી ભાવિક ભક્તો મહારાજની પૂજા-અર્ચા કરી આરતી ઉતારતા. એ પછી ભોજન લઈ મહારાજ ચાર વાગ્યા સુધી મસીદમાં બેસતા. અને પુનઃ લેંડી પર જઇને ત્યાં પોણો કલાક રોકાઇને પાછા આવતા. તે પછી સાંજ સુધી મસીદમાં જ બેસતા. સંધ્યાકાળે થોડો વખત બહાર નીકળતા. પણ પાછા તરત જ મસીદમાં આવીને બેસતા. ભક્તવૃંદ નિત્ય ત્રણ વખત એકઠું થતું-(૧) સવારની શીરાભણી-નાસ્તા પછી; (૨) બપોરે લેંડીથી પાછા આવ્યા પછી; અને (૩) પાંચ વાગ્યાના સુમારે. આમ બાબાની બેઠકના ત્રણ દરબાર ભરાતા હતા. દરેક બેઠકમાં મહારાજ વાર્તારૂપે બોધ કરતા. એ સમયે પોતાની પાસે બેઠેલા માણસોના અંતરની વાતો જાણીને પોતે વગર પૂછ્યે તેમના ખુલાસા કરી દેતા હતા. પોતે પ્રકટ રીતે કદી ગૂઢ વેદાંત વિષયનું વિવેચન કરતા નહિ. અગર ઉપનિષદ્ પર પ્રવચન દેતા નહિ. તેમનો ઉપદેશ જ નૈતિક હતો. શિષ્યની ભૂમિકા શુદ્ધ કરીને તેમાં જ્ઞાન-બીજ રોપવું એ જ સદ્‌ગુરૂની શાસ્ત્રોક્ત પ્રથા છે. એ પરિપાઠ મુજબ જ મહારાજ કરતા. તેથી તેમનો ઉપદેશ સદા સર્વ-સાધારણ નીતિ-તત્વ પર જ થતો. ઉપરાંત આવા શાબ્દિક બોધ કરતાં પણ મૂલ્યવાન અનુભવનો બોધ મહારાજ પાસેથી વધુ મળતો હતો. જેથી શ્રદ્ધાથી આવનાર ભક્તનું બહુ ઉચ્ચ પ્રકારનું કલ્યાણ સધાતું હતું.

મહારાજ પાસે આવનારા ભક્તોમાં સકામ ભક્તોનું પ્રમાણ મોટું હતું. મહારાજ તેમની કામના પૂર્ણ કરીને તેમનું મન આત્યંતિક કલ્યાણ તરફ અકળ રીતે વાળતા હતા. મહારાજના અવતાર જ લોકોના ઉદ્ધાર સારૂ થયો હતો. તેમના ગુણ તથા લીલાનું યથાર્થ વર્ણન કરવું જ અશક્ય છે. છતાં મહારાજ લીલાનો શક્ય તેટલો સંગ્રહ, સર્વને લાભપ્રદ થશે એવી મારી પૂર્ણ ખાત્રી છે. આવો સંગ્રહ મારા સન્મિત્ર રા. ગોવિન્દ રઘુનાથ ઊર્ફે અણ્ણાસાહેબ દાભોલકરે કરેલો છે. તેનો ઘણો ભાગ તેમણે શ્લોકોમાં-કાવ્યમાં

પ્ર. ૨

15

ગ્રથિત કરેલો છે. આ શ્લોકબદ્ધ ગ્રંથનો પ્રારંભ મહારાજશ્રીની હાજરીમાં પ્રત્યક્ષ અનુજ્ઞા મેળવીને થયો છે. આજ સુધીમાં તેના ૩૫ અધ્યાય લખાઇ તૈયાર થયા છે. આ ગ્રંથ ઘણો જ પ્રેમાળ હૃદયંગમ છે. તે મહારાજના ભક્તોને જ નહિ પણ અન્ય વાંચકોને પણ હિતકર થશે તેમાં શંકા નથી. આ શ્લોકની રચના એકનાથ મહારાજના શ્લોકની રચના જેવી જ છે. ગ્રંથ વાંચતી વેળા એકનાથ મહારાજની વાણીનું સ્મરણ વારંવાર થાય છે. સારાંશ આ ગ્રંથ શ્રી સાઇનાથ મહારાજના પ્રસાદનું જ ફળ છે, જેના ખાત્રી પદે પદે થાય છે. છેવટમાં આ ગ્રંથ મહારાજના ભક્તોને તેમજ ઇતર ભાવિક વાચકોને આનંદ તથા બોધપ્રદ થાઓ તથા સર્વની શ્રદ્ધા મહારાજશ્રીના ચરણકમળમાં અધિકાધિક વૃદ્ધિ પામો એવી શ્રી સાઇનાથ પાસે મારી નમ્ર પ્રાર્થના છે. અહીં ઉપોદ્‌ઘાત પુરો કરૂં છું.

શ્રી. બાબાનો એક બાળક
હરિ સીતારામ દીક્ષિત



SAIBABA'S ORIGINAL PHOTOGRAPH

http://suratiundhiyu.wordpress.com/

16

# પ્રસ્તાવના

## (દેવ)-૧૯૩૦

સાધુ સંતોનું ચરિત્ર-લેખન પણ ગુરૂ-સેવાનો એક પ્રકાર છે, અને તે પરમાર્થ-ફળદાયી છે. પરંતુ આ પ્રકાર એકદેશીય છે. કેવળ લેખન વડે જ અંતિમ પારમાર્થિક ધ્યેય પ્રાપ્ત થવું કઠીન છે. મારી અલ્પ મતિ પ્રમાણે લેખન સેવામાં પણ ગુરૂ-આજ્ઞાથી અંતઃસ્ફૂર્તિથી સદ્‌ગુરૂનું ચરિત્ર લખવું એ શ્રેષ્ઠ મોક્ષદાયક સેવા છે. દેશકાળ પ્રકૃતિ પ્રમાણે શુદ્ધ અંતઃકરણથી ઉત્તમ શ્રદ્ધાથી નિઃસીમ પ્રેમ તથા અનન્ય ભક્તિભાવથી દ્રઢ નિશ્ચયથી નિત્ય જાતે અધ્યયન કરી સેંકડો પારાયણ-સપ્તાહ કરવાથી તથા સદ્‌ભક્તોને આ પારાયણ પ્રત્યે વાળવાથી આ સેવા થઈ શકે છે. શરીર-વાણી-મન-બુદ્ધિથી થતી આ સેવા કુટુંબ-પોષણ અગર વૈભવ-વિલાસની આડે કદી આવતી નથી.

પારાયણ-સપ્તાહની પ્રથા ઘણી પ્રાચીન છે. વેદકાળથી તે ચાલુ છે. વેદની, ભાગવતની, રામાયણની, યોગવાસિષ્ઠની ઇ. ગીર્વાણ ગ્રંથોની પારાયણ-સપ્તાહ નિત્ય કોઈ ને કોઈ ઠેકાણે થતા જોવામાં આવે છે. તે જ રીતે જ્ઞાનેશ્વરી, શ્રી નાથ-ભાગવત, શ્રી દાસબોધ ઇ. મરાઠી વિશ્વવંદ્ય ગ્રંથરાજનાં પારાયણ-સપ્તાહ પણ નિત્ય થતાં હોય છે. આ પ્રથા પુરાતન છે.

આ ચરિત્રગ્રંથ નથી. પણ કેવળ ઐહિક-પારમાર્થિક જ્ઞાનગ્રંથ છે. આ ગ્રંથને નિર્માણ કરનારને અગર આ ગ્રંથને જ પોતાના ગુરૂ માનીને આ ગ્રંથનું અધ્યયન-પારાયણ-સપ્તાહ કરવાથી અનુપમેય મોક્ષદાયી ગુરૂ-સેવાનો લાભ અવશ્ય પ્રાપ્ત થાય છે.

ગુરૂચરિત્ર એટલે ગુરૂનો અવતાર-બાળપણ-તરૂણાવસ્થા-વૃદ્ધાવસ્થા-અદ્‌ભુત લીલા-ચમત્કારો-અવતાર કૃત્યો વગેરે બાબતોનો વિશ્વસનીય સત્ય ગ્રંથ અનેક સદ્‌ભક્તોએ વિવિધ ભાષામાં ગદ્યમાં કે પદ્યમાં પોતાના ગુરૂના ચરિત્ર લખીને જગતને ઋણી કરેલ છે. સપ્તાહ-પારાયણનો યોગ્ય, સર્વાંગપૂર્ણ, વિસ્તૃત, મહારાષ્ટ્રમાં પ્રથમ, પ્રાચીન, રસાળ, પ્રાસાદિક ગ્રંથ-સરસ્વતી ગંગાધરે શ્રી ક્ષેત્ર ઔદુંબર વાડી-શ્રી ગાણગાપુરનિવાસી શ્રી સમર્થ

પ્ર. ૨અ

17

સદ્‌ગુરૂ સરસ્વતી મહારાજના ચરિત્રનો લખેલો છે; જે અત્યારે બૃહદ્ ગુરૂ ચરિત્ર તરીકે પ્રસિદ્ધ છે. આબાલવૃદ્ધ સૌ આ ગ્રંથથી પરિચિત છે. ઘણે સ્થળે તેનું નિયમપૂર્વક નિત્ય વાચન-અધ્યયન થાય છે. તેમજ પ્રસંગાનુસાર તેનું પારાયણ-સપ્તાહ પણ થાય છે. તેવું જ બીજું, મધુર, રસપૂર્ણ, ઉદ્‌બોધક, પ્રાસાદિક, શ્રી ક્ષેત્ર શીરડી, તાલુકા કોપરગામ, જીલ્લે અહમદનગર નિવાસી ક્ષેત્ર-સંન્યાસી આધુનિક સંત-ચૂડામણી શ્રી સચ્ચિદાનંદ સમર્થ સદ્‌ગુરૂ શ્રી સાઈનાથ મહારાજનું ચરિત્ર છે. ભક્તવર્ય શ્રી ગોવિન્દ રઘુનાથ ઉર્ફે અણ્ણા-સાહેબ દાભોલકરે લખેલું છે. તે શ્રી સાઈસચ્ચરિત્ર નામથી શ્રી સાઈલીલા માસિકમાં ૭ વર્ષ લગી પ્રત્યેક અંકમાં પ્રસિદ્ધ થયેલ છે. આ વર્ષે જ (૧૯૩૦) અવતરણિકા અધ્યાય સાથે પૂર્ણ થયેલ છે; જેની આ પ્રસ્તાવના લખી છે. આમ આ બે ગુરૂચરિત્રના ગ્રંથો સિવાય ત્રીજું આટલુ વિસ્તૃત લખેલું ગુરૂ-ચરિત્ર જોવામાં આવતું નથી.

શ્રી સાઈસચ્ચરિત્રમાં જે લીલા તથા કથા વર્ણવી છે તેમાંના ઘણા પ્રસંગો કે. અણ્ણાસાહેબે પોતે આંખે જોયેલા છે. એ સિવાય શ્રી બાબાના પ્રત્યક્ષ કે સ્વપ્નમાં ભક્તોને જે અનુભવ થયાં છે તે અનુભવ તેમની સમજ મુજબ, જેવા તેમણે અણ્ણાસાહેબને લખીને અગર મોઢેથી નિવેદન કર્યાં હતા તે જ રૂપે તે સર્વ પણ આ ગ્રંથમાં આપેલ છે. આ ભક્તોમાંના ઘણા ખરા હજુ પણ હૈયાત છે. અણ્ણાસાહેબે આ લીલા તથા અનુભવનું હૃદયંગમ વર્ણન પોતાની રસાળ પ્રાસાદિક વાણીમાં કથારૂપે પદ્યમય મોહક સુંદર શૈલીમાં શ્રી સાઈસચ્ચરિત્રમાં રજુ કર્યું છે.

અણ્ણાસાહેબના વંશમાં મૂળથી જ ગુરૂભક્તિ ચાલી આવે છે કે કેમ તે જાણવાનો હાલ માર્ગ નથી. પરંતુ અણ્ણાસાહેબે પોતાના સંબંધે ત્રીજા અધ્યાયમાં જે હકીકત આપી છે તે પરથી સમજાય છે કે તેમનામાં પ્રથમ ગુરૂભક્તિ-ગુરૂપ્રેમ બિલકુલ નહોતો. તેમજ ગુરૂ કરવા તે પણ તેમને ગમતી વાત નહોતી. ગુરૂ કરવાની જરૂર નથી એવું જ તેઓ પ્રતિપાદન કરતા. તથા પોતાને કર્તું અકર્તું-નું અભિમાન હતું. પરંતુ શ્રી સાઈબાબાનો નજરોનજર મનોમય અનુભવ થયા પછી તે અભિમાન ગળી ગયું. અને સદ્‌ગુરૂ વિના તરણોપાય નથી એવી પૂર્ણ ખાત્રી થઇ. બાદ તેમના પર બાબાની કૃપા પણ થઇ. શ્રી. સાઇ સચ્ચરિત્રનું લેખન જ તેમની કૃપાનું ફળ છે. અણ્ણાસાહેબે વિશ્વવંદ્ય

"suratiundhiyu"- http://vipuldesai.ning.com

18

જગન્માન્ય સાધુસંતોના ઘણા કાવ્યગ્રંથો વાંચ્યા. તેમાં મુખ્યત્વે શ્રી સમર્થ સદ્‌ગુરૂ નાથ મહારાજના ગ્રંથ-શ્રી એકનાથી ભાગવતની ભાષા-રચનાની છાપ આ ગ્રંથ પર સ્પષ્ટ દેખાય છે.

શ્રી સરસ્વતી ગંગાધરે લખેલા ગુરૂચરિત્રની માફક આ શ્રી સાઈ-સચ્ચરિત્ર ગ્રંથનું પણ નિત્ય અધ્યયન-પારાયણ-સપ્તાહ થાય એવી ગ્રંથકર્તાની ઇચ્છા હતી. પરંતુ તે ઇચ્છા ફળીભૂત થવાનો લાભ મેળવવા તે જીવતા રહ્યા નહિ. તે એક દૈવદુર્વિપાક જ છે.

આ ગ્રંથ મુમુક્ષુ ભક્તો માટે એક પ્રકારનો મધુર નિત્ય પરમાર્થસાધક મેવો જ છે. અણ્ણાસાહેબની સદ્દઇચ્છાને માન આપી મુમુક્ષુ ભક્તોએ શ્રદ્ધાથી આ મધુર મેવાનું આકંઠ પાન કરવું; તેમજ ઇતર ભક્તોને પણ તેનું પાન કરાવવું. સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજ લખે છે તે મુજબ મુમુક્ષુ ભક્તોના આ જ્ઞાન યજ્ઞ વડે શ્રી સાઈ પરમાત્મા સદા સંતુષ્ટ થશે. અને શરીર છુટયા પછી ષડ્‌ગુણ ઐશ્વર્યવાન શ્રી સાઈપ્રભુની સાથે તેઓ એકત્વ સાધશે એ નિઃસંશય છે. છેવટે કર્તું અકર્તું અન્યથા-કર્તું શક્તિમાન, સર્વજ્ઞ, સર્વસાક્ષી, શ્રી સમર્થ સદ્‌ગુરૂ શ્રી સાઇ પરમાત્માના પુણ્ય ચરણકમળમાં અનન્ય ભાવથી નમ્રતાપૂર્વક મસ્તક મૂકીને આ લાંબી પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું.

બાબાનો બાળક
**બાળકૃષ્ણ વિશ્વનાથ દેવ.**

http://suratiundhiyu.wordpress.com/



# પુરોવાચન

દસેક વર્ષ પર શ્રી સાઈબાબાનું પુનીત નામ એક મિત્ર પાસેથી સાંભળ્યું. અને શ્રી બાબાની કેટલીયે અદ્દભુત વાતો જાણી. એ વેળા તાજેતરમાં પ્રગટ થયેલો શ્રી. વામનભાઈ પ્રા. પટેલ (શ્રી સાઈશરણાનંદ) નો વિસ્તૃત ગ્રંથ "સાઈબાબા" મેળવીને મેં વાંચ્યો. કોઈ પૂર્વ જન્મના મારા આપ્તજન–સદ્દગુરૂ હોય તેવો પૂજ્યભાવ હૃદયમાં શ્રી બાબા પર થયો. તેમના પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ સ્વતઃ જ ઉદ્દભવ્યાં. આ શ્રદ્ધાને લીધે કેટલીક અસંભવિત લાગતી મારી મનોકામના પણ સફળ થઈ. અને શ્રદ્ધા–ભક્તિનો પુનીત પ્રવાહ અખંડ વહેવા લાગ્યો. એવામાં કોઈ પૂર્વપુણ્યના યોગે શ્રી બાબાએ જ તેમના ચરિત્ર–બોધનું એક સામાન્ય કદનું પુસ્તક મારા હાથે લખાવવાના વિચિત્ર સંજોગો ઉભા કર્યા. શ્રી વા. પ્રા. પટેલની રજા લઈ તેમના જ ગ્રંથની ટુંકી આવૃત્તિ જેવું મધ્યમ કદનું પુસ્તક–"શ્રી સાઈબાબા" શ્રીની પ્રેરણાથી મેં લખ્યું. અને તેના પ્રકાશન માટે મારા ચિ. ભાનુશંકરે પોતાના એડવોકેટ મિત્રો તથા વકીલો પાસેથી પંદરસો રૂા. નો ફાળો ઉભો કર્યો. અને 'શ્રી ભાવનગર સાઈબાબા ભક્ત મંડળ' ના નામે ભાવનગર સમાચાર પ્રેસના માલેક ગુણજ્ઞ સાઈભક્ત શ્રી. જયંતીભાઈ મો. મહેતાએ ખુબ કાળજીથી છાપી આપ્યું. અને તે પડતર કિંમતે પ્રગટ થયું. તે એટલું લોકપ્રિય બન્યું છે કે આજે તેની ત્રણ આવૃત્તિઓ થઈ છે. ફાળો ભરનાર ગૃહસ્થોને તેમજ ખરીદી ન શકે તેવા સુપાત્ર સાઈભક્તોને તેની કેટલીયે પ્રતો વિના મૂલ્ય ભેટ આપી છે. બાકીની પ્રતોના વેચાણની રકમમાંથી આ ગ્રંથ પુનઃ પુનઃ પ્રગટ થાય છે. વળી આ પુસ્તકના અનુસંધાનરૂપ 'શ્રી સાઈબાબા ઉપાસના' નામે નાની પુસ્તિકા પણ આઠેક હજાર પ્રતની ત્રણ આવૃત્તિઓ થઈ છે. સને ૧૯૫૨ માં મારી ભારતની ચાર ધામની યાત્રા દરમ્યાન મદ્રાસમાં મને અપૂર્વ સાઈભક્ત હાલ સ્વર્ગસ્થ–(ઓલ ઇન્ડીયા સાઈ સમાજના સ્થાપક) બ્રહ્મર્ષિ બી. વી. નરસિંહસ્વામીનાં રૂબરૂ દર્શન થયાં. અને આશીર્વાદ સાથે તેમના રચેલા શ્રી બાબાના ગ્રંથ ગુજરાતીમાં ઉતારવા તેમણે મને સૂચવ્યું. તેથી તેમના "વંડરસ સેઇન્ટ સાઈબાબા" નો અનુવાદ–"અજબ સંત શ્રી સાઈબાબા" રચી થોડા જ સમય પૂર્વે પ્રગટ કર્યો; જેની પહેલી આવૃત્તિની પ્રતો ત્વરિત ખપી જવાથી બીજી આવૃત્તિ કૈ. નરસિંહસ્વામીના ચરિત્ર સાથે પ્રકટ કરી છે. આમ શ્રી સાઈબાબાની પ્રેરણાથી જ આ સર્વ સેવા આ અલ્પ સેવક પાસેથી તેઓ શ્રી જ લે છે એમ માનું છું. નિત્ય બ્રાહ્મમુહૂર્તમાં શ્રી સદ્દગુરૂ શ્રી સાઈનું નામ સ્મરણ તેમજ પૂજન સાથે મહિમ્નસ્તોત્ર, ૧૦૮ નામ,



બોધામૃત ૪૦ તથા દર ગુરૂવારે ભવસુધા તથા સાઈમાહાત્મ્યના પાઠ દ્વારા શ્રી સાઈ ભજન તેમની કૃપાથી નિયમિત ચાલે છે.

થોડા સમય પૂર્વે મુંબઈના પરમ સાઈભક્ત શ્રી. શિવશંકર ગિ. પાઠકે શ્રી 'સાઈચરિત્ર'નો અંગ્રેજી ગ્રંથ તથા શ્રી 'સાઈલીલામૃત'નો મરાઠી ગ્રંથ મારા પર ભેટ મોકલી શ્રી 'સાઈસચ્ચરિત્ર' ગ્રંથ ગુજરાતીમાં ઉતારવા સારૂ મને આગ્રહ કર્યો. શ્રી. પાઠકને હજુ સુધી હું પ્રત્યક્ષ મળ્યો નથી. અમે બન્નેના સામાન્ય સન્મિત્ર–ગુરૂ શ્રી બાબા સિવાય અન્ય કોઈ નથી. માત્ર મારો 'શ્રી સાઈબાબા' ગ્રંથ વાંચીને જ તેમણે મને પત્ર લખી પુસ્તકો મોકલી શ્રી બાબાની પ્રેરણાથીજ શ્રી સાઈસચ્ચરિત્ર' ગુજરાતીમાં ઉતારવાનો આગ્રહ કર્યો હતો. મારી ચોસઠ વર્ષની વૃદ્ધ વય છતાં, તેમજ તાજેતરમાં ભગંદર જેવાં દર્દનું બે વખત ઓપરેશન કરાવ્યા છતાં જાણે શ્રી બાબા જ ઉત્સાહ પ્રેરતા હોય તેમ મેં આ કામ ખુશીથી માથે લીધું. અને શ્રાવણ તથા પુરૂષોત્તમ જેવા બે જ પવિત્ર માસમાં આ ગ્રંથ લખી પુરો કર્યો. તે લખતી વેળા મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે કે આ ગ્રંથ–લેખનની પ્રેરણા, યોગ્ય શબ્દોની ચુંટણી, શરીરનું પુરૂં સ્વાસ્થ્ય, નિત્ય છ છ કલાકનું નિયમિત અવિરત લેખન એ સર્વ શ્રી સાઈબાબા જ આ દેહ દ્વારા કરતા હતા. તેથી આ ગ્રંથ લેખનનો સાચો યશ શ્રી સાઈબાબાને જ ઘટે છે. ગ્રંથ પુરો લખાયા પછી હું તે વાચું છું ત્યારે આ સરસ લખાયલા ગ્રંથ–વાચનના હું જાણે અમૃત–ઘુંટડા પીતો હોઉં એવો પરમ હર્ષ તથા સંતોષ થાય છે. મને કલ્પના પણ નહોતી કે આ ગ્રંથ આટલો ઉત્તમ લખાશે. પણ જ્યાં શ્રી સાઈ પોતેજ આ ગ્રંથરૂપી સુંદર મંદિરની રચના હાથમાં લે, પછી પૂછવું જ શું ? બીજું એકઃ–આ ગ્રંથ–રચનાની સેવા ભારદ્વાજ ગોત્રના જ બ્રાહ્મણ ભક્તો પાસેથી લેવાની શ્રી સાઈબાબાની અજબ લીલા હોય તેમ જણાય છે. તેથી જ આ મૂળ મરાઠી ગ્રંથના લેખક શ્રી દાભોલકર, તેને અંગ્રેજીમાં લખનાર શ્રી ગુણાજી તથા ગુજરાતીમાં ઉતારનાર આ સેવક એ સર્વ ભારદ્વાજ ગોત્રના એક જ શાખાના શ્રદ્ધાળુ બ્રાહ્મણ છે. તે કંઈ અકસ્માત લાગતો નથી. પણ એ સર્વ શ્રી સાઈનાથની જ અજબ લીલા છે.

'ગુરૂચરિત્ર'નો મરાઠી ગ્રંથ મહારાષ્ટ્રમાં બહુ લોકપ્રિય છે. જેનું નિત્ય વાંચન ઘણા દત્તભક્તો કરે છે. શ્રી દત્તપ્રભુના ૧૪ મી તથા ૧૫ મી સદીમાં થયેલા બે મુખ્ય અવતાર–(૧) શ્રી શ્રીપાદ શ્રીવલ્લભ તથા (૨) શ્રી નરસિંહ સરસ્વતી સ્વામી–ની ચમત્કાર–લીલા તથા સદુપદેશનું વર્ણન આ 'ગુરૂચરિત્ર' લેખક કૈ. સરસ્વતી ગંગાધરે કર્યું છે. એ પછી થયેલા દત્તપ્રભુના અન્ય અવતારોમાં નિઝામ રાજ્યમાં શ્રી માણિકપ્રભુનો, સોલાપુર જીલ્લામાં શ્રી



અક્કલકોટ મહારાજનો તથા અહમદનગર જીલ્લામાં શીરડીમાં શ્રીસાઈબાબાનો અવતાર મુખ્ય છે. ઘણા ભક્તો શ્રી સાઈનાથનો અવતાર શ્રી અક્કલકોટ મહારાજની અનુસંધાન રૂપ જ માને છે; જે વસ્તુ આ ગ્રંથના પાંચમા અધ્યાયની લીંબડાના વૃક્ષ તથા ગુરૂપાદુકાની કથા તથા છત્રીસમા અધ્યાયમાં આપેલી શ્રી હરિશ્ચંદ્ર પિતળેની કથા પરથી સમજાશે. કૈ. સરસ્વતી ગંગાધરે 'ગુરૂચરિત્ર'ના ૫૩ અધ્યાયમાં ઉપરોક્ત બે અવતારોની કરેલી ચમત્કાર–લીલાના વર્ણન જેવી જ કૈ. અણ્ણાસાહેબ દાભોળકરે–હેમાડપંતે આ ગ્રંથના ૫૩ અધ્યાયમાં શ્રી સાઈબાબાની ચમત્કાર–લીલા વર્ણવી છે. તેથી આ 'સાઈસચ્ચરિત્ર' ગ્રંથ આધુનિક ગુરૂચરિત્ર જ છે. હેમાડપંતે મહારાષ્ટ્રના ઘણા સંતોના ગ્રંથ વાંચેલા. પોતે 'એકનાથ ભાગવત'ના ઉંડા અભ્યાસી હતા, જેની અસર આ ગ્રંથ પર સ્પષ્ટ દેખાય છે. અહીં વર્ણવેલા ઘણા લીલા-પ્રસંગો હેમાડપંતે તેમજ અન્ય સાઈભક્તોએ નજરે જોયા હતા. અને દરેક પ્રસંગની નોંધ રાખવાની બાબાની સૂચનાનો અમલ કરી શ્રી સાઈનાથની પરવાનગી તથા આશીર્વાદ સાથે હેમાડપંતે આ ગ્રંથ–લેખનનું કામ માથે લીધું હતું. તેથી આ ગ્રંથ આધુનિક, ઐતિહાસિક, વિશ્વસનીય છે. શીરડીમાં હૈયાત સાઈબાબાના પ્રત્યક્ષ દર્શન કરવા જે ભક્તો ભાગ્યશાળી થયા નથી તેમના ઘરમાં જ શ્રી સાઈનાથના દર્શન આ ગ્રંથ દ્વારા કરાવીને ગ્રંથકર્તાએ વાચકો પર મહાન ઉપકાર કર્યો છે.

શ્રદ્ધા–ભક્તિવાળા સર્વ સજ્જનોને આ ગ્રંથોનો છેલ્લો ૫૩ મો અધ્યાય–ફળશ્રુતિ વાંચીને આ ગ્રંથના સપ્તાહ–પારાયણનો લાભ લેવા વિનતિ છે. એથી શ્રી સાઈકૃપા–પ્રસાદના આપણે સૌ પુરા અધિકારી બનશુ. તેમની પરમ કૃપા–વર્ષા આપણા પર થશે. તથા આપણી સર્વ મનોકામના પૂર્ણ થશે. મારૂં જ દ્રષ્ટાંત આપું. આ ગ્રંથ પુરો લખાયા પછી તેનું સપ્તાહ–પારાયણ કરવાની શ્રી બાબાએ જ મને પ્રેરણા કરી હોય તેમ લાગ્યું. પુરૂષોત્તમ માસની પૂર્ણિમા (તા. ૨–૯–૫૫ શુક્રવારે) આ ગ્રંથની હસ્ત-લિખિત પ્રતના પારાયણનો મંગળ પ્રારંભ કર્યો. નિત્ય અઢી કલાકનું વિધિસર વાચન થતું હતું. આ સપ્તાહની પૂર્ણાહુતિની વિધિ તા. ૮–૯–૫૫ ગુરૂવારના રોજ હતી. મનમાં શ્રી સાઈનાથના કોઈ ચમત્કારની ભાવના હતી. ત્યાં જ ચમત્કાર થયો. પૂર્ણાહુતિનો અધ્યાય વંચાતો હતો તે જ વેળા પોસ્ટમેને આવી એક રજી. બુ. પો. મારા હાથમાં મૂક્યું. પહોંચ પર સહી કરી તે ઉઘાડ્યું. તેમાં શ્રી શિવશંકરભાઈ પાઠકે મરાઠી "શ્રી સાઈ–સચ્ચરિત્ર"નો મૂળ મોટો ગ્રંથ ભેટ મોકલેલ હતો. શ્રી બાબાની આ અપૂર્વ કૃપા માટે આંખમાં



હર્ષાશ્રુ આવ્યાં ને દેહ પર રોમાંચ થયો. ભક્તોની મનોકામના પૂર્ણ કરવા શ્રી સાઈનાથ સદા હાજર–જીવંત છે તે વાતની આથી બીજી કઈ પ્રતીતિ જોઇએ ? શ્રી સાઈબાબા વિજયતેતરામ્. શુભં ભવતુ.

આ ગ્રંથ પ્રેમથી સેવાભાવે લખી શ્રી સાઈબાબા શીરડી સંસ્થાનને પ્રકાશન માટે આપ્યો હતો. તેમણે તે તપાસરાવી પ્રસિદ્ધ કરવાના નિર્ણય માટે તેમજ મને આપેલી શ્રી સાઈસેવાની આ તક માટે હું શીરડી સંસ્થાનો અંતરથી ઉપકાર માનું છું. આ ગ્રંથ ભાવનગરમાં જ શ્રી બાબાના શ્રદ્ધાળુ ભક્ત શ્રી ભા. સ. પ્રેસના માલેક શ્રી જયંતીલાલભાઈએ શ્રીસાઈબાબાનું આ પુણ્ય કાર્ય જાણી ખૂબ ખંતથી, સસ્તું, ત્વરિત, સુઘડ આકર્ષક હવે છાપી આપેલ છે જે સારૂ તેઓ તથા પ્રેસ કારીગરો ધન્યવાદને પાત્ર છે. ગ્રંથમાં રહી ગયેલી ક્ષતિ ક્ષંતવ્ય ગણી કોઇ સુધારો સૂચવશે તો નવી આવૃત્તિમાં તેનો અમલ કરવા પ્રયત્ન થશે. શેષ હરિકૃપા.

માણેકવાડી ૫૬૩, **ભાવનગર**
મહાશિવરાત્રિ વિ. સં. ૨૦૧૩
૨૭–૨–૫૭

**રેવાશંકર ઓઘડભાઇ સોમપુરા.**

http://suratiundhiyu.wordpress.com/

## ક્ષમા યાચના

શ્રી સદગુરૂ સાઇનાથાય નમઃ

મારા વ્હાલા શ્રી સાઇ ગુરૂ ભાઇઓ અને બહેનો,

પ્રથમ તો મારા મગજમાં ઓનલાઇન શ્રી સાઇચરિત્ર વિશે કોઇપણ જાતનો વિચાર ન હતો કે કલ્પના પણ ન હતી.વિદેશમા બધાને ન્યુઝ પેપરો વાંચવામળે એ જ હેતુથી કંમ્પ્યુટરના સામાન્ય જ્ઞાનથી "સુરતીઉંધીયું" શરૂ કર્યુ. ત્યાં એક દિવસ શીકાગોથી ક્રિનાબેને ફોન પર કહ્યું કે તમેશ્રી સાઇચરિત્રનો "સુરતીઉંધીયું"મા સમાવેશ કરો. કારણ કે ગુજરાતીમાં શ્રી સાઇચરિત્ર ઓનલાઇન કોઇ જગ્યાએ નથી મળતું અને એક જગ્યાએ હતું તેમા અધ્યાયો કરપ્ટેડ છે. પરંતુ લીમીટેડ કંમ્પ્યુટરનું જ્ઞાન અને "સુરતીઉંધીયું" મા ઉપર ટેબ ખાલી ન હતા એટલે મે મારી અશક્તિ જાહેર કરી, પરંતુ બાબાની ઇચ્છા કંઇ અલગ હશેએટલે મે તેમને કરપ્ટેડ લીંક મોકલવા માટેકહ્યું. મે જોયું તો ૫૦% અધ્યાયો કરપ્ટેડ હતા. મને**pdf** ફાઇલ વિશે પણ ખાસ જ્ઞાન નહી, છતા શ્રી સાઇબાબાએ એ સ્કેન કરવાનું **pdf** મા કેમ ચાર અધ્યાયો મુકવાએ બધુ બતાવતા ગયા અને જુના ઓનલાઇનના અધ્યાયો સાથે શ્રીની ઇચ્છાથી ઓનલાઇન"શ્રી સાઇચરિત્ર" આપની સમક્ષ રજુ કરૂ છુ. સાઇબાબાની લીલા અકળછે, પોતે બધુ અળગા રહીને કરાવે છે અને પોતે કંઇ જાણતા નથી એવો દેખાવ કરે છે. માટે આ બધુ શ્રીએ જ કરાવ્યું છે અને એમા મારાથી કોઇ ભુલો થઇ હોય તો હું શ્રી સાઇબાબાની અને આપ સર્વની હૃદયપુર્વક માફી માંગુ છું.આપના સલાહ સુચનો આવકાર્ય છે અને મને **desaivm50@yahoo.com** ઉપર **subject**મા **shri saicharitra** લખીને**email** કરવા મહેરબાની કરશો. બીજી ખાસ નમ્ર વિનંતી કરવાની કે કોઇ ભાઇ કે બહેન"સુરતીઉંધીયું"મા **Saisamarth** નામનું ગ્રુપ કર્યું છે તે ચલાવે તો ઘણી જ મહેરબાની થશે. એ માટે બધાને વિનંતી કરવાની કે તમે બધા "સુરતીઉંધીયું"ના મેમ્બર બની **Saisamarth** ગ્રુપમા ભાગ લઇ ફક્ત શ્રી સાઇબાબા વિશે વિવિધ વાર્તાલાપ, તેમના ચમત્કારો વગેરે લખીને એકબીજાને મદદરૂપ થઇ શકીશું. **Saisamarth** ગ્રુપનૂં કોલમ વચ્ચે અને છેલ્લે છે. આ ક્ષણે મને શ્રી સાઇબાબાની ભક્તિ કરવાની પ્રેરણા આપનાર મારા સ્વ.માતા-પિતાનો હૃદયપુર્વક આભાર માનું છું.

લી.વિપુલ મોહનલાલ દેસાઇના જય સાઇરામ

**"suratiundhiyu"- http://vipuldesai.ning.com/**

: શ્રી હરિ સાઈ પ્રસન્ન :

# શ્રી સાઈ સત્ ચરિત્ર

(ગુજરાતી)

## અધ્યાય-૧.

### મંગળાચરણ



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઈનાથાય નમઃ ।

પવિત્ર પ્રાચીન આચાર અનુસાર સર્વ દેવતાને પ્રથમ નમસ્કાર કરૂં છું અને ગ્રંથ-લેખન પ્રારંભુ છું.

(૧) સુફળદાતા, સર્વ વિઘ્નહર્તા, દેવગણનાયક શ્રી ગણેશને પ્રથમ પ્રણમું છું. શ્રી સાઈ પોતે જ ગણેશરૂપ છે.

(૨) આ ગ્રંથની પ્રેરણા દેનાર મહાદેવી સરસ્વતીને નમસ્કાર કરૂં છું. શ્રી સાઈ સરસ્વતીરૂપ બની આ ગ્રંથનું ગાન સ્વતઃ કરે છે.

(૩) સર્જક–પાલક–સંહારક દેવો બ્રહ્મા–વિષ્ણુ–મહેશને પ્રણમું છું. શ્રી સાઈનાથ આ ત્રણે દેવરૂપ છે અને આ મહાન સદ્ગુરૂ જ ભક્તોને સંસાર-સાગર તારે છે.

(૪) મારા રક્ષણહાર કુળદેવતા નારાયણ આદિનાથને હું નમસ્કાર કરૂં છું. જેમણે પરશુરામ રૂપે સાગર પાસેથી કોંકણની ભૂમિ સંપાદન કરી અને કુળના આદિપુરૂષ તરીકે પ્રગટ થયા.



(૫) જે ભરદ્વાજ ગોત્રમાં મારો જન્મ થયો છે તે ભરદ્વાજ મુનિને તથા મહર્ષિઓ યાજ્ઞવાલ્કય, ભૃગુ, પરાશર, નારદ, વેદવ્યાસ, સનક, સનંદન, સનત્કુમાર, શુક, શૌનક, વિશ્વામિત્ર, વશિષ્ઠ, વાલ્મિકી, વામદેવ, જૈમિની, વૈશંપાયન, નવ યોગીન્દ્ર ઈત્યાદિને તથા નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુક્તાબાઈ, જનાર્દન, એકનાથ, નામદેવ, તુકારામ, કાન્હા, નરહરિ, ઈત્યાદિ આધુનિક સંતોને હું પ્રણામ કરૂં છું.

(૬) મારા પિતામહ દાદા સદાશિવને, પિતા રઘુનાથને બાળ-વયમાં મને તજી ગયેલાં મારા માતુશ્રીને, મને ઉછેરી મોટો કરનારાં મારાં કાકીને, તથા મારા પ્રેમાળ વડીલ બંધુને હું નમસ્કાર કરૂં છું.

(૭) મારા ગ્રંથવાંચકોને પણ હું પ્રણમું છું. સૌને એક ધ્યાનથી આ ગ્રંથ વાંચવા વિનવું છું.

(૮) છેલ્લે મારા ગુરૂશ્રી સાઈનાથને દંડવત્ પ્રણામ કરૂં છું. તેઓ શ્રી દત્તાત્રેયનો અવતાર છે. મારો એકલો જ આધાર છે. તેમણે મને પ્રતીતિ કરાવી છે કે આ સંસાર મિથ્યા છે અને બ્રહ્મ જ સત્ય છે.

(૯) જે સર્વ જીવોમાં ઈશ્વરનો વાસ છે તેમને સર્વને હું પ્રણમું છું.

મહર્ષિ પરાશર, વ્યાસ, શાંડિલ્ય ઈત્યાદિએ ભક્તિના વિવિધ પ્રકાર વર્ણવ્યા છે. એ ભક્તિના સર્વને ફળો.

હવે હું નીચેની કથા વર્ણવું છું :—

સને ૧૯૧૦ ની સાલ આખરમાં હું એક દહાડો શુભ પ્રાતઃ-કાળમાં શીરડી મસીદમાં શ્રી સાઈબાબાના દર્શનાર્થે ગયો હતો. ત્યાંનું દશ્ય જોતાં જ હું ચકિત થયો. સાઈબાબા કોગળા કરી



મોઢું ધોઈ ઘઉં દળવાની તૈયારી કરતા હતા. પોતે ભોંય પર ગુણપાટનો કોથળો પાથર્યો અને ઘંટી ઠીક કરી. સુપડામાં થોડા ઘઉં લીધા. અને કફનીની બાંયો ઉંચી ચડાવી ઘંટીના ગાળામાં બે ત્રણ મુઠી ઘઉં ઓરી હાથો પકડી ઘંટીનું પડ ફેરવવા લાગ્યા અને ઘઉં દળવા મંડ્યા, બાબાને કંઈ ઘરબાર કે પરિગ્રહ નથી. પોતે ભિક્ષા પર નિર્વાહ કરે છે. તો પછી બાબાને ઘઉં દળીને શું કરવા છે? એવો પ્રશ્ન મને થયો. ત્યાં આવેલા બીજા લોકોને પણ મારી જેમ જ કુતૂહલ થયું પણ "બાબા. આ શું કરો છો?" એવું પૂછવાની કોઈની હિંમત ચાલી નહિ. બાબા ઘઉં દળે છે એ વાત ગામમાં પ્રસરતાં જ એકદમ સ્ત્રીપુરૂષોનાં ટોળા મસીદમાં ઉમટ્યાં. અને સૌ બાબાને દળતા જોઈ રહ્યાં. એ ટોળામાંથી માર્ગ કરતી ચાર નીડર બાઈઓએ ઉપર ચડી બાબાને એક બાજુ ખસેડ્યા અને પરાણે ઘંટીનો હાથો પકડી બાબાની લીલાનાં ગીત ગાતાં ગાતાં ઘઉં દળવા લાગી. પ્રથમ તો બાબા તેમના પર ક્રોધે ભરાયા પણ એ બાઈઓની પ્રેમ–ભક્તિ જોઈને પોતે રાજી થયા અને હસવા લાગ્યા. દળતાં દળતાં આ બાઈઓને થયું કે બાબાને કંઈ ઘરબાર, માલમિલ્કત, છોકરાં છૈયાં એવું કંઈ જ નથી; પોતે તો ભિક્ષા માગીને ખાય છે, તેથી રોટી બનાવવા માટે તેમને આ લોટની કાંઈ જરૂર નથી. બાબા આટલા બધા લોટને શું કરશે? બાબા તો દયાળુ છે, તેથી આ લોટ આપણને જ આપી દેશે મનમાં આવા તર્ક કરતી ગીત ગાતાં ગાતાં જ્યારે તે બાઈઓ દળી રહી ત્યારે ઘંટીનું પડ બાજુ પર ખસેડી લોટ ભેગો કરી તેના ચાર ભાગ પાડ્યા. અને દરેક જણી એકેક ભાગ લેવા લાગી. બાબા ત્યાં સુધી તો શાંત મુંગા બેઠા હતા. પણ તેમને લોટ લેતી જોઈ પોતે ક્રોધે ભરાયા અને ગાળો દેતાં કહેવા લાગ્યા, "અલી બાઈઓ, તમે તો કાંઈ ગાંડી બની છો? આ કોના બાપનો માલ લુંટવા બેઠી છો? આ ઘઉં કંઈ હું તમારે ઘેરથી ઉછીના



નથી લાવ્યો કે તમે ટાઢે પેટે આ લોટ લઈ જવા તૈયાર થઈ છો? પણ હવે આટલું કરો: આ લોટ ગામને પાદર લઈ જઈ ભોંય પર તે વેરી આવો." આ સાંભળી પેલી બાઈઓ ભોંઠી પડી. અને એક બીજીના કાનમાં ગણગણવા લાગી. અને ત્યાંથી ઉઠી ગામને પાદર જઈ બાબાની આજ્ઞા મુજબ એ લોટ વેરી આવી (કીડીયારૂં પુરી આવી.)

આ સર્વ જોઈને મેં શીરડીના લોકોને પ્રશ્ન કર્યો "બાબાએ આ શું કર્યું?" તેમણે ઉત્તર દીધો, "હાલ ગામમાં કોલેરાના રોગનો ઉપદ્રવ છે. એ ઉપદ્રવના નિવારણની બાબાની આ કરામત છે. પોતે કંઈ આ ઘઉં દળ્યા નથી પણ તેમણે કોલેરાના ઉપદ્રવને આજે દળી નાંખીને ગામ બહાર કાઢ્યો છે." અને તેજ દિવસથી ગામમાં કોલેરાનો ઉપદ્રવ શમી ગયો અને લોકો સુખી થયા. આ સર્વ જોઈને હું રાજી થયો. પણ એ જ પળે મને કુતૂહલ થયું. મારા મનમાં પ્રશ્ન ઉઠ્યો. આ ઘઉંનો લોટ તથા કોલેરા એ બે વચ્ચે સ્થૂળ સંબંધ શું? એ બે વચ્ચે મેળ ક્યો? આ મેળ બેસાડવો કેમ? તેનો કોઈ ખુલાસો મને હાથ લાગ્યો નહિ. પણ આ બાબતની નોંધ લઈ મારે મારા અંતરમાં બાબાની મધુર લીલાનું ગાન કરવું એવું મારા મનમાં નક્કી કર્યું. આ લીલાના આવા પ્રકારના ખ્યાલમાં જ મારૂં હૃદય હર્ષથી ગદ્ગદિત થયું અને બાબાનું આ સચ્ચરિત્ર લખવાની પ્રેરણા થઈ. આપ સૌ જાણો છો તેમ કેવળ બાબાની શુભાશિષ તથા કૃપા વડે જ આ ગ્રંથ સફળતાથી પુરો થઈ શક્યો છે.

**દળવાનું તાત્વિક માહાત્મ્ય :** આ ઘઉં દળવાના બનાવનો શીરડીના લોકોએ જે અર્થ કર્યો તે ઉપરાંત તેનું તાત્વિક મહત્વ પણ છે. શ્રી સાઈબાબા શીરડીમાં આશરે સાઠ વર્ષ રહ્યા. એ દીર્ઘકાળ દરમ્યાન તેમણે દળવાનું આ કામ લગભગ નિત્ય કર્યું હતું. અલબત એકલા ઘઉં જ નહિ પણ પોતાના અસંખ્ય ભક્તોનાં

માનસિક તેમજ દૈહિક પાપ-તાપ-દુઃખો જ તેમણે દળ્યાં છે. આ ઘંટીનાં બે પડ કર્મ તથા ભક્તિ રૂપી હતાં. આ ઘંટીનું નીચેનું પડ કર્મ, ઉપરનું પડ ભક્તિ હતું. અને જે હાથા વડે બાબા આ ઘંટી ફેરવતા હતા તે જ્ઞાનરૂપી હાથો હતો. આપણી સર્વ કામના-ઇચ્છા, પાપ તથા સત્વ-રજ-તમ ત્રણ ગુણો તથા આપણામાં રહેલો સૂક્ષ્મ છતાં તજવો દુર્ઘટ એવો અહંકાર-એ સર્વને પ્રથમ દળી કાઢયા વિના જ્ઞાન અર્થાત્ સાક્ષાત્કાર થવો દુર્લભ છે. એ વાતની બાબાને પૂર્ણ ખાત્રી હતી.

આ વાત પરથી આવી જ કબીરની એક વાત યાદ આવે છે. એક વાર ઘંટી પર બેસી અનાજ દળતી એક સ્ત્રીને જોઈને કબીરે પોતાના ગુરૂ નિપતિરંજનને કહેલું, "બાબા, મને તો રડવું આવે છે. કેમકે આ ઘંટીમાં દળાતા દાણાની માફક સંસારચક્રમાં પિસાવાના કષ્ટની સ્મૃતિ મને તાજી થાય છે. એ વેળા ગુરૂ નિપતિરંજને તેને ઉત્તર આપ્યો હતો કે બેટા, ડરીશ મા. આ ઘંટીના જ્ઞાનરૂપી હાથાને મેં પકડયો છે. તેમ તું પણ મજબૂત પકડી રાખજે. મનને ત્યાંથી બહાર ભટકવા જવા દઈશ મા. મનને અંતરમાં વાળજે. તો તું જરૂર બચી જઈશ."

સ્વસ્તિ શ્રી સંતસજ્જન પ્રેરિતે ભક્ત હેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિતે મંગલાચરણં નામ પ્રથમોઽધ્યાયઃ સંપૂર્ણઃ ।

શ્રી સદ્‌ગુરૂ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।



## અધ્યાય – ૨.

### કથા–પ્રયોજન–હેમાડપંત–નામકરણ.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુળદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઈનાથાય નમઃ ।

આ ગ્રંથલેખનનું કામ શા વાસ્તે મેં માથે લીધું તેનું કારણ પહેલા અધ્યાયમાં મેં સમજાવ્યું છે. હવે આ ગ્રંથ-વાંચનના સાચા અધિકારી પુરૂષો કોણ ગણાય તે આ અધ્યાયમાં વર્ણવું છું.

**ગ્રંથ-લેખનનો હેતુ :** ઘઉં દળીને લોટ ગામના પાદરમાં વેરી દઈને શીરડીમાં કોલેરાનો ઉપદ્રવ શમાવ્યાનો સાઈબાબાનો ચમત્કાર મેં ગયા અધ્યાયમાં વર્ણવ્યો છે. શ્રી સાઈબાબાના જ્યારે બીજા ચમત્કાર મેં સાંભળ્યા ત્યારે મને ખૂબ હર્ષ થયો. એ હર્ષને લીધે જ આ ગ્રંથ સ્વતઃ પદ્યબદ્ધ રચાયો છે. હું તો ખાત્રીથી માનું છું કે સાઈબાબાના આવા અજબ ચમત્કારનાં વર્ણન ભક્તોને પણ ભારે આનંદપ્રદ તથા બોધક નીવડશે. જેથી તેમનાં પાપ નષ્ટ થશે. માટે જ શ્રી સાઈબાબાનું આ પાવનકારી ચરિત્ર તથા બોધ લખવાની મેં હામ ભીડી છે. સંતચરિત્ર કંઈ એકધારૂં અગર બુદ્ધિગમ્ય હોતું નથી. મહાન સત્યમાર્ગનું જ એ દર્શન કરાવે છે.

**આ ગ્રંથ-લેખનની મારી અશક્તિ છતાં હામ ભીડી:** આવા ગ્રંથલેખનનું કામ માથે લેવા માટે હું મુદ્દલ યોગ્ય નથી. તેથી જ મેં પ્રથમ કહેલું: "મારા અંગત મિત્રના ચરિત્રની પણ



મને પુરી ખબર નથી. વળી મારૂં પોતાનું ચિત્ત કેવું છે તે પણ હું જાણતો નથી. તો પછી એક સંતનું ચરિત્ર હું શી રીતે વર્ણવી શકીશ? ઈશ્વરના અવતારોના હેતુનું વર્ણન કરવા વેદો પણ સમર્થ નથી તે હું શી રીતે વર્ણવી શકીશ? સંતોને ઓળખતાં પહેલાં મારે પોતાને જ સંત બનવું પડે. તો પછી સંતોનો મહિમા હું કેમ કરીને વર્ણવી શકીશ? સંતનું ચરિત્ર-લેખન જ બહુ દુર્ઘટ છે. લંગોટીની ચીંદરડી વડે આકાશ માપવું અગર સાત સમુદ્રની ઊંડાઈ માપવા જેવું આ કામ છે. હું જાણું છું કે આ સાહસ માથે લઈને તો હું ઉલટાનો હાસ્યપાત્ર બનીશ. તેથી હું તો સાઈબાબાની કૃપાની જ યાચના કરૂં છું.

મહારાષ્ટ્રના આદિ સંત–કવિ શ્રી જ્ઞાનેશ્વર મહારાજે એક સ્થળે કહ્યું છે કે સંતોના ચરિત્રલેખકો પર પ્રભુનાં કૃપા–પ્રેમ ઉતરે છે. વળી ભક્તો જે સેવાની અભિલાષા કરે છે તે સેવા સફળ કરવાના સંતોના માર્ગ પણ અલૌકિક હોય છે. સંતો જ ગ્રંથ-લેખનની સ્ફુરણા દે છે. લેખક–ભક્તો તો આટકતરૂ સાધન માત્ર બને છે. દા. ત. શાકે ૧૭૦૦ માં મહીપતિ કવિએ સંતોના ચરિત્ર લખવાની ઈચ્છા કરી. સંતોએ જ તેને પ્રેરણા કરી અને એ ગ્રંથ રચાયો. એમ જ શાકે ૧૮૦૦ માં દાસગણુની સેવાનો પણ સ્વીકાર થયો. મહીપતિએ ભક્ત—વિજય, સંત—વિજય, ભક્ત–લીલામૃત, તથા સંત–લીલામૃત એ ચાર ગ્રંથ લખ્યા. તેમજ દાસગણુએ ભક્ત—લીલામૃત તથા સંત–કથામૃત નામે બે ગ્રંથ લખ્યા છે, જેમાં આધુનિક સંતોના ચરિત્ર—વર્ણન છે. આ ભક્ત–લીલામૃતના અધ્યાય ૩૧, ૩૨, ૩૩ માં તેમજ સંત—કથામૃતના અધ્યાય ૫૭ માં સાઈબાબાનાં મધુર ચરિત્ર તથા બોધનું ઘણુ સરસ વર્ણન કરેલું છે. અને આ સર્વ 'સાઈલીલા' માસિકના વર્ષ ૧૭ ના અંક ૧૧, ૧૨ માં પુનઃ પ્રગટ થયેલા છે. વાંચકોએ આ ગ્રંથના આ અધ્યાય વાંચવા સરખા છે. વળી મુંબઈ—વાંદરાનાં



શ્રીમતી સાવિત્રીબાઈ રઘુનાથ તેંડુલકર રચિત 'શ્રી સાઈનાથ ભજનમાલા' નામે નાનકડા સુંદર ગ્રંથમાં પણ સાઈબાબાની અજબ લીલા વર્ણવેલી છે. દાસગણુ મહારાજે પણ સાઈબાબાનાં ઘણાંક મધુર ભજનો રચ્યાં છે. અમીદાસ ભવાની મહેતા નામે એક ભક્તે સાઈબાબાની કેટલીક કથાઓ ગુજરાતીમાં પ્રગટ કરી છે. શીરડીની દક્ષિણાભિક્ષા સંસ્થાએ પણ "સાઈનાથ પ્રભા"ના કેટલાક અંક પ્રગટ કર્યા છે. તો પછી પ્રશ્ન એ થાય છે કે સાઈબાબા વિષે આટલા બધા ગ્રંથો અસ્તિત્વમાં છે તો મારે આ સાઈ સચ્ચરિત્રનો ગ્રંથ શા માટે રચવો જોઈએ? તેની જરૂર શી છે?

આ પ્રશ્નનો ઉત્તર સાદો પણ સ્પષ્ટ છે. સાઈબાબાનું ચરિત્ર અગાધ સમુદ્ર જેવું ઊંડું તથા વિશાળ છે. તેમાં સૌ કોઈ ડૂબકી મારી શકે છે અને તેમાંથી જ્ઞાન–ભક્તિનાં અમૂલ્ય રત્નો બહાર લાવી જીજ્ઞાસુ ભક્તોને ભેટ દઈ શકે છે. સાઈબાબાની કથા, દૃષ્ટાંત, બોધ સર્વ અદ્ભુત છે; જે વાંચતાં આ સંસારના અસહ્ય કષ્ટ–દુઃખના બોજા ખેંચતા દુઃખદર્દથી ત્રાસેલા માનવીઓને સુખ-શાન્તિ લાધશે અને તેઓ ભૌતિક તેમજ આધ્યાત્મિક બન્ને ક્ષેત્રમાં જ્ઞાન તથા બોધ પામશે. સાઈબાબાનો ઉપદેશ વેદના જ્ઞાન જેટલો બોધપ્રદ તથા રસપ્રદ છે, ધ્યાન દઈને જે ભક્તો સાંભળશે અને મનન કરશે તેની સર્વ મનોકામના પૂર્ણ થશે;–અષ્ટાંગ યોગ સાધનામાં પૂર્ણતા પામશે, ધ્યાન–ધારણાનું સુખ પામશે તથા બ્રહ્મ સાયુજ્ય પામશે. તેથી જ આ સર્વ કથા એકત્ર કરવાનું મને મન થયું. એટલી જ મારી તો ઉત્તમ ઉપાસના છે. શ્રી સાઈબાબાના પ્રત્યક્ષ દર્શન–સુખથી જે ભોળા જનો વંચિત રહ્યા છે તેમને આ સંગ્રહ ખૂબ આનંદપ્રદ બનશે. એ કારણથી જ બાબાના સહજ આત્મસાક્ષાત્કારના અપાર ફળરૂપ બોધ–વચનો હું એકત્ર કરવા લાગ્યો. આ વિષયમાં સાઈબાબાએ જ મને પ્રેરણા દીધી છે. તેમના ચરણમાં મેં મારી જાત સમર્પણ કરી છે. તેથી મારો માર્ગ સરળ કરનાર તથા આ



લોકમાં તેમજ પરલોકમાં મને સુખ–શાન્તિ દેનાર શ્રી સાઈ-બાબા જ છે એવી મારી દૃઢ શ્રદ્ધા છે.

આ ગ્રંથ–રચનાની રજા હું જાતે બાબા પાસે માગી શક્યો નહિ. તેથી બાબાના પરમ અંતરંગ ભક્ત માધવરાવ દેશપાંડે ઉર્ફે શ્યામાને મારા તરફથી આ વિનતિ બાબા પાસે મૂકવા માટે મેં વાત કરી. તેણે મારી વાત ધ્યાનમાં લઈ સાઈબાબાને કહ્યું: "દેવ! આ અણ્ણાસાહેબ આપનું ચરિત્ર લખવા ચાહે છે. માટે આપ તેને એવું કહેતા નહિ કે હું તો ભીખ માગી ખાનાર રાંક ફકીર છું. તેથી મારૂં ચરિત્ર લખવાની જરૂર નથી. જો આપ તેને રજા આપીને સહાય કરો તો જ તે લખી શકશે. અને આપની કૃપાથી ગ્રંથ પુરો કરી શકશે. આપની પરવાનગી તથા શુભ આશીર્વાદ વિના કશું સફળતાથી પાર પડી શકતું નથી."

આ વાત સાંભળી બાબાને દયા આવી અને મને ઉદી દઈને આશીર્વાદ આપ્યા. તથા પોતાનો વરદ હસ્ત મારા માથા પર મૂકીને બોલ્યા, "ભલે; પ્રથમ સર્વ અનુભવ–વાર્તા–કથા તું એકત્ર કરી તેની નોંધ લેજે. હું તને સહાય કરીશ. યાદ રાખજે તેમાં તું તો એક સાધન માત્ર છો. મારૂં ચરિત્ર હું જાતે જ લખી મારા ભક્તોની ઈચ્છાને સંતોષીશ. અહંત્વ તજી મારા ચરણમાં તારી જાતને સમર્પિત કરવી પડશે. એ રીતે વર્તનારને જ હું સૌથી વિશેષ સહાય કરૂં છું. મારી જીવન–કથા શું? સૌને દરેક શક્ય માર્ગે હું બધું જ પુરૂં પાડું છું. તારૂં સમગ્ર અહંત્વ નષ્ટ થશે અને તેનો છાંટો પણ નહિ રહે ત્યારે જ તારા દેહમાં પ્રવેશીને હું જાતે જ મારૂં ચરિત્ર લખીશ. મારી કથા–બોધના શ્રવણથી ભક્તોના અંતરમાં શ્રદ્ધા વધશે અને તેઓ સહજ સુખ તથા આત્મસાક્ષાત્કાર પામશે. પણ આ ગ્રંથમાં 'મારો પોતાનો આવો મત છે કે તેવો મત છે' એવું સ્થાપિત કરવાનો તું મુદ્દલ

આગ્રહ રાખીશ નહિ. અગર જો બીજા કોઈના મત તોડી પાડવાના પ્રયત્ન પણ તારે કરવાના નથી. અગર તો કોઈ વિષયના સાધક–બાધક વાદવિવાદ પણ તેમાં લખવાના નથી."

આ વિવાદ શબ્દ સાંભળતાં જ મને મારૂં હેમાડપંતનું પદ યાદ આવે છે. તેથી હવે હું એનું વર્ણન કરૂં : કાકાસાહેબ દીક્ષિત તથા નાનાસાહેબ ચાંદોરકર મારા પરમ મિત્રો છે. તેમણે જ મને શીરડી બાબાનાં દર્શન કરવા જવાનો આગ્રહ કરેલો; અને ત્યાં જવા મેં કબુલ પણ કર્યું હતું. પરંતુ મારૂં શીરડી જવાનું મુલતવી જ રહેતું ગયું. લોનાવલામાં મારા એક મિત્રનો પુત્ર માંદો પડ્યો. તેના આરોગ્ય સારૂ એ મિત્રે સર્વ ભૌતિક–દૈવિક ઉપાય કરી જોયા પણ તેનો તાવ હટતો જ નહોતો. છેવટે તેણે પોતાના ગુરૂને પુત્રની પથારી પાસે બેસાડ્યા. છતાં એ ઉપાય પણ નિષ્ફળ ગયો. એ સાંભળી મને થયું કે જે ગુરૂ આ પુત્રને બચાવી ન શકે તે ગુરૂ કામના શું? આપણે માટે જો ગુરૂ કંઈ જ કરી શકતા ન હોય તો મારે શીરડી શા માટે જવું? આવા વિચાર–વમળમાં મેં શીરડી–યાત્રા મુલત્વી રાખી હતી. પણ બનવા કાળ વસ્તુ બને જ છે. આ કીસ્સામાં થયું એવું કે એક દહાડો પ્રાંત ઓફીસર નાનાસાહેબ ચાંદોરકર વસઈ જતા હતા. તેથી થાણાથી દાદર આવીને ઉતર્યા અને વસઈની ગાડીની રાહ જોતા બેઠા હતા. એવામાં વાંદરાની લોકલ આવી તેથી તેમાં બેસી તે વાંદરા મારે ત્યાં આવ્યા. તથા શીરડીની યાત્રા મુલત્વી રાખવા સારૂ મને ઉધડો લીધો. નાનાસાહેબની દલીલથી મને આનંદ થયો અને તે જ રાત્રે શીરડી જવાનું મેં નક્કી કર્યું. મારો સામાન બાંધી શીરડી જવા નીકળ્યો અને દાદરની ટીકીટ લીધી. મનમાડની ગાડી પકડવાનો મારો ઈરાદો હતો. વાંદરાથી ગાડી ઊપડવાની તૈયારી થઈ ત્યાં ઉતાવળે મારા ડબામાં એક મુસ્લીમ ફકીર આવ્યો. અને મારો સરસામાન જોઈ હું ક્યાં જાઉં છું એમ પ્રશ્ન કર્યો. મેં મારો



સંકલ્પ જણાવ્યો ત્યારે તેણે મને સીધા બોરીબંદર જ જવાની સલાહ આપી. કેમકે મનમાડ-મેઈલ દાદર ઉભો રહેતો જ નથી. આમ આ લીલારૂપ અજબ ચમત્કાર જો ન થયો હોત તો હું ધાર્યા મુજબ બીજે દહાડે શીરડી પહોંચી શકત નહિં. અને મનમાં શંકા-કુશંકાનાં અનેક વાદળ ઉભાં થાત. પણ એ વસ્તુ બનનાર નહોતી. વિધિની સાનુકુળતાથી હું બીજે દહાડે સવારે દસેક વાગે શીરડી પહોંચ્યો. શ્રી ભાઉસાહેબ–કાકા દીક્ષિત ત્યાં મારી રાહ જોતા હતા. આ બન્યું સને ૧૯૧૦ માં એ વેળા શીરડીમાં યાત્રાળુને ઉતરવાનું એક જ સ્થળ–સાઠેનો વાડો હતો. ટાંગામાંથી ઉતરતાં જ મને દર્શનની ભારે ઉત્કંઠા હતી. એજ વખતે મહાન ભક્ત તાત્યાસાહેબ નૂલકર મસીદમાંથી પાછા વળતાં મને સામા મળ્યા. તેમણે મને કહ્યું "સાઈબાબા વાડાના ખુણા પાસે જ છે. ત્યાં જઈ પ્રથમ દર્શન કરો અને પછી સ્નાન કરીને નિરાંતે દર્શને જજો." એ સાંભળી દોડીને મેં બાબાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. એ વેળા મારા હૈયામાં હર્ષ સમાતો નહોતો. નાનાસાહેબ ચાંદોરકરે બાબા વિષે મને ઘણું કહ્યું હતું, પણ દર્શન કરતાં તો મને એથી પણ વિશેષ પ્રતીત થયું. મારાં મન–બુદ્ધિને ખૂબ સંતોષ થયો. ભૂખ તરસ સર્વ હું વિસરી ગયો. મેં સાઈબાબાની ચરણરજ લીધી. એજ ક્ષણે મને નવું જીવન મળ્યું હોય તેમ લાગ્યું. આ દર્શન માટે જેમણે જેમણે મને આગ્રહ કરી સહાય કરી એ પંથે વાળ્યો છે તે સર્વનો હું પરમ ઉપકૃત છું. તેમને હું મારા પરમ સ્નેહી ગણું છું. તેમનું ઋણ ફેડવા હું અસમર્થ છું. એ સર્વ સ્નેહીઓનું સ્મરણ કરી હું તેમને માનસિક સાષ્ટાંગ પ્રણામ કરૂં છું. મને પ્રતીત થયું છે કે શ્રી સાઈબાબાના દર્શનની ખાસીયત જ એવી છે કે તેમનું દર્શન થતાં જ આપણા સર્વ વિચારો પરિવર્તન પામે છે, પૂર્વ કર્મનું બળ મોળું પડી જાય છે તથા સંસારી વસ્તુઓ પર વૈરાગ્ય જાગે છે. પૂર્વ જન્મના ભારે પુણ્યસંચય વડે

http://suratiundhiyu.wordpress.com/



જ બાબાનાં દર્શન શક્ય બને છે. બાબાનાં દર્શન કરતાં જ સમગ્ર જગત સાઈબાબારૂપ આપણને ભાસે છે.

**ગરમાગરમ ચર્ચા :** હું શીરડી આવ્યો તે જ દહાડે ગુરૂની આવશ્યકતા વિષે બાળાસાહેબ ભાટે જોડે મારે સંવાદ થયો. મારૂ કહેવું એવું હતું કે આપણી સ્વતંત્રતા છોડીને શા વાસ્તે બીજાની તાબેદારી સ્વીકારવી? આપણો ધર્મ આપણે બરાબર બજાવતા હોઈએ તો પછી ગુરૂની આવશ્યકતા શું છે? દરેકે જાતે જ પ્રયત્ન કરી ઉંચે ચડવું જોઈએ. જે માણસ આળસુ બની પડી રહે અને કંઈ જ ન કરે તેને ગુરૂ શું કરવાના હતા? આમ મેં સ્વતંત્ર રહેવાની દલીલો કરવા માંડી. સામે પક્ષે શ્રી ભાટેએ ભવિતવ્યતાની દલીલ કરીને કહ્યું : "જે કંઈ બનવા કાળ હોય છે તે બને જ છે. મહાન પુરૂષો પણ હારી ગયા છે. માનવી એક રસ્તે પ્રયત્ન કરે છે પણ ઈશ્વર બીજે જ માર્ગે તેનું છેવટ લાવે છે. તમારી આ સર્વ હોશીયારી એક બાજુ પર મૂકી છોડો. તમારૂં અહંત્વ કે અભિમાન કોઈ કામનાં નથી." અમારો આ સાધક–બાધક દલીલો સાથેનો સંવાદ આશરે એકાદ કલાક ચાલ્યો. પણ સામાન્ય રીતે બને છે તેમ અમે કોઈ નિર્ણય પર આવી શક્યા નહિ. છેવટે થાકીને કંટાળી અમે આ વિવાદ બંધ કર્યો. પણ આના પરિણામે મારા ચિત્તની શાન્તિ હું ખોઈ બેઠો. મને લાગ્યું કે પ્રબળ દેહાભિમાન વિના એવો વિવાદ સંભવે જ નહિ. અર્થાત્ આત્માભિમાનને લીધે જ આવા વિવાદ ઉભા થાય છે

એ પછી જ્યારે બધા જોડે અમે મસીદમાં ગયા ત્યારે કાકાસાહેબ દીક્ષિતને બાબાએ પ્રશ્ન કર્યો : "સાઠેના વાડામાં શું ચાલતું હતું? શાનો સંવાદ થતો હતો?" આ વચનો સાંભળી હું આશ્ચર્ય પામ્યો. જે સાઠેના વાડામાં હું ઉતર્યો હતો અને આ સંવાદ થયેલો તે વાડો તો મસીદથી ઘણે દૂર છે. શ્રી સાઈબાબા



સર્વજ્ઞ–અંતર્યામી હોય તો જ આ અમારા સંવાદની તેમને બધી ખબર પડે. નહિ તો આમ કેમ બને?

**સૂચક ભાવિપદ :** શ્રી સાઈબાબાએ મને 'હેમાડપંત' કેમ કહ્યો તે વિષે હું તર્ક કરવા લાગ્યો.* હેમાડપંત તો હેમાદ્રિપંત શબ્દનું અપભ્રંશ છે. યાદવવંશના દેવગિરિના રાજા મહાદેવ તથા રામદેવના આ હેમાદ્રિપંત પ્રસિદ્ધ પ્રધાન હતા. તે બહુ ઉમદા સ્વભાવના વિદ્વાન પુરૂષ હતા. "ચતુર્વર્ગચિંતામણી" તથા "રાજપ્રશસ્તિ" જેવા ગ્રંથના તે લેખક હતા. હિસાબી ગણિતની નવી પદ્ધતિની તેમણે શોધ કરી હતી અને પ્રસિદ્ધ 'મોડી' લિપિનો પણ એ જ શોધક છે. હું કંઈ એ મહાપુરૂષ જેવો નથી. ઉલટા હું તો મંદબુદ્ધિ સામાન્ય માનવી છું. તેથી એ પદ અર્પીને બાબાએ મને એ નામે કેમ બોલાવ્યો તેની મને કંઈ સમજ પડી નહિ. પણ મારૂં સ્વાભિમાન નષ્ટ કરવા માટે અને મને શાંત નમ્ર બનાવવાના હેતુથી કટાક્ષરૂપે બાબાએ મારા પર આ એક તીર છોડ્યું હોય એમ મને લાગ્યું. વળી મને એમ પણ થયું કે પેલા સંવાદમાં મારી હોશીઆરી બદલ મારી પ્રશંસાર્થે પણ કદાચ મને એવું કહ્યું હશે!

[**ગુરૂની આવશ્યકતા વિષે :** આ વિષયમાં બાબાએ જે કહેલું તેની કોઈ નોંધ હેમાડપંતે લખેલી મળતી નથી. પણ એક નોંધ કાકા દીક્ષિતે પ્રસિદ્ધ કરી છે : હેમાડપંતે સાઈબાબાનાં દર્શન કર્યાં તેને વળતે દહાડે કાકાસાહેબે બાબા પાસે જઈ પોતે શીર-

* આ ગ્રંથનો ઇતિહાસ જોતાં શ્રી દાભોલકરને બાબાએ જે હેમાડપંત નામે સંબોધન કરેલું તે ખરેખર એક સૂચક ભાવી પદ જ હતું. તેમણે સાઈ સંસ્થાનની વ્યવસ્થા ભારે કુશળતાથી કરી અને તેના સર્વ હિસાબ-કિતાબ પણ ચોક્ખા રાખ્યા. અને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય આત્મ-સમર્પણ આત્મસાક્ષાત્કાર જેવા અગત્યના દૈવી વિષયો છણતો શ્રી સાઈ સચ્ચરિત્ર જેવો આ સુંદર અનુપમ ગ્રંથ પણ તેમણે જ રચ્યો છે.

http://suratiundhiyu.wordpress.com/

ડીથી વિદાય થવા રજા માગી. બાબાએ હા પાડી. ત્યારે કોઈએ પ્રશ્ન કર્યો: "બાબા, ક્યાં જવું?" બાબાએ ઉત્તર દીધો: "ઉચે." ત્યારે પેલા માણસે પૂછ્યું: "ત્યાં જવાના તો ઘણા માર્ગ છે. એક માર્ગ તો અહીં શીરડીથી જ સીધો જાય છે." ત્યારે બાબા બોલ્યા: 'એ રસ્તો બહુ કઠણ છે. માર્ગમાં વગડામાં વાઘ વરૂ છે." ત્યારે કાકાસાહેબે પૂછ્યું: "પણ બાબા, અમારા જોડે અમે ભોમીયો લઈ જઈએ તો કેમ?" ત્યારે બાબા બોલ્યા: "તો કોઈ મુશ્કેલી નથી. ભોમીયો તમને સીધા જ ધાર્યે સ્થળે લઈ જશે. માર્ગના ખાડા ટેકરા કે વાઘ વરૂનો ભય રહેવા નહિ પામે. પણ ભોમીયો નહિ હોય તો વગડામાં ભૂલા પડી અટવાઈ જશો અને ખાડામાં પડશો." એ સમયે દાભોલકર ત્યાં હાજર હતા. ગુરૂની શી આવશ્યકતા છે એ પ્રશ્નનો જ આ સચોટ ઉત્તર છે એમ તેમને લાગ્યું. તે દિવસથી તેમણે ગાંઠ વાળી કે માનવી ધાર્મિક, આધ્યાત્મિક વિષયમાં સ્વતંત્ર છે કે બંધનમાં છે એવા પ્રશ્નની ફરી ચર્ચામાં કદી ઉતરવું નહિ. ઉલટું ગુરૂ-ઉપદેશના ફળરૂપે જ સાચો પરમાર્થ શક્ય છે એવું તે સમજતા થયા. રામ તથા કૃષ્ણ જેવા અવતારી પુરૂષોને પણ ગુરૂ વસિષ્ઠ તથા ગુરૂ સાંદિપની પાસેથી આત્મસાક્ષાત્કાર અર્થે જ્ઞાન-ભક્તિ સંપાદન કરવી પડી હતી. આધ્યાત્મિક પ્રગતિ અર્થે માત્ર શ્રદ્ધા તથા સબુરી એ બેજ આવશ્યક ગુણો છે.]

સ્વસ્તિ શ્રી સંતસજ્જન પ્રેરિતે ભક્ત હેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે કથા-પ્રયોજન તથા હેમાડપંત-નામકરણ નામ ત્રીજો અધ્યાય: સંપૂર્ણ: ।

શ્રી સદ્ગુરૂ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।





http://suratiundhiyu.wordpress.com/

## અધ્યાય – ૩

### ગ્રંથ-પ્રયોજન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્દ્ગુરૂ સાઇનાથાય નમઃ ।

**બાબાની પરવાનગી :** ગયા અધ્યાયમાં વર્ણવ્યા મુજબ શ્રી સાઇબાબાએ મને સચ્ચરિત્ર લખવાની પુરી સંમતિ આપી. તે બોલ્યા : "સચ્ચરિત્રલેખન સંબંધમાં હું તારી જોડે પુરો-સંમત છું. તારો ધર્મ તું બરાબર બજાવજે. મુદ્દલ ડરીશ મા. મન દૃઢ રાખજે. મારા વચનમાં શ્રદ્ધા રાખજે. મારી લીલા લખાશે તો અવિદ્યા નષ્ટ થશે. જે કોઇ ધ્યાનપૂર્વક એ લીલા સાંભળશે તેનો સંસાર પરનો રાગ ઓછો થશે અને તેના અંતરમાં પ્રેમ ભક્તિનાં મોજાં ઉદ્દ્ભવશે. મારી લીલામાં ડૂબકી માર-નારને જ્ઞાનનાં અમૂલ્ય રત્નો પ્રાપ્ત થશે."

એ સાંભળીને હું બહુ રાજી થયો; અને નિડર તથા શ્રદ્ધાળુ બન્યો. ગ્રંથલેખન સફળ જ થવાનું છે એવી મનમાં ખાત્રી થઈ. ત્યારબાદ માધવરાવ દેશપાંડે (શ્યામા) સામે જોઇ સાઇબાબા બોલ્યા, "પ્રેમથી જે માણસ મારૂં નામ લેશે તેના સઘળા મનોરથ હું પુરા કરીશ. અને તેની ભક્તિ વધારીશ. મારી લીલા તથા ચરિત્રનું જે ગાન કરશે તેની સર્વ પ્રકારે ઉન્નતિ થશે. પૂર્ણ ભાવથી એ ભજનારા જ્યારે મારી આ કથા સાંભળશે ત્યારે સ્વતઃ જ આનંદ પામશે. મારી લીલા ગાનારને હું અખંડ સંતોષ



તથા પારાવાર સુખ દઇશ. તેની ખાત્રી રાખજો. મને સર્વ સમર્પણ કરનાર ભક્તોને, શ્રદ્ધાથી મને ભજનાર સજ્જનોને તથા સદા પ્રેમથી મારૂં ધ્યાન ધરનાર જનોને અવશ્ય મુક્તિ આપવાનું મારૂં વચન છે. જેઓ મારૂં નામ જપે છે, મારી પૂજા કરે છે, મારૂં ચરિત્ર તથા મારી કથાનું જ ચિંતન કરે છે અને સદા મને જ સ્મરે છે તેમનામાં સંસારી ભાવ જ કેમ રહેવા પામે ? મારા ભક્તોને હું કાળની પકડમાંથી છોડાવીશ. મારી કથા સાંભળનારના સર્વ રોગરાઈ નષ્ટ થશે. માટે ભાવથી મારી કથા સાંભળજો તથા તેનું ચિંતન-મનન-નિદિધ્યાસન કરજો. એ માર્ગ જ સુખ-સંતોષનો છે. એથી મારા ભક્તનાં અહંત્વ તથા અભિમાન અલોપ થશે. શ્રોતાઓનો મનને શાંતિ થશે. જે કોઈ પૂર્ણ શ્રદ્ધાથી ધ્યાનપૂર્વક મારી કથા સાંભળશે તે પરમ મુક્તિને પામશે. 'સાઈ, સાઈ,' એવાં મારા નામનું સ્મરણ કરનારના પણ વાચિક તેમજ કાયિક સર્વ પાપ બળીને ભસ્મ થશે."

**ભક્તોને વિવિધ કામ સોંપ્યા :** શ્રી પ્રભુએ જુદા જુદા ભક્તોને વિવિધ કામ સોંપ્યા. કેટલાકને મંદિરો, મઠો તથા નદીઓના ઘાટ બાંધવાનું કામ સોંપ્યું; કેટલાકને પ્રભુ-ગુણગાનનું કામ ભળાવ્યું; કેટલાકને યાત્રાએ મોકલ્યા. અને મને સચ્ચરિત્ર લખવાનું કામ સોંપ્યું, બધાં કામમાં હું માથું મારૂં છતાં એકેની મને પુરી આવડત નથી. વળી આ લેખન કામની તો મારામાં કોઇ યોગ્યતા જ નથી. તો પછી આવું કઠણ કામ શા વાસ્તે માથે લેવું ? સાઇબાબાના સત્ય સત્ય ચરિત્રનું વર્ણન કરવા કોણ સમર્થ છે ? આ કઠણ કામ તો સાઇબાબાની કૃપા વડે જ થઈ શકે તેમ છે. તેથી જ્યારે મેં કલમ હાથમાં લીધી ત્યારે સાઇબાબાએ જ મારૂં અહંત્વ હરી લીધું અને જાતે જ પોતાની કથા લખી. તેથી આ કથાવર્ણનના લેખનનો સાચો યશ તો બાબાનો જ છે; મારો નથી. જન્મે હું બ્રાહ્મણ છું છતાં મારે શ્રુતિ તથા સ્મૃતિ-રૂપ બે ચક્ષુ જ નથી. માટે આ સચ્ચરિત્ર લખવા હું બિલ્કુલ



સમર્થ નથી. ઇશ્વરની કૃપા થાય ત્યારે જ મુંગો બોલતો થાય છે, તથા પંગુ-લુલો પહાડ ઓળંગવા સમર્થ બને છે. સ્વેચ્છાનુસાર સર્વ કામ પાર પાડવાની અજબ કળા ભગવાનમાં સદા સ્થિત છે. મુરલીને અગર હારમોનિયમને પોતાની અંદરથી સ્વર કેમ ઉત્પન્ન થાય છે તેની કશી જ ખબર હોતી નથી. એ જ્ઞાન તો તેના વગાડનારને જ હોય છે. ચંદ્રકાન્ત મણિ દ્રવે છે તે કંઈ મણિને લીધે નથી દ્રવતો. અગર સમુદ્રમાં ભરતી ચઢે છે તે કંઈ સમુદ્રના જળને લીધે નથી હોતું.

**દીવાદાંડી જેવી બાબાની કથા :** સમુદ્રમાં આવેલા ખડક જોડે વહાણ અથડાઈને ભાંગી ટુકડા ન થાય તે માટે ભયની ચેતવણી અર્થે વહાણને સહીસલામત હાંકવા સારૂ સમુદ્રમાં ખડકભર્યાં સ્થળે દીવાદાંડી બાંધે છે. આ સંસારસાગરમાં સાઈબાબાની કથા આવી દીવાદાંડીનો જ હેતુ સારે છે. આ કથા અમૃતથી યે મીઠી છે. એ વડે સંસારના માર્ગ સહેલા સરળ બને છે. સંતોની કથા જ આશીર્વાદાત્મક હોય છે. જ્યારે એ કથા કાન દ્વારા અંતરમાં પ્રવેશે છે ત્યારે અહંત્વ-દ્વૈતપણું ભૂલી જવાય છે. જ્યારે તે હૃદયમાં સ્થિત થાય છે ત્યારે કુશંકાઓ નાસી જાય છે. અહંત્વનો મદ ઉતરી જાય છે. બુદ્ધિ પુરી ખીલે છે. શ્રી બાબાના નિર્મળ યશનું વર્ણન કરવાથી તેમજ તેનું પ્રેમથી શ્રવણ કરવાથી ભક્તોનાં પાપ-નષ્ટ થાય છે. આ કથા મુક્તિ માટેનું સાવ સારૂં સાધન લેખાય છે. કૃતયુગમાં મુક્તિનું સાધન શમ-દમ ગણાતું હતું : ત્રેતામાં યજ્ઞ, દ્વાપરમાં પૂજા અને કલિયુગનું આ સાધન માત્ર નામ-સ્મરણ-પ્રભુના ગુણગાન જ મુખ્ય છે. ચારે વર્ણના લોકો માટે આ સાધન સુગમ છે. યોગ, યજ્ઞ, ધ્યાન, તથા ધારણા એ સર્વ સાધન બહુ કઠણ છે. પણ પ્રભુ-શ્રી સાઈબાબાના ગુણગાન તથા કથાનું શ્રવણ-કીર્તન તો બહુ સહેલું છે.





માત્ર એક ધ્યાનથી તે શ્રવણ કરવું જોઈએ. એ શ્રવણ-કીર્તન વડે ઇન્દ્રિયોનો વિષયો પરનો રાગ દૂર થાય છે; અને ભક્ત નિષ્કામ બની આત્મ-સાક્ષાત્કાર સાધી શકે છે. આ હેતુ લક્ષ્યમાં લઈ આ કથા-સાઈ સચ્ચરિત્રના લેખનમાં શ્રી બાબાએ મને સહાય કરી છે. એથી શ્રી સાઈબાબાની આ કથાનું વાચન-શ્રવણ સહજ થઈ શકશે. તેમની મૂર્તિનું ધ્યાન પણ ધરી શકાશે. જેથી ગુરૂ-શ્રી સાઇબાબાની ભક્તિ સરળ બનશે. અને વૈરાગ્ય દ્વારા સરળતાથી સાક્ષાત્કાર સાધી શકશે. શ્રી સાઈબાબાની કૃપા વડે જ આ ગ્રંથ શ્રી સાઇ સચ્ચરિત્રામૃતની તૈયારી તથા લેખન શકય બન્યું છે. હું તો તેમાં સાધન માત્ર થયો છું.

**સાઈબાબાનો માતૃપ્રેમ :** વાછરડા પર ગાયને કેટલો બધો પ્રેમ હોય છે તે સૌ કોઈ જાણે છે. તેનાં આંચળ દૂધથી ફાટફાટ થાય છે અને ગાય, વાછરૂને ધવડાવવા ખૂબ આતુર બને છે. વાછરૂ જેવું "આંચળમાં પક્કો દે છે તેવી જ તેના આંચળમાંથી દૂધની અવિરત ધારા છૂટે છે. એ જ પ્રમાણે માતાને પણ પોતાના બાળકની બધી જરૂરીયાતની ખબર હોય છે. તેને વખતસર ધવડાવે છે; ઝબલું પહેરાવે છે; શણગાર સજાવે છે. બાળકને આ સર્વની કશી પડી હોતી નથી. માતાનો પ્રેમ જ નિઃસ્વાર્થ અજબ હોય છે. તેને તોલે કોઈ પ્રેમ આવી શકે નહિ. શિષ્યો પર સદ્દ્ગુરૂનો પ્રેમ પણ આ માતાના પ્રેમ જેવો જ હોય છે. મારા પર સાઈબાબાનો પ્રેમ આ પ્રકારનો હતો, જે હું એક દૃષ્ટાંત આપીને સમજાવું.

સરકારી નોકરીમાંથી સને ૧૯૧૬ માં હું નિવૃત્ત થયો. નક્કી થયેલ પેન્શન ઉપર કુટુંબનો ગુજારો બરાબર થાય તેમ નહોતું. એ વર્ષની ગુરૂ-પૂર્ણિમા ઉપર અન્ય ભક્તો જોડે હું શીરડી ગયો. તે વેળા શ્રી અણ્ણા ચિંચણીકરે જાતે જ મારે સારૂ બાબાને વિનંતિ

કરી "દેવ, આપ દાભોલકર પર કૃપા કરો. પેન્શનમાં તેમના કુટુંબનું પુરૂં થાય તેમ નથી. તેમને કોઇ બીજી નોકરી અપાવો. આપ તેમને ચિંતામુક્ત બનાવી સુખી કરો." બાબા બોલ્યા, 'તેને જરૂર બીજી જગા મળશે. પણ હાલ તેણે મારી સેવા કરવાની છે. તે સુખી થશે. તેનું ભાણું સદા ભરપુર રહેશે. તે કદી ખાલી નહિ રહે. પણ તેણે પોતાનું સર્વ લક્ષ્ય મારા પર લગાડવાનું છે. નાસ્તિક, ધર્મભ્રષ્ટ, દુષ્ટ લોકોની સંગતમાં તેણે કદી પડવાનું નથી. સર્વ જોડે નમ્રતા તથા વિવેક રાખવો. ખરા ભાવથી મારી પૂજા કરવી, જો તે આટલું કરશે, તો તે અખંડ સુખ સંપાદન કરશે."

—×—

**રોહીલાની કથા :** શ્રી બાબાના સર્વવ્યાપી પ્રેમનું દ્દષ્ટાંત રોહીલાની કથામાં મળે છે. ઉંચો પદછંદ, મજબુત બાંધાનો, આખલા જેવો બળવાન એક રોહીલો લાંબી કફની પહેરી શીરડીમાં આવ્યો. અને સાઇબાબા પરની ભક્તિને લીધે ને શીરડીમાં જ રહી ગયો. ઊંચા કર્કશ સાદથી તે રાત-દિવસ કલમા પઢતો અને 'અલ્લા હો અકબર' એવી બૂમો પાડતો. દિવસના ભાગમાં તો ગામના માણસો ખેતર વાડીએ કામે ગયા હોય; પણ રાત્રે ઘેર આવી વાળુ કરી સૂતા હોય ત્યારે આ રોહીલાના કર્કશ બરાડા તેમના કાને પડતાં જ તેમની ઉંઘ ઉડી જતી; અને લોકો કંટાળી જતા. થોડા દહાડા તો તેમણે આ ત્રાસ શાન્તિથી સહન કર્યો પણ જ્યારે તે છેક અસહ્ય બન્યો ત્યારે તે બધા બાબા પાસે અરજ કરવા આવ્યા કે જેથી બાબા તેને ઠપકો દઇ આ ત્રાસ નિવારે. પણ બાબાએ લોકોની આ અરજ પર કંઈ ધ્યાન આપ્યું નહિ ઉલટા તેમને ઉધડા લીધા; અને સૌને પોતપોતાના કામધંધા પર ધ્યાન આપવાની સલાહ આપી. બાબા બોલ્યા, "એ રોહીલાની વહુ 'ઝંટિપી' બહુ ખરાબ છે. તે અહીં આવી



એ રોહીલાને તેમજ મને હેરાન કરે છે. પણ રોહીલાના કલમા (પ્રાર્થના) સાંભળીને અંદર આવવાની તેની હિંમત ચાલતી નથી. જેથી અમે સુખશાન્તિમાં રહીએ છીએ." ખરી રીતે આ રોહીલાને કોઇ બૈરી જ નહોતી. પણ તેની સ્ત્રી એટલે દુર્બુદ્ધિ એવું કહેવાનો બાબાનો હેતુ હતો. પ્રભુની પ્રાર્થના તથા આર્તનાદ બાબાને ગમતાં હતાં. તેથી જ તેમણે રોહીલાનો પક્ષ લીધો અને લોકોને પણ એ ત્રાસ સહન કરવાની આજ્ઞા આપી. પણ યોગ્ય સમય આવતાં જ એ ત્રાસ દૂર થવાનો જ હતો.

**બાબાના અમૃત જેવા** અગિયાર વચનો :- એક દહાડો આરતી થઇ રહ્યા પછી લોકો ઘેર જતા હતા ત્યારે બાબાએ તેમને સર્વને સંબોધીને નીચેનાં શીખ વચનો કહ્યાં : "તમે ગમે તે સ્થળે હો અગર ગમે તે કામ કરતાં હો પણ તે વેળા મારી આટલી વાત બરાબર સ્મરણમાં રાખજો કે તમે જે કંઈ કરો છો તે સર્વ હું જાણું છું. સર્વના હૃદયમાં હું બેઠો છું. સર્વનો ઇશ્વર હું છું. પ્રાણીમાત્રમાં-ચર અચર જગતમાં હું વ્યાપેલો છું. આ વિશ્વના નાટકનો સૂત્રધાર જ હું છું. સર્વ પ્રાણીઓનો તેમજ ત્રણે ગુણોના સામ્યનો ઉદ્દગમ મારામાંથી જ થયેલ છે. સર્વનો પ્રેરક, સર્જક, રક્ષક, સંહારક હું જ છું. મારી ભક્તિ કરનારને કોઈ કશી જ હાનિ કરી શકે તેમ નથી. પણ મને ભૂલી જનારને માયાના ચાબખાનો માર ખમવો પડશે. તમામ જીવ-જંતુ, દશ્ય ચરાચર જગત મારૂં સ્વરૂપ-મારો દેહ જ છે."

આ કિંમતી સુંદર વચનો સાંભળતાં જ મેં મારા ગુરૂની જ સેવા કરવાનો મનમાં પાક્કો સંકલ્પ કર્યો. પણ શ્રી અણ્ણા ચિંચણીકરના મારે અંગેના પ્રશ્નનો જે ઉત્તર બાબાએ આપ્યો હતો તે મારા મનમાં ઘોળાવા લાગ્યો. બાબાએ તેને કહેલું તે પ્રમાણે થશે કે કેમ તેના વિચારે હું ચડી ગયો. પણ પછીથી જે બન્યું

http://suratiundhiyu.wordpress.com/



હતું તે પરથી મારી ખાત્રી થઇ કે બાબાનાં વચનો સાચાં જ હતાં. મને બીજી સરકારી નોકરી મળી. પણ તે થોડા સમયની જ હતી. તેથી તેમાંથી છૂટો થઇ હું મારા ગુરૂ સાઇબાબાની સેવામાં જ નિયુક્ત થયો.

આ અધ્યાય સમાપ્ત કરતાં પહેલાં હું મારા વાચકોને ઉંઘ, આળસ, મનોવેગ, ઇન્દ્રિયોના રાગ ઇત્યાદિ આવરણોને દૂર કરી શ્રી સાઇબાબાની કથા એકધ્યાનથી વાંચવા-સાંભળવાની વિનંતિ કરૂં છું. સૌ બાબા પર નિર્વ્યાજ પ્રેમ રાખજો. ભક્તિની ગૂઢતા સમજજો. બીજા કોઇ સાધનમાં કદી પડશો જ નહિ. માત્ર શ્રી સાઇબાબાની આ કથા શ્રવણના સાદા ઇલાજને જ પકડી રાખજો. એથી તમારૂં અજ્ઞાન નિર્મૂળ થશે; અને નિઃશંક તમે મુક્તિ પામશો. લોભીયો ગમે ત્યાં ભટકતો હશે પણ તે સદા પોતાના દાટેલા ધન વિષેના વિચારોમાં જ મગ્ન રહેશે. એવી રીતે તમો સૌ ભક્તોના હૃદયમાં શ્રી સાઇબાબાનો જ સદા વાસ હજો.

હવે પછીના અધ્યાયમાં શ્રી સાઇબાબાનાં પ્રાગટ્યની કથા કહીશું.

· સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંતવિરચિતે શ્રી સાઇસમર્થસચ્ચરિત્રે ગ્રંથ-પ્રયોજનં નામ ત્રીજે અધ્યાયઃ સંપૂર્ણ ।

શ્રી સદ્દગુરૂ સાઇનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/



SAIBABA'S ORIGINAL PICTURE

http://vipuldesai.ning.com/(suratiundhiyu)

## અધ્યાય – ૪

### શ્રી સાઈ સમર્થ અવતરણ.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઈનાથાય નમઃ ।

ગયા અધ્યાયમાં શ્રી સાઈ સચ્ચરિત્ર-લેખનનું કામ કેવા સંજોગોમાં મને સોંપવામાં આવ્યું હતું તેનું વર્ણન કર્યું છે. હવે શીરડીમાં શ્રી સાઈબાબાનું પ્રથમ પ્રાગટ્ય કેમ થયું તે વર્ણવું છું :

**સંતનું જીવનકાર્ય :** ભગવદ્ ગીતા–અધ્યાય ૪ માં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે 'જ્યારે ધર્મનો લોપ થાય છે તથા અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે સાધુઓની રક્ષા અર્થે, દુષ્ટોના નાશ માટે, તથા ધર્મના પુનરૂદ્ધાર સારૂ હું યુગે યુગે અવતાર ધારણ કરૂં છું.'

પ્રભુનું જીવનકાર્ય જ એ છે. એ જ રીતે તેમના પ્રતિનિધિરૂપ સંત ઋષિમુનિઓ પણ યોગ્યકાળે અવતરે છે અને આ જીવન-કાર્યમાં પોતપોતાની રીતે સહાય કરે છે. દા. ત. જ્યારે દ્વિજો–બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો પોતાના ધર્મ ભૂલી જાય છે અને જ્યારે શૂદ્રો એ ઉચ્ચ વર્ણના અધિકાર હાથમાં લઈ બેસે છે, જ્યારે ધર્મગુરૂઓ અપમાનિત થાય છે, જ્યારે દરેક જણ પોતે જ ભારે. વિદ્વાન છે એવું માનવા લાગે છે, જ્યારે લોકો નિષિદ્ધ ભોજન તથા માદક પીણાં ખાવા પીવા લાગે છે. જ્યારે લોકો ધર્મના નામે દુષ્ટતા આચરે છે, જ્યારે જુદી જુદી જાતિના લોકો



અંદર અંદર ઝઘડે છે, જ્યારે બ્રાહ્મણો સંધ્યા-વંદન તથા અન્ય વેદોક્ત કર્મકાંડ તથા ધાર્મિક ક્રિયાકર્મ કરતા બંધ થાય છે, જ્યારે ત્યાગીઓ ઈશ્વર-ધ્યાનમાં બેસવાનું ભૂલી જાય છે, જ્યારે માણસો ધન–પરિવાર તથા પત્નીને જ પોતાનું સર્વસ્વ માનવા લાગે છે અને મુક્તિનો સત્ય પંથ છોડી દે છે–તે સમયે સંતો પ્રગટે છે. અને આચરણ તથા વાણી વડે આ દરેકને ઠેકાણે લાવવા પ્રયત્ન કરે છે. તેઓ દીવાદાંડી જેવી જનસેવા કરે છે અને સમાજને સાચે માર્ગે–સત્ય પંથે દોરે છે. આ રીતે ઘણા સંતો–નિવૃત્તિ, જ્ઞાનદેવ, મુક્તાબાઈ, નામદેવ, ગોરા કુંભાર, ગોમાઈ, એકનાથ, તુકારામ, નરહરિ, નરસીબાઈ, સજ્જન કસાઈ, સાવતા, રામદાસ ઈ૦ સંતો વિવિધ યુગમાં પ્રગટ થયા છે, અને લોકોને સત્પંથે વાળ્યા છે. એ જ રીતે છેલ્લે શીરડીના સાઈબાબા પ્રગટ થયા.

**પવિત્ર તીર્થ શીરડી :** અહમદનગર જીલ્લામાં આવેલ પવિત્ર ગોદાવરી નદીનાં બંને તીર ખૂબ સદ્ભાગી છે. કેમકે જ્ઞાનદેવ જેવા ઘણાયે પરમ સંતોનો જન્મ ત્યાંજ થયો છે. એ ભૂમિએ જ તેમને પાળ્યા પોષ્યા છે. શીરડી પણ અહમદનગર જીલ્લાના કોપરગામ તાલુકામાં જ આવેલું છે. કોપરગામ પાસેની ગોદાવરી નદી પાર થઈને જ શીરડીનો માર્ગ જાય છે. ત્રણ કોશ–નવેક માઈલ ચાલ્યા બાદ નીમગામ આવે છે. જ્યાંથી શીરડી સામે જ દેખાય છે. કૃષ્ણા નદીના કાંઠાપર ઔદુંબર, ગાણગાપુર, નૃસિંહવાડી જેવાં પવિત્ર પ્રસિદ્ધ તીર્થ આવેલાં છે. જેમ ભક્ત દામાજી પંત પંઢરપુર નજીકના મંગળપુરમાં, જેમ સમર્થ રામદાસ સજ્જનગઢમાં, જેમ નરસિંહસરસ્વતી નરસોબાવાડીમાં થયા છે તેમજ સાઈબાબા શીરડીમાં થયા અને લોકોને સુખી કર્યા છે.

**સાઈબાબાનું વ્યક્તિત્વ :** સાઈબાબાને લીધે જ શીરડી અગત્યનું સ્થળ બન્યું છે. હવે સાઈબાબાનું વ્યક્તિત્વ કેવું હતું તે જોઈએ. આ દુસ્તર સંસાર તેમણે જીત્યો હતો. માનસિક શાન્તિ



તેમનું આભૂષણ હતું. પોતે ડહાપણનો ભંડાર હતા; અને વૈષ્ણવ ભક્તોનું આશ્રય-સ્થાન હતા. કર્ણ જેવા દાની હતા. સર્વ સારના સારોત્તમ હતા. ક્ષણિક વસ્તુ પર તેમને ભાવ નહોતો. તે સદા આત્મદર્શનમાં જ મસ્ત રહેતા. આ લોક કે પરલોકની કોઈ ચીજ પર તેમને મુદ્દલ રાગ નહોતો. તેમનું અંતર અરીસા જેવું ચોકખું હતું. તેમની વાણી સદા અમૃતની ધારા જેવી મીઠી હતી. તેમની નજરમાં રંક તેમજ રાય સૌ સરખાં જ હતાં. માનાપમાનની તેમને પડી નહોતી. પ્રાણીમાત્રના તે પ્રભુ હતા. પોતે છૂટથી સૌને મળતા તથા વાતો કરતા હતા. તે ગઝલોનાં ગીત સાંભળતા તેમજ નરનારીના નાચ–તાલ પણ નિરખતા હતા છતાં તેમની માનસિક શાન્તિ–સમાધિ અવિચળ રહેતી. તેમના મુખમાં સદા અલ્લાનું નામ ગુંજતું. જ્યારે જગત જાગતું હોય ત્યારે પોતે ઉંઘતા અને જ્યારે દુનિયા ઉંઘતી હોય ત્યારે પોતે જાગતા. સમુદ્ર જેવું વિશાળ શાંત તેમનું પેટ હતું. તેમનો (વાનપ્રસ્થ-સંન્યાસ) આશ્રમ કયાં હતો અગર તેમના કર્મનો પ્રકાર કેવો હતો તે કોઈ જાણી શકયું નથી. તે એક જ સ્થળે (દ્વારકામાઈમાં) રહેતા હતા. છતાં સમગ્ર જગતમાં ચાલી રહેલી પ્રવૃત્તિની તેમને ખબર હતી. તેમનો દરબાર ભવ્ય હતો. નિત્ય સેંકડો કથા પોતે ભક્તોને કહેતા હતા છતાં તેમનું મૌનવૃત્ત અખંડ જ હતું. પોતે સદા મસીદની દિવાલને ટેકે જ બેસતા અને સવાર, બપોર, સાંજ લેંડીબાગ તથા ચાવડીમાં જતા. એ છતાં સદા આત્મસ્થ જ રહેતા. પોતે સિદ્ધ હતા અને સૌને રાજી કરતા. આવા નમ્ર, શાંત, નિરાભિમાની હતા અને સૌને રાજી કરતા. આવા મહાન સાઈબાબા હતા. સાઈબાબાનાં પદ-દલિત શીરડીની ભૂમિ ભારે ગૌરવવંત બની.

જેમ જ્ઞાનદેવે આળંદીને, જેમ એકનાથે પૈઠણને ઉન્નત બનાવ્યું તેમજ સાઈબાબાએ શીરડીને ઉચ્ચ પદ આપ્યું છે.



સાઈબાબાના પવિત્ર ચરણની રજ જેના પર પડેલી છે એવી શીરડીની ભૂમિ, પત્થર, ઘાસપાન પણ ધન્ય બન્યાં છે. એમ ભક્તોને માટે તો શીરડી બીજું પંઢરપુર, જગન્નાથ, દ્વારકા, કાશી–બનારસ રામેશ્વર, નાસિક–ત્ર્યંબકેશ્વર, ઉજ્જૈન–મહાકાળેશ્વર, કે મહાબળેશ્વર–ગોકર્ણ જ બનેલું છે. શીરડીમાં થયેલો સાઈબાબાનો સત્સંગ જ અમારાં વેદ તથા તંત્ર છે; જે વડે અમે સંસારમાં શાન્તિ પામ્યા અને આત્મદર્શન સરળ બન્યું. શ્રીસાઈના દર્શન જ અમારી યોગ્ય-સાધના હતી. તેમની જોડેની વાતચીત દ્વારા જ અમારાં પાપ–તાપ નષ્ટ થયાં. તેમની પગચંપી–ચરણસેવાને અમે ત્રિવેણી–સ્નાન ગણતા હતા. તેમના ચરણોદકના પાનથી અમારી વાસના નષ્ટ થતી. તેમની આજ્ઞા અમારે મન વેદ સમાન હતી. તેમના ઉદી–પ્રસાદથી અમે પવિત્ર થતા. સાઈબાબા જ અમારા સુખદાતા રામ તથા કૃષ્ણ હતા. અમારા પરબ્રહ્મ પણ તે જ હતા. પોતે દ્વંદ્વથી પર હતા; જેથી આશા–નિરાશા અગર અભિમાન તેમને સ્પર્શ કરી શકતાં નહિં. તેઓ સત્-ચિત્-આનંદમાં જ સદા મસ્ત રહેતા. તેમનું કેન્દ્ર શીરડી હતું; છતાં પણ તેમની કર્મભૂમિ પંજાબથી માંડી ઠેઠ કલકત્તા સુધીનો ઉત્તર ભારત, ગુજરાત, દક્ષિણ, કાનડા ઈ૦ સુધી વિસ્તરેલી હતી. આમ બાબાની કીર્તિ ખૂબ દૂર સુધી પ્રસરી. જેથી તેમનાં દર્શનાર્થે લોકો સઘળેથી આવતા અને સુખી થતા. પુણ્યવાન તેમજ પાપીઓ-સર્વના ચિત્ત તેમનાં દર્શન માત્રથી નિર્મળ બનતાં હતાં. પંઢરપુરમાં વિઠ્ઠલ–રખુમાઈના દર્શનથી ભક્તોને જે અજોડ આનંદ પ્રાપ્ત થાય છે તેવો જ આનંદ લોકોને અહીં મળતો હતો. આમાં મુદ્દલ અતિશયોક્તિ નથી. આ વિષયમાં ભક્તો જે કહે છે તે સત્ય માનજો.

**ગૌલી બાવાને આપેલી ખાત્રી :** આશરે ૯૫ વર્ષના એક ગૌલી બાવા નામે વૃદ્ધ ભક્ત પંઢરીના વારકરી હતા. તે આઠ માસ પંઢરપુરમાં જ રહેતા અને આષાઢથી કારતક સુધીના ચાર

માસ ગંગાકાંઠે વસતા હતા. પોતાનો સરસામાન ઉંચકવા પોતે એક ગધેડું સાથે રાખતા; અને તેમને બીજો સહચારી તેમની જોડે એક શિષ્ય રહેતો. દર વર્ષે તે પંઢરપુરની વારી-યાત્રા કરતા ત્યારે માર્ગમાં પોતે શીરડી આવતા અને સાઈબાબાના દર્શન કરતા. બાબા પર તેમને ગાઢ પ્રેમ હતો. બાબાને બતાવી તે કહેતા, "ખરેખર અનાથના દયાળુ બેલી આ પંઢરીનાથ વિઠ્ઠલનો જ અવતાર છે." આ ગૌલી બાવા વિઠોબાના વૃદ્ધ ભક્ત હતા. તેમણે પંઢરીની ઘણી યાત્રા કરી હતી. સાઈબાબા સાચા પંઢરીનાથ છે એવી તેમણે ખાત્રી આપી હતી.

**સ્વયં વિઠ્ઠલનાથનું દર્શન :** સાઈબાબા પ્રભુનાં નામ-સ્મરણના તથા કીર્તનના ભારે રસીયા હતા. 'અલ્લા માલિક' એમ પોતે સદા રટતા હતા તેમજ લોકોને પોતાની પાસે બોલાવીને એક સપ્તાહ-૭ દિવસ નામ-સંકીર્તન કરાવતા હતા. બાબાએ એક વાર દાસગણુ મહારાજને નામ-સપ્તાહ કરવાની આજ્ઞા કરી; ત્યારે દાસગણુ મહારાજે કહ્યું: "હું નામસપ્તાહ તો કરું; પણ છેલ્લે-સાતમે દહાડે વિઠ્ઠલ પોતે પ્રગટ થઈ દર્શન દે તેની આપ ખાત્રી આપો. એ વેળા બાબાએ તેની છાતી પર હાથ મૂકી ખાત્રી આપી કે "વિઠ્ઠલ જરૂર દર્શન દેશે. પણ તારી સાચી ગાઢ ભક્તિ હોવી જોઈએ. ડાકોરનાથનું ડાકોર, વિઠ્ઠલનું પંઢરી, કૃષ્ણ-રણછોડનું દ્વારકા એ સૌ આ શીરડી જ છે.* તેથી દ્વારકા જેટલે દૂર

* થાણાના નિવૃત્ત મામલતદાર શ્રી બી. વી. દેવે શોધ કરી સાબીત કર્યું છે કે "દ્વારકાની દક્ષિણ હદના કેન્દ્ર સમા પંઢરપુરની જ હદમાં શીરડી આવેલું છે; તેથી શીરડી જ દ્વારકા છે. ભારતવર્ષના ઈતિહાસના લેખક શ્રી. નારાયણ અય્યરે સ્કંદ-પુરાણની, જે હકીકત આપેલી છે. તે મેં વાંચી છે. તેમાં લખ્યું છે કે ધર્મ-અર્થ-કામ-તથા મોક્ષ એ ચારે પુરૂષાર્થ સાધવા માટે બ્રાહ્મણ-ક્ષત્રી-વૈશ્ય-તથા શુદ્ર એ ચારે વર્ણને છુટ મુકેલી છે. વિદ્વાનોએ દ્વારકાને ક્ષેત્ર ગણ્યું છે શીરડીમાં બાબાની મસીદમાં આ ચારે વર્ણ જ નહિ પણ ત્યાં હરિજનો તથા ભાગોજી સીંધીયા જેવા પતીયાને પણ પ્રવેશની છુટ હતી તેથી જ એ મસીદનું નામ દ્વારકા પડેલું છે."



જવાની જરૂર નથી. વિઠ્ઠલ કોઈ બીજે સ્થળેથી શું અહીં પધારવાના છે? તે તો અહીં જ છે. માત્ર જ્યારે ભક્ત પ્રેમ-ભક્તિથી ઘેલો બને છે ત્યારે અહીં શીરડીમાં જ વિઠ્ઠલ જાતે દર્શન દે છે."

ઉપર કહેલું નામસપ્તાહ પુરૂં થયું ત્યારે વિઠ્ઠલ પોતે અજબ રીતે પ્રગટ થયા હતા. સ્નાન કરીને નિયમ મુજબ કાકા સાહેબ દીક્ષિત ધ્યાન માટે બેઠા ત્યારે તેમને વિઠ્ઠલ સ્વરૂપનું દર્શન થયું. બપોરે જ્યારે તે બાબાના દર્શને ગયા ત્યારે બાબાએ સીધોજ તેને પ્રશ્ન કર્યો: "વિઠ્ઠલ પાટીલ આવ્યો હતો ને? તેં તેનાં દર્શન કર્યાં? તે ભારે રખડુ છે. માટે તેને મજબુત પકડી રાખજે. જેવો તું બેધ્યાન બનીશ તેવો જ એ નાસી જશે." આમ સવારે ધ્યાન વેળા વિઠ્ઠલનાં દર્શન થયાં; અને બપોરે બાબાએ તે જ વાત કરી. તે જ દહાડે બપોર પછી બીજા લોકોને પણ વિઠ્ઠલ દર્શન થયાં. કોઈ ફેરીઓ વિઠોબાની પચીસ ત્રીસ છબીઓ લઈ વેચવા આવ્યો, જે સ્વરૂપમાં કાકા સાહેબને વિઠ્ઠલ દર્શન થયાં હતાં તેવું જ છબીમાં પણ વિઠ્ઠલ સ્વરૂપ હતું. એ છબી જોતાં જ બાબાના શબ્દો કાકા સાહેબ દીક્ષિતને યાદ આવ્યા અને તેને સાનંદાશ્ચર્ય થયું. ત્યાં જ તેમણે વિઠોબાની એક છબી ખરીદી અને પોતાની પૂજાની ઓરડીમાં તે રાખી.

**ભગવંતરાવ ક્ષીરસાગરની કથા :** આ કથા પરથી બાબાની વિઠ્ઠલ પર કેવી પ્રીતિ હતી તે સમજાય છે. ભગવંતરાવના પિતા વિઠોબાના ભક્ત હતા. પ્રતિ વર્ષ તે પંઢરપુર વિઠોબાની વારી કરતા. ઘરમાં પણ વિઠોબાની મૂર્તિ રાખી તે પૂજા કરતા. પિતાના ગુજરી ગયા પછી ભગવંતરાવે આ વારી, પૂજા-શ્રદ્ધા એ સર્વ બંધ કર્યું. એક વાર ભગવંતરાવ શીરડી આવ્યા ત્યારે બાબાએ તેના પિતાને યાદ કર્યા; ને બોલ્યા: "તારા પિતા મારા મિત્ર હતા. તેથી જ તને મેં અહીં ખેંચી આણ્યો છે. તું મને કદી નૈવેદ્ય જ ધરતો નથી. જેથી વિઠ્ઠલને તથા મને ભૂખે મારે



છે. માટે જ મેં તને અહીં બોલાવ્યો છે. તને મારે કહેવું શું? હવે પછી પૂજા કર્યાં વિના રહીશ નહિ." તે દહાડાથી ભગવંતરાવ પૂજા કરતા થયા.

**દાસગણુનું પ્રયાગ-ત્રિવેણીસ્નાન :** ગંગા-યમુનાના સંગમ-સ્થાન પ્રયાગનાં પવિત્ર તીર્થસ્નાનને હિંદુઓ ખૂબ પુણ્યવંત માને છે. તેથી જ કુંભમેળા વખતે એ પવિત્ર સ્નાન માટે જવા લાખો યાત્રાળુઓ ત્યાં એકઠા થાય છે. એક વાર આ સ્નાન માટે ત્યાં જવા દાસગણુને મન થયું અને બાબાની રજા માગવા આવ્યા. ત્યારે બાબા બોલ્યા: "તારે એટલે બધે દૂર જવાની જરૂર નથી. જો. આપણું પ્રયાગ તો અહીં જ છે, મારી વાત માની જો." અને એક અજબ ચમત્કાર થયો. જેવું દાસગણુએ બાબાના ચરણમાં માથું મૂક્યું, તેવા જ બાબાના પગના બન્ને અંગુઠામાંથી ગંગા-જમનાના જળનો પ્રવાહ વહેવા લાગ્યો. આ ચમત્કાર દેખતાં જ દાસગણુ તો પ્રેમ-ભક્તિમાં મગ્ન બની ગયા. અને તેના બન્ને નેત્રમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. તેના અંતરમાં પ્રેરણા થઈ આવી અને ત્યાં જ બાબાની આ લીલાનું એક પ્રેમપૂર્ણ ભજન સ્વતઃ સ્ફુર્યું; અને તે તેમણે ગાઈ સંભળાવ્યું.

**સાઈબાબાનું શીરડીમાં પ્રથમ પ્રાગટ્ય :** સાઈબાબાનાં માતા-પિતા, જન્મ કે જન્મસ્થાન એ કશાની કોઈને કંઈ જ ખબર નથી. આ વિષે ઘણી તપાસ થયેલી છે. અને તે બાબતના અનેક પ્રશ્નો બાબાને ભક્તોએ તેમજ અન્ય લોકોએ પૂછ્યા છે. પણ હજુ સુધી કશો સંતોષકારક ઉત્તર મળ્યો નથી. આ બાબતની અમને પણ કંઈ માહિતી નથી. સામાન્ય માનવીની જેમ નામદેવ તથા કબીરને જન્મ થયો નથી. મોતીની છીપમાં તેઓ બાળક રૂપે હાથ લાગ્યા હતા. એમ કહેવાય છે. ભીમરથી નદીમાં નામદેવ ગોમાઈને હાથ આવ્યા અને ભાગીરથી નદીમાં કબીર તમાલને હાથ લાગ્યા. એવું જ સાઈબાબાનું પણ બન્યું છે. પેલા લીંબડાના



વૃક્ષ નીચે સોળ વર્ષના યુવાન-બાળરૂપે સાઈબાબા ભક્તો માટે પ્રગટ થયા. એ વેળા તેમનામાં પૂર્ણ બ્રહ્મજ્ઞાન હતું. સ્વપ્નમાં પણ તેમને સંસારી પદાર્થની કામના નહોતી. માયાને તેમણે લાત મારી હતી. અને મુક્તિ તો તેમના ચરણની દાસી હતી. શીરડીની અતિ વૃદ્ધ ડોશી-નાના ચોપદારની મા તેમનું આવું વર્ણન આપતાં હતાં: "આ ભારે રૂપાળો ગોરો યુવાન બાળક લીંબડાના ઝાડ તળે આસન વાળીને બેઠો હતો. ટાઢ તડકાને અવગણી, આવું ભારે તપ કરનાર આ તરૂણને દેખીને ગામના લોકો ખૂબ આશ્ચર્ય પામ્યા. દહાડે તે કોઈનો સંગ કરતો નહિ. રાત્રે તે કોઈથી ડરતો નહિ. લોકોને કુતૂહલ થતું કે આ યુવાન ક્યાંથી આવ્યો હશે? તેનું સ્વરૂપ તથા લક્ષણ એવાં મોહક હતાં કે એક વાર પણ નજરે પડતાં જ તે સૌને વહાલો લાગતો હતો. તે કોઈને ઘેર જતો નહિ. લીંબડાના વૃક્ષ તળે જ કાયમ બેસી રહેતો. બહારથી જોતાં તે એક બાળક જ લાગતો. પણ તેની દિન-ચર્યા જોતાં તે સાચે જ કોઈ મહાપુરૂષ હશે એમ જણાતું હતું. તે વૈરાગ્યની મૂર્તિ હતો. સૌને મન તે કુતૂહલનો ભારે વિષય બન્યો હતો. એક દહાડો એવું બન્યું કે એક ભક્તના શરીરમાં ખંડોબા દેવ આવ્યા ત્યારે લોકોએ તેમને પૂછ્યું "દેવ, આ બાળક કયા પુણ્યવંત પિતાનો પુત્ર છે? અને તે ક્યાંથી આવે છે તે જરા જોઈને આપ કહેવા કૃપા કરશો?" દેવ ખંડોબાએ એક કોદાળી મંગાવી અને ચોક્કસ સ્થાન ખોદવાનું કહ્યું. ત્યાં ખોદતાં નીચેથી ઈંટો મળી. તે ખસેડતાં એક સપાટ પત્થર દેખ્યો. અને એ પત્થર ઉંચક્યો ત્યારે નીચે સીડીનો માર્ગ જોયો. અંદર ચારે બાજુ ચાર દીવા બળતા હતા. સીડીથી નીચે ઉતરતાં ગોમુખી આકારનું એક ભોંયરૂં જોયું. લાકડાનાં પાટિયાં તથા ફુલ-હાર દેખ્યા. પછી ખંડોબાએ કહ્યું. "આ બાળકે અહી બાર વર્ષ સુધી તપ કર્યું છે." એથી લોકો આ બાળકને વિવિધ પ્રશ્નો પૂછવા લાગ્યા. પણ આ બાળકે એટલો જ ઉત્તર આપ્યો કે "આ સ્થાન

મારા ગુરૂનું છે. આ સ્થળ જ મારૂં પવિત્ર વતન છે. આ ગુફાને તમે સંભાળજો." એથી લોકોએ પેલું ભોંયરૂં તથા માર્ગ અગાઉની માફક બંધ કરી દીધાં. પીપળો તથા ઉંબરો જેમ પવિત્ર વૃક્ષો ગણાય છે તેમજ આ લીંબડાના વૃક્ષને બાબા પવિત્ર ગણતા અને તેને ખુબ ચાહતા હતા. મહાળસાપતિ તથા શીરડીના અન્ય ભક્તો આ સ્થળને બાબાના ગુરૂનું સમાધિ-સ્થાન ગણે છે અને સર્વદા તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે.

**ત્રણ વાડા :** ( ૧ ) લીંબડાના વૃક્ષની આસપાસની જમીન શ્રી હરિ વિનાયક સાઠેએ ખરીદી લીધી અને એ સ્થળ પર જે મકાન બાંધ્યું તે 'સાઠેનો વાડો' એ નામે પ્રસિદ્ધ થયું. એ વેળા શીરડી આવનાર સર્વ યાત્રીઓનું આ વાડો જ વિશ્રાંતિ-સ્થળ-ઉતારો બન્યું હતું. લીંબડાના વૃક્ષની આસપાસ ઓટલો બાંધી પગથીયાં ચણી લીધાં છે. આ પગથીયાં નીચે દક્ષિણા-ભિમુખ એક ગોખલો છે. જેના સામે આ ઓટલા પર ભક્તો પૂર્વાભિમુખ બેસે છે. એવું મનાય છે કે આ સ્થળે ગુરૂવારે અગર શુક્રવારે જે ભક્તો અગરબત્તી કે ધુપ બાળશે તે ઈશ્વરકૃપાથી સુખી થશે. આ વાડો બહુ જુનો-જીર્ણ થયો તેથી તેને સમરાવવાની જરૂર જ હતી. શીરડી સંસ્થાને તે સમરાવી તે તેમાં કેટલાક સુધારા-વધારા કર્યા છે. ( ૨ ) સાઠેના વાડા પછી થોડાં વર્ષ બાદ દીક્ષિતનો વાડો બંધાયો. મુંબઈના સોલીસીટર કાકાસાહેબ દીક્ષિત વિલાયત-ઈંગ્લાંડ ગયેલા ત્યાં અકસ્માત થતાં તેમના પગને ઈજા થઇ હતી. પગની એ ખોડ કોઈ ઉપાયથી દૂર થતી નહોતી. ત્યારે નાનાસાહેબ ચાંદોરકરે તે સારૂ સાઈબાબા પાસે જવાની તેમને સલાહ આપી. તેથી સને ૧૯૦૯ માં તેઓ સાઈબાબા પાસે આવ્યા. અને બાબાને વિનતિ કરી, "આપ મારા પગની આ ખોડની સાથે મારા મનની પંગુતા પણ નિવારો." શ્રી સાઇબાબાના દર્શનથી તથા બોધથી તેમને એટલો બધો આનંદ થયો કે શીરડી




માં જ રહેવાનો તેમણે સંકલ્પ કર્યો. તેથી પોતાને તેમજ અન્ય ભક્તોને ઉતરવા સારૂ તેમણે આ વાડો શીરડીમાં બાંધ્યો. આ મકાનના પાયા તા. ૧૦-૧૨-૧૯૧૦ નાંખ્યા. તેજ દહાડે બીજા બે અગત્યના બનાવ શીરડીમાં નોંધવા બન્યા. ( અ ) દાદા-સાહેબ ખાપર્ડેને બાબાએ ઘેર જવા રજા આપેલી તે તથા ( બ ) ચાવડીમાં રાત્રિની આરતીનો પ્રારંભ પણ તે જ દિવસથી થયો. જ્યારે વાડો પુરો બંધાઇ રહ્યો ત્યારે સર્વ ધાર્મિક વિધિ સાથે સને ૧૯૧૧ માં ત્યાં રામનવમીના પવિત્ર દિને વાસ્તુ થયું. ( ૩ ) એ પછી આજે વિશાળ ભવ્ય મહેલાત જેવી ઇમારત-ત્રીજો વાડો નાગપુરના પ્રખ્યાત લક્ષાધિપતિ બુટીએ બંધાવ્યો. આ મકાન પર તેમણે ઘણાં નાણાં ખર્ચ્યાં છે. આ વાડામાંજ બાબાના દેહને સમાધિ લેવડાવી છે. તેથી આ નાણાંનો પુરો સદુપયોગ થયો છે. આ વાડાને જ આજે સમાધિ મંદિર કહે છે. આ સમાધિ-મંદિરના સ્થળે અગાઉ એક બાગ હતો; જેની બાબા જ પાણી પાઇને સંભાળ રાખતા હતા. અગાઉ જે સ્થળે કંઇ નહોતું ત્યાં આમ આ ત્રણ વાડા બંધાયા. આ ત્રણમાંથી સાઠેનો વાડો જ અગાઉના સમયમાં સૌને ભારે ઉપયોગી થયો હતો.

વામન તાત્યાની સહાય વડે સાઇબાબાના હાથે રચાયેલા ઉપર કહેલા બાગની, શીરડીમાં અલ્પ સમય સારૂ બાબા અલોપ થયાની, તથા ચાંદ પાટીલની જાન જોડે બાબા પુનઃ આવ્યાની, દેવીદાસ-જાનકીદાસ-તથા ગંગાગીરના સત્સંગની, મોહદીન તંબોલી જોડેની કુસ્તીની, મસીદમાં વાસની, ડેંગળે તથા અન્ય ભક્તોના પ્રેમની તથા અન્ય પ્રસંગોની કથા આવતા અધ્યાયમાં વર્ણવીશું.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે હેમાડપંતવિરચિતે શ્રી સાઈ સમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈ સમર્થ અવતરણ' નામ ચોથો અધ્યાય સંપૂર્ણ ।



http://suratiundhiyu.wordpress.com/



SAIBABA'S ORIGINAL PICTURE

http://vipuldesai.ning.com/(suratiundhiyu)

# અધ્યાય ૫
# શ્રી સાઈ પુન: પ્રાગટ્ય

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

છેલ્લા અધ્યાયમાં વર્ણવ્યા મુજબ સાઈબાબા અલોપ થયા પછી પુન: શિરડી ક્યારે આવ્યા તેનું વર્ણન પ્રથમ કરું છું.

**ચાંદ પાટીલની જાન સાથે બાબા શિરડી આવ્યા :** નિઝામ રાજ્યના ઔરંગાબાદ જિલ્લામાં ધૂપ નામે ગામમાં ચાંદ પાટીલ નામે એક મુસ્લિમ ગૃહસ્થ રહેતો હતો. ઔરંગાબાદ જતાં એક વાર તેની ઘોડી ખોવાઈ ગઈ. બે મહિના સુધી તેણે ખૂબ ઝીણવટથી તલાસ કરી પણ ઘોડી હાથ લાગી નહિ. નિરાશ થઈ જીન ખભા પર નાંખી તે ઔરંગાબાદ પાછો ફરતો હતો. સાડા ચારેક ગાઉ (કોસ) ચાલ્યા પછી માર્ગમાં એક ઘટાદાર આંબાના વૃક્ષ પાસે તે આવ્યો તો તેના થડ નજીક એક નરરત્નને બેઠેલા તેણે જોયા. તેમને માથે ટોપી તથા અંગે કફની હતી અને બગલમાં સટકો (નાનો જાડો ઘોકો) હતો. ચલમ પીવાની તે તૈયારી કરતા હતા. તેણે ચાંદ પાટીલને પાસે બોલાવ્યો અને ચલમના બે દમ લઈ જરા થાક ખાવાનું તેને કહ્યું. ત્યારે ચાંદ પાટીલ બોલ્યો: ''મારી ખોવાયેલી ઘોડીને હું ગોતવા નીકળ્યો છું.'' એટલે આ ફકીરે તેને કહ્યું : ''પાસેના નાળામાં તારી ઘોડીની તપાસ કર.'' ચાંદે ત્યાં જઈને જોયું તો ભારે અચંબા વચ્ચે પોતાની ઘોડીને ત્યાં ચરતી જોઈ. એથી આ ફકીર કોઈ સામાન્ય માનવી નથી, પણ કોઈ ભારે ઓલિયા (સંત) છે એમ તેને લાગ્યું. ઘોડીને દોરીને તે આ ફકીર પાસે લઈ આવ્યો. ચલમ તો પીવા માટે તૈયાર હતી પણ તેમાં બે વસ્તુ ખૂટતી હતી :

૧) તેની સારી ભીંજવવા પાણી નહોતું. ૨) ચલમ સળગાવવા દેવતા

નહોતો. ફકીરે પોતાનો ચીપિયો લઈ જમીનમાં ખોડી દીધો. જેથી લાલચોળ અંગારો બહાર નીકળ્યો, જે ઉપાડીને ચલમ પર મૂકી દીધો. પછી તેમણે જમીન પર સટકો પછાડ્યો, જેથી ભૂમિમાંથી પાણી વહેવા લાગ્યું. તે જળમાં પેંલી સારી ભીંજવી નીચોવીને ચલમ પર વીંટી. આમ બધું તૈયાર થતાં તેમણે ચલમના દમ લીધા અને પછી ચાંદને તે પીવા આપી. આ જોઈને ચાંદ પાટીલ તો ભારે વિસ્મય પામ્યો અને પોતાને ઘેર પધારી જમવા માટે આ અજબ ફકીરને વિનતિ કરવા લાગ્યો. બીજે દહાડે આ સાઈ પાટીલના ઘેર ગયા અને થોડા દહાડા તેને ત્યાં જ રહ્યા. આ પાટીલ ધૂપ ગામનો તલાટી હતો. તેના સાળાનું વેવિશાળ શિરડીમાં કર્યું હતું અને તુરતમાં જ તેનાં લગ્ન લેવાયાં તેથી પાટીલે શિરડી જાન લઈ જવાની તૈયારી કરી. જાન સાથે આ ફકીર પણ શિરડી આવ્યા. લગ્ન તો નિર્વિઘ્ન ઉકલી ગયાં. જાન પણ ધૂપ ગામ પાછી ગઈ. પણ આ ફકીર શિરડીમાં જ રોકાયા અને કાયમને માટે તેમણે ત્યાં જ નિવાસ કર્યો.

આ ફકીરનું નામ સાઈ કેમ પડ્યું ? ઉપર કહેલી જાન શિરડી આવીને આમ બહાર ખંડોબાના દેવળ પાસેના ભગત મહાળસાપતિના ખેતરમાં એક વડલા નીચે ઊતરી. જાનનાં ગાડાં ખંડોબાના દેવળ પાસે છૂટ્યાં અને જાનવાળા એક પછી એક ગાડામાંથી ઊતર્યા. આ ફકીરને ઊતરતા જોઈ ભગત મહાળસાપતિએ કહ્યું : ''યા. સાઈ.'' (આવો. સાઈ.) અને તેમનો સત્કાર કર્યો. બીજા પણ તેમને સાઈ નામે જ બોલાવવા લાગ્યા. ત્યારથી આ ફકીર સાઈ નામે પ્રસિદ્ધ થયા.

**અન્ય સંતોનો સત્સંગ :** આમ સાઈબાબા શિરડી પધારી મસીદમાં રહેવા લાગ્યા. પોતે શિરડી પધાર્યા તે પહેલાં ઘણાં વર્ષથી દેવીદાસ નામે એક સાધુ શિરડી આવીને રહેતા હતા. તેમનો સત્સંગ બાબાને બહુ ગમતો. તેમની જોડે મારુતિના મંદિરમાં તેમ જ ચાવડીમાં બાબા રહ્યા હતા તેમજ કેટલોક સમય એકલા પણ રહ્યા હતા. એ પછી જાનકીદાસ નામે એક બીજા સંત શિરડીમાં આવીને રહ્યા. એમની જોડે પણ બાબા કથાવાર્તામાં ઘણો



સમય ગાળતા હતા. કેટલીક વાર જાનકીદાસ બાબા પાસે મસીદમાં આવીને પણ બેસતા હતા. વળી પુણતાંબેના ગંગાગીર નામે એક વૈશ્ય ગૃહસ્થ સંત હતા. તે પણ ઘણી વાર શિરડી આવતા હતા. એવામાં એક વાર પોતે ઉછેરેલા બાગને પાણી પાવા સારુ બન્ને હાથમાં પાણીના ઘડા ઊંચકીને જતા. સાઈબાબાનાં તેમને દર્શન થયાં. તેવા જ તે બોલી ઊઠ્યા : ''શિરડી ભાગ્યવંત છે કે તેને આવું રત્ન મળી ગયું છે. આજે તે ભલે પાણી ભરે, પણ તે કોઈ સામાન્ય માનવી નથી. શિરડી ભાગ્યવંત તથા પુણ્યવંત છે, તેથી જ તેને આ રત્ન લાધ્યું છે.'' વળી અક્કલકોટકર મહારાજના શિષ્ય પધાર્યા ત્યારે ત્યાં બાબાને દેખતાં જ તેમણે બધાને કહ્યું હતું : 'ખરેખર, આ અમૂલ્ય રત્ન છે. પોતે સામાન્ય માનવી જેવા દેખાય છે, પણ તે ગર-પથ્થર નથી; પણ રત્ન છે. આ વાતની ખાતરી તમને ભવિષ્યમાં થશે.' એટલું સૂચન કર્યા પછી તે યેવલા પાછા ગયા હતા. શ્રી સાઈબાબા યુવાન હતા તે સમયના તેમના વિષે આનંદનાથ જેવા સંતના આ બોલ હતા.

**શ્રી સાઈબાબાનો પોષાક તથા નિત્યક્રમ :** યુવાનીમાં બાબા માથા ઉપર વાળ વધારતા. કદી માથું મુંડાવતા નહિ. પોષાક પહેલવાન જેવો પહેરતા હતા. શિરડીથી ત્રણેક માઈલ દૂર રાહટા જતા. ત્યાંથી જાઈ, જુઈ, જેન્દૂ જેવા નાજુક ફૂલના છોડ લઈ આવતા અને મસીદ પાસે સૂકી જમીન ગોડીને એ છોડ તેમાં વાવતા હતા; જાતે પાણી પાતા હતા. વામન તાત્યા નામે એક કુંભાર ભકત તેમને નિત્ય માટીના જે ઘડા દેતો હતો એ ઘડા લઈ પાણી ભરી બાબા જાતે આ છોડને પાણી પાતા હતા. કૂવામાંથી જાતે પાણી ખેંચી ઘડા ભરી પોતે ખભે મૂકતા હતા. પકાવ્યા વિનાના કાચા ઘડા હોવાથી જેવા તે નીચે મૂકતા તેવા જ એ ફૂટી જતા. તેથી પેલો તાત્યા બીજે દહાડે વળી બે નવા ઘડા બાબાને દેતો. આ ક્રમ ત્રણ વર્ષ સુધી ચાલ્યો હતો. બાબાએ આવી નિત્યનિયમિત મજૂરી કરીને ત્યાં ફૂલછોડનો સારો બાગ બનાવ્યો હતો. એ સ્થાન પર આજે બાબાના સમાધિમંદિરની મોટી ઇમારત ઊભી છે; જ્યાં આજે અસંખ્ય ભકતો આવીને નિત્ય સમાધિનાં દર્શન-પૂજન કરે છે.

***લીંબડાના વૃક્ષ નીચે સ્થાપેલી પાદુકાની કથા :*** *ભાઈ કૃષ્ણાજી અલીબાગકર નામે અક્કલકોટકર મહારાજનો એક ભક્ત નિત્ય અક્કલકોટકર મહારાજના ફોટાની પૂજા કરતો. એકવાર તેણે શોલાપુર જિલ્લામાં આવેલ અક્કલકોટ જઈને મહારાજની પાદુકાનાં દર્શન કરી તેનું પૂજન કરવાનો સંકલ્પ કર્યો. પણ ત્યાં જતાં અગાઉ તેને સ્વપ્ન આવ્યું: સ્વપ્નમાં અક્કલકોટકર મહારાજે પ્રગટ થઈ તેને કહ્યું 'ભાઈ, હવે મારો વાસ શિરડીમાં છે. ત્યાં જઈને તારી પૂજા મને અપર્ણ કરજે.'' એથી ભાઈ કૃષ્ણાજીનો વિચાર બદલાયો. તે શિરડી આવ્યો અને બાબાનું પૂજન કર્યું અને શિરડીમાં જ છ માસ રોકાયો તથા સુખી થયો. પોતાને થયેલ સ્વપ્નની યાદમાં તેણે પાદુકા તૈયાર કરાવી. શાકે ૧૮૩૪ (સને ૧૯૧૨)ના શ્રાવણ માસના શુભ દિને દાદા કેળકર તથા ઉપાસની મહારાજે રીતસર ધાર્મિક વિધિ કરાવી અને લીંબડાના વૃક્ષ નીચે તે સ્થાપિત કરી; તેનું નિત્ય પૂજન કરવા માટે એક દીક્ષિત બ્રાહ્મણને નિયુક્ત કર્યો અને તેની વ્યવસ્થા ભક્ત શ્રી સગુણમેરુ નાયકને સોંપી.*

*(આ કથાનો પૂરો અર્થ : સાઈબાબાના મહાન ભક્ત થાણાના નિવૃત્ત મામલતદાર શ્રી બી.વી. દેવે આ બાબતની શ્રી સગુણ મેરુ નાયક તથા ગોવિંદ કમલાકર દીક્ષિત મારફત તપાસ કરી છે અને આ પાદુકાનો સળંગ ઇતિહાસ લખીને 'સાઈલીલા' માસિકના બીજા વર્ષના અંક ૧ ના પાન (૨૫) ૪૨ ૫૨ પ્રસિદ્ધ કરેલ છે.)*

*શાકે ૧૮૩૪ (સને ૧૯૧૨)માં મુંબઈના ડૉકટર રામરાવ કોઠારે બાબાના દર્શનાર્થે શિરડી આવ્યા ત્યારે તેમના કમ્પાઉન્ડર તથા મિત્ર કૃષ્ણાજી અલીબાગકર પણ તેમની જોડે આવેલા હતા. આ કમ્પાઉન્ડર તથા ભાઈ કૃષ્ણાજીને, શ્રી સગુણમેરુનો તથા શ્રી જી.કે. દીક્ષિતનો પરિચય થયો. ચર્ચા કરતાં આ લોકોને એમ લાગ્યું કે સાઈબાબા પ્રથમ શિરડી આવ્યા અને આ પવિત્ર લીંબડા તળે બેઠા હતા એ પ્રસંગની યાદગીરી રહે તેવું કંઈક કરવું જોઈએ. તેથી બાબાની પાદુકા બનાવી તે સ્થળે સ્થાપના કરવાનો તેમણે સંકલ્પ કર્યો. પ્રથમ તો કોઈ સાદા પથ્થરની પાદુકા બનાવવા તેમણે ધારેલું પણ પેલા કમ્પાઉન્ડરે સૂચન કર્યું કે જો મારા શેઠ ડૉ. રામરાવ કોઠારેના કાને આ વાત નાંખીશું તો તે આ કામ માટે બહુ સુંદર પાદુકા તૈયાર કરાવશે. સૌને આ વાત ગમી. મુંબઈ જઈ તેણે ડૉ. કોઠારેની પાસે આ વાત મૂકી. ડૉક્ટરે શિરડી આવી પાદુકાનો નકશો દોર્યો અને ખંડોબાના મંદિરમાં જઈ આ નકશો ઉપાસની મહારાજને બતાવ્યો. તેમણે તેમાં કેટલાક સુધારા સૂચવ્યા અને પાદુકા પર કમળ, પુષ્પ, શંખ, ચક્ર, પુરુષ ઇ. દોરી આપ્યાં. એની સાથે આ પાદુકા ઉપર શ્રી બાબાની અજબ યોગશક્તિ તથા લીંબડાના વૃક્ષની મહત્તા દર્શાવતો નીચેનો શ્લોક પણ કોતરાવવા સૂચવ્યું.*



**સદા નિંબવૃક્ષસ્ય મૂલાધિવાસાત્, સુધાસ્રાવિણં તિકતમપિ અપ્રિયં તમ્ ।**
**તરું કલ્પવૃક્ષાધિકં સાધયન્તં, નમામીશ્વરં સદ્ગુરું સાઈનાથમ્ ।।**

*(અર્થ : હું સદ્ગુરુ શ્રી સાઈનાથને પ્રણામ કરું છું, જેમણે આ લીંબડાના વૃક્ષના થડ પાસે પોતાના વાસ વડે એ કડવા તથા અપ્રિય લીંબડાને કલ્પવૃક્ષ કરતાં પણ ભારે સુધા વરસાવતો, અમૃત જેવો બનાવ્યો છે.)*

*ઉપાસની મહારાજના આ સૂચનનો સ્વીકાર થયો અને તે મુજબ અમલ થયો. ડૉકટરે પાદુકા મુંબઈમાં જ તૈયાર કરાવી અને કમ્પાઉન્ડર જોડે તે શિરડી મોકલી. શ્રાવણી પૂર્ણિમાને રોજ તેને સ્થાપન કરવાની બાબાએ આજ્ઞા આપી. તે દહાડે સવારે ૧૧ વાગે ખંડોબાના દેવળથી એક વરઘોડો કાઢી શ્રી જી.બી. દીક્ષિત પોતાના માથા પર ઊંચકી તે મસીદ-દ્વારકામાઈમાં લાવ્યા. 'આ તો પ્રભુનાં ચરણકમલ છે,' એમ બોલી બાબાએ આ પાદુકાને સ્પર્શ કર્યો અને લીંબડાના વૃક્ષ તળે જ તેનું સ્થાપન કરવાની આજ્ઞા આપી.*

*આને આગલે દહાડે મુંબઈના એક પાદશા શેઠ નામે પારસી ભક્તે મનીઑર્ડરથી બાબાને પચીસ રૂપિયા મોકલ્યા હત. તે રૂપિયા બાબાએ આ પાદુકાસ્થાપનમાં વાપરવા આપી દીધા. આ સ્થાપનનો કુલ ખર્ચ (રૂા.૧૦૦/-) એક સો રૂપિયા થયો, જે માટે ઉઘરાણું કરીને રૂા. ૭૫. પોણોસો રૂપિયા એકઠા કર્યા હતા. પ્રથમનાં પાંચ વર્ષ તો શ્રી દીક્ષિતે નિત્ય આ પાદુકાપૂજન કર્યું અને*

પછી આ પૂજન લક્ષ્મણ કાચેશ્વર જખડી કરતા હતા. અહીં દીવાબત્તી માટે પ્રથમ પાંચ વર્ષ ડૉ. કોઠારે દર માસે બે રૂપિયા મોકલતા હતા. પાદુકાની આસપાસ ઊભી કરવાની જાળીની વાડ પણ તેમણે જ મુંબઈથી મોકલી. એ જાળી તથા છાપરું સ્ટેશનથી શિરડી લાવવાના સાડા સાત રૂપિયાનું ખર્ચ શ્રી સગુણ મેરુ નાયકે કર્યું. હવે આ પૂજન નાના પૂજારી જખડી કરે છે અને સગુણ મેરુ નાયક નિત્ય નૈવેદ્ય ધરાવે છે તથા સાંજના દીવા કરે છે.

ભાઈ કૃષ્ણાજી મૂળ તો અક્કલકોટ મહારાજના ભક્ત હતા. શકે ૧૮૩૪માં અક્કલકોટ જતાં માર્ગમાં તે શિરડી ઊતર્યા ત્યારે પાદુકાસ્થાપનની તૈયારી થઈ ગઈ હતી. બાબાનાં દર્શન કર્યા પછી તરત જ તેમને અક્કલકોટ નીકળી જવું હતું. તેથી બાબાની રજા માગી. ત્યારે બાબા બોલ્યા: ''અરે ! અક્કલકોટમાં હવે શું છે ? ત્યાં તું કેમ જાય છે ! ત્યાંના મહારાજ તો હવે અહીં (હું પોતે) બેઠો છું.'' એ સાંભળી ભાઈ કૃષ્ણાજી અક્કલકોટ ગયા નહિ.

(શ્રી બી.વી. દેવનું અનુમાન છે કે આ સર્વ વીગતની હેમાડ પંતને ખબર નહોતી. જો ખબર હોત તો સચ્ચરિત્રમાં તેનું વિગતવાર વર્ણન તેઓ જરૂર આપતા.)

**મોહદ્દીન તંબોલી જોડે કુસ્તી ને જીવન-પરિવર્તન :** હવે બાબાની બીજી કથા કહીએ. શિરડીમાં મોહદ્દીન તંબોલી નામે એક મલ્લ હતો. કેટલીક બાબતમાં તેને બાબા જોડે બનતું નહિ. તેથી બન્ને વચ્ચે ટંટો થયો, જેમાં બાબા હારી ગયા. ત્યારથી બાબાએ પોષાક તેમજ નિત્યક્રમ બદલી નાંખ્યો. પોતે લંગોટ પહેરવા માંડ્યા અને અંગે કફની ધારણ કરવા લાગ્યા તથા માથે એક કપડાનો ટુકડો વીંટતા. સૂવા-બેસવા સારુ એક ગુણપાટનો ટુકડો રાખ્યો. ફાટેલાં સાંધેલ કપડાં પહેરવામાં જ તે આનંદ માનતા હતા. તે ઘણી વાર કહેતા, 'બાદશાહી કરતાં ફકીરી ઉત્તમ છે. ફકીરીના તોલે કોઈ ચીજ ન આવે.'' સાધુ ગંગાગીરને પણ કુસ્તીનો શોખ હતો. તેને એક વાર કુસ્તી ઉપર વૈરાગ્ય આવ્યો. કેમ કે કોઈ અનુભવી સંતના શબ્દ તેને કાને પડ્યા હતા કે ''તારો



દેહ ઘસી નાંખ અને પ્રભુ જોડે પ્રીત બાંધ.'' ત્યારથી ગંગાગીર સંસાર છોડી ઈશ્વરદર્શન પાછળ લાગ્યા. પુણતાંબે પાસે નદીના કાંઠે તેમણે મઠ બાંધ્યો અને શિષ્યો જોડે ત્યાં જ જઈ વાસ કર્યો.

સાઈબાબા લોકો જોડે બહુ ભળતા નહિ. અગર લોકો પણ તેમની જોડે ખાસ વાતચીત કરતા નહિ. પોતે માત્ર પૂછેલા પ્રશ્નોના જ ઉત્તર દેતા. નિત્ય દહાડે લીંબડાના વૃક્ષ તળે બેસી રહેતા અને કોઈ વાર ગામના સદર વહેળાના કોહે બાવળને છાંયે બેસતા. બપોરે મરજી પડે તો ફરવા જતા. કોઈવાર નીમગામ જતા. તો ત્યાં ત્રિકમજી ડેંગળેને ઘેર જઈને બેસતા. શ્રી બાળાસાહેબને બાબા કહેતા. તેના નાના ભાઈ નાનાસાહેબે બે વાર લગ્ન કર્યું હતું છતાં તેને પુત્ર નહોતો. તેથી બાબાસાહેબે આ નાનાસાહેબને બાબાનાં દર્શનાર્થે મોકલ્યા અને થોડા જ સમયમાં બાબાની કૃપાથી નાનાસાહેબને ત્યાં પુત્ર થયો. ત્યારથી જ લોક થોકબંધ બાબાનાં દર્શને આવવા લાગ્યાં અને બાબાની કીર્તિ પ્રસરી અને અહમદનગર સુધી પહોંચી. ત્યાંથી નાનાસાહેબ ચાંદોરકર, કેશવ ચિદંબર તથા બીજા ઘણા માણસો શિરડી આવતા થયા. દહાડે બાબાની આસપાસ ભક્તમંડળ જામતું. એ પડું પડું થઈ રહેલી મસીદમાં બાબા રાત્રે સૂઈ રહેતા. ચલમ, તમાકું, પતરાનું ટંબલર–પ્યાલો, છૂટી લાંબી કફની, માથે બાંધવાનો ટુકડો અને પેલો સટકો–દંડૂકો એટલી જ વસ્તુઓ બાબા પોતાની પાસે રાખતા હતા. માથે જટાની માફક બાબા પેલો ટુકડો બાંધતા અને તેનો છેડો ડાબા કાન પરથી પીઠ પર લટકતો રહેતો. દિવસો સુધી પોતે એ કટકો ધોતા નહિ. બાબા ચંપલ કે જોડા કંઈ જ પહેરતા નહિ. અંદર પોતે કૌપીન-લંગોટી પહેરતા. ઠંડી ન લાગે તે માટે લાકડાના કઠેડા પર ડાબો હાથ રાખી ધૂણી સામે સદા દક્ષિણાભિમુખ બેસતા હતા. અહંત્વ, કામના, યજ્ઞ-ફળ એ સર્વ તેમણે આ ધૂણીને જ અર્પણ કર્યું હતું. પોતે 'અલ્લા માલિક'નો સદા જપ કરતા. આ મસીદમાં બે લોજ હતા. તેમાં એકમાં બાબા બેસતા તથા બધા ભક્તો ત્યાં આવી તેમનાં દર્શન કરતાં. ઈ.સ. ૧૯૧૨ પછી મસીદ સમરાવી તેની ફરસબંધી બાંધી છે. આ મસીદમાં રહેવા આવ્યા અગાઉ દીર્ઘકાળ પર્યંત

બાબા તકિયા નામે એક બીજા સ્થળે રહેતા, જ્યાં બાબા પગે ઘુઘરા બાંધીને મનોહર નૃત્ય કરતા અને પ્રેમથી ભજન ગાતા હતા.

**પાણીનું તેલ બનાવ્યું :** બાબાને દીવા બહુ ગમતા. દુકાનદારો પાસેથી તેલ માંગી લાવી મસીદમાં તથા મંદિરમાં પોતે આખી રાત દીવા પ્રગટાવીને બાળતા. આમ કેટલોક સમય ચાલ્યું. એક વાર શિરડીના આ તેલી વાણિયાઓએ એકસંપ કરી બાબાને તેલ ન આપવું એવું નક્કી કર્યું. જ્યારે હંમેશ માફક બાબા તેલ માગવા ગયા ત્યારે તે લોકોએ ચોખ્ખી ના પાડી કે 'અમારે ત્યાં તેલ નથી'. બાબા શાંત બની મસીદમાં પાછા આવ્યા. કોડિયામાં વાટો મૂકી. પેલા વાણિયા કુતૂહલથી જોઈ રહ્યા. પેલા ટિનના ટંબલરમાં થોડું તેલ હતું તે લઈ બાબાએ તેમાં પાણી ઉમેર્યું અને પછી થોડું તેમાંથી પીધું. આમ એ પાણીને પવિત્ર બનાવી પુનઃ તે ટંબલરમાં રેડ્યું અને બધાં કોડિયાંમાં એ પાણી પૂર્યું અને દીવા સળગાવ્યા. એ દીવા આખી રાત જલ્યા. એ જોઈ પેલા વાણિયાઓ બહુ અચંબો પામ્યા અને સૌ વિમાસણમાં પડ્યા. તેમને પસ્તાવો થયો અને બાબાની માફી માંગી. બાબાએ તેમને માફી આપી અને ભવિષ્યમાં કદી જૂઠું ન બોલવાની આજ્ઞા કરી.

**ઢોંગી ગુરુ જવાહરઅલી :** ઉપર વર્ણવેલ કુસ્તીના પ્રસંગ પછી પાંચ વર્ષ બાદ જવાહરઅલી નામે એક ફકીર અહમદનગરથી રાહટા પોતાના શિષ્યોને લઈને આવ્યો અને વીરભદ્ર મંદિર નજીકના મેદાનમાં તે ઉતર્યો. તે વિદ્વાન હતો અને આખું કુરાન તેને મોઢે હતું. તેની બોલી પણ બહુ મીઠી હતી જેથી ગામના ધાર્મિક ભાવવાળા ઘણા માણસો તેની પાસે આવતા હતા અને તેને માન દેતા હતા. લોકોની સહાય લઈ વીરભદ્ર મંદિરની પાસે જ ઇદગાહ બાંધવાનો તેણે પ્રારંભ કર્યો. પણ તેમાં કંઈક કજિયો થતાં જવાહરઅલીને રાહટા છોડી જવું પડ્યું અને તે શિરડી આવ્યો અને બાબા જોડે મસીદમાં જ રહેવા લાગ્યો. તેની મીઠી વાતોથી લોકો ભોળવાયા. તે તો બાબાને પોતાના ચેલા કહેવા લાગ્યો. બાબાએ પણ તેનો વિરોધ કર્યો નહિ અને તેના ચેલા બનવાની હા પાડી. પછી તો ગુરુ-ચેલા બન્નેએ રાહટા જઈને રહેવાનું



નક્કી કર્યું. પણ ગુરુને આ શિષ્યની યોગ્યતા કેટલી ઊંચી છે તેની કશી ખબર નહોતી. પણ શિષ્યને તો ગુરુના છિદ્રની જાણ હતી. છતાં બાબા તેનું મુદ્દલ અપમાન કરતા નહોતા. પણ પોતાનો યથાર્થ ધર્મ બજાવતા હતા અને ગુરુની સર્વ પ્રકારે સેવા કરતા હતા. રાહટાથી બન્ને શિરડી પણ કેટલીક વાર આવતા. પણ કાયમી રહેવાનું તો રાહટા જ રાખ્યું હતું. આમ બાબા પ્રેમાળ ભક્તોથી દૂર રહે તે શિરડીના લોકોને ગમતું નહોતું. તેથી એક ભક્તમંડળ બાબાને શિરડી પાછા લઈ આવવા માટે રાહટા ગયું. ત્યાં જઈ જ્યારે સૌ બાબાને ઇદગાહમાં મળ્યા ત્યારે તે બધા શા હેતુથી આવ્યા છે તે સર્વ વાત કરી. ત્યારે બાબાએ તેમને કહ્યું : 'આ ફકીર બહુ ખરાબ સ્વભાવના છે. આ વાત સાંભળી તે ક્રોધે ભરાશે અને મને આવવાની રજા આપશે નહિ. માટે એ ફકીર પાછા આવે તે પહેલાં તમે શિરડી ચાલ્યા જાવ.'' બાબા આમ વાત કરતા હતા ત્યાં જ જવાહરઅલી તો આવી પહોંચ્યો અને પોતાના ચેલાને લઈ જવાનો પ્રયત્ન કરનારા આ લોકો પર ગુસ્સે થયો. બૂમબરાડા પાડવા લાગ્યો. પણ છેવટે ગુરુ તથા ચેલાને બન્નેને શિરડી લઈ જવાનું નક્કી થયું. એથી બન્ને શિરડી આવીને રહ્યા. પણ થોડા દહાડા પછી દેવીદાસને જવાહરઅલી જોડે સંવાદ થયો. તેમાં જવાહરઅલી હારી ગયો અને તેનું અજ્ઞાન પ્રગટ થયું.

બાબા ચાંદ પાટીલની જાન જોડે શિરડી આવ્યા તેની પણ પહેલાં બારેક વર્ષથી આ દેવીદાસ શિરડી આવી મારુતિના મંદિરમાં રહેતા હતા. તે દેખાવડા તથા પાણીદાર આંખોવાળા હતા અને તે જ્ઞાની વૈરાગ્યવાન પુરુષ હતા. તાત્યા કોટે, કાશીનાથ અને બીજા ઘણા લોકો તેને ગુરુ તરીકે માનતા હતા. આ બધા જણ ભેગા મળી જવાહરઅલીને દેવીદાસ પાસે લઈ આવ્યા અને તે બે વચ્ચે ધર્મસંવાદ ગોઠવ્યો. તેમાં જવાહઅલી હાર્યો તેથી તે શિરડી છોડીને નાસી ગયો અને બીજાપુર જઈને રહ્યો. ઘણાં વર્ષ બાદ તે એક વાર શિરડી આવ્યો ત્યારે તેણે બાબાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પોતે ગુરુ અને બાબા ચેલા એવો તેને ભ્રમ થયો હતો તે ઊડી ગયો અને પસ્તાયો. છતાં

*બાબા તો તેને માન જ આપતા. આત્મદર્શન માટેના પ્રયત્ન કરનાર શિષ્યના ધર્મ કેવા હોય તથા અહંત્વ છોડવા સારુ શિષ્યે કેવું વર્તન રાખવું તે સાઈબાબાએ આ દૃષ્ટાંતમાં પ્રત્યક્ષ દર્શાવ્યું છે. આ કથા સાઈબાબાના મહાન ભકત મહાળસાપતિએ કહેલ છે.*

*હવે પછીના અધ્યાયમાં રામનવમીનો ઉત્સવ, મસીદની પૂર્વ સ્થિતિ ને તેમાં કરેલો જીર્ણોદ્ધાર ઇ.નું વર્ણન અપાશે.*

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈ પુનઃ પ્રાગટ્ય'**
**નામ પાંચમો અધ્યાયઃ સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૬
## રામજન્મોત્સવ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

રામનવમી-ઉત્સવ તથા મસીદના જીર્ણોદ્ધારનું વર્ણન કરતાં પહેલાં સદ્‌ગુરુનો મહિમા જાણવો જોઈએ.

**ગુરુના હસ્તસ્પર્શની શક્તિ :** સાચા સદ્‌ગુરુ સુકાની બની શિષ્યને ભવસાગર સહજ પાર કરાવે છે. સદ્‌ગુરુ શબ્દ સાંભળતાં જ મને સાઈબાબાનું સ્મરણ થાય છે. જાણે તે પોતે મારી સામે ઊભા મારા કપાળે ઉદ્દી-લેપન કરી પોતાનો વરદ હસ્ત મારા મસ્તક પર મૂકતા દેખાય છે અને તે વેળા મારું અંતર આનંદથી ઉભરાય છે. કલ્પના તથા કામનાથી ભરેલો જે સૂક્ષ્મ દેહ સમગ્ર પૃથ્વીને ભરખી જતા અગ્નિમાં પણ બળી શકતો નથી તે માત્ર ગુરુનો હસ્તસ્પર્શ થતાં જ નષ્ટ થાય છે. અનેક પૂર્વજન્મનાં પાપ ધોવાઈ જાય છે. દૈવી ધાર્મિક વાર્તાના શ્રવણમાત્રથી જેમના માથામાં ચક્કર આવે છે, તેવા લોકો પણ સદ્‌ગુરુનાં દર્શનમાત્રથી શાંત બની જાય છે. સાઈબાબાની રૂપાળી પ્રતિમાનાં દર્શન થતાં જ હર્ષથી ગળું રૂંધાય છે તથા આંખો આંસુથી ઉભરાય છે અને હૃદય ભાવથી નમી પડે છે. હું બ્રાહ્મણ છું એવું ભાન આપણામાં જગાડે છે, આત્મદર્શનનો આનંદ દે છે અને તે જ પળે તારા-મારાનો ભેદ નિર્મૂળ કરે છે, તથા પરમાત્મા સાથે આપણું એકત્વ સાધે છે. શાસ્ત્રવાચન વેળા તો ડગલે ડગલે મને મારા સદ્‌ગુરુ સાંભરે છે અને લાગે છે કે જાણે સાઈબાબા જ રામ કે કૃષ્ણ રૂપે પોતાની જીવનકથા મને સંભળાવે છે. દાખલા તરીકે જ્યારે હું ભાવગત વાંચવા બેસું છું ત્યારે શ્રી સાઈ પગથી મસ્તક સુધી કૃષ્ણ બને છે અને ભક્તોના કલ્યાણ અર્થે પોતે જાણે ભાગવત અગર ઉદ્ધવગીતાનું ગાન કરતા હોય તેવું મને લાગે છે. જ્યારે કોઈ ધાર્મિક વાર્તા કહેવાનું હું

શરૂ કરું છું ત્યારે થોડાં વાક્યો પણ હું રચી શકતો નથી. પણ બાબા સ્વત: જ જ્યારે મારા પાસે લખાવે છે ત્યારે હું લખ્યે જ જાઉં છું. છતાં તેનો અંત જ આવતો નથી. જ્યારે ભક્તમાં અહંત્વ જાગે છે ત્યારે બાબા પોતાના હાથે જ તે દાબી દે છે અને પોતાની શક્તિ અર્પીને પણ તેનું ધાર્યું થવા દે છે. તેને આત્મસંતોષ દઈ સુખી કરે છે. જે કોઈ શ્રી સાઈને સાષ્ટાંગ પ્રણામ કરે છે તથા સર્વ ભાવે તેમને શરણે જાય છે તે પુરુષના જીવનના સર્વ પદાર્થ-ધર્મ, અર્થ, કામ, મોક્ષ-વણમાગ્યે બાબા પૂરે છે. તેની મુક્તિ સહજ થાય છે. કર્મ, જ્ઞાન, યોગ તથા ભક્તિ એ ચારે અલગ માર્ગ દ્વારા બાબા આપણને ઠેઠ સુધી દોરી જાય છે. આમાં ભક્તિનો ખાડા-ટેકરાવાળો તથા કાંટાળો માર્ગ છે અને તે કાપવો મુશ્કેલ છે. પણ સદ્‌ગુરુ પર શ્રદ્ધા રાખી ચાલીએ તો ખાડામાં તથા કાંટામાં પડતા બચી જવાય છે અને સીધા ચાલવાથી બાબા આ માર્ગે ધારેલા મુકામે પ્રભુ પાસે આપણને જરૂર પહોંચાડે છે. દૃષ્ટાંતો આપીને બાબાએ આ વસ્તુ ખાતરીપૂર્વક કહી છે.

સ્વત:સિદ્ધ બ્રહ્મ તથા આ જગતને ઉત્પન્ન કરનારી શક્તિ-માયા અને ઉત્પન્ન થયેલું આ જગત-એ ત્રણે અંતે તો એકનું એક જ છે. એ વિષયમાં ભક્તોના શ્રેયની ખાતરી આપતાં સાઈબાબા કહે છે, ''મારા ભક્તોના ઘરમાં કદી અન્ન-વસ્ત્રોનો તોટો પડશે નહીં. મારા પર મન લગાડી જે ભક્તો મારું પૂજન કરે છે તેમનું હું સદા કલ્યાણ જ કરું છું. ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં એ જ વાત કહી છે. માટે અન્નવસ્ત્રની તો બહુ ચિંતા જ કરશો નહિ. તમારે કંઈ જોઈતું હોય તો ભગવાન પાસે માગો. જગતનાં માન-પાન છોડી દેજો. તમારું વર્તન એવું રાખજો કે જેથી પ્રભુકૃપા તથા તેમના આશીર્વાદ તમારા પર ઉતરી આવે અને તેમના દરબારમાં તમને માન મળે. સંસારી માન-પાનથી છેતરાશો નહિ. હૃદયમાં દેવમૂર્તિ દૃઢતાથી પધરાવીને સ્થાપજો. પ્રભુ-પૂજામાં જ મન-ઈન્દ્રિયોને મગ્ન બનાવો. એ સિવાય અન્ય કોઈ ચીજનો લોભ રાખશો મા. મારું સ્મરણ કરવામાં જ મન-બુદ્ધિ લગાડજો. જેથી દેહમાં, ધનમાં કે સંસારમાં મન ક્યાંય ભટકશે નહિ. ત્યારે જ તમે ચિંતા-મુક્ત, શાંત, અચલ



બનશો. સત્સંગમાં પડેલા મનનું લક્ષણ જ એ છે. ભટકતું મન સત્સંગમગ્ન કદી બનતું નથી.

હવે શિરડીમાં રામનવમી ઉત્સવની કથા સાંભળો. શિરડીમાં સૌથી શ્રેષ્ઠ ઉજવાતો ઉત્સવ રામનવમીનો છે. સને ૧૯૨૫ના સાઈલીલા માસિકના પાના ૧૯૭ ઉપર તેનું સંપૂર્ણ વૃત્તાંત આપ્યું છે, ને વાંચવા સરખું છે. એ ઉત્સવના વર્ણનનો સાર અહીં આપું છું.

**ઉદ્‌ભવ:** ગુંડકો પરગામના સર્કલ ઇન્સ્પેક્ટર ગોપાળરાવ બાબાના પરમ ભક્ત હતા. બાબાના આશીર્વાદથી તેમને ત્યાં પુત્ર થયો. આ પ્રસંગની ખુશાલીમાં સને ૧૮૯૭માં મેળો અર્થાત્ ઉરૂસ ઉજવવાનું તેમને મન થયું. આ વાત શિરડીના અન્ય ભક્તો તાત્યા પાટીલ, દાદા કોટે પાટીલ તથા માધવરાવ દેશપાંડે પાસે તેમણે મૂકી. તેમને સૌને પણ આ વાત ગમી. આ વસ્તુને બાબાની રજા તથા આશીર્વાદ મળ્યા. ત્યાર બાદ આ ઉરૂસ ઉજવવાની મંજૂરી માટે કલેક્ટરને આપવા અરજી ઘડી. પણ ગામના કુલકર્ણીએ આવો મેળો ભરવાની વિરુદ્ધ રિપોર્ટ કર્યો. તેથી આ અરજી નામંજૂર થઈ. પણ આ વસ્તુને બાબાના આશીર્વાદ મળ્યા હતા. તેથી તેમણે પુન:પ્રયત્ન કર્યો અને છેવટે કલેક્ટરની મંજૂરી મળી. શ્રી બાબાની સલાહ લઈ આ ઉરૂસનો દિવસ નક્કી ઠરાવ્યો. તેમાં સાઈબાબાનો કોઈ શુભ હેતુ હતો તેમ લાગે છે. રામનવમી તથા ઉરૂસ એમ બે ઉત્સવ એકત્ર કરી બે કોમ હિંદુ-મુસ્લિમની એકતાનો જ તેમનો હેતુ હતો. ત્યાર બાદ બનેલા બનાવો પરથી પણ જણાય છે કે બાબાનો આ હેતુ સફળ થયો છે.

મેળાને મંજૂરી તો મળી પણ બીજી મુશ્કેલીઓ ઊભી હતી. શિરડી નાનકડું ગામ છે. ત્યાં પાણીની ખાસ તંગી હતી. ગામમાં બે કૂવા હતા. એક કૂવાનું પાણી ઉનાળામાં ખારું થઈ જતું હતું અને બીજાનું પાણી ખૂટી પડતું હતું. શ્રી બાબાએ ખારા કૂવામાં પુષ્પ નાંખી પાણી મીઠું બનાવ્યું. છતાં તેમાં પૂરતું પાણી તો નહોતું. તેથી તાત્યા પાટીલે કોસનું મંડાણ મૂકી

કૂવામાંથી પાણી લેવાની ગોઠવણ કરી. હંગામી દુકાનો ઊભી કરી. કુસ્તીના અખાડા ગોઠવ્યા. ગોપાળરાવ ગુંડનો એક મિત્ર અહમદનગરનો દામુ અણ્ણા કાંસાર નામે હતો. તેને બે સ્ત્રી હતી છતાં એકે સંતાન નહોતું. તેને પણ સાઈબાબાના આશીર્વાદથી પુત્રો થયા. ગુંડની સૂચનાથી આ ઉત્સવને સરઘસમાં ફેરવવા સારુ એમ બે ધ્વજ મળ્યા. સરઘસ ગામમાં બધે ફર્યા બાદ આ બે ધ્વજ શ્રી બાબાના દ્વારકામાઈ મસીદના બે ખૂણે ખોડવાનું નક્કી થયું. આજ પણ એ જ પ્રમાણે સરઘસ રામનવમીના દિવસે ફરે છે.

**સંદલ સરઘસ :** આ મેળા સાથે એક બીજું સરઘસ પણ જોડવાનો પ્રારંભ થયો. કોરહલાના અમીર સક્કર નામે એક મુસ્લિમ ભકતના દિલમાં આ 'સંદલ' સરઘસનો વિચાર ઊઠ્યો. મોટા મુસ્લિમ ઓલિયાના માનમાં આ સરઘસ નીકળે છે. તેમાં એક થાળીમાં ઘસેલું ચંદન (સંદલ) તથા ચંદનના થોડા ટુકડા મૂકી લોબાનના ધૂપવાળું મોટું ધૂપિયું લઈ વાજાં વગાડતું આ સરઘસ નીકળે છે ને ગામમાં ફરે છે. છેલ્લે મસીદમાં આવી થાળીમાંનું ચંદન મસીદના ગોખલા તથા દીવાલ પર છાંટે છે. આ સરઘસની વ્યવસ્થા પ્રથમના ત્રણ વર્ષ લગી અમીર સક્કરે કરી હતી અને ત્યાર બાદ તેની પત્ની કરે છે. આમ એક જ હિંદુઓનું રામનવમીનું ધ્વજ-સરઘસ તથા મુસ્લિમોનું સંદલ-સરઘસ સાથે સાથે જ નીકળે છે અને આજ લગી કોઈ દિવસ તેમાં કશી હરકત કે ટંટા-ફિસાદ થયાં નથી.

**ગોઠવણ :** સાઈબાબાના ભકતો રામનવમીનો દિવસ બહુ પવિત્ર-આનંદપ્રદ ગણે છે. ઘણાખરા ભકતો તે દિવસે શિરડી આવી આ મેળાની વ્યવસ્થામાં સારો ભાગ લે છે. એ વેળાનું બહારનું સર્વ કામકાજ તાત્યા કોટે પાટીલ કરતા અને અંદરની બધી વ્યવસ્થા કરવાનું એક સ્ત્રી-ભકત નામે રાધાકૃષ્ણમાઈને સોંપ્યુ હતું. માઈને ત્યાં તે પ્રસંગે મહેમાનોની ભારે ગીરદી થતી. તેથી તેમની ખાવા-પીવાની તથા મેળાની ચીજવસ્તુ તૈયાર કરી રાખવાની બધી ગોઠવણ આ માઈને જ કરવાની હતી. શ્રી બાબાની ધૂણીને લીધે દ્વારકામાઈની દીવાલો, ફરસબંધી તથા આખી મસીદ કાળીમેશ બની જતી હતી. તે બધું ધોઈ સાફ કરવાનું તથા તેને ધોળવાનું કામ આ માતાજી ખુશીથી



કરતાં હતાં. બધી વસ્તુ પોતે ઠેકાણાસર મૂકી દેતાં હતાં. ગરીબોને ભોજન જમાડવાનું બાબાને બહુ પ્રિય હતું. તેથી અન્નદાન આ ઉત્સવનું એક મુખ્ય અંગ હતું. તે માટે રાધાકૃષ્ણમાઈના સ્થાન પર વિવિધ મીઠાઈ મોટા પાયા પર તૈયાર થતી. આ કામમાં ઘણા શ્રીમંત ધનવાન ભકતો પણ આગળ પડતો ભાગ લેતા હતા.

**રામનવમીના ઉત્સવરૂપ ઉરૂસ :** આમ આ સર્વ સુંદર રીતે ચાલવા લાગ્યું. આ મેળો અગત્યનો ઉત્સવ બન્યો. ઈ.સ. ૧૯૧૨થી તેમાં થોડો ફેરફાર થયો. એ વર્ષ આ મેળામાં 'શ્રી સાઈ સગુણ ઉપાસના' પત્રિકાના લેખક ભકત શ્રી કૃષ્ણરાવ જોગેશ્વર ભીષ્મ અમરાવતીના દાદાસાહેબ ખાપર્ડેની જોડે આવ્યા અને એક દિવસ અગાઉથી આવી દીક્ષિતના વાડામાં મુકામ કર્યો. તે ઓશરીમાં સૂતા હતા ત્યારે લક્ષ્મણરાવ ઉર્ફે કાકા મહારાજની પૂજાનાં સાહિત્ય લઈ મસીદમાં જતા હતા. તે વેળા તેમના મનમાં એક નવો તરંગ આવ્યો. ઉરૂસ અર્થાત્ મેળો શિરડીમાં રામનવમીના દિવસે ઉજવાય છે તે વસ્તુ પાછળ કોઈ ઈશ્વરી સંકેત છે. રામનવમીનો દિવસ હિંદુઓને મન બહુ પવિત્ર-પ્રિય દિન છે. તો પછી તે દહાડે રામજન્મ-ઉત્સવ શા માટે ન ઉજવવો ? આ વાત કાકા મહાજનીને પણ પસંદ પડી અને આ બાબતમાં બાબાની રજા મેળવવી એવું નક્કી થયું. પણ આ પ્રસંગે પ્રભુના ગુણ-કીર્તનનું ગાન કરે તેવો હરિદાસ ક્યાંથી લાવવો એ પ્રશ્ન ઉપસ્થિત થયો. પણ શ્રી ભીષ્મે જ આ પ્રશ્નનો તોડ કાઢ્યો કે રામજન્મ ઉપરનું મેં રચેલું રામાખ્યાન તૈયાર છે. વળી હું પોતે જ કીર્તન કરીશ અને કાકા મહાજનીએ હાર્મોનિયમ બજાવવું. સૂંઠ ને સાકરનો પ્રસાદ રાધાકૃષ્ણમાઈએ તૈયાર કરી દેવો. એમ બધી વ્યવસ્થા કરી. તેથી તેઓ બહાર શું ચાલી રહ્યું છે તે જાણતા હતા. જ્યારે તેઓ આવ્યા ત્યારે વાડામાં શું ચાલી રહ્યું છે એવો પ્રશ્ન મહાજનીને બાબાએ પૂછ્યા. જરા ગભરાઈ જવાથી મહાજની આ પ્રશ્નનો અર્થ સમજ્યા નહિ. તેથી તે તો મૂંગા બેઠા. એથી બાબાએ શ્રી ભીષ્મને પૂછ્યું કે તારે શું કહેવું છે ? ત્યારે શ્રી ભીષ્મે રામનવમી ઉત્સવ ઉજવવાની પોતાની હોંશની સર્વ વાત કરી અને આપની છેવટની રજા લેવા આવ્યા છીએ એમ કહ્યું. બાબાએ ખુશીથી રજા આપી. એથી સૌ રાજી થયા અને રામજયંતી-ઉત્સવની તૈયારી કરવા

લાગ્યા. બીજે દહાડે ધજા ને તોરણોથી મસીદને શણગારી. રાધાકૃષ્ણમાઈ એ પારણું લઈ આવ્યાં અને બાબાની બેઠક સામે મૂકયું અને વિધિ શરૂ થઈ. શ્રી ભીષ્મ કીર્તન કરવા ઊભા થયા અને મહાજનીએ હાર્મોનિયમ બજાવવા માંડ્યું. એટલામાં સાઈબાબાએ મહાજનીને ઉપર બોલાવવા એક માણસને મોકલ્યો. પણ તે બાબા પાસે જતાં અચકાયા ને મનમાં થયું કે બાબા આ ઉત્સવ ઉજવવા દેશે કે કેમ ? છતાં તે બાબા પાસે ગયા ત્યારે બાબાએ પૂછયું કે 'આ પારણું અહીં કેમ મૂકયું છે અને આ બધું શું ચાલે છે ?'' ત્યારે તેણે ઉત્તર દીધો કે ''રામનવમી-ઉત્સવનો પ્રારંભ કરીએ છીએ તે માટે આ પારણું મૂકેલું છે.'' પછી બાબાએ શ્રી ભીષ્મને હાર પહેરાવ્યો. ત્યાર બાદ કીર્તન શરૂ થયું. જયારે કીર્તન પૂરું થઈ રહ્યું ત્યારે 'જય જય રામ'ના હર્ષનાદ કરતાં ભારે આનંદ પામ્યા. પણ બધે છૂટથી ઉડાડેલો ગુલાલ ઊંચે ઊડ્યો અને બાબાની આંખમાં પડ્યો. એથી બાબા ક્રોધે ભરાયા અને મોટેથી બોલી બધાને ગાળો તથા ઠપકો દેવા લાગ્યા. પણ બાબાના અંગત પરિચયના ભકતો જાણતા હતા, આ ઠપકો તથા ગાળો તે તેમના આશીર્વાદરૂપ છે. જેવો રામનો જન્મ થયો કે તેવા જ દુષ્ટ વિચારો તથા અભિમાનરૂપી રાવણ તથા તેના રાક્ષસોના સંહાર માટે બાબા ક્રોધે ભરાય તે વાજબી છે એમ તેમને લાગ્યું. શિરડીમાં કોઈ નવી વસ્તુના પ્રારંભ-વેળા બાબા આવો ક્રોધ કરીને તાડૂકતા હતા. એથી ભકતો બધા તો શાંત રહ્યા, પણ રાધાકૃષ્ણમાઈને ધાસ્તી લાગી કે બાબા પેલું પારણું ઉપાડી ફેંકી દેશે તો તે ભાંગી જશે. માટે તેમણે મહાજનીને તે ઉપાડી લેવા કહ્યું. જયારે મહાજની પારણું ઊપાડી છૂટું કરવા લાગ્યા ત્યારે બાબાએ તેને તેમ કરતાં રોકયા. થોડી વારમાં બાબા શાંત થયા ત્યારે બાકીનો કાર્યક્રમ, મહાપૂજા તથા આરતી થઈ. એ પછી મહાજનીએ પારણું ઉપાડી લેવા બાબાની રજા માંગી ત્યારે બાબાએ ના પાડી. તે બોલ્યા: ''હજી ઉત્સવ પૂરો થયો નથી'' બીજે દહાડે બીજું કીર્તન તથા 'ગોપાલ કાલાની' વિધિ થઈ. આ વિધિમાં એક માટલામાં દહીં તથા પૌંઆનું મિશ્રણ ભરી તે ઊંચું ટાંગે છે અને કીર્તન પૂરું થઈ રહ્યા પછી જેમ બાળગોપાળો જોડે કૃષ્ણ રમતા હતા તેમ એ માટલું ફોડી નાંખી તેમાંનાં દહીં-પૌંઆ બધાને પ્રસાદ તરીકે વહેંચી દે છે. આમ આ વિધિ પૂરી થયા પછી જ પેલું પારણું



ત્યાંથી ઉપાડી લેવાની રજા આપી. આમ આ રામનવમીનો ઉત્સવ ઉજવ્યો. તે જ દહાડે પેલું ધ્વજ-સરઘસ તથા સંદલ-સરઘસ પર નીકળ્યાં. તેનો ઠાઠમાઠ પણ અગાઉના જેવો જ હતો. ત્યારથી બાબાનો ઉરૂસ રામનવમી ઉત્સવ તરીકે પરિવર્તન પામ્યો.

**બીજે વર્ષ :** સને ૧૯૧૩થી રામનવમી ઉત્સવનો કાર્યક્રમ વધતો જ ચાલ્યો. રાધાકૃષ્ણમાઈ ચૈત્ર સુદી પડવાથી જ નામસપ્તાહનો પ્રારંભ કરાવતાં હતાં. રામનવમીનો ઉત્સવ સમસ્ત ભારતમાં ઉજવાય છે. તેથી તે દહાડે હરિદાસ મળવાની મુશ્કેલી જણાવા લાગી. પણ આ ઉત્સવ અગાઉ ચાર-પાંચ દિવસ પર જ આધુનિક તુકારામ ગણાતા બાલાબુવા માલી, મહાજનીને અચાનક જ મળી ગયા. તેથી તે વર્ષનું કીર્તન તેની જ પાસે કરાવ્યું. બીજે વર્ષ : સને ૧૯૧૪માં સાતારા જિલ્લામાં પ્લેગ ચાલતો હતો. શ્રી હરિદાસ બૃહત્સિદ્ધ કવટે (સતારા જિલ્લાના બાલાબુવા સતારકર) પોતાના ગામમાં હરિદાસ તરીકે કથા કરી શકે તેમ નહોતા. તેથી તે પોતે જ શિરડી આવ્યા અને કાકાસાહેબ દીક્ષિત મારફત બાબાની રજા મેળવી એ સાલ તેમણે જ કીર્તન કર્યું, જેનો તેમને સારો લાભ પણ મળ્યો. પછી તો દર વર્ષે નવા નવા હરિદાસ શોધવાની દુગ્ધાનો પ્રશ્ન શ્રી સાઈબાબાએ જ ૧૯૧૪માં ઉકેલ્યો અને આ કાર્ય પર તેમણે શ્રી દાસગણુને કાયમી નિયુકત કર્યા. ત્યારથી ઘણાં વર્ષો સુધી આ કામ તેમણે કુશળતાથી બજાવ્યું હતું.

સને ૧૯૧૨ થી આ ઉત્સવ દર વર્ષ વધુ. વધુ ખિલતો ગયો. ચૈત્ર માસની આઠમથી બારસ સુધી માનવીઓના મધપૂડા જેવું શિરડી બની જાય છે. વધુ વધુ દુકાનો નંખાય છે. પ્રસિદ્ધ મલ્લો કુસ્તીમાં ઉતરે છે. ગરીબોને મોટા પાયા પર ભોજન અપાય છે. રાધાકૃષ્ણમાઈના પ્રયાસથી શિરડી એક સંસ્થાન જ બની ગયું છે અને હવે તો બાબાના દરબારમાં ચીજ-વસ્તુઓ પણ પાર વિનાની ભેગી થવા લાગી. સુંદર અશ્વ, પાલખી, રથ, ચાંદીની છડી-ચામર ઇ., વાસણ-હાંડા, ઘડા, તાંબાકુંડીઓ, છબીઓ, હાંડી-ઝુમર, અરીસા ઇ. ઘણી વસ્તુઓ ભેટમાં આવી. આજના સરઘસ માટે ભકતો હાથી પણ મોકલતા હતા. જોકે આમ

આ પાર વિનાની વસ્તુઓ આવી હતી છતાં બાબા કોઈ ઉપર કશું ધ્યાન જ દેતા નહોતા. પોતે તો અગાઉના જેવા સાદા વિરક્ત જ રહેતા હતા. આ સમારંભમાં તેમજ બન્ને સરઘસમાં હિંદુઓ તથા મુસ્લિમો એક બનીને જ કામ કરતા હતા. આજ સુધી તેમાં કોઈ મુશ્કેલી ઊભી થઈ નથી કે કશો ટંટો-ફિસાદ થયાં નથી. શરૂમાં પાંચ થી સાત હજાર માણસ આ પ્રસંગે એકઠું થતું હતું, પણ વધતાં વધતાં તે આંકડો એક વર્ષ તો પોણો લાખ ઉપર પહોંચ્યો હતો. એ છતાં શિરડીમાં કૉલેરા અગર એવા કોઈ જંતુજન્ય રોગનો ઉપદ્રવ ક્યારેય થયો નથી અગર કોઈ હુલ્લડ કે તોફાન-ટંટા નથી.

**મસીદની મરામત :** ગોપાળરાવ ગુંડના દિલમાં એક બીજો પણ વિચાર ઉદ્ભવ્યો. આ ઉત્સવ ને ઉરૂસના મેળાનો પ્રારંભ જેમ તેમના હાથે થયો તેમ મસીદ સમરાવવાનો વિચાર પણ તેમને જ પ્રથમ થયો. મસીદની મરામત સારુ પથ્થર લાવીને તેમણે ઘડાવ્યા. પણ આ કામ કરાવવાનું ભાગ્ય તો નાનાસાહેબ ચાંદોરકરના નસીબમાં હતું તથા ફરસબંધી સમરાવવાનો યશ કાકાસાહેબ દીક્ષિતને મળવાનો હતો. પ્રથમ તો બાબા આ કોઈ કામ કરવા દેવા રાજી જ નહોતા, પણ સ્થાનિક ભક્ત મહાળસાપતિએ વચ્ચે પડી બાબાની રજા મેળવી. એક રાત્રે ફરસબંધીનું કામ પૂરું થઈ રહ્યા બાદ બાબાની બેઠક માટેનો ગુણપાટનો ટુકડો બદલાવીને ભક્તોએ નાની ગાદલી મૂકી. સભામંડપ સને ૧૯૧૧માં ખૂબ મહેનત કરી સમરાવીને ઠીક કર્યો. મસીદના આગળના ભાગમાં ફળિયું બહું નાનું હતું તેથી ખૂબ અગવડ પડતી હતી. તે વધારીને તેના પર છાપરું બાંધી લેવાની કાકાસાહેબ દીક્ષિતને ઇચ્છા થઈ. એ લોખંડના થાંભલા, પાટલા, ઇ. ખૂબ ખર્ચ કરી લાવીને બાંધવાનું કામ શરૂ કર્યું. રાત્રે બધા ભક્તોએ મજૂરી કરી થાંભલા ઊભા કર્યા. જેવા બાબા સવારે ચાવડીમાંથી મસીદમાં આવ્યા તેવા જ ક્રોધે ભરાઈ તેમણે તે બધા પાડી નાંખ્યા ને ફેંકી દીધા. એક વાર તો બાબાએ ખૂબ ઉશ્કેરાઈ જઈને એક થાંભલો એક હાથે પકડી હલાવીને ઉખાડી નાંખ્યો અને બીજે હાથે તાત્યા પાટીલની બોચી પકડી તથા તેનો ફેંટો ખેંચીને તેમાં દીવાસળી ઘસીને મૂકી તે સળગાવી દીધો



અને પેલા થાંભલાના પાયામાં તે ફેંકી દીધો. એ વેળા બાબાની ક્રોધિત આંખો બળતા અંગારા જેવી બની ગઈ હતી. તેમની સામે જોવાની કોઈની હિંમત નહોતી. સૌ ખૂબ ડરી ગયા. પછી બાબાએ ખિસ્સામાંથી રૂપિયો કાઢી જાણે કોઈ શુભ પ્રસંગે બલિ દેતા હોય તેમ તે રૂપિયો પેલા થાંભલાના પાયામાં નાંખ્યો. તાત્યા પણ ખૂબ ડરવા લાગ્યો. તાત્યાનું શું થશે તેની કોઈને કલ્પના પણ નહોતી અને વચ્ચે પડવાની કોઈની હિંમત જ નહોતી. ભાગોજી સિંધિયા નામે બાબાનો એક પતિયો ભક્ત હતો. તે જરા આગળ આવ્યો. તેને પણ બાબાએ ધક્કો માર્યો. માધવરાવ દેશપાંડેની પણ એ જ સ્થિતિ થઈ. આમ જે કોઈ વચ્ચે પડવા ગયા તે દરેકની એ જ સ્થિતિ થઈ. થોડા સમય પછી બાબાનો ક્રોધ નરમ પડ્યો ત્યારે તેમણે એક દુકાનદારને બોલાવી એક જરીભરેલો ફેંટો મંગાવ્યો અને જાણે પોતે તેનું ભારે સન્માન કરતા હોય તેમ તે ફેંટો તાત્યા પાટીલને માથે બંધાવ્યો. બાબાનું આવું વિચિત્ર વર્તન જોઈને સઘળા માણસો ભારે અચંબો પામ્યા. એકાએક બાબા આમ ગુસ્સે કેમ થયા અને તાત્યા પાટીલને કેમ માર્યો અને વળી બીજી જ ક્ષણે તેમનો ક્રોધ કેમ શમી ગયો તથા તેને શા વાસ્તે નવાજ્યો તે કોઈ વાતનું કશું જ કારણ કોઈને કંઈ સમજાયું નહિ. કોઈ કોઈ વાર બાબા બહુ શાંત બેસતા અને પ્રેમથી મીઠી મીઠી વાતો કરતા. પણ કંઈક બહાનું મળતાં એક ક્ષણમાં જ પોતે ક્રોધે ભરાતા હતા. આવા ઘણા પ્રસંગ વર્ણવી શકાય. પણ તેમાંથી કયા પ્રસંગ પસંદ કરવા અને કયા પ્રસંગ છોડી દેવા તેની જ મને ખબર પડતી નથી. તેથી જેમ જેમ મને પ્રસંગો યાદ આવતા જાય છે તેમ તેમ હું વર્ણવતો જાઉં છું.

હવે પછીના અધ્યાયમાં બાબા હિન્દુ હતા કે મુસ્લિમ તે કથા તેમજ તેમની યૌગિક શક્તિઓ અને એવી બીજી બાબતોનું વર્ણન કરવામાં આવશે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'રામજન્મ મહોત્સવ'**
**નામ છઠ્ઠો અધ્યાયઃ સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૭
# વિવેકકથા-નિરૂપણ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

**અજબ અવતાર :** શ્રી સાઈબાબા સર્વ યોગક્રિયા જાણતા હતા. સાડા બાવીશ ફીટ ઝીણા કપડાની પટ્ટી વડે આંતરડાં સાફ કરવાની ક્રિયાને ધોતી કહે છે. દેહનાં પ્રત્યેક અંગ જુદાં જુદાં કરી દઈ તેને પુનઃ જોડવાની ક્રિયાને ખંડ-યોગ કહે છે. આ ધોતી, ખંડયોગ, સમાધિ ઇત્યાદિ યોગની ક્રિયાઓમાં બાબા નિષ્ણાત હતા. પોતે હિન્દુ હતા એમ માનો તો જાતે યવન જેવા દેખાતા હતા. પોતે યવન હતા એમ માનો તો તે પવિત્ર હિન્દુ જેવા દેખાતા હતા. પોતે હિન્દુ હતા કે મુસ્લિમ તે વાતની કોઈને પૂરી ખબર નથી. રામનવમીનો હિન્દુ તહેવાર પોતે વિધિપૂર્વક પાળતા હતા અને તે સાથે 'સંદલ'ના મુસ્લિમ સરઘસની પણ રજા આપતા. આ ઉત્સવમાં મલ્લકુસ્તીને પોતે ઉત્તેજન દેતા હતા અને તેના વિજેતાઓને ઇનામ વહેંચતા હતા. ગોકુળાષ્ટમી આવતી ત્યારે 'ગોપાલ-કાલા'ની વિધિનો બરાબર અમલ કરાવતા હતા. એક વાર શિરડીના કેટલાક મુસ્લિમોએ મોહરમમાં મસીદમાં તાજિયો-તાબૂત બનાવી થોડા દિવસ રાખીને ગામમાં સરઘસ કાઢવાનો વિચાર કરેલો. સાઈબાબાએ મસીદમાં માત્ર ચાર જ દહાડા એ તાજિયો રહેવા દીધો અને પાંચમે દહાડે લગીરે ક્ષોભ વિના મસીદમાંથી તાજિયો ઉપડાવી બહાર કઢાવ્યો હતો. પોતે મુસ્લિમ હતા એમ માનીએ તો તેમના કાન હિંદુની માફક વીંધેલા હતા. પોતે હિન્દુ હતા એમ માનીએ તો તે સુન્નત પદ્ધતિનો પક્ષ કરતા હતા. (નાનાસાહેબ ચાંદોરકરે બાબાના સમગ્ર દેહનું નિરીક્ષણ કર્યું હતું તેથી તેમણે ખાતરીથી કહેલું કે બાબાએ સુન્નત કરાવી નહોતી. જુઓ સાઈલીલા-પાન પંદર તથા શ્રી બી.વી.



નૃસિંહસ્વામીનો લેખ - 'બાબા હિન્દુ કે યવન') જો તમે બાબાને હિન્દુ કહો તો તે સદા મસીદમાં વસતા હતા; અને જો તમે તેમને મુસ્લિમ કહો તો તે સદા અગ્નિહોત્ર-ધૂણીનો પવિત્ર અગ્નિ સદાયે બળતો રાખતા હતા; તેમજ મસીદમાં મુસ્લિમ ધર્મ-પ્રણાલિકાથી વિરુદ્ધ વસ્તુઓ તથા ક્રિયા કરવા દેતા હતા. દા.ત., શંખ, ઘંટ-ઝાલર, આરતી, ભજન, અન્નદાન, અર્ઘ્ય વડે થતું પાદપૂજન, મંત્રોચ્ચાર ઇ.સર્વ બાબા મસીદમાં ચાલવા દેતા હતા. જો તેમને મુસ્લિમ ગણો તો અગ્નિહોત્રીઓ ને મોટા વિદ્વાન બ્રાહ્મણો પણ તેમની રૂઢિ છોડીને પણ બાબાના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા હતા. 'આપ હિન્દુ છો કે મુસ્લિમ ?' એવો સીધો પ્રશ્ન કરનારની સામું જોવા સાઈબાબા જોતા હતા તેવા જ તે મૂંગા બની ચુપ થતા અને બાબા પ્રત્યે આકર્ષિત થતા હતા. તેથી શ્રી બાબા હિન્દુ હતા કે મુસ્લિમ એ વસ્તુનો નિર્ણય કોઈ કરી શક્યું નથી.

(તા.ક.(૧) બાબાના શિરડીના પરમ ભક્ત મહાળસાપતિ નિત્ય બાબા જોડે મસીદમાં તેમજ ચાવડીમાં સૂતા હતા. તેમણે કહેલું કે 'હું પાથરીનો બ્રાહ્મણ છું. બાળવયમાં મને એક ફકીરને સોંપી દીધો હતો.' જ્યારે બાબા આ વાત કરતા હતા તે જ વેળા પાથરીના કેટલાક જણ ત્યાં આવી ચડ્યા. ત્યારે બાબાએ પાથરીના જુદા જુદા માણસોની ખબર તેમને પૂછી હતી. જુઓ 'સાઈબાબા' સને ૧૯૨૪-પાનું. ૧૭૭)

(૨) સને ૧૯૩૪ના સાઈલીલા પત્રિકા ભાગ-૨ પાનું ૭૮ પર પ્રગટ થયેલા અનુભવમાં પૂનાનાં પ્રસિદ્ધ વિદુષી શ્રીમતી કાશીબાઈ કાનીટકરે પોતાને થયેલા અનુભવ નં.૫માં કહ્યું છે : 'સાઈબાબાના ચમત્કારો સાંભળીને અમારાથી થીઓસોફી સિદ્ધાંત મુજબ શ્રી બાબા શ્વેત લોજના હતા કે શ્યામ લોજના, તેની અમે ચર્ચા કરતાં હતાં. એકવાર હું શિરડી ગઈ ત્યારે પણ મારા મનમાં એ જ પ્રશ્ન ઘોળાયા કરતો હતો. જેવી હું મસીદનાં પગથિયાં નજીક આવી તેવા જ બાબા સામા આવ્યા અને પોતાની છાતી બતાવી મારા માટે તાકીને બોલ્યા: 'આ બ્રાહ્મણ છે. પવિત્ર બ્રાહ્મણ છે. શ્યામ વસ્તુ જોડે તેને કોઈ

લેવાદેવા નથી. કોઈ મુસલમાન અહીં આવવાની હિંમત પણ કરી શકે તેમ નથી. વળી પોતાની છાતી બતાવતાં બાબા બોલ્યા, ''આ બ્રાહ્મણે તો લાખો લોકોને શ્વેત પંથે વાળ્યા છે અને નિયત સ્વસ્થાને પહોંચાડ્યા છે. આ તો બ્રાહ્મણની મસીદ છે. કોઈ શ્યામ મુસ્લિમનો હું અહીં પડછાયો પણ પડવા દઉં તેમ નથી.' આ વાતમાં કશું આશ્ચર્ય નથી. કેમ કે દેહાભિમાન તથા અહંત્વ તજી ભગવાનનું સંપૂર્ણ શરણ પકડી તેમની જોડે એકત્વ પામે તેવા પુરુષને જાતિ-પાંતિના કોઈ પ્રશ્ન જોડે કશી લેવાદેવા હોતી નથી. સાઈબાબા જેવા પુરુષ તો એક જાતિ અગર બીજી જાતિ તરફ અથવા એક જીવ કે બીજા જીવ વચ્ચે કોઈ ભેદ જોતા નથી.

આવો અનન્ય અવતાર સાઈબાબાનો હતો. મારા પૂર્વજન્મના પુણ્યને લીધે જ તેમના ચરણ પાસે બેસી તેમના પુણ્યવંત સત્સંગને સેવવા હું ભાગ્યશાળી થયો છું. એથી મને થયેલ હર્ષ તથા આનંદ જ અજોડ છે. સાચું કહું તો સાઈબાબા જ પવિત્ર આનંદ તથા જ્ઞાનરૂપ હતા. તેમની મહત્તા તથા અનેક શક્તિનું વર્ણન મારાથી થઈ શકે તેમ નથી. તેમના પાદસેવનનો જેમને જેમને લાભ મળ્યો છે તે સર્વ સ્વ-સ્વરૂપમાં જ સ્થિર થયા છે. ઘણા સંન્યાસીઓ, સાધકો તથા એવા મુમુક્ષુઓ સાઈબાબા પાસે આવતા અને તેમનો સત્સંગ કરતા. બાબા તેમની જોડે બેસતા, ફરતા અને વાતચીત કરી હસતા હતા. તેમની જીભ પર 'અલ્લાહ માલિક' એ શબ્દો સદા ગુંજતા હતા. તેમને વાદવિવાદ કે ચર્ચા પસંદ જ નહોતાં. પોતે સંયમી ને શાંત હતા. અલબત્ત કોઈ વાર ચીડાતા પણ ખરા. તે વેદાંતનો સદા બોધ કરતા. બાબા કોણ હતા તે તો છેવટ લગી કોઈ જાણી શક્યું નથી. રાય તેમજ રંક સર્વને પોતે સરખા ગણતા હતા. દરેક જણની ગુહ્ય વાતો પોતે જાણતા અને જ્યારે પોતે એ કહી દેખાડતા હતા ત્યારે એ સાંભળતાં જ સૌ અચંબો પામતા હતા. પોતે જ્ઞાનનો ભંડાર હતા, છતાં પોતે અજ્ઞાનીનો દેખાવ કરતા. માન-પાન તેમને ગમતાં નહોતાં. શ્રી સાઈબાબાનાં આવાં લક્ષણો હતાં. પોતે માનવરૂપ હતા છતાં શ્રી બાબા ઈશ્વરરૂપ જ હતા એવી તેમણે કરેલા ચમત્કારો પરથી



ખાતરી થઈ છે. લોકો તેમને શિરડીમાં ઈશ્વરનો અવતાર જ માનતા હતા.

**સાઈબાબાની દિનચર્યા :** મારા જેવા મૂર્ખથી શ્રી બાબાના ચમત્કારનું વર્ણન થઈ શકે તેમ નથી. તેમણે શિરડીનાં લગભગ બધાં મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો. તાત્યા પાટીલ મારફત હનુમાનજી, ગણપતિજી, શંકર-પાર્વતીજી, ગ્રામદેવતા તથા મારુતિનાં મંદિરો સમરાવ્યાં. તેમનાં દાન પણ નોંધપાત્ર છે. દક્ષિણા તરીકે પોતે જે દ્રવ્ય એકઠું કરતા તે પોતે છૂટથી દાન કરી દેતા. કોઈને વીસ રૂપિયા તો કોઈને પંદર રૂપિયા તો કોઈને પચાસ રૂપિયા પણ બાબા નિત્ય દેતા હતા. આ ચોખ્ખાં ધર્માદાનાં જ નાણાં છે એવું દાન લેનારા જાણતા હતા. તેનો સદુપયોગ થવો જોઈએ એવું બાબા ઇચ્છતા હતા.

બાબાનાં દર્શન પામીને લોકોને લાભ થતો. કોઈને સંપૂર્ણ આરોગ્ય પ્રાપ્ત થતું. દુષ્ટજનો સુધરીને સજ્જન બનતા હતા. કોઢિયાના કોઢ મટી જતા. અસંખ્ય લોકોની મનોકામના પૂરી થતી. કેટલાંયે આંધળાં માણસો આંખમાં કોઈ દવાનાં કે એવાં ટીપાં પાડ્યા વિના દેખતા થયા છે અને લંગડા ચાલતા થયા છે. તેમની અપ્રતિમ મહત્તાનો કોઈ અંત જ નથી. તેમની કીર્તિ ચાર દિશામાં પ્રસરી અને સર્વ સ્થળેથી યાત્રીઓ શિરડીમાં ઉભરાવા લાગ્યાં. ધૂણી પાસે બેસી બાબા શાન્તિ પામતા હતા અને કોઈ વાર સ્નાન પછી તો કોઈ વાર સ્નાન પહેલાં બાબા ધ્યાનમાં બેસતા હતા.

માથે સફેદ નાનો ટુકડો બાંધતા અને કેડે સ્વચ્છ ધોતલી વીંટતા. ડિલે એક પહેરણ પહેરતા હતા. પ્રારંભમાં તેમનો આ પહેરવેશ હતો. પ્રથમ પોતે ગામમાં વૈદું કરતા. દર્દીને તપાસીને દવા દેતા હતા. એ કાર્યમાં સફળ થયા જેથી તે હકીમ તરીકે પ્રસિદ્ધ થયા. એવો એક આશ્ચર્યજનક કેસ અહીં વર્ણવું છું. એક ભકતની આંખો સૂઝી ગઈ અને બાબા પાસે લઈ આવ્યા. આવા દર્દમાં દાકતરો કોઈ મલમ કે અંજન અગર ગાયનું દૂધ કે કપૂર અગર એવી દવા બતાવે, પણ બાબાની દવા તો વિચિત્ર હતી. તેમણે ભીલામાં ખંડાવી બે ગોળી કરી અને તે દરેક આંખમાં એકએક મૂકી દીધી અને ઉપર પાટો બાંધ્યો. બીજે દહાડે પાટો છોડી આંખો બહોળા પાણીથી ધોઈ નાંખી. સોજો

બેસી ગયો અને આંખના ડોળો સફેદ બની ગયો. આંખો તો નાજુક ગણાય. છતાં ભીલામાના ચૂર્ણની ગોળીઓ અંદર મૂકી તોપણ કશું નુકસાન થયું નહિ અને આંખોનું દર્દ દૂર થયું ! આવા તો ઘણા દર્દીઓનાં દર્દ બાબા મટાડતા હતા. આ તો માત્ર એક દષ્ટાંત જ આપ્યું છે.

**શ્રી સાઈબાબાની યોગક્રિયા :** શ્રી બાબા યોગની સર્વ ક્રિયા તથા પદ્ધતિ જાણતા હતા. તેમાંથી બે ક્રિયાનું વર્ણન આપીશું :

**(૧) ધોતી :** મસીદથી દૂર આવેલા એક વડલા નીચેના કૂવા પર બાબા દર ત્રીજે દિવસે જતા અને મુખ ધોઈને સ્નાન કરતા. એક વાર તેમણે પેટનાં આંતરડાં બહાર કાઢી અંદરથી તેમજ બહારથી સાફ કરી જાંબુના વૃક્ષ પર સૂકવ્યાં હતાં. શિરડીના ઘણા લોકોએ તે જોયું હતું અને તેની ખાતરી આપી હતી. ૨૨ ફીટ લાંબા ને ત્રણ આંગળ પહોળા સફેદ ભીના કપડાના લીરા વડે આંતરડાં ધોવાની ક્રિયાને સામાન્ય રીતે ધોતીની ક્રિયા કહે છે. આ કપડું ગળાની નીચે જવા દઈ સાફસૂફી માટે અરધો કલાક પેટમાં રહેવા દે છે અને પછી તે બહાર કાઢે છે. પણ બાબાની ધોતી તો અજોડ-અસામાન્ય હતી.

**(૨) ખંડયોગ :** આ ક્રિયામાં બાબા પોતાના દેહનાં વિવિધ અંગ છૂટાં પાડી મસીદમાં જુદે જુદે સ્થળે એ હરેક અંગ મૂકી દેતા હતા. એક વાર એક જણે મસીદમાં આવી જોયું તો બાબાના દેહનાં અંગ છૂટાં છૂટાં પડેલાં દેખાયાં. તેથી તેને બીક લાગી. પ્રથમ તો કોઈને બાબાનું ખૂન કર્યું છે એવા ખબર ગામના પોલીસ પટેલને આપવા જવા વિચાર થયો પણ વળી તેને લાગ્યું કે જો આ ખબર પોતે આપવા જશે તો તેની જવાબદારી પોતાની ઉપર જ આવી પડશે અને પોતે તો આમાં કંઈ જાણતો નથી. તેથી તે છાનોમાનો પોતાને ઘેર જ ગયો. પણ બીજે દહાડે મસીદમાં ગયો ત્યારે બાબાને જીવતા-જાગતા ત્યાં બેઠેલા દીઠા. તે જોઈ તે અચંબો પામ્યો અને આગલે દહાડે જોયું તે કદાચ સ્વપ્ન જ હશે એમ માન્યું. શ્રી બાબા જાળવણીથી જ યોગની ક્રિયા કરતા. તે વેળા તેમણે તેમાં કેટલી કુશળતા સંપાદન કરી હતી તે વાત કોઈ જાણતું નથી. દર્દીનાં દર્દ મટાડી આરોગ્યની પોતે કશી ફી લેતા નહિ. તેમની સદ્‌વૃત્તિ તથા



સદ્‌ગુણોના પ્રતાપે જ તેમને ખૂબ પ્રસિદ્ધિ મળી હતી. અનેક દુ:ખી-ગરીબ દર્દીઓને તેમને સાજા કર્યા છે. આ પ્રસિદ્ધ દાકતરને કશા જ સ્વાર્થની પડી નહોતી. અન્યનાં શ્રેય તથા કલ્યાણ માટે જ તે સદા કામ કરતા હતા અને તેમાં ઘણીયે વાર પોતાને ભયંકર-અસહ્ય પીડા પણ સહન કરવી પડી હતી એનું એક દષ્ટાંત નીચે આપ્યું છે, જે પરથી બાબાના સર્વવ્યાપકત્વની તથા તેમના દયાળુ સ્વભાવની સર્વને ખાતરી થશે.

**બાબાની સર્વવ્યાપકતા તથા દયા :** દિવાળીના તહેવારના રોજ બાબા ધૂણી પાસે બેસી તાપતા હતા. ધુણીમાં તેમણે લાકડાં સંકોર્યાં અને ધુણી ભડકે બળવા લાગી. થોડી વાર પછી બાબાએ ધૂણીમાં લાકડાંને બદલે પોતાનો હાથ નાંખ્યો. હાથ દાઝી જઈ તરત બળવા લાગ્યો. સેવક માધવે તથા માધવરાવ દેશપાંડેએ આ જોયું અને માધવરાવે દોડીને બાબાને કેડથી પકડી ત્યાંથી પરાણે દૂર ખસેડ્યા અને પૂછયું: ''દેવ, આવું આપે શા માટે કર્યું ?'' ત્યારે બાબા ભાનમાં આવ્યા અને બોલ્યા, 'થોડે દૂર એક લુહારની બૈરી ભઠ્ઠીની ધમણ ખેંચતી હતી. તેના ધણીએ તેને બોલાવી. પોતાની કેડે છોકરું છે તે એ વિસરી ગઈ અને દોડી; તેવું જ છોકરું ભઠ્ઠીમાં પડ્યું. મે મારો હાથ એકદમ ભઠ્ઠીમાં નાંખી છોકરાને બચાવી લીધું, ભલે મારો હાથ દાઝી ગયો પણ છોકરું બચી ગયું. તે જોઈ હું રાજી થયો.''

**પતિયા ભકતની સેવા :** આમ બાબાનો હાથ દાઝી ગયાની ખબર માધવરાવ દેશપાંડે પાસેથી પત્ર દ્વારા જાણીને શ્રી નાનાસાહેબ ચાંદોરકર મુંબઈના પ્રસિદ્ધ ડૉકટર પરમાનંદને તેડીને મલમ, લેપ, પાટા ઇ. સર્વ સાધન સાથે ત્વરિત શિરડી આવ્યા અને ડૉકટર પરમાનંદે હાથ તપાસી ઉપચાર કરવા દેવા સારુ નાનાસાહેબે બાબાને વિનતિ કરી. પણ બાબાએ ચોખ્ખી ના પાડી. હાથ દાઝી ગયો ત્યારથી જ પતિયો ભગત ભાગોજી હાથ પર પાટા-પીંડી કરતો હતો. દાઝેલો ભાગ ઘી લઈ માલિશ કરતો. તેના પર પાંદડું મૂકી મજબૂત પાટો બાંધતો હતો. પણ ઝટ આરામ થાય તે હેતુથી દાઝેલો ભાગ ડૉ. પરમાનંદને તપાસી તે પર દવા લગાડવા દેવા સારુ નાનાસાહેબે બાબાને ઘણી

અરજ કરી જોઈ. તેમજ દાક્તર પરમાનંદે પોતે પણ બાબાને વિનતિ કરી. પણ બાબા બોલ્યા : 'મારા દાક્તર તો અલ્લા છે.'' એટલું બોલી તેમણે હાથ તપાસવા દીધો નહિ. દાકતર પરમાનંદ મુંબઈથી જે દવા-સાધન ઇ. લાવ્યા હતા તેને શિરડીની હવા મળવા જ સર્જાયેલી નહોતી. તેથી તેમની દવાની પેટી બાંધેલી જ પડી રહી. પણ દાકતરના ભાગ્યમાં બાબાનાં દર્શન લખાયાં હતાં. ભાગોજી જ નિત્ય બાબાના હાથની સારવાર કરતો હતો. થોડા દહાડા પછી હાથને આરામ થયો ત્યારે સૌને શાન્તિ થઈ. છતાં તેમને કશી પીડા થયેલી કે કેમ તે વાતની તો કોઈને ખબર જ પડી નહિ. નિત્ય સવારે આવી ભાગોજી પાટો છોડતો. હાથ પર ઘીની માલીસ કરતો અને પુન: તેના પર પાટો બાંધતો. બાબાએ સમાધિ લીધી ત્યાં લગી આ ક્રમ ચાલુ રહ્યો હતો. સાઈબાબા તો પૂર્ણ સિદ્ધ પુરુષ હતા. તેથી તેમને ખરેખર તો આવી કોઈ દવાની જરૂર નહોતી. પણ પોતે ભક્તના પ્રેમને ખાતર જ ભાગોજીની આ સેવા-ઉપાસના દીર્ઘકાળ સુધી ચાલુ રહેવા દીધી હતી. બાબા લેંડી જવા નીકળતા ત્યારે આ ભાગોજી તેમને માથે છત્રી ધરતો અને જોડે જોડે ચાલતો. નિત્ય પ્રાત:કાળમાં ધૂણી પાસેની થાંભલીને અઢેલીને બાબા બેસતા હતા ત્યારે ભાગોજી ત્યાં હાજર થઈને પોતાની સેવા શરૂ કરતો. ગયા જન્મના કોઈ પાપને લીધે જ ભાગોજીને પત નીકળી હતી અને આંગળાં ખરી પડ્યાં હતાં તથા દેહ પરુથી રગરગતો દુર્ગંધ મારતો હતો. આમ બહારથી તો તે આવો કમભાગી દુ:ખી હતો પણ બાબાનો આવો મુખ્ય સેવક તે બન્યો હતો અને બાબાનો સત્સંગ પામ્યો હતો એ જ તેનું ભાગ્ય અને સુખ હતું.

**ખાપર્ડેના પુત્રને થયેલો પ્લેગ :** બાબાની અદ્ભુત લીલાનો હવે એક બીજો પ્રસંગ વર્ણવું છું. અમરાવતીના શ્રી દાદાસાહેબ ખાપર્ડેનાં પત્ની શ્રીમતી ખાપર્ડે પોતાના નાના પુત્રને લઈ થોડા દહાડા શિરડી રહેલાં. પુત્રને સખ્ત તાવ આવ્યો; અને પ્લેગની ગાંઠો નીકળી. એથી બાઈને બહુ બીક લાગી અને ભારે ચિંતા થઈ પડી. તેણે શિરડી છોડી અમરાવતી જવાનો વિચાર કર્યો. સાંજે બાબા લેંડી પર ફરવા જતાં માર્ગમાં વાડા પાસે આવ્યા. તે



વેળા બાઈ તેમની રજા લેવા ગયાં. બાઈએ ગદ્ગદ કંઠે બાબાને વાત કરી કે મારા પ્યારા પુત્રને પ્લેગ થયો છે. ત્યારે પ્રેમથી, મૃદુવાણીથી બાબાએ ઉત્તર દીધો: 'આકાશ વાદળાંથી ઘેરાયું છે, પણ એ બધાં તો વરસીને ચાલી જશે અને આકાશ સાવ ચોખ્ખું થશે.'' એમ કહી તેમણે કફની કમર લગી ઊંચી કરી અને ત્યાં ઊભેલાં બધાંને સાથળનું મૂળ બતાવ્યું. ત્યાં મોટા ઈંડા જેવડી પ્લેગની ગાંઠો પાકેલી સૌએ દીઠી. બાબા બોલ્યા: ''મારા ભક્તોને ખાતર મારે કેવું વેઠવું પડે છે તે જુઓ. મારા ભક્તનાં દુ:ખને હું મારાં જ દુ:ખ ગણું છું.'' આવી અજોડ અસામાન્ય લીલા જોઈને સંત પુરુષો ભક્તોને ખાતર કેવાં દુ:ખ સહન કરે છે તેની સર્વને ખાતરી થઈ. સંતનાં હૃદય મીણ જેવાં પોચાં હોય છે. અંદર તેમજ બહાર માખણ જેવા હોય છે. કશા જ કારણ વિના તે ભક્તો પર પ્રેમ રાખે છે અને પોતાનાં સાચાં સ્નેહી-સગાં જ તેમને માને છે.

**પંઢરપુર જઈને રહેવું :** સાઈબાબાને પોતાના ભક્તો કેવા પ્રિય હતા તથા તેમની ઇચ્છા પોતે અગાઉથી કેવી જાણી જતા હતા તેની એક કથા વર્ણવીને હવે આ અધ્યાય પૂરો કરીએ. બાબાના મહાન ભક્ત શ્રી નાનાસાહેબ ચાંદોરકર ખાનદેશમાં નંદુરબારના મામલતદાર હતા. તેમની બદલી પંઢરપુર થયાનો હુકમ તેમને મળ્યો. પંઢરપુર તો પૃથ્વી પરનું વૈકુંઠ છે. ત્યાં જઈને રહેવાનું થયું તે સાઈબાબાની ભક્તિનું જ સુફળ છે એમ તેમને લાગ્યું. તેમને એ જગા પર તાત્કાલિક હાજર થવાનું હતું. તેથી એકાએક જ શિરડી કશા ખબર આપ્યા વિના પોતે શિરડી આવવા નીકળ્યા. કેમ કે તે તો શિરડીને જ પોતાનું પંઢરપુર ગણતા હતા. તેથી શિરડીમાંના પોતાના વિઠોબા (સાઈબાબા)નાં દર્શન અચાનક જ જઈને કર્યા બાદ આગળ જવાની તેમની ઇચ્છા હતી. નાનાસાહેબ શિરડી આવે છે તે વાતનું કોઈને સ્વપ્ન સરખું નહોતું. પણ સાઈબાબા તો સઘળું જાણતા હતા, તે તો સર્વજ્ઞ હતા. જેવા નાનાસાહેબ શિરડી નજીક નીમગામ આવી પહોંચ્યા તેવો જ શિરડીની મસીદમાં એક ચમત્કાર થયો. મહાળસાપતિ, અપ્પા શિંદે તથા કાશીરામની જોડે બેસીને

*બાબા વાતો કરતા હતા. ત્યાં જ સત્વર બાબા બોલ્યા : આપણે ચારે જણ ચાલો ભજન કરીએ. પંઢરીનાં દ્વાર ખુલ્લાં છે. ચાલો સૌ આનંદથી ગાઈએ.'' અને પછી સૌ સાથે ભજન કરવા લાગ્યા :*

*પંઢરપુરલા જાયચેં, તિથેંચ મજલા રાહ્યાચેં, રાહ્યાચેં,*
*તિથેંચ મજલા રાહ્યાચેં, રાહ્યાચેં, ઘર તે મઝાયા રાયાચે, રાયાચેં.*

*(અર્થ : હું પંઢરપુર જવાનો છું. મારે ત્યાં રહેવું છે. કેમ કે તે મારા પ્રભુનું ઘર છે.)*

*બાબા આમ ગાતા હતા અને ભકતો તે ઝીલતા હતા. એટલામાં તો નાનાસાહેબ કુટુંબ સાથે ત્યાં આવ્યા અને બાબાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તથા પોતાની જોડે પંઢરપુર પધારવા સારુ ને રહેવા તેમણે બાબાને અરજ કરી. ત્યાં પેલા ભકતોએ કહ્યું કે ''બાબાને એ વિનંતી કરવાની જરૂર જ નથી. પંઢરપુર જવા બાબા તૈયાર જ થયા છે અને ત્યાં જ રહેવા ઇચ્છે છે.'' એ સાંભળતાં જ નાનાસાહેબ હર્ષથી ગદ્ગદિત થયા અને બાબાના પગમાં પડી ગયા. પછી બાબાની રજા લઈ ઉદી-આશીર્વાદ પામી તે પંઢરપુર જવા નીકળ્યા.*

*બાબાની કથાનો તો કોઈ પાર જ નથી. હવે અહીં સમાપ્ત કરીએ. હવે પછીના અધ્યાયમાં માનવી-જીવનની અગત્ય, બાબાનો ભિક્ષાક્રમ, બાયજાબાઈની સેવા તથા અન્ય કથાઓ કહીશું.*

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'વિવેકકથા-નિરૂપણં'**
**નામ સાતમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્ગુરુ સાઈનાથાય અર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૮
# શ્રી સાઈ સમર્થ-ભિક્ષાક્રમ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।
શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।
શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં માનવદેહના મહત્ત્વની સવિસ્તર નોંધ આપ્યા બાદ શ્રી સાઈબાબાનો ભિક્ષાક્રમ, બાયજાબાઈએ કરેલી બાબાની સેવા, મહાળસાપતિ તથા તાત્યા કોટે પાટીલ જોડે બાબાનું મસીદમાં શયન તથા રાહતાના શેઠ ખુશાલચંદ પ્રત્યેનો બાબાનો પ્રેમ એ સર્વનું સવિસ્તર વર્ણન હેમાડપંતે કર્યું છે.

**માનવજીવનનું મહત્ત્વ :** આ અજબ વિશ્વમાં હિન્દુ શાસ્ત્રોની ગણના મુજબ દેવ, દાનવ, માનવ, જંતુ, પ્રાણી અને સર્વ જીવની ચોરાશી લાખ યોનિ ઈશ્વરે ઉત્પન્ન કરી છે; અને સર્વનો વાસ સ્વર્ગ, નરક, ભૂમિ, સાગર, આકાશ તથા તેમની મધ્યમાં આવેલો છે. આમાંથી પુણ્યાત્મા જીવ સ્વર્ગમાં જાય છે અને સત્કર્મના ફળના ભોગ પૂરા થાય ત્યાં સુધી તે ત્યાં જ વસે છે. તે ભોગ પૂરો થતાં તેને પુનઃ પૃથ્વી પર આવવું પડે છે. એ જ રીતે પાપી જીવાત્મા નરકમાં પડે છે અને પાપકર્મનાં ફળ ભોગવી રહે ત્યાં સુધી તેને નરકમાં જ રહેવું પડે છે અને પુનઃ પાપ તથા પુણ્ય બંને સમતોલ બને છે, ત્યારે તેને પણ પુનઃ પૃથ્વી પર આવવું પડે છે અને માનવ-અવતાર-આ મુક્તિની પ્રાપ્તિની એક વધુ તક તેને આપવાની પ્રભુ કૃપા કરે છે. અંતે જ્યારે પાપ તથા પુણ્યનો પૂરો ક્ષય થાય છે ત્યારે તેનો મોક્ષ થાય છે ને તેને મુક્તિ મળે છે. ટૂંકામાં કર્મ તથા બુદ્ધિ પ્રમાણે માનવી કર્મફળ તથા જન્મ પામે છે.

**માનવ-અવતારનું મૂલ્ય :** આપણને ખબર છે કે ચાર વસ્તુ-આહાર, ઊંઘ, ભય તથા મૈથુન એ તમામ પ્રાણીમાં એક જ સરખાં છે. પણ માનવીમાં એક શક્તિ વધુ છે-તેને પ્રભુએ જ્ઞાન આપ્યું છે; જે વડે તે ઈશ્વર-સાક્ષાત્કાર

કરી શકે છે. માનવ સિવાય અન્ય કોઈ અવતારમાં તે સંભવિત નથી. તેથી દેવો પણ માનવજન્મની ઈર્ષા કરે છે અને અંતિમ મોક્ષપ્રાપ્તિ માટે પૃથ્વી પર માનવરૂપે અવતરવાની ઇચ્છા સેવે છે.

વળી કેટલાક એથી ઊલટું એવું પણ કહે છે કે માનવદેહ જેવી બીજી કોઈ ખરાબ વસ્તુ નથી. માનવદેહ તો મળ, મૂત્ર પરુ ઇ. ગંદવાડાથી ભરલો છે અને તે રોગ-ક્ષય-મૃત્યુને આધીન છે. અલબત્ત અમુક અંશે આ વાત સાચી પણ છે. પણ આ ત્રુટી તથા આ દોષો છે તે છતાં માનવ-અવતારનું મૂલ્ય બહુ ભારે છે. કેમ કે માનવીને જ્ઞાન સંપાદન કરવાની શક્તિ છે. માનવદેહમાં ઈશ્વરે મૂકેલી શક્તિને લીધે આ દેહની તથા આ જગતની અનિત્યતાનો ખ્યાલ તેને સહજ આવે છે; જેથી ઇન્દ્રિયસુખ પ્રત્યે તેને અભાવ જાગે છે. વળી સત્યાસત્યનો વિવેક પણ કરી શકાય છે અને અંતે ઈશ્વર-સાક્ષાત્કાર પણ થઈ શકે છે. તેથી આ માનવદેહ તો ગંદવાડાથી ભરેલો છે, એમ માની તેનો અનાદર કરીએ તો આપણને મળેલી ઈશ્વર-સાક્ષાત્કારની તક હાથમાંથી સરી જાય છે. જો દેહ લાલન-પાલનમાં તથા ઇન્દ્રિયના ભોગ પછવાડે દોડ્યા કરીએ તો આવો કિંમતી અવતાર મળ્યા છતાં આપણે નરકમાં પડીએ છીએ, તેથી આપણે પ્રથમથી જ સાચો યોગ્ય માર્ગ પકડવો જોઈએ. જેમ ઘોડેસવાર ઇષ્ટ સ્થાને પહોંચી પાછો સ્વગૃહે આવે ત્યાં સુધી માર્ગમાં પોતાના ઘોડાની પૂરી સંભાળ રાખે છે, તેમ આપણે પણ આ દેહનો અનાદર કરવાનો નથી. અગર તો તેનું અતિ લાલન-પાલન પણ કરવાનું નથી. પણ આ દેહની યોગ્ય સંભાળ તો લેવી જોઈએ. માનવદેહનો અંતિમ હેતુ આત્મદર્શન અર્થાત્ ઈશ્વર-સાક્ષાત્કાર છે. તે હેતુ પાર પાડવા સારુ જ આપણે આ દેહનો ઉપયોગ કરવાનો છે.

એવું કહેવાય છે કે ભગવાને અનેક પ્રાણીઓ રચ્યાં પણ તે કોઈથી તેમને સંતોષ થયો નહિ, કારણ કે આમાંનું એક પણ પ્રાણી તેમને અગર તેમના કાર્યને ઓળખી શક્યું નહિ, અગર તેની કદર કરી શક્યું નહોતું. તેથી જ પ્રભુએ ખાસ પ્રાણી–માનવની રચના કરી અને તેને ખાસ શક્તિ-જ્ઞાન આપ્યું. પ્રભુએ જ્યારે જોયું, કે મારી અદ્ભુત રચના-લીલાબુદ્ધિની કદર કરવા તો માનવ જ



શક્તિવંત છે ત્યારે પોતે બહુ રાજી થયા અને સંતોષ પામ્યા. (જુઓ ભાગવત, ૧૧-૯-૨૮) તેથી આ માનવદેહ, તો બહુ ભાગ્યવંતને જ મળે છે. તેમાં પણ બ્રાહ્મણકુળમાં જન્મ તો મહદ્ભાગ્ય ગણાય છે અને તેમાં બાબાની શરણાગતિ તથા તેમનાં પાદસેવન તો માનવીનું અલૌકિક સદ્ભાગ્ય લેખાય છે.

**માનવ-પ્રયત્ન :** માનવ-દેહ કેવો અમૂલ્ય છે તથા ચોક્કસ સમય થતાં આપણને અચાનક જ કાળ પકડી જવાનો છે એ સર્વ યથાર્થ સમજીને આપણે સદા આપણો જીવનહેતુ સફળ કરવા તત્પર રહેવું જોઈએ. તેમાં મુદ્દલ વિલંબ કરવાનો નથી. જેવો વિધુર પુરુષ નવી સ્ત્રી પરણવા આતુર હોય છે અગર તો જેવો રાજા ગુમ થયેલા પુત્રને પાછો મેળવવાનો એક પણ ઇલાજ બાકી રાખતો નથી તેવી જ રીતે આપણે પણ આપણું લક્ષ્ય સાધવા પૂરી ઉતાવળ કરવી જોઈએ. આત્મદર્શન અર્થાત્ ઈશ્વર-સાક્ષાત્કાર માટેના ત્વરિત, ગંભીર દરેક પ્રયત્ન આપણે કરી છૂટવા જોઈએ. ઊંઘ-આળસને ત્યજી દઈ તંદ્રામાં ન પડતાં દિન-રાત આપણે આત્માનું ધ્યાન ધરવું જોઈએ. જો આમ કરતાં ચૂકશું તો અવશ્ય આપણે પશુની સ્થિતિમાં મૂકાવાના છીએ. તે નિશ્ચિત છે.

**પ્રગતિ કેમ કરવી :** આ હેતુ સિદ્ધ કરવાનો ઉત્તમ-ત્વરિત-ચોક્કસ માર્ગ તો એ છે કે જેમણે સાક્ષાત્ ઈશ્વરદર્શન કર્યું હોય તેવા સદ્ગુરુ, યોગ્ય સંત-સાધુ પાસે આપણે પહોંચી જવું જોઈએ. જે વસ્તુ કઠિન ધાર્મિક ગ્રંથોના અધ્યયન દ્વારા અગર શ્રવણ વડે પ્રાપ્ત થઈ શકે છે તે આવા પુણ્યવંત મહાત્માના સત્સંગથી સહજ મળે છે. જેમ સર્વ તારકગણને એકઠા કરો છતાં એક સૂર્ય જેટલો પ્રકાશ તે આપી શકતા નથી તેમજ સર્વ ધર્મગ્રંથોના અધ્યયન કે શ્રવણ દ્વારા મળતા જ્ઞાન કરતાં અનેક ગણું વધુ જ્ઞાન એકલા સદ્ગુરુ આપે છે. તેમની રહેણી-કરણી તથા તેમના મુખકમળની સાદી કથાવાર્તા જ આપણને મૂગો બોધ દે છે. ગુરુના નિર્મળ સત્સંગમાં શિષ્યોને ક્ષમા, શાંતિ, વૈરાગ્ય, દાન, ઉદારતા, મનોનિગ્રહ, અહંત્વનો અલાભ ઇ. ઘણા સદ્ગુણ નજરે પડે છે. તેથી તેમના અંતરમાં પ્રકાશ પડે છે અને તેમની આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. સાઈબાબા આવા સંત સદ્ગુરુ હતા. અલબત્ત એક ભિક્ષુક-

ફકીર જેવું તેમનું જીવન હતું છતાં તે સદા આત્મનિમગ્ન જ રહેતા હતા અને પ્રાણીમાત્રમાં પોતે ઈશ્વરદર્શન કરતા હતા. દરેક પર પોતે પ્રેમ રાખતા. સુખમાં ફુલાતા નહોતા કે દુઃખમાં હારી બેસતા નહોતા. રાય તેમજ રંક સૌ તેમને મન એક જ સરખા હતા. જેમની દષ્ટિમાત્રથી રંક જનો રાય બની જતા હતા તે અજબ પુરુષ શિરડીમાં ઘેર ઘેર ભિક્ષા માગવા જતા હતા. આ ભિક્ષા તે કેમ માગતા હતા તે હવે આપણે જોઈએ.

***ભિક્ષા માગતા બાબા :*** ધન્ય છે શિરડીના લોકો જેમને બારણે બાબા ભિક્ષુક બની ઊભા રહેતા હતા. તે બોલતા : ''અરે ભાઈ, મને રોટીનો ટુકડો દેજે.'' એટલું બોલી પોતે હાથ ધરતા. એક હાથમાં ટિનનું ટમ્બલર-ડબલું અને બીજા હાથમાં ચોખંડા કપડાના ટુકડાની ઝોળી લેતા હતા. નિત્ય પોતે અમુક ઘેર જ જતા અને તેના બારણે ફરતા હતા તથા કઢી, શાક, દૂધ-દહીં જેવી પ્રવાહી કે અર્ધ-પ્રવાહી વસ્તુઓ પેલા ટિનના ડબલામાં લેતા હતા. રોટલી-રોટલા-ભાત જેવી ચીજો પેલી ઝોળીમાં લેતા હતા. સ્વાદેન્દ્રિય જીતેલી હોવાથી બાબાને સ્વાદ જેવી વસ્તુ નહોતી. તેથી ભિક્ષામાં મળેલી મિશ્ર બનેલી વાનગીઓના સ્વાદની તેમને પડી નહોતી. વળી ઝોળીમાં એકઠી થયેલી ચીજો તથા ડબલામાં મળેલી વસ્તુઓ પુનઃ મિશ્ર કરીને બાબા પ્રેમથી જમતા હતા. જીભ સ્વાદરહિત બની ગયેલી હોવાથી કોઈ વસ્તુ સ્વાદિષ્ટ છે કે કેમ તે તરફ તેમનું લક્ષ્ય જ નહોતું. બપોર સુધી બાબા ભિક્ષા માગતા પણ આ ભિક્ષાટન બહુ અનિયમિત હતું. કોઈ દહાડો બપોરના બાર વાગ્યા સુધી ફરતા હતા તો કોઈ દિવસ થોડુંક જ ફરીને બાબા પાછા ફરતા. આમ ભિક્ષાટનમાં મળેલા પદાર્થ મસીદમાં લાવી એક ઠીકરાની કૂંડીમાં પોતે ઠાલવતા હતા. કૂતરાં, બિલાડાં, કાગડા-સૌ ખુશીથી તે ખાઈ જતાં પણ બાબા કોઈને હાંકી કાઢતા નહિ. મસીદનું ઝાડુ કાઢનારી બાઈ હરબાર-રોટલી લઈ જતી. તેને પણ કોઈ ના પાડતું નહિ. જેમણે કદી કઠોર શબ્દથી કે ઇશારા વડે પણ સ્વપ્નમાંયે કૂતરાં, બિલાડાને પણ કાઢી મૂકયાં નથી, તે અનાથ લોકોને અન્નની ના કેમ પાડે ? ખરે જ આવા અમીર પુરુષનું જીવન ધન્ય છે ! શરૂ-શરૂમાં શિરડીના



લોકો બાબાને ગાંડા ફકીર ગણતા હતા; અને એ નામે જ ગામમાં તેમને ઓળખતા હતા. રોટલાના ટુકડા ઉઘરાવી જનાર માણસને માનપાન પણ કોણ આપે ? પણ આ નિરાભિમાની ફકીર, દેહના તેમજ દિલના બહુ ઉદાર, દાની તથા વૈરાગી હતા. ઉપરથી તો તે ચંચલ ચિત્તના અને ક્રોધી દેખાતા હતા પણ અંતરથી તો દઢ-સ્થિર મનના મહાત્મા હતા. તેમના વર્ણની જ કોઈને ખબર પડી નથી. એમ છતાં તે શિરડી જેવા નાના ગામમાં એવા પણ થોડા ભલા-ભાગ્યવાન લોકો હતા, જેઓ આ મહાત્માને ઓળખીને પૂરું માન દેતા હતા. તેનું એક દષ્ટાંત જોઈએ.

***બાયજાબાઈની ભવ્ય સેવા :*** તાત્યા કોટેની માતા બાયજાબાઈ શાક તથા રોટલો એક ટોપલામાં માથે ઉપાડીને નિત્ય બપોરે વગડામાં જતાં હતાં અને આ ગાંડા ફકીરને ગોતીને જમાડવા માટે કેટલાએ ગાઉ કાંટા, ઝાંખરાં, ખૂંદતાં વગડેવગડે ભમતાં હતાં અને તેને ગોતીને પગે પડતાં હતાં. કોઈ સ્થળે તે શાંત સ્થિર ધ્યાનમાં બેઠા હોય ત્યારે તેમની પાસે પાંદડાની પતરાવળી મૂકી શાક-રોટલાનું ભોજન પીરસતાં હતાં અને પરાણે ખવડાવતાં હતાં. આ બાઈની શ્રદ્ધા તથા સેવા અજબ હતી. ખરા તડકે વગડામાં ભટકીને બાયજાબાઈ બાબાને આગ્રહ કરીને ભોજન કરાવતાં હતાં. બાબા અંતકાળ સુધી આ બાઈની આ સેવા, ઉપાસના, તપ કદી ભૂલ્યા નહોતા. આ સેવા બરાબર સ્મરણમાં રાખીને બાબાએ તેના પુત્રને સારો બદલો આપ્યો. આ માતા તથા પુત્રને બાબા પર ભારે શ્રદ્ધા હતી. તે તો બાબાને પ્રભુ જ ગણતાં હતાં. બાબા તેમને ઘણીવાર કહેતા: ''સદા ટકી રહે એવી તો ફકીરી જ છે. બાદશાહી તો ક્ષણિક જ છે.'' એ પછી થોડાં વર્ષ બાદ બાબાએ વગડામાં રખડવું છોડી દીધું અને મસીદમાં રહીને ભિક્ષા ત્યાં જ જમતા હતા. ત્યારથી બાયજાબાઈને વગડામાં ભમીને બાબાને જમાડવાની તકલીફ રહી નહિ.

***ત્રણ જણનો શયનખંડ :*** જેમના અંતરમાં ભગવાન વાસુદેવનો સદા વાસ છે એવા ભક્તોને ધન્ય છે. સાધુ-સંતોના સત્સંગનો લાભ પામનારા ભક્તો સાચા ભાગ્યશાળી છે. તાત્યા કોટે પાટીલ તથા ભગત મહાળસાપતિ

પરમ ભાગ્યશાળી હતા. કેમ કે સાઈબાબાના સત્સંગનો તેમને પૂરો લાભ મળ્યો હતો. બાબાનો પણ તેમના પર એકસરખો પ્રેમ હતો. આ ત્રણે જણ અનુક્રમે પૂર્વ, પશ્ચિમ તથા ઉત્તરમાં માથાં રાખીને અને મધ્યમાં એકબીજાના પગ અડકે તેમ સૂતા હતા. પથારી પર પડીને દેહ લંબાવતા હતા. મધ્યરાત્રિ પછી મોડે સુધી વિવિધ વાતોના ગપાટા મારતા હતા. આ ત્રણમાંથી જે કોઈ ઊંઘવા મંડતો કે ઝોકાં ખાતો તેને બાકીના બે જણ જગાડતા હતા. તાત્યા ઘોરવા માંડે કે તરત જ બાબા ઊઠતા અને તેને ઢંઢોળતા તથા માથું દાબીને જગાડતા હતા. તેમજ મહાળસાપતિને પડખે ખેંચીને તેના પગે ઢીંકા મારતા તથા વાંસામાં ધબ્બા લગાવતા હતા. આ રીતે બાબા પરના પ્રેમને લીધે, તાત્યા ઘેર માતા-પિતાને સુવાડી બાબા જોડે મસીદમાં ચૌદ વર્ષ સુધી સૂતા હતા. આ સત્સંગનો સમય કેવો આનંદપ્રદ અને સુખી હતો ! બાબાની કૃપાનું તથા દયાનું તો મૂલ્ય જ થાય તેમ નથી. તાત્યાના પિતા ગુજરી ગયા પછી તેને માથે ઘરનો બધો બોજો આવી પડ્યો અને ત્યારથી તેને ઘેર સૂવું પડ્યું.

**રાહતાના ખુશાલચંદ :** ગણપત કોટે પાટીલ પર બાબાનો સારો ભાવ હતો. એવો જ પ્રેમ રાહતાના શેઠ ચંદ્રભાણ મારવાડી પર પણ હતો. એ શેઠના સ્વર્ગવાસ પછી તેના ભત્રીજા ખુશાલચંદ પર બાબાનો એવો જ-બલ્કે તેથી વિશેષ પ્રેમ હતો. બાબા રાત-દિવસ તેના કલ્યાણની ચિંતા રાખતા. કોઈ વાર બળદગાડીમાં તો કોઈ વાર ટાંગામાં બાબા ભક્તો જોડે રાહતા જતા. ત્યારે રાહતાના લોકો ઝાંઝ-પખાજ લઈ ભજનો ગાતા બાબાનું સામૈયું કાઢતા અને ગામના દરવાજા સુધી આવી બાબાને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા તથા ભારે ધામધૂમથી બાબાને ગામમાં તેડી લાવતા અને ખુશાલચંદ શેઠને ઘેર લઈ જતા. સુંવાળી ગાદી પર તેમને બેસાડી સારું ભોજન જમાડતા હતા. ત્યાર બાદ બધા આનંદથી છૂટથી વાતો કરતા. આમ બધાને આનંદ પમાડી સર્વને આશીર્વાદ દઈ બાબા શિરડી પાછા ફરતા હતા. એક બાજુ દક્ષિણમાં રાહતા અને બીજી બાજુ ઉત્તરમાં નીમગામ, એ બે ગામની મધ્યમાં શિરડી આવેલું છે. બાબા શિરડી રહ્યા તે દરમ્યાન તે કદી આ બે ગામની હદ બહાર ગયા જ નથી.



તેમાંયે તેમણે રેલવે-ગાડી તો કદી દેખી જ નથી. એમ છતાં બધી ગાડીઓના આવવા-જવાના સમય-પત્રકની તેમને પૂરી ખબર હતી. જતી વેળા જે ભક્તો બાબાની રજા લેતા હતા તથા તેમની સૂચના મુજબ નીકળતા હતા તેમનું કુશળ થતું હતું, અને જે ભક્તો એ સૂચના અવગણતા હતા તેમને કંઈ ને કંઈ વિપત્તિ નડતી અને તેઓ એક કે બીજા અકસ્માતનો ભોગ થતા હતા. આ પ્રકારની કથાઓ હવે પછીના અધ્યાયમાં આપીશું.

(તા.ક. ખુશાલચંદ પર બાબાની પ્રેમભાવદર્શક એક કથા છે. એક બપોરે બાબાએ કાકા દીક્ષિતને રાહતાથી ખુશાલચંદને તેડવા સારુ મોકલ્યા. ખુશાલચંદ તે જ ક્ષણે જમીને બપોરની નિદ્રા લેતા હતા. ત્યાં જ સ્વપ્નમાં બાબાએ તેને શિરડી આવવા આજ્ઞા આપી હતી, જે કથા આ ગ્રંથના ત્રીસમા અધ્યાયમાં વર્ણવેલી છે.)

***સ્વસ્તિ શ્રી સંતસજજનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈ સમર્થ ભિક્ષાક્રમ'***
***નામ આઠમો અધ્યાય: સંપૂર્ણ ।***
***શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

# અધ્યાય ૯
# શ્રી સર્વજ્ઞ સાઈનાથ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

ગયા અધ્યાયને અંતે કહ્યું તેમ વિદાયવેળા બાબાની થયેલી આજ્ઞાનું પાલન કરનાર કેમ સુખી થતા અને ઉલ્લંઘન કરનાર કેવા હેરાન થતા તે વાતનાં થોડાં દૃષ્ટાંતો વિસ્તારથી આપી બીજી વાતો પણ આ અધ્યાયમાં વર્ણવું છું.

**શિરડીયાત્રા :** શિરડીયાત્રાની એક ખાસ ખૂબી એ હતી કે બાબાની રજા વિના કોઈ શિરડી છોડી શકતું નહિ. રજા વિના જનારના માથે વણકલ્પેલાં દુઃખ આવી પડતાં હતાં. એ જ રીતે બાબા જેમને શિરડી છોડી જવાની આજ્ઞા કરતા તેઓ એક ઘડી પણ શિરડીમાં ટકી શકતા નહિ. વિદાયની રજા લેનાર ભક્તને બાબા ચોક્કસ સૂચના દેતા હતા, જેનો અમલ દરેકને અવશ્ય કરવો પડતો હતો. એ આજ્ઞાની અવજ્ઞા કરી જનાર (અર્થાત્ બાબાની સૂચના વિરુદ્ધ વર્તનારા) એક અગર બીજા અકસ્માતનો ભોગ બન્યા વિના રહ્યા નથી. હવે તેનાં થોડાં દૃષ્ટાંત જોઈએ.

**તાત્યા કોટે પાટીલ :** એક વાર તાત્યા કોટે હટાણું કરવા ટાંગામાં કોપરગાવ જતો હતો. તેણે મસીદમાં એકદમ આવી બાબાને નમન કરીને કહ્યું કે 'હું હટાણું કરવા કોપરગાવ જાઉં છું.'' બાબા બોલ્યા, 'ઉતાવળો થા ના. થોડી વાર થોભી જા. ભલે બજાર ઊઠી જતી. શિરડીમાંથી બહાર નીકળીશ નહિ.'' એ છતાં જવા માટેની તેની આતુરતા જોઈ બાબાએ કહ્યું, 'તો છેવટે શામાને સાથે તેડતો જજે.'' પણ તાત્યા તો આ સૂચના પણ અવગણીને એકદમ ટાંગો હંકારી ગયો. તાજો જ ત્રણસો રૂપિયાનો એક ઘોડો તેણે ખરીદેલો. તે ભારે તોફાની હતો. માર્ગમાં સાઇલના પછી ભયંકર ઝડપથી તે



દોડવા લાગ્યો. તેથી કેડે આંચકો લાગવાથી તે નીચે પડ્યો. તાત્યાને બહુ વાગ્યું તો નહિ પણ તે દિવસથી શ્રી સાઈબાબાની આજ્ઞા માથે ચડાવવાનું કદી ભૂલ્યા નથી. બીજું એક વાર કોલ્હાપુર ગામ જતાં જ્યારે બાબાની આજ્ઞા અવગણી હતી ત્યારે પણ તેમને આવો જ અકસ્માત નડ્યો હતો.

**યુરોપિયન ગૃહસ્થ :** નાનાસાહેબ ચાંદોરકરનો ભલામણપત્ર લઈને એક યુરોપિયન ગૃહસ્થ કોઈ હેતુસર શિરડી આવેલો ત્યારે બહાર તંબૂ ઠોકીને તેમાં સુખપૂર્વક ઉતર્યો હતો. મસીદમાં જઈ બાબાને સાષ્ટાંગ પ્રણામ કરી તેમના હાથને ચુમવાની તેની ઇચ્છા હતી. તેણે મસીદમાં પ્રવેશવા ત્રણ વાર પ્રયત્ન કર્યો પણ બાબાએ તે નિષ્ફળ બનાવ્યો અને છેવટે આંગણમાં બેસીને પોતાનાં દર્શન કરવા બાબાએ તેને આજ્ઞા કરી. તેથી નારાજ થઈ એકદમ શિરડી છોડીને ઉપડી જવાનો મનસૂબો કરી તેણે બાબાને સલામ કરી બાબાની વિદાય માટે રજા માગી. ત્યારે બાબાએ તેને કહ્યું: 'કાલે જજે. ઉતાવળો થા મા.' લોકોએ પણ બાબાની આજ્ઞા માનવાની વાત કહી પણ ટાંગામાં બેસી શિરડી છોડી ગયો. પ્રથમ તો ઘોડા ઠીક દોડતા હતા. પણ સાઈલના કૂવા પાસે એક સાઇકલ સામી મળી. તેને જોતાં જ ઘોડા ભડક્યા અને ખૂબ વેગપૂર્વક દોડ્યા. એથી ટાંગો ઊંધો વળ્યો. પેલો ગૃહસ્થ હેઠો પડ્યો અને થોડેક સુધી ઘસડાયો. માણસોએ આવી તેને છૂટો તો કર્યો પણ થયેલી ઇજાની સારવાર માટે તેને કોપરગામની હૉસ્પિટલમાં કેટલોક સમય રોકાવું પડ્યું હતું. આવા અનુભવ ઘણાને થયા છે. તેથી લોકોએ મનમાં ચોક્કસ ગાંઠ જ વાળી હતી કે બાબાની આજ્ઞા કે સૂચનાની અવગણના કરનારા એક કે બીજા અકસ્માતનો ભોગ બન્યા વિના રહેતા નથી અને તેમની આજ્ઞા માથે ચડાવનારા સલામત અને સુખી થાય છે.

**ભિક્ષાની આવશ્યકતા :** હવે આપણે ભિક્ષાની કથા કહીશું. કેટલાક લોકોના મનમાં એવો પ્રશ્ન ઊઠે છે કે બાબા આવા મહાપુરુષ–ભગવાન જ હતા તો પછી જીવનભર તેમણે ભિક્ષા શા વાસ્તે માગી હતી ? આ પ્રશ્નનો વિચારીને ઉત્તર આપી શકાય : ૧) ભિક્ષા પર નિર્વાહ કરવાનો જેમને અધિકાર છે એવા લાયક પુરુષો કોણ ગણાય ? આપણાં શાસ્ત્રો તો કહે છે કે જેમણે ત્રણ

એષણા: ૧) પુત્રેષણા, ૨) વિત્તેષણા, ૩) લોકેષણાનો ત્યાગ કર્યો છે, તેમને જ આ અધિકાર છે. તેથી જ સંન્યાસીઓને ભિક્ષા પર નિર્વાહ કરવાનો અધિકાર છે અને તેમને ભોજન દેવાનો ધર્મ ગૃહસ્થીના માથે છે. સાઈબાબા ગૃહસ્થ નહોતા તેમજ વાનપ્રસ્થ પણ નહોતા. તે તો બ્રહ્મચારી સંન્યાસી હતા. બાળવયથી જ તે સંન્યાસી હતા. પોતે દ્રઢપણે માનતા હતા કે આ વિશ્વ મારું ઘર છે અને એ પોતે જ વિશ્વંભર વાસુદેવ નિત્ય બ્રહ્મ છે. તેથી તેમને ભિક્ષાનો પૂરો અધિકાર હતો. ૨) હવે બીજુ દષ્ટિબિંદુ પાંચ પાપ તથા તેનાં પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહ્યાં છે. દરેક જણ જાણે છે કે નિત્ય ભોજન તૈયાર કરતાં ગૃહસ્થીને પાંચ કર્મ કરવાં પડે છે: ૧) બાંડણિયો, ૨) ઘંટી, ૩) પણિયારું, ૪) સાવરણી, ૫) ચૂલો. આ દરેક કર્મમાં જીવજંતુની હિંસા થાય છે. તેથી ગૃહસ્થી નિત્ય પાપભાગી બને છે. એ પાપની નિવત્તિ-પ્રાયશ્ચિત્ત માટે આપણાં શાસ્ત્રોએ પાંચ યજ્ઞ બતાવ્યા છે : ૧) બ્રહ્મયજ્ઞ-વેદાધ્યયન, ૨) પિતૃયજ્ઞ, ૩) દેવયજ્ઞ, ૪) ભૂતયજ્ઞ, ૫) મનુષ્ય (અતિથિ)યજ્ઞ. શાસ્ત્રોએ બતાવેલા આ યજ્ઞો જો બરાબર થાય તો જ માનસિક પવિત્રતા આવે છે. તેથી જ્ઞાન તથા આત્મનિરીક્ષણ સહજસાધ્ય બને છે. આ દષ્ટિએ બાબા નિત્ય લોકોને ઘેર ઘેર ફરીને તેમના ધર્મની યાદ દેવડાવતા હતા અને લોકો પણ ઘેરબેઠાં જ બાબા પાસેથી આ વસ્તુનો લાભ મેળવવા ભાગ્યશાળી થતા હતા.

**ભક્તોના અનુભવ :** હવે બીજી રસભરી કથા કહીએ. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે''જે કોઈ મને ભક્તિપૂર્વક પત્ર-પુષ્પ-ફળ-જળ અર્પણ કરે છે તે પુણ્યવંત પુરુષની આ પવિત્ર વસ્તુઓ હું સ્વીકારું છું.'' સાઈબાબાનો ભક્ત, બાબાને આવી કોઈ વસ્તુ અર્પણ કરવાનો સાચો સંકલ્પ કરીને પછી ભૂલી જતો તો બાબા પોતે તેને અગર તેના મિત્રને તે યાદ દેવડાવતા હતા અને તેની બાધા પૂરી કરાવતા હતા. પોતે તેનો સ્વીકાર કરી આશીર્વાદ આપતા હતા, જેનાં થોડાં દષ્ટાંત જોઈએ.

**તર્ખડ પિતાપુત્ર :** રામચંદ્ર આત્મારામ ઊર્ફે બાબાસાહેબ તર્ખડ પ્રથમ પ્રાર્થના-સમાજિસ્ટ હતા. પછી તે બાબાના પરમ ભક્ત બન્યા. તે બાંદ્રા-મુંબઈમાં રહેતા હતા. તેમની પત્ની તથા પુત્ર પણ બાબાનાં ભક્ત બની બાબા



પર ખૂબ ભાવ રાખતા હતા. એક વાર મે-વૅકેશનમાં આ તર્ખડપુત્ર તથા તેની માતાએ શિરડી જઈને આખું વૅકેશન ત્યાં જ રહેવું એમ નક્કી કર્યું પણ પુત્રના મનમાં થયું કે જો હું બાંદ્રાથી શિરડી જઈશ તો મારા પિતા પ્રાર્થના-પૂજન નહિ કરે. તેથી તેના પિતાએ સોગન ખાઈને કહ્યું: 'હું બાબાનું પૂજન કરીશ.' તેથી માતાને ગયાં એક શુક્રવારે સાષ્ટાંગ પ્રણામ કરીને તર્ખડ બોલ્યા: ''હે બાબા, જેવું પૂજન મારો પુત્ર આપનું કરે છે તેવી જ પૂજા હું પણ કરવા માગું છું. પણ તેની પૂજનની વિધિની મને કશી ખબર નથી. માટે માફ કરશો.'' એમ કહી તેમણે પૂજા કરી અને નૈવેદ્યમાં થોડા સાકરના ગાંગડા ધર્યા અને જમતી વેળા એ પ્રસાદ બધાને વહેંચી દીધો.

બીજે દહાડે અને રવિવારે પણ એમ જ પૂજા કરી. પણ સોમવારથી તર્ખડને નોકરી પર જવાનું હતું. પૂરી ખાતરી હતી. બીજે દિવસે મંગળવારે પણ નિયમ મુજબ તેમણે પૂજા કરી અને નોકરી પર સવારે ગયા. બપોરે ઘેર આવી જમવા બેઠા ત્યારે જોયું તો ભાણામાં નિત્યની જેમ સાકરના ગાંગડાનો પ્રસાદ નહોતો. રસોઇયાને પૂછ્યું તો તેણે કહ્યું કે 'આજે તમે સાકરનું નૈવેદ્ય જ ધર્યું નથી. પૂજનમાં નૈવેદ્ય ધરાવવાનું જ તમે ભૂલી ગયા છો.' એથી તર્ખડે ઊઠી છબી પાસે જઈ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી ક્ષમા માંગી અને સાથે બાબાને ઠપકો આપતા હોય તેમ કહ્યું કે 'આપ એક રસમ પૂરતું આ પૂજનક્રિયાનું માર્ગદર્શન મને કેમ દેતા નથી ?' એ પછી આ સર્વ હકીકતનો એક પત્ર તેણે શિરડી, પુત્ર પર લખ્યો અને એ પત્ર બાબાને ચરણે ધરી ભૂલ માટે બાબાની ક્ષમા માગવા સારુ પુત્રને લખી દીધું. આમ મંગળવારે બપોરે આ સર્વ બીના બાંદ્રામાં બની.

એ જ વખતે અહીં શિરડીમાં બપોરની આરતીની તૈયારી કરતા હતા ત્યાં જ બાબાએ શ્રીમતી તર્ખડને કહ્યું ''મા, હું તારે બાંદ્રાના ઘરે ભોજન સારુ ગયો હતો. પણ બારણે તાળું હતું. છતાં ગમે તેમ કરી હું ઘરમાં તો પેઠો પણ ભાઈએ (તર્ખડે) મારા માટે કંઈ ખાવાનું રાખ્યું નહોતું. તેથી મારે ભૂખ્યા જ પાછા આવવું પડ્યું.'' શ્રીમતી તર્ખડ આ વાતનો અર્થ કંઈ સમજ્યાં નહિ. પણ પાસે બેઠેલો પુત્ર બધું સમજી ગયો કે ઘેર બાંદ્રે પૂજનમાં કંઈક ગડબડ થયેલી

છે. તેથી તેણે ઘેર જવા સારું બાબાની રજા માગી. બાબાએ ના પાડી અને શિરડી જ રહીને પૂજન કરવાની આજ્ઞા કરી. તેથી પિતા પર કાગળ લખી શિરડીમાં બાબા પાસે થયેલી બધી વાત બાંદ્રા લખી મોકલી અને પૂજનમાં કશી ગફલત ન કરવા વિનંતી કરી.

આમ આ બંને પત્રો સામ-સામા એક જ દિવસે લખાયા અને દરેકને બીજે દહાડે એ પત્ર મળ્યા. આ અજાયબીભરી હકીકત જાણીને સૌ ભારે અચંબો પામ્યા.

**શ્રીમતી તર્ખડ :** હવે શ્રીમતી તર્ખડના પોતાના અનુભવની એક વાત કહું છું. એક વાર તેણે નૈવેદ્યમાં ત્રણ વસ્તુ ધરાવવાનો સંકલ્પ કર્યો :

૧. રીંગણાનું ભરતું ૨. રીંગણાના તળેલા કાપ ૩. લાડુ. બાબાએ તે સર્વનો કેવા પ્રેમથી સ્વીકાર કર્યો હતો તે સાંભળો.

બાંદ્રાના બાબાના પરમ ભક્ત શ્રી રઘુવીર ભાસ્કર પુરંદરે સહકુટુંબ શિરડી જતા હતા. શ્રીમતી તર્ખડે શ્રીમતી પુરંદરેને ઘેર જઈ બે રીંગણ આપ્યાં ને કહ્યું, ''તમે શિરડી જાઓ છો તો આ એક રીંગણાનું ભરતું બનાવજો અને બીજા રીંગણાના કાપ કરીને તળીને બાબાને નૈવેદ્યમાં ધરજો.'' શ્રીમતી પુરંદરે શિરડી પહોંચી એક રીંગણાનું ભરતું બનાવી રકાબી લઈ મસીદમાં ગયાં. તે વખતે બાબા ભોજન કરવા બેસવાની તૈયારીમાં જ હતા. બાબાએ રકાબી લીધી. તેમણે એ સ્વાદદાર ભરતું સર્વને વહેંચી દીધું અને પછી કહ્યું: 'હવે મારે રીંગણાના કાપ જોઈએ છે. તેથી એક જણે રાધાકૃષ્ણમાઈ પાસે જઈ બાબા કાપ મંગાવે છે એમ કહ્યું. માતાજી આશ્ચર્ય પામ્યાં કે આ ઋતુ કંઈ રીંગણાની નથી છતાં કાપ કેમ મંગાવ્યા હશે ? રીંગણાં લાવવાં ક્યાંથી ? તેથી આજે રીંગણાનું ભરતું કોણ લાવ્યું હતું તેની તપાસ કરી ત્યારે શ્રીમતી પુરંદરેએ તે ધરાવ્યું હતું એમ ખબર પડી અને વધુ તપાસ કરતાં માલૂમ પડ્યું કે તેમને આ ભરતા જોડે કાપ પણ નૈવેદ્યમાં ધરવાનું કામ શ્રીમતી તર્ખડેએ સોપ્યું હતું. એથી જ બાબાએ આ કાપની માંગણી કરી હતી. આમ બાબાની સર્વજ્ઞતાની આ વાત સાંભળી બધાં વિસ્મય પામ્યાં.



સને ૧૯૧૫ ના ડિસેમ્બર માસમાં બાંદ્રાના શ્રી ગોવિંદ બાળારામ માનકરને પોતાના પિતાનું શ્રાદ્ધ શિરડી જઈને કરવાનું મન થયું. તેથી નીકળતાં અગાઉ તે શ્રી તર્ખડને મળ્યો. તે વખતે પણ બાબા સારું કંઈક નૈવેદ્ય મોકલવાની શ્રીમતી તર્ખડને ઇચ્છા થઈ. ઘરમાં ખૂબ તપાસ કરી પણ પૂજનમાં ધરેલા પેંડા સિવાય કોઈ વસ્તુ તેને હાથ લાગી નહિ. તેથી એ પેંડા જ તેને આપ્યા ને બાબા તેનો જરૂર સ્વીકાર કરશે એમ સંકલ્પ કર્યો. આ ગોવિંદને તો પિતાના મૃત્યુનો શોક હતો છતાં બાબા પરની ભારે પ્રેમભક્તિને લીધે આ પેંડા તો શિરડી લેતો ગયો. પણ બાબાનાં દર્શન કરવા તે મસીદમાં ગયો ત્યારે પોતાની જોડે એ પેંડા લેવાનું ભૂલી ગયો હતો. પણ બાબા તો તેની જ રાહ જોતા હતા. દર્શન કરી તે ઉતારે ગયો અને ફરીથી બપોરે મસીદમાં ગયો ત્યારે પણ પેંડા લઈ જવાનું ભૂલી ગયો અને ખાલી હાથે ગયો. હવે બાબાની ધીરજ ખૂટી. તેથી તરત જ બાબાએ તેને પૂછ્યું : ''તું મારા માટે શું લાવ્યો છે ?'' તેણે કહ્યું: ''કંઈ નહિ, બાબા.'' ત્યારે બાબાએ યાદ આપી સીધો જ પ્રશ્ન કર્યો કે ''તું અહીં આવવા નીકળ્યો ત્યારે તર્ખડમાજીએ મારા માટે કંઈ મીઠાઈ મોકલી નથી ?'' એ સાંભળતાં જ તેને પેલા પેંડા યાદ આવ્યા. તેથી તે શરમાયો અને બાબાની ક્ષમા માગી ઉતારા પર જઈ પેંડા લઈ આવી બાબાને આપ્યા. બાબાએ પેંડા હાથમાં લેતાં જ એ પેંડાના ટુકડા મોઢામાં મૂકી ગળે ઊતારી ગયા. આમ શ્રી સર્વજ્ઞ બાબાએ શ્રીમતી તર્ખડની ભક્તિની કદર કરી તેની ભેટનો સ્વીકાર કર્યો. ''કોઈ પણ માણસનો મારા પર જે ભાવ હોય તે હું અવશ્ય સ્વીકારું છું.'' ગીતા (૪૧૧) એ પ્રભુકથન બાબાએ દૃષ્ટાંત વડે સાબિત કર્યું.

**બાબા ધરાઈને કેમ ખવડાવતા ?** એક વખત શ્રીમતી તર્ખડ શિરડી એક મકાનમાં રહેતાં હતાં. બપોરે જમવાનું તૈયાર કરી નાખ્યું. પીરસ્યું તેવો જ એક ભૂખ્યો કૂતરો આવી ત્યાં રડવા લાગ્યો. શ્રીમતી તર્ખડે ઊઠીને રોટલાનું ચોથીલું તેને નાખ્યું. કૂતરો આનંદથી તે ખાઈ ગયો. સાંજના તે મસીદમાં ગયાં અને નમસ્કાર કરીને બેઠાં ત્યારે બાબાએ તેમને કહ્યું: ''માજી, આજે તમે મને ધરાઈને ખવડાવ્યું છે. મારા દુઃખી પ્રાણને તમે સંતોષ્યા છે. સદા આમ જ કરજો. એથી તમારું કલ્યાણ થશે. આ મસીદમાં બેસીને હું જૂઠું બોલતો નથી.

*તમે આમ જ મારા પર દયા કરજો. પ્રથમ ભૂખ્યાને રોટલો જમાડી પછી જ આરોગજો. આ વસ્તુ બરાબર યાદ રાખજો.'' પ્રથમ તો બાબાએ આ બધું શું કહ્યું તે જ એ સમજ્યાં નહિ. તેથી તેમણે તો ઉત્તર દીધો,''બાબા, હું આપને શું જમાડવાની હતી ? હું પોતે જ બીજાને ઘેર રહીને પૈસા આપી વીશીમાં જમું છું.'' ત્યારે બાબાએ ઉત્તર દીધો : ''આજે તમે ભાવથી દીધેલો રોટલો ખાઈને મારું પેટ ભર્યું છે. મને હજુ એના ઓડકાર આવે છે. તમે ભાણા પર બેસતાં હતાં ત્યારે જે રડતા ભૂખ્યા કૂતરાને ઊઠીને તમે જે પ્રમાણે જમાડ્યું તે અને તેની જેમ બિલાડાં-કૂતરાં-ગાય-માખી-મચ્છર એ સર્વ પ્રાણીઓ પણ મારાં જ રૂપ છે.એ સર્વ રૂપે હું રમણ કરું છું. જેઓ મને આ સર્વ પ્રાણીમાં જુએ છે તેઓ જ મને બહુ વહાલાં છે. માટે દ્વૈતભાવ તજીને આજે જેમ તમે મારી સેવા કરી છે તેવી જ સેવા સદા કરતાં રહેજો.'' અમૃત જેવી આ મીઠી વાતનો રસ પીતાં પીતાં શ્રીમતી તર્ખડની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. તેમનો કંઠ ભરાઈ આવ્યો અને આનંદની સીમા રહી નહિ.*

*સાર : આ અધ્યાયનો સાર એ છે કે સર્વ પ્રાણીમાં મારું-પ્રભુનું દર્શન કરો. ઉપનિષદ, ગીતાજી, ભાગવત-એ સર્વ ગ્રંથોએ ભગવાનના દિવ્યસ્વરૂપનું દર્શન સર્વ પ્રાણીઓમાં કરવાનું કહ્યું છે. આ અધ્યાયમાં સંતે આપેલાં દષ્ટાંત વડે તેમજ એવાં બીજાં અસંખ્ય દષ્ટાંત દ્વારા બાબાએ ઉપનિષદ્‌ના શિક્ષણનો અમલ કેમ કરવો તે બરાબર આપણને સમજાવ્યું છે.*

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સર્વજ્ઞ સાઈનાથ'**
**નામ નવમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

## અધ્યાય-૧૦.

### શ્રી સાઈ-સમર્થ મહિમા.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુળદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરૂ-સાઈનાથાય નમઃ ।

શ્રી સાઈબાબાનું સદા પ્રેમથી સ્મરણ કરજો. બાબા તો સર્વનું કલ્યાણ કરવામાં જ નિમગ્ન રહેતા અને સદા આત્મનિમજ્જનમાં વસતા હતા. તેમના સ્મરણમાત્રથી જીવન-મરણના પ્રશ્નો ઉકલી જાય છે. આ સાધન જ સૌથી સહેલું ને ઉત્તમ છે. કેમકે તેમાં કંઈ જ ખર્ચ કરવો પડતો નથી. અલ્પ પ્રયાસે ભારે બદલો મળે છે. માટે દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી હર પળે આ સાધનાને ચોંટી રહેજો. બીજા સર્વ દેવ તો ઇન્દ્રજાળ જેવા છે. આ સદ્‌ગુરૂ જ સાચા ઈશ્વર છે. સદ્‌ગુરૂના પવિત્ર પાદપદ્મમાં દૃઢ શ્રદ્ધા રાખશો તો અવશ્ય સદ્‌ભાગ્યનો ઉદય થશે. સદ્‌ગુરૂની ભાવથી સેવા કર્યેથી સંસારસાગર તરી જવાય છે. અને ન્યાય તથા મીમાંસા જેવા તત્ત્વજ્ઞાનના અઘરા ગ્રંથના અધ્યયનની પણ આપણને જરૂર પડતી નથી. જો સદ્‌ગુરૂને સુકાની બનાવીએ તો આ સંસારનો કલેશમય સાગર સહજ પાર કરી શકાય છે. નદી અગર સમુદ્રને પાર કરવામાં આપણે જેમ સુકાનીનો ભરોસો કરવો પડે છે તેવી જ રીતે આ ભવસાગર તરવામાં આપણે સદ્‌ગુરૂ પર શ્રદ્ધા રાખવી જોઈએ. ભક્તોની ભક્તિ તથા તીવ્ર મનોવેગ પર જ સદ્‌ગુરૂ જુએ છે અને તે જોઇને અખંડ સુખાનંદ તથા જ્ઞાન બક્ષે છે.



છેલ્લા અધ્યાયમાં બાબાની ભિક્ષા તથા ભક્તોના અનુભવમાં વર્ણન આપ્યાં. હવે સાઈબાબા ક્યાં તથા કેમ રહેતા, કેમ સૂતા, કેમ બોધ દેતા હતા એ સર્વનું વર્ણન શ્રોતા પાસે કરૂં છું.

**બાબાનો અજબ ખાટલો :** પ્રથમ તો બાબા કયે સ્થળે, કેમ શયન કરતા હતા તે જોઇએ. તેમના તે શયન માટે ચારેક હાથ લાંબુ અને એકાદ વેંત પહોળું લાકડાનું પાટીયું શ્રી. નાના-સાહેબ ડેંગળે લઈ આવ્યા. આ પાટીયું જમીન પર ગોઠવી તેના પર સૂવાને બદલે તેને જુનાં ચીંદરડાં વડે બાબાએ હીંચકાની જેમ મસીદનાં પીઢીયાં જોડે બાંધ્યું. આ પાતળાં સડેલાં ચીંદરડાં પાટી-યાનું જ વજન સહન કરી શકશે કે કેમ એજ પ્રશ્ન હતો; ત્યાં બાબાના દેહનું વજન તો તે ક્યાંથી ઉપાડી શકે? પણ કોઈ અજબ કરામતને લીધે જ એ સડેલાં ચીંદરડાં પર પાટીયાનું તેમજ બાબાનું વજન બરાબર ટકી શક્યું. આ પાટીયાના ચાર ખુણે બાબા કોડીયામાં તેલ પુરી વાટો મૂકી દીવા સળગાવીને મૂકતા અને એ દીવા આખી રાત બળતા હતા. આ પાટીયા પર બેઠેલા કે સૂતેલા બાબાનાં દર્શન તો દેવને પણ દુર્લભ છે. પાટીયાના આવા હીંચકા પર બાબા કઈ રીતે ચડતા ઉતરતા તે જોવાનું લોકોને કુતુહલ થતું પણ. તેમાં કોઈ ફાવ્યું નથી. આ અજબ દર્શન માટે જ્યારે લોકોનાં ટોળાં એકઠાં થવા લાગ્યાં ત્યારે બાબાએ એ પાટીયું ભાંગી ટુકડા કરી ફેંકી દીધું. બાબા તો અષ્ટસિદ્ધિને વરેલા હતા. અલબત્ત તેમણે તેને માટે કોઈ સાધના કરી નથી કે તેની કશી ઝંખના કરી નથી. એમની પૂર્ણતાને પ્રતાપે જ આ સિદ્ધિઓ સ્વાભાવિક જ તેમને વરેલી હતી.

**બ્રહ્મનો સગુણ અવતાર :** શ્રી સાઈબાબા માત્ર સાડા-ત્રણ હાથના દેહધારી હતા છતાં સર્વના હૃદયમાં તેમનો વાસ હતો. અંતરથી તો તે બેફીકર વૈરાગી જ હતા પણ બહારથી તે લોક-કલ્યાણની ભાવના સેવતા હોય એમ લાગતું હતું.

http://vipuldesai.ning.com/(suratiundhiyu)



અંતરથી પોતે સંપૂર્ણ વૈરાગી હતા છતાં બહારથી ભક્તોના કલ્યાણની કામના પુરતા દેખાતા હતા. અંતરથી પોતે શાંતિના ધામ હતા પણ બહારથી તે ભારે અસ્વસ્થ દીસતા હતા. અંતરથી તો તે બ્રહ્મની સ્થિતિ પર પહોંચ્યા હતા પણ બહારથી તે કોઈવાર સંસારી જેવા દેખાતા હતા. અંતરથી તેમને અદ્વૈત પર જ સાચો પ્રેમ હતો પણ બહારથી તે આ સંસારમાં લુબ્ધ બનેલા દીસતા હતા. કોઈવાર પોતે લોકો પર પ્રેમદૃષ્ટિથી નિરખતા હતા તો કોઈવાર તેમને પત્થર ફેંકીને મારતા હતા. કોઈવાર તેમને ગાળો દેતા તો કોઈવાર તેમને પ્રેમથી ભેટતા હતા; અને પછી શાંત સહનશીલ થઈને બેસતા હતા. પોતે સદા આત્મામાં જ રમમાણ રહેતા હતા અને ભક્તો ઉપર સદા પ્રેમભાવ રાખતા હતા. એકજ આસન પર પોતે સદા બેસતા હતા. પ્રવાસ તો તેમણે કદી કર્યો જ નથી. તેમના હાથમાં સદા રહેતો પેલો સટકો-દંડુકો જ તેમનો દંડ હતો. નિશ્ચિત બનીને જ તે સદા બેસતા હતા. તેમણે ધન કે કીર્તિની પરવા કદી કરી નથી અને ભિક્ષા પર જ સદા નિર્વાહ ચલાવ્યો છે. આવું સાદું જીવન તેમણે એકધારૂં ગાળ્યું છે. 'અલ્લાહ માલિક' શબ્દો જ સદા તેમની જીભ પર રમતા હતા. ભક્તો પરનો તેમનો પ્રેમ સદા અખંડ અને અજબ હતો. ને આત્મજ્ઞાનનો ભંડાર હતા અને દિવ્યાનંદની ખાણ હતા. શ્રી સાઈબાબાનું આવું દિવ્ય રૂપ હતું. સમગ્ર વિશ્વને આવરી લેતા અનંત, અખંડ, નિર્વિકલ્પ સિદ્ધાંતના લોકોને જ આ અમૂલ્ય રત્નનાં દર્શન થતાં હતાં. છતાં સાઈબાબાનું સાચું મૂલ્ય નહિ જાણનારા તેમને એક સામાન્ય માનવી જ ગણતા હતા તેઓ ખરે જ કમભાગી હતા અને છે.

**તેમનો શીરડીમાં વાસ તથા સંભવિત જન્મતિથિ :** શ્રી સાઈબાબાનાં માતાપિતાની અગર તો તેમની જન્મતિથિની



કોઈને ખબર નથી. એનું અનુમાન તો તેમના શીરડીના વાસ વડે જ કંઈક અંશે કરી શકાય છે. સૌ પ્રથમ બાબા સોળવર્ષના કુમારાવસ્થામાં પ્રગટ થયા અને ત્યાં ત્રણ વર્ષ રહ્યા. એ પછી કેટલાક વર્ષ સુધી તે એકાએક અદૃશ્ય થયા. ત્યાર બાદ તેઓ ઔરંગાબાદ પાસે નિઝામ રાજ્યમાં જોવામાં આવ્યા, જ્યારે તે વીસેક વર્ષના હતા, ત્યારે ચાંદપાટીલની જાન જોડે પુનઃ શીરડી આવ્યા. એ પછી પોતે સતત સાઠ વર્ષ સુધી શીરડીમાં જ રહ્યા હતા અને સને ૧૯૧૮માં તેમણે મહાસમાધિ લીધી. આ ઉપરથી આપણે એટલું કહી શકીએ કે બાબાની જન્મતિથિ આશરે સને ૧૮૩૮ લગભગ હોવી જોઈએ.

**બાબાનું જીવનકાર્ય તથા બોધ :** સંત રામદાસ (સને ૧૬૦૮-૧૬૮૧) સત્તરમી સદીમાં થયા, જેમનું જીવનકાર્ય મુસ્લિમ ધર્માંધતાની સામે ગો-બ્રાહ્મણની રક્ષાનું હતું અને તે તેમણે પાર પાડ્યું, પણ એ પછીના બે સૈકા દરમ્યાન હિન્દુ-મુસ્લિમ એ બે કોમ વચ્ચે તંગદીલી વધી ગઈ, જેને ઘટાડવા સારૂ જ સાઈબાબા અવતર્યા હતા. પોતે તમામને સદા બોધ દેતા, "હિન્દુના રામ તથા મુસ્લિમના રહીમ બન્ને એક જ છે. એ બે વચ્ચે કંઈ ભેદ નથી. તો પછી ભક્તો અંદર અંદર શા વાસ્તે લડી મરે છે? હે અજ્ઞાની જનો! તમે એક બીજાના હાથ મિલાવો અને બન્ને કોમમાં એકસંપી લાવો. ડાહ્યા થઈને ચાલશો તો જ દેશના ઐક્યનો હેતુ સહજ સરશે. દલીલબાજી કે કજીયા કરવા, કોઈ કામના નથી. એક બીજાને કદી ઉશ્કેરશો નહિ. તમારા કલ્યાણ તથા હિતનું જ સદા ચિંતન કરજો. પ્રભુ તમારૂં રક્ષણ કરશે. પ્રભુને પામવાનાં સાધન તો યોગ, યજ્ઞ, તપ તથા જ્ઞાન છે. તેમાં તમે નિષ્ફળ જશો તો તમારો ફેરો ફોગટ છે. કોઈ તમારૂં બુરૂં કરે તો તેનો બદલો લેવા પ્રયત્ન કરશો નહિ. બને તો બીજાનું ભલું કરજો." શ્રી સાઈબાબાનો બોધ ટુંકમાં આ પ્રકારનો

હતા. ભૌતિક તેમજ દૈવિક. બન્ને ક્ષેત્રમાં તે સારી પ્રગતિ કરે છે.

**સદ્‌ગુરૂ સાઇબાબા :** ગુરૂ ગુરૂ વચ્ચે ફેર છે. કેટલાક કહેવાતા ગુરૂ હાથમાં મંજીરા ને તંબુરો લઈ ઘેર ઘેર આંટા દે છે અને ધાર્મિક ભાવનો દંભ કરે છે. શિષ્યોના કાનમાં મંત્ર ફુંકે છે. અને તેમનું ધન હરી જાય છે. શિષ્યોને પાવિત્ર્ય તથા ધર્મનો બોધ કરે છે પણ પોતે જ અપવિત્ર તથા ધર્મરહિત હોય છે. શ્રી સાઇબાબા પોતાની યોગ્યતા કે પાવિત્ર્યનો કદી દંભ કરતા નહિ. દેહાભિમાન તો તેમને હતું જ નહિ. શિષ્યો પર ખૂબ પ્રેમ રાખતા. ગુરૂ બે પ્રકારના છે : (૧) નિયત (ચોક્કસ); (૨) અનિયત (સામાન્ય). આ અનિયત (સામાન્ય) ગુરૂ બોધ દ્વારા સદ્‌ગુણને ઉન્નત કરે છે; અંતઃકરણ પવિત્ર કરે છે અને આપણને મુક્તિના માર્ગે દોરી જાય છે. પણ નિયત ગુરૂ તો માત્ર સત્સંગ વડે જ દ્વૈતભાવ નિર્મૂળ કરે છે. 'તત્વમસિ'નો સાચો અર્થ સમજાતાં શિષ્ય પણ એકત્વને પામે છે. વિવિધ ગુરૂ વિવિધ પ્રકારનું સંસારી જ્ઞાન આપણને દે છે. પણ જે ગુરૂ આત્મામાં સ્થિત કરે તથા સંસારસાગરની પાર લઈ જાય તેજ સાચા સદ્‌ગુરૂ છે. શ્રી સાઈબાબા આવા સદ્‌ગુરૂ હતા. એમની મહત્તા વર્ણવી જાય તેમ નથી. તેમના દર્શનાર્થે જનારને બાબા પાસેથી ભૂત વર્તમાન તથા ભવિષ્યની સર્વ માહિતી સહજ મળી જતી. બાબા પ્રાણીમાત્રમાં ઈશ્વર દર્શન કરતા હતા. શત્રુ-મિત્ર સર્વ તેમને સમાન હતા. વૈરાગ્યવૃત્તિવાળા સમભાવી સાઇબાબા દુષ્ટ જનો પર પણ કૃપા કરતા હતા. સંપત્તિ-વિપત્તિ તેમને મન સમાન હતી. તેમના દીલમાં શંકા તો કદી ઉઠતી જ નહિ. દેહી બનીને કાર્ય કરતા હતા છતાં તેમને દેહનો કે વાસનાનો મુદ્દલ મોહ નહોતો. પોતે દેહધારી હતા છતાં ખરી રીતે તેઓ જીવન્મુક્ત જ હતા.

જે લોકો શ્રી સાઇબાબાને જીવન્મુક્ત ગણીને તેમનું પૂજન કરતા હતા તેમને ધન્ય છે! ખાતાં, પીતાં, ઉઠતાં બેસતાં,



ઘેર કે ખેતરમાં કામ કરતાં શીરડીના જે લોકો સદા બાબાનું જ સ્મરણ કરતા તથા તેમનાં ગુણગાન કરતા હતા તેમને ધન્ય છે! શ્રી સાઇબાબા સિવાય તેમને અન્ય કોઈ દેવ નહોતા. શીરડીની સ્ત્રીઓનાં પ્રેમ તથા તેની મીઠાશની હું શી વાત કરૂં! આ બાઇઓ તદ્દન અભણ હતી છતા બાબા પરના પ્રેમને લીધે સાદી ગામઠી ભાષામાં બાબાના જોડકણાં રચીને ગાતી હતી. તેઓ કંઇ ભણી નહોતી, છતાં તેમનાં સાદાં ગીતોમાં સાચી કવિતાના અંશ હતા. આવી સાદી કવિતા બુદ્ધિને લીધે નહિં પણ પ્રેમને લઇને જ સ્ફુરે છે. સાચી કવિતા સત્ય સ્નેહનું દર્શન કરાવે છે. બુદ્ધિશાળી શ્રોતા તે સમજી શકે છે. આ લોકગીતોનો સંગ્રહ કરવા જેવો છે. અને બાબાની ઇચ્છા હશે તો કોઈ ભાગ્યવંત ભક્ત આ લોકગીત એકત્ર કરી તેના પ્રકાશનનું કામ પણ માથે લેશે અને સાઇબાબા માસિકમાં કે જુદા પુસ્તકાકારે તે પ્રગટ કરશે.

**બાબાની નમ્રતા :** ભગવાનના મુખ્ય છ ગુણ કહ્યા છે : (૧) કીર્તિ; (૨) ધન; (૩) વૈરાગ્ય. (૪) જ્ઞાન; (૫) ઐશ્વર્ય; (૬) ઉદારતા. શ્રી સાઇબાબામાં આ છ યે ગુણ હતા. ભક્તોના અર્થે જ તેમનો અવતાર થયો હતો. બાબાની દયા તથા કૃપા અજબ હતી. તેને લીધે જ ભક્તોનું તેમના તરફ આકર્ષણ થતું હતું. નહિતર તેમને કોણ પિછાની શક્ત? જે શબ્દોનું ઉચ્ચારણ સરસ્વતી પણ ન કરી શકે તેવા શબ્દો બાબા પોતાના ભક્તો માટે વાપરતા હતા. તેનું એક દષ્ટાંત આપું : બાબા એક વાર ખુબ નમ્રતાથી બોલ્યા : "હું તો તમારા દાસનો દાસ છું. તમારો ઋણી છું. તમારા દર્શનથી હું તૃપ્ત થયો છું. તમારા ચરણના દર્શનને જ હું મોટી કૃપા સમજું છું. હું તો તમારા મળનો માત્ર એક કીડો છું. એમ માનીને જ હું મારી જાતને ભાગ્યવંત ગણું છું." આ કેટલાં નમ્રતાભર્યાં વચન છે? વાત અહીં આપીને સાઈબાબાની લઘુતા હું દર્શાવું છું એવું જો કોઇને લાગે તો હું બાબાની ક્ષમા



માગી લઉં છું અને તેના પ્રાયશ્ચિત્તરૂપે બાબાનું નામ સ્મરણ કરીને હું તેમના ગુણગાન જ કરૂં છું.

બહારથી શ્રી બાબા આંખ-કાન-નાક-જીભ ઈત્યાદિનું ઇન્દ્રિય-સુખ ભોગવતા દેખાતા હતા, છતાં અંતરથી એ કોઇ સુખની ગંધ સરખી તેમને નહોતી અગર તો તેમને એ સુખભોગનું કદાપિ ભાન પણ નહોતું. પોતે જમતા હતા છતાં સ્વાદ નહોતો. આંખ વડે પોતે જોતા હતા, છતાં તેમાં મુદ્દલ રસ નહોતો. કામ-ભાવની બાબતમાં તો પોતે હનુમાનજી જેવા પૂર્ણ બ્રહ્મચારી હતા. કોઈ વસ્તુ પર તેમને રાગજ નહોતો. પોતે પવિત્ર ભાવમય હતા. ટુંકામાં તે પૂર્ણ, મુક્ત, વૈરાગી હતા. આ બાબતનું એક અજબ દષ્ટાંત આપું :

**નાનાવલ્લી :** શીરડીમાં નાનાવલ્લી નામે એક ભારે વિચિત્ર માણસ રહેતો હતો. બાબાની રહેણીકરણી પર તે નજર રાખ્યા કરતો. એક વાર બાબા પાસે મસીદમાં આવ્યો. બાબા ગાદી પર બેઠા હતા. તેણે બાબાને કહ્યું : "મારે આ ગાદી પર બેસવું છે. તું ઉભો થા." બાબાએ ઉભા થઇ ગાદી ખાલી કરી આપી. પેલો એ ગાદી પર બેઠો. થોડી વાર બેસીને તે ઉઠી ગયો અને બાબાને એ ગાદી પર બેસવા ફરમાવ્યું. એથી બાબા ગાદી પર બેઠા ત્યારે આ નાનાવલ્લી બાબાના પગમાં પડ્યો અને ચરણરજ લઈ ચાલ્યો ગયો. આમ બાબા આવાં માણસો પર પણ કિંચિત ક્રોધ દર્શાવતાં નહોતા.

આ નાનાવહીનો સાઇબાબા પર એટલો બધો પ્રેમ હતો કે બાબાએ મહાસમાધિ લીધા પછી તેરમે જ દહાડે તેણે પણ દેહ છોડી દીધો હતો.

**સૌથી સરળ માર્ગ :** સંતોનો સત્સંગ કદી તેમની વાતોનું ધ્યાનથી શ્રવણ કરવાથી ભારે લાભ થાય છે.



બહારથી તો બાબા સામાન્ય માણસની જેમ વર્તન રાખતા હતા. છતાં તેમનાં કામ અદ્‌ભુત બુદ્ધિવૈભવયુક્ત હતાં. પોતે જે કંઈ કરતા હતા તે ભક્તોના કલ્યાણ અર્થે જ કરતા હતા. પોતે કોઇને આસન, પ્રાણાયામ કે એવી કોઈ વિધિ બતાવતા નહોતા. અગર કોઇના કાનમાં મંત્ર પણ ફુંકતા નહોતા. તે ઘણી વાર કહેતા હતા : "બધી હોશીયારી છોડી દેજો. સદા 'સાઈ, સાઈ' નામનું રટણ કરજો. એથી તમારાં બંધન તુટી જશે અને મુક્ત બનશો." પંચાગ્નિ, યજ્ઞ, જપ, અષ્ટાંગયોગ, એ સર્વ તો માત્ર બ્રાહ્મણો માટે છે. અન્ય વર્ણને તે કંઈ કામનાં નથી. મનનો ધર્મ સંકલ્પ-વિકલ્પનો છે. તે વિના એક ક્ષણ પણ તે નવરૂં બેસતું નથી. તેને કોઈ ઇન્દ્રિય ભોગનો પદાર્થ આપો તો તે તેના પર સંકલ્પ-વિકલ્પ દોડાવશે. જો તેને તમે ગુરૂ આપો તો ગુરૂ વિષે વિચારવા લાગશે, શ્રી સાઇબાબાની ભવ્યતા તથા મહત્તાનું તમે ખૂબ ધ્યાનથી શ્રવણ કર્યું છે. તેને જ સાઇબાબાનું સ્વાભાવિક સ્મરણ-પૂજન-કીર્તન ગણજો. સંતની કથાનું શ્રવણ એ કંઈ ઉપર કહેલાં સાધન જેવું કઠણ નથી. તેમની કથા આ સંસારના ભય નિવારે છે. તથા શ્રોતાને ભક્તિના માર્ગે વાળે છે. માટે આ કથાનું શ્રવણ કરજો, મનન કરજો તથા નિદિધ્યાસ કરજો. એ પ્રમાણે કરવાથી માત્ર એકલા બ્રાહ્મણ જ નહિ પણ સ્ત્રીઓ તથા અન્ય વર્ણના લોકો પણ પવિત્ર ધર્મપ્રેમી બનશે. સંસારના ધર્મ બજાવતાં બજાવતાં પણ તમે શ્રી સાઇબાબાનાં કથાશ્રવણ તથા સાઈ નામજપ કરશો તો બાબા નક્કી તમને સુખી કરશે. આ માર્ગ આટલો સરલ છે છતાં શા વાસ્તે લોકો એ માર્ગ પકડતાં નથી? તેનું કારણ તો માત્ર એટલું જ લાગે છે કે ઇશ્વરની દયા વિના સંત-કથાશ્રવણમાં પણ આપણને પ્રીતિ થતી નથી. ઇશ્વરની દયા હોય તોજ બધું સરળ બને છે. સંતની કથાનું શ્રવણ તેમના

સત્સંગ સમાન છે. સંતના સત્સંગનું મહત્ત્વ ભારે છે. એથી દેહાભિમાન તથા અહંત્વનો નાશ થાય છે અને જન્મમરણનું બંધન તુટી જાય છે. હૃદયની ગાંઠો છેદાઇ જાય છે અને પવિત્ર આત્મદર્શનરૂપ ભગવાન પાસે તે દોરી જાય છે. તેથી સંસારી પદાર્થપરથી ભાવ વિરમીને વૈરાગ્યમાં વૃદ્ધિ થાય છે. અને સુખ–દુઃખ પ્રત્યે સાવ નિષ્કામ બનાય છે. દૈવી પંથ પર પ્રગતિ સધાય છે. જો તમારાથી ભગવાનનું નામસ્મરણ, પૂજન, ભક્તિ જેવું કોઈ સાધન ન થઈ શકે તો તમે સંતજનનો આશ્રય સ્વીકારજો. તેથી તમે ચોક્કસ ભવસાગર તરી જશો. સંતો એ હેતુથી જ અવતરે છે. જગતનાં પાપ ધોનારી ગંગા, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી જેવી પવિત્ર નદીઓ પણ એવી ઇચ્છા કરે છે કે સંતો અમારા તીરે આવીને સ્નાન કરે અને અમને પવિત્ર કરે. સંતોનો આવો મહિમા છે. આપણા પૂર્વજન્મના પુણ્યભંડારને લીધે જ આપણે શ્રી સાઇબાબાના ચરણારવિંદને પામ્યા છીએ.

શ્રી સાઇબાબાની મૂર્તિનું ધ્યાન ધરીને આપણે આ અધ્યાય સમાપ્ત કરીએ. મસીદના છેડે ઉભેલા સુંદર રૂપાળા સાઇબાબા દરેક ભક્તના કલ્યાણ અર્થે ઉદી વહેંચતા દેખાય છે અને આ સંસાર મિથ્યા છે એમ માની બાબા પરમાનં[illegible]મ્ત છે. આવા આપણા બાબાને આપણે સૌ નમ્ર ભાવે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'શ્રી સાઈ–સમર્થમહિમા' નામ દશમો અધ્યાયઃ સંપૂર્ણઃ ।

। શ્રી સદ્‌ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।



http://vipuldesai.ning.com/(suratiundhiyu)

## અધ્યાય – ૧૧.

### શ્રી સાઈ-મહિમાવર્ણન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુળદેવતાયૈ નમઃ । શ્રી શ્રીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરૂ-સાઈનાથાય નમઃ ।

હવે આ અધ્યાયમાં સગુણ બ્રહ્મ સાઈના અવતારનું વર્ણન કરીશું. પંચતત્વ પરના તેના કાબુનું પણ વર્ણન આપશું.

**સગુણ બ્રહ્મ સાઈ :** ઇશ્વર અથવા બ્રહ્મનાં બે રૂપ છે : (૧) નિર્ગુણ; (૨) સગુણ. આમાં નિર્ગુણને તો કોઈ આકાર નથી પણ સગુણને આકાર–રૂપ છે. આ બન્ને બ્રહ્મ દર્શક જ છે. ગીતામાં સગુણનું પૂજન સહેલું તથા પસંદ કરવા યોગ્ય કહ્યું છે. માનવીને પોતાને દેહ તથા ઇન્દ્રિયો છે તેથી જ તેને સગુણ પ્રભુનું પૂજન સરળ–સહજ લાગે છે. ચોક્કસ સમય સુધી સગુણનું પૂજન આપણે ન કરીએ તો આપણાં પ્રેમ-ભક્તિ ખીલતાં નથી. જેમ જેમ પ્રગતિ થતી જાય તેમ નિર્ગુણ બ્રહ્મના પૂજન-ધ્યાન પ્રત્યે જ આપણે વળતા જઈએ છીએ. માટે જ પ્રારંભમાં આપણે સગુણ રૂપનું જ પૂજન કરીશું. મૂર્તિ, યજ્ઞદંડ, અગ્નિ, દીપ, સૂર્ય, જળ તથા બ્રાહ્મણ એ સાત પૂજનના પદાર્થ ગણાય છે. પણ આ સૌમાં સદ્‌ગુરૂ વિશેષ પૂજ્ય છે. આ પ્રસંગે આપણે શ્રી સાઈની મૂર્તિનું હૃદયમાં ધ્યાન ધરીએ. તે વૈરાગ્યની મૂર્તિ હતા અને તેમના પરમ ભક્તોના આશ્રયસ્થાન હતા તેમનાં વચનોમાં શ્રદ્ધા એજ તેમનું આસન છે. આપણી સર્વ કામનાનો ત્યાગ એજ આપણો સંકલ્પ છે. કોઈ



કહે છે કે શ્રી સાઈ ભાગવત-ભક્ત હતા તો કોઈ કહે છે કે તે મહા ભાગવત-મહાન ભક્ત હતા. પણ આપણે મન તો તે ઇશ્વરનો અવતાર જ હતા. તે સાદાસીધા, નમ્ર, દયાળુ, ક્ષમાશીલ શાંત, સહનશીલ, સંતોષી હતા. તે દેહધારી હતા, છતાં ખરી રીતે, અમૂર્ત હતા. વૈરાગ્યવાન, નિશ્ચલ, અંતરથી મુક્ત હતા. જેમ સમુદ્રને મળવાં જતાં ગંગાજી, માર્ગમાં તાપથી કષ્ટ પામતાં પ્રાણીઓને શીતળતા તથા શાન્તિ દે છે, વૃક્ષ–વનરાજીને નવું જીવન આપે છે, તથા અનેકની તૃષા છીપાવે છે એજ પ્રમાણે સાઈબાબા જેવા સંતો પોતાના જીવનકાળ દરમ્યાન પાર વિનાના જીવોને સુખ તથા શાન્તિ દે છે. શ્રીકૃષ્ણે કહ્યું છે કે "સંત મારો આત્મા છે-મારી જીવંત મૂર્તિ છે હું તેના રૂપ છું અને તે મારૂં પવિત્ર રૂપ છે." ભગવાનની આવી અકથ્ય શક્તિ-સચ્ચિદાનંદનો જ શીરડીમાં શ્રી સાઈબાબા રૂપે અવતાર થયો હતો. શ્રુતિ–તૈત્તિરીય ઉપનિષદ્‌માં બ્રહ્મનું આનંદરૂપ વર્ણન છે. ગ્રંથોમાં નિત્ય આવું વાંચીએ તથા શ્રવણ કરીએ છીએ. પણ શીરડીમાં આવા સાક્ષાત્ બ્રહ્મ અર્થાત્ આનંદરૂપનું દર્શન ભક્તોને થયું છે. સૌના આધારરૂપ બાબાને અન્યના આધારની જરૂર જ નહોતી. સદા ગુણપાટના ટુકડાનું તેમનું આસન હતું; જે પર ભક્તોએ સુંદર ગાદી પાથરી આપી હતી, અને અઢેલવા સારૂ પીઠ પાસે તકીયો મૂકયો હતો. ભક્તોના ભાવની બાબા કદર કરતા અને તેમની ઇચ્છા મુજબ પૂજન થવા દેતા હતા. કોઈ ચામર ઢાળતા તો કોઈ પંખો નાંખતા હતા. કોઈ વાજાં વગાડતા તો કોઈ તેમનાં પાદપૂજન કરતા હતા. કોઈ તેમને ચંદન તથા અત્તર લગાડતા તો કોઈ પાન–સોપારી ધરતા હતા. તો અન્ય ભક્તો તેમને નૈવેદ્ય ધરાવતા હતા. બાબા શીરડીમાં વસતા છતાં પોતે સર્વવ્યાપક છે એમ લાગતું હતું અને ભક્તોને આ સર્વવ્યાપકત્વના અનુભવ નિત્ય થતા હતા; આ સર્વવ્યાપક સદ્‌ગુરૂને સાષ્ટાંગ પ્રણામ કરીએ.



**ડૉ. પંડિતનું પૂજન :** તાત્યાસાહેબ નુલકરના એક મિત્ર ડૉ. પંડિત, બાબાના દર્શનાર્થ એકવાર શીરડી આવ્યા હતા. તે કાકા પુરાણિક નામે ધોપેશ્વરના રઘુનાથ મહારાજના શિષ્ય હતા. બાબાને નમસ્કાર કરી તે થોડીવાર મસીદમાં બેઠા. બાબાએ તેને દાદાભટ કેળકર પાસે મોકલ્યા અને તે દાદાભટ પાસે ગયા; જેમણે તેનું સારૂં સન્માન કર્યું. દાદાભટ ઘેરથી મસીદમાં બાબાની પૂજા કરવા ગયા ત્યારે ડૉ. પંડિતને પણ તેમણે સાથે લીધા. દાદાભટે બાબાનું પૂજન કર્યું, ત્યાં લગી બાબાના કપાળે ચંદનનો લેપ કરવાની કોઈની હિંમત ચાલતી નહિ. એકલા મહાળસાપતિ જ આખા કપાળે બાબાને ચંદનનો લેપ કરી શકતા હતા. પણ આ સરળ-હૃદયી ડૉ. પંડિતે દાદાભટના પૂજનના થાળમાંથી ચંદનની વાટકી ઉપાડી બાબાના કપાળમાં ચંદનનું ત્રિપુંડ્ર કર્યું. એ વેળા બાબા એક શબ્દ પણ ન બોલ્યા. એથી સર્વ અચંબો પામ્યા. તે દિવસ સાંજના દાદાભટે બાબાને પૂછયું "દેવ! આપ કોઈને ચંદનનો લેપ કપાળમાં કદી કરવા દેતા નથી. પણ આજે સવારે ડૉ. પંડિતને કેમ ત્રિપુંડ્ર કરવા દીધું હતું?". બાબાએ ઉત્તર દીધો. "પંડિતે મને પોતાના ગુરૂરૂપ માનીને મારૂં પૂજન કર્યું. જેમ તે નિત્ય ગુરૂની પૂજા કરતાં તેના કપાળે ચંદનનું ત્રિપુંડ્ર કરે છે તેમજ તેણે મારા કપાળ પર ત્રિપુંડ્ર કર્યું તેથી જ મેં કશો વિરોધ ન કર્યો." અને ડૉ. પંડિતે પણ દાદાભટને કહ્યું. "બાબાને હું મારા ગુરૂ પુરાણિક જ લેખું છું. અને મને દર્શન પણ તેવું જ થયું. તેથી જ જેમ મારા ગુરૂને કપાળે ત્રિપુંડ્ર કરૂં છું તેમ મેં બાબાને કપાળે પણ ત્રિપુંડ્ર કર્યું હતું."

આમ બાબા ભક્તોને યથેચ્છ પૂજા કરવા દેતા હતા, છતાં કોઈ વાર તે વિચિત્ર વર્તન પણ દેખાડતા હતા. કોઈવાર પૂજનનો થાળ જ ઉપાડીને ફેંકી દેતા અને રૂદ્રાવતાર ધારણ કરતા હતા. તે વખતે તેમની પાસે કોઈ જઈ શકતું નહિ. કોઈ વાર ભક્તોને



ગાળો દેતા તો કોઈ વાર શાંતિ તથા ક્ષમાની મૂર્તિસમા મીણથી પણ મૃદુ દેખાતા હતા. બહારથી ક્રોધિત બની લાલચોળ આંખો કરી ક્રોધથી ફફડી ઉઠતા દેખાતા હતા છતાં તેમના અંતરમાં સ્નેહ તથા માતૃપ્રેમનું ઝરણ સદા વહેતું. ક્ષણવારમાં જ પોતે ભક્તને બોલાવીને કહેતા, "જો ભાઈ, મારા ભક્ત પર ક્રોધ કર્યાની મને ખબર જ નથી. સાગર, નદીને આવતી પાછી વાળે અગર માતા પોતાના બાળકને લાત મારે એ સંભવિત બને તો જ હું મારા ભક્તોના કલ્યાણ પ્રત્યે બેપરવા બની શકું. હું તો મારા ભક્તોનો દાસ છું. તેઓ મને બોલાવે કે તરત જ હું હાજર થઈ તેમના પડખે જ ઊભું છું. સદા તેમનો પ્રેમ ઝંખું છું."

**હાજી સીદિક ફાળકે :** ભક્તનો સ્વીકાર બાબા ક્યારે કરશે તેની કોઈને ખબર પડતી નહિ. બાબાની મરજી પર જ તેનો આધાર હતો. સીદિક ફાળકેની કથા જ તેનું દષ્ટાંત છે. કલ્યાણના સીદિક ફાળકે નામે એક મુસ્લિમ ગૃહસ્થ મક્કા–મદીનાની હજ કરીને શીરડી આવ્યા, ઉત્તરાભિમુખની ચાવડીમાં તે રહેતા અને મસીદના ફળીમાં બેસતા. બાબાએ નવ માસ સુધી તેના પર ધ્યાન જ આપ્યું નહિ. તેને મસીદનાં પગથીયાં પણ ચડવા દીધા નહિ. એથી તે નિરાશ થયા અને શું કરવું તે તેને સુઝતું નહોતું. એક જણે તેને કહ્યું "તમે નિરાશ ન થાઓ. બાબાના પરમ અંતરંગ ભક્ત શામાની મારફત બાબા સુધી પહોંચવાનો તમે પ્રયત્ન કરો. જો શિવજીને મળવું હોય તો પ્રથમ મહાદેવના સેવક નંદીને મળ્યા પછી તેની મારફત શિવજી સુધી પહોંચી શકાય છે. તેમ તમે શામા મારફત બાબા પાસે પહોંચો." આ વાત ફાળકેને ગમી અને તેણે બાબા પાસે પોતાની શિફારસ કરવા શામાને વિનંતિ કરી. શામા કબુલ થયા. અનુકુળ તક જોઈને તેણે ફાળકે માટે બાબાને વાત કરી, "દેવ! આપ વૃદ્ધ હાજીને મસીદનાં પગથીયાં કેમ ચડવા દેતા નથી? બીજાં બધાં તો ફાવે તેમ આવે

છે અને આપનાં દર્શન કરી જાય છે. આપ આ હાજીને એક વાર પણ કેમ આશીર્વાદ દેતા નથી?" ત્યારે બાબાએ ઉત્તર દીધો. "શામા! સાચી વસ્તુ સમજવા જેવડો મોટો તું થયો નથી જો ફકીર-અલ્લા જ ના પાડે છે તો પછી હું શું કરૂં? તેની કૃપા વિના આ મસીદમાં પગથીયાં કોણ ચડી શકે તેમ છે? ઠીક છે જા, તેને પૂછજે કે બર્વી કુવા પાસેની સાંકડી કેડી પર થઈને આવવા તે તૈયાર છે?". શામા ફળકે પાસે જઈ આ વાતની હા પડાવીને પાછા આવ્યા. એટલે પુનઃ બાબાએ શામાને કહ્યું: "તેને પૂછી આવ કે ચાર હપ્તે ચાર હજાર રૂપીયા ભરવા તે તૈયાર છે?". વળી શામાએ જઈને તેને પૂછ્યું ત્યારે તેણે કહ્યું "હું તો ચાળીસ લાખ ભરવા તૈયાર છું." શામા તેને એ ઉત્તર લઈ આવીને બાબાને એ વાત કરી. ત્યારે બાબા બોલ્યા: "આપણે આજ મસીદમાં એક બકરો હલાલ કરવાનો છે. જા, જઈને તેને પૂછી આવ કે તે બકરાનું માંસ, ખુંધ કે અંડ શું લેવા તૈયાર છે?" ત્યારે વળી શામાએ તેને પૂછી ઉત્તર લઈને આવ્યા અને બાબાને કહ્યું "દેવ, હાજી તો આપના કોલંબા (શકોરા) માંથી જે ઝીણી કરચ ખાવા મળે તેટલાથી પણ રાજી છે." એ સાંભળી બાબા ખિજાયા અને ત્યાં પડેલી માટલી, શકોરૂં ઇત્યાદિ ફેંકી દઈને સીધા જ એ હાજી પાસે ગયા અને પોતાની કફની હાથ વડે ઉંચી કરતાકને બોલ્યા, "શું તું બહુ મોટો છે એમ માને છે? શું તેં એવી બડાઈ હાંકવા લાગ્યો છે કે હું મોટો હાજી બની ગયો છું? તને આની જેમ કુરાન વાંચતાં આવડે છે? તને તારી મક્કાની હજનો ગર્વ ચડી ગયો છે. પણ તું મને ઓળખતો નથી." બાબાનો આ ઠપકો સાંભળતા હાજી તો મુંઝાઈ ગયો. એ પછી બાબા મસીદમાં આવ્યા; અને કેરીના થોડા ટોપલા વેચાતા લઈ હાજીને મોકલ્યા અને પુનઃ બાબા હાજી પાસે આવ્યા અને પોતાના ખીસામાંથી પંચાવન રૂપીયા કાઢીને હાજીના હાથમાં મૂક્યા. તે દિવસથી હાજી



ઉપર બાબાનો ભાવ થયો. સાથે ભોજન માટે બાબા તેને ઉપર બોલાવતા હતા અને હાજી પણ મરજી પડે ત્યારે મસીદમાં આવી શકતા હતા. કોઈ કોઈ વાર બાબા તેને થોડા રૂપીયા પણ દેતા હતા. આમ બાબાના દરબારમાં પ્રવેશવાનો હક્ક એ હાજીને મળ્યો.

**પંચ તત્વો પર બાબાનો કાબુ :** પંચ તત્વો પર બાબાના કાબુની બે કથા આપીને આ અધ્યાય સમાપ્ત કરીએ.

(૧) એક વાર સાંજે શીરડીમાં ભયંકર વાવાઝોડું થયું. આકાશ કાળાં વાદળાંથી ઘેરાઈ ગયું. પવન જોરથી વાવા લાગ્યો. વાદળાંના ભયંકર ગડગડાટ સાથે વિજળી ચમકવા લાગી અને ધોધમાર વરસાદ પડવા મંડ્યો. થોડી વારમાં બધે પાણી પાણી થઈ ગયું. એથી પંખી-જાનવર-માણસો બધાં ફફડી ઉઠ્યાં અને સૌ આશ્રય ખોળતાં મસીદમાં ટોળે વળ્યાં. શીરડીમાં સ્થાનિક દેવતા તો ઘણા છે, પણ કોઈએ તેમની મદદ માગી નહિં. એ સૌએ તો પોતાના આરાધનાના દેવ-સાઈબાબાને જ આ તોફાન શમવવા પ્રાર્થના કરી બાબાને દયા આવી. પોતે બહાર આવી મસીદને ખુણે ઉભા રહી ઉચ્ચ સ્વરથી વાવાઝોડાને સંબોધીને કહેવા લાગ્યા: "હવે તમારો કોપ શમાવો-શમાવો, અને શાંત થાઓ." થોડી જ વારમાં વરસાદ ધીમો પડી અટકી ગયો. પવન વાતો બંધ થયો. તોફાન શમી ગયું. આકાશ સ્વચ્છ થયું અને ચંદ્રમા ઉગ્યો. લોકો રાજી થઈને ઘેર ગયા.

(૨) એક બીજે પ્રસંગે બપોરે ધુણીમાં ભડભડાટ તાપ બળતો હતો. ભડકા ઉંચે ચડી ઠેઠ પાટડી સુધી પહોંચ્યા. હવે શું કરવું એ ત્યાં બેઠેલા લોકોને સુઝતું નહોતું. આ ભડકા નીચે બેસાડવા કે તેના પર પાણી છાંટવાનું બાબાને કહેવાની કોઈની હિંમત ચાલતી નહોતી. પણ બાબા તો આ વસ્તુ તરત સમજી ગયા.




તેમણે પોતાનો સટકો-દંડુકો હાથમાં લઈ સામેની થાંભલી જોડે અફાળીને કહ્યું, "નીચે બેસી જા. શાંત થા." અને દંડુકાના દરેક ફટકે ભડકા નીચે બેસવા લાગ્યા અને ધીમા પડી ગયા. અને થોડી જ વારમાં ધુણી નિત્યની માફક શાંત થઈ બળવા લાગી.

આ આપણા શ્રી સાઈ ઇશ્વરનો અવતાર છે. તેમના ચરણમાં પડી તેમનું શરણું સ્વીકારનારને તે સુખી કરે છે. જે લોકો શ્રદ્ધા-ભક્તિથી આ અધ્યાયની કથા વાંચશે તેનાં સર્વ દુઃખોનું શમન થશે. એટલું જ નહિ પણ નિત્ય સાઈ-ભક્તિમાં જ મગ્ન રહેનાર ભક્તો તો સત્વર ઇશ્વર-સાક્ષાત્કાર પામશે. તેમની સર્વ મનકામના પૂર્ણ થશે. અને છેવટે કામનારહિત બની પરમ પદને પામશે.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'શ્રી સાઈ-મહિમાવર્ણનં' નામ અગિયારમો અધ્યાય સંપૂર્ણ ।

શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।





http://suratiundhiyu.wordpress.com/

## અધ્યાય - ૧૨

### શ્રી સંત ધોલપ-શમદર્શન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરૂ સાઈનાથાય નમઃ ।

શ્રી સાઈબાબા ભક્તોનો કેવો આદર કરતા હતા તથા તેમને કેમ રાખતા હતા તે સર્વ આ અધ્યાયમાં જોઈએ.

**સંતોનો જીવનહેતુ :** આપણે અગાઉ વાંચી ગયા કે દિવ્ય અવતારનો હેતુ જ સજ્જનના રક્ષણનો તથા દુર્જનના નાશનો હોય છે. પણ સંતોનો જીવનહેતુ જુદો હોય છે. તેમને મન તો સજ્જન તેમજ દુર્જન સૌ સરખા જ હોય છે. તેમને દુષ્ટ-દુર્જન માટે વધુ લાગણી હોય છે. તેથી તેમને સત્ય રાહ પર મૂકવા યત્ન કરે છે. તેઓ ભવસાગર પાર કરાવનાર અગસ્ત્ય જેવા છે. અજ્ઞાન-અંધકારનો નાશ કરનારા સૂર્ય જેવા છે. સંતોમાં ઈશ્વરનો વાસ છે. ખરી રીતે તો તેઓ ઈશ્વરથી જુદા નથી. આપણા સાઈ પણ આવા જ સંત હતા; જેમણે ભક્તોના કલ્યાણ અર્થે જ જન્મ ધારણ કર્યો હતો. અજબ જ્ઞાનવંત દિવ્ય તેજોધારી બાબાનો પ્રેમ સર્વ પ્રાણીઓ પર એકસરખો હતો. પોતે વૈરાગી હતા. મિત્ર કે શત્રુ, રાજા કે રંક સૌ તેમને મન સરખા જ હતા. તેમની શક્તિનું વર્ણન સુણજો. પોતે ભક્તોના શ્રેયાર્થે પુણ્યના ભંડાર ખર્ચી દેતા હતા અને તેમને સહાય કરવા સદા તત્પર રહેતા. પણ ભક્તો બાબાની ઈચ્છા હોય ત્યારેજ તેમની નજીક જઈ શકતા હતા.



તેમની સહાય પ્રાપ્ત કરવાનો જેમનો વારો આવ્યો ન હોય તેમને બાબા યાદ જ કરતા નહિ; જેથી તેમને કાને બાબાની લીલાની કથા કદી પડતી જ નહિ. તો પછી તેમને બાબાનાં દર્શનનો વિચાર સરખો પણ ક્યાંથી થાય? કેટલાક લોકોને બાબાના દર્શનની ઇચ્છા થતી હતી છતાં બાબાની મહાસમાધિ સુધી બાબાના દર્શનનો યોગ જ તેમને આવ્યો નહિ. આમ બાબાના દર્શનની ઇચ્છા ફળીભૂત ન થઈ હોય એવા પણ કેટલાયે લોકો છે. જો આવા લોકો બાબામાં શ્રદ્ધા રાખી તેમની લીલાનું શ્રવણ કરે તો તેમના દર્શનરૂપી દૂધની તૃષા ઘણે અંશે તેમની લીલારૂપી દહીં વડે છીપી શકશે. કદાચ સદ્ભાગ્યના બળે કોઇએ શીરડી આવી બાબાનાં દર્શન કર્યાં હશે તો બાબાની ઇચ્છા વિરૂદ્ધ શું તે શીરડીમાં રહી શક્યા હતા? નહિ જ. કોઈ પોતાની ઇચ્છાથી શીરડી જઈ શકતું નહિ. અને એવી ઇચ્છા થતી અને ત્યાં જતાં તો દીર્ઘકાળ ત્યાં ટકી શકતા નહિ. બાબા શીરડીમાં જેટલું રોકવાની આજ્ઞા આપતા તેટલું જ રોકાઈ શકાતું. જેવી બાબા વિદાય થવાની આજ્ઞા આપતા (કે) તરત જ દરેકને શીરડી છોડીને જવું પડતું. આમ સર્વ કંઈ બાબાની ઇચ્છા પરજ અવલંબતું હતું.

**કાકા મહાજની :** એક વાર કાકા મહાજની મુંબઈથી શીરડી આવ્યા. તેમની ઇચ્છા એક અઠવાડિયું શીરડી રોકાઈને ગોકુળ આઠમનો તહેવાર ત્યાં જ ઉજવવાની હતી. આવીને તેમણે જેવાં બાબાનાં દર્શન કર્યાં તેવોજ બાબાએ તેને પ્રશ્ન કર્યો, "તું ઘેર પાછો ક્યારે જવાનો છે?" આ પ્રશ્ન સાંભળી તેને આશ્ચર્ય થયું. તે બોલ્યા, "આપ આજ્ઞા આપશો ત્યારે જઈશ." એટલે બાબાએ કહ્યું, "આવતી કાલે જજે." બાબાની આજ્ઞા એટલે અફર કાયદો જ હતો. તેને પાળવો જ પડે. તેથી કાકા મહાજની બાબાની આજ્ઞા મુજબ બીજે દહાડે શીરડી છોડી મુંબઈ પાછા ગયા. ઓફીસમાં ગયા ત્યારે જાણ્યું કે તેમના શેઠ તેની રાહ



જોઈને જ બેઠા હતા. મુનીમ અચાનક માંદો પડી જવાથી કાકાની હાજરી અનિવાર્ય બની હતી. જેથી તેને જલદી પાછા આવવા શેઠે શીરડી કાગળ પણ લખ્યો હતો; જે શીરડીથી રિ-ડીરેક્ટ થઈ તેમને મુંબઈમાં મળ્યો.

**ભાઉસાહેબ ધુમાળ :** હવે ઉપરનાથી વિરૂદ્ધ બીજી કથા સાંભળો. એક વાર ભાઉસાહેબ ધુમાળ કોઈ કેસને માટે નિફાડ જતા હતા. માર્ગમાં શીરડી આવી બાબાનાં દર્શન કર્યાં. પછી તરત જ નિફાડ ઉપડી જવાની તેમની ઈચ્છા હતી. પણ બાબાએ તેમને જવાની રજા આપી નહિ. સતત એક અઠવાડીયું શીરડીમાં રોકાયા. એ દરમ્યાન નિફાડના મેજીસ્ટ્રેટના પેટમાં અસહ્ય દર્દ ઉપડવાથી તેમના કેસની બીજી મુદત પડી હતી. કેસ કેટલાક માસ ચાલ્યો, જે દરમ્યાન મેજીસ્ટ્રેટની બદલી થઈ ગઈ હતી. છેવટે ધુમાળ એ કેસ જીત્યા અને તેમનો અસીલ નિર્દોષ છૂટી ગયો.

**શ્રીમતી નિમોણકર :** નિમોણના વતનદાર અને ઓનરરી મેજીસ્ટ્રેટ શ્રી નાનાસાહેબ નિમોણકર પોતાનાં પત્ની સાથે શીરડી રહેતા હતા. એ દંપતી મસીદમાં બાબા પાસે આખો દહાડો બેસતાં અને તેમની સેવા કરતાં હતાં. એવામાં તેમનો પુત્ર બેલાપુરમાં માંદો પડ્યો. તેથી શ્રીમતી નિમોણકરે બાબાની રજા લઈ બેલાપુર જઈને પુત્રને તથા સગાંસ્નેહીને મળવા અને ત્યાં થોડા દહાડા રોકાવાનું નક્કી કર્યું. પણ તેના પતિ નાનાસાહેબે ત્યાં એક જ દિવસ રહીને પાછા આવવાની આજ્ઞા કરી. એથી એ બાઈ વિચારમાં પડી ગયાં કે હવે શું કરવું? પણ બાબા તેની મદદે ધાયા. શીરડીથી વિદાય થતાં તે બાઈ બાબાની રજા લેવા આવ્યાં. તે વેળા બાબા આ નાનાસાહેબ તથા બીજા જોડે સાઠેના વાડા આગળ ઉભા હતા. બાઈએ સાષ્ટાંગ નમસ્કાર કરી બાબાની રજા માગી. ત્યારે બાબા બોલ્યા : "જાઓ જલદી જજો. કંઈ ચિંતા કરશો મા. શાંતિ રાખજો. બેલાપુરમાં આનંદથી ચાર દહાડા



રોકાજો બધાં સગાંવહાલાને મળજો અને પછી શીરડી આવજો." બાબાના આ વચનો કેવાં સમયસર હતાં! બાબાની આ આજ્ઞાથી નાનાસાહેબની દરખાસ્ત ઉડી ગઇ.

**નાસીકના મુળે શાસ્ત્રી :** નાસીકના મુળે શાસ્ત્રી નામે ચુસ્ત અગ્નિહોત્રી ષટ્શાસ્ત્રના અભ્યાસી હતા. જ્યોતિષ તથા હસ્તરેખામાં તે પારંગત હતા. એક વાર નાગપુરના પ્રસિદ્ધ શ્રીમંત બાપુસાહેબ બુટીને મળવા સારૂ તે શીરડી આવ્યા. મળીને સૌ સાથે મસીદમાં બાબાના દર્શને આવ્યા. તે વખતે બાબા ગાંઠના પૈસા ખર્ચી ફેરીયા પાસેથી ફળો ખરીદી ત્યાં બેઠેલા લોકોને વહેંચતા હતા. બાબા કેરી ઘોળવામાં એવા કુશળ હતા કે બાબાની ઘોળેલી કેરી ચુસતાં જ એકી સાથે બધો રસ મોઢામાં આવી જતો અને છોતરૂં ને ગોટલો જ બાકી રહેતાં. એમ કેળાંની છાલ ઉતારી બાબા તેનો ગલ વહેંચી દેતા હતા અને છાલ પોતાને સારૂ રાખતા હતા. હસ્તરેખાના જાણકાર મુળે શાસ્ત્રીને બાબાનો હાથ જોવાની ઇચ્છા થઇ. તેથી તેણે બાબાને હાથ બતાવવા વિનતિ કરી. પણ બાબાએ તે પર કંઇ ધ્યાન આપ્યું નહિ. પણ તેના હાથમાં ચાર કેળાં આપ્યાં. એ પત્યા પછી બધા વાડામાં આવ્યા. મુળે શાસ્ત્રી સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી અગ્નિહોત્ર, સંધ્યાદિ નિત્યકર્મ કરવા મંડ્યા. અહીં બાબા નિત્ય માફક લેંડી પર જવા ઉપડ્યા ત્યારે બોલ્યાઃ "થોડો ગેરૂ લાવજો. આજે ભગવું કપડું રંગવું પડશે." પણ બાબાના આ વચનોનો મર્મ કોઈ સમજી શક્યું નહિ. થોડી વાર પછી બાબા મસીદમાં આવ્યા અને આરતીની તૈયારી થઇ. એ વેળા વાડામાં બાપુસાહેબ જોગે, મુળે શાસ્ત્રીને પૂછી જોયું કે તમે મારી જોડે આરતીમાં આવો છો? ત્યારે મુળે શાસ્ત્રીએ ના પાડી અને કહ્યું, "હું બપોરે બાબાના દર્શને આવીશ." મસીદમાં બાબા આસન પર બેઠા. ભક્તોએ તેમનું પૂજન કર્યું અને આરતી શરૂ થઇ. એ વખતે બાબાએ કહ્યું, "પેલા નવા આવેલા બ્રાહ્મણ પાસેથી કંઇક દક્ષિણા લાવો."

તેથી બુટી પોતે વાડામાં જઇ મુળે શાસ્ત્રીને દક્ષિણા લઇને આવવાનું કહેવા ગયા અને બાબાનો સંદેશો કહ્યો. શાસ્ત્રી ભારે મુંઝવણમાં પડ્યા. મનમાં વિચારવા લાગ્યા, "હું પવિત્ર અગ્નિહોત્રી બ્રાહ્મણ છું. બાબા ભલે મહાન સંત રહ્યા. હું કંઇ તેમનો આશ્રિત નથી. પણ બાબા જેવા સંત પુરૂષ આ બુટી જેવા શ્રીમંત દ્વારા મારી પાસેથી દક્ષિણા માગે છે, તેથી મારાથી ના પણ કેમ પડાય?" એવો વિચાર કરી નિત્યકર્મ અધુરૂં મૂકીને તે બુટી જોડે મસીદમાં આવ્યા. પોતે નાહી ધોઈ પવિત્ર બનેલા છે અને મસીદ તો અપવિત્ર હોય એવું માની દૂર ઉભા રહી હાથ જોડી બાબા પર પુષ્પ ફેંક્યાં. પણ આ શું? આસન પર તેણે બાબાને દીઠા નહિ. એ આસન પર તો પોતાના કૈલાસસ્થ સદ્ગુરૂ ઘોલપ સ્વામીને બેઠેલા તેણે દીઠા. એથી તો તે ભારે આશ્ચર્યમાં પડી ગયા. શું આ સ્વપ્ન હશે? ધ્યાનથી જોયું તો પોતે જાગૃત છે-સ્વપ્ન નથી. તો મારા સદ્ગત ગુરૂ ઘોલપ સ્વામી અહીં ક્યાંથી? થોડી વાર તો તે અવાક્ થઇ ગયા. પણ પોતાના શરીરે ચુંટી ખણી અને પુનઃ જોયું. તે વિચારમાં પડી ગયા. પણ પોતાના સદ્ગત ગુરૂ ઘોલપ સ્વામીને આમ મસીદમાં આસન પર બેઠેલા જ જોયા. એ વાતની કંઈ ઘડ બેઠી નહિ. છેવટે બધી શંકા-કુશંકા છોડી દઇને તે તો મસીદનાં પગથીયાં ચડી પોતાના ગુરૂના ચરણમાં પડી ગયા. અને પછી બન્ને હાથ જોડી ઉભા રહ્યા. બીજા બધા તો સાઈબાબાની આરતી ગાતા હતા પણ મુળે શાસ્ત્રી ગુરૂનું નામસ્મરણ કરતા હતા. બ્રાહ્મણપણાનું તેમજ પવિત્રતાનું અભિમાન છોડીને તે ગુરૂના ચરણમાં પડ્યા અને આંખો મીંચી દીધી. પણ ઉઠીને પુનઃ આંખો ઉઘાડી ત્યારે પોતાની પાસે દક્ષિણા માગતા બાબાને તેણે દીઠા. આમ બાબાની મૂર્તિ તથા અગમ્ય શક્તિ જોતાં જ શાસ્ત્રીજી ભાન ભૂલી ગયા. તેને પરમ આનન્દ થયો. અને આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. તેણે પુનઃ પુનઃ બાબાને પ્રણામ કર્યા તથા દક્ષિણા આપી તે બોલ્યા, "દેવ, મારી સર્વ શંકા નિર્મૂળ થઈ છે. આજે મને



મારા ગુરૂનું દર્શન આપે કરાવ્યું છે." આમ આ અજબ લીલા જોઇને મુળે શાસ્ત્રી તથા સર્વજનોનાં અંતર દ્રવ્યાં અને બાબાના સવારના શબ્દો–'ગેરૂ લાવજો, આજે ભગવાં કપડાં કરવાં છે'–એ વચનોનો મર્મ સૌ સમજ્યા. બાબાની આવી અદ્ભુત લીલા હતી.

**એક દાક્તર :** એકવાર એક મામલતદાર પોતાના દાક્તર-મિત્રને લઈ શીરડી આવ્યા. દાક્તરે પ્રથમથી જ કહેલું કે "મારા ઇષ્ટદેવ રામ છે. હું મુસલમાનને પગે પડવાનો નથી. તેથી શીરડી આવવા હું રાજી નથી." ત્યારે મામલતદારે તેને કહેલું કે "તમને પગે પડવાનો આગ્રહ કોઈ કરવાનું નથી. એવી આજ્ઞા પણ કોઈ કરશે નહિ. માટે અમારી જોડે આવશો તો આનંદ થશે." અને સૌ દાક્તરને તેડી શીરડી આવ્યા. બધા મસીદમાં ગયા ત્યારે દાક્તરે જ સૌથી પ્રથમ જઈને બાબાને નમસ્કાર કર્યા. એ જોઈ સૌ અચંબો પામ્યા. તેથી તેને પૂછ્યું, "તમે તમારો નિશ્ચય કેમ વિસરી ગયા? અને મુસલમાનને કેમ નમસ્કાર કર્યા?" ત્યારે દાક્તરે ઉત્તર દીધો, "મેં તો મસીદમાં જતાં જ આસન ઉપર મારા ઇષ્ટદેવ રામને જોયા. તેથી જ મેં તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા." આમ વાતચીત ચાલતી હતી. ત્યાંજ પુનઃ તેણે આસન પર સાઈબાબાને દેખ્યા. એથી મુંઝાઈને તે બોલ્યા: "શું મેં આ સ્વપ્ન જોયું? એ મુસલમાન કેમ હોય? એ તો યોગસંપન્ન અવતાર જ છે."

બીજે દહાડે મનમાં જ સોગન લઈ દાક્તર ઉપવાસ પર ઉતર્યા કે બાબાના આશીર્વાદ ન ઉતરે ત્યાંસુધી મારે મસીદમાં જ ન જવું. એવી પ્રતિજ્ઞા લીધી અને પોતે મસીદમાં ગયા નહિ. આમ ત્રણ દિવસ વીતી ગયા. ચોથે દહાડે ખાનદેશથી તેનો એક મિત્ર આવ્યો તેની જોડે બાબાના દર્શને તે મસીદમાં સ્વતઃ જ ગયા. નમસ્કાર થઇ રહ્યા પછી સ્વયં બાબાએ જ પૂછ્યું: "કેમ દાક્તર, તને અહીં આવવાને કોઈ બોલાવવા આવ્યું હતું?" બાબાનો આ પ્રશ્ન સાંભળતાં જ દાક્તર લેવાઈ ગયા. એજ રાત્રે દાક્તરને બાબાએ




સુખદ સ્વપ્ન આપ્યું. અને ઉંઘમાં પરમાનંદનો અનુભવ થયો. પછી તે પોતાને ગામ ગયા ત્યાં એક પખવાડીયા સુધી આ સુખદ સ્વપ્ન આવ્યા કર્યું. એથી સાઈબાબા પર તેની ભક્તિ ખૂબ વધી.

ઉપર કહેલી સર્વ કથાનો અને તેમાં પણ મુળે શાસ્ત્રીની કથાનો સાર બોધ એટલોજ છે કે આપણે ગુરૂ પર અડગ શ્રદ્ધા રાખવી જોઈએ. હવે પછીના અધ્યાયમાં સાઈબાબાની વધુ લીલાનું વર્ણન કરીશું.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'શ્રીસંત ઘોલપ-રામદર્શનં' નામ બારમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।



# ભિમાજી ક્ષયનિવારણ



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ।
શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુળદેવતાયૈ નમઃ ।
શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।
શ્રી સદ્‌ગુરૂસાઈનાથાય નમઃ ।

## માયાની અકળ કળા :

બાબાનાં વચનો ઊંડાં, ટૂંકાં, અર્થગંભીર, સચોટ, જોરદાર તથા સમતોલન ભર્યાં હતાં. તે સદા ફકીર છું. મારે ઘરબાર કુટુંબ કબીલું કંઈ નથી. એ બધી ચિંતા છોડીને હું એક સ્થળે બેસી ગયો છું. તેમ છતાં અકળ માયા મને પણ ઘણહી વાર સતાવે છે. મારી જાતને હું ભૂલી શકું છું પણ માયાને ભૂલા શકતો નથી. તે તો સદા મારા પર આવરણ પાથર્યા જ કરે છે. શ્રીહરિની આ માયા બ્રહ્માને તેમજ સર્વ દેવોને પણ પજવે છે. તો પછી મારા જેવા ફકીરનું તો પૂછવું જ શું ? માત્ર શ્રીહરિનું શરણં પકડનારા જ શ્રીહરિની કૃપાથી માયાની પકડમાંથી મુક્ત બને છે.''

આમ બાબા માયાની શક્તિ વર્ણવતા હતા. ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણે ભક્તશ્રેષ્ઠ ઉદ્ધવને કહ્યું છે કે. ''સંતો મારું જીવંત સ્વરુપ છે.'' નિજ ભક્તોના શ્રેયાર્થે બાબા શું કહેતા તે સુણજો. ''જે સદ્‌ભાગી છે અને જેનાં પાપ નષ્ટ થયાં છે તેવા પુરૂષો જ મારું પૂજન કરે છે. જો તમે નિત્ય 'સાઈ, સાઈ' નામ લેશો તો હું તમને સાત સમુદ્ર પાર લઈ જઈશ. આ વચનો સત્ય માનશો તો જરૂર લાભ થશે. અષ્ટ વિધિ કે સોળ વિધિ પૂજનના

http://suratiundhiyu.wordpress.com/

સાહિત્યની મારે કંઈ જરૂર નથી. જ્યાં પૂર્ણ ભક્તિ છે ત્યાં હું સદા હાજર છું.'' જે લોકોએ બાબાનું શરણ પકડેલું તેવા ભક્તોના કલ્યાણ માટે બાબાએ શું શું કર્યું હતું તે સાંભળો.

ભીમાજી પાટીલ : પુના જિલ્લાના જુન્નર તાલુકાના નારાયણ ગામના ભીમાજી પાટીલ છાતીના સખ્ત દર્દથી સને ૧૯૦૯ થી પીડાતા હતા. અને એ દર્દ ખૂબ લાંબું ચાલ્યું. અંત આ દર્દમાંથી તેને ક્ષય થયો.. તેણે ઘણી દવા કરી પણ કંઈ ન વળ્યું. છેવટે સર્વ આશા છોડી તેણે ઈશ્વરને પ્રાર્થના કરી. ''હે નારાયણ ! હવે તો આપ જ મને સહાય કરો. '' એ વાત તો સર્વ વિદિત છે કે આપણી સારી સ્થિતિમાં  સંપદ વેળા આપણે ભગવાનનું સ્મરણ કરતા નથીં. પણ દુ:ખમાં  વિપદ વેળા આપણને ભગવાન સાંભળે છે. એથી ભીમાજીએ હવે પ્રભુને યાદ કર્યા. તેના મનમાં થયું કે બાબાના મહાન ભક્ત શ્રી. નાનાસાહેબ ચાંદોરકરની સલાહ લઊં તો સારું તેથી પોતાનાં દર્દની સર્વ વિગત જણાવી તેણે તેમના પર એક પત્ર લખ્યો અને સલાહ માગી, ઉત્તરમાં નાનાસાહેબે લખ્યું કે ''હવે તો માત્ર એક છેલ્લો ઉપાય છે.'' નાનાસાહેબની આ સલાહ પર શ્રદ્ધા રાખીને પાટીલ શીરડી આવવાની તૈયારી કરી. ગાડામાં બેસાડી તેને શીરડીની મસીદમાં લાવ્યા અને બાબા પાસે બેસાડ્યા. એ વેળા નાનાસાહેબ તથા શામા ત્યાં હાજર હતા. બાબા બોલ્યા, ''આના પૂર્વના પાપકર્મને લીધે આ દર્દ થયું છે. તેમાં હું શું કરું ? નાના, તું આવાને કેમ મારે માથે મારે છે ?'' એમ બોલી પોતે વચ્ચે પડવા રાજી નથી એમ કહ્યું. એ સાંભળી ભીમાજી તો નિરાશ બની રડવા લાગ્યા. તે બોલ્યા : ''બાબા, હું તો નિરાધાર છું. આપ જ મારી છેવટની આશા છો. માટે જ મે આપનું શરણ પકડ્યું છે. આપ મારા પર દયા કરો.'' એથી બાબાનું અંતર દ્રવ્યું. તે બોલ્યા, ''રહેજે. તું બધી ચિંતા છોડી દેજે. તારા દુ:ખનો અંત આવ્યો છે.

ગમે તેવા દુઃખમાં સબડતો માણસ એકવાર પણ આ મસીદનાં પગથીયાં ચડશે તેવીજ તેની બધી પીડાનો અંત આવશે ને સુખી થશે. દ્વારકામાઈનો ફકીર બહુ દયાળુ છે. એ જ તારાં બધાં દર્દ નિવારશે, અને દયાથી પ્રેમથી તારું રક્ષણ કરશે.'' ભીમાજીને દર પાંચ પાંચ મિનિટે ઉલટીમાં લોહી પડતું હતું. પણ અહીં મસીદમાં આવતાં જ બાબાની હાજરીમાં ઉલટી જ બંધ થઈ ગઈ. આવા આશાનાં દયાળુ વચનો બાબાએ ઊચ્ચાર્યાં ત્યારથી જ દર્દ કમી થવા લાગ્યું. ભીમાબાઈનું મકાન સગવડભર્યું આરોગ્યપ્રદ સ્થળ નહોતું. છતાં એજ મકાનમાં ઉતરવા બાબાએ ફરમાવ્યું. તેથી બાબાની આજ્ઞા માનીને ભીમાજી ત્યાં રહ્યાં. એ દરમ્યાને બે સ્વપ્ન દ્વારા બાબાએ તેને આરામ કર્યો. તેને પ્રથમ સ્વપ્ન આવ્યું, તેમાં જાણે પોતે નિશાળમાં ભણે છે ત્યા મહેતાજીએ એક કવિતા મોઢે કરવાની આપી છે. તે પોતે મોઢે કરી લાવ્યા નથી તેથી આવડતી નથી. માટે મહેતાજીએ તેને સોટીના ઘણા ફટકા માર્યા, જેથી તે ખૂબ દુઃખી થઈને ખૂબ રડયા. આ સ્વપ્ન પુરૂં થયા પછી બીજું સ્વપ્ન આવ્યું. તેમાં જાણે તેની છાતી પર બેસી પત્થરવટણો લઈને એક જણ ખૂબ જોરથી છાતી પર ઘસે છે, જેથી તેને અસહ્ય પીડા થાય છે. આ બન્ને સ્વપ્નમાં ભારે પીડા સહન કરી જેવા તે જાગ્યા તેવા જ સાવ સાજા બની ગયા અને પછી ઘેર ગયા. એ પછી તે વારંવાર આવતા હતા. અને પોતાના પર બાબાએ કરેલી કૃપા ગદ્‌ગદ કંઠે યાદ કરતા અને બાબાના પગમાં પડી જતા. ભક્તો કૃતઘ્ન ન બનતાં સદા દૃઢ શ્રદ્ધા ભક્તિ સદા પોતાનું સ્મરણ કરે તે સિવાય અન્ય કશું બાબા માગતા નહોતા. મહારાષ્ટ્રમાં દર માસે કે દર પખવાડી એ લોકો ઘેર સત્યનારાયણનું પૂજન કથા કરે છે. આ ભીમાજી પાટીલે ઘેર જઈ સત્યનારાયણવ્રત પૂજાને બદલે સાઈસત્યવ્રત પૂજન જ શરૂ કર્યું હતું.

બાળા ગણપત દર્જી : બાબા ગણપત દર્જી નામ બાબાનો એક

ભક્ત હતો. તે મેલેરીયા તાવથી હેરાન થતો હતો. તેણે સર્વ પ્રકારની દવા તથા ઉકાળા પી જોયા, પણ બધુ નિષ્ફળ ગયું. તાવ મુદ્દલ ઉતરતો જ નહિ. તેથી શીરડી મસીદમાં આવી બાબાના પગમાં પડી ગયો. એક વિચિત્ર ઉપાય બતાવતાં બાબા બોલ્યા : ''લક્ષ્મીમંદિર પાસે કાળીયા કૂતરાને દહીંભાત ખવડાવજે. તારો તાવ આલ્યા જશે.'' બાબાને આ ઉપાયને અમલ કેમ કરવો તે ખબર નહોતી. જેવો તે ઘેર ગયો તે તરત જ તેને ભાત તથા દહીં મળી ગયાં. તે લઈ તે લક્ષ્મીમંદિર પાસે આવ્યાં ત્યારે એક કાળીયો કૂતરો પૂછડી હલાવતો ત્યાં જોયો. તરત જ તેણે દહીંભાત એ કૂતરા પાસે મૂક્યા. કૂતરો તે ખાઈ ગયો અને અદ્‌ભુત રીતે બાબાનો મેલેરીયા તાવ તે દિવસથી જતો રહ્યો.

બાપુસાહેબ બુટી : એક વાર બાપુસાહેબ બુટીને મરડો થયેલો. અને સાથે ઉલટી પણ થયા કરતી હતી. તેની પાસે પુષ્કળ પેટન્ટ દવાઓ હતી પણ કોઈ દવા કારગત નીવડી નહિ. આ ઝાડા તથા ઉલટીને લીધે બાપુસાહેબને અશક્તિ ઘણી આવી ગઈ. તેથી તે બાબાના દર્શન સારૂ મસીદ સુધી પણ જઈ શક્યા નહિ. એથી બાબાને જ તેને બોલાવ્યા અને પોતાની સામે બેસવા કહ્યું. અને પછી બાબા બોલ્યા : ''ઉલટી પણ બંધ જ થવી જોઈએ.'' બાબાના આ વચનોનું બળ તો જુઓ ! એ જ પળે બુટીનાં બન્ને દર્દ અલોપ થયાં. અને શ્રી. બુટી સાવ સાજા થઈ ગયા.

બીજુ એક વાર બુટીને કોલેરા થયેલો. એથી ઝાડા ઉલટી સાથે તૃષા પણ ખૂબ લાગતી હતી. તેમના અંગત ડૉ. પીલાઈએ ઘણીયે હવા અજભાવી જોઈ પણ દર્દ બિલકુલ નરમ પડચું નહિં. છેવટ બુટી બાબા પાસે ગયા અને દર્દ મટે તથા છીપાય તેવો કોઈ પીવાનો પદાર્થ બતાવતા વિનતિ કરી. બાબાએ તેમને બદામ ચારોળી પીસ્તાંની રાબડી સાકરમાં બનાવીને તે પીવાનો ઈલાજ બતાવ્યો. આવું પીવાથી તો ઉલટું આ દર્દ વધે ને ભયંકર

રૂપ પકડે, અને કદાચ દર્દીને ખલાસ કરી નાંખે એવોજ વૈદ્ય દાકતરો અભિપ્રાય આપશે. પણ બુટીને બાબાની આજ્ઞાનો બરાબર અમલ કર્યો. અને તેમનું દર્દ અજબ રીતે નાબુદ થયું.

આળંદી સ્વામી : આળંદીથી સ્વામી બાબાનાં દર્શનાર્થે શીરડી આવ્યા. તેના કાનમાં એવી સખ્ત પીડા ઉપડેલી કે જેથી તેને ઉંઘ બિલકુલ આવતી ન હોતી. તે માટે તેણે અગાઉ ઓપરેશન પણ કરાવ્યું હતું. છતાં કશો કાયદો થયો નહોતો. અહીં તો દર્દ અસહ્ય બન્યું. અને શું કરવું તે કંઈ ખબર પડતી નહોતી. શીરડીથી વિદાય થતી વેળા તે બાબાની રજા લેવા આવ્યા. એ વખતે આ સ્વામીના કાનના દર્દનો ઉપાયા બતાવતા શામાએ વિનતી કરી. બાબાએ આશ્વાસન આપીને કહ્યું. "અલ્લા અચ્છા કરેગા." પછી તો સ્વામી ત્યાંથી પુના ગયા. અને અઠવાડીયા બાદ શીરડી તેમનો કાગળ આવ્યો કે "કાનમાં સોજો તો છે. પણ હવે દર્દ થતું નથી." એ સોજાના ઓપરેશન માટે તે મુંબઈ ગયા ત્યારે કાન તપાસીને સર્જને કહ્યું કે "ઓપરેશનની આમાં જરૂર નથી. સ્વતઃજ મટી જશે." બાબાનાં વચનોની આવી અજબ અસર થતી હતી.

કાકા મહાજની : કાકા મહાજની નામે ભકતને એક વાર શીરડીમાં બહુ ઝાડા થતા હતા. બાબાની સેવામાં કોઈ વિઘ્ન ન આવે અને તરત ઝાડે જવાય તે સારુ તેણે મસીદના એક ખુણામાં પાણી ભરેલો લોટો રાખ્યો હતો. સાઈબાબા બધી વાત જાણતા હતા. તેથી કાકાએ આ વાત બાબાને સીધી કરી નહોતી. તે તો માનતા હતા કે બાબા મને જલદીથી આરામ કરી દેશે. એ સમયમાં મસીદના ચોકમાં લાદી જડવાની બાબાએ રજા આપી હતી. પણ જ્યારે એ કામ ચાલવા લાગ્યું ત્યારે બાબા ભારે ક્રોધે ભરાઈને બરાડા પાડવા લાગ્યા. એથી બધા ડરીને મસીદમાંથી નાસી ગયા. કાકા પણ નાસવા જતા હતા ત્યાં જ બાબાએ તેને પકડીને બેસાડ્યા. આ

ગડબડાટમાં કોઈની મગફળી ભરેલી નાની થેલી ત્યાં પડી રહી હતી. બાબાએ તે થેલીમાંથી મુઠી ભરી મકફળી કાઢી હાથથી મસળી ફૂંક મારી તેના ફોતરાં ઉરાડી દીધાં અને મગફળીના દાણા કાકાને બાવા આપ્યા. ખૂમ ખરાડા પાડતાં પાડતાં જ પોતે મગફળી ફોલ્યે જતા અને દાણા કાકાને ખવડાવતા હતા. અને સાથે પોતે પણ કોઈ કોઈ દાણા મોંમાં મૂકતા હતા. કોથળીંમાની બધી મગફળી પુરી થઈ રહી ત્યારે કાકાને કહ્યું, ''પાણી લાવ. મને તરસ લાગી છે.'' અને કાકા એક પાણીનો લોટો ભરી લઈ આવ્યા. તેમાંથી અધરથી બાબાને થોડું પાણી પીને બીજુ કાકાને પાયું. ત્યાર બાદ બાબા બોલ્યા, ''હવે તારા ઝાડા બંધ થયા છે. લાદી જડવાનું કામ કરવા લાગો.'' દરમ્યાન નાસી ગયેલા ભક્તો પણ પાછા આવ્યા. અને લાદીનું કામ કરવા લાગ્યા. કાકાના ઝાડા બંધ થઈ ગયા હતા તેથી તે પણ કામે લાગી ગયા. શું મગફળી ઝાડા બંધ કરવાની દવા છે ? વૈદ્યકશાસ્ત્રના સિદ્ધાંત મુજબ તો મગફળીથી ઉલટા ઝાડા વધે છે નેં મટતા ન નથી. પણ આવા દૃષ્ટાંતમાં બાબાનાં વચનો જ સાચી દવા બનતી હતી.

હર્દાના દત્તોપંત : હર્દાના એક ગૃહસ્થ દત્તોપંતને ચૌદ વર્ષથી પેટનું દર્દ હતું. કોઈ ઉપાયથી તે મટતું નહોતું. એવામાં તેણે સાંભળ્યું કે શીરડીના સાઈબાબા દર્શન માત્રથી રોગ મટાડે છે. તેથી શીરડી આવી તે બાબાના ચરણે પડ્યા. દયાળુ બાબાએ તેના સામું જોઈ આશીર્વાદ આપ્યા ને મસ્તક પર હાથ મૂક્યો. એવી આશિર્વાદ સાથે તેણે બાબાની ઉદી લીધી તેવું જ તેનું સર્વ દુઃખ મટી ગયું, અને પેટની કશી જ પીડા રહી નહિ.

(આ અધ્યયના અંતે આપેલી નોંદમાં ભક્ત હેમાડપંતે બીજા ત્રણ દૃષ્ટાંત પણ ટાંકેલાં છે. : ૧) માધવરાવ દેશપાંડે (શામા) ને હરસનું દર્દ હતું. તે પર બાબાએ તેને સોનામુખીનો ઉકાળો પાયો ને દર્દ મટી ગયું. ત્યાર બાદ વળી બે વર્ષે તેને હરસની પીડી ઊપડી ત્યારે બાબાને પૂછયા વિના જ

શામાએ સોનામુખીનો ઉકાળો લીધો. એથી તેનું દર્દ ઉલટું વધી ગયું. પણ પછીથી બાબાની કૃપાવડે તેનું દર્દ મટયું હતું.

૨) કાકા મહાજનીનો મોટો પુત્ર ગંગાધરપંત ઘણા દિવસથી પેટના દર્દને લીધે પીડાતો હતો. બાબાનું નામ સાંભળી તે શીરડી આવ્યો અને દર્દ, મટાડવા બાબાને અરજ કરી. બાબાએ પેટ પર હાથ ફેરવીને કહ્યું, "ભગવાન તને મટાડશે." અને એજ પળે તેનું પેટનું દર્દ નિર્મૂળ થયું. અને તે સાવ સાજો થઈ ગયો.

૩) નાનાસાહેબ ચાંદોરકરને પણ એક વાર પેટની ભારે પીડા ઉપડેલી. દિવસ રાત કયાંય ચેન પડતું નહોતું. દાકતરાએ કેટલાયે ઈન્જેંકશન માર્યા. પણ તેની કશી જ અસર ન થઈ. છેવટે તે બાબા પાસે ગયા. બાબાએ તેની ઘી જોડો બરફી મિલાવીને આપી અને તે લેતાં જ તેનું દર્દ મટી ગયું. આ સર્વ વાતોનો સાર એટલો છે કે દર્દ મટાડવાની સાચી દવા તો બાબાનાં આશીર્વાદાત્મક વચનો જ હતાં !)

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'ભીમાજી ક્ષયનિવારણં' નામ તેરમો અધ્યાય સંપૂર્ણ ।

શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/



## અધ્યાય-૧૪.

### રતનજી સાઈ-સમાગમ.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુળદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરૂ સાઈનાથાય નમઃ ।

શ્રી સાઈબાબાનાં કૃપા-વચનવડે અસાધ્ય રોગ કેવા મટી જતા તેનું વર્ણન ગયા અધ્યાયમાં આપ્યું છે. હવે શ્રી રતનજી વાડીયાને બાબાએ આશીર્વાદ સાથે પુત્રપ્રાપ્તિનો કેવો લાભ આપ્યો તેનું વર્ણન અહીં કરીશું.

સંત શ્રીસાઈનું જીવન સ્વાભાવિક રીતે આંતરિક તેમજ બહારથી બહુ મીઠું હતું. તેમનાં દરેક કામ, રહેણી-કરણી, ભોજન, વચન સર્વે મીઠાં હતાં. તેમનું જીવન જ સુખના અવતારસમું હતું. શ્રી સાઈના નામ-જપના ફળના બદલામાં ભક્તોને બાબા આવું જ સુખ આપતા હતા. વ્યવહાર તથા ધર્મની વિવિધ કથા બાબા ભક્તોને કહેતા હતા. જેથી તેઓને સાચા ધર્મનું જ્ઞાન થતું. જગતમાં લોકો સુખેથી રહે એજ તેમનો હેતુ હતો. સદા સાવચેતીથી જીવનનું ધ્યેય-આત્મદર્શન દરેકે સાધવું જોઈએ. આ માનવદેહ ગત જન્મોના પુણ્યના ફળરૂપે આપણને મળેલ છે; જેની સહાય વડે જ આપણે આ જીવનમાં ભક્તિ-મુક્તિ પામી શકીશું. તેથી પ્રમાદી બનીને બેસી ન રહેતાં આપણે જીવનનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરવા સદા તત્પર રહેવું જોઈએ.



જો તમે નિત્ય સાઈલીલા-કથાઓ સાંભળશો તો તમને તેમનાં સુખદ દર્શન સદા થશે. ચિત્તમાં તેમનું જ સદા સ્મરણ કરજો. આ રીતે શ્રી સાઈ પર તમારો સાચો પ્રેમ થશે ત્યારે જ મનની નબળાઈ નષ્ટ થશે અને પ્રગતિ થતી રહેશે. જેથી છેવટે તમે તેમના પવિત્ર ભાવરૂપ જ બની શકશો.

**નાંદેડનાં રતનજી :** હવે આ અધ્યાયની મુખ્ય કથા કહીએ નિઝામ રાજ્યના નાંદેડ ગામમાં શ્રી. રતનજી શાપુરજી વાડીઆ નામે એક શ્રીમંત પારસી મીલ-કોન્ટ્રૅક્ટર વ્યાપારી રહેતા હતા. તે ખુબ ધનવાન હતા. જમીન-ખેતરવાડી પણ હતાં. ઘેર, ઢોર, ઘોડાં તથા વાહન હતાં. બહારથી જોતાં તે ખૂબ સુખી ને સંતોષી દેખાતા હતા. પણ અંદરખાનેથી તેમ નહોતું. ઇશ્વરીય વિધાન જ એવું છે કે આ જગતમાં સંપૂર્ણ સુખી અને ધનવાન કોઈ હોતું નથી. રતનજી આ બાબતમાં અપવાદરૂપ નહોતા. તે દાની તથા ઉદાર હતા. ગરીબ લોકોને તે અન્નવસ્ત્ર આપી અનેક રીતે સહાય કરતા હતા. લોકો તેમને સુખી, ભલા પુરૂષ માનતા હતા. પણ તેમને પુત્ર કે પુત્રી કંઈ સંતાન નહોતું; તેથી રતનજી પોતાને દુઃખી માનતા હતા. જેવું પ્રેમભક્તિ વિનાનું કીર્તન છે, જેવું વાદ્ય વિનાનું સંગીત છે, જેવો યજ્ઞોપવીત વિનાનો બ્રાહ્મણ છે, જેવો સર્વ કળામાં વહેવારૂ આવડત વગરનો માણસ છે, જેવી પશ્ચાત્તાપ વગરની યાત્રા છે, જેવો રત્ન વિનાનો દાગીનો છે, તેવું જ પુત્ર વિનાના માણસનું ઘર શૂન્ય જેવું છે. રતનજી પણ આ બાબત સદા ચિંતામગ્ન રહેતા. અને મનમાં કહેતા, "શું ઇશ્વર મને પુત્રનું દાન કરવા કૃપા કરશે?" આમ શોકાતુર થવાથી અન્ન પર તેને રૂચિ થતી નહિ. દાસગણુ મહારાજ પર તેમને સારો ભાવ હતો. તેથી એકવાર તેમને મળીને તેમની પાસે પોતાનું અંતર ખોલ્યું. દાસગણુએ તેમને સલાહ દીધી, "તમે શીરડી જઈ





બાબાનાં દર્શન કરો. અને તેમનાં ચરણમાં પડી પ્રાર્થના કરો, તથા સંતાન માટે આશીર્વાદ માગો." રતનજીને આ વાત ગમી અને તેમણે શીરડી જવાનું નક્કી કર્યું. થોડા દહાડા બાદ શીરડી જઈ તેમણે બાબાનાં દર્શન કર્યાં અને તેમના પગમાં પડી ગયા. અને સાથે લીધેલ સુંદર ફુલહાર બાબાને પહેરાવ્યો અને ફળનો ટોપલો ભેટ ધર્યો. પછી ખુબ ભક્તિથી બાબા પાસે બેઠા. નમ્રતાપૂર્વક પ્રાર્થના કરતાં તેમણે કહ્યું, "દેવ! મુસીબતમાં ફસાએલા ઘણા લોકો આપની પાસે આવે છે; આપ તેમનાં કષ્ટ સત્વર દૂર કરો છો. એ વાત સાંભળીને હું પણ આપને શરણે આવ્યો છું. મને નિરાશ કરશો મા. મારા પર કૃપા કરો." ત્યારબાદ જે પાંચ રૂપીયા દક્ષિણા આપવાનું રતનજીના મનમાં હતું એ પાંચજ રૂપીયાની દક્ષિણા માગતાં બાબા બોલ્યા : "તારી રૂા. ૩-૧૪-૦ દક્ષિણા મને મળી ગઈ છે. હવે બાકીની મારી પાંચ રૂપીયાની દક્ષિણા લાવ." એ સાંભળી રતનજી મુંઝાયા. પ્રથમ તો બાબાએ શું કહ્યું તે જ એ સમજ્યા નહિ. 'હું તો આ સૌ પ્રથમ જ શીરડી આવ્યો છું. ત્યારે મારી પાસેથી અગાઉ રૂા. ૩-૧૪-૦ દક્ષિણા મળી છે એવું બાબાએ કેમ કહ્યું હશે?" આ ગુંચનો ઉકેલ તે કરી શક્યા નહિ, પણ બાબાએ માગેલી દક્ષિણાના પાંચ રૂપીયા તેમણે બાબાના પગમાં ધર્યા. પછી પોતે શા વાસ્તે આવ્યા છે તથા બાબાની કઈ સહાય ઇચ્છે છે તે સર્વ વાત કરી. પ્રાર્થના-પૂર્વક બાબાને કહ્યું, "બાબા, કૃપા કરીને મને પુત્રદાન કરો." એથી બાબાનું અંતર દ્રવ્યું અને રતનજીને કહ્યું, "હવેથી ચિંતા કરીશ મા. આજથી તારા ખરાબ દિવસ પુરા થયા છે." વળી બાબાએ તેના મસ્તક પર હાથ મૂકી ઉદી આપીને તેને આશીર્વાદ આપ્યા અને કહ્યું : "અલ્લાહ તારા અંતરની ઇચ્છા પુરી કરશે."

શ્રી બાબાની રજા લઈ રતનજી પાછા નાંદેડ ગયા અને શીરડીમાં જે કંઈ બન્યું હતું તે સર્વ દાસગણુને કહી સંભળાવ્યું.



એ વાત કરતાં રતનજીએ કહ્યું, "બીજું બધું તો બરાબર. મને સુખેથી બાબાનાં દર્શન થયાં. બાબાએ મને ઉદીપ્રસાદ આપી આશીર્વાદ દીધા. પણ એક વસ્તુ હું સમજી શકતો નથી. બાબાએ મને કહ્યું કે અગાઉ તારી પાસેથી રૂા. ૩-૧૪-૦ દક્ષિણા મળી છે. આ શબ્દોનો અર્થ હું સમજી શકતો નથી. હું આ પહેલાં તો કદી શીરડી ગયો નથી. તો બાબાએ કહેલ રૂા. ૩-૧૪-૦ દક્ષિણા હું બાબાને શી રીતે આપી શક્યો હોઇશ?" દાસગણુને પણ આ ગુંચ સમજાઈ નહિ. તેમણે એ પર ખૂબ વિચાર કર્યો. ત્યારે થોડી વાર બાદ યાદ આવ્યું કે થોડા દહાડા પર રતનજીના ઘેર મૌલાસાહેબ નામે એક સંત મળવા આવ્યા હતા. તેમના સત્કારમાં રતનજીને કંઇક ખર્ચ થયો હતો. મૌલાસાહેબ સાદા સંત હતા અને નાંદેડના લોકોમાં પ્રસિદ્ધ હતા. શીરડી જવાનું રતનજીએ નક્કી કર્યું તેના આગલે દહાડે જ મૌલાસાહેબ તેમના ઘેર અચાનક જ પધાર્યા. રતનજીને તેમની પિછાન હતી. અને તેમના પર ભાવ પણ હતો. તેથી તે પધારતાં તેમના માનમાં તેમણે સત્કારની મિજબાની કરી. તેમાં કરેલ ખર્ચની યાદી દાસગણુએ રતનજી પાસેથી માગી. તો એ ખર્ચ ગણતાં તે બરાબર રૂા. ૩-૧૪-૦ જ થયો હતો. એક પાઈ વધારે નહિ કે એક પાઈ ઓછી નહિ. આ જોતાં જ બધાં ભારે અચંબો પામ્યા. બાબા સર્વજ્ઞ છે તેની ખાત્રી થઈ. બાબા પોતે શીરડી રહે છે છતાં દૂર દૂર શું ચાલી રહ્યું છે તેની તેમને બધી જ ખબર પડે છે. તેમને ભૂત-ભવિષ્ય-વર્તમાનની સર્વ ખબર છે. દરેક જોડે તેમણે સંપૂર્ણ એકત્વ સાધ્યું છે. આ દ્રષ્ટાંતમાં જ તેમણે મૌલાસાહેબ જોડે એકત્વ ન સાધ્યું હોય અને એ બન્ને એકરૂપ જ ન હોય તો આ મૌલાસાહેબના સત્કારની તથા તે પાછળ થયેલા ખર્ચની બાબાને શી રીતે ખબર પડે?

રતનજીને આ ખુલાસાથી સંતોષ થયો અને બાબાપરની—

શ્રદ્ધા દૃઢ થઈ. યોગ્ય સમય આવતાં તેને બાબાના આશીર્વાદ ફળ્યા. તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. હર્ષનો પાર રહ્યો નહિ. કહે છે કે તેમને કુલ બાર સંતાન થયાં, જેમાંથી હાલ ચાર સંતાન જીવે છે.

(આ અધ્યાયને અંતે આપેલી નોંધમાં રાવબહાદૂર હરિ વિનાયક સાઠેની પહેલી પત્ની ગુજરી જતાં બીજી સ્ત્રી પરણવાથી પોતાને પુત્ર થશે જ એવી ખાત્રી કોઈ સંત પુરૂષ આપે તો જ પરણવું એમ તે ઉત્તર દેતા. એ બાબતમાં બાબાએ જે સુખદ વચનો કહેલાં તે અહીં (મૂળ ગ્રંથમાં) આપ્યાં છે. રાવબહાદૂર સાઠેએ બીજી વાર લગ્ન કર્યું. પ્રથમ તો આ સ્ત્રીથી તેમને બે પુત્રી થઈ. તેથી સાઠે જરા નિરાશ થયેલા. પણ ત્રીજું સંતાન પુત્ર થયો. બાબાનું વચન સત્ય ઠર્યું અને તેમને સંતોષ થયો.)

**દક્ષિણા–મીમાંસા :** હવે દક્ષિણા વિષેની નોંધ આપીને આ અધ્યાય સમાપ્ત કરીશું. જે લોકો બાબાના દર્શને આવતા તેમની પાસેથી બાબા દક્ષિણા માગતા હતા એ વાત પ્રસિદ્ધ છે. એથી કોઈ પ્રશ્ન કરે કે "જો બાબા ફકીર હતા તથા સંપૂર્ણ વૈરાગી હતા, તો પછી તે દક્ષિણા કેમ માગતા હતા? તેમને પૈસાની શી જરૂર હતી?" આ પ્રશ્નની સર્વાંગી ચર્ચા આપણે કરીશું.

પ્રારંભમાં તો બાબા દીર્ઘકાળ સુધી કોઈની પાઈ પણ સ્વીકારતા નહિ. ઓલવાયેલી દીવાસળીઓ એકઠી કરી પોતે ખીસ્સામાં ભરતા. ભક્ત અગર ગમે તે હોય–કોઈ પાસેથી કશું માગતા જ નહિ. એ પછી તેમની પાસે કોઈ પૈસો બે પૈસા મૂકતું તો તેની તમાકુ અગર તેલ વેચાતું લેતા. બાબાને તમાકુનો શોખ હતો. કેમકે નિત્ય બીડી કે ચલમ પોતે પીતા હતા. એ પછી કેટલાક લોકોના દીલમાં જ થયું કે સંતને દર્શન આપણે ખાલી હાથે ન જવાય. તેવા લોકો બાબા પાસે ત્રાંબાના પૈસા મૂકવા



લાગ્યા. એક પૈસો મૂકયો હોય તો બાબા તે ઉપાડી ખીસામાં મૂકતા. પણ જો ઢબુ મૂકેલ હોય તો તે પાછો આપી દેતા. એ પછી તો બાબાની કીર્તિ દૂર દૂર સુધી પ્રસરી. સંખ્યાબંધ લોકો બાબાના દર્શને આવવા લાગ્યા. અને બાબા તેમની પાસેથી દક્ષિણા માગવા લાગ્યા. શ્રુતિમાં કહ્યું છે કે દેવપૂજન સુવર્ણના સીક્કાના દાન વિના સંપૂર્ણ ગણાય નહિ. આમ જો દેવપૂજનમાં પણ પૈસાની જરૂર છે, તો સંત–પૂજનમાં તેની જરૂર કેમ ન હોય? એથી જ શાસ્ત્રોમાં લખ્યું છે કે દેવ–રાજ–સંત કે ગુરૂ પાસે કદી ખાલી હાથે જવું નહિ. કંઈક પણ ભેટ તેમને ધરવી જોઈએ. તેમાં પણ ધનની–પૈસાની ભેટ વધુ સારી સગવડભરી ગણાય છે.

આ વિષયમાં ઉપનિષદ્‌માં આપેલાં વચનો આપણે જોઈએ. બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કહ્યું છે કે ભગવાન પ્રજાપતિએ દેવો, માનવો તથા દાનવોને 'દ' અક્ષર વડે બોધ કર્યો. (૧) દેવોએ આ 'દ' અક્ષરનો અર્થ દમ–સંયમ પાળવો એમ કર્યો. (૨) માનવોએ આ 'દ' અક્ષરનો અર્થ દાન દેવું એમ કર્યો. (૩) અને દાનવોએ 'દ' અક્ષરનો અર્થ દયા રાખવી એમ કર્યો. આમ માનવીને દાન કરવાનું કહ્યું છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં ગુરૂએ શિષ્યને દાન તથા તેના પ્રકાર પ્રબોધ્યા છે. જેમાં ગુરૂ કહે છે. "દાન શ્રદ્ધાથી કરજો. શ્રદ્ધા વગર પણ દાન કરજો. ઉદારતાથી દેજો; નમ્ર બનીને દેજો. સહાનુભૂતિથી તથા માનપૂર્વક દેજો."

આ દાનના મહિમાના બોધ માટે તથા ધનની તૃષ્ણાના નાશ અર્થે તેમજ ચિત્તની પવિત્રતા ખાતર જ શ્રી સાઈબાબા ભક્તો પાસેથી દક્ષિણા માગતા હતા. તે સાથે બાબા ખાસ કહેતા કે તમે જે આપો છો તે કરતાં સો ગણું મારે તમને પાછું આપવું પડે છે. આ બાબતનાં કેટલાંક દૃષ્ટાંત પણ છે. પ્રસિદ્ધ નાટ્યકાર ગણપતરાવ બોડસ પોતાના મરાઠી આત્મવૃત્તાંતમાં લખે છે



"બાબા વારંવાર દક્ષિણાનો આગ્રહ કરતા. તેથી મારૂં પૈસાનું પાકીટ જ હું તેમની પાસે ખાલી કરતો. પરિણામે મારા આખા જીવનમાં મને કદી પૈસાની તંગી જ પડી નથી. મને પુષ્કળ પૈસા મળ્યા કરતા."

કેટલાક દ્રષ્ટાંતમાં દક્ષિણાનો બીજો અર્થ પણ થતો હતો; જેમાં બાબા નાણાની કોઈ રકમ માગતા નહોતા. તેનાં બે દૃષ્ટાંત આપું: (૧) પ્રો. નારકે પાસે બાબાએ પંદર રૂપીયાની દક્ષિણા માગી. નારકેએ કહ્યું, "બાબા, આપ જાણો છો કે મારી પાસે રાતી પાઈ નથી." ત્યારે બાબા બોલ્યા, "તારી પાસે પૈસો નથી એ વાત હું જાણું છું પણ તું યોગવાસિષ્ઠ વાંચે છે તેમાંથી તું મને દક્ષિણા દે." અહીં દક્ષિણાનો અર્થ એવો થતો હતો કે એ પુસ્તકમાં આપેલ બોધનો સાર ખેંચી તારા હૃદયમાં મારો વાસ છે ત્યાં એ બોધ એકત્ર કરી રાખજે. (૨) બીજા દ્રષ્ટાંતમાં શ્રીમતી તર્ખડ પાસેથી બાબાએ દક્ષિણાના છ રૂપીયા માગ્યા. બાઈ પાસે પૈસો ય નહોતો. તેથી તેના મનમાં સંતાપ થયો. ત્યારે તેના પતિએ તેને સમજાવ્યું કે બાબા તો તારા છ શત્રુ–કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષ્યા પોતાને સમર્પણ કરી દેવાનું તને કહે છે. અને બાઈએ જ્યારે બાબાને આ દક્ષિણાનો એ અર્થ છે કે કેમ એમ પૂછ્યું ત્યારે બાબાએ હા પાડી હતી.

વળી એ વસ્તુ પણ નોંધપાત્ર છે કે બાબા પાસે દક્ષિણાના જે રૂપીયા એકઠા થતા તે સર્વ પોતે તે જ દહાડે સાંજે દાનમાં દઈ દેતા હતા. બીજે દહાડે સવારે તો તે સાવ ફકીર બનીને જ બેસતા હતા. છેલ્લા દસ વરસમાં તો બાબા પાસે દક્ષિણાના હજારો રૂપીયા આવ્યા હતા, છતાં જ્યારે તેમણે મહાસમાધિ લીધી ત્યારે તેમની પાસેથી વીસેક રૂપીયા જ નીકળ્યા હતા.

ટુંકમાં ભક્તો પાસેથી દક્ષિણા લેવાનો બાબાનો મુખ્ય ઉદ્દેશ તો ભક્તોને વૈરાગ્યવૃત્તિ તથા પવિત્ર ભાવનાના પાઠ ભણાવવાનો જ હતો.



તા. ક. આ દક્ષિણાના વિષય પર સાઈલીલા માસિક વ. ૭
પા. ૭–૨૬ ઉપર થાણાના નિવૃત્ત મામલતદાર બાબાના પરમ
ભક્ત શ્રી બી. વી. દેવનો એક લેખ પ્રસિદ્ધ થયો છે. તેમાં તે
લખે છે, "બાબા બધા પાસેથી દક્ષિણા માગતા નહોતા. માગ્યા
વિના કોઈ દક્ષિણા આપતું ત્યારે ઘણી વાર તો તે પાછી આપી
દેતા. ચોક્કસ ભક્તો પાસેથી જ તે દક્ષિણા માગતા હતા. બાબા
આપણી પાસે માગશે પછી આપણે દક્ષિણા આપશું એવું જે
ભક્તોના મનમાં હોય તેની પાસેથી તો બાબા કદી માગતા જ
નહોતા. બાબાની મરજી વિરૂદ્ધ જો કોઈ દક્ષિણા ધરતું તો બાબા
એને અડકતા જ નહિ. તે છતાં એ ત્યાં રાખી મૂકે તો તે ઉઠાવી
લેવાની બાબા આજ્ઞા કરતા હતા. ભક્તોની ભક્તિ, ઇચ્છા તથા સગવડ
પ્રમાણે બાબા તેમની પાસેથી નાની મોટી રકમ દક્ષિણાની માગી
લેતા હતા. સ્ત્રીઓ તથા બાળકો પાસેથી પણ દક્ષિણા માગતા.
બધા જ શ્રીમંત પાસેથી કે બધા જ ગરીબ પાસેથી બાબા કંઈ
દક્ષિણા માગતા નહોતા.

બાબાએ દક્ષિણા માગી હોય છતાં તેણે તે ન આપી હોય
તેવાની જોડે બાબા કદી ક્રોધ કરતા નહિ. કોઈએ મિત્ર જોડે દક્ષિણા
મોકલી હોય અને મિત્ર તે આપવાનું ભૂલી ગયો હોય તો બાબા
તેને યાદ દેવડાવી માગી લેતા હતા. વળી કોઈવાર ભક્ત દક્ષિ-
ણાની જે રકમ બાબા પાસે મૂકતો તેમાંથી ચોક્કસ જ રકમ ઉપાડી
લેવા માટે બાબા તેને આજ્ઞા કરતા. અને એ રકમ તેમના દેવમંદિરમાં
સાચવીને રાખવાનું કહેતા. બાબાની આ પદ્ધતિથી દાતા–ભક્તને
ત્વરિત લાભ થતો. મૂળ સંકલ્પ કરેલી રકમ કરતાં જો કોઈ વધુ
રકમ આપતું તો બાબા એ વધારાની રકમ તેને પાછી આપી દેતા
હતા. વળી કોઈ ભક્ત પાસે દક્ષિણાના પૈસા ન હોય તો બીજા
પાસેથી ઉછીના લઈને પણ આપવાની પોતે આજ્ઞા કરતા હતા. કોઈ
કોઈ પાસેથી તો દહાડામાં ચાર પાંચ વખત પણ દક્ષિણા માગતા.

દક્ષિણાની આવેલી રકમમાંથી બાબા ચલમ અગર ધુણીનાં લાકડાં ખરીદવા કે એવા કામમાં બહુ અલ્પ ખર્ચ કરતા. અને બાકીની રકમ જુદા જુદા માણસોને દાનમાં દઈ દેતા હતા. શીરડી સંસ્થાનની સર્વ વસ્તુઓ તો રાધાકૃષ્ણમાઈની સૂચના મુજબ વિવિધ શ્રીમંત ભક્તો લઈ આવ્યા હતા. જ્યારે આવી કોઈ ભારે કિંમતી વસ્તુ લાવતું ત્યારે બાબા ખૂબ ખિજાઈને ગાળો દેતા. પોતે નાનાસાહેબ ચાંદોરકરને કહેતા, "મારી મિલ્કતમાં તો માત્ર એક લંગોટી, એક ચીંથરું, એક કફની અને પતરાનું આ ડબલું છે. લોકો આવી નકામી કિંમતી વસ્તુઓ લાવી મને પજવી રહ્યા છે."

પરમાર્થના કામમાં ધન તથા સ્ત્રી (કાંચન અને કામિની) એ વસ્તુ જ વિઘ્નકર્તા ગણી છે. પોતાના ભક્તોએ આ બે વસ્તુનો કેટલેક ત્યાગ કર્યો છે તેની પરીક્ષા માટે જ બાબાએ શીરડીમાં આ બે સંસ્થા એક દક્ષિણાની તથા બીજી રાધાકૃષ્ણમાઈને સ્થાપી હતી. જ્યારે જ્યારે ભક્તો શીરડી આવતા ત્યારે પોતે તેની પાસેથી દક્ષિણા માગતા; તેમજ રાધાકૃષ્ણમાઈના ઘેર જવાની આજ્ઞા કરતા. જો આ બે કસોટી–ધન તથા સ્ત્રી પ્રત્યેના વૈરાગ્યની કસોટી-માંથી ભક્ત પાર ઉતરતો દેખાતો તેની આધ્યાત્મિક પ્રગતિ ઝડપબંધ થતી હતી અને તે બાબાની મહેરબાની તથા આશીર્વાદ પ્રાપ્ત કરી શકતો હતો.

શ્રી દેવે ગીતા તથા ઉપનિષદ્‌ના કેટલાક શ્લોકો ટાંકીને બતાવ્યું છે કે પવિત્ર સ્થળે પવિત્ર પુરૂષને દાન આપવાથી દાતાનું ભારે કલ્યાણ થાય છે. શીરડી જેવું પવિત્ર સ્થળ કયું છે? તેમજ તેના અધિષ્ઠાતા દેવ શ્રી સાઈબાબાથી વધુ પવિત્ર કોણ છે?

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈ-સમર્થસચ્ચરિત્રે 'રતનજી સાઈ-સમાગમ તથા દક્ષિણામીમાંસા' નામ ચૌદમો અધ્યાય સંપૂર્ણ

। શ્રી સદ્‌ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/



http://suratiundhiyu.wordpress.com/



## અધ્યાય – ૧૫

### શ્રી ચોળકર શર્કરાખ્યાન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઇનાથાય નમઃ ।

છઠ્ઠા અધ્યાયમાં શીરડીમાં રામનવમી ઉત્સવ-કથા વર્ણવી છે. એ ઉત્સવની શરૂઆત કેમ થઈ; એ પ્રસંગના કીર્તન માટે સારા હરિદાસ મેળવતાં કેવી મુસીબત નડેલી; તથા શ્રી બાબાએ આ કામ દાસગણુને કેમ સોંપ્યું; અને દાસગણુએ કેવી કુશળતાથી તે પાર ઉતાર્યું એ સર્વ હકીકત છઠ્ઠા અધ્યાયમાં આપી છે. હવે દાસગણુ જે રીતે હંમેશા કીર્તન કરતા હતા તેનું વર્ણન આ અધ્યાયમાં વાંચીએ.

**નારદીય કીર્તન-પદ્ધતિ :** સામાન્ય રીતે આપણા હરિદાસ કીર્તન વેળા બધાં કપડાં પહેરી ખભે ખેસ નાંખે છે; અને માથા પર ફેંટો કે પાઘડી મૂકે છે. ખમીસ પર લાંબો ડગલો પહેરે છે અને લાંબું ધોતીયું પહેરી ખભે ઉપરણો નાંખે છે. શીરડીમાં આ કીર્તન માટે આવાં જ કપડાં પહેરી દાસગણુ બાબાને પ્રણામ કરવા ગયા ત્યારે બાબા બોલ્યા : "આવો, વરરાજા. આવાં સુંદર કપડાં પહેરીને કયાં પધારો છો ?" દાસગણુએ ઉત્તર દીધો : "દેવ, હું તો કીર્તન કરવા જાઉં છું" ત્યારે બાબાએ પૂછ્યું : "આવાં બધાં વસ્ત્રો-ડગલો, ઉપરણો, ફેંટો એ બધાની શી જરૂર છે ? એ



બધો દેખાવ કરીને અહીં આવવાની કે એ સર્વ પહેરવાની અગત્ય કયાં છે ?" દાસગણુ સમજી ગયા. અને બધાં કપડાં ઉતારી બાબાના ચરણમાં મૂકયાં. ત્યારથી તેમણે આવાં કપડાં કદી પહેર્યાં નથી. પોતે માત્ર એક ધોતીયું જ પહેરતા હતા. અને ગળામાં પુષ્પનો હાર રાખતા હતા, સામાન્ય રીતે સર્વ હરિદાસની કપડાની રસમ આવી નથી. પણ બાબાની બતાવેલ આ રસમ ઉત્તમ છે. મહર્ષિ નારદ કીર્તન-પદ્ધતિના પિતા ગણાય છે. તે પોતે ધોતીયા સિવાય અંગ પર કે માથે કશું પહેરતા નહિ. હાથમાં વીણા લઈ તે વગાડતા ને પ્રભુના ગુણગાન કરતા કરતા સ્થળે સ્થળે ફરતા હતા.

**શ્રી. ચોળકરની ખાંડ વિનાની ચા :** અહમદનગર તથા પુના જીલ્લામાં બાબાનું નામ પ્રખ્યાત હતું. નાનાસાહેબ ચાંદોરકરના અંગત અનુભવ દ્વારા તથા દાસગણુના અનેક સુંદર કીર્તનો દ્વારા બાબાની કીર્તિ આખા કોકણ પ્રદેશમાં ખૂબ પ્રસરી હતી. વસ્તુતઃ દાસગણુનાં અનેક સુંદર કીર્તન સાંભળીને ઘણા માણસોને બાબા વિષેની માહિતી મળી હતી. કીર્તન સાંભળવા આવનાર શ્રોતાજનોના શોખ વિવિધ પ્રકારના હોય છે. કોઇ હરિદાસની વિદ્વત્તા વખાણે છે તો કોઇને તેમના હાવભાવ ગમે છે. કોઇને તેમનું સંગીત તો કોઇને તેમની બુદ્ધિ તથા હાસ્યરસ પસંદ પડે છે. કોઈ તેમનો વેદાંત પરનો બોધ તો કોઈ તેમનાં દ્રષ્ટાંત ને વાતો વખાણે છે. પણ આ કીર્તન સાંભળીને પ્રભુ પર તથા સંત પર શ્રદ્ધાભક્તિ-પ્રેમ જેમના હૃદયમાં જાગે એવા શ્રોતાજનો તો બહુ થોડા હોય છે. દાસગણુના કીર્તનના શ્રવણની અસર શ્રોતાના મન પર વિદ્યુત્ જેવી થતી હતી. એક દાખલો અહીં આપીએ :

એક વાર દાસગણુ થાણામાં કોપીનેશ્વર મહાદેવની જગામાં "સાઈબાબાના ગુણ-પ્રતાપ" એ વિષય ઉપરનું કીર્તન કરતા હતા. થાણા જીલ્લાની દીવાની અદાલતમાં ઉમેદવાર તરીકે નોકરી કરતો શ્રી. ચોળકર નામે એક ગરીબ માણસ અન્ય શ્રોતા જોડે બેસીને



આ કીર્તન સાંભળતો હતો. દાસગણુનું કીર્તન તેમણે ધ્યાનપૂર્વક સાંભળ્યું; અને તેમના મન પર ભારે અસર થઇ. ત્યાં જ તેમણે મનમાં બાબાને પ્રણામ કર્યાં; અને બાધા લીધી, "હે બાબા, મારા કુટુંબનું પુરૂં પોષણ પણ હું કરી શકતો નથી. હું અત્યંત ગરીબ છું. આપની કૃપાથી જો હું અમારા ખાતાની પરીક્ષામાં પાસ થઇશ અને મને કાયમી જગા મળશે તો હું શીરડી આવી આપનાં દર્શન કરી આપને ચરણે માથું મૂકીશ. અને આપને સાકર ધરીને વહેંચીશ. ત્યાંસુધી હું સાકર ખાઇશ નહિ." એ પછી સુભાગ્યે ચોળકર ખાતાની પરીક્ષામાં પાસ થયો અને તેમને કાયમી જગા મળી. હવે લીધેલી પ્રતિજ્ઞા પુરી કરવાની બાકી રહી હતી. જેમ તે વહેલી પુરી થાય તેમ ઉત્તમ. આ નિર્ધન ચોળકરને મોટા કુટુંબનું પોષણ કરવાનું હતું. તેથી શીરડી જવાના ખર્ચ જેટલી બચત થતી નહોતી. કોઇએ ખરૂં કહ્યું છે કે 'થાણા જીલ્લાનો નાણેઘાટ-સહ્યાદ્રિ પર્વત ઓળંગવો સહેલો છે પણ નિર્ધન માણસને ઉંબર-ઘાટ-ઘરનો ઉંબર પણ ઓળંગવો અઘરો છે;' ચોળકરની ઇચ્છા પોતાની પ્રતિજ્ઞા બને તેટલી વહેલી પુરી કરવાની હતી. તેથી ખર્ચમાં ભારે કાપકુપ કરીને પણ શીરડી યાત્રા માટે પૈસા એકઠા કરવા એવો નિશ્ચય કર્યો. નિત્યના ખોરાકમાં ખાંડ-સાકરની બાધા લીધી હતી તેથી ચા પણ ખાંડ-સાકર વિનાની જ તે લેતો હતો. આમ પોતે થોડાક પૈસા બચાવી શકયો. અને બાબાના દર્શનાર્થે તે શીરડી આવ્યો. બાબાના પગમાં પડી શ્રીફળ ધર્યું અને લીધેલી પ્રતિજ્ઞા મુજબ બાબાને શુદ્ધ હૃદયથી સાકર ધરાવીને ભક્તોને વહેંચી દીધી. અને બાબાને કહ્યું : "બાબા, આપનાં દર્શન કરીને હું કૃતકૃત્ય થયો. આજે મારી ઇચ્છા પૂર્ણ થઈ." ચોળકર, બાપુ-સાહેબ જોગને ઘેર ઉતર્યો હતો. જોગ પણ ત્યાં હાજર હતા. જેવા એ બન્ને જણ ઉઠીને મસીદમાંથી ઘેર જતા હતા તેવા જ બાબાએ જોગને કહ્યું: "તારા મહેમાનને આજે ખુબ સાકર નાંખીને ચા પાજે." આ સૂચક શબ્દો ચોળકરના કાને પડતાં જ તેના દીલ પર



ભારે અસર થઈ. તે આશ્ચર્યચકિત બન્યો. અને આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. પુનઃ તે બાબાના પગમાં પડી ગયો. મહેમાનને ખુબ સાકર નાંખીને ચા પીવાની બાબાની સૂચના સાંભળી જોગને પણ કુતૂહલ થયું હતું. બાબા તો આ વચનો દ્વારા ભક્ત ચોળકરના અંતરમાં શ્રદ્ધા-ભક્તિ જ વધારવા ઇચ્છતા હતા. પોતે જાણે તેમને સૂચવતા હતા કે તમારી સાકરની પ્રતિજ્ઞાની મને ખબર છે. તથા તમારી બાધાની સાકર મને મળી ગઈ છે. આ દ્રષ્ટાંત દ્વારા બાબા એમ કહેવા માગતા હતા કે "જો તમે ભક્તિથી મારી પાસે હાથ ધરશો તો હું અહોનિશ તમારી જોડે જ છું. ભલે સ્થૂળ દેહે હું અહીં શીરડીમાં બેઠો, પણ સાત સમુદ્ર પાર પણ તમે શું કરો છો તે સર્વ અહીં બેઠા હું જાણું છું. આ વિશાળ જગત પર તમે ગમે ત્યાં જાઓ પણ હું તો સદા તમારી જોડે જ છું. મારૂ સ્થાન તમારા હૃદયમાં છે. અને હું તમારામાં જ છું. તમારા હૃદયમાં તેમજ પ્રાણીમાત્રનાં હૃદયમાં બેઠેલા એવા મારૂં પૂજન કરજો. મને આ રીતે ઓળખનારા જ સાચા ભાગ્યવંત અને સુખી છે." આમ બાબાએ ચોળકરને કેવો સુંદર અગત્યનો પાઠ ભણાવ્યો હતો !

**બે ગરોળીઓ :** હવે બે નાની ગરોળીઓની કથા વર્ણવીને આ અધ્યાય પુરો કરીશું. એકવાર મસીદમાં બાબાની સામે એક ભક્ત બેઠો હતો. એવામાં તેણે એક ગરોળી ચીચીયારી કરતી દિવાલ પર કૂદતી જોઈ. પેલા ભક્તને કુતૂહલ જાગવાથી તેણે બાબાને પૂછ્યું, "બાબા, આ ગરોળી કેમ ચીચીયારી કરે છે ? એ શુભ શુકન સૂચક છે કે અશુભ ?" બાબાએ ઉત્તર દીધો : "આજે તેની બહેન ઔરંગાબાદથી તેને મળવા આવનાર છે. તેથી એ ખુબ આનંદિત બનીને ચીચીયારી કરે છે." બાબાના આ શબ્દો પેલો ભક્ત બરાબર સમજ્યો નહિ તેથી છાનોમાનો બેસી રહ્યો. એવામાં એક ઘોડા પર બેસીને એક જણ ઔરંગાબાદથી બાબાના દર્શને

આવ્યો. તેને હજુ આગળ જવાનું હતું. ઘોડો ભૂખ્યો હતો તેથી તેને ચંદીના ચણા દેવાના હતા. ચણા લાવવા તેણે એક થેલી કાઢીને જેવી ઉંધી વાળીને ખંખેરી અને નીચે ઝાપટી તેવીજ તેમાંથી એક ગરોળી નીકળી આવી. અને સૌ દેખતાં તે સામેની દિવાલ પર ચઢી ગઈ. ગરોળીનો પ્રશ્ન પૂછનાર ભક્તની સામું બાબાએ જોયું. પેલી ગરોળી એકદમ કૂદીને તેની બહેન પાસે પહોંચી. દીર્ઘકાળ પછી બન્ને બહેનો મળી હતી. તેથી પ્રેમથી એક બીજીને બચ્ચી કરવા લાગી; અને ભેટી પડી. તથા પ્રેમથી ગોળ ગોળ ફરીને નાચવા લાગી. ક્યાં શીરડી અને ક્યાં ઔરંગાબાદ? ઔરંગાબાદથી ગરોળી લઈ ઘોડા પર બેસી આ માણસ શીરડી કેમ આવ્યો? આ બે બહેનોના મિલનનું ભાવી બાબાએ કેવી રીતે કહ્યું હશે? ખરેખર આ બધું ભારે આશ્ચર્યજનક છે. બાબા સર્વજ્ઞ હતા તે વસ્તુ આથી પુરવાર થાય છે.

તા. ક.–જે કોઈ આ અધ્યાય ભાવથી વાંચશે અગર તેનું નિત્ય અધ્યયન કરશે તેનાં સર્વ સંકટ શ્રી સદ્‌ગુરૂ સાઇબાબાની કૃપાથી ટળી જશે.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંતાવિરચિતે શ્રીસાઈસમર્થસચ્ચરિત્રે 'શ્રી ચોળકર શર્કરાખ્યાન' નામ પંદરમો અધ્યાય સંપૂર્ણ ।

શ્રી સદ્‌ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/



http://suratiundhiyu.wordpress.com/

(126)

## અધ્યાય-૧૬.

### બ્રહ્મજ્ઞાન-કથન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરૂ સાઇનાથાય નમઃ ।

આ અધ્યાયમાં બ્રહ્મજ્ઞાન સત્વર પ્રાપ્ત કરવા એક શ્રીમંત માણસ બાબા પાસે એકવાર આવ્યો હતો તે કથા વર્ણવી છે.

**ઉપોદ્‌ઘાત :** ચોળકરના સામાન્ય નૈવેદ્ય પ્રતિજ્ઞા બાબાએ પુરી કરીને તેનો કેમ સ્વીકાર કર્યો તે કથા ગયા અધ્યાયમાં આપણે સાંભળી છે. આ કથામાં બાબાએ દર્શાવ્યું છે કે પ્રેમ-ભક્તિથી અર્પણ થયેલી ગમે તેવી સામાન્ય ચીજનો પણ પોતે પ્રેમથી સ્વીકાર કરતા હતા, પણ અહંકાર કે હુંપદથી અર્પણ થયેલી વસ્તુ બાબા પાછી આપી દેતા હતા. બાબા પોતે જ સચ્ચિદાનંદ સ્વરૂપ હોવાથી તેમને બાહ્ય વિવેકની કંઈ પડી નહોતી. નમ્ર ભાવથી અર્પણ થયેલું નૈવેદ્ય બાબા આવકારતા અને પોતે પ્રેમ તથા આનંદથી તેનો સ્વીકાર કરતા હતા. શ્રી સાઇબાબા જેવા સાચા ઉદાર ઉપકારક સદ્‌ગુરૂ તો જવલ્લે જ હશે. તેમને ચિંતામણિ, કલ્પતરૂ કે કામધેનુ જોડે પણ સરખાવી શકાય તેમ નથી. બાબા તો તેનાથી પણ ચઢે છે, કેમકે આ બધા તો તેમની પાસે ઇચ્છેલી વસ્તુ જ આપે છે. પણ સદ્‌ગુરૂ તો વણચિંતવેલી અલભ્ય વસ્તુનું આપણને દાન કરે છે. એક શ્રીમંત માણસે બાબા પાસે આવી બ્રહ્મજ્ઞાન દેવા સારૂ વિનતિ કરી હતી તેને બાબાએ કેવો પાઠ ભણાવ્યો હતો તે કથા હવે સાંભળો.



એક શ્રીમંત માણસ ભારે ધન-સંપત્તિવાળો હતો. (કમભાગ્યે તેનાં નામઠામ નોંધેલાં મળતાં નથી!) વાડી-ખેતર-ઈમારત-ધનનો તે માલેક હતો. તેને પાસે ઘણા નોકરો તથા આશ્રિતો હતા. શ્રી સાઈબાબાની કીર્તિ સાંભળીને તેણે એક મિત્રને કહ્યું: "મારે કોઇ ચીજની કમી નથી. મારે ત્યાં બધું જ છે. હવે મારે બ્રહ્મજ્ઞાનની જ જરૂર છે. તે મળે તો બાબા પાસે જઇને હું બ્રહ્મજ્ઞાન લઇ આવું. તો મારૂં સુખ સંપૂર્ણ બને." મિત્રે તેને અટકાવતાં કહ્યું: "બ્રહ્મ જાણવા કંઈ સહેલું નથી. અને તેમાં પણ તારા જેવા સદા ધન-સ્ત્રી-બાળબચ્ચાંમાં મગ્ન રહેનાર લોભી માણસ માટે તો એ શક્ય જ નથી. તું એક પાઇની પણ કદી સખાવત કરતો નથી. તેવા માણસની બ્રહ્મજીજ્ઞાસા કોણ પુરી કરવાનું હતું?"

મિત્રની આ સલાહ પર તેણે કંઈ ધ્યાન ન આપ્યું. શીરડી જવા આવવાનો તેણે એક ટાંગો ભાડે કર્યો. અને શીરડી પહોંચી મસીદમાં આવી બાબાનાં દર્શન કરીને પગમાં પડી તેણે કહ્યું, "બાબા, આપ અહીં આવનારને સત્વર બ્રહ્મદર્શન કરાવો છો એવું સાંભળીને હું આપની પાસે આવ્યો છું. લાંબી મુસાફરીથી હું થાકી ગયો છું. માટે આપની પાસેથી મને બ્રહ્મજ્ઞાન મળે તો મારી અહીં આવવાની મહેનતનો બદલો મળી રહેશે." બાબાએ ઉત્તર આપ્યો, "અરે વહાલા ભાઈ, તું ચિંતા શા માટે કરે છે? હમણાં જ હું તને બ્રહ્મદર્શન કરાવું છું. મારો તો હિસાબ જ બધો રોકડીયો છે. હું કંઈ ઉધાર રાખતો જ નથી. મારા પાસે ઘણા માણસો આવે છે, અને તે બધા તો ધન-માન-પદવી-સત્તા-આરોગ્ય-રોગનિવારણ અને એવા એવા સંસારી શ્રેયની ચીજો માગ્યા કરે છે. પણ મારા પાસે આમ બ્રહ્મજ્ઞાનની માગણી કરનારા તો કોઈ વિરલા જ મળે છે. સંસારી પદાર્થ માગનારા કંઈ ઓછા નથી. પણ આવા દૈવી ભાવમાં રસ લેનારા તો મને જવલ્લે જ મળે છે. તારા જેવા બ્રહ્મજ્ઞાન માગનાર મળે છે તેને હું



ભાગ્યવંત શુભ શકુન જ ગણું છું. માટે હું તને હમણાં જ બ્રહ્મ-દર્શન કરાવું છું."

આટલું બોલી બાબાએ બ્રહ્મદર્શનની તૈયારી કરી. એ ગૃહસ્થને પાસે બેસાડી કંઇક વાતોમાં ચડાવી તાત્કાલિક તો તેને એ પ્રશ્ન ભૂલાવી દીધો. પછી એક છોકરાને બોલાવીને બાબાએ કહ્યું, "જો, નંદકુમાર મારવાડી પાસે જઈને મારા માટે તેની પાસેથી પાંચ રૂપીયા ઉછીના લઈ આવ." છોકરો એ મારવાડી પાસે જઇને પાછો આવ્યો; અને કહ્યું, "બાબા, નંદુ તો ઘેર નથી. તેને ઘેર તો તાળું છે." ત્યારે વળી બાબાએ તેને કહ્યું, "ત્યારે તું બાલા ગાંધીને ત્યાં જઈ મારા માટે પાંચ રૂપીયા ઉછીના લઈ આવ." વળી છોકરો બાલાના ઘેર જઈને પણ ખાલી હાથે પાછો આવ્યો. આમ આ પ્રયોગ બાબાએ બે ત્રણ વાર કરી જોયો.

આપણે જાણીએ છીએ કે સાઇબાબા હાલતા-ચાલતા જીવંત બ્રહ્મનો અવતાર હતા. તો કોઈ પ્રશ્ન કરશે કે પાંચ રૂપીયા જેવી નજીવી રકમની તેમને શી જરૂર પડી હતી? અને તે ઉછીના લેવા? આ બધી મહેનત તેમને કેમ કરવી પડી? ખરી રીતે તો બાબાને આવી કોઈ રકમની જરૂર જ નહોતી. વળી નંદુ મારવાડી તથા બાલો ગાંધી ઘેર નથી એ વાતની પણ તેમને પુરેપુરી ખબર હતી. પણ પેલા બ્રહ્મજીજ્ઞાસુની કસોટી માટે જ તેમણે આ પદ્ધતિ અખત્યાર કરેલી લાગે છે. એ ગૃહસ્થના ખિસ્સામાં રૂપીયાની નોટોનું મોટું બંડલ હતું. તેથી જો તે સાચો જીજ્ઞાસુ હોત તો બાબા પોતાના માટે પાંચ રૂપીયા ઉછીના મંગાવવા પેલા છોકરા-મારફત પ્રયત્ન કરતા હતા તે સર્વ જોઈ સાંભળીને બેસી ન રહેતા તે જાણતો હતો કે બાબા વચન પાળે છે; તથા ઉછીની લીધેલી રકમ પાછી દે છે. વળી આ તો પાંચ જ રૂપીયા જેવી નજીવી રકમ હતી. એ સમજ્યા છતાં તેણે ખીસ્સામાંથી કાઢીને બાબાને પાંચ રૂપીયા આપ્યા નહિ. આવા માણસને બ્રહ્મજ્ઞાન જેવી અતિ ભારે કિંમતી વસ્તુ બાબા



પાસેથી લેવી હતી! બાબા પર સાચો પ્રેમ રાખનાર કોઈ પણ માણસ આમ દ્રષ્ટા બનીને બેસી રહેવાને બદલે તરત જ ખિસ્સા-માંથી કાઢીને બાબાને પાંચ રૂપિયા આપવાનો જ. પણ આ માણસ એવો નહોતો. તેણે પાંચ રૂપીયા તો કાઢી આપ્યા નહિ પણ તે છાનોમાનો બેસી પણ રહ્યો નહિ. ઘેર પાછા વળવાની ઉતાવળ હતી. તેથી અધીરો બનીને તે બાબાને વિનવવા લાગ્યો, "અરે બાબા, આપ મને જલદી બ્રહ્મદર્શન કરાવો." બાબાએ ઉત્તર દીધો, "અરે ભાઈ, તને બ્રહ્મદર્શન કરાવવા માટે જ હું આ બધી મહેનત કરી રહ્યો છું. તું અહીં બેઠો છે છતાં તું કઈ સમજ્યો નહિ? જો ટુંકામાં તને કહું. વાત એમ છે કે બ્રહ્મદર્શન કરવા માટે માણસે પાંચ વસ્તુ મને અર્પણ કરવી પડે છે: (૧) પાંચ પ્રાણ; (૨) પાંચ કર્મેન્દ્રિય તથા પાંચ જ્ઞાનેન્દ્રિયો; (૩) મન. (૪) બુદ્ધિ. (૫) અહંકાર આત્મદર્શન અર્થાત્ બ્રહ્મજ્ઞાનનો આ માર્ગ તલવારની ધાર જેવો તીક્ષ્ણ છે. તેના પર ચાલવું કંઈ સહેલું નથી."

એ પછી શ્રી સાઇબાબાએ એ વિષય પર જે વિવેચન કર્યું હતું તેનો સાર હવે પછીના અધ્યાયમાં આપવામાં આવ્યો છે.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈ સમર્થસચ્ચરિત્રે 'બ્રહ્મજ્ઞાન-કથનં' નામ સોળમો અધ્યાય સંપૂર્ણ

। શ્રી સદ્‌ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/



## અધ્યાય-૧૭.

### બ્રહ્મ તથા લોભ વચ્ચે અખંડ વૈર.



શ્રી ગણેશાય નમઃ। શ્રી સરસ્વત્યૈ નમઃ। શ્રી ગુરૂભ્યો નમઃ। શ્રી કુળદેવતાયૈ નમઃ। શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ। શ્રી સદ્‌ગુરૂ-સાઈનાથાય નમઃ।

**બ્રહ્મજ્ઞાન – (આત્મદર્શન) ની લાયકાત :** દરેક માણુસ કંઈ પોતાના જીવન દરમ્યાન બ્રહ્મદર્શન પામતો નથી. તેને માટેની ચોકસ લાયકાત જરૂરી છે : (૧) **મુમુક્ષા**–(મુક્ત થવાની તીવ્ર ઈચ્છા). આ સંસાર બંધનોની બેડીમાંથી મુક્ત થવું જોઇએ એમ માનીને જે લોકો દઢતાથી તીવ્ર પ્રયત્ન કરે છે અને કશો જ મોહ રાખતા નથી તે લોકો જ આત્મદર્શનના સાચા અધિકારી છે. (૨) **વિરક્તિ :** (આ લોક તેમજ પરલોકની વસ્તુ પ્રત્યે આવેલો વૈરાગ્ય) આ લોક તેમજ પરલોકનાં સુખ-વૈભવ, માન-પાન એ સૌ આપણાં પૂર્વ-કર્મોના ફળરૂપ જ મળે છે. તે પર જ્યાં લગી માણુસને અણુગમો થતો નથી ત્યાં સુધી તેને દૈવી રાજ્યમાં પ્રવેશવાનો અધિકાર નથી. (૩) **અંતર્મુખતા :** ઈશ્વરે આપણી ઇન્દ્રિયોની રચના જ એવી કરેલી છે કે તે સદા બહિર્મુખજ રહે છે. તેથી માણુસ સ્વતઃ અંતર્મુખ જ થતો નથી; ને માત્ર બહાર જ દષ્ટિ કરે છે. પણુ જેમને આત્મદર્શન કરવું છે તથા અમર જીવન મેળવવું છે. તેણે પોતાની દષ્ટિ અંતર્મુખ વાળીને અંદર નિહાળવું જોઇએ. (૪) **પાપમુક્તિ :** માણુસ દુષ્ટતા આચરતો અટકે નહિ તથા એ માર્ગપરથી પાછો વળીને એકાગ્રચિત્ત કરી ચિત્તની શાન્તિ



ન મેળવે ત્યાં સુધી તે ગમે તેવો જ્ઞાની હોય છતાં તેને આત્મ-દર્શન થતું નથી. (૫) **સત્ય વર્તન :** સત્ય-તપ-અંતર્મુખતા-બ્રહ્મચર્યના માર્ગ પર માણુસ જ્યાં સુધી ચાલતો નથી ત્યાં સુધી તેને બ્રહ્મદર્શન થતું નથી. (૬) **પ્રેય કરતાં શ્રેયની પસંદગી :** તમામ વસ્તુના બે પ્રકાર છે : શ્રેયસ તથા પ્રેયસ. ધાર્મિક કલ્યાણુની વસ્તુઓ શ્રેયસ છે અને સંસારી આનંદની વસ્તુઓ પ્રેયસ છે. માણુસને આ બન્ને પ્રકારની વસ્તુઓ સંસારમાં આવી મળે છે, જેમાંથી તેણે વિચારીને એકની પસંદગી કરવાની હોય છે. ડાહ્યા માણુસો પ્રેયસ કરતાં શ્રેયસ વધુ પસંદ કરે છે. પણુ મૂર્ખ લોકો લોભ તથા તૃષ્ણાને લીધે પ્રેયસ પસંદ કરે છે. (૭) **ઈન્દ્રિય મન પર-નિગ્રહ :** આ દેહ રથ છે. આત્મા તેનો માલેક છે. બુદ્ધિ તેનો સારથી છે અને મન તેની લગામ છે. ઇન્દ્રિયો તેના ઘોડા છે તથા ભોગપદાર્થો તેના માર્ગ છે. બુદ્ધિહીન, મનોનિગ્રહ વિનાના પાપી ઘોડા જેવી અનિયંત્રિત ઇન્દ્રિયોવાળા રથી કદી જ મુકામ પર પહોંચતા નથી. જન્મ-મરણુના ચક્રમાં તે ભમ્યા કરે છે. પણુ બુદ્ધિમાન, મનોનિગ્રહવાળા, નિયંત્રિત ઇન્દ્રિયોવાળા પુરૂષો, સારા રથીના ઘોડાની માફક મુકામે પહોંચે છે. (આત્મદર્શન કરે છે) જ્યાંથી તેમનો પુનર્જન્મ જ થતો નથી. જે પુરૂષમાં રથીની આવડત છે તથા મન પર લગામ રાખે છે તે પુરૂષ જ સર્વવ્યાપક વિષ્ણુના પરમધામ સુધીની સફળ યાત્રા કરે છે. (૮) **મનની પવિત્રતા :** જ્યાં સુધી માણુસ પોતાના ભાગે આવેલી ફરજ, વૈરાગ્યવૃત્તિથી સંતોષપ્રદ બજાવતો નથી, ત્યાં સુધી તેનું મન પવિત્ર બનતું નથી. અને મન પવિત્ર ન બને તો આત્મદર્શન થવું જ અસંભવિત છે. પવિત્ર મનમાં જ વિવેક તથા વૈરાગ્ય જાગે છે અને આત્મદર્શન લગી સહજ પહોંચાય છે. પણુ જ્યાં સુધી અહંત્વ ન જાય, લોભનો ત્યાગ ન થાય, તૃષ્ણા વિનાનું મન ન બને ત્યાં સુધી આત્મદર્શન સંભવિત જ નથી, 'હું દેહ છું' એ



ખ્યાલ જ ખોટો ભ્રમ છે, તથા બંધનનું મૂળ છે. માટે આત્મ-દર્શન કરવા ઇચ્છનારે એ ખ્યાલ છોડી દઇ દેહ પરનો ભાવ દૂર કરવો જોઇએ. (૯) **ગુરૂની જરૂર :** આત્માનું જ્ઞાન જ એવું સૂક્ષ્મ તથા ગૂઢ છે કે એકલા સ્વપ્રયત્ન વડે તે કોઇ પામી શકતું નથી. માટે જ આત્મદર્શન પામેલા ગુરૂની સહાય ખાસ જરૂરી છે. ખૂબ મહેનત તથા ભારે કષ્ટ પછી પણુ જે અન્ય લોકો આપી શકતા નથી તે આવા ગુરૂની સહાયથી સહજ પ્રાપ્ત થાય છે. કેમકે ગુરૂ પોતે એ માર્ગે ગયા હોય છે તેથી દૈવિક પ્રગતિની સીડીના દરેક પગથીયા પર પોતે શિષ્યને દોરીને લઇ જઈ શકે છે. (૧૦) **પ્રભુકૃપા :** છેવટ ઈશ્વરકૃપા તો જરૂરી છે જ. પ્રભુ કોઈ પર તુષ્ટમાન થાય છે ત્યારે પ્રથમ તેને વિવેક તથા વૈરાગ્ય દે છે અને સંસારસાગર તારી દે છે. કઠોપનિષદ્‌માં કહ્યું છે કે "વેદા-ધ્યયનથી અગર બુદ્ધિથી અથવા કોઇ વિદ્યાથી આત્મદર્શન થતું નથી. જેના પર ઇશ્વરની-પરમાત્માની કૃપા ઉતરે છે તેને આ સર્વ સરળ બને છે. તેની પાસે પરમાત્મા જ પોતાનો સ્વભાવ ખુલ્લો કરે છે."

ઉપરનું વિવેચન પુરૂં થઇ રહ્યા પછી બાબાએ પેલા શ્રીમંતને કહ્યું, "ભાઇ, તારા જ ખિસ્સામાં પચાસગણા પાંચ અર્થાત્ અઢીસો રૂપીયાના આકારે બ્રહ્મ બેઠા છે. તે તું બહાર કાઢ" પેલાએ ખિસ્સામાંથી નોટોનું બંડલ કાઢ્યું ને નોટો ગણી જોઇ તો બરાબર દસ દસની પચીસ નોટો-અઢીસો રૂપીયા થયા. બાબાની આવી સર્વજ્ઞતા જોઇને તે અચંબો પામ્યો; અને બાબાના પગમાં પડી ગયો. તથા બાબાના આશીર્વાદ માગવા લાગ્યો. ત્યારે બાબાએ તેને કહ્યું, "તારૂં બ્રહ્મનું બંડલ હવે બાંધી દે. જ્યાં સુધી તારા આ લોભ તથા તૃષ્ણાનો ત્યાગ તું કરીશ નહિ ત્યાં સુધી તને સત્ય બ્રહ્મનું દર્શન થનાર નથી. ધન-બાળબચ્ચાં-વૈભવમાં જેનું મન ખુંપેલું હોય તે એ બધાનો મોહ દૂર કરી બ્રહ્મજ્ઞાન ક્યાંથી



પામી શકે? ધનનો મોહ અર્થાત્ રાગનો ભ્રમ જ કષ્ટનું ઉંડું વમળ છે, જેમાં ઇર્ષ્યા તથા છેતરપીંડી જેવા ઘણા મગરો ભમે છે. તૃષ્ણા વિનાનો પુરૂષ જ આ વમળ પાર કરી શકે. લોભને તથા બ્રહ્મને-એ બેને તો બને જ નહિ. એ બન્ને તો એક બીજાથી વિરૂદ્ધ છે. જ્યાં લોભ છે ત્યાં ધ્યાન અગર બ્રહ્મચિંતનને સ્થાન જ ક્યાંથી હોય? તો પછી લોભી માણુસને વૈરાગ્ય જ શાનો થાય? અને મુક્તિ ક્યાંથી મળે? લોભીને નથી શાન્તિ, નથી સંતોષ, નથી દઢતા. લોભનો સહેજ છાંટો પણુ મનમાં હોય તો બધી સાધના નિષ્ફળ જાય છે. જે વિદ્વાન પુરૂષ કર્મના ફળની તૃષ્ણા-માંથી મુક્ત થયો નથી કે જેના મનમાં વૈરાગ્ય નથી તેનું જ્ઞાન નકામું છે. એ જ્ઞાન આત્મદર્શનમાં કંઈ કામ લાગતું નથી. જે પુરૂષ ઇંદ્રિયોના વિષયોમાં સદા મગ્ન રહે છે અને જે અહંત્વથી છલકાઈ જાય છે તેને ગુરૂનો ઉપદેશ પણુ કશા કામનો નથી. મનની પવિત્રતા ખાસ જરૂરી છે. એ વિના તો આપણા સર્વ આધ્યાત્મિક પ્રયત્નો પણુ માત્ર નિરૂપયોગી દેખાવ ને ડોળરૂપ જ છે. માટે જેટલું પચાવી શકાય તથા મનમાં ઉતારી શકાય તેટલું જ ગ્રહણુ કરવું તે ઉત્તમ છે. મારો ભંડાર તો ભરપુર છે. જે માગો તે હું આપી શકું છું, પણુ હું જે કંઈ આપું તેને માટે તું સુપાત્ર છે કે કેમ તે મારે જોવું પડે છે. મારો આ બોધ જો તમે ધ્યાનથી સાંભળશો તો અવશ્ય તમને લાભ થશે. આ દ્વારકામાઇમાં બેસી હું કદી જુઠું બોલ્યો નથી."

જ્યારે આપણે ત્યાં કોઈ મહેમાનને બોલાવીએ છીએ ત્યારે ઘરનાં બધાં માણુસો, સગાં-સ્નેહી-મિત્રો એ સર્વને પણુ આપણે જમાડીએ છીએ. તે મુજબ એ વેળા જે સઘળા ભક્તો મસીદમાં બેઠા હતા તે સર્વને બાબાએ પેલા શ્રીમંતને જે બોધ આપ્યો તેનો લાભ મળ્યો. બાબાના આશીર્વાદ પામી પેલા શ્રીમંત સાથે એક પછી એક સૌ આનંદ પામી સંતોષપૂર્વક મસીદમાંથી ઉઠયા.

**બાબાનું ખાસ લક્ષણ :** ઘણા સંતો એવા હોય છે કે તેઓ સંસાર છોડી જંગલ-ગુફા કે એવા આશ્રમમાં જઇને રહે છે. અને એકાન્ત સેવી મુક્તિ મેળવવા પ્રયત્ન કરે છે. તેમને બીજા લોકોની પડી હોતી નથી. તે સદા આત્મ-નિમજ્જનમાં જ રહે છે. સાઇબાબા એ પ્રકારના સંત નહોતા. તેમને ઘરબાર સ્ત્રી-છોકરાં-સગાંવહાલાં કોઇ નહોતાં; છતાં તે સંસારમાં જ રહ્યા. પાંચ ઘેરથી ભાખરી માગી લાવતા. લીંબડાના વૃક્ષ તળે વસતા. બધો વ્યવહાર જાળવતા તથા આ જગતમાં કેમ રહેવું ને વર્તવું તેનો બોધ દેતા હતા. ઇશ્વર સાક્ષાત્કાર કર્યા પછી લોક-કલ્યાણ માટે પ્રયત્ન કરનારા આવા સાધુ બહુ થોડા જોવામાં આવે છે. એ સર્વમાં સાઇબાબા અગ્રીપદે છે. તેથી જ હેમાડપંત કહે છે કે "તે દેશને ધન્ય છે, તે કુટુંબને ધન્ય છે, તે માતાપિતાને ધન્ય છે જ્યાં સાઇબાબા જેવા અનુપમ, અમૂલ્ય રત્નનો જન્મ થયો છે."

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે સાઇસમર્થસચ્ચરિત્રે 'બ્રહ્મ તથા લોભ વચ્ચે અખંડ વૈર' સત્તરમો અધ્યાય સંપૂર્ણ : ।

। શ્રી સદ્ગુરૂસાઇનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।



http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

(135)

## અધ્યાય–૧૮.

### સાઠે ગુરૂચરિત્ર-કથા.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ સાઈનાથાય નમઃ ।

**હેમાડપંત–સત્કાર તથા આશીર્વાદ :** બ્રહ્મજ્ઞાન માટે ઉતાવળા થતા આવેલા એક શ્રીમંતને બાબાએ આપેલો બોધ ગયા અધ્યાયમાં વર્ણવ્યો છે. હવે આ અધ્યાયમાં બાબાએ મારો કરેલો સત્કાર તથા આપેલા આશીર્વાદની કથા કહું છું. તેમજ મારા સુવિચારને અનુમોદન આપી તેને કેમ સફળ બનાવ્યા તે; આત્મ-સુધારણા; પરનિંદા; અને કોઇ પાસેથી લીધેલ સેવાનો બદલો–એ બધા વિષયની કથા પણ અહીં જ વર્ણવી છે.

**ઉપોદ્ઘાત :** સૌ કોઇ જાણે છે કે સદ્ગુરૂ સૌ પ્રથમ શિષ્યની યોગ્યતા જુએ છે. તે પછી તેનું મન ચલિત કર્યા વિના જ ગુરૂ તેને જરૂરી માર્ગદર્શન કરે છે. આ બાબતમાં કેટલાકનું માનવું એવું છે કે સદ્ગુરૂએ કરેલો બોધ બીજાને કહેવો નહિ. તેવા લોકો માને છે કે એ બોધ બીજા પાસે પ્રગટ કરવાથી તે નિષ્ફળ બને છે. પણ આ માન્યતા સાચી નથી. સદ્ગુરૂ તો વર્ષાનાં વાદળાં જેવા છે. તે તો ધરાઈને વર્ષે છે. અર્થાત્ ચોગરદમ તે અમૃત જેવા બોધની વર્ષા કરે છે. તેથી આનંદ પામી અંતઃકરણ ધરાય ત્યાં લગી એ બોધ અંતરમાં સંગ્રહી લેવો જોઇએ અને પછી નિખાલસ બની બીજા લોકોને તે લાભ આપવો જોઇએ. ગુરૂ જાગ્રત અવસ્થામાં



જે બોધ દે છે તેને જ આ નિયમ લાગુ પડે છે એટલું જ નહિ પણ ગુરૂ આપણને સ્વપ્નમાં દર્શન આપી જે ઉપદેશ કરે છે તેને પણ લાગુ પડે છે. આ બાબતનું પ્રસિદ્ધ દૃષ્ટાંત રામરક્ષા-સ્તોત્રનું જ છે. બુધકૌશિક ઋષિએ એ પ્રખ્યાત સ્તોત્રનો ઉપદેશ સ્વપ્નમાં જ કર્યો હતો અને તેમણે એ સ્તોત્ર પ્રગટ કરેલું છે.

જેમ પ્રેમાળ માતા પોતાનાં બાળકોના આરોગ્ય ખાતર કડવાં છતાં પથ્ય ઓસડ પરાણે તેના ગળામાં રેડે છે તેમ સાઈબાબા આધ્યાત્મિક ઉપદેશ પોતાના ભક્તોને ગળે ઉતારતા હતા. તેમની ઉપદેશ–પદ્ધતિ કશી ગુહ્ય–છાની નહોતી. જે ભક્તો તેમના બોધને અનુસરતા હતા તેમનો બેડો પાર થતો. સાઈબાબા જેવા સદ્ગુરૂ આપણાં પ્રજ્ઞા–ચક્ષુ ઉઘાડે છે અને આત્માની દિવ્ય ખુબીઓ દર્શાવે છે તથા ભક્તિની વાંછના પુરી કરે છે. આમ થતાં આપણી ઇન્દ્રિય–સુખની ઇચ્છા નષ્ટ થાય છે અને વિવેક–વૈરાગ્યરૂપી ફળ આપણે પામીએ છીએ. તથા ઉંઘમાં પણ આપણને જ્ઞાન સ્ફુરે છે. જ્યારે આપણે સદ્ગુરૂ સંતનો સત્સંગ કરી–સેવા કરી પ્રેમ સંપાદન કરીએ છીએ ત્યારે આપણને આ બધું સહજ મળે છે. ભક્તની કામના સંતુષ્ટ કરનાર ભગવાન જ આપણને સહાય કરે છે તથા દુઃખદારિદ્રય દૂર કરી સુખી કરે છે. સદ્ગુરૂની સહાયને લીધે જ આવી ઉન્નતિ થાય છે. સદ્ગુરૂ ઇશ્વરરૂપ જ છે. તેથી આપણે સદા સદ્ગુરૂનો સત્સંગ કરવો, તેમની કથા સાંભળવી, તેમનાં ચરણ સેવવાં અને તેમની સેવા કરવી જોઇએ. હવે આપણે મુખ્ય વાત કરીએ.

**શ્રી સાઠે :** શ્રી સાઠે નામે એક વ્યાપારી ગૃહસ્થ હતા. ઘણાં વર્ષ પૂર્વે મુંબઈના ગવર્નર લોર્ડ રેના હાથે ક્રોફર્ડના ગેર–અમલનો અંત આવેલો તે કેસમાં આ શ્રી સાઠેને સારી પ્રસિદ્ધિ મળી હતી. તેને એ પછી વેપારમાં ભારે નુકસાની આવી અને અવળા સંજોગને લીધે તેને માથે આફતો આવી, જેથી તે ભારે



નિરાશા ને ચિંતામાં પડી ગયા. તેને લીધે ઘર છોડી દૂર દેશાવર જવાનો તેણે વિચાર કર્યો. સામાન્ય રીતે માણસ દુઃખ તથા આપત્તિથી ઘેરાય છે, ત્યારે જ તે ભગવાનને સંભારે છે ને દુઃખ હરવા પ્રભુને પ્રાર્થના કરે છે. જો એ સમયે તેનાં પાપ પુરાં થઇ રહ્યાં હોય છે તો ઇશ્વર જ તેને કોઈ સંતનો સમાગમ કરાવે છે, જે તેને કલ્યાણનો માર્ગ બતાવે છે. શ્રી સાઠેને પણ આવો અનુભવ થયો. તેના મિત્રોએ તેને શીરડી જવાની સલાહ આપી. કેમકે ચિત્તની શાન્તિ માટે તેમજ મનોરથની સફળતા સારૂ ઘણા લોકો બાબાના દર્શને શીરડી જતા હતા. શ્રી સાઠેને પણ તે વાત ઠીક લાગી અને સને ૧૯૧૭ માં શીરડી ગયા. સ્વયં પ્રકાશિત શાશ્વત નિષ્કલંક બ્રહ્મ જેવા પવિત્ર સાઈબાબાનાં દર્શન થતાં જ તેના ચિત્તનો ક્ષોભ દૂર થયો અને મન શાંત અને આનંદિત થયું. પોતાના પૂર્વ જન્મના પુણ્યસંચયને લીધે જ પોતે બાબાના પવિત્ર ચરણનાં દર્શન પામી શકયા એમ તેને લાગ્યું. પોતે ભારે મનોબળવાળા પુરૂષ હતા. તરત જ ગુરૂ–ચરિત્રનું પારાયણ કરવા માંડયું. એક સપ્તાહમાં એ ગ્રંથનું વાચન પુરૂં થયું. એજ રાત્રે બાબાએ તેને સ્વપ્નમાં દર્શન દીધાં. જાણે બાબા ગુરૂચરિત્રનો ગ્રંથ હાથમાં લઇને શ્રી સાઠેને સમજાવતા હતા અને સાઠે તેનું ધ્યાનથી શ્રવણ કરતા હતા. સાઠે જાગ્યા ત્યારે સ્વપ્ન સંભારી તેને ભારે આનંદ થયો. તેણે માન્યું કે પોતાના જેવા અજ્ઞાની જીવ પર બાબા જ ખુબ દયા કરે છે તથા ગુરૂ-ચરિત્રનું અમૃત ચખાડે છે. તેણે બીજે દહાડે કાકા દીક્ષિતને આ સ્વપ્નની વાત કરી તથા તેનો અર્થ કરીને એ વાચન એક સપ્તાહ વધુ ચાલુ રાખવું કે કેમ તે વાત બાબાને પૂછી જોવા વિનતિ કરી. યોગ્ય અવસર મળતાં કાકાસાહેબ દીક્ષિતે બાબાને પૂછયું, "દેવ, આપે સાઠેને સ્વપ્નમાં શું સૂચન કર્યું છે? ગુરૂચરિત્રનું વાચન વધુ એક સપ્તાહ તે ચાલુ રાખે? તે બાપડા સાદા ભક્ત છે. આપ તેની કામના



પૂર્ણ કરવા કૃપા કરો. અને આ સ્વપ્નનો અર્થ સમજાવીને તેને આશીર્વાદ આપો." બાબા બોલ્યા, "તેને એ ગ્રંથનું વાચન એક સપ્તાહ વધુ કરવાનું છે. તેનું અધ્યયન કાળજીથી કરનાર ભક્ત પવિત્ર બને છે તથા તેને જરૂર લાભ થાય છે. પ્રભુ તેના પર પ્રસન્ન થાય છે અને સંસારના બંધનમાંથી મુક્ત કરે છે."

આ વેળા હું ત્યાં હતો. હું બાબાના પગ દાબતો હતો. બાબાનાં આ વચનોનું શ્રવણ કરતાં જ હું મનમાં વિચારવા લાગ્યો, "અરે સાઠેએ આ ગ્રંથનું વાચન માત્ર એક સપ્તાહ જ કર્યું અને તેનો આવો ભારે બદલો તેને મળ્યો. હું તો આજ ચાલીસ વર્ષથી તેનું વાંચન કરૂં છું છતાં મને શું કંઈ જ ફળ નહિ? તેને તો માત્ર સાત દિવસનો વાસ આટલો બધો ફળ્યો અને મારો સાત વર્ષનો વાસ (સને ૧૯૧૦ થી ૧૯૧૭ સુધીનો) શું નિષ્ફળ ગયો? હું તો ચાતકની માફક દયાળુ બાબા મારા પર અમૃત-વર્ષા કરીને બોધ દઈ સુખી કરે તેની નિત્ય વાટ જ જોઉં છું!" મારા મનમાં ઉઠેલા આ વિચાર બાબા જાણી ગયા. ઘણા ભક્તોનો અનુભવ છે કે બાબા દરેકના મનમાં ઉઠતા વિચાર તરત સમજી જતા. દુષ્ટ વિચારોને દાબી દેતા સદ્વિચારને પ્રોત્સાહન દેતા હતા. મારા અંતરમાં ઉઠેલા વિચારને જાણીને તરત જ બાબાએ મને ઉઠાડ્યો અને કહ્યું, "તુ શામા પાસે જા. તેની પાસેથી પંદર રૂપિયા દક્ષિણા લઈ આવ. થોડી વાર બેસીને તેની જોડે વાતચીત કરજે. અને પછી અહીં પાછો આવજે." બાબાના અંતરમાં દયા આવી અને તેમણે મને આજ્ઞા કરી. તેમની આજ્ઞાનું કોણ ઉલ્લંઘન કરી શકે?

હું તો મસીદમાંથી નીકળીને શામાને ઘેર ગયો. શામા હજુ સ્નાન કરીને ધોતીયું પહેરતા હતા; બહાર આવીને તેણે મને પૂછ્યું : "અત્યારે તમે અહીં કયાંથી? મસીદમાંથી આવતા લાગો છો. તમે આમ નિરાશ થયેલ: કેમ લાગો છો? તમે એકલા કેમ?

કૃપા કરી બેસો અને થોડી વાર આરામ કરો. પૂજા પુરી કરીને હું હમણાં જ આવું છું. દરમ્યાન તમે પાનસોપારી ખાઓ. પછી આપણે મજેની વાતો કરીશું," એટલું બોલી શામા અંદર ગયા. હું તેમની ઓરડીમાં બેઠો. તેમની ઓરડીની બારીમાં "નાથ ભાગવત"નો પ્રસિદ્ધ મરાઠી ગ્રંથ મેં જોયો. મૂળ શ્રીમદ્ ભાગવતના અગ્યારમા સ્કંધ ઉપરની સંત એકનાથની ટીકાનો જ એ ગ્રંથ છે. શ્રી સાઈબાબાની સૂચનાથી કાકાસાહેબ દીક્ષિત તથા બાપુસાહેબ જોગ શીરડીમાં નિત્ય ત્રણ ગ્રંથ વાંચતા : (૧) 'ભાવાર્થદીપિકા' અર્થાત્ જ્ઞાનેશ્વરી-મરાઠી ટીકા સાથેની ભગવદ્ ગીતા; (૨) 'નાથ ભાગવત'-શ્રીકૃષ્ણ તથા અર્જુન વચ્ચેનો સંવાદ; (૩) 'ભાવાર્થ-રામાયણ'-એકનાથનો રચેલો ગ્રંથ. જ્યારે કોઇ ભક્ત બાબા પાસે આવી પ્રશ્નો પૂછતા હતા ત્યારે બાબા તેના ઉત્તર જાતે આપતા હતા. પણ વધુ વિવેચન માટે ભાગવત ધર્મના મૂળ આધારભૂત આ ત્રણ ગ્રંથનું જે વાચન થતું હતું તે શ્રવણ કરવાની બાબા આજ્ઞા કરતા. ભક્તો ત્યાં જઈ તેનું શ્રવણ કરતા અને બાબાને પૂછેલા પ્રશ્નના સરળ ઉત્તર અહીં મળી જતા હતા. હું પણ નિત્ય નાથભાગવત થોડું થોડું વાંચતો હતો. આજે મારૂં એ નિત્ય વાચન પુરૂં થયું નહોતું; કેમકે મસીદમાં જતા અન્ય ભક્તો જોડે હું તે અધુરૂં મુકીને ગયો હતો. તેથી મેં શામાની બારીમાંથી એ ગ્રંથ હાથમાં લીધો અને ઉઘાડ્યો તો આજે અધુરો મૂકેલો ભાગ જ નીકળ્યો. એ વખતે હું મનમાં સમજ્યો કે મારૂં અધુરૂં રહેલું નિત્યનું વાચન પુરૂં કરવા જ બાબાએ કૃપા કરી મને શામાને ઘેર મોકલ્યો લાગે છે. અને જેવો હું એ ભાગ વાંચી રહ્યો તેવા જ શામા પૂજા કરીને બહાર આવ્યા. અમારા બે વચ્ચે નીચેનો વાર્તાલાપ થયો.

મેં કહ્યું, "બાબા પાસેથી સંદેશો લઇને આવ્યો છું. તમારા પાસેથી બાબાએ દક્ષિણાના પંદર રૂપિયા મંગાવ્યા છે. અને



તમારી જોડે નિરાંતે બેસી થોડી આનંદપ્રદ વાતચીત કરીને પછી તમારી સાથે મસીદમાં આવવા મને બાબાએ આજ્ઞા કરી છે." શામા અચંબો પામીને બોલ્યા, "મારી પાસે તો પાઇ પણ નથી. દક્ષિણાના બદલામાં તમે બાબાને મારા પંદર નમસ્કાર કહેજો." મેં કહ્યું, "ભલે, તમારા નમસ્કાર સ્વીકારવાનું કહીશ. હવે આપણે કંઇક વાતચીત કરીએ. આપણાં પાપ નષ્ટ થાય એવી બાબાની લીલાની કોઇ કથા મને સંભળાવો."

શામાએ કહ્યું, "તો થોડી વાર અહીં બેસો. બાબાની લીલા તો અજબ છે. તમે તો બધું જાણો છો. હું તો ગામડીયો ગણાઉં. તમે સુધરેલા શહેરી છો. અહીં આવીને તમે પણ બાબાની કેટલીયે લીલા જોઈ છે. એ સર્વેનું વર્ણન હું શી રીતે કરૂં? ઠીક છે. કાથો-ચુનો ચોપડીને આ પાન બીડું બનાવો. ત્યાં હું અંદરથી કપડાં પહેરીને આવું છું." થોડી વારમાં બહાર આવી શામા મારી જોડે વાત કરવા બેઠા. તે બોલ્યા, "આપણા પ્રભુ-બાબાની લીલા જ અગાધ છે. તેની લીલાનો પાર નથી. તેનું સત્ય દર્શન કોણ કરી શકે તેમ છે? પોતે આ લીલા કરે છે છતાં તેઓ તેની બહાર જ છે. અમને ગામડીયાને તેનું શું જ્ઞાન હોય? બાબા પોતેજ તમને કથા કેમ કહેતા નથી? આપના જેવા વિદ્વાનને મારા જેવા મૂર્ખ પાસે શા વાસ્તે મોકલે છે? તેમની રીત જ અગમ્ય છે. હું તો એટલુંજ કહી શકું કે તેમની રીત માનુષિક નથી. હા, મને એક વાત યાદ આવે છે તે જ હું તમને કહું, મને પોતાને તેની ખબર છે જેટલી ભક્તની વધુ ભક્તિ તથા વધુ ટેક હોય છે તેવુંજ બાબા સામું ફળ દે છે. કોઇ કોઇ વાર બાબા ભક્તોની પ્રથમ આકરી કસોટી કરે છે અને પછી જ તેને ઉપદેશ કરે છે."

મેં શામાના આ ઉપદેશ-વચન સાંભળ્યાં તેવો જ મારા મનમાં જાણે વિજળીનો આંચકો લાગ્યો હોય તેવું થયું. તરતજ



ગુરૂચરિત્રના વાચનની વાત મને યાદ આવી. અને મારા ક્ષુબ્ધ ચિત્તને શાંતિ આપવા સારૂ જ બાબાએ મને અત્યારે શામા પાસે મોકલ્યો છે એમ મને લાગ્યું. છતાં મારો એ મનોભાવ દબાવીને હું શામાની વાતો સાંભળવા લાગ્યો. ભક્તો પ્રત્યે બાબા કેવા દયાળુ તથા પ્રેમાળ છે એ વસ્તુ જ આ સર્વ વાતોમાં ભરી હતી. એ બધું સાંભળતાં મને એક પ્રકારનો ભારે આનંદ થવા લાગ્યો. પછી શામા મને નીચેની કથા કહેવા લાગ્યા.

**શ્રીમતી રાધાબાઈ દેશમુખ :** રાધાબાઈ દેશમુખ નામે એક વૃદ્ધ બાઈ હતાં. ખાશાબા દેશમુખનાં તે માતા થાય. બાબાની કીર્તિ સાંભળી લોકો જોડે પોતે સંગમનેરથી શીરડી આવ્યાં. બાબાનાં દર્શન કરી તે ભારે સંતોષ પામ્યાં. તેમને બાબા પર ભારે પ્રેમ-ભક્તિ થઈ. અને બાબાને ગુરૂ કરી તેમની પાસેથી ઉપદેશ લેવાનો તેણે મનમાં દૃઢ સંકલ્પ કર્યો. તેને બીજી કોઈ વાતની ખબર નહોતી. જ્યાં સુધી બાબા મને ગુરૂ-ઉપદેશ ન આપે ત્યાં સુધી હું આમરણાંત ઉપવાસ કરીશ એમ તેણે નક્કી કર્યું. અને તે ઉતારા પર પડી રહ્યાં. ત્રણ દિવસ સુધી અન્નજળ લીધું નહિ. એ ડોશીની આ સ્થિતિ જોઈ મને બ્હીક લાગી. તેથી વચ્ચે પડીને મેં બાબા પાસે જઇને કહ્યું, "દેવ, આપે આ શું કરવા માંડ્યું છે? આપ આટલા બધા માણસોને અહીં ખેંચી લાવો છો. પેલી ડોશીને પણ આપ ઓળખો છો. તે બહુ દુરાગ્રહી છે અને આપના પરજ બધો ભાર નાંખીને બેઠી છે. તેને આપ ગુરૂ-ઉપદેશ ન આપો ત્યાં લગી આમરણાંત ઉપવાસ કરવાનો તે સંકલ્પ કરી બેઠી છે. આમાં જો કંઈ માઠું પરિણામ આવશે તો લોકો આપને દોષ દેશે. લોકો બોલશે કે બાબાએ તેને કંઈ ઉપદેશ દીધો નહિ; અને પરિણામે ડોશી મૃત્યુ પામી. માટે આપ તેના પર દયા કરો. તેને કંઇક ગુરૂ ઉપદેશ આપો." ડોશીની આવી દૃઢતા જોઈ બાબાએ તેને બોલાવી. તેને નીચે મુજબ કહીને સમજાવી અને તેના મનનું વલણ બદલી દીધું :



"અરે મા, તું શા વાસ્તે નકામું કષ્ટ વહોરીને મૃત્યુને ભેટી રહી છે? સાચે જ તું મારી મા છે. હું તો તારો બાળક છું. મારા પર દયા કર. મારી વાત સાંભળ. હું તને મારી પોતાની વાત કહું. તું એ વાત ધ્યાનથી સાંભળીશ તો તારૂં કલ્યાણ થશે. મારે ગુરૂ હતા. એ ભારે દયાળુ સંત પુરૂષ હતા. મેં તેમની દીર્ઘકાળ સેવા કરી. છતાં તેમણે મારા કાનમાં કોઈ મંત્ર ફુંક્યો જ નહિ. તેમને છોડીને જવાની મને કદી ઈચ્છાજ થતી નહોતી. તેમની પાસે રહી સેવા કરી ગમે તે ભોગે તેમની પાસેથી ગુરૂમંત્ર લેવાની મને તીવ્ર ઉત્કંઠા હતી. પણ એ તો પોતાની રીતે જ વર્તતા હતા. સૌ પ્રથમ તો તેણે મારૂં માથું મુંડાવી નાંખ્યું. અને પછી મારી પાસે દક્ષિણાના બે પૈસા માગ્યા. મેં તે તરત જ લાવી આપ્યા. તું પૂછીશ કે મારા ગુરૂ તો પૂર્ણ હતા તો તેણે મારી પાસે પૈસા કેમ માગ્યા? અને તો પછી તે કામના વિનાના હતા. એમ કેમ કહેવાય? તેનો હું તને ઉત્તર દઉં. તેને પૈસાના સીક્કાની કંઈ પડી નહોતી. એ સીક્કાનું તેમને શું કામ હતું? તેમને જે બે પૈસા જોઈતા હતા તે તો હતા : (૧) દૃઢ શ્રદ્ધા; અને (૨) ધીરજ. મેં તેમને આ બે પૈસા આપ્યા અને તે બહુ રાજી થયા.

"હું મારા ગુરૂ પાસે બાર વર્ષ રહ્યો. તેમણે મને ઉછેરીને મોટો કર્યો. મને અન્નવસ્ત્રનો તોટો નહોતો. મારા ગુરૂ પ્રેમપૂર્ણ હતા-પ્રેમનો અવતાર જ હતા. હું તેનું શું વર્ણન કરૂં? મારા પર તેમનો અગાધ પ્રેમ હતો. તેમના જેવા ગુરૂ મળવા દુર્લભ છે. ધ્યાનમાં મસ્ત બનેલા મારા ગુરૂ સામે હું જોઈ રહેતો. અને અમે બન્ને પરમાનંદ માણતા હતા. ભૂખ-તરસ ભૂલીને જ અહોનિશ હું તેમને નિરખ્યા કરતો. તેમના વિના મને ચેન પડતું નહિ. મારા ગુરૂ વિના કશાનું હું ધ્યાન જ ધરતો નહિ. એ જ મારો એકલો આધાર હતા. તેમના પર મારૂં દીલ ચોંટી રહેતું. એ છે દક્ષિણાનો એક પૈસો. અને સબુરી એ બીજો પૈસો છે. આમ

ધીરજ ધરીને દીર્ઘ કાળ સુધી રાહ જોતાં મેં મારા ગુરૂની સેવા કરી છે. આ સબુરી જ તમને સંસારસાગરને પેલે પાર લઈ જશે. મનુષ્યમાં આ સબુરી જ માણસાઇ છે. એ જ બધાં પાપ-તાપ નિવારે છે. વિવિધ રીતે વિવિધ માર્ગે તે વિપદ્‌ને નિવારે છે. અને સર્વ ભય દૂર કરે છે, જેથી છેલ્લે વિજય પ્રાપ્ત થાય છે. સબુરી તો સદ્‌ગુણની ખાણ છે; તથા સદ્‌વિચારનું આશ્રય-સ્થાન છે. નિષ્ઠા તથા સબુરી એ બે તો હેતાળ જોડકી બહેનો છે.

"મારા ગુરૂએ મારી પાસેથી અન્ય કોઈ આશા કદી રાખી નથી. તેમણે મારો અનાદર પણ કદી કર્યો નથી. પણ બધો જ સમય તેમણે મારૂં રક્ષણ કર્યું છે. હું તેમની જોડે રહેતો. કોઈ વાર તેમનાથી દૂર પણ જતો. છતાં કદી તેમનો પ્રેમ ઓછો થયેલો મને લાગ્યો નથી. જેમ કાચબી બચ્ચાંની પાસે હોય કે નદીના સામે કાંઠે દૂર હોય તો પણ માત્ર પ્રેમાળ નજર વડે જ બચ્ચાંનું પોષણ કરે છે; તેની માફક મારા ગુરૂ સદા મારી રક્ષા કરતા હતા. અરે મા, મારા ગુરૂએ મને કદી કોઈ મંત્ર જ દીધો નથી. તો હું તારા કાનમાં કેમ કયો મંત્ર ફુકું? એટલું યાદ રાખજે કે ગુરૂની તો કાચબી જેવી પ્રેમાળ દૃષ્ટિ જ સુખદાતા છે. કોઇ પાસેથી મંત્ર કે ઉપદેશ લેવાની મહેનત કરીશ મા. તારાં સર્વ કર્મ તથા ચિંતનનો વિષય મને એકલાને જ બનાવજે. અને તું જરૂર પરમાર્થ પામીશ. મને સંપૂર્ણ હૃદયપૂર્વક નિરખજે. બદલામાં હું તને પણ નિરખીશ. આ મસીદમાં બેસીને હું જુઠું બોલતો નથી. સત્ય સિવાય હું કશું બીજું બોલતો નથી. ષટ્‌શાસ્ત્રમાં પારંગત થવાની અગર તો કોઇ સાધનાની આમાં બિલકુલ જરૂર નથી. તારા ગુરૂમાં શ્રદ્ધા-વિશ્વાસ રાખજે. ગુરૂ જ કર્તા-હર્તા છે. એવું પૂર્ણપણે માનજે. જે માનવી પોતાના ગુરૂની મહત્તા જાણે છે તથા તેમને જ હરિ-હર બ્રહ્માનો અવતાર માને છે તેમને ધન્ય છે અને તેજ સુખી થાય છે."



આ ઉપદેશ સાંભળી ડોશીના મનનું સમાધાન થયું ને તેને ખાત્રી થઈ. તેણે બાબાને નમસ્કાર કર્યાં તથા ઉપવાસ છોડીને પારણાં કર્યાં."

આ કથાનું ધ્યાનથી શ્રવણ કરીને તથા તેનો અર્થ-હેતુ સમજીને હું આશ્ચર્યમુગ્ધ થયો. બાબાની આ અજબ લીલા સાંભળીને હું નખ-શીખ દ્રવીભૂત થયો ને આનંદમગ્ન બન્યો. ગદ્‌ગદ્ કંઠ બની આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. એક શબ્દ પણ હું બોલી શક્યો નહિ. મારી આ સ્થિતિ જોતાં જ શામાએ પૂછ્યું, "તમને થયું છે શું? તમે મુંગા કેમ થઈ ગયા? બાબાની આવી અસંખ્ય લીલાનાં વર્ણન હું કેમ કરીને કરૂં?"

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'સાઠે ગુરુચરિત્ર-કથા' નામ અઢારમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।



http://suratiundhiyu.wordpress.com/



SAIBABA'S ORIGINAL PICTURE

http://suratiundhiyu.wordpress.com/



## અધ્યાય – ૧૯

### હેમાડપંત-અનુગ્રહકથા.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઈનાથાય નમઃ ।

શામા જોડે ગયા અધ્યાયમાં આપેલી વાતચીત ચાલતી હતી ત્યારે જ મસીદમાં ઘંટ–ઝાલર–મૃદંગ–શંખનાદના અવાજ થતા સાંભળ્યા. બપોરની આરતીની તૈયારી થઈ હતી. તેથી હું શામા જોડે દોડતો મસીદમાં ગયો. બાપુસાહેબ જોગે પૂજન શરૂ કરી દીધું હતું. સ્ત્રીવર્ગ ઉપર ઊભો હતો અને પુરૂષો નીચે આંગણામાં ઉભા હતા. મૃદંગના તાલપ્રમાણે સૌ એકી સાથે મોટેથી આરતી ગાતા હતા. શામા મને હાથ પકડીને ઉપર લઈ ગયા. અને પોતે બાબાની પડખે બેઠા અને હું બાબાની સામે બેઠો. અમને જોઈને શામા પાસેથી લાવેલી દક્ષિણા આપવા બાબાએ મને આજ્ઞા કરી. મેં કહ્યું કે "શામાએ રૂપિયાને બદલે નમસ્કાર આપ્યા છે; અને શામા પોતેજ અહીં આવ્યા છે." બાબા બોલ્યા, "ભલે, તમે બન્નેએ શી વાતચીત કરી હતી તે કહો. આ આરતી, ઘંટ તથા મૃદંગના અવાજ સામું ન જોતા." અમારી વચ્ચે થયેલી વાતચીત વર્ણવી બતાવવા હું ખૂબ ઇંતેજાર હતો. બાબા તે સાંભળવા આતુર હતા. તેથી તકીઓ છોડી મારા તરફ નમીને બાબા સાંભળવા લાગ્યા. મેં કહ્યું, "ત્યાં થયેલી બધી વાતો બહુ મજેની





હતી. તેમાં પણ પેલી ડોશીની વાત તો ભારે આશ્ચર્યજનક હતી. એ સાંભળીને મને થયું કે આપની લીલા જ અકળ છે. એ વાતના બહાને આપે મારા પર આશીર્વાદ વરસાવ્યા છે." ત્યારે બાબા બોલ્યા, "એ વાત આશ્ચર્યજનક છે. પણ તેમાં તમને આશીર્વાદ જેવું શું લાગ્યું? તમારી પાસેથી બધું વિગતવાર મારે સાંભળવું છે; માટે મને બધી વિગતવાર વાત કહો." એથી શામા-પાસેથી મેં હમણાં જ જે વાત સાંભળી હતી તે વિસ્તારથી કહી સંભળાવી. તથા એ વાતથી મારા મન પર જે દૃઢ અસર થઇ હતી તે પણ વર્ણવી બતાવી. એ સાંભળીને બાબા બહુ રાજી થયા અને મને પૂછ્યું, "તમને એ વાત અદ્ભુત લાગી? તેનો સાર તમે શું લીધો?" મેં ઉત્તર દીધો, "બાબા, એથી મારા મનની ચંચળતા દૂર થઈ. સાચી શાન્તિ ને સુખ સાથે મને સત્યમાર્ગનું દર્શન થયું છે."

બાબા બોલ્યા, "મારી માર્ગદર્શનની પદ્ધતિ સાવ અનોખી જ છે. આ એક જ વાત બરાબર સ્મરણમાં રાખવી. તે બહુ ઉપયોગી થશે. આત્મદર્શન સારૂ ધ્યાન કરવું જરૂરી છે. નિરંતર તેનો અભ્યાસ થાય તો વૃત્તિઓ શાંત બની બેસી જાય છે. મનમાં કશી કામના રાખ્યા વિના સર્વ પ્રાણીમાં વસેલા પ્રભુનું ધ્યાન ધરવું. જ્યારે મન એકાગ્ર થશે ત્યારે તમારૂં ધ્યેય સિદ્ધ થશે. મારૂં નિરાકાર સ્વરૂપ સચ્ચિદાનંદ જ્ઞાનના અવતારસમું છે. તેનું સદા ધ્યાન ધરવું. પણ જો તે તમારાથી ન બને તો તમે મને અહીં નિત્ય જુઓ છો તે મારા સ્વરૂપનું ધ્યાન ધરવું. જેમ જેમ ધ્યાન કરતા જશો તેમ તમારી વૃત્તિઓ કેન્દ્રિત થશે અને ધ્યાતા, ધ્યાન અને ધ્યેય વચ્ચેનો ભેદ નાશ પામશે, તથા ધ્યાન ધરનાર જ સચ્ચિદાનંદરૂપ બની બ્રહ્મમાં લીન થશે. કાચબી, નદીના એક તીરે હોય છે અને બચ્ચાં સામે તીરે હોય છે. કાચબી તો બચ્ચાંને સેવતી નથી કે ધવડાવતી પણ નથી; પણ માત્ર પોતાની દૃષ્ટિ વડે જ પેલાં બચ્ચાંને પોષણ આપે



છે. આ બચ્ચાં પોતાની માતાનું ધ્યાન ધર્યા સિવાય બીજું કશું જ કરતાં નથી. પણ એ કાચબીની દૃષ્ટિ જ અમી-વર્ષા સમી છે, અને તે જ બચ્ચાંનો આધાર તથા સુખનું મૂળ બને છે. ગુરૂ-શિષ્યનો સંબંધ આ પ્રકારનો જ છે.

બાબા આ છેવટનાં વચનો કહી રહ્યા ત્યારે આરતીનો ઘંટાનાદ બંધ થયો. અને સર્વ એક અવાજે બોલી ઉઠયા, "શ્રી સચ્ચિદાનંદ સદ્ગુરૂ શ્રી સાઈ મહારાજકી જય." વહાલા વાંચકો! કલ્પના કરજો કે આપણે સૌ પણ એ વેળા મસીદમાં આ ભક્ત-સમૂહમાં જ ઉભા છીએ. અએ આપણે પણ આ જય-જયકારમાં જોડાયા છીએ.

આરતી પુરી થયા પછી પ્રસાદ વહેંચાયો. નિત્ય પેઠે બાપુ-સાહેબ જોગે આગળ આવ્યા અને પ્રણામ કરી મુઠી ભરીને સાકર બાબાના હાથમાં મૂકી. બાબાએ એ બધ. સાકર મારા હાથમાં ઠાલવી દીધી. અને મને કહ્યું, "જો ભાઈ, તું આ વાત હૃદયમાં બરોબર સંઘરીને યાદ રાખીશ તો તારી સ્થિતિ આ સાકરની જેવી મધુર થશે. તારી સર્વ કામના પૂર્ણ થશે અને તું સુખી થઇશ." પ્રણામ કરીને મેં બાબાને વિનતિ કરી, "પ્રભુ, મારા પર સદા આવી જ કૃપા રાખજો. સદા આશીર્વાદ આપી મારી નિત્ય રક્ષા કરજો." બાબાએ કહ્યું, "આ કથા પુનઃ સાંભળજે. તેના પર વિચાર કરજે. તેમાં રહેલો ભાવ એકત્ર કરજે. તો તને સદા ઇશ્વરનું સ્મરણ રહેશે અને જો તું તેનું ધ્યાન ધરી શકીશ, તો નિઃશંક તને ઇશ્વરદર્શન થશે."

વહાલા વાંચકો! એ વેળા મને જેવો સાકરનો પ્રસાદ મળ્યો તેવો જ આ કથાનો અમૃતરૂપી મધુર પ્રસાદ આપણે સૌને મળજો. ચાલો, આપણે આ અમૃત ધરાઈ ધરાઇને પીઇએ. તેનું ધ્યાન ધરીએ તથા બાબાની કૃપાથી તે પચાવીને આપણે પુષ્ટ બની



સુખી થઇએ. અસ્તુ; એ સમયે બાબાએ જે અમૂલ્ય બોધવચનો કહેલાં તે સાંભળો.

**આપણા જીવન અંગે બાબાનો બોધ :** નીચે આપેલાં બાબાનાં બોધવચનો સામાન્ય છતાં ભારે કિંમતી છે. જો તે યાદ રાખી જીવનમાં ઉતારીને તે પ્રમાણે વર્તીશું તો તે ભારે કલ્યાણપ્રદ બનશે.

"કંઈ સગપણ કે એવા સંબંધ વિના કોઈ કોઇને ત્યાં જતું નથી. જ્યારે કોઈ માનવી કે પ્રાણી તમારી પાસે આવે ત્યારે તેને કદી હડે હડે કરશો નહિ કે કાઢી મૂકશો નહિ. પણ તેનું સન્માન કરી તેનું યોગ્ય સ્વાગત કરજો. જો તમે તરસ્યાને પાણી, ભૂખ્યાને અન્ન, નાગા–ઉઘાડાને વસ્ત્ર અને અજાણ્યા થાકેલાને સૂવા–બેસવા ઓટલો આપશો તો જરૂર તમારા પર શ્રીહરિની કૃપા ઉતરશે. તમારી પાસે આવીને કોઇ પૈસા માગે અને તમારી તે આપવાની ઇચ્છા ન હોય તો તેને આપશો નહિ, પણ તેની સામે કુતરાની જેમ ભસશો નહિ. ભલે કોઈ તમારી વિરૂદ્ધ સેંકડો વાતો ને નિંદા કરે પણ તમે તેને બિલકુલ કડવો ઉત્તર દેશો જ નહિ. સદા સહનશીલ રહેશો તો અવશ્ય સુખી થશો. ભલે સમગ્ર જગત તમને ઉંધું-ચત્તું થઇ જતું લાગે તો પણ તમે તમારૂં સ્થાન છોડશો મા. તમારા સ્થાન ઉપર રહીને આ સર્વ નાટકના રંગ જોજો. મારા તથા તમારા વચ્ચે જે ભેદની દિવાળ છે તે તોડી નાખજો. જેથી આપણા મિલનનો માર્ગ ખુલ્લો થશે. હું-તું જેવી ભેદબુદ્ધિ જ ગુરૂથી શિષ્યને દૂર રાખનારી વાડ છે. જો એ વાડનો નાશ નહિ કરો તો બન્નેનું ઐકત્વ સંભવિત નથી. "અલ્લાહ માલિક" અર્થાત્ ઇશ્વર જ માલિક છે. અન્ય કોઈ આપણું રક્ષક નથી. પ્રભુની કાર્યપદ્ધતિ અસાધારણ–અમૂલ્ય–અગમ્ય છે. તેની જ ઇચ્છા મુજબ બધું બને છે. તેજ આપણા માર્ગદર્શક છે. તેજ આપણી અંતરની સર્વ કામના પુરી કરે છે. પૂર્વના ઋણાનુબંધને લીધે જ આપણે

અહીં આવ્યા છીએ. માટે દરેક પર આપણે પ્રેમ રાખવો તથા સેવા કરીને સુખી થવું. આવું સર્વોત્તમ ધ્યેય સાધનાર જ સુખી થાય છે અને અમર બને છે. અન્ય સર્વ તો માત્ર ખાલી શ્વાસોચ્છ્વાસ લેનાર પ્રાણીઓ જ છે. શ્વાસ ચાલે છે ત્યાં સુધી તેઓ જીવે છે."

**સદ્‌વિચાર સફળ કરવાનું પ્રોત્સાહન :** શ્રી સાઈબાબા સદ્‌વિચારને કેમ પ્રોત્સાહન દેતા હતા તેની નોંધ પણ જોઈએ. પ્રેમ-ભક્તિથી તમો બાબાનું શરણ પકડશો તો તમને બાબા અનેક બાબતોમાં કેવી કેવી સહાય કરે છે તે જોજો. કોઈ સંતે ખરૂં કહ્યું છે કે પ્રાતઃકાળમાં ઉંઘમાંથી ઉઠ્યા પછી તમને સૌ પહેલો કોઈ સદ્‌વિચાર આવે અને આખો દહાડો તમે તેનું મનન કરો તો તમારૂં બુદ્ધિબળ બમણું બનશે અને ચિત્તની પરમ શાન્તિ મળશે. એક વાર મને આ પ્રયોગ કરવાની ઈચ્છા થઈ. એક વખત બુધવારે રાત્રે પથારીમાં સૂતાં જ મેં વિચાર કર્યો, "આવતી કાલે ગુરૂવાર છે. શુભ દિન અને શુભ સ્થાન શીરડી છે. માટે આવતી કાલનો આખો દહાડો રામનામનો જપ કરી દિવસ આનંદમાં ગાળું." આવો વિચાર કરી હું ઉંઘી ગયો. બીજે દહાડે-ગુરૂવારે હું સવારમાં ઉઠ્યો ત્યારે સ્વાભાવિક જ મારા હોઠે રામનામ આવીને બેઠું. અને હું બહુ રાજી થયો. પ્રાતઃકર્મ પતાવી હું પુષ્પાદિ લઈ બાબાના દર્શને ગયો. દીક્ષિતના વાડામાંથી નીકળી જેવો હું બુટીના વાડા પાસે પહોંચ્યો, તેવુંજ મસ્જીદમાં બાબા પાસે ગવાતું શ્રી. ઔરંગાબાદકરનું ભજન મારે કાને પડ્યું. એ ભજન હતું એકનાથનું :–"ગુરૂકૃપાંજન પાયો મેરે ભાઈ....", જેમાં એકનાથે ગાયું છે કે ગુરૂકૃપારૂપી અંજન મને મળ્યું, જેનાથી મારી દૃષ્ટિ ઉઘડી ગઈ અને મને અંતર-બાહ્ય, જાગ્રતમાં, ઉંઘમાં, સ્વપ્નમાં સર્વ સ્થળે રામનાં દર્શન થયાં. ભજન તો ઘણાં છે પણ બાબાના ભક્ત ગાયક-ઔરંગાબાદકરે આ ખાસ



ભજન જ શા વાસ્તે પસંદ કર્યું? શું આજે દિનભર સતત રામનામ રટવાના મારા સંકલ્પને પોષવા સારૂજ ગોઠવેલો શ્રી સદ્‌ગુરૂ સાઈબાબાનો આ એક અજબ નુસખો નહોતો?

ભક્તોની કામના પુરવામાં, વિપદ્ માત્રમાંથી બચાવી ભક્તની રક્ષા કરવામાં રામનામના જપની મહાશક્તિ પર સર્વ સંતોએ એકમત બની ખુબ ભાર મુક્યો છે.

**નિંદાનો તિરસ્કાર :** બોધ દેવા માટે બાબાને કોઈ ચોક્કસ સ્થળ અગર સમયની કશી જરૂર નથી. ગમે તે પ્રસંગ ઉપસ્થિત થતાં બાબા છૂટથી બોધ દેતા હતા. એક વખત એક ભક્તે બીજા ભક્તની પીઠ પાછળ નિંદા કરી, અને તેના ગુણ સામે ન જોતાં તેના દોષ જ બતાવીને વ્યંગમાં નિંદા કરવા માંડી. એથી શ્રોતાઓ પણ કંટાળી ગયા. સામાન્ય રીતે વગર કારણે બીજાની નિંદા કરવાનો સ્વભાવ ઘણાનો હોય છે. જેથી અંતે એકબીજાનાં મનદુઃખ થાય છે. પણ સંતો આ નિંદાને બીજી જ દૃષ્ટિથી જુએ છે. સંતો કહે છે કે મેલ ધોવાની બે રીત છે : માટી, સાબુ, પાણીથી મેલ ધોવાય છે એ એક રીત છે. પણ નિંદકોની મેલ ધોવાની રીત ન્યારી જ છે. તે લોકો બીજાનો મેલ પોતાની જીભ વડે ધુએ છે. માટે નિંદકનો તો આપણે આભાર માનવો જોઇએ. આવા નિંદકને સુધારવાની શ્રી સાઈબાબાની રીત પણ ન્યારી જ હતી. પોતે સર્વજ્ઞ હતા. તેથી નિંદકના બોલ પોતે જાણી જતા હતા. આજે બાબા લેંડી પર ગયા ત્યારે વાડની પાસે એક ભૂંડને વિષ્ઠા ખાતું જોયું. તેને બતાવીને નિંદક ભક્તને કહ્યું, "કેવા આનંદથી પેલું વિષ્ઠા ખાઈ રહ્યું છે! તારૂં વર્તન પણ તેના જેવું જ છે. તારા ભાઈની નિંદા તું પેટ ભરીને કરજે. પૂર્વે કરેલાં ઘણાં પુણ્યકર્મ પછી તને આ મનુષ્ય દેહ મળ્યો છે. જો તુ આવું જ વર્તન રાખીશ તો તને શીરડી શું સહાય કરી શકે તેમ છે?" એ સાંભળી પેલો નિંદક શરમાઇને ચાલ્યો ગયો.



આમ જરૂર હોય ત્યારે બાબા ઉપદેશ દેતા હતા. એ સર્વ યાદ રાખી જો આપણે જીવનમાં ઉતારીએ તો આત્મદર્શન કંઈ બહુ દૂર નથી. એવું કહેવાય છે કે 'જો હરિ જ મારો હશે તો મારા ખાટલામાં બેઠાં જ મને ખવડાવશે.' અન્નવસ્ત્રની બાબતમાં એ કહેવત સત્ય હશે. પણ જો કોઈ તેમાં શ્રદ્ધા રાખી છાનોમાનો બેસી રહે અને કશો આધ્યાત્મિક પ્રયત્ન જ ન કરે તો તે અંતે પાયમાલ થાય છે. આત્મ-દર્શન સારૂ તો દરેક જણે બને તેટલા પ્રયત્ન કરી છૂટવા જોઈએ. જેમ વધુ પ્રયત્ન, તેમ વધુ શ્રેય થાય છે

બાબા કહેતા હતા, કે "હું સર્વવ્યાપક છું. સ્વર્ગ, પૃથ્વી, ભૂમિ, હવા બધે સ્થળે હું હાજર છું. હું પરિમિત નથી." બાબા માત્ર સાડા ત્રણ હાથના જ હતા એ ભ્રમ દૂર કરવા માટે જ બાબા આ વચનો કહેતા હતા. જે ભક્તો સર્વસ્વ સમર્પણ સાથે અહર્નિશ બાબાનું ધ્યાન ધરતા હતા, તેઓ જેવું સાકર તથા સ્વાદ, સમુદ્ર તથા મોજાં, આંખ તથા પ્રકાશ-વચ્ચે એકત્વ છે તેવું એકત્વ અનુભવતા હતા. જન્મ-મરણના બંધનમાંથી છૂટવા ઇચ્છનારે શાંત ચિત્તથી પવિત્ર જીવન જીવવું જોઈએ. બીજાની લાગણી દુભાય એવું કશું જ ન બોલવું જોઈએ. સારાં કર્મ કરી પોતાનો ધર્મ બજાવવો તથા સર્વ ભાવે બાબાનું શરણ પકડવું; અને કોઈ વાતથી ડરવું નહિ. જેને બાબા પર સંપૂર્ણ શ્રદ્ધા છે તથા જે બાબાની લીલાનું શ્રવણ તથા ગાન કરે છે અને બીજું કંઈ ચિંતન કરતા નથી, તેને અવશ્ય આત્મદર્શન થાય છે. બાબા નામ ભજવા તથા તેનું શરણ પકડવા ઘણા ભક્તોને કહેતા હતા. જે લોકો "હું કોણ છું" તે જાણવા ઇચ્છતા હતા, તેમને પણ બાબા આ શ્રવણ-મનનનો બોધ દેતા હતા. બાબા કોઈને પ્રભુ-નામનું સ્મરણ કરવાનું કહેતા, તો કોઈને પોતાની લીલા શ્રવણ કરવાનો બોધ દેતા હતા. કોઈને પાદપૂજનનો ઉપદેશ દેતા હતા, તો કોઈને અધ્યાત્મરામાયણ અગર જ્ઞાનેશ્વરી જેવા ગ્રંથવાંચન તથા



અધ્યયનનો બોધ કરતા હતા. કેટલાકને પોતાના ચરણ પાસે બેસાડતા તો કેટલાકને ખંડોબાના મંદિરે મોકલતા હતા. કેટલાકને વિષ્ણુસહસ્રનામજપની આજ્ઞા કરતા હતા તો કેટલાકને છાંદોગ્ય-ઉપનિષદ્ અગર ગીતાનું અધ્યયન કરવાનું કહેતા હતા. એમના બોધને કોઈ મર્યાદા કે નિયંત્રણ નહોતું. કેટલાકને પોતે જાગ્રતમાં જાતે બોધ કરતા હતા તો બીજાને સ્વપ્ન દર્શનમાં ઉપદેશ દેતા હતા. એક દારૂડીયાના સ્વપ્નમાં આવી તેની છાતી પર ચઢી બેઠા હતા. અને ખૂબ જોરથી તેની છાતી ભીંસી નાંખી. પેલાએ કદી દારૂને ન અડકવાની બાધા લીધી ત્યારે જ પોતે છાતીપરથી હેઠા ઉતર્યા હતા. કેટલાકને પોતે સ્વપ્નમાં જ 'ગુરૂર્બ્રહ્માદિ' મંત્રનો અર્થ સમજાવતા હતા. હઠયોગના પ્રયોગ કરનારા કેટલાક ભક્તોને એવા હઠયોગના પ્રયોગ નહિ સાધવા તથા સબુરી પકડી શાન્તિ રાખવા પોતે સલાહ દેતા હતા. આમ બાબાની બોધની આવી બધી પદ્ધતિનું વર્ણન કરવું સંભવિત નથી. વ્યાવહારિક બાબતોમાં પણ પોતાના જ દ્રષ્ટાંત વડે બાબા માર્ગદર્શન કરતા હતા; જેનું એક દ્રષ્ટાંત નીચે આપ્યું છે :

**મહેનતનો બદલો :** એક દહાડે બાબા રાધાકૃષ્ણમાઈના ઘર પાસે આવ્યા, અને કોઈને કહ્યું, "નિસરણી લાવ." એક જણ નિસરણી લઈ આવ્યો. અને બાબાએ બતાવી તે વામન ગોંડકરના ઘરની દિવાલે તે મૂકી. બાબા નિસરણી પર ચડી તેના છાપરા પર જઈને ઉભા થઈ ત્યાંથી રાધાકૃષ્ણમાઈનું છાપરૂં વટાવી બીજે ખુણેથી નીચે ઉતર્યા. આમાં બાબાનો હેતુ શું હશે તેની કોઈને ખબર પડી નહિ. તે દહાડે રાધાકૃષ્ણમાઈને તાવ ચડ્યો હતો. કદાચ તેમનો તાવ દૂર કરવા પણ તે આમ ગયા હોય! પણ સીડીથી નીચે ઉતરીને બાબાએ નિસરણી લઈ આવનાર પેલા માણસના હાથમાં બે રૂપિયા મૂક્યા. ત્યારે કોઇએ ડહાપણ બતાવતાં બાબાને પૂછ્યું, "બાબા, આટલા બધા પૈસા તેને કેમ આપ્યા?"

બાબાએ ઉત્તર દીધો, "કોઈની પાસેથી કદી મફત કામ લેવું નહિ. કામ કરનારને ઉદારતાથી સત્વર બદલો આપવો."

બાબાએ બતાવેલા આ સિદ્ધાન્તનો અમલ થતો હોય-અર્થાત્ મહેનતનો બદલો ત્વરિત ઉદારતાથી આપતો હોય તો આજે પડતી હડતાળો કે એવી કોઈ કડવાશને અવકાશ જ રહે નહિ. અને મજુરો વધુ સારૂં કામ આપે. તથા મજુરો અને માલેકો બન્નેને લાભ થાય. તથા મજુરી અને મુડી એ બે વચ્ચેના દ્વેષનો પણ નાશ થાય.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'હેમાડપંત-અનુગ્રહકથા' નામ ઓગણીસમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।





**CHAVADI**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

(154)

## અધ્યાય-૨૦.

### ઈશાવાસ્ય-ભાવાર્થ-બોધ.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઈનાથાય નમઃ ।

આ અધ્યાયમાં દાસગણુની ઉપનિષદ્‌ની ગુંચને ઉકેલ કાકા દીક્ષિતની એક ઘાટણુ છોકરીએ કેમ કર્યો હતો તેનું વર્ણન આપું છું.

**ઉપોદ્‌ઘાત :** શ્રી સાઈ મૂળ તો નિરાકાર છે. ભક્તોને ખાતર જ તેમણે આકાર-(દેહ) ધારણ કર્યો છે. માયારૂપી નટીની સહાય લઈ તેમણે આ વિશ્વના નાટકમાં નટનો વેષ ભજવ્યો છે. ચાલો આપણે શ્રી સાઈનું સ્મરણ કરી તેમનું ધ્યાન ધરીએ; અને શીરડી જઈ બપોરની આરતી પછીનો કાર્યક્રમ ધ્યાનથી જોઈએ. આરતી પુરી થયા બાદ શ્રી સાઈ મસીદના ઓટલાની કોર પર ઉભા રહેતા. પ્રેમળ દયાભરી દષ્ટિ સર્વ પર નાંખીને ભક્તોને ઉદી વહેંચી દેતા હતા. ભક્તો ઉત્સાહ સાથે ઉભા રહી બાબાનાં ચરણુ પકડી લેતા; અને બાબા પર સ્થિર દષ્ટિ કરી ઉદી-વર્ષાનો આનંદ માણતા હતા. બાબા મુઠ્ઠીઓ ભરીને ભક્તોના હાથમાં ઉદી આપતા તેમજ આંગળાથી તેમના કપાળમાં ઉદીના ચાંદલા કરતા હતા. ભક્તો પર હૃદયમાં અનહદ પ્રેમ હતો. પોતે પૃથક્ પૃથક્ ભક્તોને કહેતા, "અરે ભાઉ, તું જમવા જા. તું અન્ના, તારે ઘેર જા. તું બાપુ, હવે ભોજન કરી લે." આમ પોતે દરેક ભક્તને બોલાવી તેમને ઘેર મોકલતા. આજ પણુ તમે કલ્પના દોડાવી શકો તો એજ



દશ્ય તમારી નજરે પડશે. તમારી આંખ સામે જ એ સર્વ આવશે અને તમને આનંદ થશે. હવે ચાલો આપણે શ્રી સાઈને આપણી માનસિક દષ્ટિ સામે રાખી તેમનું નખશીખ ધ્યાન ધરીએ. અને માન-પ્રેમ-નમ્રતાપૂર્વક તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી આ અધ્યાયની કથા કહીએ:

**ઈશ ઉપનિષદ્ :** ઈશ ઉપનિષદ્ પર દાસગણુએ મરાઠીમાં ટીકા લખવા માંડી. આ કથા કહેતાં પહેલાં એ ઉપનિષદ્‌નો ટુંક-સાર આપણે પ્રથમ જોઈએ. વૈદિક સંહિતાના મંત્રો જ તેમાં ભર્યા છે. તેથી તેને "મંત્રોપનિષદ્" પણુ કહે છે. યજુર્વેદના વાજસનેયી સંહિતાનો છેલ્લો ચાલીસમો અધ્યાય જ આ ઉપનિષદ્ છે. તેથી તેને વાજસનેયી સંહિતોપનિષદ્ પણુ કહે છે. બ્રાહ્મણુ તથા આરણ્યક, ગ્રંથોએ મંત્ર તથા ક્રિયાકાંડના ગ્રંથો છે. જ્યારે ઈશોપનિષદ્ વેદની સંહિતાથી જ ભરેલું હોવાથી તે અન્ય ઉપનિષદો કરતાં ઉત્તમ ગણુાય છે. એટલું જ નહિ પણુ આ ઉપનિષદ્‌માં જે ટુંકાં સત્ય-સૂત્રો આપ્યાં છે એ દરેક સૂત્રની ટીકારૂપે જ અન્ય ઉપનિષદો છે એવું કહેવાય છે. દા. ત. પંડિત સાતવલેકર સૌથી મોટા બૃહદા-રણ્યક ઉપનિષદ્‌ને ઈશોપનિષદ્‌ની ચાલુ ટીકારૂપ જ ગણે છે.

પ્રો. ર. દ. રાનડે કહે છે, "ઈશોપનિષદ્ તદ્દન નાનું ઉપનિષદ્ છે. છતાં તેનાં ઘણાં સૂત્રો અસામાન્ય વેધક દષ્ટિવાળાં છે. લોભ-લાલચ-દુઃખની વચ્ચે પણુ નિશ્ચયબળથી રહેતા આદર્શ ઋષિનું વર્ણન, આત્માનું ગૂઢ વર્ણન, કર્મયોગ-સિદ્ધાન્તનું દર્શન તથા જ્ઞાન-કર્મનો મેળ એ સર્વ ગહન વિષયો આ નાના ગ્રંથમાં માત્ર અઢાર જ શ્લોકોમાં સમાવી દીધા છે. ઉપનિષદ્ મુજબ જ્ઞાન તથા કર્મ બન્ને જરૂરનાં છે અને એ બે વચ્ચેનો બુદ્ધિજન્ય મેળ આ ઉપનિષદ્‌ના મૂળમાં રહેલા કિંમતી ભાવમાં દર્શાવેલ કે-'ઉપનિષદ્‌ની ભાષા જ ગૂઢ, માનસિક, નૈતિક તત્વોના સંમિશ્રણુ જેવી છે.'



ઉપર આપેલ આ ઉપનિષદ્‌ની મહત્તાના ટુંકા વર્ણન પરથી આ ઉપનિષદ્‌નું ભાષાન્તર મરાઠીમાં કરવું તથા તેના સાચા અર્થ સમજાવવા એ કામ કેટલું મુશ્કેલ છે તેનો ખ્યાલ વાંચકને આવી શકશે. તેના શ્લોકે શ્લોકનું ભાષાન્તર દાસગણુએ મરાઠીમાં કર્યું. છતાં પોતે ઉપનિષદ્‌નો સાર-તત્વ ગ્રહણુ કરી શક્યા નહોતા જેથી સંતોષ થતો નહોતો. પોતાને ઉઠેલી શંકાઓની ચર્ચા તેમણે ઘણા વિદ્વાનો સાથે વિસ્તારથી કરી જોઈ; તેમની સલાહ-સુચના પણુ લીધી. છતાં તેમની શંકાનું સમાધાન કોઈ કરી શક્યા નહિ. તેમજ કોઈની પાસેથી સંતોષકારક ખુલાસો પણુ મળ્યો નહિ. તેથી દાસગણુ આ વિષયમાં મુંઝાયા.

**ખુલાસો કરવા સમર્થ સદ્‌ગુરૂ :** આપણે જોયું છે કે ઉપનિષદ્ વેદનો તત્વતઃ સાર છે. આત્મદર્શનનું એ વિજ્ઞાન છે. જીવન-મરણુના બંધન કાપવાનું તે સાધન છે; જેથી મુક્તિ સહજ બને છે. તેથી તેમને લાગ્યું કે જેમણે જાતે આત્મદર્શન કર્યું હોય એ જ પુરૂષ ઉપનિષદ્‌નો સાચો અર્થ સમજાવી શકે. દાસગણુને કોઈ સંતોષ ન આપી શક્યુ ત્યારે આ વિષયમાં શ્રી સાઈબાબાની સલાહ લેવા તેમણે નક્કી કર્યું. શીરડી આવી બાબાનાં દર્શન કરી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને ઈશોપનિષદ્‌ની શંકાઓ જણાવી તેના સાચા અર્થ સમજાવવા તેમણે બાબાને વિનતિ કરી. શ્રી બાબાએ તેમને આશીર્વાદ આપ્યા અને કહ્યું, "તારે ચિંતા કરવાની કંઈ જરૂર નથી. આ બાબત કંઈ બહુ અઘરી નથી. તું ઘેર જઈશ ત્યારે વિલેપાર્લામાં કાકા દીક્ષિતને ત્યાંજ, તેની ઘાટણુ છોકરી તારી આ શંકાનું સમાધાન કરશે." એ વેળા ત્યાં બેઠેલા લોકોને તો એમજ લાગ્યું કે બાબા તો આ મજાક-ટોળ કરતા લાગે છે. કેમકે એક અભણુ અજ્ઞાન ઘાટણુ છોકરી આ પ્રકારની શંકાનું સમાધાન ક્યાંથી કરી શકશે? પણુ દાસગણુને તો બાબામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. તેથી તેને તો પુરી ખાત્રી હતી કે બાબાના બોલ સાચા જ પડવાના છે-બાબાનાં વચન બ્રહ્માના લેખ જેવાં છે.



**કાકાની ઘાટણુ છોકરી :** દાસગણુ શ્રી બાબામાં શ્રદ્ધા રાખીને શીરડીથી નીકળી વિલેપાર્લે આવી કાકા દીક્ષિતના ઘેર ઉતર્યા. બીજે દહાડે સવારે તે હજુ પથારીમાં જ હતા (કોઈ કહે છે પૂજા કરતા હતા) ત્યાંજ કાકાની ઘાટણુ છોકરીને સ્પષ્ટ મીઠા રાગમાં એક સુંદર ગીત ગાતી સાંભળી. એ ગીત નારંગી રંગની સાડી વિષેનું હતું. તેમાં સાડી કેવી સુંદર હતી, તેનું ભરત કેવું મજેનું હતું. તેના કોર-પાલવ કેવા રૂપાળા હતા, ઈ૦ વર્ણન આવતું હતું. દાસગણુને આ ગીત બહુ ગમી ગયું. પોતે બહાર આવીને જોયું તો કાકાસાહેબના ઘાટી નીમ્યાની બહેન-એ નાની ગરીબ ઘાટણુ છોકરી જ એ ગીત ઠામવાસણુ માંજતાં માંજતાં ગાતી હતી. તેણે દેહ પર એક ફાટેલી સાડીનો લીરો પહેર્યો હતો. તેની આવી ગરીબ સ્થિતિ છતાં આવો આનંદી સ્વભાવ જોઈને દાસગણુને તેના પર દયા આવી. બીજે દહાડે જ્યારે રાવબહાદૂર એમ. વી. પ્રધાને તેમને એક ધોતી-જોટો ભેટ આપવા માંડયો ત્યારે તેમણે પેલી ગરીબ છોકરી સારૂ એક સાડી લાવી દેવા શ્રી. પ્રધાનને વિનતિ કરી. રાવબહાદૂર એક સરસ ચુંદડી લઈ આવ્યા અને એ છોકરીને આપી. જેવો ભૂખ્યા માણુસને સુભાગ્યે મીઠાઈનો થાળ મળે અને રાજી થાય તેવી જ આ છોકરી રાજી થઈ. બીજે દહાડે આ નવી સાડી પહેરી રાજી થતી આનંદમાં તે નાચવા લાગી; તથા બીજી છોકરીઓ જોડે ફેરફુદડી રમવા લાગી. અને રમતમાં એ સૌને જીતી ગઈ. પણુ વળતે દિવસે આ નવી સાડી ઘેર પેટીમાં મૂકી દીધી અને પેલો જુનો ફાટેલો સાડીનો લીરો પહેરીને તે આવી. છતાં તે નવી સાડી પહેરીને આવેલી ત્યારે તે જેટલા આનંદમાં હતી એટલો જ આનંદ બીજે દિવસે પણુ તેના દીલમાં હતો. આ જોઈ દાસગણુને દયાના સ્થળે અચંબો થયો. પોતે પ્રથમ માન્યું હતું કે છોકરીને ગરીબાઈને લીધે આવું ફાટેલું ચીંથરૂં પહેરવું પડે છે. પણુ હવે તો તેને નવી સાડી મળી છે તે પેટીમાં રાખી મુકીને પેલું જુનું

ચીંથરું જ પહેર્યું છે. તે છતાં દીલમાં તલભાર શોક કે નિરાશ થયા વગર કાલના જેવી જ તે આનંદથી નાચે કૂદે છે. એ પરથી દાસગણુ સમજી શક્યા કે આપણા સુખ-દુઃખના ભાવનો આધાર આપણા મનના વલણ પર છે. આ બનાવ પર ઉંડું ચિંતન કરતાં તેમણે જોયું કે ઈશ્વરે આપણને જે કંઈ આપ્યું છે તે આનંદથી ભોગવી છૂટવું. આપણી આગળ-પાછળ સર્વત્ર બધી વસ્તુ ઈશ્વરે જ સર્જી મૂકી છે અને આપણને જે કંઇ આપ્યું છે તે સર્વ આપણા શ્રેય સારૂ જ છે. એવો દૃઢ વિશ્વાસ રાખવો. આ દ્રષ્ટાંતમાં જ પેલી ગરીબ છોકરીની નિર્ધન સ્થિતિ, તેણે પહેરેલો પેલો ફાટેલી સાડીનો જુનો લીરો તેમજ નવી સાડી; તેમજ દાતા, પાત્ર તથા દાન એ સર્વ ઈશ્વરનું જ સર્જિત છે અને બધામાં ઈશ્વર જ વ્યાપક છે. આમ ઈશોપનિષદ્‌માં આવા સંતોષનો જ પાઠ આપેલો છે કે જે કંઈ બને છે તે પ્રભુના હુકમથી જ થાય છે કે અને અંતે તેમાં આપણું કલ્યાણ જ હોય છે. માટે પ્રાપ્ત સ્થિતિથી આપણે સંતોષ માનવો જોઈએ. આ પાઠનું આવું વ્યવહારૂ દ્રષ્ટાંત દાસગણુને બાબાએ આમ સ્પષ્ટ બતાવ્યું હતું.

**બોધની અજબ પદ્ધતિ :** બોધ દેવાની બાબાની કેવી અજબ પદ્ધતિ હતી તે ઉપરના દ્રષ્ટાંતથી વાંચકો જોઈ શક્યા હશે. બાબા શીરડીની બહાર કદી ગયા નથી. છતાં શિષ્યોને સાધના કરવા માટે કોઇને મત્સ્યેન્દ્રગઢ તો કોઇને કોલ્હાપુર તો કોઈને શોલાપુર મોકલતા હતા. કોઇને પોતે સામાન્ય રૂપે દર્શન દેતા હતા તો કોઇને જાગ્રત કે સ્વપ્નમાં દર્શન દેતા અને તેમની કામના અહોનિશ પુરી કરતા હતા. ભક્તોને જે પદ્ધતિએ બોધ દેતા હતા તે સર્વનું વર્ણન અસંભવિત છે. ઉપરના દ્રષ્ટાંતમાં દાસગણુને વિલેપાર્લે મોકલ્યા અને તેમની શંકાનું સમાધાન એક ઘાટણ છોકરી દ્વારા કરાવ્યું. કોઈ પૂછશે કે દાસગણુને બહાર મોકલવાની શી જરૂર હતી? બાબા જાતે તેની શંકાનું સમાધાન



ન કરી શકત? એવું પૂછનારને મારો એકજ ઉત્તર છે કે બાબા તો સદા ઉત્તમ સાચો માર્ગ જ પસંદ કરતા હતા. નહિંતર ઈશ્વરની સર્વવ્યાપકતા પેલી ગરીબ ઘાટણ છોડી તથા તેની સાડીમાં પણ છે એ મહાન પાઠ દાસગણુ ક્યાંથી શીખત?

આ ઉપનિષદનો થોડો વધુ સુંદર સાર આપીને આ અધ્યાય પુરો કરીશું.

**ઈશોપનિષદ્‌નું તત્ત્વજ્ઞાન :** ઈશોપનિષદ્‌નો નૈતિક બોધ મનોવિજ્ઞાન પર નિર્ભર છે એ જોઇને આનંદ થાય છે. ઉપનિષદ્‌ના પ્રારંભમાં જ કહ્યું છે કે દરેક ચીજમાં ઈશ્વર વ્યાપ્ત છે. આ મનોવિજ્ઞાનની સ્થિતિના એક ભાગરૂપેજ તે નૈતિક બોધ દે છે કે ઈશ્વરે આપણને જે કંઈ આપ્યું છે તે આનંદથી ભોગવી છૂટવું. વળી એ પણ સંપૂર્ણ ખાત્રીથી માનવું કે પ્રભુ સર્વજ્ઞ સર્વવ્યાપક હોવાથી તેણે જે કંઈ આપ્યું છે તે આપણા કલ્યાણ માટે જ છે. એથી સહજ ફલિત થાય છે કે બીજાની સંપત્તિ કે માલ-મિલ્કતની ઈર્ષ્યા કદી ન કરવાનું ઉપનિષદ્ આપણે ફરમાવે છે. આમ આપણી પ્રાપ્ત સ્થિતિથી સંતોષ માનવાનો પાઠ તે વ્યાજબી રીતે જ શીખવે છે. અને ઈશ્વરે કરેલી સર્વ રચના આપણા કલ્યાણાર્થે જ છે એવું બતાવે છે. આ ઉપનિષદ્‌માં બીજો નૈતિક બોધ આપ્યો છે કે માણસે પોતાનું સમગ્ર જીવન પ્રભુની ઇચ્છાને આધીન બનીને શાસ્ત્રમાં કહેલાં કર્મો કરવામાં જ પ્રવૃત્ત રહેવું. અકર્મ એટલે આળસ, તે તો આત્માનો શત્રુ છે. સમગ્ર જીવન કર્મ કરવામાં ગાળવાથી જ માણસ નૈષ્કર્મ્યની સ્થિતિ પામે છે. છેવટે આ ગ્રંથમાં નોંધ છે કે જે માણસ સર્વ જીવમાત્રને પોતાનામાં અને સર્વ જીવમાત્રમાં પોતાનું દર્શન કરે છે તેનામાં વિકાર જ ક્યાંથી હોય? સર્વ ચરાચર જગત પોતાના આત્મમય જ તે માને છે તેથી દુઃખનું કારણ જ તેને ક્યાંથી હોય? સર્વ ચરાચરમાં આત્માનું દર્શન

http://suratiundhiyu.wordpress.com/



નહિ કરી શકવાને લીધે જ આળસ, વિકાર અને દુઃખ પેદા થાય છે. પણ જે માણસ સર્વ જીવમાત્રમાં એકત્વ અનુભવે છે તેને માટે તો દરેક ચીજ આત્મરૂપ જ છે. આવો પુરૂષ માણસ જાતના સામાન્ય દોષોની અસરમાંથી મુક્ત બને છે.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'ઈશાવાસ્ય-ભાવાર્થબોધ' નામ વીસમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્‌ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।



**CHAVDI**

http://suratiundhiyu.wordpress.com/

(161)

## અધ્યાય – ૨૧.

### અનુગ્રહ–કરણ.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્દગુરૂ-સાઈનાથાય નમઃ ।

આ અધ્યાયમાં શ્રી વિનાયક હરિ ઠાકુરની, પુનાના અનંતરાવ પાટણકરની તથા પંઢરપુરના એક વકીલની કથાઓ આપી છે. તે દરેક કથા રસિક ને બોધક છે. કાળજીથી વાંચીને તેનું મનન કરવાથી વાંચકો પ્રગતિ સાધી શકશે.

**ઉપોદ્દઘાત :** એવો સામાન્ય નિયમ છે કે પૂર્વજન્મના પુણ્ય–સંચયરૂપ આપણું ભાગ્ય ઉઘડે છે ત્યારે જ આપણને સંત-સમાગમ થાય છે; અને તેનો લાભ પમાય છે; જેના દૃષ્ટાંતરૂપ હું મારો જ દાખલો આપું. હું મુંબઈમાં વાંદરામાં ઘણાં વર્ષ લગી રેસીડેન્ટ મેજીસ્ટ્રેટ તરીકે રહ્યો. ત્યાં જ પીર મૌલાના નામે એક પ્રસિદ્ધ મુસ્લિમ સંત રહેતા હતા અને તેમની પાસે મુસ્લિમો ઉપરાંત ઘણા હિંદુઓ, પારસીઓ, ખ્રિસ્તીઓ પણ જઈને તેમનાં દર્શન કરતા હતા. ઈનુસ નામે એક મુજાવર તેના દર્શને આવવાનું મને ઘણીવાર કહેતો. પણ હું એક અગર બીજે કારણે તેમનાં દર્શને જઈ શકયો નહોતો. પણ ઘણાં વર્ષ પછી મારો વારો આવ્યો ત્યારે બાબાએ મને શીરડી બોલાવ્યો અને સાઈબાબાના દરબારમાં કાયમી મારૂં નામ નોંધાયું. અભાગી લોકોને સંતોનો સમાગમ જ થતો નથી. ભાગ્યવાન પુરૂષોજ સત્સંગ સાધી શકે છે.





**સંત સંસ્થા :** આ જગત પર દીર્ઘકાળથી સંતોની સંસ્થા ચાલે જ છે; વિવિધ સંતોનો જન્મ તેમના ભાગે આવેલ જીવનકાર્ય પાર પાડવા સારૂ વિવિધ સ્થળે થાય છે અને એ દરેક પોતપોતાના સ્થળે કામ કરે છે. પણ એકંદરે એ સૌ એકજ છે. સર્વ શક્તિમંત ઈશ્વરની સામાન્ય સત્તા તળે એ સૌ એક સરખું જ કામ કરે છે. વળી દરેક પોતપોતાના સ્થળે બેસી શું કામ કરી રહ્યા છે તેની પણ એક બીજાને ખબર હોય છે. અને જરૂર પડે ત્યારે એક-બીજાનાં અધુરાં કામ પણ તેઓ પુરાં કરે છે. આ વસ્તુનું દ્રષ્ટાંત નીચે આપ્યું છે.

**શ્રી. ઠાકુર :** વિનાયક હરિશ્ચંદ્ર ઠાકુર બી. એ. રેવેન્યુ ખાતામાં કારકૂન હતા. એક વાર તે સર્વે-જમીન–માપણીની પાર્ટી સાથે બેળગામ પાસે વડગામ નામે શહેરમાં ગયા. ત્યાં એક કાનડી સંત અપ્પા હતા. ઠાકુર તેમને દર્શને ગયા અને સાષ્ટાંગ નમસ્કાર કર્યો. નિશ્ચળદાસજીના ગ્રંથ–'વિચારસાગર'નું વાંચન આ સંત, શ્રોતાઓ પાસે કરતા હતા. થોડી વાર તેનું શ્રવણ કરી ઠાકુર રજા લઈને ત્યાંથી ઉઠયા ત્યારે તેમણે ઠાકુરને કહ્યું, "તમારે આ પુસ્તકનું અધ્યયન કરવું ઘટે છે. તેનો અભ્યાસ કરવાથી તમારી મનકામના પુરી થશે. તમારી નોકરી અંગે તમે ભવિષ્યમાં અહીંથી ઉત્તર તરફ જશો ત્યારે તમારા સદ્દભાગ્યને લીધે તમને એક સંત મળશે; અને તે તમને તમારો ભાવી માર્ગ બતાવશે; ત્યારેજ તમારા ચિત્તની શાન્તિ થશે અને તમે સુખી થશો."

એ પછી ઠાકુરની બદલી જુન્નર થઈ. જ્યાં નાણેઘાટ પસાર કરીને તેને જવાનું હતું. એ ઘાટ સાવ ઉભોજ છે. તેને ઓળંગવો બહુ કઠણ છે. તે ચડીને ઉતરવા સારૂ પાડા સિવાય બીજું કોઈ સાધન નથી. તેથી આ ઘાટ ઓળંગવા સારૂ ઠાકુરને પાડા પર બેસવું પડયું; જેથી ખૂબ અગવડ પડી અને શરીર પણ દુખવા લાગ્યું. એ પછી ઠાકુરને નોકરીમાં બઢતી મળી. અને તેની બદલી



કલ્યાણ થઈ; જ્યાં નાનાસાહેબ ચાંદોરકર જોડે તેમને ઓળખાણ થઈ, અને શ્રી સાઈબાબા વિષે તેમની પાસેથી ઘણી વાતો સાંભળી. જેથી બાબાના દર્શન કરવાની તેને ઈચ્છા થઈ. બીજે જ દહાડે નાના-સાહેબ શીરડી જવાના હતા. તેથી ઠાકુરને પણ પોતાની જોડે શીરડી આવવા કહ્યું. પણ થાણાની દીવાની અદાલતમાં એક કેસ અંગે તેમને જુબાની દેવાની હતી તેથી નાનાસાહેબ જોડે તે શીરડી જઈ શકયા નહિ. તેથી નાનાસાહેબ એકલાજ ગયા. બીજે દહાડે ઠાકુર થાણા ગયા, પણ પેલા કેસની મુદત પડી. તેથી પોતે નાનાસાહેબ જોડે ન ગયા તેનો પસ્તાવો થયો. છેવટે ઠાકુર એકલા જ શીરડી ગયા. પણ ત્યાં પહોંચ્યા ત્યારે નાનાસાહેબ તો શીરડીથી ઉપડી ગયાના સમાચાર તેમને મળ્યા. પણ એવામાં બીજા મિત્રો ત્યાં મળી ગયા. જેમની જોડે ઠાકુર બાબા પાસે ગયા. બાબાનાં દર્શન કરી તેમને પગે પડ્યા એથી તેને ભારે આનંદ થયો. આંખમાં હર્ષાશ્રુ આવ્યાં તથા દેહ પર રૂંવાંટા ઉભા થઈ ગયાં. થોડી વાર પછી સર્વજ્ઞ બાબા બોલ્યા "જો ભાઈ, આ સ્થળનો માર્ગ કાનડી સંત અપ્પાના બોધ જેવો અગર તો નાણેઘાટની પાડાની સ્વારી જેવો સરળ નથી. આ ધાર્મિક માર્ગ તો બહુ અઘરો છે. અહીં તો ખૂબ મહેનત કરવી પડે છે." આ એંધાણીની કે સૂચક વાકયોની બીજા કોઈને ખબર નહોતી. પણ જ્યારે એ વચનો ઠાકુરના કાને પડ્યાં ત્યારે તે ખૂબ આનંદમગ્ન બન્યા. પેલા કાનડી સંતનું કહેલું સાચું હતું એમ તેને ખાત્રી થઈ. પછી ઠાકુરે બાબાના ચરણ પર માથું મૂકી બન્ને હાથ જોડી બાબાનું શરણ માગ્યું તથા આશીર્વાદ આપવા પ્રાર્થના કરી. ત્યારે બાબા બોલ્યા, "તને સંત અપ્પાએ કહેલું તે સાચું છે. પણ આ વસ્તુનો અમલ કરી તેને જીવનમાં ઉતારવો જોઈએ. એકલું વાંચન કામ ન લાગે, વાંચો તેનું ચિંતન કરો અને જીવનમાં ઉતારો; નહિ તો વાંચન કોઈ કામનું **નથી.** ગુરૂ–કૃપા તથા આત્મ–દર્શન સિવાય માત્ર પુસ્તક પઢવું કોઈ



કામનું નથી." 'વિચાર–સાગર' ગ્રંથમાંથી સૈદ્ધાન્તિક ભાગ ઠાકુરે વાંચ્યો હતો પણ તેનું વ્યવહારૂ દર્શન તો તેને શીરડીમાં જ થયું. નીચે આપેલી બીજી કથા આ સત્યનું વધુ દર્શન કરાવશે.

**અનંતરાવ પાટણકર :** અનંતરાવ પાટણકર નામે પુનાના એક ગૃહસ્થને બાબાના દર્શન કરવાની ઇચ્છા થઈ. તેણે શીરડી આવી બાબાનાં દર્શન કર્યાં. આંખમાં હર્ષાશ્રુ આવ્યાં અને ખૂબ રાજી થયા. બાબાના ચરણમાં પડી પૂજન કરીને બાબાને નિવેદન કર્યું, "મેં ઘણું વાંચન કર્યું. વેદ, વેદાંગ, ઉપનિષદ્દનો અભ્યાસ કર્યો. સઘળાં પુરાણોનું શ્રવણ કર્યું. છતાં મને ચિત્તની શાન્તિ મળતી નથી. તેથી હું તો માનું છું કે મારી વિદ્વત્તા કોઈ કામની નથી. આપ ઘણાં માણસોને એક દૃષ્ટિમાત્રથી અગર વચનમાત્રથી સહજ શાન્તિ આપો છો એવું સાંભળ્યું, તેથી હું આપની પાસે આવ્યો છું. કૃપા કરી મારા પર દયા કરો. અને મને આશીર્વાદ આપો." પછી બાબાએ તેને રૂપકમાં એક વાર્તા કહી હતી.

**નવ લીંડીનું રૂપક (નવધા ભક્તિ) :** એક વાર અહીં એક સોદાગર આવ્યો. તેમની ઘોડીએ નવ લીંડીઓ મૂકી. એ મુમુક્ષુ સોદાગરે પોતાના ધોતીયાનો છેડો પાથર્યો અને લીંડીઓ તેમાં એકઠી કરી બાંધી લીધી. અને એ રીતે તેને ચિત્તની શાન્તિ મળી.

શ્રી. પાટણકર આ વાર્તાનો અર્થ સમજી શકયા નહિ. તેથી ગણેશ દામોદર ઊર્ફે દાદા કેળકરને તેણે પૂછ્યું,–"બાબાએ આ વાર્તા કહી તેનો અર્થ શું થાય?" કેળકરે ઉત્તર દીધો, "બાબાની કહેલી વાર્તાના અર્થની તો મને કંઈ ખબર નથી. પણ એમની સ્ફુરણાથી હું જે જાણું છું તે કહું છું:–ઈશ્વરકૃપા રૂપી ઘોડી છે. અને તેણે મૂકેલી નવ લીંડીરૂપી નવધા ભક્તિ છે: (૧) શ્રવણ; (૨) કીર્તન; (૩) સ્મરણ; (૪) પાદસેવન; (૫) અર્ચન; (૬) નમસ્કાર; (૭) દાસ્ય; (૮) સખ્ય; અને (૯) આત્મનિવેદન. આ નવ પ્રકારની ભક્તિ છે. આમાંની એક પણ સંપૂર્ણ આચારમાં મૂકો તો પણ

શ્રીહરિ પ્રસન્ન થાય છે અને ભક્તની સામે પ્રગટ થઈ દર્શન દે છે. સર્વ સાધના—જપ, તપ, યોગ, શાસ્ત્રાધ્યયન, શાસ્ત્રોપદેશ એ બધાં ભક્તિ વિનાનાં હોય તો નકામા છે. મહાન જ્ઞાની તરીકેની કીર્તિ અગર વેદોનું જ્ઞાન કે ભાવ વિનાનું ભજન એ કોઈ કામનાં નથી. ખાસ જરૂરનાં તો પ્રેમભક્તિ જ છે. માણસે પોતાને સત્યનો અન્વેષક અગર વેપારી ગણીને નવ પ્રકારની ભક્તિનો સદા સંચય કરવા આતુર રહેવું જોઈએ; ત્યારે જ ચિત્તની શાન્તિ તથા સ્થિરતા પમાય છે."

બીજે દહાડે જ્યારે પાટણકર બાબાના દર્શને ગયા ત્યારે બાબાએ તેને પૂછ્યું, "કેમ, તે નવ લીંડીઓ એકઠી કરવા માંડી?" ત્યારે તેણે ઉત્તર દીધો, "બાબા, હું તો નાચીજ માણસ છું. પ્રથમ આપ મારા પર કૃપા કરો. જો આપની કૃપા થશે તો તે સહજ એકઠી કરી શકીશ." ત્યારે બાબાએ આશીર્વાદ આપી તેને કહ્યું, "તને ચિત્તની શાન્તિ મળશે. તારું કલ્યાણ થશે." એ સાંભળી પાટણકર ખૂબ રાજી થયા અને આનંદ પામ્યા.

**પંઢરપૂરના વકીલ :** સર્વજ્ઞપણાની શક્તિનો ઉપયોગ કરી બાબા લોકોને કેમ સુધારતા હતા તથા સત્ય માર્ગે કેમ વાળતા હતા તેની એક ટુંકી કથા કહીને આ અધ્યાય પુરો કરીશું. એક વાર પંઢરપુરથી એક વકીલ શીરડી આવ્યા. મસીદમાં જઈ પગે પડી દર્શન કરી માગ્યા વિનાજ બાબાને કંઈક દક્ષિણા ધરી. અને ત્યાં થતી વાતો સાંભળવા આતુર બની એક ખુણામાં બેઠા. એ વખતે બાબાએ તેની સામું જોઈને કહ્યું, "લોકો કેવા લુચ્ચા હોય છે? અહીં આવી પગે પડે છે અને દક્ષિણા આપે છે અને પીઠ પાછળ અંદરખાનેથી નિંદા કરે છે ને ગાળો દે છે. આ પણ એક અજાયબી નથી?" બાબાની આ ટીકા પેલા વકીલને અંગેજ હતી. બીજું કોઈ તે સમજી શક્યું નહિ. પણ પેલા વકીલ તે



ટીકા સમજી ગયા અને મુંગા બેઠા. જ્યારે સૌ વાડામાં આવ્યા ત્યારે વકીલે કાકાસાહેબ દીક્ષિતને કહ્યું, "બાબાએ કરેલી ટીકા બરાબર જ છે; એ ટીકાનું તીર મારા પરજ છોડયું હતું. તેમાં મને સૂચન કર્યું છે કે મારે બીજાની નિંદા કરવી નહિ. પંઢરપુરના મુનસફ શ્રી નુલકર તબીયત સુધારવા અહીં શીરડી આવીને રહ્યા ત્યારે એ બાબતની ચર્ચા પંઢરપુરની કોર્ટના વકીલોના ઓરડામાં થઈ હતી કે આ નુલકરની માંદગી દવાથી નિર્મૂળ થવાની હતી? કે માત્ર એક ફકીર—સાઈબાબાની પાછળ લાગવાથી એ માંદગી મટવાની હતી? મુનસફ જેવા કેળવાયેલા માણસ આવું કરે તે વ્યાજબી છે? આવી કડવી ટીકામાં મેં પણ ભાગ લીધો હતો. મારું એ વર્તન કેટલું ખોટું હતું એ વસ્તુ આજે સાઈબાબાએ મને દર્શાવી આપી. તેને હું ઠપકો ગણતો નથી, પણ બાબાની કૃપા જ ગણું છું. મારે બીજાના કામમાં વિના કારણે માથું મારવું નહિ; અગર તો કોઈની નિંદા કરવી નહિ એવો સ્પષ્ટ ઉપદેશ મને તેમને આજે આપ્યો છે."

શીરડી પંઢરપુરથી સો કોસ (ત્રણસો મૈલ) દૂર છે. છતાં ત્યાંના વકીલોના ઓરડામાં શું ચાલી રહ્યું છે તે વસ્તુ બાબાએ સર્વજ્ઞતાની શક્તિને લીધે જ જાણી હતી. માર્ગમાં આવતા ડુંગરો, જંગલો કે નદીઓ એ કોઈ તેમની વ્યાપક દૃષ્ટિને નડતરરૂપ નહોતું. તે તો સર્વના મન—હૃદય જોઈ—વાંચી શકતા હતા. તેમનાથી કશું છાનું નહોતું. નજીકની તેમજ દૂરની દરેક વસ્તુ ધોળા દિવસની માફક તેમની દૃષ્ટિએ સ્પષ્ટ અને સાફ દેખાતી હતી. માનવી નજીક હોય કે દૂર હોય પણ શ્રી સાઈબાબાની સર્વજ્ઞ દૃષ્ટિની બહાર કંઈ જ નહોતું. આ બનાવ પરથી પેલો વકીલ પાઠ ભણ્યો કે કોઈનું ભુંડું બોલવું નહિ અગર કોઈની વગર કારણે ટીકા કરવી નહિ. આમ તેની એક ખરાબ ટેવ ટળી ને તેને સાચો માર્ગ મળ્યો.

http://suratiundhiyu.wordpress.com/



ભલે આ વાત પેલા વકીલની રહી. છતાં તે વાત લાગુ તો બધાને જ પડે છે. તેથી આ પાઠ યાદ રાખી તે વડે થતો લાભ લેવા સરખો છે. સાઈબાબાની મહત્તા અગાધ હતી. તેવીજ તેમની આશ્ચર્યજનક લીલા પણ હતી. તેમનું જીવન જ એવું છે. તે તો પરબ્રહ્મનો અવતાર હતા.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'અનુગ્રહ-કરણ' નામ એકવીસમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।




**DWARKA MAI**

http://suratiundhiyu.wordpress.com/



## અધ્યાય-૨૨.

### અપમૃત્યુ-નિવારણ.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઈનાથાય નમઃ ।

**ઉપોદ્ઘાત :** સાઈબાબાનું ધ્યાન કેમ ધરશો? સર્વ શક્તિમંત ઈશ્વરનું સ્વરૂપ-સ્વભાવ જાણવા કોઈ શક્તિમંત નથી. વેદો તેમજ સહસ્રમુખી શેષ પણ તેનું વર્ણન કરવા સમર્થ નથી. છતાં ભક્તો ભગવાનનું સ્વરૂપ જાણ્યા વિના કે તેનું દર્શન કર્યા વિના રહી શકતા નથી. કેમકે તેમના આનંદનું સાધન જ પ્રભુચરણ છે. પ્રભુચરણના ધ્યાન સિવાય જીવનના અંતિમ શ્રેષ્ઠ લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી એ વસ્તુ ભક્તો બરાબર સમજે છે. તેથી પ્રભુ-ભજનનો સરળ માર્ગ હું અહીં વર્ણવું છું.

દરેક માસમાં જેમ અંધારીયાની તિથિઓ આગળ ચાલે છે તેમ તેમ ચંદ્રમા નાનો થતો જાય છે. છેવટે અમાસની રાત્રે ચંદ્રમા બિલકુલ દેખાતો નથી. તેથી શુક્લપક્ષના આરંભમાં બીજના ચંદ્રનું દર્શન કરવા લોકો બહુ આતુર બને છે. પડવાના રોજ ચંદ્ર દેખાતો નથી. પણ બીજની સાંજે તે બરાબર દેખાય છે, પણ આકાશમાં તે કયે સ્થળે છે તે જોનાર માણસ, નિશાની ખાતર કોઈ વૃક્ષની બે ડાળીની મધ્યમાં નજર કેન્દ્રિત કરવા પોતાના મિત્રોને કહે છે. ત્યારે એ સ્થળે જોતાં બીજના ચંદ્રની નાની રેખા તેમની દૃષ્ટિએ પડે છે,



અને તેમને આનંદ થાય છે. શ્રી બાબાના તેજ-પ્રકાશના દર્શન કરવા સારૂ આપણે પણ આ યુક્તિ અનુસરશું. બાબાની બેસણી જુઓ, કેવી સુંદર છે? પલોઠી વાળીને બેઠા છે. જમણો પગ ડાબા ઘુંટણ પર રાખ્યો છે. ડાબા હાથમાં આંગળાં જમણા પગની પાની પર પહોળાં રાખ્યાં છે. જમણા અંગુઠા પર મધ્યમા તથા તર્જની રાખેલી છે. આમ બેસીને બાબા એવું સૂચવતા લાગે છે કે જો તમે મારા તેજનાં દર્શન કરવા ઈચ્છતા હો તો અહંત્વ તજીને નમ્ર બનો અને મારી મધ્યમા તથા તર્જનીની વચ્ચે દેખાતા મારા અંગુઠાનું ધ્યાન ધરજો. ભક્તિનું સૌથી સરળ સાધન જ તે છે.

હવે ક્ષણવાર આપણે બાબાનું જીવન તપાસીએ: શીરડીમાં બાબાનો વાસ હતો. તેથી જ તે યાત્રાધામ બન્યું છે. દેશના વિવિધ લોકો અહીં આવે છે, તથા રંકથી રાય સુધીના દરેક વર્ગના માણસો થોડો વધુ લાભ એક કે બીજે રૂપે પામે છે. શ્રી સાઈબાબાનાં નિરવધિ પ્રેમ, અજબ જ્ઞાન, તથા સહજ વ્યાપકતાનું વર્ણન કરવા કોણ સમર્થ છે? બાબાના આ પ્રેમ-જ્ઞાન-સર્વવ્યાપકતાનો અનુભવ પામનારાને ધન્ય છે! કોઈ વાર બાબા દીર્ઘકાળ સુધી મૌન સેવતા હતા, જે બ્રહ્મ પરનું તેમનું એક રીતે મુંગું વ્યાખ્યાન જ હતું. કોઈવાર બાબા ભક્તોની મધ્યમાં સચ્ચિદાનંદસ્વરૂપે બેસતા હતા. કોઈવાર બાબા જાતે રૂપકમાં વાર્તા કહેતા; તો કોઈવાર મર્માળી હાસ્યજનક કથા કહેતા. કોઈવાર તદ્દન સ્પષ્ટ કહેતા; તો કોઈવાર ક્રોધિત દેખાતા હતા. કોઈવાર ટુંકો બોધ દેતા હતા; તો કોઈવાર લાંબું વિવેચન કરતા હતા. અને ઘણી વાર તો સાવ સાદી વાતો જ કહેતા હતા. આમ દરેક આવનારની લાયકાત અને જરૂરીયાત મુજબ બાબા તેમને બોધ દેતા હતા. બાબાનું જીવન જ અગાધ હતુ-મન, બુદ્ધિ કે વાણીથી પર હતું. તેમના મુખદર્શનની-તેમની જોડેના સંવાદની-તેમની લીલાના શ્રવણની ઉત્કંઠા તૃપ્ત જ થતી નહોતી.



હજુ પણ અમને આનંદના ઉભરા આવે છે. વર્ષાના ઝાપટામાં પડેલાં જળબિંદુઓ કદાચ ગણી શકાય ખરાં; પણ બાબાની લીલા કોણ માપી શકે તેમ છે? બાબા ભક્તો પર આવી પડનાર આફત અગાઉથી જાણી જતા. અને તેને સમયસર કેમ બચાવતા હતા તે લીલાનું વર્ણન હવે સાંભળો.

**બાળાસાહેબ મિરીકર :** સરદાર કાકાસાહેબ મિરીકરના પુત્ર બાળાસાહેબ મિરીકર કોપરગામના મામલતદાર હતા. તે પોતાની ડીસ્ટ્રીકટમાં ચીતળી જતા હતા; માર્ગમાં સાઈબાબાનું દર્શન કરવા તે શીરડી આવ્યા. મસીદમાં આવી બાબાને સાષ્ટાંગ પ્રણામ કરી દર્શન કરીને બેઠા. પછી તબીયતની અને એવી બીજી સામાન્ય વાતો શરૂ થઈ. એવામાં બાબાએ મિરીકરને પૂછ્યું, 'તું દ્વારકામાઈને ઓળખે છે?" બાળાસાહેબ કશું સમજ્યા નહિ. તેથી શાંત રહ્યા. પણ બાબાએ બોલવાનું ચાલુ રાખ્યું : "તું જ્યાં બેઠો છે તે આ દ્વારકામાઈ છે. તેના ખોળામાં બેસનારનાં ચિંતા-ભય તે નિવારે છે. આ મસીદમાઈ બહુ દયાળુ છે.-ભોળા ભક્તોની એ માતા છે.-તેમને સંકટમાંથી ઉગારે છે. તેના ખોળામાં એક વાર પણ બેસનારનાં સર્વ સંકટ ટળી જાય છે. તેનો આશ્રય પકડનારા સુખી થાય છે." એટલું બોલી બાબાએ તેને ઉદી આપી તથા તેના માથા પર પોતાનો વરદ હસ્ત મૂક્યો. પછી બાળાસાહેબને ઉઠતા જોઈ, વળી જમણા હાથની કોણી પાસે ડાબો હાથ લાવી સર્પના ફેણ માફક હલાવતાં બાબા બોલ્યા, "તું લંબા બાબા (અર્થાત્ સર્પ) ને ઓળખે છે? એ તો મહા ભયંકર છે. પણ આ દ્વારકામાઈના બાળકને તે શું કરવાનો હતો? જેનું રક્ષણ દ્વારકામાઈ જાતે કરે છે તેને એ લંબુસ બાપડો શું કરવાનો હતો?"

આમ બાબાએ કહેલાં વચનનો અર્થ અગર તેમાં કરેલો મિરીકરનો નિર્દેશ એ વખતે ત્યાં બેઠેલા કોઈ સમજી શક્યા નહિ.



અને તેનો ખુલાસો પૂછવાની પણ કોઈની હિંમત ચાલી નહિ. એ પછી બાળાસાહેબ બાબાને પ્રણામ કરીને ઉઠ્યા અને શામા જોડે મસીદમાંથી બહાર આવ્યા. પણ બાબાએ શામાને બોલાવી બાળાસાહેબ જોડે ચીતળી જવાની આજ્ઞા કરી "બાબાની આજ્ઞા થવાથી હું પણ તમારા જોડે ચીતળી આવું છું." એમ શામાએ બાળાસાહેબને કહ્યું, ત્યારે બાળાસાહેબે જણાવ્યું, "ત્યાં તમને અગવડ પડશે. તેથી સાથે આવવાની કંઈ જરૂર નથી." એથી શામાએ જઈને બાબાને વાત કરી ત્યારે બાબા બોલ્યા, "તો તે ભલે એકલો જતો. આપણે તો કલ્યાણ જ ઈચ્છીએ છીએ. બનવાનું હશે તે અવશ્ય બનશે."

દરમ્યાન બાળાસાહેબે પુનઃ મનમાં વિચાર કર્યો અને શામાને બોલાવી પોતાની જોડે ચીતળી આવવા માટે વિનતિ કરી. શામા બાબાની રજા લઈ બાળાસાહેબ જોડે ટાંગામાં ચીતળી જવા ઉપડ્યા. રાત્રે નવ વાગે તે ચીતળી પહોંચ્યા અને મારૂતીના મંદિરમાં ઉતારો કર્યો. કચેરીના માણસો કોઈ આવ્યા નહોતા. તેથી શાંતિથી વાતો કરતા તે મંદિરના ઓરડામાં બેઠા બાળાસાહેબ શેત્રંજી પર બેસી છાપું વાંચતા હતા. તેમના ધોતીયાનો છેડો કેડ પાસે પહોળો પડ્યો હતો. તેના ઉપર એક સાપ આવીને બેઠો તે કોઈએ જોયો નહોતો. પણ જ્યારે તે સરસર અવાજ કરીને ચાલવા લાગ્યો ત્યારે પટાવાળાએ અવાજ સાંભળ્યો. ફાનસ લાવી જેવું જોયું તેવોજ તેણે સાપને દીઠો તેથી તેણે બૂમ પાડી-"સાપ, સાપ." બાળાસાહેબ ડરથી ધ્રૂજવા લાગ્યા. શામાને આશ્ચર્ય થયું અને ઉઠીને બિલકુલ અવાજ કર્યા વિના ચાલીને હાથમાં ધોકો તથા લાકડી લીધી. સર્પ કેડ પરથી નીચે ઉતર્યો અને બાળાસાહેબને છોડીને ચાલવા લાગ્યો. પેલા બંને જણે લાકડી તથા ધોકાથી તેને પુરો કર્યો. આમ આ સંકટની આગાહી બાબાએ અગાઉથી કરી હતી અને તે સંકટ આ રીતે ટાળ્યું હતું.

**બાપુસાહેબ બુટી :** બાપુસાહેબ બુટી શીરડી આવેલા ત્યારે એક દહાડો નાનાસાહેબ ડેંગળે નામે એક મોટા જોશીએ કહેલું. "આજનો દહાડો તમારે માટે ખરાબ છે. તમારા દેહ પર ઘાત છે." એથી બાપુસાહેબ ચિંતામાં પડ્યા. નિયમ મુજબ બધા જોડે તે મસીદમાં ગયા ત્યારે બાબાએ તેને કહ્યું, "આ નાના શું કહે છે? તારી ઘાતનું તેણે ભાવી ભાખ્યું છે એમ? પણ તું ડરીશ મા; તેને કહેજે કે ઘાત કેમ આવે છે તે જોશું." એ સાંજે બુટી જાજરૂ ગયા ત્યાં એક મોટો સાપ દીઠો. તેના ચાકરે સાપ જોતાં તેને મારવા માટે પાણાનો ટુકડો લીધો પણ બુટીએ તેને લાકડી લાવવા મોકલ્યો. પણ લાકડી આવતાં પહેલાં તો સાપ ચાલ્યો ગયો ને અલોપ થયો. બાબાનાં નિર્ભયતાનાં વચન સંભારી બાપુસાહેબ આનંદ પામ્યા.

**અમીર શક્કર :** આ અમીર શક્કર કોપરગામ તાલુકાના કોરલે ગામનો એક ખાટકી હતો. વાંદરામાં તે દલાલી કરતો અને જાણીતો હતો. એક વાર તે સંધિવામાં સપડાયો ને ખૂબ પીડા ઉપડી. ત્યારે તેને અલ્લા સાંભર્યા. કામધંધો છોડી શીરડી આવીને દર્દ મટાડવા તેણે બાબાને પ્રાર્થના કરી. બાબાએ તેને ચાવડીમાં રાખ્યો. પણ આવા દર્દીને રહેવા યોગ્ય એ સ્થળ નહોતું. ત્યાં ભેજ રહેતો. અમીર શક્કરને શીરડીમાં બીજે સ્થળે અગર તેના પોતાના ગામમાં ઠીક પડત પણ બાબાનાં વચન અફર ઔષધરૂપ ગણાતાં હતાં. બાબા તેને મસીદમાં પેસવા દેતા નહોતા, પણ ચાવડીમાં જ રાખતા હતા; જ્યાં તેને ઘણો ફાયદો થયો. નિત્ય સવાર સાંજ બાબા ચાવડી પાસેથી નીકળતા હતા તથા એકાંતરા સરઘસાકારે જઇ બાબા ચાવડીમાં સૂઇ રહેતા. તેથી અમીરને બાબાના સત્સંગનો લાભ સહજ મળતો હતો. અમીર નવ માસ સુધી અહીં રહ્યો. પણ પછી ગમે તે કારણે તેને એ સ્થળનો અણગમો આવ્યો. તેથી એક રાત્ર છાનોમાનો ભાગીને તે કોપરગામ જતો રહ્યો. અને ત્યાં જઇ ધર્મ-



શાળામાં ઉતર્યો. ધર્મશાળામાં મૃત્યુના બિછાને પડેલા એક વૃદ્ધ ફકીર તેને મળ્યા. તેણે અમીર પાસે પીવાનું પાણી માગ્યું જે તેણે લાવી આપ્યું. પણ જેવું તેણે પાણી પીધું તેવાજ તેના પ્રાણ છૂટી ગયા. એથી અમીર મુંઝાણો. તેને લાગ્યું કે જો હું પોલીસને જઇને ખબર આપીશ તો આના મૃત્યુનો જવાબદાર મને ગણશે અને હું ઉપાધિમાં મુકાઇ જઇશ. વળી બાબાની રજા વિના પોતે શીરડી છોડ્યું હતું તેથી પણ તેને પસ્તાવો થવા લાગ્યો અને મનમાં બાબાની ક્ષમા માગી પાછો શીરડી જવા સંકલ્પ કર્યો. અને એજ રાત્રે દોડતો તે શીરડી આવ્યો. આખે રસ્તે બાબાનું નામ જપતો સૂર્યોદય થતાં તે શીરડી પહોંચ્યો; અને ચિંતામુક્ત બન્યો. પછી તો બાબાની આજ્ઞા મુજબ તેણે ચાવડીમાં જ રહેવા માંડ્યું અને તે સાજો થઇ ગયો. એક વાર ચાવડીમાં બાબા સૂતેલા ત્યારે મધ્ય રાત્રે બાબાએ તેને બૂમ મારી, "અરે અબ્દુલ, કોઈ સૈતાન જીવ મારી પથારી જોડે અથડાય છે." અબ્દુલે ફાનસ લઇને જોયું પણ બાબાની પથારી પાસે કશું નહોતું. આખા ઓરડામાં બધે તપાસ કરવા બાબાએ તેને હુકમ કર્યો. અને પોતે પેલો સટકો પછાડવા લાગ્યા. આ લીલા જોઇ અમીરને થયું કે અહીં સર્પ ભરાયાનો બાબાને વહેમ છે. પણ દીર્ઘકાળ બાબા જોડે રહ્યા છતાં તેમની લીલાના અર્થની તેને કશી ખબર નહોતી. અમીરના ઉશીકા પાસે બાબાએ કંઇક સળવળતું જોયું અને દીવો લઇને ત્યાં જોવા અબ્દુલને આજ્ઞા કરી. તેણે ફાનસ લઇને ત્યાં જોતાં ગુંચળું વળીને બેઠેલો ઉંચી નીચી ફેણ કરતો એક નાગ દીઠો. અમીરે સાપને તરતજ પુરો કર્યો. આમ વેળાસર ચેતવીને બાબાએ અમીર શક્કરને બચાવી લીધો હતો.

**હેમાડપંત-વીંછી તથા સાપ :** (૧) બાબાની સલાહથી કાકાસાહેબ દીક્ષિત નિત્ય એકનાથ મહારાજના બે ગ્રંથ-(૧) ભાગવત તથા (૨) ભાવાર્થરામાયણ વાંચતા હતા. તેના વાચનના શ્રવણનો લાભ



મને પણ મળતો હતો. એક વાર સીતા માતાજીની સૂચના મુજબ શ્રીરામની મહત્તાની પરીક્ષા હનુમાનજીએ કરી હતી તે રામાયણને પ્રસંગ સાંભળીને સર્વ શ્રોતાજન દિગ્મૂઢ બની ગયા. તેમાં હું પણ હતો. એવામાં ત્યાં એક મોટો વીંછી આવી ચડયો; તે કયાંથી આવ્યો તેની કોઇને ખબર નહોતી. મારા ઉપરણા પર જમને ખભે તે આવીને બેઠો. પ્રથમ તો તેની કોઇને ખબર પડી નહિ. પણ ભગવાનની કથા શ્રવણ કરનારનું રક્ષણ ભગવાન પોતેજ કરે છે. મારા જમણા ખભા પર મારી નજર ગઇ અને મેં વીંછીને જોયો. તે મુદ્દલ હાલતો ચાલતો નહોતો. જાણે એ પણ કથા સાંભળતો હોય એમ લાગ્યું. પ્રભુકૃપાથી કશીજ ગડબડ વિના મારા ધોતીયાના બે છેડાની ઘડી વાળી તેની વચ્ચે મેં એ વીંછીને પકડી લીધો અને હું ઉપાડીને તેને વાડાની બહાર નાખી આવ્યો. (૨) એક બીજે પ્રસંગે અંધારૂં થયા પછી કેટલાક ભાઇઓ કાકાસાહેબના વાડાના ઉપલે મજલે બેઠા હતા. એવામાં બારીના ચોગઠાના કાણાંમાંથી એક સાપ આવ્યો, અને ગુંચળું વળીને બેઠો. તેના પર દીવો ધરતાં પ્રથમ તો તે અંજાઇ ગયો છતાં શાંત બેસી રહ્યો. તે માત્ર માથું ઉંચું નીચું કરવા લાગ્યો. પછી તો ઘણા જણ ડંડુકા ને લાકડીઓ લઇને દોડી આવ્યા. પણ તે એવા ઠેકાણે બેઠો હતો કે તેને એક પણ ઘા વાગ્યો નહિ. અને બધાના બૂમબરાડા સાંભળી જેવો આવ્યો હતો તેજ કાણાંમાંથી ઝડપથી તે બહાર સરકી ગયો ત્યારે બધાને નિરાંત થઇ.

**બાબાનો મત :** આ વખતે મુક્તારામ નામે એક ભક્તે કહ્યું કે સારૂં થયું કે એ બાપડો જીવ બચી ગયો. એ સાંભળી મેં તેનો વિરોધ કર્યો ને કહ્યું, "સાપને તો મારવા જ જોઇએ." આ વાત પર ગરમાગરમ ચર્ચા ચાલી. મુક્તારામ જોડે બીજા કેટલાક પણ કહેતા હતા કે સાપ કે એવા કોઇ જીવને મારી નાંખવા ન જોઇએ. ત્યારે હું અને મારા જેવા બીજા કહેવા લાગ્યા



કે તેને મારી જ નાંખવા જોઇએ. છેવટ આ વાતનો કોઈ નિર્ણય થયો નહિ. એથી બીજે દહાડે આ પ્રશ્ન બાબાને પૂછવામાં આવ્યો ત્યારે બાબા નક્કી મત આપતાં બોલ્યા, સર્વ પ્રાણીઓમાં ઈશ્વરનો વાસ છે. પછી ભલે તે સાપ હોય કે વીંછી. ઇશ્વર જ સમગ્ર જગતનો ચાલક છે. તેનીજ આજ્ઞા સર્વ પ્રાણીઓને-સર્પ તેમજ વીંછીને પણ પાળવી પડે છે. પ્રભુની ઇચ્છા વિના તેઓ કોઇને કશી ઇજા કરી શકતા નથી. સમગ્ર જગતને ઈશ્વરનો જ આધાર છે. કોઈ સ્વતંત્ર નથી. માટે આપણે બધાં પ્રાણીઓ પર દયા રાખવી. તેની જોડે લડવાનાં કે તેને મારી નાંખવાનાં સાહસ છોડી દઇને શાન્તિ ધરવી જોઇએ. ઈશ્વર જ સર્વનો રક્ષણહાર છે."

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈ-સમર્થ-સચ્ચરિત્રે 'અપમૃત્યુ નિવારણ' નામ બાવીસમો અધ્યાય સંપૂર્ણ

। શ્રી સદ્ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

(176)

## અધ્યાય-૨૩.

## ગુરૂલીલા-દર્શન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્દગુરૂ-સાઈનાથાય નમઃ ।

**ઉપોદ્દ્ઘાત :** આ જીવાત્મા સત્વ, રજ, તમ એ ત્રણે ગુણથી પર-ઉંચો છે. પણ માયા તેને ઘેરી લઈને છેતરે છે. તેથી તે પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ વિસરી જઈ પોતે જ દેહ છે એમ માને છે. અને આ દેહભાનથી તે માનવા લાગે છે કે હું જ કર્તા-ભોક્તા છું. એથી તે અપાર દુઃખમાં અટવાય છે અને મુક્તિનો માર્ગ જ ભુલી જાય છે. મુક્તિનો એક માર્ગ તો સદ્દગુરૂ ચરણમાં પ્રેમળ ભક્તિનો જ છે. આ વિશ્વના મહાન નાટકકાર પ્રભુ શ્રી સાઇએ ભક્તોને આનંદ આપી પોતાના રૂપ જ બનાવ્યા છે.

ઉપર કહેલા કારણને લીધે આપણે શ્રી સાઇબાબાને ઇશ્વરનો અવતાર માનીએ છીએ. પણ બાબા તો સદા એમ જ કહેતા હતા કે હું તો ઇશ્વરનો એક આજ્ઞાંકિત સેવક છું. પોતે અવતારી હતા છતાં વર્ણાશ્રમના ધર્મ કેમ પાળવા તથા કેવું સંતોષપ્રદ વર્તન રાખવું તેના માર્ગ લોકોને બતાવતા હતા. પોતે કોઇની કશી સ્પર્ધા કરતા હતા અગર તો પોતાનું કંઇ કામ કરવાની કોઇને આજ્ઞા કરતા હતા નહિ. આ જગતના સર્વ ચરાચર પદાર્થમાં પોતે ઇશ્વરનાં દર્શન કરતા. નમ્રતા તેમનામાં સ્વાભાવિક હતી. કોઇનો



નિરાદર કે અપમાન તે કરતા નહિ. કેમકે પોતે સર્વ પ્રાણીમાં નારાયણનાં દર્શન કરતા હતા. હું ઇશ્વર છું એવું તેમણે કદી કહ્યું નથી. પોતે નમ્ર સેવક છે એમજ તે કહેતા અને અલ્લાહ માલિકનું નામ સદા જપતા હતા.

વિવિધ સંતો શું ખાયે પીએ છે કે, કેમ વર્તે છે એ કંઈ આપણે જાણતા નથી. પણ આપણને તો એટલી જ ખબર છે કે તેમનો અવતાર ઇશ્વરની કૃપાથી બંધનમાં પડેલા અજ્ઞાની જીવોને મુક્તિ અપાવવા સારૂ જ થયેલો હોય છે. જો આપણા પૂર્વજન્મના પુણ્યનો સંચય હોય છે તો જ આવા સંતોની લીલાની કથાઓ શ્રવણ કરવાની ઇચ્છા આપણામાં જાગે છે. તથા તેમાં રસ પડે છે. નહિતર તેમાં દીલજ ચોંટતું નથી. હવે આ અધ્યાયની મુખ્ય કથાઓ સાંભળીએ.

**યોગ અને ડુંગળી :** એક વાર નાનાસાહેબ ચાંદોરકર જોડે એક સાધક શીરડી આવ્યો. તેણે પાતંજલ યોગસૂત્રનો તથા એવા અન્ય ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. પણ તેને કશોજ વ્યવહારૂ અનુભવ નહોતો. મનની એકાગ્રતા તે સાધી શકતો નહોતો. તેમજ સમાધિ પણ એકદમ ચડાવી શકતો નહિ. તેણે માન્યું હતું કે શ્રી સાઇબાબા મારા પર કૃપા કરે તો હું દીર્ઘકાળ સમાધિ ચડાવી શકીશ; અને તેનો માર્ગ પણ તેઓ બતાવશે. જ્યારે તે મસીદમાં આવ્યો ત્યારે તેણે બાબાને ડુંગળી અને રોટલો ખાતા દીઠા. એ જોઇને તેને થયું કે 'આ સુકો રોટલો અને ડુંગળી ખાનારો માણસ મારી ગુંચો શું ઉકેલવાનો હતો? મને તે શું મદદ કરનાર હતો?' સાઇબાબા તેના મનના આ વિચાર જાણી ગયા. તેથી તેમણે નાનાસાહેબને કહ્યું, "અરે નાના, ડુંગળી તો હજમ કરવાની શક્તિવાળાએ જ ખાવી જોઇએ, બીજાએ નહિ." આ ટીકા સાંભળીને પેલો યોગી અચંબો પામ્યો અને સંપૂર્ણ શરણાગતિ સાથે બાબાના





ચરણમાં પડયો. ખુલ્લા શુદ્ધ દીલથી તેણે પોતાની યોગની ક્રિયાની ગુંચો બાબાને પૂછી અને બાબા પાસેથી તેના ખુલાસા મેળવ્યા. એથી તેને સંતોષ થયો અને બાબાની ઉદી તથા આશીર્વાદ મેળવી તે ઘેર ગયો.

**શામાનો સર્પદંશ મટાડયો :** આ જીવને પોપટ જોડે સરખાવી શકાય. બંને બંધનમાં પડેલા છે. એક પડયો છે દેહમાં; અને બીજો પડયો છે પિંજરામાં. બંને માને છે કે એ ચાલુ બંધન-સ્થિતિ જ પોતાને માટે તો ઉત્તમ છે. પણ જ્યારે સાચા સહાયક-ગુરૂ આવીને આંખ ઉઘાડે છે તથા બંધનનો સાચો ખ્યાલ આપે છે ત્યારે જ આ મહાન વિશ્વમાં પોતાનું મર્યાદિત બંધન-જીવન કોઈ હિસાબમાં નથી એ દેખાય છે અને આંખ ઉઘડી જાય છે.

ગયા અધ્યાયમાં આપણે જોયું કે શ્રી મિરીકર પર જે સંકટ આવનાર હતું તે સંકટ બાબાએ અગાઉથી કહી આપીને ટાળ્યું હતું. હવે એથી પણ મોટી સંકટવાર્તા કહીશું. એક વાર શામાને ઝેરી સાપ કરડ્યો. સાપે તેના હાથની આંગળી પર દંશ દીધેલો. શરીરમાં ઝેર ચડવા લાગ્યું ને ભારે પીડા થવા લાગી તથા મોત સામે જ આવેલું દેખાયું. મિત્રો તેને વીરોબા પાસે લઈ જવા માગતા હતા. કેમકે સર્પદંશવાળાને ત્યાં આરામ થતો હતો. પણ શામા તો પોતાના વીરોબા-સાઇબાબા પાસે જ મસીદમાં દોડયા. તેને આવતા જોઈ ગુસ્સે થઈ બાબા ગાળો દેવા લાગ્યા ને ક્રોધથી કહ્યું, "અરે દુષ્ટ, ઉપર ચઢતો નહિ. નીચે ઉતર." આમ ક્રોધથી લાલચોળ બાબાને જોઇ શામા નિરાશ થઈ મુંઝાયા. મસીદ જ મારૂં ઘર છે અને સાઇબાબા જ મારો આધાર છે એવું તે માનતા હતા. પણ જ્યારે બાબાએ જ તેને આમ કાઢી મૂક્યા ત્યારે હવે જવું ક્યાં? જીવવાની આશા છોડી ત્યાં જ ઉભા થઈ રહ્યા. થોડીવાર બાદ બાબા શાંત થયા, ત્યારે ઉપર જઈ બાબા



પાસે બેઠા. ત્યારે બાબા બોલ્યા, "બ્હીશ મા. મુફલ ડરીશ મા. દયાળુ ફકીર તને બચાવશે. ફીકર કરીશ મા. ઘેર જઈ શાંતિથી બેસજે. બહાર ફરતો નહિં. મારામાં શ્રદ્ધા રાખી નિર્ભય બનજે. ફરી ચિંતા કરીશ મા." આટલું કહી શામાને ઘેર મોકલ્યા. પાછળ તાત્યા પાટીલ તથા કાકાસાહેબ દીક્ષિતને મોકલ્યા અને સંદેશો કહેવડાવ્યો કે "ગમે તે ખાજે. ઘરમાં આંટા મારજે. પણ પથારીમાં સૂતો નહિ, અગર ઉંઘીશ નહિ." શામાએ બાબાની આ આજ્ઞાનો બરાબર અમલ કર્યો. અને થોડી જ વારમાં તેને આરામ થયો. આ સંબંધમાં બાબાએ પ્રથમ કહેલા શબ્દો "દુષ્ટ, ઉપર ચઢતો નહિં, નીચે ઉતર" તે શબ્દો શામાને ઉદ્દેશીને તેમણે કહ્યા નહોતા. પણ એ આજ્ઞા તો પોતે સાપને આપી હતી કે 'ચડીશ મા- શામાના દેહમાં વ્યાપીશ મા.' મંત્રવડે સાપ ઉતારનારની માફક બાબાને મંત્રની જરૂર જ નહોતી. અગર પાણી કે ભાત કે એવું કંઇ આપવું પડતું નહોતું. તેમનાં વચન જ શામાને બચાવી લેવા પુરતાં શક્તિવંત હતાં.

આ વાત તથા આવી બીજી વાતો સાંભળવાથી શ્રી બાબાના ચરણમાં શ્રદ્ધા દઢ થશે. ખરે જ આ સંસાર-સાગર તરવાનો એક જ માર્ગ બાબાના ચરણોનું અંતરમાં સદા સ્મરણ કરવું એજ છે.

**કોલેરાનો રોગચાળો :** એકવાર શીરડીમાં કોલેરાનો ભારે રોગચાળો ફાટી નીકળ્યો. લોકોએ ડરીને અન્ય ગામના માણસોનો સંસર્ગ જ તજી દીધો. ગામના પંચે એકઠા થઇ કોલેરાને કાબુમાં લાવવા માટે બે ઠરાવ કર્યા: (૧) ગામમાં કોઇ ઇંધણાનું-બાળવાના લાકડાનું ગાડું આવવા દેવું નહીં; (૨) કોઇએ બકરૂં હલાલ કરવું નહિં. આ ઠરાવનો અનાદર કરનારનો પંચે સખ્ત દંડ કરવો એમ નક્કી થયું. આ તો બધા વહેમ છે એમ બાબા જાણતા હતા, તેથી તેમણે આ ઠરાવની કશી દરકાર કરી નહિં. દરમ્યાન એક લાકડાનું ગાડું આવ્યું. ગાડાવાળાની ગામમાં આવવાની ઇચ્છા

હતી. પણ લોકો તેને હાંકી કાઢતા હતા. બાબાને આ વાતની ખબર પડી ત્યારે પોતે બહાર જઇ પેલા ગાડાવાળાને મસીદમાં ગાડું હાંકી લાવવાની આજ્ઞા કરી. બાબાની આજ્ઞાની સામે થવાની કોઇની હિંમત નહોતી. તેમણે આ લાકડાં ધુણી માટે ખરીદ્યાં હતાં. અગ્નિહોત્રી જીવનભર પવિત્ર અગ્નિ બળતો રાખે છે તેમ બાબા આ ધુણી અહોનિશ બળતી રાખતા હતા. વળી બાબાનું આ સ્થાન–મસીદ સર્વ લોકો માટે ખુલ્લી હતી. તેને તાળું મારતા જ નહિં. ગરીબ માણસો ચુલામાં બાળવાના લાકડા અહીંથી જ લઇ જતા હતા. બાબા તેમને લેવા દેતા હતા. બાબા સમગ્ર વિશ્વમાં પુરા વૈરાગી હતા. છતાં લોકો પર દાખલો બેસાડવા સારૂ જ પોતે સામાન્ય ગૃહસ્થીની માફક વર્તન દાખવતા હતા.

**ગુરૂભક્તિ-આજ્ઞા :** ઉપર કહેલા કોલેરાના બીજા ઠરાવનું બાબાએ શું કર્યું હતું તે હવે જુઓ. આ ઠરાવનો અમલ ચાલુ હતો એ દરમ્યાન મસીદમાં કોઇ બકરી લઇ આવ્યું. બકરી ઘરડી મરવાની અણી પર જ હતી. એ વેળા બાબા પાસે માલેગામના ફકીર પીર મહંમદ ઊર્ફે બડે બાબા બેઠા હતા. તેને બાબાએ આ બકરીને એક ઘાથી હલાલ કરવાની આજ્ઞા કરી; અને એ બલિ પોતાને ધરવાનું કહ્યું. આ બડે બાબાનું સાઇબાબા બહુ માન રાખતા; તેને જમણી બાજુની બેઠક દેતા; ચલમ સળગાવી તેનેજ પહેલી પીવા દેતા. બપોરના ભોજનમાં પણ ભાણું પીરસી તેને ડાબી બાજુમાં બેસાડી પોતાની જોડે જમાડતા. તથા દક્ષિણાની આવેલી રકમમાંથી તેને પચાસ રૂપિયા પણ સાઇબાબા આપતા હતા વળી તે શીરડીથી પાછા માલેગામ જતા ત્યારે સાઇબાબા ઉઠીને સો ડગલાં સુધી તેની જોડે ચાલી વળાવવા જતા હતા. તેનું આટલું બધું માન રાખવા છતાં સાઇબાબાએ કરેલી બકરી હલાલ કરવાની આજ્ઞા અવગણી ચોકખી ના પાડીને તેણે કહ્યું, "તેને શા વાસ્તે નાહકની મારવી પડે?" એ પછી બાબાએ શામાને



બકરી હલાલ કરવા આજ્ઞા કરી. તે રાધાકૃષ્ણમાઈ પાસેથી છરો લઈ આવ્યા અને બાબા પાસે મૂક્યો. પણ બકરી હલાલ કરવા છરો જોઇએ છે એવું જાણી માઇએ તે પાછો મંગાવી લીધો. ત્યારે શામા બીજો છરો લેવા ગયા પણ તે તરત ન આવી શક્યા. હવે કાકાસાહેબ દીક્ષિતનો વારો આવ્યો. તેઓ સાચેજ સો ટચનું સોનું છે એમ તેની આજે ખાત્રી થઈ. છરો લાવી બકરીને હલાલ કરવાની બાબાએ તેને આજ્ઞા આપી. તે હલાલ કરવા તૈયાર થયા. ઉંચા બ્રાહ્મણ કુળમાં તેમનો જન્મ થયો હતો. અને જીવનભર કોઇની હત્યા તેમણે કરી નહોતી. આવું હિંસાભર્યું કામ તેમને ગમતું નહોતું. છતાં બાબાની આજ્ઞાથી જ પોતે બકરીને હલાલ કરવા તૈયાર થયા. બડે બાબા જેવા મુસ્લિમ હલાલ કરવા નારાજ હતા ત્યારે આ પવિત્ર બ્રાહ્મણ તે કામ કરવા તૈયાર થયેલ જોઈ સૌ અચંબો પામ્યા. કાકાએ ધોતીયાનો કછોટો મારી હાથમાં છરો લઈ હાથ ઉંચા કરીને બાબાની છેવટની આજ્ઞા માટે બાબા સામે જોયું. બાબાએ કહ્યું, "વિચાર શું કરે છે? કર ઘા." પણ જેવો તે હાથ નીચો કરવા જતા હતા તેવા જ બાબા બોલ્યા, "થોભ, થોભ. તું તો કેવો ક્રુર છે? બ્રાહ્મણ થઇને બકરૂં હલાલ કરે છે?" બાબાની આજ્ઞા માની છરો નીચે ફેંકી દઇને કાકાસાહેબ બોલ્યા, "બાબા, આપનાં અમૃત જેવાં મીઠાં વચન જ અમારે તો પવિત્ર ફરમાન સમાન છે. અન્ય કોઈ આજ્ઞાને અમે ઓળખતા નથી. અમે સદા આપનું જ સ્મરણ કરીએ છીએ; અને અહોનિશ આપને જ શરણે છીએ. આ હલાલ કરવું સારૂં કે ખોટું તે અમે કંઈ જાણતા નથી. કશી ચિંતા કે વિવેચન કરવાની અમને ખબર જ નથી. કશા જ તર્ક કર્યા વિના ગુરૂની આજ્ઞાને આધીન થવું તેનેજ અમારી ફરજ–અમારો ધર્મ અમે ગણીએ છીએ." ત્યારે બાબાએ કાકાને કહ્યું, "હું પોતે જ હલાલ કરવાનું તથા બલિ દેવાનું કામ કરી લઇશ." તેથી છેવટ જે સ્થળે ફકીરો બેસતા તે તકીયાના સ્થાને આ હલાલીની વ્યવસ્થા કરવાનું નક્કી થયું. અને બકરીને



ઉપાડીને લઈ જતા હતા ત્યાં માર્ગમાંજ બકરી ગુજરી ગઈ.

આ અધ્યાયમાં શિષ્યોનું વર્ગીકરણ આપી આ અધ્યાય સમાપ્ત કરીએ. શિષ્યો ત્રણ પ્રકારના હોય છે–(૧) પ્રથમ વર્ગના–સૌથી ઉત્તમ; (૨) બીજા વર્ગના-મધ્યમ; (૩) ત્રીજા વર્ગના-સામાન્ય. ગુરૂના મનમાં શું છે તેનું અનુમાન કરી ગુરૂઆજ્ઞાની રાહ જોયા સિવાય તેમની મરજીનો તાત્કાલિક અમલ કરી ગુરૂ–સેવા કરનારા શિષ્યો પ્રથમ વર્ગના ગણાય છે. ગુરૂ આજ્ઞા કરે ત્યારે કશી રાહ જોયા વિના તેમની આજ્ઞાનો પુરો અમલ કરે તે બીજા વર્ગના મધ્યમ શિષ્ય કહેવાય છે. પણ ગુરૂઆજ્ઞા પાળવાનું મુલત્વી રાખ્યા કરે તથા ડગલે ડગલે ભૂલો કર્યા કરે તે શિષ્ય ત્રીજા વર્ગના સામાન્ય ગણાય છે.

શિષ્યને ગુરૂમાં બુદ્ધિપૂર્વકની દ્રઢ શ્રદ્ધા હોવી જોઈએ. આ શ્રદ્ધા જોડે જો ધીરજ–સબુરી હોય છે તો આધ્યાત્મિક ધ્યેયની પ્રાપ્તિ દૂર રહેતી નથી. તેને હઠયોગ, પ્રાણાયામ કે એવી કોઈ અઘરી ક્રિયાની મુદ્દલ જરૂર પડતી નથી. ઉપર કહેલ ગુણો શિષ્યમાં ઉતરે છે ત્યારે તે પ્રગતિ માટે તૈયાર બને છે અને ગુરૂ તેને દર્શન દઇને આધ્યાત્મિક માર્ગ પર ચડાવી સંપૂર્ણતાએ પહોંચાડે છે.

હવે પછીના અધ્યાયમાં બાબાની રસિક ચાતુર્યભરી કથાઓ કહીશું.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઇસમર્થસચ્ચરિત્રે 'ગુરૂલીલા-દર્શન' નામ ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ

। શ્રી સદ્‌ગુરૂસાઇનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।



ORIGINAL

http://suratiundhiyu.wordpress.com/

"suratiundhiyu"- http://vipuldesai.ning.com

183

## અધ્યાય-૨૪.

## વિનોદ-વિલાસ.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરૂ-સાઈનાથાય નમઃ ।

**ઉપોદ્‌ઘાત :** આ અધ્યાયમાં અગર અન્ય કોઈ અધ્યાયમાં અમો આ વસ્તુ વર્ણવીશું એમ કહેવું એ પણ એક પ્રકારનું અહંત્વ જ છે. આ અહંત્વ સદ્‌ગુરૂ-ચરણમાં સમર્પણ કરી દેવાથી જ માથે લીધેલું કાર્ય ફળીભૂત થઈ શકે છે. અહંત્વ દૂર કરવાથી વિજય ખાત્રીબંધ મળે છે.

શ્રી સાઈબાબાના પૂજન વડે જ આ લોક તેમજ પરલોકના પદાર્થ આપણને સહજ પ્રાપ્ત થાય છે, તથા સત્ય સ્વભાવમાં સ્થિત રહી સુખશાન્તિ હાંસલ કરી શકીએ છીએ, માટે લાભ-કલ્યાણ સાધવા ઇચ્છનારે શ્રી સાઈબાબાની લીલા-કથાનું શ્રવણ કરવું તથા તેમનું ધ્યાન ધરવું જોઈએ. એ મુજબ વર્તવાથી જ જીવન-હેતુ સફળ કરી સુખી થવાય છે.

સામાન્ય રીતે લોકોને મર્મ તથા ચાતુર્ય ગમે છે. પણ તેમાં મશ્કરીનું પાત્ર પોતે થતો હોય તે પસંદ નથી. પણ બાબાની રીત તો સાવ ન્યારી હતી. જ્યારે બાબા હાવભાવ સાથે કોઈ મર્મની વાત કરતા હતા ત્યારે તે ભારે રસપ્રદ તથા બોધક બનતી હતી. તેથી સાંભળનાર પોતે મશ્કરીનું પાત્ર બનતો હોય છતાં તેને માઠું લાગતું નહિ. હું પોતે મારૂં એક દ્રષ્ટાંત આપું.



**ચણાની લીલા :** દર રવિવારે શીરડીમાં બજાર ભરાતું; જેમાં નજીકના લોકો ભેગા થતા હતા. આવેલા વેપારીઓ શેરીઓમાં દુકાનના માંડવા ઉભા કરી માલ વેચતા હતા. નિત્ય બપોરના મસીદ માણસોથી ઉભરાઈ જતી; તેમાંયે રવિવારે ભારે ભીડ થતી. એક રવિવારે બાબા પાસે બેસી પ્રભુનામ-સ્મરણ કરતાં કરતાં હું તેમના પગ દાબતો હતો. બાબાની ડાબી બાજુ શામા બેઠા હતા તથા જમણી બાજુ વામનરાવ બેઠા હતા. શ્રી બુટી, કાકાસાહેબ દીક્ષિત અને બીજા ભક્તો પણ બેઠા હતા. એવામાં શામાએ હસીને મને કહ્યું, "અરે અણ્ણાસાહેબ, તમારા કોટની બાંયો ઉપર કંઇક દાણા ચોંટ્યા છે તે તો જુઓ." એમ બોલી કોટની બાંય પર ચોંટેલા દાળીયા-ચણાના દાણા તે વીણવા લાગ્યા. ડાબો હાથ ઉંચો કરી શામા શું કહે છે તે હું જોવા લાગ્યો. તો બધાના આશ્ચર્ય વચ્ચે મારી બાંયમાંથી થોડા ચણાના દાણા દડી પડ્યા; જે ત્યાં બેઠેલા લોકોએ વીણી લીધા. આમ બનતાં મજાક કરવાનો એક વિષય મળ્યો. એ દેખીને સૌ આશ્ચર્ય પામ્યા અને કોટની બાંયમાં ચણાના દાણા ક્યાંથી આવ્યા અને આટલો બધો વખત કેમ પડી રહ્યા હશે તેનું એક કે બીજું કારણ સૌ આપવા લાગ્યા. હું પણ એ દાણા ત્યાં કેમ ભરાઇ રહ્યા હશે તેની અટકળ કરતો હતો જ્યારે તેનો સંતોષકારક ખુલાસો કોઈથી ન અપાયો અને બધા અચંબા પામી બેઠા હતા, ત્યારે બાબા બોલ્યા : "આ અણ્ણા-સાહેબને એકલા એકલા ખાવાની બહુ ખરાબ ટેવ છે. આજ બજારનો દિવસ છે. તેથી ચણા લઈ તે ફાકતા અહીં આવ્યા. મને તેની ટેવની ખબર છે. આ ચણાના દાણા જ તેની સાબિતી પુરે છે. તેમાં વળી પૂછવું છે શું?" ત્યારે મેં કહ્યું, "બાબા, કોઈ ચીજ કદી હું એકલો ખાતો નથી. તો પછી આપ એવી ખોટી ટેવનો આરોપ મારા પર કેમ મૂકો છો? મેં હજી શીરડીની બજાર પણ જોઈ નથી. તો પછી ચણા ક્યાંથી ખરીદ કર્યા હોય? આજે મેં ચણા લીધા જ નથી તો ખાધા તો ક્યાંથી જ હોય?



મારી જોડે જ હોય તેને આપ્યા વિના હું કોઈ ચીજ ખાતો નથી." એટલે વળી બાબા બોલ્યા, "તારી જોડે હોય તે બધાને તો તું આપે છે એ વાત સાચી છે. પણ કોઈ જોડે ન હોય તો તું કે હું શું કરીએ? પણ ખાતાં પહેલાં તું મારૂં સ્મરણ કરે છે? હું સદા તારી જોડે નથી? કોઈપણ ચીજ ખાતાં પહેલાં તું મને અર્પણ કરે છે?"

**સાર :** આ દ્રષ્ટાંતમાં બાબાએ આપેલા બોધની ધ્યાનથી નોંધ લઈશું. આપણી ઇન્દ્રિયો-મન-બુદ્ધિ કોઈ ચીજનો ઉપયોગ કરીએ તે અગાઉ આપણે બાબાનું સ્મરણ કરવું જોઈએ. એમ કર-વાથી તે ચીજ તેમને જ અર્પણ કરેલી ગણાય આવો તેમણે અહીં બોધ કર્યો છે. ઇન્દ્રિયો ભોગ્ય પદાર્થ વિના રહી શકતી નથી પણ જો આ પદાર્થ પ્રથમ ગુરૂને અર્પણ કરીશું તો તેને માટેનો રાગ સ્વાભાવિક જ નષ્ટ થાય છે. એ જ રીતે કામના, ક્રોધ, લોભ ઇ૦ વૃત્તિઓ પણ પ્રથમ ગુરૂ પ્રત્યે વાળી તેમને જ અર્પણ કરવી જોઇએ. એ પ્રમાણે વર્તવાથી આ સઘળી વૃત્તિઓ જડમૂળમાંથી ઉખેડી નાંખવામાં ભગવાન જ આપણને સહાય કરે છે. કોઈ ચીજનો ઉપયોગ કરતાં અગાઉ, બાબા આપણી પડખે હાજર જ છે એવું માનીએ તો એ ચીજ ઉપયોગ કરવા યોગ્ય છે કે કેમ તે પ્રશ્ન સહજ ઉઠશે. અને પછી ઉપભોગને યોગ્ય જે પદાર્થ નહિ હોય તેનો ત્યાગ કરીશું. એ રીતે આપણી ખરાબ ટેવ તથા આપણા દુર્ગુણ ઘટતા જશે અને આપણું ચારિત્ર્ય સુધરશે પરિણામે ગુરૂ પર પ્રેમ વધશે તથા શુદ્ધ જ્ઞાનની સ્ફુરણા થશે એ જ્ઞાન વૃદ્ધિ પામતાં દેહભાનનું બંધન તુટી જશે અને બુદ્ધિ આત્મભાવમાં લીન થશે. જેથી અંતે આપણને સુખ-સંતોષ લાધશે. તથા ગુરૂ અને ઇશ્વર વચ્ચેનો ભેદ રહેશે નહિ. એ બે વચ્ચે ભેદ જોનારને ઇશ્વર-દર્શન જ થશે નહિ. માટે આવા ભેદના



સર્વ ખ્યાલ છોડી દઈને ગુરૂ તથા ઇશ્વર એક જ છે એમ માનવું. એ રીતે ગુરૂને ગણીને સેવા કરશું તો પ્રભુ આપણા પર જરૂર પ્રસન્ન થશે; અને ચિત્ત શુદ્ધ કરીને આપણને આત્મદર્શન કરાવશે. ટુંકામાં પ્રથમ ગુરૂનું સ્મરણ કર્યા સિવાય કોઈ ઇન્દ્રિય-ભોગ્ય ચીજનો ઉપભોગ કરવો ન જોઇએ. મન એ માર્ગે કેળવાશે ત્યારે આપણે સદા બાબાનું સ્મરણ કરીશું. અને બાબા પરનું ધ્યાન એક દમણું આગળ વધશે. બાબાનું સગુણરૂપ આપણા ચક્ષુની સમીપ જ સદા રહેશે. પછી તો ભક્તિ-વૈરાગ્ય-મોક્ષ બધું અવશ્ય સુલભ થશે. મનચક્ષુ પાસે બાબાનું સ્વરૂપ ખડું થતાં ભૂખ-તરસ-સર્વ સંસાર આપણે ભૂલી જઈશું. સંસારી ચીજો ઉપરનો ભાવ અદ્રશ્ય બની ચિત્તમાં સુખ-શાન્તિ થશે.

**સુદામાની કથા :** ઉપર કહેલી વાત ચાલતી હતી તે વેળા મને સુદામાની આવી જ એક કથા યાદ આવી ગઇ; જે આ સિદ્ધાંતના જ દ્રષ્ટાંતરૂપ હોવાથી અહીં આપું છું.

શ્રીકૃષ્ણ તથા બળરામ, સુદામા નામે એક વિદ્યાર્થી જોડે ગુરૂ સાંદીપનીના આશ્રમમાં રહેતા હતા. એક વાર ગુરૂ માટે લાકડાં વીણીને લાવવા સારૂ કૃષ્ણ-બલરામ વનમાં ગયા. પછી ગુરૂ સાંદી-પનીના પત્નીએ સુદામાને પણ ઇંધણાં લેવા વનમાં મોકલ્યો; તથા ત્રણે જણના નાસ્તા માટે દાળીયા-ચણાની એક પોટલી બાંધી સુદામાને આપી. વનમાં જ્યારે કૃષ્ણ સુદામાને મળ્યા ત્યારે તેમણે કહ્યું, "દાદા, મને તરસ લાગી છે. મારે પાણી પીવું છે." ત્યારે સુદામાએ કહ્યું કે "ભૂખ્યે પેટે પાણી પીવાય નહિ. જરા વાર ધીરજ ધરો-ખમો." પણ પોતે તેમને ખાવાના ચણા લાવેલ છે તે તમે થોડા ખાઓ એમ સુદામાએ કૃષ્ણને કહ્યું નહિ. અહીં કૃષ્ણને તો ખૂબ થાક લાગ્યો હતો. તેથી સુદામાના ખોળામાં માથું મૂકી તે તો સૂતા અને ઉંઘી ગયા. એવું જોઇને સુદામા પેલી ચણાની પોટલી છોડીને પોતે ચણા ખાવા લાગ્યા. એવામાં કૃષ્ણે એકાએક

જાગીને પૂછ્યું, "દાદા, શું ખાઓ છો? આ ચાવવાનો અવાજ ક્યાંથી આવે છે?" સુદામાએ ઉત્તર દીધો, "ખાવાનું શું હોય? ટાઢથી હું તો ધ્રુજું છું. તેને લીધે દાંતની કડકડાટી બોલે છે. ત્રુઓને વિષ્ણુસહસ્રનામ પણ હું ચોકખાં બોલી શકતો નથી." એ સાંભળીને સર્વજ્ઞ પ્રભુ શ્રીકૃષ્ણે કહ્યું, "દાદા, હમણાં જ મને એક સ્વપ્નું આવ્યું; જેમાં બીજાની ચીજને એક માણસ ખાઇ જતો મેં જોયો, અને જ્યારે પેલાએ તેને પૂછ્યું ત્યારે તેણે ઉત્તર દીધો, 'શું ખાય? ખાવાની ધૂળ છે. કંઇએ ખાવાનું નથી.' એટલે પેલાએ કહ્યું 'ભલે, તેમ થાઓ,' દાદા, આ તો માત્ર સ્વપ્નું જ છે. મને ખાત્રી છે કે તમે મને મૂકીને કંઈ ન જ ખાઓ. પણ પેલા તાજા સ્વપ્નને લીધે મેં તમને પૂછ્યું હતું કે શું ખાઓ છો?" શ્રીકૃષ્ણની કે તેની આ લીલાની સુદામાને મુદ્દલ ખબર નહોતી. નહિતર તે આવું કરત નહિ. તેથી તેને આવા વર્તનનું ફળ ભોગવવું પડ્યું. પોતે શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર હતા. છતાં તેનું ગૃહસ્થ-જીવન સાવ દરિદ્ર બન્યું હતું. સુદામાની સ્ત્રીએ મજુરી કરી, મુઠીભરી પૌંવા લાવીને શ્રીકૃષ્ણને ભેટ મોકલ્યા ત્યારે કૃષ્ણ રાજી થયા. અને તેનાં ઘરબાર સુવર્ણનાં બનાવીને તેને ખૂબ સમૃદ્ધિ આપી. બીજાને ચખાડ્યા વિના કોઇ ચીજ એકલા ખાવાની જેમને ટેવ હોય તેમણે આ કથા સદા યાદ રાખવા જેવી છે.

શ્રુતિ પણ આ બોધ પર ભાર મૂકે છે. તે આજ્ઞા કરે છે કે દરેક ચીજ પ્રથમ પ્રભુને અર્પણ કરવી અને પછીજ તેનો ઉપયોગ કરવો. બાબાએ પણ પોતાની મર્માળુ રીતે આ અનોખો બોધ આપ્યો છે.

**અણ્ણા ચિંચણીકર વિ. માવસીબાઈ :** એક વિચિત્ર કજીઆનું સમાધાન બાબાએ કેમ કરાવ્યું હતું તેની રમુજી કથા હવે કહું. દામોદર ઘનશ્યામ બાબરે ઊર્ફે અણ્ણા ચિંચણીકર નામે એક



ભક્ત હતા. તે સાદા, સીધા, બટકબોલા હતા. સૌને સ્પષ્ટ રોકડું પરખાવી દેતા. બહારથી તેમનો સ્વભાવ સખ્ત અને એકપીથીલો દેખાતો હતો, છતાં અંતરથી તે નિષ્કપટી અને ભલા હતા. તેમના પર બાબાનો પ્રેમ હતો. (તેમણે વીલ કરીને પોતાની સઘળી મિલ્કત શીરડી-સંસ્થાનને અર્પણ કરી દીધી છે.) ભક્તો બાબાની સેવા પોતપોતાની રીતે કરતા હતા. એક દહાડો ચિંચણીકર બપોરના ઉભા ઉભા વાંકા વળીને કઠેડા પર ટેકવલો બાબાનો ડાબો પગ દાબતા હતા. વેણુબાઈ કૌજલગી નામે એક ડોશીને બાબા મા કહેતા અને અન્ય સર્વ માસી-માવસીબાઈ કહેતા હતા. આજે એ બાઈ પણ જમણી બાજુ ઉભીને બાબાની સેવા કરતી હતી. માવસીબાઈ બહુ પવિત્ર હૃદયની ડોશી હતી. આજે તે બન્ને હાથે ખૂબ દાબીને બાબાનું પેટ ચોળતાં હતાં. એટલા જોરથી દાબતાં હતાં કે જાણે હમણાં પીઠ તથા પેટ એક થઈ જશે એમ લાગતું હતું. બીજી બાજુ અણ્ણા પગ દાબતા હતા. દાબતાં માવસીબાઈનું મુખ ઉંચુ નીચું થતું હતું. એક વાર એવું બન્યું કે તેનું મુખ અણ્ણાના મોઢાની સાવ નજીક આવી ગયું. એ ડોશી જરા ટીખળી સ્વભાવની હતી, તેથી તે તરત જ બોલી ઉઠી, "અરે, અણ્ણા કેવો ખરાબ માણસ છે? મને બચી ભરવા માગે છે? પળીયાં આવ્યાં અને ઘરડો થયો છે; છતાં મને બચી ભરવા આવતાં શરમાતો નથી?" આ શબ્દો સાંભળીને અણ્ણા ખિજાયો અને બાંયો ચડાવીને બોલ્યા, "હું ઘરડો ખરાબ માણસ છું એવું તું બોલે છે એમ? હું શું સાવ અક્કલ વગરનો મૂરખ છું? કજીયાના મૂળ નાંખનારી તો તું છે. અને મારી જોડે કજીયો કરી રહી છે!" આમ આ બે જણ વચ્ચે જામેલો કજીયો કરી જોઈને ત્યાં ઉભેલા બધા લોકો હસવા લાગ્યા. બાબાને આ બન્ને પર સરખો પ્રેમ હતો. તેથી તેમને શાંત કરવા ઇચ્છતા હતા. એ કામ તેમણે ભારે કુશળતાથી કર્યું. બાબા પ્રેમપૂર્વક બોલ્યા, "અરે અણ્ણા, આવડી બધી નકામી



બૂમો શાનો પાડે છે? પુત્ર પોતાની માતાને બચી ભરે તેમાં ખોટું શું છે? અગર હાનિ શી છે?" બાબાનાં આ શબ્દો સાંભળીને બન્ને જણને સંતોષ થયો. બાબાનું આ ટીખળ સાંભળીને બધા પેટ પકડીને હસવા લાગ્યા.

**ભક્તો પર બાબાનો પ્રેમ :** બાબા ભક્તોને દરેકને પોતપોતાની રીતે સેવા કરવા દેતા હતા. પણ તેમાં બીજાને દખલ કરવા દેતા નહિ. તેનું એક દ્રષ્ટાંત આપું. એક વાર માવસીબાઈ ખુબ જોરથી બાબાનું પેટ ચોળતાં હતાં. બહુ જોરથી પેટ દાબતાં જોઈ ત્યાં ઉભેલા ભક્તોએ કહ્યું, "અરે માતાજી, જરા ધ્યાન રાખીને ધીરેથી ચોળો. આમ તો ક્યાંક બાબાની પાંસળીઓ ભાંગી બેસશો." આ શબ્દો કાને પડતાંજ બાબાએ ઉભા થઇને દંડુકો-સટકો જમીન પર પછાડ્યો. ક્રોધથી તેમની આંખો અંગારા જેવી લાલચોળ બની. તેમની નજીક જવાની કોઇની હિંમત રહી નહિ. પછી બન્ને હાથે પકડીને એ દંડૂકો પોતાના પેટના ખાડામાં ખોસી દીધો અને બીજો છેડો થાંભલા સામે રાખીને પેટ દાબ્યું. એ ત્રણેક ફુટનો દંડુકો આખો જ બાબાના પેટમાં પેસી ગયો હોય એવું લાગ્યું. જેથી લોકોને બ્હીક લાગી કે હમણાં બાબાનું પેટ ચીરાઈ જશે. થાંભલો તો ખસે તેમ નહોતો અને બાબા બળપૂર્વક તેની નજીક નજીક આવતા ગયા. હમણાં દંડુકો બાબાના પેટમાં ઘુસી જશે એમ બધાંને લાગ્યું અને ડરવા લાગ્યા ને ગભરાયા. શું કરવું તે કોઇને સુઝતું નહોતું. બધા મુંગા બની ઉભા હતા. પોતાના ભક્તને ખાતર બાબા જાતે આ કષ્ટ સહન કરતા હતા. બાબાને કશી પીડા ન થાય તે હેતુથી ભક્તોએ માવસીબાઈને જરા ધીમેથી ચોળવાની-સેવા કરવાની સૂચના દીધી હતી. તેમના આ સારા ઇરાદાનું આવું ફળ આવેલું જોઈ સૌ અચંબો પામ્યા. છાનામાના ઉભા રહ્યા સિવાય તેમનાથી કંઈ થઈ શકે તેમ પણ નહોતું. એ પછી સુભાગ્યે બાબાનો ક્રોધ શમ્યો અને સટકો છોડી તે બેઠક



પર આવીને પાછા બેસી ગયા. આ પરથી ભક્તો પાઠ શીખ્યા કે બીજાની વાતમાં કદી માથું મારવું નહિ. બાબાની મરજી પ્રમાણે દરેકને સેવા કરવા દેવી. કેમકે દરેકની સેવાનું મૂલ્ય આંકવા બાબા પોતેજ સમર્થ છે.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રીસાઈસમર્થસચ્ચરિત્રે 'વિનોદ-વિલાસ' નામ ચોવીસમો અધ્યાય સંપૂર્ણ

। શ્રી સદ્ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

## અધ્યાય-૨૫.

### ભક્ત-અભીષ્ટસંપાદન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરૂ-સાઇનાથાય નમઃ ।

**ઉપોદ્‌ઘાત :** શ્રી સાઈબાબાને પ્રણામ કરી આ અધ્યાયનો પ્રારંભ કરીશું. બાબા દયાના સાગર છે. ઈશ્વરના અવતાર છે. મહાન યોગેશ્વર પરબ્રહ્મ છે. સર્વ સંતોના શિરોમણી છે. શ્રીસાઈ સદા વિજયતેતરામ્. બાબા સર્વ મંગળ વસ્તુઓનું સ્થાન છે. ભક્તોના આત્મારામ છે. અને તેમનું શરણું શક્તિવંતું છે. જીવનનું અંતિમ લક્ષ્ય સાધનાર શ્રીબાબાના ચરણમાં આપણે સૌ સાષ્ટાંગ પ્રણામ કરીએ.

શ્રી સાઈબાબા દયાનો ભંડાર છે. સર્વ હૃદયના ભાવથી તેમની ભક્તિ કરવાની છે. જ્યારે દઢ શ્રદ્ધા-ભક્તિ સ્થાપિત થાય છે ત્યારે ભક્તની કામના સત્વર પૂરી થાય છે. શ્રી સાઈબાબા જીવન-લીલા લખવાની મારા મનમાં ઉત્કંઠા જાગી કે તરત જ હું તે લખી શકયો. જેવી નોંધ-ટીપ્પણ લખી લેવાની આજ્ઞા થઈ તેવી જ મને પ્રેરણા સ્ફુરી તથા ગ્રંથ રચી પુરો કરવાની મને બુદ્ધિ-શક્તિ મળી. હું સત્ય કહું છું કે આ ગ્રંથ લખવાની મારામાં કશી યોગ્યતા નથી. પણ કૃપાળુ બાબાના આશીર્વાદથીજ આ સાહસ પુરૂં થઈ શકયું છે. એ રીતે તૈયાર થયેલો આ ગ્રંથ હું વાચકો પાસે મૂકું છું. જે સોમકાંત મણિરૂપ અગર અમૃતના કુંડરૂપ છે, જેમાં સાઈલીલારૂપી અમૃતનું ઝરણું અવિરત ઝરે છે; તે ભક્તોને ધરાઈ ધરાઇને પીવાને માટે જ છે.



જ્યારે જ્યારે ભક્તના હૃદયમાં શ્રીબાબાની સાચી ભક્તિ જાગે છે ત્યારે તેના સર્વ ભય-સંકટ નષ્ટ થાય છે. તથા બાબા તેનું કલ્યાણ જ કરે છે. અહમદનગરના (હાલ પુનાના) દામોદર સાંવળા-રામ રાસને કાસાર ઊર્ફે દામુઅણ્ણાની કથા ઉપર આપેલ સત્યનું જ દ્રષ્ટાંત છે. તે આ નીચે આપું છું.

**દાસુઅણ્ણા :** વાચકોને યાદ હશે કે છઠ્ઠા અધ્યાયમાં શીરડીમાં રામનવમી ઉત્સવની ઉજવણીમાં આ ગૃહસ્થનું નામ આપેલું છે. સને ૧૮૯૫માં રામનવમી ઉત્સવના પ્રારંભમાં તે શીરડી આવ્યા ત્યારથી દર વર્ષ એ શુભ પ્રસંગ માટે પોતાના તરફથી એક ઝરીવાળી ધજા તે મોકલે છે. તેમજ આ પ્રસંગે શીરડીમાં આવેલા સાધુ-ફકીર તેમજ ગરીબોને તેના તરફથી જ ભોજન અપાય છે.

**દામુના સટ્ટા :** (૧) રૂશિ : દામુઅણ્ણાને મુંબઈના એક મિત્રે પત્ર લખ્યો કે આપણે ભાગમાં થોડું રૂના સટ્ટાનું કામકાજ કરીએ તો નફાના આશરે બે લાખ રૂપીયા મળે તેમ છે. (શ્રી. બી. વી. નૃસિંહસ્વામીનો ગ્રંથ ભક્તોના અનુભવ-ભાગ ૨-પાન ૭૫. આ સટ્ટાની દરખાસ્ત એક દલાલે કરેલી અને તે ભાગમાં નહિ પણ સ્વતંત્ર કરવાનો હતો). મિત્રે લખ્યું હતું કે ધંધો સારો છે અને તેમાં કોઈ જાતનું જોખમ નથી. તથા આ તક જવા દેવા જેવી નથી. એથી દામુનું મન ગળવા માંડયું. છતાં આ સાહસનો નિર્ણય તે સત્વર કરી શકયો નહિ. પોતે બાબાનો ભક્ત હતો તેથી બધી વિગત સાથે એક પત્ર શીરડી શામા પર લખી બાબાને પૂછવા જણાવ્યું. બીજે દહાડે શામાને તે કાગળ મળ્યો. અને શામાએ બપોરે મસીદમાં આવી તે કાગળ બાબાના ચરણમાં મૂક્યો. એ કાગળ શેનો છે એમ બાબાએ શામાને પૂછયું ત્યારે તેણે કહ્યું કે "નગરના દામુઅણ્ણાએ એક બાબત આપની સલાહ માગી છે." ત્યારે બાબા બોલ્યા : "એ શું લખે છે? વળી નવું શું કરવા માગે છે? આકાશમાં બાચકા ભરતો લાગે છે. ઈશ્વરે જેટલું આપ્યું છે



તેટલાથી તેને સંતોષ નથી. ઠીક છે. એ કાગળ વાંચવા જોઇએ. ત્યારે શામાએ કહ્યું કે "આપે હમણાં કહ્યું એજ હકીકતનો પત્ર છે. દેવ, આપ તો અહિં બેઠા છો. ઉંચા નીચા થનાર ભક્તોને આપ અહીં ખેંચી લાવો છો. આપને આ કાગળમાં લખેલી વાતની ખબર છે. તો પછી વાંચવાનું મને કેમ ફરમાવો છો?" છતાં બાબાએ કહ્યું, "શામા, તું કાગળ તો વાંચ. હું તો ફાવે તેવું બોલું છું. મારૂં કોણ માને છે?"

એ પછી શામાએ એ કાગળ વાંચ્યો. બાબાએ ધ્યાનથી તે સાંભળ્યો; ને પછી બોલ્યા, "શેઠ (દામુ) ગાંડો થઇ ગયો લાગે છે. તેને ઉત્તર લખ કે ઘરમાં કોઇ ચીજની કમી નથી. મળે છે તેટલા અરધા રોટલામાં સંતોષ માન. લાખ પાછળ દોડવું નથી." અને શામાએ તેને ઉત્તર લખી મોકલ્યો. દામુ તો ઉત્તરની રાહ જોતોજ બેઠો હતો. પણ ઉત્તર વાંચતાં લાખોના નફાની આશાના મિનારા જમીનદોસ્ત થયેલા લાગ્યા. અને એમ પણ લાગ્યું કે મેં બાબાની સલાહ લેવામાં ભૂલ કરી છે. વળી શામાના પત્રમાં પણ એવું સૂચન હતું કે સાંભળવામાં ને નજરે જોવામાં ફેર છે. માટે તમે શીરડી આવી બાબાનાં દર્શન કરી રૂબરૂ પૂછી જાવ.' તેથી શીરડી જઈ બાબાની રૂબરૂ સલાહ લેવી તેને ઠીક લાગી. તેથી તે શીરડી આવ્યો અને બાબાનાં દર્શન કરી સાષ્ટાંગ પ્રણામ કર્યાં તથા ચરણ દાબવા બેઠો. સટ્ટાની વાત બાબા આગળ કરવાની તેની હિંમત ચાલી નહિ. તેથી તેણે ત્યાંજ મનમાં સંકલ્પ કર્યો કે આ સટ્ટામાં હું બાબાનો થોડો ભાગ રાખું તો ઠીક. તો બાબા મને સહાય કરશે અને હાંસલનો ભાગ હું બાબાના ચરણે ધરીશ. આવા વિચાર તેના અંતરમાં ઘોળાતા હતા. પણ બાબાથી કશું છાનું નહોતું. તેમની સામે તો ભૂત-વર્તમાન-ભવિષ્ય હસ્તામલકવત્ સ્પષ્ટ હતાં. બાળક મિઠાઇ માગે છે છતાં મા તો તેને કડવી ગોળી





જ દે છે. મિઠાઇથી બાળક માંદું પડે ત્યારે માને જ તેને સાજું કરવું પડે છે. તેથી જ બાળકનું હિત જોઇને મા તેને ફોસલાવીને કડવી ગોળી ખવડાવે છે. આવી દયાળુ માતા જેવા બાબા હતા. ભક્તોનું ભાવી હીત શેમાં છે તેની બાબાને ખબર હતી. તેથી દામુનું અંતર વાંચીને બાબા બોલ્યા : "બાપુ, આપણે આવા હાંસલની વાતમાં પડતાં નથી." આમ બાબાની નામરજી જોઇ, દામુએ એ સાહસ છોડી દીધું.

**દામુ : (૨) અનાજનો વેપાર :** એ પછી દામુએ ઘઉં, ચોખા ને બીજા અનાજનો વેપાર કરવાનો વિચાર કર્યો. બાબા તેના મનની આ વાત પણ જાણી ગયા. અને તેને કહ્યું, "રૂપીયાની પાંચ શેરની ખરીદીનું અનાજ રૂપીયાનું સાત શેર તારે વેચવું પડશે." એથી એ વેપારનો વિચાર પણ તેણે માંડી વાળ્યો. કેટલાક દહાડા તો અનાજના ભાવ ઉંચા રહ્યા અને બાબાની આગાહી ખોટી પાડતા લાગ્યા. પણ એકાદ માસમાં જ પુષ્કળ વરસાદ થયો અને ભાવ એકદમ નીચે બેસી ગયા. તેથી અનાજ સંગ્રહીને બેઠેલા વેપારીઓ ભારે ખોટમાં ઉતરી પડ્યા. પણ દામુ આમાંથી બચી ગયો. પેલો રૂનો સટ્ટો પેલા મિત્રે બીજાના ભાગમાં કર્યો હતો, તે પણ ભારે નુકસાનીમાં સપડાઈ ગયો. આમ બાબાએ દામુને રૂના સટ્ટાની નુકસાનીમાંથી તેમજ અનાજના વેપારની ખોટમાંથી બચાવી લીધો. એથી દામુની શ્રદ્ધા વધુ દઢ થઈ અને તે દિવસથી બાબાનો સાચો ભક્ત બન્યો, અને છેવટ સુધી પણ તે બાબાનો પરમ ભક્ત હતો.

**આમ્રલીલા :** એક વાર પચીસ ડઝન મીઠી હાફુસ કેરીનું પાર્સલ શીરડી આવ્યું. રાળે નામે મામલતદારે તે ગોવાથી શામાના નામે બાબા પર મોકલ્યું હતું. પાર્સલ ખોલ્યું. કેરી સરસ હતી. બાબાએ શામાને એ સાચવવા આપી. તેમાંથી માત્ર ચાર કેરી બાબા એક કોલંબ (માટલી)માં મૂકીને બોલ્યા, "આ ચાર કેરી દામુઅણ્ણા માટે ભલે અહીં પડી."

દામુઅણ્ણાને ત્રણ સ્ત્રીઓ હતી (નૃસિંહસ્વામીના લેખ મુજબ બેજ સ્ત્રીઓ હતી.) પણ એકેને સંતાન નહોતું. પોતે જોશીઓ પાસે ભવિષ્ય જોવડાવ્યું અને પોતે પણ જ્યોતિષનો અભ્યાસ કરીને જોયું. પણ તેના સંતતિસ્થાનમાં પાપગ્રહ હોવાથી જીંદગીમાં સંતાનનો યોગજ નહોતો. પણ તેને બાબા પર પૂર્ણ શ્રદ્ધા હતી. પેલું કેરીનું પાર્સલ આવ્યા પછી બે કલાક બાદ તે શીરડી આવ્યો ત્યારે બાબાએ તેને કહ્યું, "ભલે બીજા લોકો કેરી માટે તાકી રહે. પણ આ તો દામુઅણ્ણા, તારી છે. તું તે ખા અને મર" દામુને આ શબ્દો સાંભળી આઘાત લાગ્યો. પણ ભક્ત મહાળસાપતિએ સમજાવ્યું કે "મોત એટલે તો અહંત્વનું મોત સમજવાનું છે. બાબાના ચરણમાં બેસી મોત આવે તે પણ આશીર્વાદસમાન છે. માટે આ ફળનો સ્વીકાર કરીને તે ખાઈ જાવ." ત્યારે બાબાએ કહ્યું, "આ કેરીઓ તારે ખાવાની નથી. તારી નવી બૈરીને તે આપજે. આ ચાર કેરીની આમ્રલીલા વડે તને ચાર પુત્રો થશે." દામુએ તે મુજબ કર્યું. અને થોડાજ સમયમાં બાબાનાં વચનો સાચા પડ્યાં અને જોશીઓના ખોટા ઠર્યા.

બાબા હૈયાત હતા ત્યારે તેમના વચનની મહત્તા ભારે હતી. તેઓએ મહાસમાધિ લીધા પછી પણ એ મહત્તા હજુ એવીજ સબળ છે. બાબાએ કહેલું, 'શ્રદ્ધા રાખજો મારો દેહ પડી ગયા પછી પણ મારી સમાધિમાંથી મારાં હાડકાં તમારામાં આશા-વિશ્વાસ પ્રેરશે. હું પોતે નહિ, પણ મારી સમાધિ બોલશે-હાલશે ચાલશે અને મારૂં સાચું શરણ પકડનારની જોડે વાતો પણ કરશે. મારાં હાડકાં તમારા કલ્યાણની વાતો તથા વિવેચન કરતાં તમે સાંભળશો. મને સદા યાદ કરજો, મારામાં શુદ્ધ અંતઃકરણથી શ્રદ્ધા રાખશો તો તમારૂં અવશ્ય ભલું-કલ્યાણ જ થશે."

**પ્રાર્થના** : એક પ્રાર્થના કરીને આ અધ્યાય સમાપ્ત કરીએ :-



હે સાઈ સદ્ગુરૂ, હે ભક્તના કલ્પતરૂ, અમે આપને પ્રાર્થના કરીએ છીએ. આપના ચરણનું કદી વિસ્મરણ ન થાય એવી બુદ્ધિ અમને દેજો. આ સંસારના જન્મ-મરણના ફેરાથી અમે થાક્યા છીએ માટે અમને મુક્ત કરો. અમારી ઇન્દ્રિયો સંયમી બને, અમારી વૃત્તિ અંતર્મુખ વળે અને અમે આત્મદર્શન પામીએ! પુત્ર-સ્ત્રી-મિત્ર કે કોઈ કશા કામનાં નથી. એકલા આપ જ અમને આનંદપ્રદ મુક્તિ-દાતા છો. અમારી વિષયવિહારી દુષ્ટ વૃત્તિ નષ્ટ કરજો. સર્વ ભૂલીને અમે સદા આપનું નામસ્મરણ કરીએ! ચંચળતા દૂર કરી અમારો હાથ પકડજો અને અહંત્વ તથા અજ્ઞાનને નષ્ટ કરજો. આપની લીલાનું અમૃત પાઈ અમને ઉંઘમાંથી જગાડ્યા છે તે પૂર્વજન્મના પુણ્ય તથા આપની કૃપાનું જ ફળ છે.

**ના. ક.** : આ વિષે દામુનો પોતાનો ઉપરોક્ત હકીકત અંગે નીચેનો ફકરો વાંચવા સરખો છે. "એક વાર હું જ્યારે બીજા જોડે મસીદમાં બાબાના ચરણ પાસે બેઠો હતો ત્યારે મારા મનમાં બે પ્રશ્ન ઉઠેલ અને એ બંનેના ઉત્તરો સ્વયં બાબાએ આપ્યા હતા: (૧) બાબા પાસે ટોળાબંધ લોકો આવે છે તે સૌને લાભ મળતો હશે ખરો? આના ઉત્તરમાં બાબાએ કહેલું: 'પેલો ફૂલ તેમજ મોર આવેલો આંબો જુઓ. એ સર્વ ફૂલ તથા સર્વ મોરને ફળ બેસે તો કેટલો ભારે પાક ઉતરે? પણ કંઈ બધાને ફળ બેસે છે? ઘણા તો ફુલરૂપે કે નાની કાચી કેરીરૂપે જ પવનથી કે વર્ષાની ઝડીથી ખરી પડે છે. પછી આંબા પર કેરીઓ તો થોડીજ રહે છે.' (૨) બીજો પ્રશ્ન મારા પોતાને વિષે હતો. બાબા ગુજરી જશે તો મારૂં શું થશે? મારી કેવી નિરાધાર સ્થિતિ થશે? તેનો ઉત્તર બાબાએ આપેલો 'જ્યારે જ્યારે જે જે સ્થળે તું મારૂં ચિંતન કરીશ ત્યારે ને ત્યાં હું હાજર રહીશ.' આ વચન સને ૧૯૧૮ પછી પણ બાબા પાળતા આવ્યા છે. હજુ પણ તે મારા સાથેજ છે ને મને દોરી રહ્યા છે.... જ્યારે મારી બહેન ગુજરી ગઈ ત્યારે મારૂં મન બહુ ઉદ્વિગ્ન થયું.



જીવન કે સુખોપભોગની રૂચિજ ઉડી ગઈ. ત્યારે બાબાએ મને ઉપદેશ આપી શાંત કર્યો હતો. એક વાર મારા ઘરમાં ખાતર પડ્યું; જેમાં મારો એક ત્રીશ વર્ષનો જુનો મિત્રજ મારી સ્ત્રીના દાગીનાની પેટી ચોરી ગયો. તેમાં નાકની મંગળ નથ પણ હતી. બાબાના ફોટા પાસે બેસી હું ખૂબ રોયો. એજ દહાડે સાંજે પેલો માણસ દાગીનાની પેટી પાછી આપી ગયો અને મારી માફી માગી."

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'ભક્ત-અભીષ્ટસંપાદન' નામ પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ

। શ્રી સદ્ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।




http://suratiundhiyu.wordpress.com/

## અધ્યાય-૨૬.

### શ્રી ગુરૂપદ-સ્થિરીકરણ.



શ્રી ગણેશાય નમ : । શ્રી સરસ્વત્યૈ નમ : । શ્રી ગુરૂભ્યો નમ : । શ્રી કુલદેવતાયૈ નમ : । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ : । શ્રી સદ્‌ગુરૂ-સાઈનાથાય નમ : ।

**ઉપોદ્‌ઘાત :** આ વિશ્વમાં નજરે પડતા સર્વ પદાર્થ ભગવાનની સર્જકશક્તિ-માયાના જ છે. સત્ય વસ્તુ તો એક ઈશ્વર જ છે. અંધારામાં જેમ દોરીને કે ફુલહારને સાપ માની લઈએ છીએ, તેવું જ આ પણ છે. વસ્તુનો બાહ્ય દેખાવ જોઈને તેને તેવી માની બેસીએ છીએ. પણ એ દૃશ્યમાન પદાર્થની અંદર રહેલો ભાવ આપણે જોઈ શકતા નથી. સદ્‌ગુરૂ જ આપણી અંતરની આંખ ઉઘાડી વસ્તુનું સત્ય સ્વરૂપ બતાવે છે. તેથી ચાલો આપણે સદ્-ગુરૂનું પૂજન કરીએ. તથા આપણને ઈશ્વરદર્શન થાય તે સારૂ તેમની સ્તુતિ કરીએ.

**આંતરિક પૂજન :** અહીં પૂજનનો એક નવીન પ્રકાર આપું. સદ્‌ગુરૂનાં ચરણ ધોવા સારૂ ચાલો આપણે હર્ષાશ્રુરૂપ ઉષ્ણોદક વાપરીએ; તેમના દેહ પર પવિત્ર પ્રેમરૂપ લેપ કરીએ. તેમને અંગે સત્ય શ્રદ્ધારૂપ વસ્ત્ર ધરીએ, અષ્ટ સાત્વિક ભાવનારૂપ અષ્ટકમળની માળા તેમને અર્પીએ; તથા ધ્યાનમનનરૂપ ફળ તેમને અર્પણ કરીએ. ભક્તિરૂપ સુગંધિત કાજળ તેમના મસ્તકે લગાડીએ અને પ્રેમરૂપ કંદોરો અર્પીને ચાલો આપણે તેમના ચરણના અંગુઠા પર મસ્તક મૂકીએ.



આવા અમૂલ્ય પદાર્થો વડે સદ્‌ગુરૂનું પૂજન કરી, આપણું સર્વસ્વ તેમને અર્પણ કરી તેમને ભક્તિરૂપ અમર ઢોળીએ. આવાં સુખદ પૂજન પછી ચાલો આપણે સ્તુતિ કરીએ : હે સાઈનાથ! અમારાં મન અંતર્મુખ કરો. સત્યાસત્યના ભેદ પારખવાનો વિવેક અમારામાં જાગૃત કરો. અમને આત્મદર્શનની શક્તિ આપો. અમારા દેહ તથા આત્મા આપનાં જ છે. સુખ-દુ:ખ સમ કરી જાણીએ એવી દૃષ્ટિ આપ અમને આપજો. અમારા દેહ તથા મન આપના ચરણમાં શાન્તિ પામો!

હવે આ અધ્યાયની કથા વર્ણવીએ.

**ભક્ત પંત :** એક વાર શ્રી પંત નામે એક અન્ય સદ્‌ગુરૂના શિષ્ય શીરડી આવ્યા. તેની શીરડી આવવાની ઈચ્છા નહોતી. પણ મનુષ્ય એક રસ્તે પ્રયત્ન કરે છે, તો ઈશ્વર તેને બીજે માર્ગે જ ફળ દે છે. તે બી. બી. સી. આઈ. રેલ્વેમાં જતા હતા; એવામાં શીરડી જતા તેમના સગાસંબંધી મિત્રો તેને મળ્યા. એ સૌએ તેને શીરડી આવવા આગ્રહ કર્યો. પંત ના પાડી શક્યા નહિ. વીરાર ઉતરી પડી પોતાના સદ્‌ગુરૂની રજા લીધી. અને ખર્ચની સગવડ કરી એ મંડળ જોડે શીરડી ઉપડયા. શીરડી પહોંચી સવારે અગ્યાર વાગે મસીદમાં આવ્યા. પૂજન કરવા ભેગા થયેલા ભક્તોની વાતો સાંભળી તે બહુ રાજી થયા. એવામાં પંતને એકાએક તમ્મર આવ્યાં અને તે બેભાન બની ગયા. સૌએ તેને ભાનમાં લાવવા ઘણા પ્રયત્ન કર્યા. માથા પર ઠંડા પાણીના ઘડા રેડયા પછી બાબાની કૃપાથી તે ભાનમાં આવ્યા. ઉંઘમાંથી જાગ્યા હોય તેમ બેઠા થયા. તે કોઈ બીજા ગુરૂના શિષ્ય છે એ વાત સર્વજ્ઞ સાઈબાબાએ જાણી અને તેને નિર્ભય બનવાની ખાત્રી આપી. તેના ગુરૂપરની શ્રદ્ધા દૃઢ કરતાં બાબા બોલ્યા, "ગમે તે સંકટ આવે તો પણ તારા આધાર-ગુરૂને કદી છોડીશ નહિ. સદા દૃઢ રહી તેમની જોડે એકત્વ સાધવું." પંત આ વચનોનો અર્થ તરત સમજી ગયા. બાબાએ તેના



સદ્‌ગુરૂનું સ્મરણ કરાવ્યું હતું. બાબાની આ કૃપા પંત જીવનભર ભૂલ્યા નથી.

**હરિશ્ચંદ્ર પિતળે :** મુંબઈમાં હરિશ્ચંદ્ર પિતળે નામે એક ગૃહસ્થના પુત્રને વાઈ-ફેફરાનો રોગ થયો હતો. વૈદ્ય-ડાક્તરોની ઘણી દવા કરી પણ રોગ મટ્યો નહિ. હવે સંત-શરણનો એક જ ઉપાય બાકી હતો. અગાઉ કહ્યું છે તેમ દાસગણુએ રસાળ કીર્તનો વડે બાબાની કીર્તિ મુંબઈ ઈલાકામાં પ્રસારી હતી. શ્રી. પિતળેએ આ કીર્તન સને ૧૯૧૦માં સાંભળ્યા હતા, તેમજ બાબાની વાર્તા અન્ય લોકો પાસેથી પણ જાણી હતી કે બાબા ઘણા અસાધ્ય રોગ સ્પર્શથી અગર દૃષ્ટિમાત્રથી મટાડે છે. એથી તેના મનમાં બાબાના દર્શન કરવાની ઈચ્છા થઈ. બધી તૈયારી કરી ફળ-ફુલના કંડીયા તથા પ્રસાદ-ભેટ સાથે લઈ તે સ્ત્રીકુટુંબ સહ શીરડી આવ્યા. સર્વને લઈ મસીદમાં આવી બાબાને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. અને માંદા પુત્રને બાબાના ચરણમાં ધર્યો. જેવી એ બાળક પર બાબાની દૃષ્ટિ પડી કે તરતજ તેની આંખો ચકળવકળ થઈને તે બેભાન બની પડી ગયો. અને તેના મોંમાંથી ફીણ નીકળવા મંડ્યા તથા આખું શરીર પસીને રેબઝેબ થઈ ગયું. તે જાણે છેલ્લા શ્વાસ લેતો હોય એવું લાગ્યું. એ જોઈને તેનાં માબાપ દીલગીર થઈ ધ્રુજવા લાગ્યાં. છોકરાને આવા વાઈના હુમલા ઘણી વાર આવતા પણ આજ તો એ હુમલો દીર્ઘકાળ ટક્યો હોય એમ લાગ્યું. તેની માની આંખમાંથી આંસુની અવિરત ધારા વહેવા લાગી અને તે વિલાપ કરી રડવા લાગી કે 'ડાકુથી ડરીને અમે મજબુત મકાનનો પાકો આશ્રય લીધો તો એ મકાન જ અમારા માથે પડ્યું; વાઘથી બીધેલી ગાય જેમ કસાઈના ઘેર દોડી જાય તેવું મારે થયું; મંદિરમાં પૂજન કરવા જતા ભક્તના ઉપર જેમ મંદિર ધસી પડે તેના જેવું મારે થયું.' આવો વિલાપ સાંભળી બાબાએ તેને દિલાસો દેતાં કહ્યું, "બાઈ, તું આમ વિલાપ કર મા. જરા રાહ જુઓ.



ધીરજ રાખ. છોકરાને તારા ઉતારા પર લઈ જા. અરધા કલાકમાં તે શુદ્ધિમાં આવશે." બાબાની આજ્ઞા મુજબ તેને ઉતારે લઈ ગયા. બાબાના વચન સાચાં ઠર્યાં. છોકરાને વાડામાં લઈ ગયા પછી તે શુદ્ધિમાં આવ્યો. આખું પિતળે કુટુંબ રાજી થયું, તેમની શંકા નિર્મૂળ બની. પછી પત્ની સાથે પિતળે બાબાના દર્શને આવ્યા અને સાષ્ટાંગ પ્રણામ કરી માન-પ્રેમથી બાબાના પગ દાબવા લાગ્યા. અને આ કૃપા માટે બાબાનો ઉપકાર માન્યો. ત્યારે હસતાં હસતાં બાબા બોલ્યા : "હવે તમારી ચિંતા-શંકા-બ્હીક સર્વ નિર્મૂળ થયું? જેનામાં શ્રદ્ધા તથા સબુરી છે તેને શ્રી હરિ સહાય કરે છે." પિતળે ધનવાન શ્રીમંત ગૃહસ્થ હતા. તેણે મોટા પાયા પર મીઠાઈ વહેંચી અને બાબાને ઉત્તમ ફળો ધરાવી પાન બીડાં અર્પણ કર્યાં. શ્રીમતી પિતળે પણ બહુ સાત્વિક, સાદાં, પ્રેમાળ, શ્રદ્ધાળુ બાઈ હતાં. તેની આંખમાંથી આંસુ વહેતાં હતાં. બાબા સામે નજર કરી થાંભલી પાસે તે બેસતાં. તેમનો પ્રેમાળ આનંદી સ્વભાવ જોઈ બાબા રાજી થઈ ગયા હતા. સર્વભાવે શરણ સ્વીકારી પૂજન કરનાર ભક્તો જ સંતોનું અવલંબન છે. પિતળે કુટુંબ થોડા દિવસ બાબાના સત્સંગમાં આનંદમાં ગાળી બાબાની રજા લેવા મસીદમાં આવ્યું ત્યારે બાબાએ તેમને ઉદી આપીને આશીર્વાદ દીધા. અને પિતળેને પાસે બોલાવીને બાબાએ કહ્યું, "જુઓ ભાઈ, મેં તને અગાઉ બે રૂપીયા આપ્યા છે. આજે હું તને ત્રણ રૂપીયા આપું છું. તારા પૂજાના સ્થાનમાં તે રાખજે. તેથી તને લાભ થશે." એમ કહી બાબાએ તેને ત્રણ રૂપીયા આપ્યા. પિતળેએ પ્રસાદ તરીકે તે લીધા અને પુન: બાબાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી આશીર્વાદ આપવા સ્તુતિ કરી. એ વખતે તેના મનમાં એ શંકા થઈ કે હું તો આ પહેલી જ વાર શીરડી આવું છું. તો બાબાએ મને બે રૂપીયા અગાઉ ક્યારે આપેલા તે હું સમજી શક્યો નહિ. તેના આ ભેદના ઉકેલની તેને ઉત્કંઠા થઈ, પણ બાબા તો શાંત જ રહ્યા.

પછી જ્યારે પિતળે મુંબઈ આવ્યા ત્યારે બધી વાત પોતાની વૃદ્ધ માતા પાસે વર્ણવી બતાવી. મા પણ પ્રથમ તો આ ભેદ સમજી શક્યાં નહિ. પણ તે પર ગંભીર વિચાર કરતાં એક જુનો બનાવ તેને યાદ આવ્યો. અને આ ભેદનો ખુલાસો મળી આવ્યો. માતાએ કહ્યું, "જેમ તું હાલ આ તારા પુત્રને લઈને સાઈબાબા પાસે ગયો હતો તેમજ ઘણા વર્ષ પૂર્વે તને લઈને તારા પિતા અક્કલકોટ મહારાજના દર્શને ગયા હતા. એ મહારાજ પણ સર્વજ્ઞ, ઉદાર, સંપૂર્ણ સિદ્ધ પુરૂષ હતા. તારા પિતા પવિત્ર ભક્ત હતા. તેથી તેમણે તેની પૂજા સ્વીકારી હતી. એ વેળા પૂજનના સ્થળે રાખવા ને પૂજા કરવા સારૂ તેમણે તારા પિતાને બે રૂપીયા આપ્યા હતા. તારા પિતાએ તેનું પૂજન અંતકાળ સુધી કર્યું હતું. પણ એ પછી પૂજન ભૂલાઈ ગયું અને એ બે રૂપિયા પણ ખોવાઈ ગયા અને તેનું સાવ વિસ્મરણ જ થઈ ગયું. તું ભાગ્યશાળી છે. તેથી તારો ધર્મ તથા પૂજન યાદ દેવડાવી તારા ભય નિવારવા અક્કલકોટ મહારાજ સાઈબાબારૂપે પ્રગટ થયા છે. માટે હવેથી ચેતજે. તારી સર્વ શંકા-દુર્વિચાર છોડી દેજે. તારા પૂર્વજોને પગલે ચાલજે અને સત્યનો માર્ગ પકડજે. કુળદેવતા તેમજ આ રૂપીયાનું પૂજન કરજે-બરાબર સ્તુતિ કરજે. અને સંતોના આશીર્વાદ મેળવવામાં ગર્વ લેજે. સાઈ સમર્થે કૃપા કરીને તારામાં ભક્તિભાવ સ્ફુરાવ્યો છે, તે વધારીને તેનો લાભ લેજે." પોતાનાં વૃદ્ધ માજીની આ સર્વ વાત સાંભળી શ્રી પિતળે બહુ રાજી થયા. શ્રી બાબાના દર્શનનું મહત્વ તથા સર્વવ્યાપકત્વની તેને પુરી ખાત્રી થઈ. એ પછી પોતે કાળજીથી નિત્ય માતાનો બોધ યાદ રાખી બાબાની ભક્તિ કરતા હતા.

**શ્રી આંબેડકર :** શ્રી. પુનાના ગોપાળ નારાયણ આંબેડકર બાબાના ભક્ત હતા. થાણા જીલ્લામાં તેમજ જાવરા રાજ્યમાં આબકારી ખાતામાં દસ વર્ષ નોકરી કરી ત્યાંથી તે નિવૃત્ત થયા



હતા. પછી બીજી નોકરી માટે પણ ઘણા પ્રયત્ન કરી જોયા. પણ નિષ્ફળ ગયા. કેટલીક આફત પણ માથે આવી અને સ્થિતિ બહુ ખરાબ થઇ ગઈ. એ સ્થિતિમાં તેણે સાત વર્ષ કાઢ્યાં. દર વર્ષે શીરડી જઈ પોતે બાબા પાસે ફર્યાદ કરતા. અને ૧૯૧૬ માં તો સ્થિતિ એવી કઢંગી બની કે શીરડીમાં જ આપઘાત કરવાનો તેણે નિશ્ચય કર્યો. પોતે રાત્રે દીક્ષિતના વાડા પાસે ગાડા પર બેઠા હતા ત્યારેજ નજીકના કૂવામાં પડી જીવનનો અંત લાવવા તેણે નક્કી કર્યું. તેની તો આ ઇચ્છા થઈ, પણ બાબાની મરજી કંઈક બીજી જ હતી. ત્યાંથી થોડે દૂર એક દુકાન ભક્ત સગુણ મેરૂ નાયકની હતી. ઘરમાંથી બહાર નીકળી સગુણે તેને બોલાવીને કહ્યું, "તમે અક્કલકોટ મહારાજનું આ ચરિત્ર વાંચ્યું છે?" એ સાંભળી પુસ્તક લઈ આંબેડકરે એ પુસ્તક વાંચવાં માંડ્યું. ઉઘાડતાં જ તેમાં એક વાત આપેલી જોઈ; જેમાં એક ભક્ત અસાધ્ય રોગથી પીડાતો હતો અને દુઃખ સહન થતું નહોતું. તેથી છેલ્લે પાટલે બેસી રાત્રે કૂવામાં પડી આપઘાત કરી દુઃખનો અંત લાવવા તે તૈયાર થયો. એવામાં અક્કલકોટ મહારાજ ત્યાં આવ્યા અને બન્ને હાથથી ભક્તને પકડીને બોધ આપ્યો : "જુઓ ભાઈ, તારા પૂર્વજન્મના કર્મનાં સારાં કે માઠાં ફળ તારે જ ભોગવવાનાં છે. એ સર્વ તું પુરેપુરાં ભોગવી નહિ છૂટ, ત્યાં લગી આ આપઘાતથી પણ કંઈ વળવાનું નથી. તારે બીજો જન્મ લેવો પડશે અને ત્યારે પણ એ ફળ તો ભોગવવાં જ પડશે. માટે આમ આપઘાત કરવાને બદલે થોડો વખત આ પીડા શા માટે ભોગવી લેતો નથી? તારા ગત-જન્મોનું સંચિત પુરૂં થઈ રહેશે. અને પછી તારે કશુંજ ભોગવવાનું બાકી નહિ રહે!"

આ પવિત્ર બોધ બરાબર એ જ ઘડીયે વાંચતાં આંબેડકરને ભારે આશ્ચર્ય થયું અને આંખ ભીની થઈ. આ વાર્તા દ્વારા બાબાએ જ તેને જાણે આ બોધ આપ્યો હોય તેવું લાગ્યું. બાબાનું



આવી સર્વવ્યાપકતા તથા કલ્યાણભાવના જોઇને તેની બાબાપરની શ્રદ્ધા દૃઢ થઇ. તેના પિતા અક્કલકોટ મહારાજના શિષ્ય હતા. શ્રીસાઇબાબા તેને પિતાને પગલે ચાલી ભક્તિ ચાલુ રખાવવા માગતા હતા. ત્યારબાદ સાઇબાબાના આશીર્વાદથી તેની સ્થિતિ સુધારવા મંડી. જ્યોતિષનો અભ્યાસ કરી તેમાં પારંગત થયા, જેથી પૈસા પણ સારા કમાયા. આવી રીતે તેમનું પાછલું જીવન સુખશાન્તિમાં ગાળી શક્યા. આ સર્વ બાબાની કૃપાવડે જ બન્યું હતું.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રીસાઇસમર્થ સમગ્ર ચરિત્રે 'શ્રી ગુરૂપદ-સ્થિરીકરણ' નામ છવ્વીસમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્ગુરૂસાઇનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।




"suratiundhiyu"- http://vipuldesai.ning.com

http://suratiundhiyu.wordpress.com/

(205)

# અધ્યાય – ૨૭.

## પોથીદાન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઈનાથાય નમઃ ।

શ્રી સાઈબાબા ભક્તોના ધર્મગ્રંથને સ્પર્શ વડે પાવન કરી વાચન–પારાયણ સારૂ પાછા આપી કેવી કૃપા દર્શાવતા હતા તે કથાનું વર્ણન આ અધ્યાયમાં છે.

**ઉપોદ્ઘાત :** ભાવથી સમુદ્રસ્નાન કરનાર માનવીને સર્વ તીર્થ તથા નદીઓમાં સ્નાન કર્યાનું પુણ્ય મળે છે. એ મુજબ સદ્ગુરૂના ચરણનો આશ્રય લેનારને બ્રહ્મા–વિષ્ણુ–મહેશ એ ત્રણે દેવ તથા પરબ્રહ્મને નમસ્કાર કર્યાનું પુણ્ય હાંસલ થાય છે. કલ્પવૃક્ષસમ, જ્ઞાનના સાગર, આત્મસાક્ષાત્કાર કરાવનાર શ્રી સાઈનો સદા વિજય હજો ! હે સાઈ ! આપની કથા પર અમારો પ્રેમ હજો ! મેઘની પાસેથી મળેલા જળને પીતાં ચાતકને જેવો આનંદ થાય છે તેવો જ આનંદ શ્રી બાબાની લીલા–કથાના સૌ વકતા શ્રોતાને થજો ! હે સાઈબાબા ! આપની કથા શ્રવણ કરનારમાં તેમજ અમારા સૌ કુટુંબીજનોમાં સાત્વિક ભાવ જાગજો, દેહ પસીનાથી ભીંજાજો ! આંખમાં હર્ષાશ્રુ આવજો, રોમાંચ થજો, આક્રંદ થઈ રડતા તથા મુંજતાં પ્રાણ સ્થિર થજો, ચિત્ત શાંત થજો, નાના મોટા સર્વ ભેદ તથા દુશ્મનાવટ નષ્ટ થજો. આ સર્વ ગુરૂકૃપાનાં જ ચિન્હ છે. આવા ભાવ તમારામાં જાગે ત્યારે ચોક્કસ માનજો કે તમારા પર ગુરૂ પ્રસન્ન થયા છે અને આત્મદર્શનના માર્ગે દોરી રહ્યા છે. તેથી જ



માયાના બંધનમાંથી છૂટવાનો શ્રેષ્ઠ માર્ગ બાબાનું સર્વભાવે સંપૂર્ણ શરણ પકડવામાં જ છે. વેદ પણ તમને માયાના સાગરની પાર લઈ શકે તેમ નથી. એ વસ્તુ તો માત્ર સદ્ગુરૂ જ કરી શકે તેમ છે. પ્રાણીમાત્રમાં ઈશ્વર–દર્શન પણ સદ્ગુરૂ જ કરાવશે.

**પાવન કરેલ પુસ્તક દાન :** શ્રી બાબાએ આપેલ વિવિધ ઉપદેશનું વર્ણન અગાઉના અધ્યાયમાં આપ્યું છે. હવે અહીં આપણે એક વધુ પ્રકાર જોઈએ. કેટલાક ભક્તો જે ગ્રંથનો અભ્યાસ કરવા ઈચ્છતા તે ગ્રંથ બાબાના હાથમાં આપી સ્પર્શ વડે પાવન કરાવ્યા પછી વાંચન શરૂ કરવાથી અભ્યાસ સફળ થશે એવું માનતા હતા. આવા પાવન કરેલા ગ્રંથ નિત્ય વાંચતાં જાણે બાબા જ ત્યાં હાજર હોય એમ લાગતું. એક વાર કાકા મહાજની એકનાથી ભાગવતની પ્રત શીરડી લાવ્યા. શામાએ એ ગ્રંથ વાંચવા લીધો અને સાથે લઈ મસીદમાં આવ્યા. બાબાએ તેની પાસેથી ગ્રંથ લઈ તેનાં પાનાં આમ તેમ ફેરવી સ્પર્શ કરીને શામાને પાછો આપી કહ્યું, "તું આ ગ્રંથ રાખજે." ત્યારે શામાએ કહ્યું, "એ ગ્રંથ તો કાકાનો છે. તેમને પાછો આપી દેવાનો છે." બાબા બોલ્યા, "ના, એ ગ્રંથ હું તને આપું છું. માટે તું રાખજે. એ તારા કામનો છે." આમ શામાને બાબા ઘણાં પુસ્તક આપતા. થોડા દહાડા પછી વળી એ ભાગવતની બીજી પ્રત કાકા મહાજની લઈ આવ્યા અને બાબાના હાથમાં આપી. બાબાએ સ્પર્શ કરી એ પ્રસાદીનો ગ્રંથ તેને પાછો આપીને કહ્યું, "આ ગ્રંથ બરાબર સાચવજે. તેથી તારી સ્થિતિ સુધરશે" કાકાએ પ્રણામ કરી તેનો સ્વીકાર કર્યો.

**શામા અને વિષ્ણુસહસ્રનામ :** બાબાના પરમ ભક્ત શામાને વિષ્ણુસહસ્રનામનું પુસ્તક પ્રસાદ તરીકે આપવાની બાબાએ એક વાર ઈચ્છા કરી. એક રામદાસી શીરડીમાં આવીને રહ્યો. તે નિત્ય પ્રાતઃકાળમાં વહેલો ઉઠી દાતણ કરી સ્નાન કરતો.



પછી ભગવાં વસ્ત્ર પહેરી ભસ્મ લગાવી વિષ્ણુસહસ્રનામનો પાઠ કરતો. અને પછી શ્રદ્ધાપૂર્વક અધ્યાત્મરામાયણ વાંચતો. આ ગ્રંથનો તે પુનઃ પુનઃ પાઠ કરતો. વિષ્ણુસહસ્રનામથી શામાને પરિચિત કરાવવાની બાબાએ ઈચ્છા કરી. તેથી પેલા રામદાસીને બોલાવ્યો અને કહ્યું, "મને પેટમાં બહુ દુખે છે. માટે તું સોનામુખી લઇ આવ. સોનામુખી વગર આ દર્દ મટવાનું નથી. માટે તું હમણાં જ જઇને બજારમાંથી સોનામુખી લઈ આવ." રામદાસી વાંચવાનું બંધ કરીને બજારમાં ગયો. બાબા બેઠક પરથી ઉઠ્યા અને રામદાસી જે સ્થળે વાંચતો હતો ત્યાં જઈ તેની વિષ્ણુસહસ્રનામની પોથી લઇને બેઠક પર આવ્યા. અને શામાને કહ્યું, "આ પોથી અકસીર કિંમતી છે. હું તને ભેટ આપું છું. તું તે વાંચજે. એક વાર મને ભારે પીડા ઉપડી, છાતીમાં દુખાવો થયો અને પ્રાણ નીકળી જવા લાગ્યા. એવા અણિના વખતે હું આ પોથી વાંચી ગયો, તો મને તેનાથી ભારે રાહત મળી. જાણે અલ્લાએ જાતે આવી મને બચાવી લીધો ! આજ હું તને એ આપું છું. તુ ધીમે ધીમે કટકે કટકે વાંચજે. નિત્ય ઓછામાં ઓછું એક જ નામ વાંચીશ તો પણ તારૂં કલ્યાણ થશે." શામાએ ઉત્તર દીધો, "બાબા, મારે એ પોથી નથી જોઇતી. તેનો માલેક પેલો રામદાસી ગાંડો, જક્કી અને ચીડીયો છે. તે મારી જોડે કજીયો કરશે. વળી પોથીના બાળબોધ અક્ષર પણ હું ઉકેલી નહિં શકું."

શામાને લાગ્યું કે રામદાસી જોડે લડાવવાની બાબાની આ યુક્તિ છે. પણ પોતાના કલ્યાણની કેવી ઉંચી ભાવના બાબાના હૃદયમાં હતી તેની શામાને ખબર નહોતી. શામા ભલા ભોળા પણ બાબાના પરમ ભક્ત હતા. તેથી તેના કંઠમાં વિષ્ણુસહસ્રનામની માળા પહેરાવવાની બાબાની ઇચ્છા થઈ. પોતે તેને સંસારી દુઃખમાંથી મુક્ત કરવા માગતા હતા. ભગવાનના નામનો મહિમા પ્રસિદ્ધ છે. પ્રભુનું નામોચ્ચારણ જ સર્વ પાપ–દુષ્ટવૃત્તિઓમાંથી મનુષ્યને બચાવી



લે છે તથા જન્મ–મરણના ફેરામાંથી મુક્ત કરે છે. તેના જેટલી બીજી કોઇ સાધના સહેલી નથી. મનને પવિત્ર કરનારી એ ઉત્તમ દવા છે. તેમાં કોઈ વિધિ–વિધાનની જરૂર નથી અગર કોઈ નિષેધ નથી. તે સાધના જેટલી સરળ છે તેટલી જ સચોટ પણ છે. શામાની ઇચ્છા આ સાધનાના માર્ગે જવાની નહોતી. પણ બાબાની ઇચ્છા હતી કે શામા એ સાધના કરે. તેથી બાબાએ તેને એ પરાણે વળગાડી. કહેવાય છે કે વર્ષો પૂર્વે એકનાથ મહારાજે એક કંગાલ પડોશીને વિષ્ણુસહસ્રનામ આ રીતે જ પરાણે વળગાડયું હતું; જેથી તેનો ઉદ્ધાર થયો હતો. વિષ્ણુસહસ્રનામનું વાચન–અધ્યયન મનને પવિત્ર કરવાનો સરળ ધોરી માર્ગ છે. માટે બાબાએ એ પોથી તેને પરાણે આપી.

પેલો રામદાસી સોનામુખી લઇને તુરત પાછો આવ્યો. અણ્ણા ચિંચણીકર ત્યાં જ હતા. તેને નારદવેડા કરવાનું મન થયું તેથી તેના બજારમાં ગયા પછી જે બન્યું હતું તે બધું રામદાસીને કહી દીધું. એથી રામદાસીનો પિત્તો ગયો. તે શામા પર ક્રોધે ભરાઇને ગાળો દેતાં બોલ્યો, "તેં જ બાબાને ચડાવીને પેટમાં દુખવાના બહાને સોનામુખી લાવવા મને બજારમાં મોકલવાનું કાવત્રું ઉભું કર્યું અને મારી પોથી લઈ લીધી છે. જો એ પોથી તું પાછી નહિ દે તો હમણાંજ તારૂં માથું હું ભાંગી નાંખવાનો છું." શામા તેને શાન્તિથી સમજાવવા મંડ્યા પણ એ તો માનતો જ નહોતો. છેવટે બાબાએ તેને પ્રેમથી કહ્યું, "અરે રામદાસી, તને શું થઈ ગયું છે? આવું તોફાન કેમ કરે છે? શું શામા આપણું છોકરૂં નથી? તું અમસ્તો તેની જોડે કેમ લડે છે? આવો કજીયાખોર તું ક્યાંથી નીકળ્યો? જરા નરમાશથી બે મીઠાં વેણ નથી કહી શક્તો? તું આવો રામદાસી છે? નિત્ય આવી પવિત્ર પોથી વાંચે છે છતાં હજુ મન તો પવિત્ર કર્યું નથી? તારા વિકાર શમ્યા જ નથી! તારે તો દરેક વાતમાં વૈરાગ્ય જોઇએ. આ પોથી પર આવી

મમતા રાખવી તને શોભે છે? સાચો રામદાસી આવી મમતા જ ન રાખે. માત્ર આ પોથી માટે તું શામા જેવા છોકરા જોડે કજીયો કરવા બેઠો છે? જા, જા. તારી જગાએ જઈને બેસ. પૈસા હોતાં પોથી તો તો પુષ્કળ મળે છે. જરા વિચાર કર અને વિવેકી થા. આ પોથીની શું કિંમત છે? મને તેની કંઈ તેની પડી નહોતી. મેં પોતેજ લઈને તેને આપી છે. તને તો એ બધાં નામ મોઢે થઈ ગયાં છે. મને લાગ્યું કે શામા એ વાંચે તો તેને લાભ થાય. માટે એ પોથી મેં તેને આપી છે."

બાબાના આ વચનો કેવાં મધુર અમૃત જેવાં મીઠાં હતાં! તેની અસર તરત થઈ. દાસગણુની શાંતિ થઈ ગઈ અને તેણે શામાને કહ્યું, "આ પોથીના બદલામાં તું મને એક પંચરત્ન-ગીતા આપજે." શામાએ રાજી થઈને કહ્યું, "એક કેમ? આના બદલામાં દસ કહે તો દસ નકલો આપીશ."

આમ છેવટે આ વાતનું સમાધાન થયું. પણ એ પ્રશ્ન થાય છે કે રામભક્ત રામદાસીએ કૃષ્ણની ગીતા કેમ માગી? વળી મસીદમાં બેસી બાબા પાસે આવાં ધાર્મિક ગ્રંથો તે શા વાસ્તે વાંચતો હતો? અને બાબાની હાજરીમાં તેણે આવો કજીયો કેમ કર્યો? આમાં દોષ કોને દેવો એજ ખબર પડતી નથી. પણ મને તો લાગે છે કે આ પ્રકાર બન્યો ન હોત તો આ વિષયનું મહત્વ—ભગવાનના નામનું મહત્વ—વિષ્ણુસહસ્રનામના અધ્યયનનું મહત્વ એ કંઈ શામાના દીલમાં વસી શક્યું ન હોત. એથી ભક્તને પ્રેરણા કરી બોધ દેવાની બાબાની પદ્ધતિજ આવી અનોખી હતી. એ પછી શામાએ એ પોથીનું વાંચન ક્રમશઃ શરૂ કર્યું અને તે તેમાં એવા પારંગત થયા કે શ્રી બુટીના જમાઈ અને પુના એન્જીનીયરીંગ કોલેજના પ્રિન્સીપાલ બાબાના પરમ ભક્ત શ્રી. નારકે જેવાને તેનો અર્થ કરી સમજાવી શકતા હતા.





**વિઠ્ઠલદર્શન :** શીરડીમાં કાકા દીક્ષિત એક દહાડો પ્રાતઃકાળમાં સ્નાન કરી ધ્યાન કરતા હતા ત્યારે તેમને વિઠ્ઠલનું દર્શન થયું. પછી બાબાના દર્શને મસીદમાં ગયા ત્યારે બાબાએ પૂછ્યું, "વિઠ્ઠલ પાટીલ આવ્યો હતો? તેં તેનાં દર્શન કર્યાં? એ ઝટ ભૂલાવામાં નાંખી દે તેવો છે. તેને દઢ પકડી રાખજે. નહિતર તને ભૂલથાપ આપીને નાસી જશે." એજ બપોરે એક ફેરીયો વિઠ્ઠલની પચીસ મઢેલી છબીઓ લઈ વેચવા આવ્યો. દીક્ષિતને આજે સવારે ધ્યાનમાં વિઠ્ઠલના જે સ્વરૂપનાં દર્શન થયાં હતાં એજ સ્વરૂપ આ છબીઓમાં પણ હતું. એ જોઈ દીક્ષિતને આશ્ચર્ય થયું. અને બાબાના વચનો યાદ આવ્યા. એથી રાજી થઈને તેણે એક છબી ખરીદી અને પોતાની પૂજામાં રાખી.

**ગીતા-રહસ્ય :** બ્રહ્મવિદ્યાનું અધ્યયન કરનાર ભક્તો પર બાબા સદા પ્રેમ રાખતા. અને ઉત્તેજન આપતા હતા. એક વાર બાપુસાહેબ જોગનું ટપાલમાં પાર્સલ આવ્યું. જેમાં લોકમાન્ય ટિળકરચિત 'ગીતા-રહસ્ય'ની એક પ્રત હતી. આ પાર્સલ બગલમાં રાખી જોગ મસીદમાં આવ્યા. બાબાને સાષ્ટાંગ પ્રણામ કરતાં એ પાર્સલ બાબાના ચરણમાં પડ્યું. તેથી બાબાએ પૂછ્યું, 'આમાં શું આવ્યું છે?' જોગે ત્યાંજ પાર્સલ ઉઘાડી એ ગ્રંથ બાબાના હાથમાં આપ્યો. થોડી વાર તેનાં પાનાં આમ તેમ ફેરવીને બાબાએ ખીસ્સામાંથી એક રૂપીયો એ પુસ્તક ઉપર મુકીને તે જોગના હાથમાં મુક્યું અને બોલ્યા, "આ ગ્રંથ પુરો વાંચજે, તને લાભ થશે."

**દાદાસાહેબ ખાપર્ડે :** શ્રી ખાપર્ડેનું વર્ણન આપી આ અધ્યાય પુરો કરીએ. એક વાર દાદાસાહેબ ખાપર્ડે સહકુટુંબ શીરડી આવી થોડા માસ રોકાયા હતા. (તેની ડાયરી સાઈલીલા માસિકના પહેલા અંકમાં પ્રગટ થઈ છે.) દાદાસાહેબ સામાન્ય માણસ નહોતા. અમરાવતીના ખૂબ શ્રીમંત પ્રસિદ્ધ વકીલ હતા.



અને દીલ્હીની સ્ટેટ કૌન્સિલના સભ્ય હતા. ભારે બુદ્ધિશાળી વક્તા હતા. છતાં બાબા પાસે એક શબ્દ બોલવાની હિંમત કરતા નહોતા. ઘણાખરા ભક્તો બાબા પાસે શાંત ન બેસતાં દલીલો કરતા. પણ શ્રી. ખાપર્ડે, શ્રી. નૂલકર અને શ્રી. બુટી એ ત્રણ ભક્તો હમેશાં મુંગા જ બેસતા. તે ત્રણે નમ્ર સરળ સ્વભાવના વિવેકી સજ્જન હતા. પંચદશી જેવા ગ્રંથનું વિવેચન કરી બીજાને સમજાવવા દાદાસાહેબ સમર્થ હતા. પણ મસીદમાં બાબા પાસે તે એક શબ્દ પણ બોલતા નહિ. બ્રહ્મદર્શન કરનાર તથા બ્રહ્મરૂપ બનેલ પુરૂષ પાસે વેદોમાં ગમે તેવો પારંગત થયેલો માણસ આંખો જ લાગે છે. દાદાસાહેબ ચાર માસ શીરડી રોકાયા અને તેમનાં પત્ની સાત માસ ત્યાં રહ્યાં. શીરડીનો વાસ બન્ને જણને બહુ ગમતો હતો. શ્રદ્ધાળુ ભક્તિમાન ખાપર્ડે પત્ની બાબા પર બહુ પ્રેમ રાખતાં. નિત્ય સવારે જાતે રસોઇ કરી બપોરે મસીદમાં નૈવેદ્ય લઇ આવતાં અને બાબાના આરોગ્યા પછી તે ઘેર જઈને જમતાં હતાં. તેમની દઢ ભક્તિ બાબાને બહુ ગમતી. એક દહાડો મધ્યાન્હે પુડલા, પુરી, ખીર, ભાત, દાળ અને બીજી વાનીઓનો થાળ લઈને તે મસીદમાં આવ્યાં. સામાન્ય રીતે બાબા એક કલાક પછી જમતા. પણ તે દહાડે પોતે એકદમ ઉઠીને જમવાના સ્થળે જઈ થાળ પરથી કપડું ઉપાડીને ઉત્સાહથી બધી ચીજો ખાવા લાગ્યા. ત્યારે શામાએ પૂછ્યું, "દેવ, આ કેવો પક્ષપાત કહેવાય? બીજાના નૈવેદ્યના ભાણા સામુંય તમે જોતા નથી અને એમના નૈવેદ્યનું ભાણું ઉતાવળ કરીને જમ્યા. એમનું ભાણું શાથી એવું સ્વાદિષ્ટ લાગ્યું? અમે તો આમાં કંઈ સમજતા નથી." તે વખતે બાબાએ ખુલાસો કર્યો, "ખરેખર આ ભોજન અસામાન્ય છે. પૂર્વજન્મમાં આ બાઈ એક વ્યાપારીની ગાય હતી ને તે ખૂબ દૂધ દેતી હતી. પછી એ ગુજરી ગઈ અને એક માળીના ઘેર અવતરી. એ પછી તે એક ક્ષત્રિયની પુત્રી જન્મી અને મોટી થઈ વેપારીને પરણી. તે પછી તેનો જન્મ બ્રાહ્મણને ત્યાં થયો હતો.



દીર્ઘકાળ પછી મેં તેને દીઠી. માટે મને આજે તેના ભાણામાંથી પ્રેમના થોડા મીઠા કોળીયા ભરવા દે." એટલું બોલી બાબા એ નૈવેદ્ય જમી ગયા. અને હાથ-મોઢું ધોઈને સંતોષના ઓડકાર ખાધા; અને બેઠક પર આવીને બેઠા. શ્રીમતી ખાપર્ડે નમસ્કાર કરીને પગ દાબવા લાગ્યાં. અને બાબા તેની જોડે વાતો કરવા લાગ્યા અને તેમનો હાથ થાબડવા મંડ્યા. આમ અન્યોન્ય થતી સેવા જોઈને શામાએ ટકોર કરી કહ્યું, "આ પણ ઠીક ચાલે છે. ભક્ત અને ભગવાન એક બીજાની સેવા કરે છે. એ દૃશ્ય પણ અજબ છે!" તેમની હૃદયપૂર્વકની સેવાથી રાજી થઈ ધીમા આકર્ષક મૃદુ સ્વરે બાબાએ તેને સદા 'રાજારામ, રાજારામ'નો જપ કરવાની આજ્ઞા કરી અને બોલ્યા, "જો તું એ જપ કરીશ તો તારો જીવન-હેતુ સફળ થશે. ચિત્તની શાન્તિ મળશે અને તને ખુબ લાભ થશે." આધ્યાત્મિક વાતોથી અપરિચિત લોકોને આ વાત સામાન્ય લાગશે, પણ ખરી રીતે એવું નથી. શિષ્યને ગુરૂની શક્તિ સમર્પણનું જ આ એક દ્રષ્ટાંત છે. બાબાનાં આ વચનો સચોટ હતાં. એ બહેનનાં અંતરમાં તે બરાબર ચોંટી ગયા.

ગુરૂ-શિષ્યના સંબંધ દર્શક જ આ દ્રષ્ટાંત છે. બન્નેએ એક બીજા પર પ્રેમ રાખીને અન્યોન્ય સેવા કરવાની છે. ગુરૂ-શિષ્યમાં કશો ભેદ કે તફાવત નથી. બન્ને એક જ છે. એક વિના બીજું રહી શકતું નથી. શિષ્ય ગુરૂચરણ પર મસ્તક મુકે છે એ તો બાહ્ય-દર્શન છે. અંતરથી તો બન્ને એક જ છે. એ બે વચ્ચે ભેદ જોનાર કાચા છે—પૂર્ણ નથી.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'પોથીદાન' નામ સત્તાવીસમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

## અધ્યાય – ૨૮.

(213)

### દ્રષ્ટાંત–કથન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્દગુરૂ-સાઈનાથાય નમઃ ।

**ઉપોદ્દઘાત :** શ્રી સાઈ પરિમિત નથી પણ કીડીથી માંડી બ્રહ્મા સુધીના સર્વમાં તેમનો વાસ છે. એ સર્વવ્યાપક છે. આત્મદર્શનના વિજ્ઞાનમાં તેમજ વેદના જ્ઞાનમાં શ્રી સાઈ પારંગત હતા. એથી જ સદ્દગુરૂપદને તે યોગ્ય હતા. માણસ ભલે પંડિત હોય પણ શિષ્યને જાગ્રત કરી આત્મદર્શન ન કરાવી શકે તો તે સદ્દગુરૂપદને યોગ્ય નથી. પિતાનો પેદા કરેલ આ દેહ છે. દરેકને જન્મ પછી અવશ્ય મૃત્યુ છે જ. પણ સદ્દગુરૂ જન્મ–મરણ બંનેને નષ્ટ કરે છે. તેથી સૌથી વધુ પ્રેમળ ને દયાળુ તો સદ્દગુરૂ જ છે.

શ્રી સાઈબાબા ઘણીવાર કહેતા કે ભક્ત ભલે મારાથી હજારો ગાઉ દૂર હોય; પણ પગે દોરી બાંધેલી ચકલીની માફક હું તેને શીરડી ખેંચી લાવું છું. આ અધ્યાયમાં આવી ત્રણ કથાઓ છે.

**(૧) લાલા લખમીચંદ :** તે પ્રથમ મુંબઈમાં વ્યંકટેશ્વર છાપખાનામાં નોકર હતા. પછી રેલ્વેની નોકરીમાં જોડાયા. અને ત્યાર બાદ રાલી બ્રધર્સની કું.માં મુનશી તરીકે નોકરી કરતા. શ્રી બાબાનાં દર્શન તેને ૧૯૧૦ માં થયાં. નાતાલ પહેલાં તેણે સ્વપ્નમાં સાન્તાક્રુઝમાં ભક્તોની મધ્યમાં ઉભેલા એક દાઢીવાળા



વૃદ્ધ પુરૂષને જોયા. એ પછી તેમના મિત્ર દત્તાત્રેય મંજૂનાથ બીજુરને ઘેર દાસગણુનું કીર્તન સાંભળવા તે ગયા. દાસગણુ કીર્તન વખતે બાબાની છબી શ્રોતા સામે ટેબલ પર મૂકતા, સ્વપ્નમાં જોયેલા વૃદ્ધ પુરૂષનો ચહેરો આ છબીને બરાબર મળતો લાગ્યો. એથી તે આશ્ચર્ય પામ્યા. અને સ્વપ્નમાં જોયેલા દાઢીવાળા વૃદ્ધ પુરૂષ સાઈબાબા જ છે એમ તેની ખાત્રી થઈ. તે દહાડે દાસગણુએ તુકારામચરિત્રનું કીર્તન કર્યું. એ કીર્તન, ચરિત્ર તથા બાબાની છબીનાં દર્શન એ બધાના તેના મન પર ભારે અસર થઈ. અને શીરડી જવાની તેને તાલાવેલી લાગી. ભક્તો જાણે છે કે ભગવાન જ સદ્દગુરૂ મેળવી દે છે. તેમજ એવા દૈવી વિષયમાં તે જ સહાય કરે છે. એ જ રાત્રે એક મિત્ર શંકરરાવ જોડે શીરડી જવાનું તેણે નક્કી કર્યુ. એક ભાઈ પાસેથી પંદર રૂપીયા ઉછીના લઈ આનંદ સાથે શીરડી જવાની તૈયારી કરી. રેલ્વેમાં બંને મિત્રોએ ભજન કર્યું. શીરડીથી ચાર મુસ્લિમો ઘેર પાછા વળતા હતા તે રેલ્વે પર તેમને મળ્યા ત્યારે બાબા વિષે પૂછ્યું તો તેમણે કહ્યું, “બાબા તો મહાન સંત પુરૂષ છે. ઘણા વર્ષોથી શીરડી રહે છે.” કોપરગામ આવી બાબાને ભેટ ધરવા થોડાં જામફળ લેવા મન થયું પણ હર્ષમાં તે લેવાનું ભૂલી ગયા. શીરડી નજીક પહોંચ્યા ત્યારે જામફળ યાદ આવ્યાં; એવામાં એક જામફળના ટોપલાવાળી ડોશી તેના ટાંગા પાછળ દોડતી આવી. ટાંગો ઉભો રાખી થોડાં જામફળ લીધાં પછી એ ડોશીએ પોતાની પાસે વધેલાં જામફળ બાબાને અર્પણ કરવા તેમને આપ્યાં. જામફળ ભેટ દેવાની ઈચ્છા, પછી વિસ્મરણ અને પાછાં આમ જામફળ મળ્યાં એ સર્વ બનાવથી તેમને અચંબો થયો. લખમીચંદના મનમાં નક્કી થયું કે સ્વપ્નમાં જોયેલા વૃદ્ધની કોઈ સગી જ આ ડોશી હોવી જોઈએ. ટાંગો શીરડી નજીક આવ્યો ત્યારે મસીદનો ધ્વજાગરો જોઈ તેમણે સલામ કરી. શીરડી પહોંચી પૂજન–સાહિત્ય હાથમાં લઈ મસીદમાં આવી બાબાની પૂજા કરી. લખમીચંદ બાબાનાં દર્શન–



પૂજન કરી ભારે આનંદ પામ્યો અને બાબાના ચરણે પડ્યો. ત્યારે બાબા બોલ્યા, “લુચ્ચો, માર્ગમાં ભજન કરે છે અને બીજાને પૂછે છે ? શા વાસ્તે બીજાને પૂછવું જોઈએ ? પ્રત્યેક ચીજ નજરે તપાસી જોવી. તારૂં સ્વપ્ન સાચું હતું કે કેમ તેનો ખ્યાલ તો કર. મારવાડી પાસેથી વ્યાજે પૈસા લઈને શીરડી આવવાની શી જરૂર હતી ? હવે અંતરની ભાવના સંતોષી ?” આ શબ્દો સાંભળી બાબાનું સર્વજ્ઞત્વ જાણીને લખમીચંદ આશ્ચર્ય પામ્યો. ઘેરથી નીકળી શીરડી પહોંચતાં લગીમાં બનેલી બધી હકીકત અહીં બેઠા બાબાએ શી રીતે જાણી હતી તેની જ ખબર પડતી નથી. આ વિષયમાં એક વસ્તુની નોંધ લેવાની છે કે બાબા પોતાનો ભક્ત યાત્રા માટે કે તહેવાર ઉજવવા સારૂ કે પોતાના દર્શન માટે ખર્ચ કરી કરજમાં ઉતરે એ વાત બાબા બિલ્કુલ પસંદ કરતા નહોતા.

બપોરે જ્યારે લખમીચંદ જમવા બેઠો ત્યારે કોઈ ભક્ત પાસેથી ઘઉંના લોટની ખીર–સાંઝાનો પ્રસાદ મળ્યો. એથી તે બહુ રાજી થયો. બીજે દહાડે તેણે સાંઝાની ઈચ્છા કરી પણ મળ્યું નહિ. પણ એ પ્રસાદ પોતાને પુનઃ મળે એમ તેની તીવ્ર ઈચ્છા હતી. ત્રીજે દહાડે આરતી વખતે બાપુસાહેબ જોગે બાબાને પૂછ્યું, “નૈવેદ્યમાં શું લાવું ?” ત્યારે બાબાએ સાંઝા લાવવાની આજ્ઞા કરી. ભક્તો બે મોટી તપેલી ભરીને સાંઝા લાવ્યા. લખમીચંદ બહુ ભૂખ્યો હતો. તેની પીઠમાં દર્દ પણ થતું હતું. બાબાએ તેને કહ્યું “તું ભૂખ્યો છે તે ઠીક થયું. તું સાંઝા લે. પીઠના દર્દની કંઈક દવા પણ લેજે.” પુનઃ તેને અચંબો થયો કે બાબા ફરી ફરીને મારા મનની વાત ક્યાંથી જાણી જાય છે અને મારા મનના વિચાર કેમ સમજી શકે છે ? નક્કી બાબા સર્વજ્ઞ છે.

**નજર પડી :** રાત્રે તેણે ચાવડીમાં સરઘસ જોયું તે દહાડે બાબાને ખૂબ ખાંસી થઈ હતી. લખમીચંદના મનમાં થયું કે બાબા પર કોઈની નજર પડી છે તેથી બાબા હેરાન થાય છે.



બીજી સવારે તે મસીદમાં હતો ત્યારે બાબાએ શામાને કહ્યું, “કાલે મને ખાંસી થઈ હતી તે કોઈની નજર પડવાથી થઈ હશે ? નજર પડવાથી જ હું હેરાન થઉં છું ?” આ દ્રષ્ટાંતમાં પણ લખમીચંદના દીલમાં ઘોળાતી વાત બાબાએ કહી આપી હતી. બાબાની દયા તથા સર્વજ્ઞત્વની આવી સાબીતીઓ જોઈ બાબાને સાષ્ટાંગ પ્રણામ કરીને તેણે કહ્યું, “આપના દર્શનથી મને ખૂબ આનંદ થયો. મારા પર આપ સદા દયાભાવ રાખજો ને મારી રક્ષા કરજો. મારે તો આપના સિવાય કોઈ દેવ નથી. મારૂં મન આપના ચરણમાં મગ્ન રહે ! સંકટ વેળા આપ મને સહાય કરજો. હું સદા આપનું નામ જપીને સુખ–શાન્તિમાં રહું એવા આશીર્વાદ દેજો.” બાબાએ તેને ઉદી તથા આશીર્વાદ આપ્યા. તે રાજી થઈ સંતોષથી બાબાનો મહિમા ગાતો ઘેર પાછો ગયો બાબાનો પરમ ભક્ત બન્યો. ત્યાર પછી તો શીરડી આવનાર મિત્રો જોડે તે ફુલમાળા, કપુર તથા દક્ષિણા ઘણીવાર મોકલતો હતો.

**(૨) બર્હાણપુરનાં બાનુ :** હવે બાબાના એક બીજા ભક્તની વાત કરીએ. સ્વપ્નમાં બર્હાણપુરમાં આ બાઈએ પોતાના બારણે બાબાને ખીચડીનું ભોજન માગતા દીઠા. જાગીને જોયું તો બારણે કોઈ નહોતું. પણ આ સ્વપ્નથી તેણી રાજી થઈ. આ સ્વપ્નની વાત પોતાના પતિને કહી. તે ટપાલ–ખાતામાં નોકર હતો. તેની બદલી અકોલા થઈ. એ પતિ–પત્ની બન્ને જણ બાબાનાં ભક્ત હતાં. બેઉએ શીરડી જવાનું નક્કી કર્યું. સારો દિવસ જોઈ શીરડી આવવા નીકળ્યાં. અને માર્ગમાં ગોમતી તીર્થ કર્યું. શીરડી પહોંચી ત્યાં બે માસ રોકાયાં. નિત્ય મસીદમાં જઈ બાબાની પૂજા કરતાં અને બધો સમય આનંદમાં ગાળતાં હતાં. તેઓ બાબાને ખિચડીનું નૈવેદ્ય ધરવા જ શીરડી આવ્યાં હતાં. પણ પ્રથમના ચૌદ દિવસ તો કોઈ કોઈ કારણસર તે ધરાવી ન શક્યાં. બાઈને આ ખોટીપો ગમતો નહોતો. તેથી પંદરમે દહાડે બપોરે ખિચડીનું નૈવેદ્ય લઈ તે મસીદમાં

આવ્યાં. બાબા જમવા બેસતા હતા અને આડશ માટે રાખેલો પડદો પાડી દીધો હતો. પડદો પડ્યા પછી અંદર જવાની કોઇની હિંમત ચાલતી નહિ. પણ આ બાઇ તો પડદો હાથથી ખસેડી અંદર ગયાં. અજબ જેવું છે કે બાબા જાણે આજ ખિચડીનાજ ભૂખ્યા હોય તેમ બાઇની ખિચડીની થાળી અંદર આવતાં જ બાબાએ જાતે લઇ લીધી. અને રાજી થઈ ખિચડીના કોળીયા ભરવા લાગ્યા. ખિચડી માટે બાબા આટલા અધીરા બનેલા જોઇને સૌ આશ્ચર્ય પામ્યા. જ્યારે ભક્તોએ ખિચડીની આ કથા સાંભળી ત્યારે ભક્ત પરના બાબાના અલૌકિક પ્રેમની ખાત્રી થઈ.

**(૩) મેઘા :** શીરમગામનો આ મેઘા રાવબહાદૂર હ. વિ. સાઠેનો એક અભણ રસોયો હતો. રા. બ. સાઠેને તેના પર પ્રીતિ થઈ. તેને સંધ્યા-ગાયત્રી કે કોઈ મંત્ર આવડતા નહિ. સાઠેએ તેને સંધ્યા-ગાયત્રી મંત્ર શીખવ્યાં. સાઠેએ તેને વાત કરી કે "શીરડીના સાઇબાબા સાક્ષાત્ શિવસ્વરૂપ છે. તેથી તું શીરડી જા અને તેમની સેવા કર." એમ કહી તેને શીરડી મોકલ્યો. ભરૂચના સ્ટેશનમાં તેણે જાણ્યું કે સાઇબાબા તો મુસલમાન છે. તેનું સાદું રૂઢિચુસ્ત મન મુસલમાનની પૂજાની વાતથી ડગી ગયું અને પોતાને શીરડી ન મોકલવા સાઠેને વિનતિ કરી. સાઠેએ તેને આગ્રહ કરીને શીરડી મોકલ્યો. અને ગણેશ દામોદર ઉર્ફે દાદા કેળકર પર ભલામણ પત્ર લખી આપ્યો કે મેઘાને બાબાની પિછાન કરાવજો. મેઘા શીરડી પહોંચી જેવો મસીદમાં ગયો તેવોજ બાબાએ તેને ઉધડો લીધો. અને ત્યાં દાખલ થવાની ના પાડી. બાબા તાડકીને બોલ્યા, "પેલા હરામખોરને લાત મારીને કાઢી મૂકો." અને મેઘાને કહ્યું: "તું મોટો ઊંચો બ્રાહ્મણ છે અને હું તો હલકો મુસલમાન છું. અહીં આવવાથી તું અભડાઈ જઈશ. માટે ચાલ્યો જા." આ શબ્દો સાંભળી મેઘો ધ્રુજવા લાગ્યો. મારા મનમાં શું છે એ વાત બાબાએ અહીં બેઠાં કેમ જાણી



તેનુંજ તેને આશ્ચર્ય થયું. થોડા દહાડા એ શીરડી રોકાયો અને પોતાની રીતે તે બાબાની સેવા કરતો. પણ ખાત્રી થતી નહોતી. તે ઘેર પાછો ગયો. માર્ગમાં નાસીક થઇ ત્ર્યંબક ગયો અને ત્યાં દોઢ વરસ રોકાયો. એ પછી ફરી શીરડી આવ્યો. આ વખતે દાદા કેળકર વચ્ચે પડવાથી તેને મસીદમાં આવવા દીધો ને શીરડીમાં રહેવા દીધો. બાબાએ મેઘાને સીધો ઉપદેશ આપ્યો નહોતો. પણ મેઘા પર માનસિક અસર થઈ. એથી મેઘો સાવ બદલાઈ ગયો. પછી તો તે સાઈબાબાને શિવના અવતાર જ માનવા લાગ્યો. શિવની પૂજા માટે બિલ્વપત્ર જરૂરી છે. તે લેવા મેઘો શીરડીથી માઇલો દૂર જતો એને તે લાવી આ શિવ-બાબાની પૂજા કરતો. શીરડીનાં મંદિરોના સર્વ દેવની પૂજા કરવાની તેને ટેવ હતી. એ બધી પૂજા પછી તે મસીદમાં આવી બાબાની ગાદીને સલામ કરતો અને બાબાનું પૂજન કરતો; પગ દાબતો ને સેવા કરતો. તથા બાબાનું ચરણોદક પીતો હતો. એક વાર ખંડોબાનું મંદિર બંધ હતું તેથી ખંડોબાની પૂજા કર્યા વિના મેઘો મસીદમાં આવ્યો. બાબાએ તેને ખંડોબાના મંદિરે પાછો મોકલ્યો ત્યારે દ્વાર ઉઘાડું હતું. ત્યાંથી પૂજા કરીને આવ્યા પછીજ બાબાએ તેને મસીદમાં નિત્યની માફક પૂજા કરવા દીધી.

**ગંગા-સ્નાન :** એક વાર મકરસંક્રાંતિના દહાડે બાબાના દેહ પર ચંદન લગાડી ગંગાજળથી તેમને સ્નાન કરવાની મેઘાને ઇચ્છા થઈ. બાબા તો તે માટે હા પાડતા નહોતા. પણ મેઘાની પુનઃ પુનઃ વિનતીને લીધે તેમણે હા પાડી. ગોમતીમાંથી પવિત્ર જળનો હાંડો લાવવા સારૂ મેઘાને પાંચ કોસ ચાલીને જવાનું હતું. મેઘો એ જળ લાવ્યો. અને બપોરે સ્નાન કરાવવાની સર્વ તૈયારી કરી. અને બાબાને તે માટે તૈયાર થવા વિનતિ કરી. બાબાએ એવું સ્નાન ન કરાવવા ફરીથી મેઘાને કહી જોયું કે મારા જેવા ફકીરને વળી ગંગાજળનું સ્નાન કેવું? પણ મેઘાએ કશુંજ સાંભળ



વાની ના પાડી. ગંગાજળથી શિવ પ્રસન્ન થાય છે. અને આવા મંગળ દિવસે મારા શિવ-બાબાને મારે એ સ્નાન કરાવવું જોઈએ એવો તેનો સંકલ્પ હતો. બાબા હા પાડી નીચે ઉતર્યાં; પાટલા પર બેઠા અને માથું આગળ કરીને કહ્યું, "અરે મેઘા, આટલી મહેરબાની કરજે, આ દેહનું પ્રધાન અંગ શિર-મસ્તક છે. માટે મસ્તક પર જળ ચડાવવાથી આખા દેહને સ્નાન કરાવ્યાનું પુણ્ય મળે છે. માટે તું આ ગંગાજળ શિર પર જ રેડજે." મેઘાએ કહ્યું "ભલે." અને ગંગાજળનો હાંડો ઊંચકી બાબાના માથા પર જળ રેડવા માંડ્યું. એ વેળા તે એવા પ્રેમભાવમાં મગ્ન બની ગયો કે 'હર હર ગંગે' કહેતાં કહેતાં આખા દેહ પર આખો હાંડો ખાલી કર્યો. પછી હાંડો ખાલી કરીને બાબાની સામું જોયું તો માત્ર બાબાનું મસ્તક જ ભીંજાયું હતું; આખું શરીર સાવ કોરૂં હતું!

**ત્રિશૂળ અને પિંડી :** શ્રી બાબાની પૂજા મેઘો બે સ્થળે કરતો. સાક્ષાત્ બાબાની પૂજા તે મસીદમાં કરતો. અને બીજી નાના-સાહેબ ચાંદોરકરે આપેલી બાબાની છબીની પૂજા તે વાડામાં કરતો હતો. આમ તેણે બાર માસ પૂજન કર્યું. પછી તેની ભક્તિ દ્રઢ કરવા તથા તેના પૂજનનું ફળ દેવા બાબાએ તેને સ્વપ્નમાં દર્શન દીધાં. વહેલી સવારે પથારીમાં પડખું ફેરવતો મેઘો આંખો મીંચીને પડ્યો હતો. ત્યાં જ તેણે બાબાનું સ્પષ્ટ રૂપ જોયું. તેને જાગતો જોઈ તેના પર કંકુવાળા અક્ષત નાંખીને કહ્યું, "મેઘા, તું ત્રિશૂળ દોરજે." અને પછી બાબા અલોપ થયા. શબ્દો સાંભળી તેણે આંખ ઉઘાડી. પણ બાબાને જોયા નહિ. છતાં પેલા અક્ષત ત્યાં વેરાયેલા પડ્યા હતા. બાબા પાસે જઈ તેણે આ સ્વપ્નની વાત કરી ત્રિશૂળ દોરવાની આજ્ઞા માગી. ત્યારે બાબાએ કહ્યું, "ત્રિશૂળ દોરવા મેં તને આજ્ઞા કરી એ શબ્દો તેં ન સાંભળ્યા? એ કંઇ સ્વપ્ન નહોતું. સીધી મારી આજ્ઞા જ હતી. મારાં વચન સદા



અર્થ-ગંભીર હોય છે; ખાલી હોતાં નથી." મેઘાએ કહ્યું, "મેં તો માન્યું કે આપે મને જગાડ્યો. પણ આંખો ઉઘાડીને જોયું તો બારણાં બંધ હતાં. તેથી મેં એ સ્વપ્નું જ માન્યું." બાબાએ ઉત્તર દીધો, "મારે આવવા સારૂ દ્વારની જરૂર નથી. મારે કશું રૂપ કે આકાર નથી. હું તો સર્વત્ર વસું છું. જેને મારામાં શ્રદ્ધા છે તથા જે મારામાં જ મગ્ન બનીને રહે છે તેનાં સર્વ કામ હું સૂત્ર-ધારની પેઠે કરી દઉં છું."

મેઘાએ વાડામાં જઇ બાબાની છબી પાસે લાલ ત્રિશૂળ દોર્યું" બીજે દહાડે સવારે એક રામદાસી ભક્ત પુનાથી આવ્યો અને બાબાને નમસ્કાર કરીને એક પિંડી (શિવ-લિંગ) ભેટ આપ્યું. તે વખતે મેઘો ત્યાં આવી ચડયો. બાબાએ તેને કહ્યું, "જુઓ, આજે શંકર આવ્યા છે. તું હવે તેની પૂજા કરજે." આમ ત્રિશૂળ પછી તરત જ પિંડી જોઇને મેઘો આશ્ચર્ય પામ્યો. તે સમયે કાકાસાહેબ દીક્ષિત વાડામાં સ્નાન કરી માથે ટુવાલ મૂકીને ઉભા હતા. અને શ્રી સાઈનું સ્મરણ કરતા હતા ત્યાં જ તેને પિંડીનું માનસિક દર્શન થયું. હજૂ એ આશ્ચર્ય શમ્યું નહોતું ત્યાં જ મેઘાએ આવીને બાબાએ આપેલી પિંડી બતાવી. થોડી ક્ષણ અગાઉ જ પોતાને જે પિંડીનું માનસિક દર્શન થયેલું તેને જ બરોબર મળતી આવતી આ પિંડી હતી. એ જોઇ દીક્ષિત રાજી થયા. ત્રિશૂળ દોર્યા બાદ થોડા જ સમયમાં પોતાના પૂજ-નની બાબાની છબી પાસે જ મેઘાએ આ પિંડીની સ્થાપના કરી. મેઘાને શિવ-પૂજન વહાલું હતું. તેથી બાબાએ જ આ ત્રિશૂળની તથા પિંડીની સ્થાપનાની અગમ્ય રીતે વ્યવસ્થા કરી, તેની શિવ-પૂજનની શ્રદ્ધા દ્દઢ કરી હતી.

નિત્ય બપોરે તેમજ સાંજે નિયમિત બાબાનું પૂજન તથા આરતી કરી મેઘાએ ઘણાં વર્ષો સુધી બાબાની સેવા કરી અને

પછી સને ૧૯૧૨ માં તે કૈલાસવાસી થયો. તે વખતે બાબાએ તેના શબ પર હાથ ફેરવીને કહ્યું : "આ મારો સાચો ભક્ત હતો." તેની ઉત્તરક્રિયામાં બાબાએ બ્રાહ્મણો જમાડવાની આજ્ઞા કરી. અને પોતાની પાસેથી તે ખર્ચ આપ્યો હતો. કાકાસાહેબ દીક્ષિતને હાથે જ એ સર્વ ક્રિયા થઇ હતી.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઇસમર્થસચ્ચરિત્રે 'દ્રષ્ટાંત-કથન' નામ અઠ્ઠાવીસમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્ગુરૂસાઇનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।





हाथ में चिमटा लिए महाराज श्री साई



http://suratiundhiyu.wordpress.com/



http://suratiundhiyu.wordpress.com/



## અધ્યાય–૨૯.

### સ્વપ્નકથા–કથન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરૂ-સાઈનાથાય નમઃ ।

આ અધ્યાયમાં મદ્રાસી ભજન–મંડળી, તેંડુલકર–(પિતા–પુત્ર), ડૉ. કેપ્ટન હાટે વામન નાર્વેકર તથા અન્ય રસિક અજબ કથાઓ વર્ણવી છે.

**(૧) મદ્રાસી ભજન–મંડળી :** કાશી–બનારસ તીર્થની યાત્રા પર એક રામદાસી પંથની મદ્રાસી ભજન–મંડળી સને ૧૯૧૬માં નીકળી હતી. તેમાં પતિ–પત્ની તથા પુત્ર–પુત્રવધુ એમ ચાર માણસ હતાં, જેમનાં નામ નોંધેલા મળતાં નથી. તેમણે કાશી જતાં માર્ગમાં સાંભળ્યું કે અહમદનગર જીલ્લામાં કોપરગામ તાલુકામાં શીરડી ગામમાં સાઈબાબા નામે એક મોટા સંત રહે છે. તે શાંત, વૈરાગ્યવાન અને ઉદાર છે. પોતાના ભક્તોને તેમજ કળા બતાવનારા કળાવંતોને નિત્ય દાનમાં સારા પૈસા વહેંચે છે. સાઈબાબા પાસે દક્ષિણાના રૂપમાં નિત્ય ઘણા પૈસા ભેગા થતા. જેમાંથી ભક્ત કોંડાજીની પુત્રી અમાનીને એક રૂપીયો, કોઈને બેથી પાંચ રૂપિયા, જમાલીને છ રૂપિયા, અમાનીની માને દસથી વીસ રૂપિયા સુધી અને કોઈવાર પચાસ રૂપીયા સુધી તથા બીજા ભક્તોને પોતાની ઈચ્છાનુસાર બાબા નિત્ય દાન આપતા હતા. આ મંડળી ભજન બહુ સારાં કરતી. તેનું સંગીત બહુ મધુર હતું. પણ અંદરખાનેથી તેને પૈસાનો લોભ હતો. આમાંથી ત્રણ જણા લોભી હતાં. પણ મુખ્ય



બાઈ જુદા સ્વભાવની હતી. બાબા પર તેને સાચાં માન–પ્રેમ હતાં. એક વાર બપોરે બાબાની આરતી ચાલતી હતી ત્યારે એ બાઈની શ્રદ્ધા–ભક્તિથી બાબાએ રાજી થઈને તેના ઈષ્ટદેવ–સીતાનાથ રામ-રૂપે દર્શન આપ્યાં. તેને બાબા રામરૂપે દેખાતા હતા ત્યારે બીજા બધાને સાઈનાથ રૂપે નજરે પડતા હતા. ઈષ્ટદેવનાં દર્શન કરી બાઈ બહુ રાજી થઈ અને આંખમાંથી અશ્રુ–પ્રવાહ વહેવા લાગ્યો. તથા આનંદમાં તાળીઓ પાડવા લાગી. એ બાઈને આટલી આનંદમાં આવેલી જોઈ બધા આશ્ચર્ય પામ્યા. પણ તેનું કારણ કોઈ સમજી શક્યું નહિ. બપોરે બાઈએ પોતાને થયેલ ઇષ્ટ દર્શ-નની તથા બાબાનું શ્રીરામ રૂપે કેવું દર્શન થયેલું તેની વાત પતિને કહી બતાવી. પણ તેણે તો માન્યું કે બાઈ બહુ ભોળી હોવાથી રામદર્શનની તેની ભ્રમણા જ હોવી જોઈએ. એથી ધુત્કા-રીને તેણે કહ્યું, "બધાને સાઈબાબાના દર્શન થતાં હતાં અને તને એકલીને રામદર્શન થાય એ સંભવિત જ નથી." બાઈએ આ ટીકાનો કંઈ જવાબ ન આપ્યો. તેની શાંત, નિર્લોભી, નિશ્ચળ માનસિક સ્થિતિને લીધે સુભાગ્યે આવાં દર્શન તેને ઘણીવાર થતાં હતાં.

**અજબ દર્શન :** એવામાં એકવાર એ બાઈના ધણીને અજબ દર્શન થયું. જાણે તે એક મોટા શહેરમાં છે અને પોલીસે તેને પકડ્યો છે. તથા દોરડાથી હાથ બાંધી એક પાંજરામાં પૂર્યો છે. તેને બાંધતાં હતા તેવામાં પાંજરા નજીક શાંત ઉભેલા સાઈ-બાબાને તેણે દેખ્યા. બાબા પાસે આવીને દર્દભર્યા અવાજે તેણે બાબાને કહ્યું, "આપનું મોટું નામ સાંભળીને હું આપને શરણે આવ્યો છું. આપ અહીં ઉભા છો. છતાં મારા પર આ વિપત્તિ કેમ આવી પડી છે?" બાબા બોલ્યા, "તારે તારા કર્મના ફળ ભોગ-વવાનાં છે." એટલે પેલાએ કહ્યું, "આવું સંકટ આવે તેવું કોઈ પાપ મેં કર્યું નથી." બાબાએ કહ્યું, "આ જન્મમાં નહિ, તો



પૂર્વ જન્મમાં તેં એ પાપ કર્યું હશે." તેણે ઉત્તર દીધો, "પૂર્વ જન્મની કોઈ વાતની મને ખબર જ નથી. વળી માનો કે મેં તે વખતે કોઈ પાપ કર્યું હશે તો પણ આપની હાજરીમાં એ પાપ સુકા ઘાસની માફક બળીને નષ્ટ કેમ ન થાય?" ત્યારે બાબાએ તેને પૂછ્યું, "તને એવી શ્રદ્ધા છે?" પેલાએ હા પાડી. એટલે બાબાએ તેને આંખો બંધ કરવાની આજ્ઞા આપી. આંખો બંધ કરતાં જ જાણે કોઈનો નીચે પડી ગયાનો ધડાકો તેણે સાંભળ્યો. આંખો ઉઘાડતાં તેણે પોતાને છૂટો જોયો. અને પેલો ધડાકો પોલીસના પકડવાનો હતો; તેના બરડામાંથી લોહી નીકળતું હતું. એથી ડરીને તે બાબા સામે જોવા લાગ્યો. એટલે બાબા બોલ્યા, "હવે તું ઠીક સપડાયો. અમલદારો આવીને તને પકડશે." એથી તે કરગરવા લાગ્યો, "આપના વિના મારૂં કોઈ તારણહાર નથી. ગમે તેમ કરી આપ મને બચાવો." પુનઃ બાબાએ તેને આંખો મીંચી જવા ફરમાવ્યું. તેણે આંખો મીંચીને જેવી ઉઘાડી તેવો જ પોતે પાંજરામાંથી છૂટો થયો હતો. બાજુમાં બાબા ઉભા હતા. તેને તે પગે પડ્યો. બાબાએ પૂછ્યું, "તારા આ નમસ્કાર અને અગાઉના નમસ્કાર એ બેમાં શું ફેર છે? બરાબર વિચાર કરીને ઉત્તર દેજે." પેલાએ કહ્યું, "તેમાં તો ઘણો ફેર છે. અગાઉના નમસ્કાર આપની પાસેથી ધન મેળવવા સારૂ જ હતા. પણ મારા આ નમસ્કાર તો હું આપને પ્રભુ ગણીને કરૂં છું. અગાઉ હું એમ માનતો હતો કે આપ મુસલમાન થઈને અમને વટલાવો છો." વળી બાબાએ પૂછ્યું, "મુસ્લિમ દેવ પર તારે આસ્થા નથી?" તેણે કહ્યું, "ના." બાબાએ પૂછ્યું, "તારા ઘરમાં તેં પંજો નથી રાખ્યો? મોહરમમાં તું તાબુતની પૂજા નથી કરતો? તારા કુટુંબમાં લગ્ન તથા એવા શુભ પ્રસંગે કાક-બીબી નામે મુસ્લિમ દેવીનું પૂજન—અર્ચન નથી થતું? એ સર્વ શું છે?" તેણે આ બધું કબુલ કર્યું. એટલે બાબા બોલ્યા : "આથી વધુ તારે શું જોઈએ છે?" પછી તેના મનમાં ગુરૂ



રામદાસના દર્શનની ઈચ્છા જાગી. બાબાએ તેને પાછળ ફરી જોઈને જોવાની આજ્ઞા કરી. જેવું તેણે પીઠ પાછળ જોયું, તેવા જ તેણે સામે સમર્થ રામદાસને જોયા. પણ તેમના ચરણમાં તે પડવા જતો હતો ત્યાં જ રામદાસ અલોપ થયા. પછી આતુર બની તેણે બાબાને પૂછ્યું, "આપ ખૂબ વૃદ્ધ લાગો છો. આપનું વય કેટલું હશે?" બાબાએ કહ્યું, "શું તું એમ કહે છે કે હું વૃદ્ધ થયો છું? મારી જોડે દોડ બકીને પારખું કર." એટલું બોલી બાબા દોડવા લાગ્યા. અને તે તેની પાછળ દોડ્યો. બાબા તો દોડતા રહ્યા. તેમના પગલાંની ઉડતી ધૂળમાં તે દેખાતા બંધ થયા અને આ માણસ ઉંઘમાંથી જાગી ગયો.

ઉઠયા પછી આ સ્વપ્ન દર્શન પર તે વિચાર કરવા લાગ્યો. તેનું માનસિક વલણ સાવ બદલાઈ ગયું હતું. બાબાની મહત્તા તે બરાબર સમજ્યો. તેની શંકાશીલ મનોવૃત્તિ મટી ગઈ અને અંતરમાં બાબાના ચરણની સાચી ભક્તિ ઉદય પામી. આ દર્શન તો માત્ર સ્વપ્ન જ હતું. પણ તેમાં થયેલા પ્રશ્નોત્તર રસદાયક ને સૂચક હતા. બીજે દહાડે બીજા જોડે આરતી માટે તે મસીદમાં આવ્યો. ત્યારે બાબાએ તેને બે રૂપિયાની મીઠાઈ મંગાવીને પ્રસાદ આપ્યો. તથા બે રૂપિયા રોકડા તેના હાથમાં મૂક્યા ને આશી-ર્વાદ આપી તેને થોડા દિવસ શીરડીમાં રોક્યો. છેવટે તેને આશીર્વાદ આપતાં બાબા બોલ્યા: "અલ્લાહ તને ઘણું આપશે. પ્રભુ તારૂં કલ્યાણ કરશે." તેને દાનમાં બહુ પૈસા તો ન મળ્યા. પણ બાબાના અમૂલ્ય આશીર્વાદથી તેની સ્થિતિ બહુ સારી થઈ. એ પછી એ મંડળીને ધન પણ સારૂં મળ્યું. અને યાત્રામાં ફરી અગવડ પડી નહિ. યાત્રા પુરી થઈ અને બાબાના આશીર્વચન યાદ કરતાં તેઓ ઘેર સાજાંતાજાં પહોંચી ગયા. અને આનંદથી રહેવા લાગ્યા. બાબા ભક્તોને સુધારી સુમાર્ગે ચડાવતા અને સમાધી પછી પણ નેક ભક્તોને સન્માર્ગે ચડાવે છે. તેનું જ દ્રષ્ટાંત આ કથામાં પ્રત્યક્ષ આપ્યું છે

**(૨) તેંડુલકર કુટુંબ :** વાંદરાના તેંડુલકર કુટુંબના બધા જણ બાબાના ભક્ત હતા. બાબાની લીલા તથા ૮૦૦ અભંગ અને પદવાળો એક મરાઠી ગ્રંથ–"શ્રી સાઇનાથ ભજનમાળા" શ્રીમતી સાવિત્રીબાઈ તેંડુલકરે રચીને પ્રગટ કરેલ છે. બાબાના ભક્તોએ તે ગ્રંથ વાંચવા સરખો છે. પુત્ર તેંડુલકર ડાક્તરી અભ્યાસ કરી ડાક્તરની પરીક્ષામાં બેસવાનો હતો. તેણે જોશીને પૂછયું ત્યારે કુંડળી જોઈ તેણે કહેલું, "આ વર્ષમાં તારા ગ્રહ બરાબર નથી. તેથી આવતી સાલ પરીક્ષામાં બેસીશ તો પાસ થઇશ. એથી તે નિરાશ થઈ ચિંતામગ્ન બન્યો. થોડા દહાડા પછી તેની માતાએ શીરડી જઈ બાબાનાં દર્શન કર્યાં. ત્યારે બીજી વાતો સાથે પુત્રની પણ વાત કરી કે તે પરીક્ષામાં બેસવાનો છે. પણ નાપાસ થવાની ચિંતાથી શોકાતુર રહે છે. ત્યારે બાબા બોલ્યા, "તારા દીકરાને કહેજે કે મારામાં શ્રદ્ધા રાખે. કુંડળીગુંડળી ફેંકી દેજે. હસ્તરેખા જોનારા કે જોશીઓ સામું પણ ન જુએ. અભ્યાસ બરાબર કરે ને શાંત ચિત્તે પરીક્ષા આપે. તે નક્કી આ વરસે જ પાસ થવાનો છે. મારામાં શ્રદ્ધા રાખે અને નિરાશ ન થાય એમ તેને કહેજે." માતાએ ઘેર જઈ પુત્રને આ સંદેશો આપ્યો. પુત્રે અભ્યાસમાં બરાબર મન પરોવ્યું અને પરીક્ષામાં બેઠો, લેખિત પરીક્ષામાં સારૂં કર્યું હતું. છતાં પાસ થવા પુરતા માર્ક નહિ મળે એવું તેને લાગ્યું. તેથી મૌખિક પરીક્ષામાં બેસવું નકામું માન્યું. પણ પરીક્ષકે જ તેના એક સહાધ્યાયી મિત્ર જોડે કહેવડાવ્યું. કે 'તું લેખિત પરીક્ષામાં પાસ થયો છે, માટે મૌખિક પરીક્ષામાં હાજર રહેજે.' એથી ઉત્તેજન પામી તે મૌખિક પરીક્ષામાં પણ બેઠો. અને બંનેમાં પાસ થયો. આમ ગ્રહ ખરાબ હતા છતાં બાબાની કૃપાથી એ જ વર્ષે તે પાસ થયો. અહીં વાંચકોએ યાદ રાખવું કે મુંઝવણ અને શંકા તો આપણી શ્રદ્ધા દૃઢ કરવા માટે જ હોય છે. માટે જો પુરી શ્રદ્ધાથી બાબાને જ ચોંટી રહી



પ્રયત્ન જારી રાખીએ તો છેવટ આપણી મહેનત અવશ્ય સફળ થાય છે જ."

આ પુત્રના પિતા રઘુનાથરાવ કોઈ યુરોપીયન વ્યાપારીની પેઢીમાં નોકરી કરતા હતા. વૃદ્ધ થવાથી તે કામ બરાબર કરી શકતા નહિં. તેથી આરામ માટે રજા લીધી. છતાં તબીયત સુધરી નહિં. તેથી નિવૃત્તિ લેવાનું ઠર્યું. તે વૃદ્ધ અને વિશ્વાસપાત્ર હોવાથી પેન્શન આપીને તેને છૂટા કરવાનું પેઢીના મેનેજરે નક્કી કર્યું. પેન્શનની રકમ શું આપવી તે પ્રશ્ન નક્કી થયો નહોતો. તેને દોઢસો રૂપીયા પગાર મળતો હતો તેથી પોણોસો રૂપિયાનું પેન્શન મળે તેમ હતું. પણ એટલામાં કુટુંબનું પુરૂં થાય તેમ નહોતું. તેથી બધાને ચિંતા થતી હતી. પેન્શન નક્કી થવા અગાઉ પંદર દિવસ પહેલાં તેમની પત્નીને બાબા સ્વપ્નમાં દેખાયા અને કહ્યું "તમને પેન્શનના સો રૂપીયા મળે એવી મારી ઈચ્છા છે. એટલાથી સંતોષ થશે ?" ત્યારે બાઇએ ઉત્તર દીધો, "બાબા, આપ મને કેમ પૂછો છો ? આપનામાં અમને સંપૂર્ણ શ્રદ્ધા છે." બાબાએ સ્વપ્નમાં સો રૂપીયા કહેલા, પણ તેને ખાસ કેસ તરીકે પેન્શન એકસો દસ રૂપીયાનું કરી આપવામાં આવ્યું, ભક્તો પર બાબાનો આવો અજબ પ્રેમ હતો.

**(૩) કેપ્ટન હાટે :** બિકાનેરના કેપ્ટન હાટે બાબાના પરમ ભક્ત હતા. એકવાર સ્વપ્નમાં બાબાએ દર્શન દઈ તેમને કહ્યું, "તું મને ભૂલી ગયો ?" હાટેએ તરત બાબાના ચરણ પકડી લીધાં ને કહ્યું, "બાબા, બાળક માતાને વિસરી જાય તો તેની રક્ષા કોણ કરે ?" પછી હાટે બાગમાં જઇ તાજી વાલપાપડીનું શાક ચુંટી લાવી જેવા બાબાને દક્ષિણા સાથે કાચું સીધું દેવાની તૈયારી કરતા હતા ત્યાં જ તેની આંખ ઉઘડી ગઈ. તેથી આ સ્વપ્ન હતું એમ ખાત્રી થઈ. પણ આવું સીધું બાબાને શીરડી મોકલવા તેણે નક્કી કર્યું. ગ્વાલીયર આવી એક મિત્રને ટપાલમાં બાર રૂપિયા મોકલી



દસ રૂપિયા દક્ષિણાના તથા વાલપાપડીના શાક સાથેનું બે રૂપિયાનું સીધું બાબાને અર્પણ કરવા સૂચના લખી મોકલી. મિત્રે શીરડી જઈ સૂચનાપ્રમાણે બધી વસ્તુ લીધી. પણ વાલપાપડી મળી નહિં. તેથી વિમાસણ થઇ. પણ એવામાં થોડી જ વારમાં શાકના ટોપલાવાળી બાઈ આવી, જેના ટોપલામાં વાલપાપડી મળી આવી. તેથી મિત્રે ખુશી થઇને તે લીધી અને સૂચનાપ્રમાણે બાબાને સીધું તથા દક્ષિણા અર્પણ કરી. બીજે દહાડે શ્રી. નીમોણકરે તે સીધાનો ભાત તથા વાલપાપડીનું શાક તૈયાર કરી નૈવેદ્ય ધરાવ્યું અને બાબાએ તે દહાડે એ શાક જ ખાધું અને બીજી કોઇ વસ્તુ લીધી નહિં. એ જોઇ સર્વેને આશ્ચર્ય થયું મિત્ર પાસેથી આ સમાચાર લખાઈ આવ્યા ત્યારે કેપ્ટન હાટેના આનંદનો પાર રહ્યો નહિં.

**સ્પર્શ વડે પાવન થયેલો રૂપિયો :** એકવાર કેપ્ટન હાટેને ઈચ્છા થઇ કે બાબાના હાથના સ્પર્શ વડે પાવન થયેલો રૂપિયો મારી પૂજામાં રાખું. એવામાં શીરડી જનાર એક મિત્ર મળ્યો, જેની જોડે હાટેએ એક રૂપિયો શીરડી મોકલ્યો. મિત્રે શીરડી જઈ દર્શન કરી દક્ષિણા ધરી. બાબાએ તે ખીસ્સામાં મૂકી. પછી મિત્રે હાટેનો રૂપિયો બાબા પાસે ધર્યો. બાબાએ તે હાથમાં લીધો અને તેની સામું જોઈ રહ્યા. જમણા હાથે ઉછાળીને રમાડ્યો. પછી હાટેના મિત્રને કહ્યું, "આ રૂપિયો ઉદી પ્રસાદ જોડે તેના માલિકને આપજે. તેને કહેજે કે મારે તેની પાસેથી કંઇ નથી જોઇતું, શાન્તિ ને સંતોષથી રહે એમ તેને કહેજે." મિત્રે ગ્વાલીયર પાછા આવી સ્પર્શ વડે પાવન થયેલો રૂપીયો હાટેને આપ્યો અને શીરડીમાં જે બનેલું તે વર્ણવી બતાવ્યું. એથી હાટે બહુ રાજી થયા. બાબા સુવિચારને સદા ઉત્તેજન દઈ મારી તીવ્ર ઉત્કંઠાને આમ ઉત્તેજન આપે છે. તેમણે મારી આશા પુરી છે, એવું મનમાં સમજી હાટેને આનંદ થયો.



**(૪) વામન નાર્વેકર :** હવે એક જુદીજ કથા તમે શ્રવણ કરો. વામન નાર્વેકર નામે એક ગૃહસ્થને બાબા પર ખૂબ પ્રેમ હતો. એક વાર તે એક રૂપાનો સીક્કો લઈ આવ્યા, જેની એક બાજુ રામ–લક્ષ્મણ–સીતાજીની મૂર્તિઓ છાપેલી હતી અને બીજી બાજુ બન્ને હાથ જોડી ઉભેલા મારૂતીની મૂર્તિ છાપી હતી. બાબા તેને સ્પર્શ કરી પાવન કરે અને ઉદી જોડે તે સીક્કો પોતાને પાછો દે એવી આશાથી તેણે એ સીક્કો બાબા પાસે ધર્યો. બાબાએ સીક્કો લઇ ખીસામાં મૂક્યો. એટલે શામાએ વામનરાવનો ઈરાદો બાબાને કહી સંભળાવ્યો અને સીક્કો તેને પાછો આપવા વિનતિ કરી. ત્યારે વામનરાવની હાજરીમાં જ બાબાએ કહ્યું, "શા માટે તે એને પાછો આપું ? એ તો અમે પોતેજ રાખશું. તેના બદલામાં એ પચીશ રૂપીયા આપવા તૈયાર હોય તો તેને એ પાછો મળે." એટલે વામનરાવે મિત્રો પાસેથી પચીશ રૂપીયા ભેગા કરી પેલો સીક્કો પાછો મેળવવા બાબાની પાસે મૂક્યા. ત્યારે વળી બાબા બોલ્યા, "એ સીક્કાની કિંમત તો પચીશ રૂપીયાથી પણ વધારે છે. પણ શામા, તું આ સીક્કો લે. આપણે તે મંદિરમાં જ રાખશું. તું તારા મંદિરમાં રાખી તેનું પૂજન કરજે." બાબાએ આમ શા માટે કહ્યું તે પૂછવાની કોઇની હિંમત ચાલી નહિ. કઈ વસ્તુ ઉત્તમ છે અગર સૌથી વધુ સુયોગ્ય શું છે તેની ખબર તો શ્રી બાબાને એકલાનેજ હતી.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઇસમર્થસચ્ચરિત્રે 'સ્વપ્નકથા–કથન' નામ ઓગણત્રીસમો અધ્યાય સંપૂર્ણ ।

। શ્રી સદ્‌ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/



## અધ્યાય – ૩૦.

### નવસાદિ–કથન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરુ-સાઈનાથાય નમઃ ।

**ઉપોદ્ઘાત :** ભક્તોના પ્રેમભાજન, દયાના ભંડાર શ્રી સાઈનાથને અમારા નમસ્કાર છે. શ્રી સાઈ–દર્શનમાત્રથી ભવભયને હરનારા છે. સર્વ સંકટોને ટાળનારા છે. પ્રારંભમાં પોતે નિર્ગુણ હતા, પણ ભક્તોની ભક્તિના કારણે તમને સગુણ રૂપ ધારણ કરવું પડ્યું છે. સંતોને જીવનહેતુ જ ભક્તોને આત્મદર્શન કરાવવાનો હોય છે. તેમાંયે સંતશિરોમણિ સાઈનો તો ખાસ એજ જીવનહેતુ હતો. તેમના ચરણનું શરણ પકડનારનાં સર્વ પાપ નષ્ટ થાય છે ને અવશ્ય તે આગળ વધે છે. પવિત્ર સ્થળોના બ્રાહ્મણો પણ તેમના ચરણનું સ્મરણ કરતા કરતા તેમની પાસે આવે છે, ધર્મગ્રંથો વાંચે છે અને ત્યાં બેસી ગાયત્રીમંત્ર જપે છે. આપણ પુણ્યહીન હોવાથી ભક્તિની કંઈ જ ખબર નથી. ખરૂં છે કે જગતમાં આપણા કહેવાતા આત્મજનો પણ આપણને તજી દેશે. પણ શ્રી સાઈ આપણને કદી તજનાર નથી. શ્રી સાઈની કૃપાદષ્ટિ જેમના પર થાય છે તેમને સ્વતઃ જ સત્યાસત્યનો વિવેક તથા અપૂર્વ બુદ્ધિબળ પ્રાપ્ત થાય છે.

ભક્તોની કામના જાણીને શ્રી સાઈ તે પુરી કરે છે. ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થતાં ભક્ત આભારવશ બને છે. શ્રી સાઈનું સ્મરણ કરી તેમની સ્તુતિ કરનારનાં ચિત્ત તેમની કૃપાથી શાંત નિર્મળ



બને છે. આવા દયાસાગર શ્રી સાઈની મારા પર થયેલી કૃપાને લીધે જ હું આ સાઈસચ્ચરિત્ર ગ્રંથ લખી શક્યો છું. નહિતર મારામાં એવા કયો ગુણ કે શક્તિ છે કે હું આવું સાહસ માથે લઇ શકું? પણ એ ભાર શ્રી સાઈએ પોતે જ ઉપાડી લઈ મને હળવો –નિશ્ચિંત કર્યો છે. વાણી તથા કલમને પ્રેરણા દેનારો તેમના જ્ઞાનનો શક્તિવંત પ્રકાશ સદા મારા સામે હાજર હતો. જેથી મારે કોઈ શંકા કે ચિંતા કરવાનું કારણ જ નહોતું. તેથી જ આ પુસ્તકરૂપે શ્રી સાઇએ મારી સેવા સ્વીકારી છે. મારા પૂર્વજન્મના કોઈ પુણ્યને લીધે જ મારા હાથે આ સેવા થઇ શકી છે. તેથી મારી જાતને ભાગ્યવંત ધન્ય બનેલ હું સમજું છું.

નીચે આપેલી કથા એક વાર્તા માત્ર નથી, પણ પવિત્ર અમૃત છે. એ અમૃતના પીનારાને શ્રી સાઈની મહત્તા-સર્વજ્ઞત્વનાં દર્શન થશે. દલીલો કરી ટીકા કરનારાઓએ આ કથા વાંચવી જ નહિ. અહીં તો ચર્ચાની નહિ પણ અપાર શ્રદ્ધા–પ્રેમની જરૂર છે. વિદ્વાન, ભક્તિમાન, શ્રદ્ધાળુ જનોને તેમજ પોતાને સંતોના સેવકો ગણ-નાર લોકોને આ કથાઓ બહુ ગમશે. અને તેની કદર પણ કરી શકશે. પણ બીજા તો તેને કલ્પિત વાર્તા જ ગણશે. શ્રી સાઈના ભાગ્યવંત ભક્તો સાઇલીલાઓને કલ્પતરૂ ગણે છે. અજ્ઞાની જીવ સાઈલીલામૃતનું પાન કરીને મુક્તિ પામશે. ગૃહસ્થીઓ સંતોષ પામશે. અને મુમુક્ષુ જનો સાધન પ્રાપ્ત કરશે. હવે આ અધ્યાયની કથા કહીએ.

**કાકાજી વૈદ્ય :** નાસીક જીલ્લાના વાની ગામમાં કાકાજી વૈદ્ય નામે એક સજ્જન ત્યાંની સપ્તશૃંગી માતાજીના પૂજારી હતા. તે કોઈ સંકટો તથા આફતમાં ઘેરાઈ જવાથી તેમના ચિત્તને શાન્તિ નહોતી થતી. તેથી દુઃખી થતા હતા. તેથી એક સાંજે માતાજીના મંદિરમાં જઈ ખરા ભાવથી સ્તુતિ કરી. આ ચિંતામાંથી પોતાને મુક્ત કરવા આર્તભાવે પ્રાર્થના કરી. માતાજી તેની ભક્તિથી



પ્રસન્ન થયાં. અને તેજ રાત્રે સ્વપ્નમાં દર્શન દઇને કહ્યું, "તું બાબા પાસે જા. ત્યાં તારૂં ચિત્ત સ્થિર ને શાંત થશે." આ બાબા કયા એવું માતાજીને પૂછવા તે ઈંતેજાર હતા. પણ એ પહેલાં તો એ જાગી ગયા. પછી તો માતાજીએ બતાવેલા આ બાબા કોણ હશે તેનો વિચારમાં પડી ગયા. અને છેવટે એ બાબા ત્ર્યંબકેશ્વર (શિવજી) જ હશે એમ માની તે ત્ર્યંબકેશ્વર જઈ દસ દહાડા રોકાયા. નિત્ય પ્રાતઃકાળમાં વહેલા ઉઠી સ્નાન કરી રૂદ્રમંત્ર જપતા, રૂદ્રા-ભિષેક કરતા; અને અન્ય ધર્મધ્યાનમાં સમય ગાળતા હતા; પણ તેમના ચિત્તની શાન્તિ થઈ નહિ. એથી તે ઘેર પાછા આવ્યા અને પુનઃ માતાજીને આર્જવભરી સ્તુતિ કરી અને દયા કરીને સહાય યાચી. એથી પુનઃ માતાજીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં. અને કહ્યું, "તું ફોગટ ત્ર્યંબકેશ્વર શા માટે ગયો હતો? બાબા એટલે શીરડીના શ્રી સાઈ સમર્થ."

એથી કાકાજી વિચારવા લાગ્યા કે શીરડી કેમ અને ક્યારે જવું અને બાબાનાં દર્શન શી રીતે કરવાં? સંતના દર્શનની અભિલાષા થતાં એ સંત પોતે જ અગર ઇશ્વર જ એ ઇચ્છા પુરી કરે છે. ખરી રીતે તો સંત તથા અનંત ઇશ્વર બન્ને એક જ છે; તેમનામાં મુદ્દલ ભેદ નથી. જે કોઈ માનતું હોય કે હું જાતે જઈને સંતનાં દર્શન કરીશ તો એ તો માત્ર જુઠી બડાઈ જ છે. સંતની ઇચ્છા ન હોય તો કોણ જઈ શકવાનું હતું કે દર્શન પામી શકવાનું હતું? ઝાડનું એક પાંદડું પણ તેમની ઇચ્છા વિના ફરકી શકતું નથી. સંતના દર્શનની જેમ ભક્તની વધુ આતુરતા, જેમ વધુ શ્રદ્ધા–ભક્તિ, તેમ ભક્તની ઇચ્છા વધુ ત્વરિત પુરી થાય છે. યજમાન અતિથિને સન્માનથી મળવાની સર્વ તૈયારી પણ કરે છે. કાકાજીને પણ એમ જ થયું.

**શામાની બાધા :** શીરડીની યાત્રાનું કાકાજી જ્યાં ચિંતન કરતા હતા ત્યાં શીરડી તેડી--જનાર એક અતિથિ જ તેમને ત્યાં



આવી ચડયા. આ અતિથિ જ બાબાના અંગત પરમ ભક્ત શામા પોતે જ હતા. આણીના પ્રસંગે જ તે શીરડી કેમ આવ્યા તે જોઈએ: બાળવયમાં શામા ખુબ માંદા પડેલા, ત્યારે કુળદેવી વણીનાં સપ્તશૃંગી માતાજીની બાધા શામાની બાએ લીધી કે પુત્ર સાજો થઈ જશે એટલે છોકરાને તારી પાસે લાવીને તારે ચરણે ધરીશ. ને પછી કેટલાક વર્ષ બાદ શામાની બાને સ્તન ઉપર ખરજવાની ભારે પીડા ઉપડી. વળી એ વખતે તેણે બીજી બાધા લીધી કે મને આ દર્દ મટી જશે તો હું સપ્તશૃંગી માતાજીને ચાંદીના બે સ્તન ચડાવીશ.

આ બન્ને લીધેલી બાધા પૂરી થઈ શકી નહિ. અને તેની બા મરવા પડયાં. છેલ્લી ઘડીએ શામાને પાસે બોલાવી તેની બાએ આ બાધાની વાત કરી અને તે પૂરી કરવાનું શામા પાસેથી વચન લીધું. ત્યાર પછી જ તેણે દેહ છોડયા. સમય તો પસાર થતો ગયો. અને શામા પણ બાધા પૂરી કરવાનું ભૂલી ગયા. આમ એ બાધા લીધાને ત્રીશ વર્ષ થઈ ગયાં હતાં. એવામાં શીરડીમાં એક પ્રખ્યાત જોશી આવીને એક માસ રોકાયા. બુટી તથા બીજાનું તેણે કહેલ ભાવિ સાચું પડયું હતું. તેથી માંદા રહેતા શામાના નાનાભાઈ-બાપાજીએ પણ જોવડાવ્યું. પોતાની માંદગીનું કારણ ત્યારે જોશીએ કહ્યું કે તમારી બાને મરતી વખતે બે બાધા પૂરી કરવાનું તમારા વડીલ ભાઈએ વચન આપ્યું છે. પણ તેણે તે પૂરી કરી નથી તેથી તમારા પર માતાજીની નારાજી ઉતરી છે, હજી તેને લીધે તમને આ પીડા છે.

આ વાત બાપાજીએ શામાને કહી ત્યારે તેને એ બાધા યાદ આવી. વધુ વિલંબ કરવો એ ઠીક નહિ એમ માની સોની પાસે ચાંદીના સ્તનની જોડી તૈયાર કરાવી અને મસ્જિદમાં જઈ બાબાને સાષ્ટાંગ પ્રમાણ કરી એ સ્તનની જોડી બાબાને જ ધરાવી. તથા તેનો સ્વીકાર કરી બાધામાંથી મુક્ત કરવા અરજ કરીને કહ્યું: "બાબા, મારા સપ્તશૃંગી માતા તો આપ જ છો." પણ બાબાએ તેને વણી સપ્તશૃંગી માતાજીના મંદિરે જઈ દર્શન કરી જાતે જ માતાજીની પાસે એ જોડી અર્પણ કરી આવવા આગ્રહ કર્યો.

તેથી શામા બાબાની રજા લઈ સાથે સખી વણી જવા નીકળ્યા. અને પૂજારીની તપાસ કરી કાકાજીને ઘેર આવ્યા. એ સમયે જ કાકાજીને બાબાના દર્શનની તાલાવેલી લાગી હતી. ત્યાંજ બાબાના પરમભક્ત શામા જ તેને મળ્યા આ કેવો અજબ જોગાનુજોગ થયો!

શામા પોતાને ઘેર આવતાં તે કોણ તથા ક્યાંથી આવે છે એમ કાકાજીએ પછ્યું, "હું શીરડીથી આવું છું" એવું સાંભળીને તો કાકાજી શામાને ભેટી પડયા. હૃદયમાં પ્રેમ સમાતો નહોતો. પછી તો શામાએ સાઈલીલાની ઘણી જ વાતો કરી. અને પોતાની બાધા પુરી કરી, બન્ને જણ સાથે જ શીરડી આવવા નીકળ્યા. શીરડી પહોંચી કાકાજી મસીદમાં ગયા અને બાબાને સાષ્ટાંગ પ્રમાણ કરી દર્શન કરતાં જ અશ્રુ વડે આંખો ભીની થઈ. અને ચિત્તની ચંચળતા જતી રહી. અને મન નચિંત-શાંત થયું. કાકાજીને મનમાં થયું, "આ કેવી અજબ શક્તિ કહેવાય? બાબા નથી કશું બોલ્યા, નથી પ્રશ્નોત્તર કર્યા, નથી કોઈ મંત્ર ઉચ્ચાર્યો. માત્ર તેમનાં દર્શન કરતાં જ મને આટલું સુખ થયું! મારા ચિત્તની અશાન્તિ દૂર થઈ અને અંતરમાં આનંદોર્મિ જાગી. આ દર્શનની મહત્તા કોણ વર્ણવી શકે?" કાકાજીની તો દૃષ્ટિ જ શ્રી સાઈચરણમાં ચોંટી રહી. અને તે એક શબ્દ પણ ઉચ્ચારી શક્યા નહિ. બાબાની લીલા સાંભળીને તેને બેહદ આનંદ થયો. ત્યારથી તેમણે બાબાનું સંપૂર્ણ શરણ સ્વીકાર્યું. તમામ ચિંતા-ઉપાધિ વિસરી ગયા. અને નિર્મળ સુખ પામ્યા. શીરડીમાં સુખેથી બાર દિવસ રોકાયા અને પછી બાબાની રજા લઈ ઉદી-આશીર્વાદ સાથે વાણી પાછા ગયા.

**રાહતાના ખુશાલચંદ :** કહે છે કે પરોઢીયે આવેલું સ્વપ્ન જાગ્યા પછી. ઘણું ખરૂ સાચું પડે છે. એ વાત ખરીજ હશે. પણ બાબાએ કાકાસાહેબ દીક્ષિતને રાહતા મોકલ્યા અને આજ્ઞા કરી, "તું રાહતા જા. મેં ખુશાલચંદને ઘણા દહાડાથી જોયો નથી. માટે તેને તેડી લાવ." કાકાસાહેબ



ટાંગો લઈને રાહતા ગયા. અને ખુશાલચંદને મળીને બાબાનો સંદેશ આપ્યો. એ સાંભળી ખુશાલચંદ પણ આશ્ચર્ય પામ્યા. તેણે કહ્યું, "હું જમીને જરા આરામ માટે સૂતો હતો ત્યાં સ્વપ્નામાં આવી બાબાએ મને તાત્કાલિક શીરડી આવી જવા આજ્ઞા કરી. તેથી હું આવવાની તૈયારી કરતો જ હતો. પણ આટલામાં ઘોડું નથી. તેથી બાબાને ખબર દેવા મારા દીકરાને જ મોકલ્યો હતો. પણ જ્યાં તે ગામને પાદર પહોંચ્યો ત્યાં જ તમારો ટાંગો તેને સામો મળ્યો." પછી દીક્ષિતે તેને કહ્યું કે, "મને ખાસ તમને તેડી લાવવા સારૂ જ બાબાએ મોકલ્યો છે. માટે ચાલો." અને એ બન્ને ટાંગામાં બેસી શીરડી આવ્યા. ઠેઠ ખુશાલચંદ બાબાના દર્શન કરી બહુ રાજી થયા. બાબાની આ લીલા જાણી બધાંને ભારે આનંદ થયો.

**મુંબઈનો પંજાબી રામલાલ :** એક વાર રામલાલ નામે મુંબઈના પંજાબી બ્રાહ્મણને સ્વપ્નમાં બાબાનું દર્શન એક મહંતરૂપે થયું; પણ તે તેમને કશીજ માહિતી પૂછી શક્યો નહિ. તેથી તેના પ્રત્યક્ષ દર્શન કરવાની તેને ઈચ્છા જાગી. પણ તેમના ઠામ-ઠેકાણાની તેને કંઇજ ખબર નહોતી. તેથી શું કરવું એ સુઝતું નહોતું. પણ અતિથિને બોલાવનાર યજમાન જ સર્વ જરૂરી તૈયારી કરે છે; તેના જેવું આ દ્રષ્ટાનમાં પણ બન્યું. તે જ દિવસ બપોરે રસ્તા પર રામલાલ ફરતો હતા. ત્યાજ એક દુકાનમાં તેણે બાબાની છબી જોઈ. સ્વપ્નમાં દેખેલા મહંતનો ચહેરો આ છબીને બરાબર મળતો આવતો હતો. તેથી તપાસ કરી એ છબી તો શીરડીના સાઈબાબાની છે એમ માલૂમ પડયું. તેથી તરત શીરડી ગયો અને અંતકાળ સુધી ત્યાં જ રહ્યો.



આમ બાબા ભક્તોને દર્શન અર્થે શીરડી બોલવતા હતા. અને તેમની સાંસારિક તેમજ આધ્યાત્મિક અભિલાષાઓ પૂરી કરતા હતા.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'નવસાદિ-કથન' નામ ત્રીસમો અધ્યાય સંપૂર્ણ।
શ્રી સદ્‌ગુરૂસાઈનાથાર્પણમસ્તુ। શુભં ભવતું।

http://suratiundhiyu.wordpress.com/



http://suratiundhiyu.wordpress.com/



## અધ્યાય-૩૧.

## દર્શન-મહિમા.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઇનાથાય નમઃ ।

**ઉપોદ્‌ઘાત :** અંતકાળે જે છેલ્લી ઇચ્છા અગર છેલ્લો વિચાર કોઈ પણ પ્રાણીના મનમાં સ્ફુરે છે તે મુજબ જ તેનો નવો જન્મ થાય છે. 'અંતકાલે ચ યા મતિઃ સા ગતિઃ' ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે "અંતકાળે મારૂં સ્મરણ કરનાર માણસ મને જ પામે છે. એ સમયે જો કોઇ અન્ય વિચાર તેને આવે છે તો તેનું ધ્યાન તેમાં જાય છે ને નવો જન્મ ત્યાં થાય છે." અંતકાળે આપણે પણ કોઈ સારૂં ચિંતન કરશું જ તેની આપણને ખાત્રી નથી. કેમકે કેક કારણસર આપણા દિલમાં ભય-ચિંતા ભરેલા હોય છે. તેથી અંતકાળે કોઈ સુવિચાર પર મન કેન્દ્રિત થાય તેવી આપણે આજથી જ ટેવ પાડવી જોઇએ. તે કારણથી જ સંતો પ્રભુ-સ્મરણ કરી તેમનું કોઈ નામ સદા રટવાની આપણને શીખ દે છે. જેથી આ દેહ છૂટતી વેળા આપણે મુંઝાવું ન પડે. ભક્તો સંતોનું સંપૂર્ણ શરણ પકડી લે છે, અને દઢ ખાત્રીથી માને છે કે સર્વજ્ઞ સંત અંતકાળે આવીને જરૂર સહાય કરશે. આવાં દ્રષ્ટાંત હવે જોઇએ.

**(૧) વિજયાનંદ :** વિજયાનંદ નામે એક સંન્યાસી કૈલાસ માન-સરોવરની યાત્રાએ નીકળ્યો. માર્ગમાં બાબાનું નામ સાંભળી તે શીરડી આવ્યો. અહીં હરદ્વારના સોમદેવજી સ્વામી તેને મળ્યા,



જેને માનસરોવરની યાત્રાની માહિતી તેણે પૂછી. સ્વામીજીએ કહ્યું માનસરોવર ગંગોત્રીથી દૂર પાંચસો માઈલ છે. એ યાત્રાની મુશ્કેલીઓ વર્ણવતાં તેણે કહ્યું કે ત્યાં પુષ્કળ બરફ પડે છે, દર ગાઉએ ભાષા બદલાય છે, ભુતાનના લોકો શંકાશીલ સ્વભાવના હોય છે તેથી માર્ગમાં યાત્રીને હેરાન કરે છે. આ સર્વ સાંભળી વિજયાનંદ નિરાશ થયો. અને યાત્રાએ જવાનું માંડી વાળ્યું. મસીદમાં જઇ બાબાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ત્યારે બાબાએ ક્રોધ કરીને કહ્યું, "આ નકામા સંન્યાસીને કાઢી મૂકો. તેનો સંગ કંઈ કામનો નથી." તેને બાબાના સ્વભાવની ખબર નહોતી. તેથી તે દુઃખી અસ્વસ્થ થતો ત્યાં ખુણામાં બેસી ગયો. અને જે ચાલતું હતું તે જોવા લાગ્યો. એ સવારનો દરબાર હતો. ઘણા લોકો ત્યાં આવીને વિવિધ રીતે બાબાનું પૂજન કરતા હતા. કેટલાક ચરણ ધોતા હતા; કેટલાક અંગુઠો ધોઇ ચરણોદક લેતા હતા અને તે પ્રેમથી પીતા હતા તથા આંખે લગાડતા હતા. કેટલાક બાબાના દેહ પર અત્તર ને ચંદન લગાડતા હતા. જ્ઞાતિ કે કોમના ભેદ ભૂલી જઇને સૌ બાબાનું પૂજન કરતા હતા. બાબાએ તો પોતાના પર ક્રોધ કરેલો છતાં ગમે તે કારણે તેને બાબા પર પ્રીતિ બંધાઇ હતી. તેથી એ સ્થળ છોડવાનું તેને ગમતું નહોતું.

શીરડીમાં તે બે દહાડા રોકાયો, જે દરમ્યાન મદ્રાસથી તેના પર ઘેરથી કાગળ આવ્યો કે તમારાં માતુશ્રી બીમાર છે. એથી તે દીલગીર થયો અને ઘેર માતુશ્રી પાસે જવાની ઇચ્છા થઈ. પણ બાબાની રજા વગર શીરડી છોડી શકાય તેમ નહોતું તેથી હાથમાં કાગળ લઈ તે બાબા પાસે આવ્યો અને ઘેર જવાની રજા માગી. સર્વજ્ઞ બાબાને ભાવીની ખબર હતી. તેથી તે બોલ્યા: "જો તને તારી મા ઉપર આટલો બધો પ્રેમ છે તો તેં સંન્યાસ શા માટે લીધો? ભગવાં વસ્ત્રને આવો રાગ શોભતો નથી. મુકામ પર જઇને બેસ અને થોડા દહાડા શાન્તિથી રાહ જુઓ. વાડામાં બહુ ચોર છે.



બારણે સાંકળ દેજે. ધ્યાન રાખજે, ચોર લોકો બધું ઉપાડી જશે. ધન-વૈભવ તો ક્ષણિક છે. આ દેહ પણ બિમારી તથા મોતને અધીન છે. માટે સમજીને આ લોક તથા પરલોકના બધા મોહ છોડીને તારો ધર્મ બજાવ. સંભાળીને ચાલનાર અને શ્રીહરિનું શરણ પકડનાર સર્વ પીડાથી મુક્ત બની સુખી થાય છે. પ્રેમ-ભાવથી પ્રભુનું સ્મરણ કરી તેનું ધ્યાન ધરનારને પ્રભુ દોડીને સહાય કરે છે. તારા ગતજન્મનો પુણ્યસંચય બહુ મોટો છે. તેથી જ તું અહીં આવ્યો છે. માટે હું તને કહું છું તે બધું સાંભળી લે. અને અંતિમ જીવનહેતુ સમજી લે. નિષ્કામ બની ભાગવતનું અધ્યયન કાલથી શરૂ કરજે. અને ત્રણ અઠવાડીયામાં ભાગવતનાં ત્રણ પારાયણ બરાબર ધ્યાનથી કરજે. પ્રભુ તારા પર પ્રસન્ન થશે, તારાં દુઃખ-શોક નષ્ટ થશે. તારી ભ્રમણા અલોપ થશે. તને શાન્તિ મળશે."

વિજયાનંદનો અંતકાળ નજીક છે એવું જોઇને બાબાએ તેને આ ઉપાય બતાવ્યો હતો. યમરાજને 'રામવિજય' ગમે છે એવું જોઇ તેની પાસે "રામવિજય" વંચાવ્યું. બીજા દિવસથી જ સ્નાન-સંધ્યા કરીને લેંડીબાગમાં એકાંતમાં બેસીને તેણે ભાગવત વાંચનનો પ્રારંભ કર્યો. બે સપ્તાહ પુરાં કર્યાં. પછી જાણે ખૂબ થાકી ગયો હોય તેવું લાગ્યું. પછી વાડામાં આવી મુકામ પર બે દિવસ રહ્યો. અને ત્રીજે દિવસે ફકીર બાબાના ખોળામાં માથું મૂકીને ગુજરી ગયો. કોઈ શુભ હેતુથી બાબાએ તેનું શબ એક દિવસ રાખી મૂકવા આજ્ઞા આપી. પોલીસે આવી જરૂરી તપાસ કર્યા પછી તેની દેહની અંત્યેષ્ટિની રજા આપી. યોગ્ય વિધિ સાથે સારી જગા પર તેના શબને સમાધિ લેવડાવી. આમ બાબાએ આ સંન્યાસી વિજયાનંદને સહાય કરી તેને સદ્ગતિ-મુક્તિના માર્ગે મૂક્યો હતો.

**(૨) બાલારામ માનકર :** બાલારામ માનકર નામે બાબાનો એક ભક્ત હતો. તેની પત્ની ગુજરી ગયા પછી મોટા પુત્રને



કુટુંબ ભળાવીને તે શીરડી આવ્યો અને બાબા પાસે જ રહ્યો. તેની ભક્તિથી પ્રસન્ન થઈ બાબાએ તેનું જીવન સુધરે એમ ઇચ્છયું. બાર રૂપીયા આપી સતારા જીલ્લામાં આવેલ મત્સ્યેન્દ્રગઢ જઇને રહેવાની તેને આજ્ઞા કરી. પ્રથમ તો બાબાથી દૂર જવા જ તે રાજી નહોતો. પણ બાબાએ બતાવેલ માર્ગ ઉત્તમ હોય એવી તેની ખાત્રી હતી: તેથી બાબાના વચનમાં શ્રદ્ધા રાખી તે મત્સ્યેન્દ્રગઢ ગયો. દિવસમાં ત્રણ વખત ધ્યાન ધરવાની બાબાએ તેને આજ્ઞા કરી હતી. એ સ્થળનું સુંદર દશ્ય, સ્વચ્છ જગા, ખુશનુમા હવા અને આસપાસનાં આનંદદાયક દશ્યો જોઈ તે બહુ રાજી થયો. આજ્ઞા મુજબ ખુબ પ્રયત્ન કરીને ધ્યાન-યોગ સાધવા માંડ્યો. થોડા દહાડા પછી તેને એક દર્શન થયું. સામાન્ય રીતે આવાં દર્શન સમાધિમાં કે સ્વપ્નમાં થાય છે. પણ માનકરને તો સમાધિમાંથી જાગ્રતાવસ્થામાં આવ્યા પછી આ દર્શન થયું. તેણે બાબાને જાતે આવેલા જોયા. માનકરે દર્શન કરીને તેમને પૂછી પણ જોયું, "આપે મને આટલે દૂર કેમ મોકલ્યો?" બાબાએ કહ્યું, "શીરડીમાં તારા મનમાં ઘણા વિચાર ફરતા હતા. એવું તારૂં અસ્થિર મન શાંત કરવા માટે તને મેં અહીં મોકલ્યો છે. તું એમ માનતો હતો કે સાડાત્રણ હાથની કાયાનો પાંચ તત્વથી બનેલો દેહ-આ સાઈ શીરડીમાં જ છે. અને શીરડી બહાર બીજે નથી? અત્યારે જે દેહને તું જુએ છે તે જ તેં શીરડીમાં જોયેલ દેહ છે કે કેમ તે તું હવે તારી જાતે જોઇને નક્કી કર. આ વાસ્તે જ મેં તને અહીં મોકલ્યો છે." બાબાએ આપેલી અવધિ પુરી થતાં તે મત્સ્યેન્દ્રગઢથી નીકળી પોતાના વતન બાંદરા આવવા નીકળ્યો. પુનાથી દાદરની રેલ્વે ટીકીટ લેવા તે ગયો ત્યારે ટીકીટ-બારી પર બારે ગીર્દી હતી. તેથી ટીકીટ મળી નહિ. એવામાં કેડે લંગોટી અને કાંધે કામળીવાળો એક જણ તેને મળ્યો અને પૂછ્યું "તમારે ક્યાં જવું છે?" માનકરે કહ્યું "દાદર." ત્યારે તે બોલ્યો,

"તમે મહેરબાની કરી મારી આ દાદરની ટીકીટ લો. મારે અહીં જરૂરી કામ છે, તેથી દાદર જવાનું મેં મોકૂફ રાખ્યું છે." માનકર આમ ટીકીટ મળવાથી રાજી થયા. અને જેવા ખીસ્સામાંથી ટીકીટના પૈસા કાઢી આપવા જતા હતા તેવો જ એ માણસ ભીડમાં અલોપ થઇ ગયો. તેને બહુ શોધ્યો પણ મળ્યોજ નહિં; ગાડી સ્ટેશનમાંથી ઉપડી ત્યાં લગી રાહ જોઇ, પણ તે દેખાયો જ નહિં. આ વિચિત્ર રૂપમાં માનકરે આ બીજું દર્શન કર્યું. આમ તે ઘર વાંદરા આવી થોડા દહાડા રોકાઇને પુનઃ શીરડી આવ્યો. અને બાબાની આજ્ઞા પાળીને બાબાની ચરણ-સેવા કરતો ત્યાંજ રહ્યો. અને બાબાની હાજરીમાં જ શાંતિના આશીર્વાદ પામી આ સંસાર છોડી ગયો.

**તાત્યાસાહેબ નૂલકર :** તેમનું અવસાન શીરડીમાંજ થયું એટલી હકીકત હેમાડપંતે આપી છે. પણ સાઇલીલા માસિકમાં પ્રકટ થયેલી હકીકત પરથી નીચેની નોંધ અહીં આપી છે:—નાનાસાહેબ ચાંદોરકર પંઢરપુરના મામલતદાર હતા ત્યારે ૧૯૦૯ માં તાત્યાસાહેબ નૂલકર ત્યાં સબ-જજ હતા. આ બન્ને જણ ઘણીવાર મળતા ને વાતો કરતા. નૂલકરને સંતો ઉપર શ્રદ્ધા નહોતી અને નાનાસાહેબને સંતો ઉપર પ્રેમ હતો. નાનાસાહેબ સાઇબાબાની લીલાની વાતો તેને ઘણીવાર કહેતા અને બાબાના દર્શને શીરડી જવા આગ્રહ કરતા. છેવટે તે બે શરતે શીરડી જવા તૈયાર થયા:—(૧) પોતાને બ્રાહ્મણ રસોયો મળે; અને (૨) બાબાને ભેટ ધરવા નાગપુરી સંતરા મળે. દૈવસંજોગે આ બન્ને શરતો ફળીભૂત થઈ. નોકરી અર્થે નાનાસાહેબ પાસે એક બ્રાહ્મણ આવ્યો. જેને તેમણે નૂલકર પાસે મોકલી દીધો; અને નૂલકરે તેને રસોયા તરીકે રાખી લીધો. વળી એજ અરસામાં નૂલકર ઉપર સો મીઠાં મોટાં નાગપુરી સંતરા ભરેલા એક કંડીયાનું પાર્સલ આવ્યું. તેના પર





મોકલનારનું નામ નહોતું. આમ બન્ને શરત પુરી થઈ. તેથી નૂલકરને શીરડી જવું પડ્યું. પ્રથમ તો તેની જોડે બાબા ખૂબ ગુસ્સે થયા. પણ ધીમે ધીમે નૂલકરને ખાત્રી થઈ અને એવો અનુભવ થયો કે બાબા તો ઇશ્વરનો અવતાર છે. તેથી બાબા પર ભારે પ્રેમ બંધાયો. અને અંતકાળ સુધી તે શીરડી રહ્યા. જેમ જેમ અંતકાળ નજીક આવતો ગયો તેમ તેમ બાબા તેમની પાસે પવિત્ર ધાર્મિક ગ્રંથો વંચાવતા ગયા. જીંદગીની છેલ્લી ઘડીયે તેમણે બાબાનું ચરણોદક પીધું હતું. તેના મૃત્યુની ખબર સાંભળી બાબા બોલ્યા હતા, "અરે, તાત્યા આપણાથી આગળ ગયો. હવે તેનો પુનર્જન્મ થનાર નથી."

**મેઘો :** મેઘાની કથા અધ્યાય ૨૮ માં આપેલી છે. મેઘો ગુજરી ગયો ત્યારે ગામના સર્વ લોકો તેની સ્મશાન-યાત્રામાં જોડાયા. બાબાએ પણ ત્યાં જઇ મેઘાના શબ પર ફુલ વેર્યાં હતાં. બધી ક્રિયા પુરી થઇ ત્યારે બાબાની આંખમાંથી આંસુ વહ્યાં હતાં તથા સામાન્ય માણસની માફક બાબાએ શોક દર્શાવ્યો હતો; અને નજીકના સગાની જેમ શબ પર ફુલ પાથરીને તેણે પોક મૂકી હતી. અને પછી પોતે મસીદમાં આવ્યા હતા.

માણસોને સદ્‌ગતિ દેનાર સંતો તો ઘણા જોવામાં આવે છે. પણ બાબાની મહત્તા અલૌકિક હતી. સિંહ જેવું ક્રૂર પ્રાણી સદ્‌ગતિ અર્થે બાબાના ચરણે પડવા આવ્યું હતું, તેની કથા હવે સાંભળો.

**સિંહ :** બાબાની મહાસમાધીની અગાઉ સાતમે દિવસે શીરડીમાં એક અજબ બનાવ બન્યો. એક ગાડું આવીને મસીદ પાસે ઉભું રહ્યું. ગાડામાં લોઢાની મજબુત સાંકળ વડે બાંધેલો વિકાળ મોઢાવાળો સિંહ ગાડાના છેડા તરફ નજર કરીને બેઠો હતો. કંઇક વ્યાધિથી તે પીડાતો હતો. તેના રક્ષક ત્રણ દરવેશ તેને ગામોગામ લઇ જઈ લોકોને બતાવીને પૈસા ઉઘરાવી પોતાનું ગુજરાણ ચલાવતા હતા. તેમણે આ સિંહનો વ્યાધિ મટાડવા બહુ બહુ ઉપાય કર્યાં



પણ બધું નિષ્ફળ ગયું. એવામાં તેમના કાને બાબાનું નામ આવ્યું. તેથી આ પ્રાણીને લઈ તેઓ શીરડી આવ્યા. સિંહને સાંકળથી પકડી રાખી ગાડામાંથી નીચે ઉતાર્યો અને દરવાજા પાસે રાખ્યો. એ ભયંકર સિંહ વ્યાધિથી પીડાતો હતો. તેથી શાંત રહેતો નહોતો. લોકો ભય તથા આશ્ચર્યથી તેના સામે જોતા હતા. દરવેશોએ બાબા પાસે જઈ સિંહની બધી વાત કરી. રજા લઇને તેને બાબા પાસે લાવ્યા. પગથીયાં પાસે પહોંચતાં જ તે બાબાના તેજથી અંજાઈ ગયો. અને માથું નીચું નાંખી દીધું. બન્નેની અન્યોન્ય દૃષ્ટિ મળી ત્યારે પગથીયાં પર ચડી સિંહ પ્રેમથી બાબાને જોવા લાગ્યો. તે પછી પૂછડું હલાવી જમીન પર ત્રણ વાર માથું પછાડી નિશ્ચેતન થઇને તે પડી ગયો. તેને મરેલો જોઈ દરવેશો પ્રથમ તો નિરાશ થઈ શોક કરવા લાગ્યા. પણ લાંબા વિચાર પછી તેમની બુદ્ધિ ઠેકાણે આવી. સિંહ રોગથી પીડાતો હતો. અંતકાળ પાસે આવ્યો હતો. બાબાના ચરણ પાસે તેમની હાજરીમાં મૃત્યુ પામવું બહુ પુણ્યવંતું ગણાય એમ તેમને માન્યું. આ સિંહ દરવેશોનો ગતજન્મનો દેવાદાર હતો. તેથી દેવામાંથી મુક્ત થતાં જ શ્રી સાઇચરણે તેનો અંત આવ્યો. સંતના ચરણમાં માથું નમાવી કોઈ પ્રાણી મૃત્યુ પામે તેનો અવશ્ય ઉદ્ધાર થાય છે. પુણ્યસંચય ન હોય તો આવો સુખી અંત (મૃત્યુ) તેમને કેમ મળે?

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઇસમર્થસચ્ચરિત્રે 'દર્શન-મહિમા' નામ એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ

શ્રી સદ્‌ગુરુસાઇનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।



http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

(244)

## અધ્યાય-૩૨.

### ગુરૂમહિમા-વર્ણન.



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્ગુરૂ-સાઈનાથાય નમઃ ।

**ઉપોદ્ઘાત :** આ સંસાર પીપળો-અશ્વત્થના વૃક્ષ જેવો છે; જેનાં મૂળ ગીતા કહે છે તેમ ઉંચે છે અને ડાળીઓ નીચે છે. અને તે ઉપર નીચે બધે ફેલાયેલી છે; જેનું પોષણ ગુણ વડે થાય છે, જેનાં કુપળીયાં ઇન્દ્રિયોના વિષયો છે; જેનાં કર્મરૂપ મૂળીયાં આ જગત સુધી લંબાયાં છે. તેનું રૂપ, તેનો આદિ-અંત, તેનો આધાર એ કશુંજ આ જગતમાં જાણી શકાતું નથી. આ દઢ મૂળવાળા અશ્વત્થને વૈરાગ્યરૂપી તીક્ષ્ણ કુહાડાથી કાપ્યા પછી જ માણસને પ્રગતિનો માર્ગ દેખાય છે, જે પર ચાલતાં તેને કદી પાછું ફરવું પડતું નથી.

આ માર્ગ કાપવા સદ્ગુરૂની સહાયની અવશ્ય જરૂર પડે છે. ગમે તેવો વિદ્વાન અગર વેદ-વેદાંગનો ઉંડો અભ્યાસી પણ ધારેલ સ્થળે સલામત પહોંચી શક્તો નથી. તેને સત્ય માર્ગદર્શન માટે તથા સહાય અર્થે ભોમીયો હોય તોજ માર્ગમાં આવતા ખાડા ટેકરા અગર હિંસક પશુનાં વિઘ્ન નડતાં નથી. અને બધું સરળ બને છે. આ વિષયમાં બાબાએ પોતાના અનુભવની એક કથા કહી હતી, જે સાચેજ આશ્ચર્યજનક છે; જેનું શ્રવણ કરવાથી શ્રદ્ધા-ભક્તિ-મુક્તિ સર્વ પમાય છે.



**બાબાએ કહેલી કથા :** એક વાર અમે ચાર જણ ધાર્મિક શાસ્ત્રો તથા અન્ય ગ્રંથોનો અભ્યાસ કરતા હતા. અભ્યાસના બળે અમે બ્રહ્મના સ્વભાવની ચર્ચા કરવા લાગ્યા. અમારામાંનો એક બોલ્યો : "આપણે આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરવો જોઇએ. અન્યના ઉપર આધાર ન રાખવો જોઈએ." ત્યારે બીજાએ કહ્યું, "મન પર સંયમ રાખનાર જ સુખી થાય છે. તેથી આપણે કશા ચિંતનની જરૂર નથી. સંસારમાં આપણા સિવાય બીજું કંઈજ નથી" ત્યારે ત્રીજાએ કહ્યું, "સંસાર સદા બદલાયા કરે છે; માત્ર નિરાકાર જ શાશ્વત છે તેથી આપણે સત્યાસત્યનો વિવેક કરવો જોઇએ." છેવટે ચોથા જણે-મેં ભાર દઇને કહ્યું : "પુસ્તકીયું જ્ઞાન નકામું છે. આપણે આપણો ધર્મ બજાવવો. અને ગુરૂચરણમાં દેહ-મન-પંચપ્રાણ સમર્પિત કરવાં જોઈએ. ગુરૂ જ સર્વવ્યાપક પ્રભુ છે; જેની ખાત્રી માટે અપાર દઢ શ્રદ્ધાની જરૂર છે."

આવી ચર્ચા કરીને અમે ચારે વિદ્વાનો જંગલમાં ગુરૂની શોધમાં રખડવા લાગ્યા. પેલા ત્રણને તો કોઇની સહાય વિના સ્વતંત્ર બુદ્ધિથી આ શોધખોળ કરવી હતી. માર્ગમાં એક વણઝારો મળ્યો. તેણે કહ્યું, "હવે તો બપોર થઈ ગયા છે. તમારે કેટલે દૂર-ક્યાં જવું છે?" અમે ઉત્તર દીધો. "જંગલમાં તપાસ કરવા." પેલાએ પૂછ્યું, "તમે શાની તપાસ કરવા નીકળ્યા છો?" અમે તેને અર્થહીન ઉડાઉ જવાબ આપ્યો. પણ આમ અમને નિરર્થક રખડતા જોઇ તેને દયા આવી. તે બોલ્યો : "આ જંગલ કેવું છે તે પુરૂં જાણ્યા વિના તમારે હવે તેમ ન રખડવું જોઇએ. આવી ઝાડી ને જંગલમાં જનારે તો પોતાની સાથે ભોમીયો લેવો જોઇએ. આવા ખરા બપોરે વગર કારણે તમે નકામા શા સારૂ હેરાન થાઓ છો? તમારી ગુપ્ત શોધની ભલે તમે મને વાત ન કરતા. પણ તમે બેસો, રોટલા જમો, પાણી પીઓ, આરામ કરો અને પછી જજો. દીલમાં સદા સબુરી-ધીરજ રાખો." તેણે



તો આ સર્વ પ્રેમથી કહ્યું હતું. પણ અમે તેની વિનતિ ઠોકરે મારીને ચાલી નીકળ્યા. અમારે બીજાની સહાયની જરૂર નથી-અમે બધું સંપૂર્ણ જાણીએ છીએ, એવું અમે માનતા હતા. એ વિશાળ જંગલ કેટી કે માર્ગવગરનું હતું ઉંચા ઘટાદાર મોટાં ઝાડની ડાળીઓમાંથી સૂર્યકિરણ પણ જમીન પર આવી શકતાં નહોતાં. તેથી અમે માર્ગ ભૂલ્યા અને લાંબો વખત આમ તેમ ખૂબ ભટક્યા. અંતે અમારા સારા નસીબે અમે જ્યાંથી ઉપડ્યા હતા તે સ્થળેજ પાછા આવ્યા. પેલો વણઝારો અમને પુનઃ મળ્યો. અને તેણે ફરીથી કહ્યું, "તમારી પોતાની હોશીયારી પર વિશ્વાસ રાખવાથી તમે તમારો માર્ગ ભૂલ્યા. નાની મોટી દરેક બાબતમાં સાચો માર્ગ બતાવનાર ભોમીયાની આપણને સદા જરૂર છે. ભૂખ્યે પેટે કંઈ શોધ કે કામ સફળ થઈ શકતું નથી. માર્ગમાં ઇશ્વરની ઇચ્છા વિના આપણને કોઈ મળતું નથી. કોઇ જમવાનું આમંત્રણ દે તો તે કદી પાછું ઠેલવું નહિ. પીરસેલા ભાણાં પરથી કદી ઉઠી જવું નહિ. કોઇ ભોજન કે રોટલો આપણને આપે તો તેને ફત્તેહનું મંગળ ચિન્હ ગણવું." આટલું બોલી તેણે અમને શાન્તિ-ધીરજ રાખવાની સલાહ દીધી. અને જમવા બેસવા કહ્યું. આ સલાહ કે આતિથ્ય અમને કંઈ ગમ્યાં નહિ. તેથી ફરીથી આ આમંત્રણનો નિરાદર કરી અમે ચાલી નીકળ્યા. પેલા ત્રણ જણ તો ખાધાપીધા વિના ચાલવા લાગ્યા. તેઓ જક્કી હતા. પણ હું ભૂખ્યો-તરસ્યો હતો. આ વણઝારાના અસામાન્ય પ્રેમથી હું પીગળી ગયો. અમે અમારી જાતને વિદ્વાન માનતા હતા. પણ અમને દયા કે માયાની મુદલ ગમ નહોતી. સાવ અભણ અને ગુણહીન નીચી જાતના વણઝારાના અંતરમાં પ્રેમ હતો. તેથીજ તેણે અમને રોટલા ખાવા બોલાવ્યા હતા. વિના સ્વાર્થ બીજા પર પ્રેમ રાખનારા જ સાચા વિદ્વાન છે. તેના આતિથ્યનો સ્વીકાર કરવો એજ જ્ઞાનપ્રાપ્તિનો ઉત્તમ પ્રારંભ છે એમ મેં માન્યું. તેથી



મેં તો આદરથી તેણે આપેલ રોટલાનો સ્વીકાર કર્યો. હું જમ્યો અને પાણી પીધું.

"પછી તો ત્યાં એકાએક ગુરૂ આવ્યા. અને અમારા સામે જ ઉભા. તેમણે પૂછ્યું. "શાની તકરાર ચાલતી હતી?" એટલે જે બન્યું હતું તે સર્વ મેં કહી સંભળાવ્યું. ત્યારે ગુરૂ બોલ્યા, "તમે મારી જોડે આવશો? તમારે જે જોઈએ તે હું તમને બતાવીશ. પણ હું જે કંઈ કહું તેમાં જેને શ્રદ્ધા હશે તેજ સફળ થશે." પેલા ત્રણ જણે તો તેમનું કહેવું માન્યું નહિ અને જતા રહ્યા. પણ મેં તેમને પૂજ્યભાવથી વંદન કર્યું અને તેમની આજ્ઞા સ્વીકારી. પછી ગુરૂ મને એક કૂવા પર લઈ ગયા. દોરડાથી મારા પગ બાંધ્યા અને કૂવાના કાંઠે ઉભેલા ઝાડપરથી મને કૂવામાં ઉંધો લટકાવ્યો. પાણીથી ત્રણ ફુટ ઉંચો રાખ્યો; જેથી મારા હાથ પાણી સુધી પહોંચે નહિ; કે મારા મોઢામાં પાણી પેસે નહિ. આમ લટકાવીને તે તો ચાલી ગયા. તે ક્યાં ગયા તેની કોઇને ખબર નહોતી. દસ બાર ઘટક (ઘટક=પાંચેક કલાક) પછી ગુરૂ પાછા આવ્યા. અને મને બહાર કાઢીને પૂછ્યું, "તને કેવું લાગ્યું?." મેં ઉત્તર દીધો, "હું તો પરમ આનંદમાં હતો. મેં અનુભવેલા આનંદનું વર્ણન મારા જેવો મૂર્ખ ક્યાંથી કરી શકે?" મારો આ ઉત્તર સાંભળીને ગુરૂ બહુ રાજી થયા. મને નજીક ખેંચ્યો અને મારો વાંસો થાબડ્યો. અને મને પોતાની જોડે લીધો. જેમ મા પોતાના બચ્ચાંની સંભાળ રાખે તેવા પ્રેમથી મારી સંભાળ રાખતા હતા. તેમણે મને શાળામાં પલોટ્યો. કેવી સુંદર એ શાળા હતી! ત્યાં હું માતાપિતાને ભૂલી ગયો. મારા સર્વ રાગ-મોહ તોડી નાંખ્યા. હું સહજમુક્ત બન્યો. મને એમ થતું કે તેમને ગળે બાઝી પડીને તેમની સામું સદા જોયાં જ કરૂં. જ્યારે મારી આંખની કીકીઓમાં તેમની પ્રતિમાનો પડછાયો ન દેખું ત્યારે અંધ બનવું મને ઠીક લાગતું. આવી એ શાળા હતી! તેમાં

એક વાર પણ પ્રવેશ કરનાર કદી ખાલી હાથે પાછો ફરતો નહિ; મારા ગુરૂ જ મારૂં સર્વસ્વ-ઘરબાર, માતાપિતા સર્વ કંઈ બન્યા. મારી દરેક ઈન્દ્રિય પણ પોતાનાં સ્થાન છોડી જાણે મારી આંખોમાં જ કેન્દ્રિત થઈ ગઈ હોય એમ લાગતું. કેમકે મારી દૃષ્ટિ જ મારા ગુરૂ પર સદા કેન્દ્રિત થયેલી હતી. આમ ગુરૂ મારા ધ્યાન-મૂર્તિ બન્યા. બીજું કંઈજ હું જાણતો નહોતો. તેમનું ધ્યાન ધરતાં મારાં મન-બુદ્ધિ સમાધિમાં પડી જતાં. આમ શાન્ત બની મેં તેમને પ્રેમથી પ્રણિપાત કર્યા.*

"કેટલીક સંસ્થાઓમાં તદ્દન ભિન્ન ચશ્મા જ વપરાય છે. જ્ઞાનપ્રાપ્તિ માટે ત્યાં શિષ્યો જાય છે તથા મહેનત, સમય, ધન વિગેરે બધું ખર્ચે છે. પણ અંતે પસ્તાવો થાય છે. ત્યાં ગુરૂ પોતાનું ગુપ્ત જ્ઞાન તથા સીધા સરળ માર્ગની બડાઈ હાંકે છે. ધાર્મિકતા તથા ચારિત્ર્યનો ડોળ કરે છે. પણ અંતરમાં મુદ્દલ દયા હોતી નથી. આત્મદર્શનને નામે તો ત્યાં મીંડું હોય છે. તેમને જ તે થયેલું

*કૂવામાં ઊંધે માથે લટકાવ્યાનો અર્થ કેટલાક સમાધિની સ્થિતિની ઉપમા એવો કરે છે. ઇન્દ્રિયજન્ય અને દૈવિક એમ બે પ્રકારના ભાવ છે. બહિર્મુખ વૃત્તિથી ઈશ્વરરચિત મનબુદ્ધિને ભોગ્ય પદાર્થો પ્રાપ્ત થાય તેને ઇન્દ્રિયજન્ય ભાવ કહે છે. આ ભાવમાં ભિન્ન સુખદુઃખની લાગણી થાય છે. તે સર્વોત્તમ ભાવ નથી. પણ ઇન્દ્રિયો તથા મન ભોગ્ય પદાર્થ પરથી પાછાં ખેંચી લઈ ઊંધી દિશામાં વાળે છે. (ઊંધે માથે લટકાવે છે)-મતલબ કે અંતર્મુખ કરી આત્મા પર ચોંટાડે છે ત્યારે આ બીજા પ્રકારનો દૈવિક ભાવ થાય છે જેમાં શાશ્વત નિર્ભેળ આનંદ પ્રાપ્ત થાય છે. "હું પરમાનંદમાં હતો; એ આનંદનું હું વર્ણન કેમ કરી શકું?"-આવા બાબાના વચનો જ દર્શાવે છે કે ગુરૂએ તેમને સમાધિ-દશામાં મૂક્યા હતા. અને તેમને ચિંતામગ્ન મન-ઇન્દ્રિયો રૂપી પાણીથી ઉંચે રાખ્યા હતા.



હોતું નથી. આવી સંસ્થાઓ શિષ્યોને શા કામની છે? એથી તેમને લાભ શું થાય? ઉપર વર્ણવ્યા તે તો જુદા પ્રકારના ગુરૂ છે. તેમની કૃપાથી જ મને કશા પ્રયત્ન કે અધ્યયન વિનાજ આત્મદર્શન થયું. મારે ક્યાંઇ શોધવા જવું પડયું નહિ. પણ દરેક વસ્તુ સૂર્ય-પ્રકાશ જેટલી મને સ્પષ્ટ દેખાઇ. માથું નીચે અને પગ ઉંચે એવા ઉંધા મસ્તકની રીત દ્વારા સુખ આપવાની રીત તો મારા ગુરૂને એકલાને જ જ્ઞાત હતી.

"પેલા ચારમાંનો એક કર્મઠ હતો. જે ક્યાં વિધિવિધાન પાળવા તથા ક્યાં છોડી દેવાં એટલું જ જાણતો હતો. બીજો જ્ઞાની હતો, જે જ્ઞાનના ગર્વથી કુલાઈ ગયો હતો. ત્રીજો ભક્ત હતો, જેણે ઇશ્વરનું સંપૂર્ણ શરણ સ્વીકારી લીધું હતું; અને ઇશ્વર જ કર્તા-હર્તા છે એમ માનતો હતો. બધા વાદવિવાદમાં પડી ચર્ચા કરવા લાગ્યા. ત્યારે ઇશ્વર વિષેનો પ્રશ્ન ઉઠયો; અને કોઇની સહાય વિના પોતાના જ જ્ઞાન પર આધાર રાખીને તેઓ ઇશ્વરની શોધમાં નીકળી પડયા."

વિવેક તથા વૈરાગ્યના અવતાર સમા સાઇ આ ચારમાંથી એક હતા. પોતે જ બ્રહ્માનો અવતાર હોવાથી કોઈ પ્રશ્ન કરશે કે 'પેલા ત્રણ જણા સાઇબાબા જોડે ભળીને આવી મૂર્ખાઇ કેમ આચરતા હતા?' સમાજના લોકોના કલ્યાણ અર્થે અને બીજાને અનુસરવાના દૃષ્ટાંત ખાતર જ આ સર્વ તેમણે કર્યું હતું. પોતે ઇશ્વરાવતાર હતા. તો પણ અન્ન બ્રહ્મની દૃઢ માન્યતાથી વણજારાના રોટલા ખાઇ તેનું માન રાખ્યું હતું. વણજારાનું આતિથ્ય સ્વીકારવાની ના પાડવાથી પેલા ત્રણ કેવા દુઃખી થયા, તથા ગુરૂ વિના જ્ઞાનપ્રાપ્તિ કેવી અસંભવિત છે તે તેમણે અહીં બતાવ્યું છે. માતા-પિતા તથા ગુરૂને માન આપવાની તથા પવિત્ર ધાર્મિક શાસ્ત્રોના અધ્યયનની શ્રુતિ (તૈત્તિરીય ઉપનિષદ્) આજ્ઞા ફરમાવે છે. ચિત્તશુદ્ધિનાં



તે સાધન છે. ચિત્તશુદ્ધિ વિના આત્મદર્શન થતું નથી. ઇન્દ્રિયો-મન-બુદ્ધિ આત્મા સુધી પહોંચી શકતાં નથી. દાર્શનિક તથા આનુમાનિક જેવાં પ્રમાણ આ વિષયમાં આપણને સહાય કરતાં નથી. ત્યાં તો ગુરૂકૃપા જ જરૂરી છે. ધર્મ-અર્થ-કામ સ્વપ્રયત્ન વડે સાધ્ય છે. પણ મોક્ષ તો ગુરૂની સહાયથી જ મળે છે.

સાઇબાબાના દરબારમાં ઘણા લોકો આવતા. જોશીઓ આવી ભવિષ્ય જોવા પ્રયત્ન કરતા. રાજાઓ, અમીર-ઉમરાવ, નિર્ધન લોકો, સંન્યાસીઓ, યોગીઓ, ગાયકો તેમજ અન્ય લોકો બાબાના દર્શનાર્થે આવતા. મહાર (ઢેઢ) પણ આવીને બાબાને જુહાર કરતા ને કહેતા કે 'સાઈ તો માબાપ છે ને જન્મમરણના ફેરા ટાળે છે.' આંધળાં, લુલા, લંગડા, બજાણીયા, નાથપંથી, નૃત્યકારો તથા એવી કળા જાણનારા બધા બાબા પાસે આવતા. બાબા સૌની કદર કરતા. ઉપર કહ્યું તેમ યોગ્ય સમયે વણઝારો પણ આવ્યો અને ભાગ્યમાં લખેલું કામ પણ તેણે કર્યું. હવે ચાલો બીજી કથા કહીએ.

**શ્રીમતી ગોખલે અને ઉપવાસ :** બાબા કદી ઉપવાસ કરતા નહિ કે બીજાને ઉપવાસ કરવા દેતા નહિ. ઉપવાસીનું ચિત્ત શાંત હોતું નથી. તો પછી તેને પરમાર્થ-પ્રાપ્તિ ક્યાંથી થાય? ભૂખ્યા પેટે પ્રભુપ્રાપ્તિ થતી નથી. પ્રથમ તો આત્માને સંતોષવો જોઇએ. પેટમાં-જઠરમાં ખોરાકનું સત્વ ન હો તો કયા ચક્ષુથી તેને જોઈ શકશું, કઈ જીભથી તેના ગુણગાન ગાશું? કયા કાનથી તેના ગુણનું શ્રવણ કરશું? ટુંકામાં દેહનાં દરેક અંગને પુરતું પોષણ મળે અને દેહ સ્વસ્થ હોય ત્યારે જ ભક્તિ અને બીજી સાધના થઈ શકે છે. તેથી ઉપવાસી રહેવું અગર અકરાંતીયા બનીને જમવું તે સારૂં નથી. દેહને તથા મનને બન્નેને ખાનપાનમાં મિતાહાર જ આરોગ્યપ્રદ છે.

બાબાની એક ભક્ત શ્રીમતી કાશીબાઈ કાનેટકર પાસેથી ભલામણપત્ર લઈને શ્રીમતી ગોખલે શીરડી દાદા કેળકરને ઘેર-



આવ્યાં. ત્રણ દિવસ ઉપવાસી રહી બાબાના ચરણે બેસવાનો નિશ્ચય કરીને તે આવ્યાં હતાં. આગલ્યે જ દહાડે બાબાએ દાદા કેળકરને કહેલુ. "આ હોળી (શીમગા) ના તહેવારમાં હું બાળકોને ઉપવાસ નહિ કરવા દઉં. તેમને શા માટે ભૂખ્યા રહેવું પડે? હું અહીં બેઠો છું, શા વાસ્તે?" બીજે જ દિવસે દાદા કેળકર જોડે એ બાઈ આવી. નમસ્કાર કરીને બાબાના ચરણ પાસે બેઠી. તરત જ બાબાએ કહ્યું "ઉપવાસ કરવાની કઈ જરૂર છે? દાદા ભટને ઘેર જા; અને પુરણપોળી બનાવી છોકરાને ખવડાવ અને તું પણ ખાજે." હોળીના તહેવાર ચાલતા હતા. શ્રીમતી કેળકર તે વેળા માસિક-ધર્મમાં દૂર બેઠાં હતા. તેથી દાદા ભટના ઘરમાં કોઈ રસોઈ કરે તેવું નહોતું. બાબાની આ આજ્ઞા સમયસરની હતી. એથી શ્રીમતી ગોખલેને દાદા ભટને ત્યાં જવું પડયું. અને આજ્ઞા મુજબ રસોઈ કરવી પડી. બધાંને જમાડી પોતે પણ જમી. કેવી બોધક કથા!

**બાબાના સરકાર :** બાબાએ પોતાના બાળપણની નીચેની વાત કહી હતી: "હું બાળક હતો ત્યારે રોટલાની શોધમાં ભટકતો ફરતો બીડગામ ગયો. ત્યાં મને સારૂં ભરતકામ મળ્યું. મેં ખુબ કામ કર્યું. મારામાં મુદ્દલ આળસ જ નહોતી. મારા શેઠ બહુ રાજી થયા. મારી અગાઉ બીજા ત્રણ છોકરા કામ કરી ગયા હતા. પહેલાને પાંચ રૂપીયા, બીજાને સો રૂપીયા અને ત્રીજાને દોઢસો રૂપીયા માસિક મળતા હતા અને મને એ ત્રણે કરતાં બમણું વેતન મળતું હતું. મારી હોંશીયારી જોઇ મારા શેઠ મારા પર પ્રેમ રાખતા. અને મારી પ્રશંસા કરતા. અને મને પુરો પોષાક-માથે પાઘડી, તથા ખભે રાખવાના ખેસ સાથેનો પોષાક આપી મારૂં સન્માન કર્યું હતું. મેં આ પોષાક અકબંધ જ રાખ્યો. માણસ જે આપે છે તે દીર્ઘકાળ ટકતું નથી. અને તે અપૂર્ણ જ હોય છે એવું હું માનતો હતો. પણ મારા સરકાર-ઇશ્વર જે આપે છે તે અનંત કાળ સુધી ટકે છે. ગમે તેવા મોટા માણસ પાસેથી મળેલી ભેટ

પણ ઇશ્વરની ભેટ જોડે સરખાવી શકાય જ નહિ. મારા સરકાર કહે છે "લે, લે." પણ મારી પાસે તો દરેક જણ આવી કહે છે "દે, દે." હું કહું છું તે કોઈ ધ્યાનથી સાંભળતું નથી. મારા સરકારનો ભંડાર ભરપુર ભરેલો છે અને ઉભરાઈ જાય છે. હું બધાને કહું છું, "ખોદી લો અને ગાડાના ગાડાં ભરીને ઉપાડી જાઓ. વિરલ માતાના ભાગ્યશાળી પુત્રોએ આ ધન વડે પોતાનું ઘર ભરી દેવું જોઇએ. મારા ફકીરની–મારા ભગવાનની–કળા–લીલા, મારા સરકારના ભાવ સાવ ન્યારાજ છે. મારા માટે શું? દેહની માટી, માટી સાથે મળી જશે. અને શ્વાસ હવા જોડે મળી જશે. આવો સમય ફરી ફરીને નહિ આવે. હું જ્યાં જાઉં છું ને જ્યાં બેસું છું ત્યાં નિર્દય માયા મને બહુ હેરાન કરે છે. તે છતાં માણસોની ચિંતા સદા મને રહે છે. આધ્યાત્મિક પ્રયત્ન કરનારાઓને તેનાં સુફળ મળશે. જે કોઈ મારાં વચનો સ્મરણમાં રાખશે તે અમૂલ્ય સુખ પામશે."

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'ગુરૂમહિમા-વર્ણન' નામ બત્રીસમો અધ્યાય સંપૂર્ણ ।

। શ્રી સદ્‌ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।

http://suratiundhiyu.wordpress.com/



http://suratiundhiyu.wordpress.com/

253

## અધ્યાય-૩૩.

## ઉદી-પ્રભાવ



શ્રી ગણેશાય નમ : । શ્રી સરસ્વત્યૈ નમ : । શ્રી ગુરૂભ્યો નમ : । શ્રી કુલદેવતાયૈ નમ : । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ : । શ્રી સદ્‌ગુરૂ સાઈનાથાય નમ : ।

**ઉપોદ્‌ઘાત :** મહાત્મા, સંતોને, આપણે સદા પ્રણામ કરી ચરણરજ લઈએ. તેમની કલ્યાણ દૃષ્ટિથી આપણા પાપપુંજ નષ્ટ થાય છે, અને ચારિત્ર્યદોષ પણ દૂર થાય છે. તેમની સામાન્ય વાતમાંથી પણ આપણને ઘણો બોધ તથા સાત્વિક આનંદ મળે છે. તેમના દીલમાં કદી તારા-મારાનો ભેદ ઉઠતો નથી. આ જન્મ કે આવતા જન્મમાં પણ તેમનું દેવું આપણે વાળી શકીએ તેમ નથી.

**ઉદી :** શ્રી બાબા લોકો પાસેથી દક્ષિણા લેતા. અને એવા એકઠા થયેલા પૈસાનો મોટો ભાગ તે દાનમાં આપી દેતા હતા, અને બાકીના પૈસામાંથી અખંડ બળતી ધુણી માટે લાકડાં ખરીદતા. આ લાકડાં પોતે ધુણીમાં નાંખતા અને ધુણીને દિનરાત બળતી રાખતા હતા. આ ધુણીના અગ્નિની રાખને પોતે ઉદી કહેતા, અને શીરડીથી વિદાય થતા ભક્તોને આ ઉદી છૂટથી દેતા હતા.

આ ઉદી દ્વારા બાબા કયો બોધ આપતા હતા? ઉદી દ્વારા બાબા સમજાવવા ઇચ્છતા હતા કે વિશ્વનું આ બહાર દેખાતું સ્વરૂપ આ રાખ જેવુંજ ક્ષણિક છે. પંચતત્ત્વનું (અર્થાત્ લાકડાનું બનેલું) આ શરીર સઘળા ભોગ ભોગવ્યા પછી પડી જશે અને તેની રાખ થઈ જશે. અંતે આ દેહની રાખ થઈ જશે એ વાત



સદા સ્મરણમાં રખાવવા ખાતર જ બાબા ભક્તોમાં ઉદી વહેંચતા. વળી ઉદી દ્વારા બાબા બોધ દેતા હતા કે બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે આ જગતમાં પિતા-પુત્ર-સ્ત્રી કોઈ આપણું નથી. આ સંસારમાં આપણે એકલા આવ્યા છીએ અને બધું છોડીને એકલા જવાનું છે. તે વખતે તેમજ અત્યારે પણ ઘણાનો અનુભવ છે કે શારીરિક તેમજ માનસિક ઘણા રોગો ઉદી વડે મટી શકે છે. આ ઉદી તથા દક્ષિણા વડે બાબા સત્યાસત્યનો વિવેક તથા વૈરાગ્ય ભક્તોને સચોટ સમજાવતા હતા. ઉદી દ્વારા વિવેક અને દક્ષિણા દ્વારા વૈરાગ્યનો બોધ મળે છે. આ ભાવ વિના તો સંસાર-સાગર તરવો દુસ્તર બને તેમ છે. માટે જ બાબા માગીને દક્ષિણા લેતા. અને વિદાયવેળા ઉદીનો પ્રસાદ આપતા; તથા ભક્તના કપાળ પર ઉદી-લેપન કરતા ને માથા પર વરદ હસ્ત મૂકતા હતા. આનંદમાં આવી બાબા લહેરથી કંઈક ગાતા પણ ખરા. આવું એક ગીત પોતે મધુર રાગે ગાતા હતાઃ-"રમતે રામ આયોજી આયોજી, ઉદિયાંકી ગોનિયાં લાયોજી". ઉદીના દૈવિક લાભ ઉપરાંત ભૌતિક લાભ પણ હતા. આરોગ્ય, સંપત્તિ, ચિંતા-મુક્તિ અને એવા બીજા લાભ ઉદી વડે મળે છે. ભૌતિક તેમજ દૈવિક બન્ને વસ્તુની પ્રાપ્તિમાં ઉદી સહાય કરે છે. હવે આપણે ઉદી કથાનો પ્રારંભ કરીએ.

**વીંછીનો ડંખ :** નાસીકનો નારાયણ મોતીરામ જાની બાબાનો ભક્ત હતો. તે રામચંદ્ર વામન મોડક નામે બાબાના એક ભક્તને ત્યાં નોકરી કરતો હતો. એકવાર તેની માને લઈ તે શીરડી આવ્યો. અને બન્નેએ બાબાને પ્રણામ કરી દર્શન કર્યા. ત્યારે બાબાએ જાતે તેની માને કહ્યું, "મા, તારો દીકરો હવે નોકરી કરવાનો નથી. સ્વતંત્ર ધંધો કરશે." અને ત્યાર પછી તેણે નોકરી છોડી નાસીકમાં આનંદાશ્રમ નામની લૉજ ઉઘડી, જે સારી ચાલવા લાગી. એકવાર આ નારાયણના મિત્રને વીંછી કરડયો. અને સખ્ત અસહ્ય પીડા થવા લાગી, આવા કેસમાં ઉદી અકસીર છે. વીંછીએ ડંખ માર્યો હોય ત્યાં ઉદી ઘસી



દે છે. તેથી નારાયણે ઉદીની તપાસ કરી. પણ મળી નહિ. તેથી બાબાની છબી પાસે બળતા ધૂપની રાખની ચપટી ભરી. અને તેનેજ ઉદી ગણીને વીંછીના દંશની જે સ્થળે પીડા થતી હતી તે સ્થળે જેવી ઘસીને લગાડી ત્યાંથી હાથ લઈ લીધો તેવીજ તેને થતી પીડા મટી ગઈ, ને તેથી બધાને ભારે આનંદ થયો.

**ગાંઠીયો તાવ (પ્લેગ) :** એક વાર વાંદરાના એક ભક્તને ખબર આવી કે બહારગામ રહેતી તેની પુત્રીને પ્લેગ થયો છે. તેની પાસે ઉદી નહોતી. તેથી નાનાસાહેબ ચાંદોરકર પાસેથી ઉદી લેવા એક જણને મોકલ્યો. નાનાસાહેબ સહકુટુંબ કલ્યાણ જતા રસ્તામાં મળ્યા. પણ તેમની પાસે ઉદી નહોતી. તેથી તેમણે રસ્તા પરથી થોડી ધૂળ લઈ બાબાનું ધ્યાન ધરી સહાયની યાચના કરી. અને એ ધૂળ પ્રથમ પોતાનાં પત્નીને કપાળે લગાડી. અને પછી તે પેલાને આપી. પેલાએ જઈને એ ભક્તને આપી. પણ ભક્ત પોતાની પુત્રીને ત્યાં પહોંચ્યો ત્યારે ખબર પડી કે જે ક્ષણે નાનાસાહેબે પેલી ધૂળનો ઉદી તરીકે સંકલ્પ કર્યો હતો ને બાબાની સહાયની યાચના કરી હતી તે ક્ષણથી જ પુત્રીને વળતાં પાણી થઈ આરામ થવા લાગ્યો હતો.

**જામનેરનો ચમત્કાર :** સને ૧૯૦૪-૫ માં નાનાસાહેબ ચાંદોરકર ખાનદેશ જીલ્લામાં જામનેરના મામલતદાર હતા. તે સ્થળ શીરડીથી સો-સવાસો મૈલ દૂર છે. તેમની પુત્રી મૈનાતાઇને પ્રસૂતિ આવવાની હતી. પ્રસૂતિ પહેલાં સ્થિતિ બહુ ગંભીર બની, એ પીડા બેત્રણ દિવસ ચાલુ રહી. નાનાસાહેબે ઘણા ઉપાય કર્યા પણ બધું વ્યર્થ ગયું. છેવટે બાબાનું સ્મરણ કરી સહાયની યાચના કરી, શીરડીમાં એક રામગીર નામે બુવા આવેલ, જેને બાબા બાપુગીર બુવા કહેતા. આ રામગીરને ખાનદેશમાં પોતાના ગામે જવું હતું. બાબાએ તેને તેજ દહાડે બોલાવીને તેને ગામ ઉપડી જવાની આજ્ઞા કરી કહ્યું, "તું જાય છે તો માર્ગમાં જામનેર જજે.



અને આ ઉદી તથા આરતી નાનાસાહેબને દેજે." રામગીરે કહ્યું, "બાબા મારા પાસે માત્ર બે જ રૂપિયા છે, જે માંડ જળગામના રેલભાડાના પુરા થાય તેમ છે. અને જળગામથી જામનેર તો પુરા ત્રીસ મૈલ છે. મારાથી ત્યાં સુધી કેમ પહોંચાશે?." ત્યારે બાબાએ ખાત્રી આપતાં કહ્યું, "તેની તારે ચિંતા કરવાની નથી, બધી ગોઠવણ થઈ જશે" અને તેને ઉદીનું પડીકું તથા આ ગ્રંથને અંતે આપેલી માધવ અડકરની રચેલી પ્રસિદ્ધ આરતીની નકલ શામા પાસે કાગળ પર લખાવીને આપી. રામગીર તો બાબાના વચન પર શ્રદ્ધા રાખીને શીરડીથી નીકળ્યો અને જળગામ રાત્રે બે વાગે પહોંચ્યો. એ વેળા તેના ખીસામાં માત્ર બેજ આના રહ્યા હતા. તે મુંઝાતો હતો. ત્યાં જ "શીરડીના બાપુગીર બુવા કોણ છે?" એમ બોલીને કોઇને પોતાના નામનો સાદ દેતાં રામગીરે સાંભળ્યો. તેથી તેને આનંદ થયો. એ બોલાવનાર માણસ એક ગાડીવાન હતો. તેની પાસે જઇને રામગીરે કહ્યું, "હુંજ બાપુગીર બુવા છું." ત્યારે પેલાએ કહ્યું કે "જામનેરથી મને ગાડી લઇને નાનાસાહેબે તમને તેડવા માટે મોકલ્યો છે." અને બે ઉમદા ઘોડા જોડેલો એક સારો ટાંગો તે લઈ આવ્યો. બન્ને જણ તેમાં બેઠા. ને ટાંગો ઝડપથી ઉપડ્યો. પરોઢીયે એક નદી પર પહોંચ્યા. ગાડીવાને ઘોડાને પાણી પાવા સારૂ તથા દાતણ પાણી કરવા માટે ટાંગો ત્યાં છોડી નાંખ્યો. ઘોડાને પાણી પાયું. અને બન્નેએ દાતણ કર્યું અને ગાડીવાને રામગીર બુવાને કંઈક નાસ્તો કરવા આગ્રહ કર્યો. ગાડીવાનનો દાઢી-મૂછ જેવો સીપાઇનો વેશ જોઇને રામગીરે તેને મુસલમાન હશે એમ માન્યું, તેથી તેની જોડે નાસ્તો કરવા તે નારાજ હતો. પણ ગાડીવાને કહ્યું, "હું તો ગઢવાલનો ક્ષત્રી-હિંદુ છું. નાનાસાહેબેજ આ ભાતું મોકલ્યું છે. તે ખાવામાં કંઈ બાધ કે શંકા રાખવા જેવું નથી." એથી એ બન્ને જણ નાસ્તો કરી ટાંગો જોડી ત્યાંથી પાછા ઉપડ્યા. સવારમાં તે જામનેર પહોંચ્યા.

રામગીર બુવા લઘુશંકા માટે ટાંગામાંથી ઉતર્યા, અને થોડી વારમાં પાછો આવ્યો ત્યારે ત્યાં ટાંગો કે ગાડીવાન કોઇ નહોતું, તેથી તેને અચંબો થયો. પાસે કચેરી પર જઇને પૂછ્યું તો મામલતદાર ઘેરજ છે, એવી ખબર મળી. તેથી તેમને ત્યાં જઈ રામગીરે ઓળખાણ આપી અને ઉદી તથા આરતી નાનાસાહેબના હાથમાં મૂકી. એ વેળા મૈનાતાઈની સ્થિતિ ઘણી ગંભીર હતી. ઘરનાં સૌ તેની જ ચિંતામાં હતાં. નાનાસાહેબે પત્નીને બોલાવી પાણીના પ્યાલામાં ઊદી નાંખી તે પુત્રીને પાવા આપી. તથા બાબાની આ આરતી ગાવાની સૂચના કરી. બાબાની સહાય સમયસરનીજ છે એમ બધાંને લાગ્યું અને થોડીજ વારમાં સાંભળ્યું કે કાળજીની પળ વીતી ગઈ છે. અને સુખરૂપ પ્રસૂતિ થઇ ગઈ છે. જ્યારે રામગીર પોતાના માટે ગાડીવાન જોડે ટાંગો તથા ભાતું મોકલવા સારૂ આભાર માનવા મંડ્યો ત્યારે નાનાસાહેબને અચંબો થયો. પોતે તો જલગામના સ્ટેશન પર કોઇને મોકલ્યું નહોતું. વળી શીરડીથી કોઇ આવનાર છે એવી પોતાને બિલકુલ ખબર પણ નહોતી.

[**નોટ**–થાણાના નિવૃત્ત મામલતદાર શ્રી. બી. વી. દેવે નાનાસાહેબના પુત્ર શ્રી બાપુરાવને તથા શીરડીના રામગીર બુવાને આ હકીકત જાતે પૂછી પાકી ખાત્રી કર્યા પછી એક લાંબો લેખ–થોડો ગદ્યમાં ને બીજો પદ્યમાં લખીને સાઈલીલામૃતના વર્ષ–૧૩, અંક–૧૧–૧૨–૧૩ માં પ્રગટ કરેલ છે. ભાઇશ્રી બી. વી. નૃસિંહસ્વામીએ પણ અનુક્રમે (૧) મૈનાતાઈ (૨) બાપુસાહેબ ચાંદોરકર (૩) રામગીર બુવા એ ત્રણેને સને ૧૯૩૬ માં તા. ૧–૬, તા. ૧૬–૯ તથા તા. ૧–૧૨ ના રોજ જાતે પૂછીને પોતાના ગ્રંથ "ભક્તોના અનુભવ–ભાગ ૩" માં આ હકીકત આપેલી છે. તેમાં રામગીર બુવાએ નીચે મુજબ હકીકત લખાવેલી મળે છેઃ—

"એક દહાડો બાબાએ મને બોલાવ્યો. અને ઉદીનું પડીકું તથા આરતીનો કાગળ મને આપ્યો. એ વેળા મારે ખાનદેશ





જવું હતું. બાબાએ મને જામનેર જવાની આજ્ઞા કરી અને ત્યાં નાનાસાહેબને ઉદી તથા આરતી પહોંચાડવા ફરમાવ્યું. મેં બાબાને કહ્યું, "મારી પાસે બેજ રૂપિયા છે, જે કોપરગામથી જલગામની ટીકીટ પુરતા છે. પછી જલગામથી જામનેરનું ટાંગા ભાડું કંઈ નથી. ત્યારે બાબા બોલ્યા, "એ તો પ્રભુ દઈ રહેશે. તે દહાડે શુક્રવાર હતો. હું એકદમ ઉપડયો. સાંજે સાડા સાત વાગે હું મનમાડ પહોંચ્યો. અને મધ્યરાત્રિ બાદ પોણાત્રણ વાગે જલગામ ઉતર્યો. એ વેળા પ્લેગના રોગને લીધે નવા નવા કાયદા થયા હતા. તેથી મને ખૂબ મુસીબત પડી. હવે જામનેર કેમ જવું તેનો હું વિચાર કરતો હતો. ત્યાંજ એક સારાં કપડાં, પાઘડી ને બુટવાળો સિપાઈ મારી પાસે આવ્યો અને મને ટાંગામાં બેસાડીને લઈ ગયો. મને તો ભય લાગ્યો. માર્ગમાં ભાગેર પાસે મેં નાસ્તો કર્યો. અને વહેલી સવારે અમે જામનેર પહોંચ્યા. એ વેળા ટાંગામાંથી ઉતરી હું લઘુશંકા માટે ગયો. પણ પાછા આવીને જોયું તો ટાંગો કે હાંકનાર સિપાઈ અલોપ થયા હતા."]

**નારાયણરાવ :** ભક્ત નારાયણરાવના પિતાનું કે અટકનું નામ મળતું નથી. પણ બાબાની હૈયાતી દરમ્યાન એ ભક્ત બાબાનાં બે વખત દર્શન કરવા ભાગ્યશાળી થયા હતા. સને ૧૯૧૮ માં બાબાના કૈલાસવાસ પછી ત્રણ વર્ષ બાદ તેણે શીરડી આવવા ઇચ્છા કરી. પણ તે આવી શકયા નહિ. બાબાની મહાસમાધિ વેળા તે માંદા પડી હેરાન થયેલા અને ઘણાં દવાદારૂ કર્યાં, પણ કંઈ વળ્યું નહિ. તેથી તેણે દિવસરાત બાબાનું ધ્યાન ધરવા માંડયું. અને રાત્રે સ્વપ્નમાં બાબાનાં દર્શન થયાં. બાબાએ એક ભોંયરામાંથી નીકળીને તેને દિલાસો આપતાં કહ્યું, "ચિંતા કરીશ મા. કાલથી તને સારૂં થવા લાગશે. અઠવાડિયામાં તું પગભર થઈ જઇશ." અને આ સ્વપ્નદર્શનમાં આપેલા સમય દરમ્યાન જ નારાયણરાવ સાજા થઈ ગયા. હવે સવાલ એ થાય છે કે શું



બાબાને દેહ હતો; તેથી તે જીવિત હતા? અને દેહ છોડી દીધો તેથી તે મૃત્યુ પામ્યા છે? ના. એવું કંઈજ નથી. બાબા તો જીવન–મરણ બન્નેથી પર હતા. જેમને એક વાર પણ બાબા પર દિલનો પ્રેમ થયો છે તેમને કોઇ પણ સ્થળે ને કોઈ પણ કાળે બાબા આજે પણ ઉત્તર દે છે. તે સદા હાજર જ છે અને સાચા ભક્તને ગમે તે રૂપમાં દર્શન દઈ સંતોષ આપે છે.

**આપ્પાસાહેબ કુલકર્ણી :** સને ૧૯૧૭ માં શ્રી. આપ્પા કુલકર્ણી પર કૃપા થઈ. તેની બદલી થાણા થઈ. ત્યાં તેને બાળાસાહેબ ભાટેએ બાબાની એક છબી ભેટ આપી, જેની તેણે પૂજા કરવા માંડી. તેનું સાચા હૃદયનું પૂજન હતું. નિત્ય છબીને એ ફૂલ, ચંદન તથા નૈવેદ્ય ધરતા. અને એક વાર બાબાનાં દર્શન થાય એમ અંતરથી ઇચ્છતા હતા. આ વિષયમાં નોંધવું જોઈએ કે બાબાની છબીનાં ધ્યાનપૂર્વક દર્શન તે ખુદ બાબાનાં જ દર્શન કરવા બરાબર છે; જેનું અહીં એક દ્રષ્ટાંત આપીએ છીએ :

**બાલાબુવા સુતાર :** બાલાબુવા સુતાર મુંબઈના એક સંત હતા, જેની ભક્તિ, ભજન, તથા નિર્મળતાને લીધે લોકો તેમને આધુનિક તુકારામ કહેતા. સને ૧૯૧૭ માં તે પહેલી વાર શીરડી આવ્યા અને બાબાને પ્રણામ કર્યો. ત્યારે બાબા બોલ્યા, "આ માણસને હું છેલ્લાં ચાર વર્ષથી ઓળખું છું." બાલાબુવા આશ્ચર્ય પામ્યા કે હું તો પહેલીજ વાર જ શીરડી આવું છું અને બાબા આમ કેમ કહેતા હશે? પણ વિચાર કરતાં તેને યાદ આવ્યું કે ચાર વર્ષ પર મેં મુંબઈમાં બાબાની છબીને પ્રણામ કર્યાં હતા. આમ બાબાના વચનોની તેને ખાત્રી થઈ તેથી તેણે મનમાંજ કહ્યું, "સંતો કેવા સર્વજ્ઞ અને સર્વવ્યાપક હોય છે! તે ભક્તો પર કેવી રીતે દયા કરે છે! મેં તેમના ફોટાને જ નમન કરેલું. છતાં એ વસ્તુની નોંધ લઇ સમય આવતાં એ ફોટાનું દર્શન તેમના પ્રત્યક્ષ દર્શન સમ હતું એ વસ્તુ તેમણે મને સમજાવી છે."



હવે આપ્પાસાહેબની કથા કહીએ. થાણાથી તેમને ભીવંડી જવાનું થયું. એકાદ અઠવાડીયા લગી પાછા ફરવાની આશા નહોતી. તેમની ગેરહાજરીમાં ત્રીજેજ દિવસે બપોરે તેમને ઘેર એક ફકીર આવ્યો. તેનો ચહેરોમહોરો ફોટામાંના બાબાને બરાબર મળતો હતો. શ્રીમતી કુલકર્ણી તથા બાળકોએ ફકીરને પૂછ્યું, "તમે શીરડીના સાઈબાબા છો?" તેણે ના પાડીને કહ્યું, "હું તો બાબાનો આજ્ઞાંકિત સેવક છું. તેમના હુકમથી તમારા સૌની કુશળતાની ખબર કાઢવા આવ્યો છું. દક્ષિણા લાવો." બાઇએ તેને એક રૂપીયો દક્ષિણા આપી. અને ફકીરે તેને ઉદીનું નાનું પડીકું આપ્યું ને તે પૂજાના ફોટા પાસે રાખવા સૂચવ્યું અને તે ચાલી ગયા. હવે સાઈબાબાની અજબ લીલાનું શ્રવણ કરો.

ભીવંડીમાં આપ્પાનો ઘોડો માંદો પડી જવાથી આગળ જઈ શકયા નહિ. તેથી તે જ દિવસ બપોરે ઘેર પાછા આવ્યા. અને પત્ની પાસેથી ફકીરની વાત સાંભળી. તેના દિલમાં થયું કે મને ફકીરનાં દર્શન ન થયાં અને દક્ષિણાનો એક જ રૂપીયો તેને આપ્યો તે ઠીક ન કર્યું. તેથી પત્નીને કહ્યું, "હું ઘેર હોત તો દસ રૂપીયાથી ઓછું ન આપત." અને જમ્યા વિનાજ ફકીરની શોધમાં નીકળી પડ્યા. મસીદમાં તેમજ બીજે ઠકાણે તપાસ કરી. પણ તે મળ્યા નહિ. તેથી ઘેર આવીને જમ્યા (૩૨ મા અધ્યાયમાં ભૂખે પેટે ઇશ્વરની શોધમાં ન નીકળવું જોઈએ એવી બાબાની આજ્ઞા વાંચકોને યાદ હશે. આપ્પાને એનો પાઠ મળ્યો.) વળી જમીને શ્રી ચિત્રે જોડે તે ફરવા ગયા. થોડે છેટે ગયા ત્યારે તેમના તરફ ઝડપથી આવતો એક માણસ દીઠો. તે વખતે આપ્પાના દિલમાં જ થયું કે બપોરે ઘેર આવેલ ફકીર એજ હોવા જોઈએ. તેનો ચહેરો બાબાના ફોટાને મળતો હતો. ફકીરે હાથ લંબાવી દક્ષિણા માગી. આપ્પાએ તેને એક રૂપીયો આપ્યો. પુનઃ ફકીરે દક્ષિણા માગી અને આપ્પાએ બીજા બે રૂપીયા આપ્યા. વળી તેણે ફરીથી દક્ષિણા માગી અને આપ્પાએ

ચિત્રે પાસેથી ઉછીના લઇને ત્રણ રૂપીયા આપ્યા. ફકીરે હજી વધુ આપવા કહ્યું. તેથી તેને ઘેર આવવા કહ્યું. અને ઘેર લાવી આપ્પાએ તેને ત્રણ રૂપીયા આપ્યા. આમ બધા મળી તેને નવ રૂપીયા મળ્યા, છતાં સંતોષ ન દેખાયો. અને વળી માગણી કરી ત્યારે આપ્પાએ કહ્યું કે હવે તો દસની નોટ છે. ફકીરે તે નોટ આપવા કહ્યું. આપ્પાએ તે આપી એટલે ફકીરે તેને મળેલા રોકડા નવ રૂપીયા પાછા આપ્યા અને પછી ચાલી ગયા. આપ્પાએ કહેલું કે હું દસથી ઓછું ન આપત. અને ફકીર આપ્પા પાસેથી દસ રૂપીયા જ લઇ ગયા. અને તેના સ્પર્શવાળા રોકડા નવ રૂપીયા આપતા ગયા. આ નવનો આંકડો નવ પ્રકારની ભક્તિ સૂચવે છે. અંતકાળે બાબાએ લક્ષ્મી બાઇને પણ નવ રૂપીયા જ આપ્યા હતા.

પેલું ઉદીનું પડીકું આપ્પાએ તપાસ્યું તો તેમાં થોડી ફુલની પાંખડીઓ તથા અક્ષતા પણ હતા. પછી તે શીરડી ગયા ત્યારે બાબાની જટાનો એક વાળ પણ તેને મળ્યો હતો. આ ઉદી તથા વાળ એક માંદળીયામાં નાખી તેઓ તે સદા હાથે બાંધતા હતા. ઉદીની શક્તિની તેને ખબર હતી. તે અક્કલવાન ને હોશીયાર હતા. છતાં પગાર શરૂમાં માત્ર ચાળીસ રૂપીયા મળતો હતો. પણ બાબાના ફોટાનું પૂજન અને આ ઉદી પછી તેનો ચારસો રૂ. જેટલો પગાર થયો અને અધિકાર વધ્યો. તથા કેટલીયે વગ વધી. વળી આધ્યાત્મિક લાભ પણ થયા. તેથીજ આજે ભાગ્યશાળી લોકો જ સ્નાન કરી ઉદી કપાળે લગાડે છે. તથા જળમાં નાંખી એ પવિત્ર જળ પીએ છે.

**હરિભાઉ કાર્ણિક :** સને ૧૯૧૭ માં ગુરૂપૂર્ણિમાના રોજ થાણા જીલ્લાના ડાહાણુના શ્રી. હરિભાઉ કાર્ણિક શીરડી આવ્યા. અને બાબાનું વિધિસર પૂજન કર્યું, તથા કપડાં અને દક્ષિણા ભેટ આપી. તથા શામા માર્ફત બાબાની રજા લઇ મસીદનાં પગથીયાં ઉતર્યાં. એવામાં હજી એક રૂપીયો વધુ બાબાને દક્ષિણાનો આપું



એમ તેમના મનમાં થયું. તેથી તે પાછા વળતા હતા. ત્યાંજ શામાએ કહ્યું કે બાબાની રજા મળી ગઈ છે. માટે પાછા વળવાની જરૂર નથી. તે શીરડીથી ઘેર આવવા નીકળ્યા. માર્ગમાં નાસીક ઉતરી તે કાળા રામના મંદિરે દર્શન કરવા ગયા. ત્યારે એ મંદિરના મોટા દરવાજાની અંદર બેઠેલા સંત નરસિંહ મહારાજે હરિભાઉ પાસે આવી તેનું કાંડું પકડ્યું ને કહ્યું, "મારો એક રૂપિયો મને આપી દે." કાર્ણિક આશ્ચર્ય પામ્યા અને રૂપિયો ખુશીથી આપ્યો. પોતે મનમાં બાબાને જે એક રૂપીયો વધુ દક્ષિણા આપવાનો સંકલ્પ કર્યો હતો તે નાસીકના નરસિંહ મહારાજે સાઈબાબા રૂપેજ મારા પાસેથી લીધો એવું એમના અંતરમાં થયું. બધાજ સંત એકરૂપ છે. અને એકજ ભાવે કામ કરે છે એ વાતનું આ દ્રષ્ટાંત છે.

સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'ઉદી-પ્રભાવ' નામ તેત્રીસમો અધ્યાય સંપૂર્ણ ।

। શ્રી સદ્ગુરૂસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।





A rare photo of Sai Baba

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૩૪
# ઉદી-મહિમા

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

*આ અધ્યાયમાં ઉદીની મહત્તાનું વર્ણન ચાલુ છે. દેહ પર લગાડવાથી ઉદી કેવી અકસીર નીવડે છે તેનાં દૃષ્ટાંત અહીં આપ્યાં છે.*

**એક દાકતરનો ભત્રીજો :** નાસિક જિલ્લામાં માલેગાવમાં એક ડિગ્રીધારી દાકતર રહેતા હતા. તેમના ચાર વર્ષના ભત્રીજાને હાડવ્રણના ક્ષયને લીધે હાડકું સડતું હતું. તેના જાતજાતના ઉપાય એ દાકતરે તેમજ તેના મિત્ર દાકતરોએ કરી જોયા. છેવટ વાઢકાપ પણ કરી. છતાં કશો ફાયદો થયો નહિ કે બાળકને દુઃખ ઓછું થયું નહિ. એથી તેનાં માબાપને એક સ્નેહીએ કોઈ દૈવી સહાય લેવાની સલાહ આપીને કહ્યું કે 'શિરડીના સાઈબાબા દૃષ્ટિમાત્રથી ઘણાં દર્દો મટાડે છે. તેથી તેમની પાસે છોકરાને લઈ જાઓ.' એથી તેને લઈ તેનાં માબાપ શિરડી આવ્યાં. બાબાને સાષ્ટાંગ પ્રણામ કરી છોકરાને બાબા પાસે બેસાડ્યો અને તેના પર દયા કરી બચાવી લેવા નમ્રતાથી બાબાને અરજ કરી. દયાળુ બાબાએ તેમને આશ્વાસન આપીને કહ્યું, ''જે લોકો આ મસીદનો આશ્રય લે છે તેમને જીંદગીભર, અરે અનંતકાળ લગી કશું જ સહન કરવા જેવું રહેતું નથી. માટે હવે ચિંતા ન કરો. ઉપર ઉદી લગાડજો. એક અઠવાડિયામાં તેને આરામ થઈ જશે. ભગવાનમાં શ્રદ્ધા રાખજો. આ મસીદ નથી. આ દ્વારકામાઈ છે. આનાં પગથિયાં ચડનાર તરત નિરોગી બની સુખી થાય છે અને બધાં દુઃખોનો અંત આવે છે.'' બાબાએ પાસે બેઠેલા છોકરના વ્રણ પર હાથ ફેરવી તેના પર પ્રેમથી દૃષ્ટિ કરી. દર્દીને આનંદ થયો. ઉદી લગાડતાં જ દર્દ મટવા લાગ્યું. થોડા દહાડામાં સાવ આરામ થઈ ગયો. આમ ઉદી વડે તથા બાબાની દયાળુ દૃષ્ટિ વડે પુત્રને આરામ થયેલો જોઈ કૃતકૃત્ય બની બાબાનો આભાર માની તેઓ ઘેર ગયા.



આ વાત જાણીને એ બાળકનો કાકો પેલો દાકતર ભારે અચંબો પામ્યો. પોતે કોઈ કામસર મુંબઈ જતાં માર્ગમાં શિરડી બાબાનાં દર્શન કરવા તેને તીવ્ર ઇચ્છા થઈ. પણ માલેગાવ તથા મનમાડ તે હતા ત્યારે કોઈએ બાબાની વિરુદ્ધ વાતો કરી તેમના કાનમાં ઝેર રેડ્યું હતું. તેથી શિરડી જવાનો વિચાર માંડી વાળ્યો અને સીધા મુંબઈ ગયા. રજાના દિવસ અલીબાગમાં જ ગાળવાનું નક્કી કર્યું. પણ મુંબઈમાં ઉપરા ઉપરી ત્રણ રાત સુધી તેમના કાને અવાજ આવ્યા કર્યો કે ''હજુ તને મારામાં શ્રદ્ધા નથી?'' એથી વળી દાકતરનો વિચાર બદલાયો અને શિરડી જવા નક્કી કર્યું. મુંબઈમાં તેમને એક ચેપી તાવના દર્દીને તપાસવાનો હતો. તેનો તાવ જ ઉતરતો નહોતો. તેથી કદાચ શિરડી જવાનું મુલતવી રાખવું પડશે એમ તેમને થતું હતું. છતાં મનમાં પરીક્ષા કરવા ઇચ્છા કરીને દાકતર બોલ્યા, ''જો આ દર્દી આજે સાજો થઈ જાય તો હું શિરડી કાલે જઈશ.'' અજબ જેવું તો એ છે કે જેવો તેમણે મનમાં આ સંકલ્પ કર્યો તેવો જ પેલા દર્દીનો તાવ ઉતરવા માંડ્યો અને તેનું 'ટૅમ્પરેચર નૉર્મલ' થયું. પછી નક્કી કર્યા મુજબ દાકતર શિરડી ગયા. બાબાનાં દર્શન કરી ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. બાબાએ આપેલા આવા અનુભવને લીધે તે બાબાના પરમ ભક્ત બન્યા. ચાર દહાડા સુધી ત્યાં રોકાયા અને બાબાનાં ઉદી-આશીર્વાદ મેળવી તે ઘેર આવ્યા. એક પખવાડિયામાં જ તેમની ઇચ્છા મુજબ વિજાપુર બદલી થઈ. આમ ભત્રીજાના દર્દના બહાને દાકતરને બાબાનાં દર્શનની તક મળી અને સંતના ચરણમાં સદાનો પ્રેમ બંધાયો.

**ડૉ. પિલ્લાઈ :** ડૉ. પિલ્લાઈ બાબાના પરમ ભક્ત હતા. બાબા પર તેમને સાચો પ્રેમ હતો. બાબા તેમને ભાઈ (અર્થાત્ ભાઈ)ને નામે બોલાવતા અને તેમની જોડે વાતચીત કરતા તથા સલાહ પણ લેતા હતા. બાજુમાં જ બેસાડતા. એક વાર ડૉ. પિલ્લાઈને વાળાના દર્દની ભારે પીડા ઊપડી. તેથી કાકાસાહેબ દીક્ષિતને તેમણે કહ્યું, ''મને પીડા બહુ થાય છે, સહન થતી નથી. આના કરતાં તો મોત સારું. ગત જન્મના કોઈ કર્મના લીધે જ આ પીડા હશે એમ હું માનું છું. પણ તમે બાબા પાસે જઈ મારા વતી અરજ કરો કે મારી આ પીડા બંધ કરે અને મારા ભાવિ દસ જન્મમાં તે વહેંચી દે, જેથી દર જન્મમાં થોડી થોડી જ પીડા ભોગવવાની રહે. માટે એટલું કરવા બાબા પાસે જઈ વિનતિ કરો.'' શ્રી દીક્ષિતે બાબા પાસે જઈને

http://suratiundhiyu.wordpress.com/

આ વાત કરી ત્યારે બાબા બોલ્યા, ''તેને કહેજે, કંઈ ડરે નહિ. દસ જન્મકર્મનાં ફળ તથા પીડા ભોગવાઈ જઈને પૂરાં થશે. ભૌતિક-આધિભૌતિક કલ્યાણ કરનારો હું અહીં બેઠો છું તો પછી તેણે મોત શા વાસ્તે માગવું જોઈએ ? ખભા પર બેસાડીને તેને અહીં લઈ આવો. તેની સર્વ પીડા સદાને માટે જતી રહે એવું કરશું.''

એ સ્થિતિમાં પિલ્લાઈને મસીદમાં લાવ્યા અને બાબાની જમણી બાજુ ફકીરબાબા બેસતા ત્યાં બેસાડ્યા. બાબાએ તેને પોતાને તકિયો આપીને કહ્યું, ''શાન્તિથી અહીં સૂઈ જા અને આનંદ કર. સાચો ઉપાય તો ગત જન્મનાં કર્મ ભોગવ્યે જ છૂટકો છે; આપણા સુખ-દુ:ખનાં કારણ આપણાં કર્મ જ છે, માટે જે કંઈ આવે તે સહન કરી લેવું. અલ્લા જ તેનો અંત લાવે છે અને રક્ષા કરે છે. માટે તેનું જ સદા સ્મરણ કરવું. તે જ તારી સંભાળ લેશે. માટે તન-મન-ધન-વાણીથી તું તેના ચરણનો સંપૂર્ણ આશ્રય લે અને પછી તે શું કરે છે તે જુઓ.'' જવાબમાં ડૉ.પિલ્લાઈએ કહ્યું, ''બાબા, પગ પર નાનાસાહેબે પાટો બાંધ્યો છે પણ કશો ફાયદો લાગતો નથી.'' ત્યારે બાબા બોલ્યા, ''નાના મૂર્ખ છે. એ પાટો છોડી નાંખ. નહિ તો મરી જઈશ. જોજે, હવે એક કાગડો આવશે અને તેના પર ચાંચ મારશે. પછી તને સારું થઈ જશે.''

આ વાત ચાલતી હતી ત્યાં એક અબ્દુલ નામે માણસ આવ્યો. તે નિત્ય ફાનસ સાફ કરતો હતો તથા મસીદ વાળતો હતો. તેણે વાળવાનું શરૂ કર્યું. ડૉ. પિલ્લાઈ પગ લાંબો કરીને સૂતા હતા. તેના પગ પર અચાનક જ અબ્દુલનો પગ પડી ગયો. પિલ્લાઈનો પગ સૂજીને પાકી ગયો હતો. જેવો તેના આ પાકેલા ભાગ પર અબ્દુલનો પગ પડ્યો તેવો જ તે ભાગ ફૂટી ગયો અને અંદરથી સાત વાળા નીકળી આવ્યા. એ વેળા તેને અસહ્ય પીડા થઈ. તેથી પિલ્લાઈ મોટેથી રાડારાડ પાડવા લાગ્યા. પણ થોડી જ વારમાં પીડા શાંત થવા માંડી. ત્યારે તે રુદન જોડે ગાવા લાગ્યા હતા. એ વખતે બાબા બોલ્યા : જુઓ, હવે આપણા ભાઉ સાજા બની ગયા છે.'' ત્યારે પિલ્લાઈએ પૂછ્યું કે 'કાગડો ક્યારે આવીને ચાંચ મારશે?' બાબાએ ઉત્તર દીધો, ''તેં કાગડો ન જોયો? હવે તે ફરીથી નહિ આવે. આ અબ્દુલ જ કાગડો થઈને આવ્યો હતો. હવે વાડામાં જઈને આરામ કર. જલદી સાજો થઈ જઈશ.''



ઉદી લગાડવાથી તથા તે પાણીમાં નાંખી પીવાથી અન્ય કશી જ સારવાર વિના દસ દિવસમાં પિલ્લાઈનું દર્દ મટી ગયું અને બાબાની આગાહી મુજબ તેને રૂઝ પણ આવી ગઈ.

**શામાની ભાભી :** શામાનો નાનો ભાઈ બાપાજી શિરડીમાં સાઊળ નામના કૂવા નજીક રહેતો હતો. એક વાર તેની સ્ત્રીને પ્લેગ થયો. ખૂબ તાવ આવ્યો અને સાથળના મૂળમાં બે ગાંઠો નીકળી. બાપાજી શામા પાસે દોડી આવીને બધી વાત કરી રડવા લાગ્યો. શામા ગભરાઈ ગયા અને નિત્યની ટેવ પ્રમાણે બાબા પાસે જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી સર્વ વાત વિવેકથી કહી તથા સહાય કરવા યાચના કરી અને પોતાના ભાઈને ઘેર જવા રજા માગી. ત્યારે બાબાએ કહ્યું, ''આટલી મોડી રાત્રે જતો નહિ. તેને ઉદી મોકલી આપ. તાવ કે ગાંઠોથી શું કામ ડરે છે? પ્રભુ જ આપણા માલિક પિતા છે. જોતજોતમાં તેને આરામ થઈ જશે. અત્યારે જતો નહિ, સવારે જજે, અને જઈને ઝટ પાછો આવજે.''

શામાને પણ બાબાની ઉદીમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. બાપાજી જોડે ઉદી મોકલી. તેણે જઈને એ ગાંઠો પર લગાડી તથા પાણીમાં મેળવીને પાઈ. જેવી ઉદી પેટમાં ગઈ તેવો જ તેને ખૂબ પરસેવો વળ્યો અને તાવ નરમ પડ્યો તથા ઊંઘ સારી આવી. બીજે દહાડે સવારે તાવ નહોતો અને ગાંઠો પણ બેસી ગઈ હતી. આમ બાઈને સાજી થયેલી જોઈને બાપાજી આશ્ચર્ય પામ્યા. સવારે બાબાની રજા લઈ શામા ત્યાં આવ્યા. ત્યારે ભાભીને તો ચૂલા પાસે બેસી ચા બનાવતી જોઈ. તેથી તેને પણ આશ્ચર્ય થયું. ભાઈને પૂછવાથી જાણ્યું કે બાબાની ઉદી વડે જ તેને એક રાતમાં જ સંપૂર્ણ આરામ થઈ ગયો. ત્યારે 'સવારે જઈને ઝટ પાછો આવજે' એ બાબાના વચનના અર્થની શામાને પ્રતીતિ થઈ.

શામા ચા પીને પાછા મસીદમાં આવ્યા અને પ્રણામ કરી બાબાને કહ્યું, ''દેવ, આ આપની કેવી લીલા છે? પ્રથમ આપ તોફાન ઊભું કરો છો અને અમને ચિંતામગ્ન બનાવો છો. અને તરત જ તોફાન શમાવી અમને શાન્તિ આપો છો!'' ત્યારે બાબાએ ઉત્તર દીધો, ''તને ખબર છે? કર્મના માર્ગ ગહન છે. હું કંઈ કરતો નથી. અદૃષ્ટને લીધે જે કંઈ બને છે તેની જવાબદારી લોકો મારી માથે ઓઢાડે છે.

હું તો માત્ર તેનો સાક્ષી છું, પ્રભુ જ કર્તાહર્તા છે. પ્રભુ અત્યંત દયાળુ પણ છે. હું કંઈ દેવ કે ઈશ્વર નથી. હું તો પ્રભુનો આજ્ઞાંકિત સેવક છું. નિરંતર તેમનું સ્મરણ કરું છું. અહંત્વ છોડીને જ માણસ પ્રભુનો ઉપકાર માને છે અને તેના પર સંપૂર્ણ શ્રદ્ધા રાખે છે. તેનાં સર્વ બંધન કપાઈ જાય છે અને મુક્તિ પામે છે.''

***ઈરાનીની પુત્રી :*** *હવે એક ઈરાની ગૃહસ્થનો અનુભવ સાંભળો. તેની નાની પુત્રીને કલાકે તાણ આવતી હતી. તાણ આવે ત્યારે બધાં અંગ અમળાઈ જઈ સંકોડાઈ જતાં અને તે બોલી શકતી નહિ. બેભાન થઈ પડી રહેતી. આ દર્દ કોઈ ઉપાયથી મટતું નહોતું. તેના પિતાને કોઈ મિત્રે કહ્યું, ''સાઈબાબાની ઉદી પુત્રીને આપો. વિલેપાર્લેના કાકા દીક્ષિત પાસેથી ઉદી મળશે.'' અને એ ઈરાનીએ ઉદી લાવી દરરોજ પાણીમાં મેળવી પુત્રીને આપવા માંડી. પ્રારંભમાં દર કલાકે તાણ આવતી તે ધીમી પડી. સાત સાત કલાકે આવવા લાગી. અને થોડા દહાડા પછી તેને સાવ આરામ થઈ ગયો.*

***હર્દાના ગૃહસ્થ :*** *મધ્ય પ્રાંતમાં આવેલ હર્દાના એક વૃદ્ધ માણસને પથરીનું દર્દ હતું. સામાન્ય રીતે આવી પથરી વાઢકાપથી કાઢી લે છે. તેથી લોકોએ તેને વાઢકાપની સલાહ આપી. પણ નબળાઈ તથા વૃદ્ધાવસ્થાને લીધે મનોબળ રહ્યું નહોતું. તેથી વાઢકાપની તેની હિંમત થતી નહોતી. એવામાં ત્યાંના ઇનામદાર આવી ચડ્યા. તે બાબાના ભક્ત હતા અને સાથે ઉદી રાખતા હતા. મિત્રોના કહેવાથી પેલા વૃદ્ધ માણસનો પુત્ર તેમની પાસેથી થોડી ઉદી લઈ ગયો અને પાણીમાં મેળવીને પાઈ દીધી. પાંચ જ મિનિટમાં જેવી ઉદી પેટમાં ગઈ તેવી જ પેલી પથરી પેશાબ સાથે બહાર નીકળી ગઈ અને તેને જલદીથી આરામ થયો.*

***મુંબઈની એક બાઈ :*** *મુંબઈની કાયસ્થ પ્રભુ જ્ઞાતિની એક બાઈને દરેક પ્રસૂતિ વખતે ભારે પીડા થતી હતી. પોતે સગર્ભા થતાં જ મનમાં ભારે ફફડાટ થતો અને શું કરવું તે સૂઝતું નહિ. બાબાના એક કલ્યાણના ભક્ત શ્રીરામ મારુતિએ બાઈના ધણીને સુખરૂપ પ્રસૂતિ અર્થે શિરડી બાબા પાસે જવાની સલાહ આપી. બાઈ સગર્ભા થઈ ત્યારે ધણી-ધણિયાણી શિરડી આવ્યાં અને થોડો સમય ત્યાં રોકાયાં. નિત્ય બાબાનું પૂજન કરતાં અને સત્સંગનો લાભ લેતાં હતાં. થોડા વખત*



*બાદ પ્રસૂતિનો સમય આવ્યો અને દર વખતની માફક ગર્ભાશયના માર્ગમાં આડું આવ્યું. બાઈને પ્રસૂતિની પીડા ઉપડી. શું કરવું તે સૂઝતું નહોતું. દુ:ખમુક્તિ માટે બાઈ બાબાની સ્તુતિ કરવા લાગી. દરમ્યાન પડોશમાંથી કેટલીક બાઈઓ આવી અને બાબાની સહાયની યાચના કરી તથા ઉદીનું પાણી પાયું. પાંચ જ મિનિટમાં બાઈને સહીસલામત સુખરૂપ પ્રસૂતિ થઈ. પણ ભાવિ મુજબ છોકરું મરેલું અવતર્યું. ત્યારથી એ બાઈની ચિંતા તથા પીડા ટળી ગયાં. સુખરૂપ પ્રસૂતિ માટે બાબાનો ઉપકાર માની બાઈ સદાને માટે કૃતજ્ઞ બની.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે***
***શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે ''ઉદી મહિમા''***
***નામ ચોત્રીસમો અધ્યાય સંપૂર્ણ***
***। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૩૫
# નિર્બીજ દ્રાક્ષ

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।
શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।
શ્રી સદ્ગુરુસાઈનાથાય નમ: ।**

**ઉપોદ્ઘાત :** આધ્યાત્મિક બાબતોમાં કોમવાદ ભારે નડતરરૂપ છે. ભગવાન નિરાકાર છે એવું માનનારા કહે છે કે ઈશ્વરને સાકાર માનવો તે તો એક ભ્રમણા છે અને સંતો તો માત્ર માનવપ્રાણીઓ છે. તેથી તેમની આગળ આપણે શા વાસ્તે માથાં નમાવી દક્ષિણા દેવી જોઈએ ? અન્ય પંથવાળા પણ વાંધા ઉઠાવી કહેશે કે ''અમારા સદ્ગુરુને છોડીને અમે બીજા સંતોના પગમાં શા માટે પડીએ?'' આવા જ પ્રશ્ન સાઈબાબા સામે અગાઉ થતા હતા અને આજે પણ સંભળાય છે. એક જણે કહેલું કે ''જ્યારે અમે શિરડી ગયા ત્યારે બાબાએ અમારી પાસેથી દક્ષિણા માગી. સંત આ રીતે ધન ભેગું કરે એ કંઈ ઠીક કહેવાય ? આમ ધન એકઠું કરનારમાં સંતપણું ક્યાં રહ્યું ?'' વળી એવા પણ કેટલાક દાખલા છે કે ટીકા કરવા ખાતર જ શિરડી ગયેલ માણસો જ બાબાની ભારે પ્રશંસા કરતા થઈ ગયા છે. આવાં બે દૃષ્ટાંત નીચે આપીએ છીએ:

**કાકા મહાજનીના મિત્ર :** કાકા મહાજનીના એક મિત્ર નિરાકાર ઈશ્વરના પૂજક હતા. તે મૂર્તિપૂજાના વિરોધી હતા અને કાકા મહાજની જોડે કુતૂહલથી બે શરતે શિરડી આવવા કબૂલ થયા હતા: ૧) પોતે બાબાને પ્રણામ નહીં કરે; તથા ૨) પોતે બાબાને કંઈ દક્ષિણા નહિ આપે. કાકાએ બન્ને શરતો કબૂલ રાખી. શનિવારે રાત્રે મુંબઈથી નીકળી રવિવારે સવારે બંને જણ શિરડી પહોંચ્યા. જેવો મસીદમાં પગ મૂક્યો તેવા જ દૂરથી બાબા પેલા મિત્ર સામે જોઈને મીઠાશથી બોલ્યા, 'કાં, યાવેંજી (કાં, આવોજી!)'' આ શબ્દો બાબાએ વિચિત્ર સ્વરે ઉચ્ચાર્યા, જે સ્વર એ મિત્રના પિતાના અવાજને બરાબર મળતો હતો. બાબાના આ શબ્દો સાંભળતાં



જ તેને તેના પિતા યાદ આવ્યા અને હર્ષને લીધે દેહ પર રોમાંચ થયો. ''સ્વરમાં જ કેવી આકર્ષણશક્તિ છે?'' મિત્રે અચંબો પામીને કહ્યું, ''સાચે જ આ તો મારા પિતાનો જ અવાજ છે.'' અને એકદમ પગથિયાં ચડી, કરેલો નિશ્ચય ભૂલીને તેણે બાબાના ચરણમાં માથું મૂક્યું.

બાબાએ કાકા પાસે બે વખત દક્ષિણા માગી હતી. એક વાર સવારમાં અને બીજી વાર વિદાય થતી વેળા. પેલા મિત્ર પાસેથી માગી નહોતી છતાં તેણે કાકાના કાનમાં પૂછ્યું, ''બાબાએ તમારા પાસે બે વાર દક્ષિણા માગી, હું પણ તમારી જોડે છું, છતાં મને કેમ કહેતા નથી?'' કાકાએ ઉત્તર દીધો, ''તેનું કારણ તમે બાબાને જ પૂછી જુઓ.'' એટલે બાબાએ કાકાને કહ્યું, ''તારો મિત્ર તને કાનમાં કશું કહે છે?'' ત્યારે મિત્રે જ બાબાને પૂછ્યું, ''મારે દક્ષિણા આપવી કે નહિ?'' એટલે બાબાએ કહ્યું, ''દક્ષિણા આપવાની તારી ઇચ્છા નથી. માટે તારી પાસેથી દક્ષિણા ન માગી. હવે તારે આપવી હોય તો આપ.'' ત્યારે (કાકાએ જેટલી દક્ષિણા આપેલી તેટલી જ) સત્તર રૂપિયા દક્ષિણા એ મિત્રે આપી. એ વખતે બાબાએ તેને શિખામણ આપતાં કહ્યું, ''આપણા બે વચ્ચે દીવાલ (ભેદબુદ્ધિ) છે. તે તું તોડી પાડ. તો જ આપણે એકબીજાને પ્રત્યક્ષ પારખી શકશું.'' ત્યાર બાદ બાબાએ તેને જવાની રજા દીધી. તે દહાડે આકાશમાં વીજળી સાથે વાદળાં થયાં હતાં.છતાં મુસાફરીમાં કોઈ વિઘ્ન નહિ આવે એવી બાબાએ ખાતરી આપી હતી. બન્ને જણ મુંબઈ સલામત પહોંચી ગયા. કાકાએ ઘેર પહોંચી ઓરડીનાં બારીબારણાં ઊઘાડ્યાં ત્યારે બે ચકલી જમીન પર મરેલી પડેલી જોઈ અને એક ચકલી બારી વાટે ઊડી ગઈ. કાકાના મનમાં થયું કે પોતે બારી ઉઘાડી મૂકી હોત તો આ ચકલી બચી જાત. પણ વળી મનમાં વિચાર થયો કે આમ બે તેના પ્રારબ્ધને આધીન થઈ. પણ ત્રીજી ચકલીને બચાવી લેવા સારું જ બાબાએ મને વેળાસર ઘેર મોકલી આપ્યો છે.

**કાકા મહાજનીના શેઠ :** મુંબઈના સૉલિસિટર ઠક્કર ધરમશી જેઠાભાઈની પેઢીના કાકા મહાજની મૅનેજર હતા. શેઠ તથા આ મૅનેજર વચ્ચે ગાઢ સંબંધ હતો. કાકા વારંવાર શિરડી જાય છે તથા થોડા દહાડા રોકાય છે અને બાબાની રજા પછી જ પાછા આવે છે એ વાતની શેઠને ખબર હતી. બાબાની પરીક્ષા કરવા કુતૂહલને ખાતર શેઠે કાકા જોડે હોળીની રજાઓમાં શિરડી જવાનું નક્કી કર્યું. પણ કાકા ક્યારે

http://suratiundhiyu.wordpress.com/

પાછા આવે તે નક્કી નહિ: તેથી શેઠે એક જણને પોતાની સાથે લીધો. ત્રણે જણ સાથે નીકળ્યા. બાબાને ભેટ ધરવા સારુ ઘણા જ પ્રેમથી દ્રાક્ષ કાકાએ ખરીદી લીધી. શિરડી પહોંચી મસીદમાં બાબાનાં દર્શને ગયા. એ વખતે બાળાસાહેબ તર્ખડ ત્યાં જ હતા. તેને શેઠે પૂછ્યું, ''કેમ આવ્યા છો? તમે કોઈ ચમત્કાર જોયો ખરો?'' તર્ખડે કહ્યું કે ''દર્શન અર્થે આવ્યો છું, ચમત્કાર જોવાનો મારો સ્વભાવ નથી. ભક્તોની અંતરની આશાઓ અહીં પુરાય છે.'' એટલામાં કાકાએ સાષ્ટાંગ પ્રણામ કરી પેલી દ્રાક્ષ ભેટ ધરી અને દ્રાક્ષ બધાને વહેંચી દેવાની બાબાએ આજ્ઞા કરી. શેઠને પણ થોડી દ્રાક્ષનો પ્રસાદ મળ્યો. પણ ધોઈને સાફ કર્યા વગર દ્રાક્ષ ખાવી નહિ એવી સલાહ તેમને દાકતરે દીધેલી હોવાથી શેઠે આ દ્રાક્ષ મોંમાં મૂકી નહિ. આમ દ્રાક્ષ ખાવી ગમતી નહોતી તેમજ પાછી પણ આપી દેવાય તેમ નહોતું, તેથી બાકીની દ્રાક્ષ ઇચ્છાવિરુદ્ધ ખિસ્સામાં મૂકતાં તે મનમાં બોલ્યા, ''બાબા સંત હોય તો પછી આમ દ્રાક્ષના મારા અણગમાથી તે અજ્ઞાત કેમ હોય છે ? અને એ છતાં મને પરાણે દ્રાક્ષ કેમ અપાવી ?'' આવા વિચાર તેના દિલમાં ઘોળાતા હતા. ત્યાં બાબાએ વળી ફરીથી વધુ દ્રાક્ષ તેને આપી. મોઢામાં ન મૂકતાં તેણે હાથમાં જ રાખી મૂકી. એટલે બાબાએ તેને દ્રાક્ષ ખાઈ જવાની આજ્ઞા કરી. આજ્ઞા માથે ચડાવવી પડી. પણ બધી જ દ્રાક્ષ નિર્બીજ માલૂમ પડી. એથી તેને આશ્ચર્ય થયું. તેની ઇચ્છા ચમત્કાર જોવાની હતી; તે બાબાએ આ ચમત્કાર બતાવ્યો. બાબાએ તેનું અંતર વાંચી તેની ઇચ્છા મુજબ દ્રાક્ષને જ નિર્બીજ બનાવી આપી હતી. કેવી અજબ શક્તિ! બાજુમાં બેસી તર્ખડ પણ દ્રાક્ષનો પ્રસાદ ખાતા હતા. તેમને દ્રાક્ષ કેવી છે એમ પૂછ્યું તો તર્ખડે કહ્યું કે બીયાંવાળી દ્રાક્ષ છે.એ સાંભળી શેઠને વધુ આશ્ચર્ય થયું. વળી શ્રદ્ધા વધુ દૃઢ કરવા શેઠ મનમાં જ બોલ્યા કે બાબા સાચા સંત હશે તો હવે કાકાને જ પહેલી દ્રાક્ષ દેશે. સર્વજ્ઞ બાબાએ પુનઃ દ્રાક્ષ વહેંચવા આજ્ઞા કરી અને સૌપ્રથમ દ્રાક્ષ કાકાને જ આપવા કહ્યું.

શામાએ આ શેઠ ઠક્કર ધરમસી જેઠાભાઈની ઓળખાણ કરી આપી કે કાકા મહાજનીના એ શેઠ છે. તરત જ બાબાએ પૂછ્યું, ''તેના શેઠ કેમ હોઈ શકે? કાકાનો શેઠ તો કોઈ જુદો જ છે.'' કાકાને આ ઉત્તર ગમ્યો. પછી તો શેઠે પોતાનો નિશ્ચય ભૂલીને બાબાને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને વાડીમાં પાછા આવ્યા.



બપોરની આરતી પછી એ સૌ વિદાયની રજા લેવા મસીદમાં બાબા પાસે આવ્યા. શામાએ તેમની વાત બાબાને કહી ત્યારે તે બોલ્યા: ''એક ચંચલ મનનો ગૃહસ્થ હતો. તે ધનવાન ને આરોગ્યવાન હતો. તેને તન કે મનનું દુ:ખ નહોતું. પણ વગર કારણની ચિંતાનો બોજો માથે લઈને ફરતો હતો. ચિત્તની શાન્તિ ગુમાવી જ્યાં-ત્યાં રખડતો હતો. કોઈ વાર આ બોજો ઉતારી નાંખતો. તો વળી કોઈ વાર તે માથે ઉપાડીને ફરતો હતો. દૃઢતા કોને કહેવાય તેની તો તેના મનને ખબર જ નહોતી. તેની આ સ્થિતિની મને દયા આવી અને મેં કહ્યું, ''હવે મહેરબાની કરી તને ગમે તે એક સ્થાન પર શ્રદ્ધા રાખ. આમ ભટકે છે શા વાસ્તે? શાન્તિથી એક સ્થાનને ચોંટી રહે.''

પેલા ઠક્કર શેઠ તરત જ સમજી ગયા કે બાબાએ આ વાત 'મને ઉદ્દેશીને જ કરી છે. બધું મને જ લાગુ પડે છે.' વળી તેના મનમાં થયું કે કાકા પણ મારી જોડે પાછા આવે તો ઠીક, પણ શિરડીથી આટલા જલદી વિદાય થવાની કાકાને બાબા રજા આપે તેવી કોઈને આશા નહોતી. પણ બાબા તો સર્વજ્ઞ હતા. તેમણે કાકાને તેના શેઠ જોડે જ જવાની રજા આપી. આમ બીજાનાં અંતર જાણવાની બાબાની શક્તિની આ એક વધુ સાબિતી શેઠને મળી.

પછી બાબાએ કાકા પાસેથી પંદર રૂપિયા દક્ષિણા માગી અને તે તેમણે આપી. ત્યારે બાબા બોલ્યા, ''દક્ષિણાનો જેની પાસેથી એક રૂપિયો પણ લઉં છું તેને મારે દસગણા પાછા આપવા પડે છે. હું કોઈનું કંઈ મફત લેતો નથી. અગર તો હું કોઈને વગર વિચાર્યું કંઈ કહેતો નથી. ફકીર (મારા ગુરુ) ફરમાવે છે તેની પાસેથી જ હું માંગું છું અને તે મને મળે છે. એ ફકીરનું પૂર્વજન્મનું જે ઋણ જેણે ચૂકવ્યું હોતું નથી તે જ નાણાં અહીં તેના પાસેથી વસૂલ થાય છે. દાતા દે છે. બીજ રોપે છે તેનો જ કિંમતી પાક તેને લણવાને મળે છે. ધન તો સાચા ધર્મકાર્યને અર્થે છે. અંગત મોજશોખમાં ધન ખરચવું તે તો તેનો દુર્વ્યય છે. તમે પૂર્વે આપ્યું નહિ હોય તો તમને અત્યારે ક્યાંથી મળે? માટે ધન જોઈતું હોય તો દાન કરજો. દક્ષિણા દેવાથી વૈરાગ્ય વધે છે; અને જ્ઞાનભક્તિ પમાય છે. એકગણું દાન કરતાં દસગણું પુણ્ય મળે છે.'' બાબાનાં આવાં વચન સાંભળતાં જ શેઠ પોતાના નિશ્ચય વિસરી ગયા અને પોતે બાબાના હાથમાં દક્ષિણાના પંદર રૂપિયા મૂક્યા અને પોતે શિરડી

આવ્યા તે સારું કર્યું એમ તેમના મનમાં થયું. તેમના બધા સંશય ટળી ગયા અને પોતે ઘણું શીખ્યા.

આવા માણસોને ઠેકાણે લાવવાની બાબાની શક્તિ અપૂર્વ હતી. આમ છતાં પોતે તો વૈરાગી હતા. તેમને કોઈ નમસ્કાર કરે કે ન કરે અથવા દક્ષિણા આપે કે ન આપે તે બધું તેમને મન સરખું જ હતું. પોતે કોઈનું વગર કારણે અપમાન કરતા નહિ. અગર કોઈ માન આપે કે પૂજા કરે તેથી હરખાઈ જતા નહિ. કોઈ તેમનો નિરાદર કરે તેથી પોતે કંઈ દુઃખી કે નારાજ થતા નહિ. સુખ, દુઃખ, લાભ, હાનિ એ દ્વંદ્વથી તે પર હતા.

**ઇન્સોમ્નિયા (ઊંઘનો અભાવ) :** એક કાયસ્થ પ્રભુ ગૃહસ્થને ઘણા સમયથી ઇન્સોમ્નિયાનો વ્યાધિ હતો. જેવા તે પથારીમાં સૂતા તેવા જ સ્વપ્નમાં તેના મૃત પિતા દેખાતા અને તેને સખ્ત ઠપકો દેતા હતા. એથી તેની ઊંઘ ઊડી જતી અને આખી રાત ચિંતામાં જતી હતી. નિત્ય રાત્રે આમ ચાલ્યા કરતું. શું કરવું તે સમજાતું નહોતું. એક દહાડો આ બાબતમાં તેણે બાબાના ભક્તની સલાહ લીધી. ત્યારે પેલા ભક્તે કહ્યું કે આનો અકસીર ઇલાજ તો બાબાની ઉદી છે. અને તેને ઉદી આપી તથા સૂતી વેળા ઉદી કપાળે લગાડવાની તથા ઉદીનું પડીકું ઉસીકાની નીચે મૂકી રાખવાની સૂચના કરી. પેલાએ આ ઉપાય અજમાવ્યો. તો આનંદ તથા આશ્ચર્ય સાથે જોયું કે તેને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ અને કશું સ્વપ્ન આવ્યું નહિ. આ ઉપાય ચાલુ રાખી તેણે શ્રી સાઈબાબાનું સ્મરણ કરવા માંડ્યું. પછી તો તેને સાઈબાબાની એક છબી મળી. તે પણ પથારીની સામે લટકાવી અને નિત્ય પૂજન કરવાનું શરૂ કર્યું તથા દર ગુરુવારે ફૂલમાળા તથા નૈવેદ્ય ધરવા લાગ્યા. એથી તેનું ખૂબ કલ્યાણ થયું અને ઉપાધિ બધી ચાલી ગઈ.

**બાબાજી પાટીલ નેવાસકર :** આ માણસ બાબાનો પરમ ભક્ત હતો. નિષ્કામ ભાવથી તે બાબાની સેવા કરતો. તે નિત્ય શિરડીના બાબાના ચાલવાનો માર્ગ વાળીચોળીને સાફ કરતો. (તેની પછી એ કામ રાધાકૃષ્ણમાઈ કરતાં અને તેમના પછી એ કામ અબ્દુલા કરતો હતો.) આ બાબાજી દર વર્ષ ખેતર લણીને જે પાક ઉતરતો હતો તે સર્વ બાબાને પ્રથમ અર્પણ કરતો હતો. આ નિયમ ઘણાં વર્ષ



લગી તેણે ચાલુ રાખ્યો હતો અને તે ગુજરી ગયા પછી તેનો પુત્ર પણ એ જ પ્રમાણે કરવા લાગ્યો.

**ઉદીની શક્તિ :** એક વાર બાબાજીએ ઉપરોક્ત વાર્ષિક અર્પણના દિવસે જ કેટલાક મહેમાનોને જમવાનું નોતરું આપ્યું. ભોજન તૈયાર થયું. પણ જમવા ટાણે જોયું તો ધાર્યા કરતાં ત્રણગણાં માણસો જમવા આવ્યાં હતાં. નેવાસકરની પત્ની મુંઝાવા લાગી કે આટલા બધાંને કંઈ આટલી રસોઈ પૂરી થશે નહિ. પણ તેની સાસુએ દિલાસો દઈને કહ્યું, ''તું ડરીશ મા. આ કંઈ આપણું નથી. આ બધું તો બાબાનું છે. દરેક તૈયાર થયેલી રસોઈમાં જરા ઉદી નાંખી તેના પર કપડું ઢાંકી દે.'' અને બાજુ પરથી લઈને તે પીરસજે. શ્રી સાઈબાબા જ લાજ રાખશે.'' એ પ્રમાણે કરતાં આશ્ચર્ય તથા આનંદ સાથે જોયું કે રસોઈ બધાને પૂરી થઈ. એટલું જ નહિ પણ બધા જમ્યા પછી પણ તે વધી હતી. 'જેવી જેની અંતરની ભાવના તેવું જ તેનું ફળ મળે છે' એ વાતનું આ દૃષ્ટાંત છે.

આ બાબાજીને બે પત્ની તથા બાળકો હતાં. તે બધાં એક વાર નેવાસથી બાબાનાં દર્શને શિરડી આવ્યાં ત્યારે બાબાએ કપડાં તથા સાડીઓ ખરીદી અને આશીર્વાદ સાથે ભેટ આપ્યાં હતાં.

(નોટ : આવા જ એક દૃષ્ટાંતની વાત મારા મિત્ર બાબાના પરમ ભક્ત ફર્સ્ટ ક્લાસ મૅજિસ્ટ્રેટ શ્રી બી.એ. ચૌધુલેએ મને કહી હતી. સને ૧૯૪૩ના ફેબ્રુઆરી માસમાં અહમદનગર જિલ્લામાં આવેલ કરજતમાં પૂજન-મહોત્સવ તથા જનતા-ભોજન રાખ્યું હતું. તેમાં ધાર્યા કરતાં પાંચગણાં માણસો આવી લાગ્યાં. છતાં સર્વના આશ્ચર્ય વચ્ચે તૈયાર કરેલી રસોઈમાં જ એ બધાને જમાડી શકાયાં હતાં. બાબાની કૃપાથી જ રસોઈ તેમને પૂરી થઈ હતી ને કશી તાણ પડી નહોતી.

**૧) શ્રી સાઈનાં નાગરૂપે દર્શન :** આવો જ એક બીજો પ્રસંગ સાઈસુધા વ.૩ અંક ૭-૮, સને ૧૯૪૩ જાનેવારી પાનું ૨૫ ઉપર પ્રસિદ્ધ થયો છે, જેમાં કોઈમ્બતુરમાં તા. ૭-૧-૧૯૪૩ના રોજ બાબાનાં નાગરૂપ દર્શન થયાં હતાં. નાગ ત્યાં ભજન સાંભળવા આવ્યો. તેણે પુષ્પ તથા દૂધનો સ્વીકાર કર્યો. હજારો માણસોએ દર્શન કર્યાં અને તેનો ફોટો પણ પાડ્યો હતો. આ વાતની ખાતરી માટે જુઓ સાઈસુધાનો ઉપર કહેલો અંક.

*૨) એક વાર શિરડીના રઘુ પાટીલ નેવાસમાં બાબાજી પાટીલના ઘેરે મહેમાન તરીકે ગયા હતા. ત્યાં સાંજના સિસકારા બોલાવતો એક નાગ ગાયની ગમાણમાં આવતો જોયો. બધાં ઢોર ભડકી ગયાં ને દૂર ખસી ગયાં. ઘરનાં માણસો પણ ડરી ગયાં. પણ બાબાજીને તો એમ જ લાગ્યું કે નક્કી મારા ઘરમાં બાબાએ જ નાગરૂપે દર્શન દીધાં છે. તેથી મુદ્દલ ડર્યા વગર દૂધનો પ્યાલો લઈ તે નાગ પાસે ગયા અને ત્યાં મૂકીને કહ્યું, ''બાબા, આપ સિસકારા કેમ કરો છો ? આવો અવાજ શા વાસ્તે કરો છો ? આપ શું મને બીવડાવવા ઇચ્છો છો? આ દૂધનો પ્યાલો પીઓ અને શાંત થાઓ.'' આટલું બોલી બાબાજી શાન્તિથી ત્યાં બેઠો. ઘરનાં માણસો તો ડરતાં હતાં કે હવે શું કરવું ? પણ કંઈ સૂઝતું નહોતું. અલ્પ સમયમાં જ નાગ અલોપ થયો. તે ક્યાં ગયો તેની પણ કોઈને ખબર પડી નહિ. પેલી ગમાણમાં ઘણી તપાસ કરી પણ એ નાગ ક્યાંય જોવામાં આવ્યો નહિ.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકતહેમાડપંતવિરચિતે***
***શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે ''નિર્બીજ દ્રાક્ષ''***
***નામ પાંત્રીસમો અધ્યાય સંપૂર્ણ***
***। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

# અધ્યાય-૩૬

## સર્વવ્યાપક સાઈ-આશીર્વચન-સાફલ્ય

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: । શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: । શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

આ અધ્યાયમાં ગોવાના બે ગૃહસ્થોની તથા સોલાપુરનાં શ્રીમતી ઔરંગાબાદકરની અજબ કથાનું વર્ણન છે.

**ગોવાના બે ગૃહસ્થો :** એક વાર સાઈબાબાનાં દર્શન કરવા ગોવાથી બે ગૃહસ્થ આવ્યા અને સાષ્ટાંગ પ્રણામ કરીને બેઠા. બન્ને સાથે આવ્યા હતા છતાં બાબાએ તેમાંના એક જણને જ પંદર રૂપિયા દક્ષિણા આપવાની આજ્ઞા કરી અને તેણે ખુશીથી દક્ષિણાના પંદર રૂપિયા આપ્યા. બાબાએ તે સ્વીકારી લીધા. તેના સંગાથીએ પાંત્રીસ રૂપિયા દક્ષિણાના આપવા માંડ્યા પણ બાબાએ એ સ્વીકાર્યા નહિ ને પાછા આપ્યા. એ જોઈ બધાંને અચંબો થયો. શામા ત્યાં બેઠા હતા. તેમણે બાબાને પૂછ્યું, ''દેવ, આ કેવી વાત ? આ બંને જણ સાથે આવ્યા. આપે એક જણની પાસેથી માગીને દક્ષિણા સ્વીકારી અને આ બીજો માણસ ખુશીથી જાતે આપતો હતો, તેની દક્ષિણા લેવા આપે ના પાડી. આવો ભેદ શા માટે ?'' બાબાએ ઉત્તર દીધો, ''શામા, તને કંઈ ખબર નથી. હું કોઈ પાસેથી કંઈ લેતો નથી. આ મસીદમાઈ જ દરેકને ઋણ વાળવા સારુ બોલાવે છે; અને દક્ષિણા આપીને તે ઋણમુકત થાય છે. મારે કુટુંબ-કબીલું ઘરબાર કંઈ નથી, મારે કશું જ જોઈતું નથી. હું તો ફક્કડ છું. દરેકને પોતે કરેલું ઋણ, શત્રુત્વ-ઋણ-એ દરેક વસ્તુનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. તેનો બીજો કોઈ ઉપાય નથી.'' એટલું બોલી બાબાએ તેમની લાક્ષણિક ઢબે વાર્તા કહી :

એક વાર એક નિર્ધન હતો. 'નોકરી મળે તો પહેલા માસનો પગાર હું

પ્રભુને ભેટ આપીશ' એવી તેણે બાધા રાખી. માસિક પંદર રૂ.ની તેને એક નોકરી મળી. અને પછી તો તે નોકરીમાં તેને ઊંચી પાયરી મળતી જ ગઈ અને પગાર વધતો ગયો. પંદરના ત્રીસ, સાઠ, સો, બસો અને છેવટે સાતસો રૂ.નો પગાર થયો. પણ આ ઉન્નતિમાં પેલી બાધા પૂરી કરવાનું તે સાવ વિસરી ગયો. તે આજે તેના કર્મના બળે દોરવાઈ આવ્યો અને મેં તેની પાસેથી તેણે કરેલ ઋણના પંદર રૂપિયાની દક્ષિણા માગી લીધી.

**હવે બીજી વાત :** સમુદ્રકિનારે ફરતાં ફરતાં હું એક મોટી ઇમારત પાસે આવ્યો અને તેના ઓટલા પર બેઠો. તેના માલિકે મારું સારું સન્માન કર્યું અને પ્રેમથી જમાડ્યો તથા મને સૂવા માટે કબાટ પાસે ચોખ્ખી સુંદર જગા બતાવી. હું ત્યાં સૂતો. હું ભરઊંઘમાં હતો ત્યારે એ માણસે એક ઊભી ઈંટ ખસેડીને દીવાલમાં કાણું પાડ્યું અને અંદર પેસી ખીસું કાતરીને બધા પૈસા લઈ ગયો. મેં જાગીને જોયું તો મારા ત્રીસ હજાર રૂપિયા ચોરાઈ ગયા હતા. મને બહુ દુ:ખ થયું અને હું રડવા લાગ્યો. એ બધા રૂપિયાની નોટો જ હતી. પેલો બ્રાહ્મણ જ ચોરી ગયો છે એમ મને લાગ્યું. મને કંઈ ખાવુંપીવું ભાવે નહિ. આમ પંદર દિવસ લગી હું ઓટલા પર ધન ગુમાવ્યાની ચિંતા કરતો બેસી રહ્યો. પંદર દિવસ પછી એક ફકીર ત્યાંથી નિકળ્યા. તેમણે મને રડતો જોયો. પાસે આવી મારા શોકનું કારણ પૂછ્યું. ત્યારે મેં તેમને બધી વાત કરી. તેમણે કહ્યું, ''હું તને કહું તેમ કરીશ તો તારા બધા પૈસા તને પાછા મળશે. હું સરનામું આપું છું તે ફકીર પાસે જેજે. તેને શરણે જઈશ તો તારા બધા પૈસા તને પાછા મળશે. દરમ્યાન પૈસા તને ન મળે ત્યાં લગી તારી કોઈ પ્રિય વસ્તુ ન ખાવાની બાધા લેજે.'' એ ફકીરની આજ્ઞા મુજબ હું ચાલ્યો અને મારા પૈસા પાછા મળ્યા. પછી એ ઇમારત છોડી હું સમુદ્રકાંઠે ગયો. ત્યાં એક બોટ ઊભી હતી. તેમાં ઘણા માણસો બેઠા હતા તેથી જગા નહોતી. એવામાં એક ભલા સિપાઈએ આવી મારી સિફારસ કરી જેથી સદ્ભાગ્યે હું તેમાં બેસી શક્યો અને હું બીજે કિનારે આવ્યો; જ્યાંથી ગાડી પકડી હું આ મસીદમાઈમાં આવ્યો.

આમ બાબાએ બન્ને વાર્તા પૂરી કરી અને એ બન્ને જણને તેડી જઈને જમાડવાની શામાને આજ્ઞા કરી. શામા તેમને ઘેર તેડી ગયા અને જમાડ્યા. જમતી વખતે શામાએ કહ્યું, ''બાબાની લીલા જ અકળ છે. બાબા કદી સમુદ્રકિનારે ગયા નથી. તેમની પાસે કદી ત્રીસ હજાર રૂ.ની રકમ નહોતી. મુસાફરી તો તેમણે કદી કરી જ નથી. તેમના પૈસા કોઈ વાર ચોરાઈ ગયા નથી. અગર આમ પાછા આવ્યાની પણ કોઈને ખબર નથી. આમાં તમને કંઈ ખબર પડી ? આનો તમે સાર શું લીધો ?'' મહેમાનો તો બાબાની વાર્તા સાંભળી ગળગળા થઈ ગયા અને આંખમાથી આંસુ પડવા લાગ્યાં રુંધાયેલા કંઠે તે બોલ્યા, ''બાબા સર્વજ્ઞ છે, અનંત છે, અનુપમ પરબ્રહ્મ જ છે. તેમણે અમારી પોતાની આ વાર્તા કહી છે. તેમણે જે સર્વ કહ્યું તે બધું અમારા દષ્ટાંતમાં જ બન્યું છે. આ બધી વાતની તેમને ખબર કેમ પડી એ વસ્તુ જ આશ્ચર્યજનક છે. અમે આ બધી વાત જમીને પછી વિગતવાર તમને કહેશું.'' પછી જમીને પાન-સોપારી લેતાં મહેમાનોએ પોતાની વાત કરી. એક જણે કહ્યું :

''ઘાટ પરનું હવા ખાવાનું સ્થળ જ મારું ગામ છે. મારા રોટલા રળવા સારુ કોઈ નોકરીમાં જોડાવાની ઇચ્છાથી હું ગોવા ગયો. મેં દત્તપ્રભુ પાસે બાધા લીધી કે જો મને નોકરી મળશે તો હું પ્રથમ માસનો પગાર અર્પણ કરીશ. તેમની કૃપાથી મને એક પંદર રૂપિયાની જગા મળી અને પછી તો બાબાએ કહ્યું તેમ મને નોકરીમાં બઢતી મળતી ગઈ. પણ હું મારી વાત ભૂલી ગયો. તેથી આજે બાબાએ મને એ બાધા યાદ દેવડાવી પંદર રૂ.મારા પાસેથી લીધા. કોઈ ધારતું હોય કે એ દક્ષિણા હતી તો એવું કંઈ નથી. મારું જૂનું ઋણ જ મેં ચૂકવ્યું છે અને મારી ભુલાયેલી બાધા પૂરી કરી છે.''

(તા.ક. ખરી રીતે બાબા પૈસાથી ભીખ માગતા જ નહોતા અગર પોતાના ભક્તોને આધ્યાત્મિક પ્રગતિમાં વિઘ્નરૂપ ગણતા હતા. તેથી જ પોતાના ભક્તોને ધનની પકડમાં આવવા દેતા નહોતા. આ વાતનું તાદશ દષ્ટાંત ભક્ત મહાળસાપતિ જ છે. તે સાવ નિર્ધન હતા. માંડ પોતાનું પૂરું કરી શકતા હતા. છતાં બાબાએ કદી કોઈ પાસેથી ધનનું દાન લેવા દીધું નથી. એક વાર હંસરાજ નામના એક દયાળુ

*ઉદાર સજ્જન વેપારીએ બાબાની હાજરીમાં મહાળસાપતિને મોટી રકમ આપવા માંડી હતી પણ બાબાએ તેને તે સ્વીકારવા જ દીધી નહોતી.)*

એ પછી પેલા બીજા મહેમાને પોતાની વાત કહેવા માંડી : મારે ત્યાં એક બ્રાહ્મણ રસોઇયો હતો. પાંત્રીશ વર્ષ લગી તેણે મારી નોકરી નિમકહલાલીથી કરી હતી. કમભાગ્યે કુટેવને લીધે તેનું મન બદલાઈ ગયું અને તિજોરીમાંથી મારી આખી રકમ ઉપાડી ગયો અને ઊંઘતાં હતા ત્યારે દીવાલમાં મારો તિજોરીનો કબાટ છે તેની ઈંટો ખસેડી તે અંદર આવ્યો અને મેં એકઠું કરેલું ધન, મારી ત્રીસ હજાર રૂપિયાની નોટો તે ઉપાડી ગયો. આ રકમ પણ બાબાએ બરાબર કેમ કહી આપી તે વાતની મને સમજ પડતી નથી. એ જાણીને તો હું રાતદહાડો રડતો ઓટલે બેસી રહેતો હતો. મેં કરેલી તપાસ સાવ નિષ્ફળ ગઈ. આ ચિંતામાં મેં પંદર દિવસ કાઢ્યા. એવામાં એક ફકીર ત્યાંથી નીકળ્યા. મને સૂનમૂન બનીને બેઠેલો જોઈ તેમણે મને કારણ પૂછ્યું. મારી બધી વાત સાંભળી તેમણે મને કહ્યું, ''કોપરગાવ તાલુકામાં શિરડી નામે ગામમાં સાઈ નામે એક ઓલિયા રહે છે તેમની બાધા રાખ. તને પ્રિય હોય એ વસ્તુ ન ખાવાની બાધા લે. અને મનમાં જ કહે કે આપનાં દર્શન કરીશ પછી જ હું એ વસ્તુ લઈશ. ત્યાં લગી હું એ વસ્તુને અડીશ પણ નહિ.'' પછી મેં ભાતની બાધા લીધી અને મનમાં કહ્યું, ''હે બાબા, મારા પૈસા મળ્યા પછી આપનાં દર્શન કર્યા બાદ હું ભાત લઈશ.

એ પછી પંદર દહાડા થયા ત્યાં જ મારો બ્રાહ્મણ રસોઇયો પોતાની મેળે જ મારી પાસે આવ્યો અને મારી ત્રીસ હજારની આખી રકમ મને આપીને બોલ્યો, ''મેં ગાંડા બનીને આ કામ કર્યું છે. હું હવે તમારા પગમાં મારું માથું મૂકું છું. મહેરબાની કરી મને માફ કરો.'' આમ બધું બરાબર પાર ઉતર્યું. મને સહાય કરેલ ફકીરનાં મને પુન: દર્શન થયાં નથી. હવે એ ફકીરે મને ચીંધ્યા હતા તે સાઈબાબાના દર્શનની તીવ્ર ઇચ્છા મારા મનમાં જાગી. મને મનમાં તો એવું લાગ્યું કે મારે ઘેર પધાર્યા હતા તે પોતે જ સાઈબાબા હતા; જેમણે મને દર્શન આપી મારા ગયેલ બધા પૈસા પાછા અપાવ્યા. તે કંઈ મારી પાંત્રીસ રૂ.ની દક્ષિણાનો લોભ, રાખે ? ઊલટું



કશી જ આશા વિના આધ્યાત્મિક માર્ગે આપણને ચઢાવવાના તેઓ તો થાય તેટલા પ્રયત્ન કરે તેવા છે.

મારી ગુમ થયેલી રકમ મને પાછી મળતાં ખૂબ આનંદ થયો અને એ તાનમાં જ હું બાબાનાં દર્શનની બાધા વિસરી ગયો. કોલાબા આવ્યો ત્યારે મને રાત્રે સ્વપ્નમાં બાબાના દર્શન થયાં અને તેમણે મને શિરડીની બાધા પૂરી કરવાનું યાદ આપ્યું. હું ગોવા ગયો. ત્યાંથી બોટમાં બેસી મુંબઈ આવી શિરડી પહોંચવા મેં મનમાં સંકલ્પ કર્યો. પણ હું બંદર પર ગયો ત્યારે બોટમાં જગા નહોતી. કપ્તાને મને બેસવા ન દીધો. પણ એક અજાણ્યા સિપાઈએ આવી મારી શિફારસ કરી મને બોટમાં બેસાડ્યો અને હું મુંબઈ પહોંચ્યો. પછી રેલવેમાં બેસી હું અહીં આવ્યો. ખરેખર બાબા સર્વજ્ઞ સર્વવ્યાપક છે. આપણે કોણ ? આપણાં ઘર કયાં? બાબાએ મારું ધન પાછું અપાવ્યું અને મને અહીં ખેંચી પણ લાવ્યા. આપણે સદ્ભાગી! અમારા કરતાં તમે શિરડીના લોકો મોટા નસીબવંત છો. તમારો પુણ્યસંચય અપાર હશે; જેથી બાબા શિરડી આવીને રહ્યા છે. શ્રી સાઈ તો આપણા દત્ત જ છે. તેમણે જ બાધા લેવડાવી; તેમણે જ મને બોટમાં બેસાડ્યો; તેઓ જ મને અહીં લઈ આવ્યા અને પોતાની સર્વજ્ઞતા, સર્વવ્યાપકતા તથા સર્વશક્તિમત્તાના પરચા મને આપ્યા.

**શ્રીમતી ઔરંગાબાદકર :** સોલાપુરના શ્રી સખારામ ઔરંગાબાદકરનાં પત્નીને સત્તાવીશ વર્ષ થઈ ગયાં હતાં છતાં કશું સંતાન નહોતું. તેમણે સંતાન માટે દેવ-દેવીઓની ઘણી બાધાઆખડી રાખી. પણ સફળ થયાં નહોતાં. છેવટે સાવ નિરાશ બન્યાં. છેલ્લા ઉપાય સારુ ઓરમાન પુત્ર વિશ્વનાથ જોડે તે શિરડી આવ્યાં અને બે'ક માસ રોકાઈને બાબાની સેવા કરી. મસીદમાં માણસો બાબાને વીંટળાઈને બેઠા જ હોય. તેથી બાબાને એકાંતમાં મળી પગમાં પડી હૃદય ઉઘાડી વાત કરીને સંતાન પ્રદાન માગવાની યોગ્ય તક મળતી નહોતી. છેવટે બાબા એકલા હોય ત્યારે પોતાની વાત કરી સિફારીસ કરવા સારુ એ બાઈએ શામાને વિનંતી કરી. ત્યારે શામાએ કહ્યું કે ''બાબાનો દરબાર ઉઘાડો છે. છતાં તમારા માટે મહેનત કરી જોઈશ. ઈશ્વર તમારી મનોકામના પૂરી કરશે. બાબા બપોરે જમતા હોય ત્યારે તમે

શ્રીફળ તથા ધૂપસળીઓ લઈ મસીદના ચોકમાં તૈયાર બેસજો અને હું બોલાવું ત્યારે ઉપર આવજો.'' એ દહાડો જમીને બાબાના હાથ ધોઈ શામા ટુવાલથી લૂછતા હતા. ત્યાં શામાના ગાલે બાબાએ ચૂંટી ખણી. શામાએ જરા ગુસ્સે થવાનો ડોળ કરીને કહ્યું, ''દેવ, આપ આમ મને ચૂંટી ખણો તો ઠીક કહેવાય ? આમ ચૂંટી ખણે એવા તોફાની દેવ અમારે જોઈતા નથી. અમે તો આપના આશ્રિત છીએ. આપના ગાઢ સત્સંગનું આ કેવું ફળ ?'' ત્યારે બાબાએ ઉત્તર દીધો, ''અરે શામા, આજ બોંતેર પેઢીથી આપણે એકબીજા જોડે રહીએ છીએ. આજ લગી કોઈ દહાડો મેં તને ચૂંટી ખણી નથી અને આજ ચૂંટી ખણી. તેમાં તું આવો ગુસ્સો કરે છે ?'' એ વખતે શામાએ કહ્યું, ''અમારે કંઈ આપની પાસેથી માનપાન જોઈતાં નથી. પણ આપના ચરણમાં અમારી ભક્તિ અવિચળ ટકી રહે એટલું જ અમે માંગીએ છીએ.'' ત્યારે બાબા બોલ્યા, ''હા, હું તે માટે જ આવ્યો છું. તમને ખાનપાન આપી તમારી સંભાળ લઉં છું અને તમારો પર પ્રેમ-સ્નેહ રાખું છું.''

એ પછી બાબા ઉપર જઈને બેઠા. શામાએ પેલાં બહેનને બોલાવ્યાં. તેમણે ઉપર આવી નમસ્કાર કરી શ્રીફળ તથા ધૂપસળીઓ બાબાના ચરણમાં મૂકી. બાબાએ શ્રીફળ ખખડાવ્યું. તે ગડગડિયું હતું. અંદરનો ગોટો ખખડતો હતો. બાબા બોલ્યા, ''શામા, આ શ્રીફળ તો ગડગડિયું છે. તે શું બોલે છે ?'' શામાએ કહ્યું, ''આ બહેન આપને અરજ કરે છે કે તેનું બાળક પણ ગર્ભમાં આની માફક સ્ફૂર્તિમાન થાય અને રમે. માટે તેને આશીર્વાદ દઈ શ્રીફળ આપો.'' ત્યારે બાબાએ કહ્યું, ''કંઈ શ્રીફળથી તેને સંતાન થશે ? લોકો પણ કેવા મૂર્ખા છે, તે આવી કલ્પના કરતા ફરે છે.'' શામાએ કહ્યું, ''મને આપના વચન-આશીર્વાદની ખબર છે. આપના આશીર્વાદથી જ ઘણાંને સંતાન થાય છે. આપ આવી વાતો કરો છો અને હજી આશીર્વાદ તો આપતા નથી !''

આમ કેટલોક સમય રકઝક ચાલી. બાબાએ એ શ્રીફળ વધેરવા શામાને આજ્ઞા કરી. પણ શામાએ એ બહેનને આખું જ શ્રીફળ દેવાનો આગ્રહ કર્યે રાખ્યો. છેવટે બાબા માન્યા અને બોલ્યા, ''તેને ઘેર સંતાન થશે.'' ત્યારે શામાએ પૂછ્યું,



''ક્યારે થશે ? બાબાએ કહ્યું, ''બાર માસની અંદર.'' પછી એ શ્રીફળના કટકા કરી એક ભાગ એ બાઈને આપ્યો અને બીજો પોતે ખાધો. પછી શામાએ તેને કહ્યું, ''બહેન, તું અમારી વાતની સાક્ષી છો. જો તને બાર માસમાં બાળક ન અવતરે તો હું શ્રીફળ આ દેવના માથા પર જ વધેરીશ અને તેને મસીદમાંથી હાંકી કાઢીશ. જો હું એમ ન કરું તો મારું નામ માધવ નહિ. હું આ શું બોલું છું તેની ખાતરી તને થોડા માસમાં જ થશે.''

બાઈને એક જ વર્ષમાં પુત્ર અવતર્યો. તે પાંચ માસનો થયો ત્યારે શિરડી બાબાનાં દર્શને બાળકને લઈ ધણી-ધણિયાણી બન્ને આવ્યાં. સાષ્ટાંગ પ્રણામ કરી ઔરંગાબાદકરે બાળકને બાબાના ખોળામાં મૂકી આભાર માની છસો રૂપિયા ભેટ ધર્યા. બાબાએ એ રૂપિયા તેમના શ્યામકર્ણ ઘોડા માટે છાપરી બાંધવામાં ખર્ચ્યા હતા.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે**
**શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે ''સર્વવ્યાપક સાઈ આશીર્વચન સાફલ્ય''**
**નામ છત્રીસમો અધ્યાય સંપૂર્ણ**
**। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય-૩૭
# ચાવડી-વર્ણન

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

*આ અધ્યાયમાં વેદાંતની થોડી પ્રાથમિક ચર્ચા પછી ચાવડી સરઘસનું વર્ણન આપ્યું છે.*

**ઉપોદ્‌ઘાત :** શ્રી સાઈજીવનને ધન્ય છે. તેમના દૈનિક કાર્યક્રમને ધન્ય છે. તેમનાં કાર્યો વર્ણનાતીત છે. શ્રી સાઈ કોઈ કોઈ વાર બ્રહ્માનંદથી ચકચૂર બનતા. તો કોઈ વાર આત્મજ્ઞાનથી સંતોષતા હતા. કોઈ વાર ઘણું ઘણું કરવા છતાં પોતે નિર્લેપ જ રહેતા હતા. કોઈ વાર સાવ અકર્મા દેખાતા છતાં આળસુ રહેતા નહોતા, આત્મરત જ રહેતા. પોતે શાંત, સ્થિર સમુદ્ર જેવા ગંભીર તથા અગાધ હતા. તેમના અવર્ણનીય સ્વભાવનું વર્ણન કોણ કરી શકે તેમ છે ? તે પુરુષોને ભાઈઓ તથા સ્ત્રીઓને માતા અને બહેનો ગણતા હતા. તેઓ સદા અખંડ બ્રહ્મચારી હતા. તેમના સત્સંગથી પાવન બનેલી આપણી સુબુદ્ધિ આમરણાંત ટકી રહો ! સર્વ ભાવે તેમના ચરણની ભક્તિ આપણે સદા કરીએ. સર્વ પ્રાણીમાં તેમનાં દર્શન કરીએ અને તેમના નામનું પ્રેમથી સ્મરણ કરીએ. (અહીં વેદાંતની કેટલીક લાંબી ચર્ચા પછી હેમાડપંતને લાગે છે કે પોતે આડા ઊતરી ગયા છે. તેથી તે બંધ કરી ચાવડી સરઘસનું નીચેનું વર્ણન શરૂ કર્યું છે.)

ચાવડી સરઘસ : બાબાના શયનગૃહનું વર્ણન અગાઉ આપ્યું છે. પોતે મસીદમાં એક રાત સૂતા અને બીજી રાત પોતે ચાવડીમાં સૂતા હતા. મસીદ પાસે એક-બે ઓરડીના નાના મકાનને બાબા ચાવડી કહેતા. આમ વારાફરતી સૂવાનો ક્રમ બાબાની મહાસમાપ્તિ સુધી ચાલુ રહ્યો હતો. સને ૧૯૦૯ના ડિસેમ્બરની



દસમી તારીખથી ભક્તોએ બાબાનું નિયમિત પૂજન ચાવડીમાં કરવા માંડ્યું. એ વર્ણન તેમની કૃપાથી હવે આપણે કરીએ. ચાવડીમાં સૂવા જવાના સમયે ભક્તો મસીદમાં ભેગા થતા અને મંડપમાં બેસી કેટલીક ઘડી ભજન કરતા. પાછળ એક સુંદર રથ ઊભો રહેતો. જમણી બાજુ તુલસીવૃંદ તથા સામે બાબા અને વચ્ચે ભજનાનંદી ભક્તો બેસતા હતા. ભજનાનંદી સ્ત્રી-પુરુષ ભક્તો વખતસર આવી જતાં. કોઈના હાથમાં કરતાલ તો કોઈના પાસે મૃદંગ, કોઈ પાસે ખંજરી, તો કોઈ પાસે ઢોલ, એમ વિવિધ વાદ્યો હાથમાં લઈ બધા ભજન કરતા હતા. લોહચુંબકની માફક સાઈબાબા ભક્તોને પોતાની પાસે આકર્ષી લેતા હતા. કેટલાક લોકો દીવીઓ સળગાવીને તૈયાર કરતા તથા કેટલાક પાલખી શણગારતા હતા. તો કોઈ નેતરના દંડા હાથમાં રાખી બાબાનો જયજયકાર બોલાવતા હતા. મસીદનો દરેક ભાગ ધજા-પતાકાથી શણગારી બધે હારબંધ દીવા પ્રગટાવતા હતા, જેનો પ્રકાશ ચોગરદમ પડતો હતો. બાબાના ઘોડા શ્યામકર્ણને શણગારીને બહાર ઊભો રાખતા. પછી ભજનમંડળી લઈ તાત્યા પાટીલ બાબા પાસે આવી તૈયાર થવા સારુ બાબાને અરજ કરતો. ત્યાં સુધી બાબા બેઠક પર શાંત જ બેસી રહેતા હતા. પછી બગલમાં હાથ રાખી તાત્યા બાબાને ઊભા કરતો. તાત્યા બાબાને મામા કહીને બોલાવતો હતો અને તેમનો પરસ્પર સંબંધ પણ એવો જ હતો. બાબા નિત્ય-માફક દેહ પર કફની પહેરતા. બગલમાં દંડૂકો-સટકો રાખતા. ખભે કપડું નાંખી ચલમ-તમાકુ લઈને બાબા તૈયાર થતા. પછી તાત્યા બાબાના દેહ પર સોનેરી ભરતવાળું સુંદર શેલું નાંખતો. બાબા જમણા હાથે ધૂણીનાં લાકડાં જરા સંકોરતા અને દીવો ઘરે કરતા અને ચાવડીએ જવા નીકળતા હતા. એ વખતે તાંસાં, વાજાં, પડઘમ, શરણાઈ અને મૃદંગ વગાડવામાં આવતાં; જેનો મોટો અવાજ થતો. નામસ્મરણ કરતાં ગાતાં ગાતાં સ્ત્રીપુરુષો ચાલવા લાગતાં અને મૃદંગ તથા વીણાના તાલમાં ભજન ગાવા માંડતાં. કોઈ આનંદથી નૃત્ય કરતાં તો કોઈ ધજા-પતાકા લઈને ચાલતાં હતાં. બાબા મસીદનાં પગથિયાં ઉતરતા તે વખતે ભાલદાર બાબાના નામની છડી લઈને જય પોકારતા હતા અને બન્ને બાજુ બે જણ ચમ્મર ઢોળતા અને પંખો નાંખતા હતા. માર્ગમાં કપડું પાથરતા; જેના પર ભક્તોના ખભે ટેકો દઈને

http://suratiundhiyu.wordpress.com/

બાબા ચાલતા હતા. બાબાનો ડાબો હાથ તાત્યા અને જમણો હાથ મહાળસાપતિ પકડતા હતા. બાબાના મસ્તક પર શ્રી જોગ છત્ર ધરતા હતા. આ રીતે બાબા મસીદમાંથી આવીને જવા નીકળતા હતા. પૂરો શણગારેલો શ્યામકર્ણ નામનો બાબાનો રાતો ઘોડો આ સરઘસમાં સૌપ્રથમ ચાલતો. તેની પાછળ પાલખી ઉપાડનાર સેવકો, વાજિંત્રો વગાડનાર તથા ભક્તોનાં ટોળાં ચાલતાં હતાં. વાદ્યોના ગાન સાથે આકાશ ગજવતો, હરિનામનો જપ થતો અને તે સાથે શ્રી સાઈનું નામ પણ ઉચ્ચારાતું હતું. આ રીતે સરઘસ ખૂણા સુધી પહોચતું ત્યારે તેમાં જોડાયેલા સર્વ ખુશખુશાલ થયેલા દીસતા હતા.

એ ખૂણા પર આવીને બાબા ચાવડી સામે જોઈને ઊભા રહેતા. તે વેળા બાબાના દેહ પર અજબ પ્રકારનું તેજ ચમકતું હતું. પરોઢિયાના લાલ ગુલાબી આકાશ જેવું ઊગતા સૂર્યના તેજ જેવું તેમનું મુખ દેખાતું હતું. પોતે જાણે કોઈને બોલાવતા હોય તેમ ઉત્તરાભિમુખ ધ્યાનસ્થ ચિત્ત થઈ ઊભા રહેતા. બાબા જમણો હાથ ઊંચો કરતા ત્યારે બધાં વાજિંત્રો વાગતાં હતાં. એ વખતે ચાંદીના થાળમાં ગુલાલવાળાં પુષ્પો લઈ કાકાસાહેબ દીક્ષિત આગળ ચાલતા હતા અને બાબાના ઉપર પુષ્પવૃષ્ટિ કરતા હતા. એ સમયે વાદ્યો સરસ વાગતાં અને બાબાના મુખ પર વધુ સ્થિર પ્રકાશ તથા ભવ્યતા દેખાતી હતી. આ પ્રકાશનાં સૌ ધરાઈને દર્શન કરતાં હતાં. આ સમયની શોભાનું વર્ણન કરવા શબ્દો જડતા નથી. કેટલીક વાર મહાળસાપતિના શરીરમાં કોઈ દેવ આવ્યા હોય તેમ તે નાચવા લાગતા. પણ બાબાનું ધ્યાન મુદ્દલ વિચલિત થતું નહિ, જે જોઈ સૌ અચંબો પામતા હતા. તાત્યા પાટીલ હાથમાં ફાનસ લઈ બાબાની ડાબી બાજુ ચાલતા અને ભક્ત મહાળસાપતિ બાબાના કપડાનો છેડો પકડી જમણી બાજુ ચાલતા હતા. કેવું આકર્ષક સરઘસ અને કેવા ભક્તિભાવનું દર્શન ! તે નિરખવા માટે રાય થી રંક સુધીનાં સ્ત્રી-પુરુષો ટોળે વળતાં હતાં. બાબા બહુ ધીમેથી ચાલતા અને બન્ને બાજુ પ્રેમ-ભક્તિસહ ભક્તો ચાલતા હતા. એ સ્થળનું વાતાવરણ જ ભારે આનંદમય બની જતું. સરઘસ ચાવડીએ પહોંચતું હતું. એ દશ્ય તથા એ દહાડા તો હવે ચાલી ગયા ! અત્યારે કે ભવિષ્યમાં ક્યારે ય એ દશ્યનાં દર્શન થવાનાં નથી ! છતાં તેનું સ્મરણ કરીને તથા મનમાં એ દશ્યનું ચિત્ર ખડું કરીને આપણે આપણા દિલને દિલાસો દઈ શાન્તિ પકડીએ !



ચાવડીને પણ સારી રીતે શણગારતા હતા. તેની છત સફેદ સુંદર બનાવતા હતા. અરીસા તથા હાંડી-ઝુંમર લટકાવી તેની શોભા વધારતા હતા. તાત્યા આગળથી પહોંચી જઈ બાબાનું બેસવાનું આસન પાથરી દેતો અને પાછળ તકિયો મૂકતો. બાબા આવે એટલે સફેદ અંગરખું પહેરાવતો. અને પછી ભક્તો બાબાનું રીતસર પૂજન કરતા હતા. બાબાનો મુગટ મૂકીને ઉપર છોગું રાખતા અને ગળામાં રત્નની તથા પુષ્પની માળા પહેરાવતા હતા. નાનાસાહેબ નિમોણકર હાથમાં છત્રી ધરી રાખતા તથા છત્રીની લાકડી જેમ ફરતી જતી, તેમ તેનાં સુંદર તોરણ વર્તુળમાં ફરતાં હતાં. બાબાના ચરણ ચાંદીના થાળમાં મૂકી બાપુસાહેબ જોગ ધોતા હતા અને યોગ્ય વિધિ સાથે અર્ધ્ય દેતા હતા અને પૂજન કરતા હતા. તે પછી કપાળે ચંદન તથા હાથ પર અત્તર લગાડતા હતા અને બાબાને તાંબુલ અર્પણ કરતા હતા. પછી તાત્યા તેમજ અન્ય ભક્તો ઊભા રહી બાબાના ચરણમાં પડતા હતા. આ સર્વ ચાલતું હોય ત્યાં જ બાબા ગાદી પર બેસતા. તકિયાને અઢેલીને ગાદી પર બેઠા પછી ભક્તો બધી બાજુથી ચામર તથા પંખા ઢોળતા હતા. એ પછી શામા ચલમ તૈયાર કરી તાત્યાના હાથમાં આપતા અને તાત્યા ચલમને ફૂંકીને ભડકો કરી બાબાને આપતો. બાબા ચલમ પીને ભક્ત મહાળસાપતિને દેતા હતા અને પછી ચલમ બધાના હાથમાં ફરતી હતી. આ નિર્જીવ ચલમને પણ ધન્ય છે ! એ ચલમને પ્રથમ તો ઘણાં તપ કરવાં પડ્યાં છે. કુંભારે માટી ગુંદી, ચાકડે ચડાવી, તાપમાં સૂકવી, અગ્નિમાં તપાવીને તેને પકાવ્યા પછી જ બાબાના હાથના સ્પર્શનો મોકો અને તેમના મુખની ચુમીનો લાભ તેને મળ્યો છે. આ સર્વ પૂરું થયા પછી ભક્તો બાબાને પુષ્પના હાર પહેરાવતા હતા અને હાથમાં ફૂલના ગજરા દેતા હતા. વૈરાગ્યમૂર્તિ બાબાને આ રત્નનો હાર, પુષ્પની માળા, ગજરા કે એવા કોઈ શણગારની મુદ્દલ પડી નહોતી. પણ ભક્તોના પ્રેમને લીધે તેમને રાજી કરવા માટે જ બાબા આ બધું ચાલવા દેતા હતા. છેવટ સર્વ વિધિ સાથે બાપુસાહેબ જોગ બાબાની આરતી ઉતારતા જે વેળા બધાં વાદ્યોનો મંગળ ધ્વનિ થતો હતો. આરતી પૂરી થયા પછી ભક્તો એક પછી એક બાબાને નમસ્કાર કરીને રજા લઈને ઘેર જતા. બાબાને ચલમ આપ્યા પછી અત્તર-ગુલાબ આપીને તાત્યા પણ જવા ઊઠતો ત્યારે બાબા તેને

*પ્રેમથી કહેતા હતા, ''મારી ચોકી કરજે. તારે જવું હોય તો જા. પણ રાતમાં પાછો આવજે અને ખબર કાઢજે.'' તાત્યા હા પાડી ચાવડીથી ઘેર જતો. પછી બાબા જાતે પથારી પાથરતા. એક ઉપર બીજી એમ પચાસથી સાઠ ચાદર બિછાવતા હતા અને એમ પથારી તૈયાર કરીને પોતે સૂઈ જતા.*

*હવે આપણે પણ આરામ કરીએ. વાંચકોને મારી વિનતિ છે કે નિત્ય સૂતી વખતે બાબાનું તેમજ ચાવડી-સરઘસનું સ્મરણ કર્યા પછી જ સૂજો. આ અધ્યાય અહીં પૂરો થાય છે.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે***
***શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે ''ગુરુલીલા દર્શન''***
***નામ સાડત્રીસમો અધ્યાય સંપૂર્ણ***
***। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય-૩૮
# હાંડી-વર્ણન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં વેદાંતની થોડી પ્રાથમિક ચર્ચા પછી ચાવડી સરઘસનું વર્ણન આપ્યું છે.

**ઉપોદ્‌ઘાત :** હે પવિત્ર સદ્‌ગુરુ સાઈ ! અમે આપને નમન કરીએ છીએ ! આપે સમગ્ર જગતને સુખ આપ્યું છે અને ભક્તોનું કલ્યાણ કર્યું છે. આપના ચરણનો આશ્રય લેનારનાં કષ્ટ કાપ્યાં છે. આપ ઉદાર છો. આપનું શરણ પકડનાર ભક્તના આપ રક્ષણહાર ત્રાતા છો. લોકોનાં કલ્યાણ તથા પરોપકારાર્થે જ આપનો અવતાર થયો છે. પવિત્ર આત્મતત્ત્વ રૂપી પ્રવાહીને બ્રહ્મરૂપ બીબામાં ઢાળ્યું અને તેમાંથી સંતશિરોમણિ સાઈ પ્રગટ થયા. સાઈ આત્મારામ પોતે છે, દિવ્ય સુખના પૂર્ણ ધામ છે. જીવનના તમામ હેતુ સફળ કર્યા પછી તેમણે ભક્તોને કામનારહિત, મુક્ત બનાવ્યા છે.

**બાબાની હાંડી :** આપણાં શાસ્ત્રોએ દરેક યુગ માટે જુદી જુદી સાધના બતાવી છે. કૃતયુગમાં તપ, ત્રેતામાં જ્ઞાન, દ્વાપર યુગમાં યજ્ઞ અને કલિયુગમાં દાન કહેલું છે. બધાં દાનોમાં અન્નદાન શ્રેષ્ઠ છે. ખરા બપોરે ભૂખ્યા હોઈએ અને ખાવાનું ન મળે તો આપણે કેવા વ્યાકુળ થઈ જઈએ છીએ-જેમ આપણે તેમજ સર્વ પ્રાણીઓ ભૂખથી વ્યાકુળ થઈએ છે, એવું સમજીને જે માણસ ગરીબ-ભૂખ્યાને અન્ન આપે છે તે ઉત્તમ દાતા ગણાય છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં કહ્યું છે કે ''અન્ન બ્રહ્મ છે. અન્નમાંથી જ તમામ પ્રાણી પેદા થાય છે અને પેદા થયા પછી તે બધાં અન્ન વડે જ જીવે છે તથા છેવટે મુઆ પછી પાછાં અન્નમાં પ્રવેશે

છે.'' ખરા બપોરે આપણા બારણે અતિથિ આવે ત્યારે તેને જમાડીને તેનો સત્કાર કરવાનો આપણો ધર્મ છે. અન્ય પ્રકારના દાનમાં ધન, કપડાં કે સંપત્તિના દાનમાં આપણે કંઈક વિવેક વાપરવો પડે છે. પણ અન્નદાનમાં આવો કોઈ વિચાર કરવાની જરૂર જ નથી. બપોરે આપણે બારણે ગમે તે ભૂખ્યું આવે તેને તરત જમાડવાનો આપણો ધર્મ છે. તેમાં પણ લૂલાં, લંગડાં, આંધળાં, બહેરાં, મૂંગાં, રોગી કે એવાં કંગાલ માનવી આવે તેમને પ્રથમ જમાડવાં અને સશક્ત આદમી કે આપણાં સગાંસ્નેહી આવે તેમને પછીથી જમાડવાં. આમાં પણ ઉપર કહ્યાં તેવા નિરાધાર કંગાલને જમાડવાનું પુણ્ય વિશેષ છે. બીજું કોઈ દાન અન્નદાન જેટલું મહત્ત્વનું ગણાતું નથી. જેમ ચંદ્ર વિના તારા, કલગી વગરનો મુગટ, કમળ વિનાનું સરોવર, ભાવ વિનાનું ભોજન, મીઠા વિનાની છાશ, દાળ વિનાનું લૂખું જમણ, મંગળ ચિહ્ન વિનાની સૌભાગ્યવતી સ્ત્રી, મધુર રાગ વિનાનું ગીત એ સર્વ જેવાં લાગે, તેવાં જ અન્નદાન વિનાનાં સર્વ પુણ્યદાન સમજવાં. સર્વ પ્રકારનાં દાનમાં અન્નદાન શ્રેષ્ઠ છે. હવે કોઈ વાર બાબા જાતે મસીદમાં રસોઈ કરી ગરીબ-અનાથ લોકોને પીરસીને કેમ જમાડતા હતા તે જોઈએ.

અગાઉ કહ્યું તેમ બાબા બહુ ઓછો ખોરાક લેતા હતા; અને એ અલ્પ ખોરાક ચાર-પાંચ ઘેર ભિક્ષા માગવાથી મળી રહેતો. પણ જ્યારે અનાથ-અપંગને જમાડવાની બાબાને ઇચ્છા થતી ત્યારે પહેલેથી છેલ્લે લગી તે જાતે જ બધું તૈયાર કરતા. તે કામ બીજા કોઈને સોંપી દેતા નહિ કે કોઈને કશી તસ્દી દેતા નહિ. પ્રથમ જાતે જ બજારમાં જઈ બધું સીધું-લોટ, ચોખા, મસાલા વગેરે સર્વ ચીજ રોકડેથી લઈ આવતા. જરૂર પડે તો પંડે દળતા. મસીદના ખુલ્લા આંગણામાં મોટો ચૂલો બનાવી દેવતા સળગાવી તેના પર હાંડી ચડાવી અંદર આધણનું પાણી રેડતા. પોતે એક નાની ને બીજી મોટી હાંડી રાખતા. નાનીમાં પચ્ચાસ જણની અને મોટીમાં સો માણસની રસોઈ તૈયાર થતી. કોઈ વાર મીઠા ચાવલ-પુલાવ તૈયાર કરતા તો કોઈ વાર ગોસ્તવાળો પુલાવ બનાવતા. કોઈ વાર દાળ-ઢોકળી, ઉકળતી દાળમાં લોટની બાટી કે વણેલી ભાખરીના કાપેલા ટુકડા



નાંખીને તૈયાર કરતા. પથ્થર ઉપર જાતે જ મસાલા-ચટણી વાટતા. દરેક પદાર્થ સ્વાદિષ્ટ બને તેનું ધ્યાન રાખતા. જારનો લોટ પાણીમાં મેળવી ઉકાળીને તેમાં છાશ નાંખતા અને આમ કઢી-આંબીલ તૈયાર કરતા. મુખ્ય ખોરાક જોડે બાબા બધાંને આ આંબીલ પીરસી દેતા. દરેક ચીજ રંધાઈને બરાબર તૈયાર થઈ છે કે કેમ તે જોવા માટે પોતે કફનીની બાંયો ઊંચી લઈ જરાયે ડર વગર ઉકળતી હાંડીમાં ઉઘાડો હાથ નાંખતા અને અંદર ચડતી વસ્તુને હાથ વડે હલાવી ઊંચી-નીચી કરતા હતા. છતાં હાથ દાઝયાનું કે તેના દુ:ખનું મુખ પર કોઈ ચિહ્ન દેખાતું નહિ. આમ રસોઈ તૈયાર થઈ જતી ત્યારે રસોઈનાં વાસણ બાબા મસીદમાં લેવડાવતા અને મૌલવીના હાથે પવિત્ર કરાવતા હતા. તેમાંથી પ્રસાદ તરીકે થોડું મહાળસાપતિને તથા તાત્યા પાટીલને મોકલતા અને પછી એ રસોઈ અપંગ-અનાથને જમાડી દેતા હતા. આમ બાબાએ તૈયાર કરેલ, બાબાના હાથે પીરસેલ ખોરાક ખાનારા ભાગ્યશાળી ગણાતા.

કોઈ અહીં એવી શંકા કરશે કે શું બાબા બધા ભક્તોને આ સામિષ તેમજ નિરામિષ બન્ને રસોઈ જમાડતા હતા ? આ પ્રશ્નનો ઉત્તર સાદો ને સરળ છે. જે ભક્તને સામિષ ખોરાક ખપતો અને તેનાથી ટેવાયેલા હતા તેમને જ પોતે હાંડીમાંથી એવો ખોરાક પ્રસાદ તરીકે દેતા. પણ જેમને એવો ખોરાક ખપતો નહીં તેવાને તે હાંડી પાસે આવવા દેતા નહિ કે અડકવા પણ દેતા નહોતા, અગર તો તે લેવાની ઇચ્છા પણ તેમનામાં જાગ્રત કરતા નહિ. એક સ્થાપિત પ્રસિદ્ધ સિદ્ધાન્ત છે કે ગુરુ કોઈ વસ્તુ પ્રસાદ તરીકે આપે ત્યારે તે લેવાય કે કેમ એવો વિચાર કરવો અગર શંકા કરવી તે પણ પાપ છે. અલબત્ત, આ સિદ્ધાન્ત શિષ્યે કેટલો પચાવ્યો છે તેની પરીક્ષા બાબા કોઈ વાર કરતા હતા. એક વાર એકાદશીના રોજ પોતે દાદા કેળકરને થોડા રૂપિયા આપી જાતે કોરાલ્ડા જઇને ગોસ્ત ખરીદી લાવવાની આજ્ઞા કરેલી. દાદા કેળકર ચુસ્ત સનાતન બ્રાહ્મણ હતા અને જીવનમાં ચુસ્તપણે બધા સનાતની નિયમો પાળતા. તે જાણતા હતા કે સદ્ગુરુને ધન-વસ્ત્ર-અન્ન આપવાં એટલું જ પૂરતું નથી પણ સંપૂર્ણ આજ્ઞાધારક બની તેમની આજ્ઞાનો ઝડપથી અમલ કરવો જોઈએ. તેથી આ આજ્ઞા સાંભળી દાદા કેળકર કપડાં પહેરીને લાવવા ઉપડ્યા

પણ બાબાએ પાછા બોલાવીને કહ્યું: ''તું જાતે ન જતો. બીજા કોઈને મોકલ.'' એથી દાદાએ નોકર પાંડુને મોકલ્યો. તેને જતો જોઈ તેને પણ પાછો વાળવા બાબાએ દાદાને આજ્ઞા કરી અને ત્યાર પછી તે દિવસનો આ કાર્યક્રમ જ રદ કર્યો. એક બીજે પ્રસંગે ગોસ્તવાળો પુલાવ કેવો થયો છે તે ચાખી જોવા માટેબાબાએ દાદાને આજ્ઞા કરી. દાદાએ ચાખ્યા વિના માત્ર એમને એમ જ કહ્યું કે પુલાવ સારો થયો છે. ત્યારે બાબાએ પૂછ્યું: ''તેં તારી આંખે તો તે જોયો નથી, કે જીભ વડે ચાખ્યો નથી. પછી તે સારો થયો છે એવું શી રીતે તું કહે છે ? જરા ઢાંકણું ઉઘાડીને જો તો ખરો !'' એટલું બોલી બાબાએ તેનો હાથ પકડ્યો અને તે વાસણમાં હાથ ખોસીને બોલ્યા, ''તારો હાથ કાઢ અને કડછી લઈ તારા સનાતની વિચાર છોડીને દાઝવાનો ડર રાખ્યા વગર થોડો પુલાવ થાળીમાં કાઢ.'' જેમ બાળક પર વહાલ આવે ને મા તેને ગાલે ચૂંટી ખણે, તેવી રીતે બાબાએ દાદા કેળકરને આમ ચૂંટી જ ખણી હતી. ખરી રીતે કોઈ ગુરુ પોતાના સનાતની રૂઢિયુકત શિષ્યને કોઈ નિષિદ્ધ ખોરાક ખાવાની અગર તે રીતે વટલાવાની ફરજ કદી પાડે જ નહિ.

આ હાંડી પકાવવાનું બાબાનું કામ સને ૧૯૧૦ સુધી ચાલુ રહ્યું હતું. તે પછી તેમણે તે બંધ કર્યું. દાસગણુના કીર્તન વડે આખા મુંબઈ ઇલાકામાં અને બહાર બાબાની કીર્તિ પ્રસરવાથી લોકો થોકબંધ શિરડી આવવા લાગ્યા અને શિરડી યાત્રાધામ બન્યું. આ ભકતો નૈવેદ્યના પદાર્થ, મીઠાઈ, મેવા, ફળ વગેરે લાવતા હતા. આમ નૈવેદ્યના જાતજાતના એટલા બધા પદાર્થ આવતા હતા કે ફકીરો તથા ગરીબ-ગુરબાં ધરાઈને જમી શકતાં હતાં. છતાં કેટલુંક વધી પડતું હતું. તેથી બાબાએ હાંડી પકાવવાનું બંધ કર્યું અને આ નૈવેદ્ય જ અનાથ-અપંગને પોતે પીરસી દેતા. ઉપરાંત સ્થાનિક મંદિરો તથા દેવ પર બાબા કેવો પ્રેમ તથા માન રાખતા હતા તે દર્શાવનારી નાનાસાહેબ ચાંદોરકરની એક કથા કહીએ.

**નાનાસાહેબનું મંદિર માટે માન :** કેટલાક લોકો જાતે અનુમાન કરતા હતા કે શ્રી સાઈબાબા બ્રાહ્મણ હતા. તો કોઈ કહેતા કે તે મુસલમાન હતા. ખરી રીતે તે કોઈ કોમના નહોતા. તેમનો જન્મ કયારે, કઈ કોમમાં, કયાં માતપિતાને



પેટે થયેલો તેની સાચી ખબર કોઈને નથી. તો પછી તે બ્રાહ્મણ હતા કે મુસ્લિમ તે કેમ કહેવાય ? મુસ્લિમ હોત તો પોતે મસીદમાં ધૂણી જલતી કેમ રાખતા હતા ? ત્યાં તુલસીનું વૃંદાવન કેમ રોપ્યું હતું ? મસીદમાં શંખ-ઝાલર તથા વાજિંત્રો કેમ વગાડતા હતા ? હિંદુ મૂર્તિપૂજનની વિવિધ વિધિઓ કેમ થવા દેતા હતા ? હિન્દુ મંદિરોના જીર્ણોદ્ધાર માટે પોતે ગાંઠના પૈસા કેમ વાપરતા હતા ? હિન્દુ મંદિર કે હિન્દુ દેવનું કોઈ જરા પણ અપમાન કરે તો પોતે તે મુદ્દલ ચલાવી લેતા નહોતા.

એક વાર નાનાસાહેબ ચાંદોરકર સાધુ બનેલા પોતાના સાઢુ બીનીવાલેને સાથે લઈ શિરડી આવ્યા. મસીદમાં આવીને બાબા જોડે વાતો કરવા બેઠા. ત્યારે બાબા નાનાસાહેબ પર ગુસ્સે થયા અને બોલ્યા, ''તું આટલા બધા વખતથી મારા સંગાથે રહે છે છતાં તારું આ વર્તન કેવું ?'' પ્રથમ તો નાનાસાહેબ સમજ્યા નહિ. તેથી પોતાને સમજ પાડવા બાબાને વિનંતી કરી. બાબાએ તેને પૂછ્યું, ''તું કોપરગાવ કયારે આવ્યો ? ત્યાંથી શિરડી કેમ આવ્યો ?'' તે વેળા નાનાસાહેબ પોતાની ભૂલ સમજ્યા. પોતે શિરડી આવતાં દર વખત માર્ગમાં કોપરગાવ ગોદાવરીકાંઠે દત્તમંદિરમાં જઈને દર્શન-પૂજન કરતા હતા. પણ આ વેળા તેમની સાથે એક દત્તભકત હતા; અને મંદિરમાં ખોટી થવું ન પડે તેટલા ખાતર તેમને મંદિરમાં જતા રોકયા હતા અને ગાડી સીધી જ હંકારી હતી. નાનાએ આ બધી વાત બાબા પાસે કબૂલ કરીને પગે લાગ્યા. તેમણે કહ્યું, ''મને બહુ પીડા થતી હતી.'' ત્યારે બાબાએ કહ્યું'', ''એ શિક્ષા તો બહુ ઓછી થઈ છે. માટે હવે ભવિષ્યમાં ધ્યાન રાખજે.''

**કાલા (ખિચડો) :** બાબા નૈવેદ્ય કેમ પીરસતા હતા તે પણ જોઈએ. આરતી થઈ રહ્યા પછી બાબા ઉદી-આશીર્વાદ દઈ બધા ભકતોને ઘેર મોકલી દેતા હતા અને પછી પોતે અંદર જઈ લીંબડાની પાસે અઢેલી જમવા બેસતા. બાબાની જોડે જમનારા ભકતો બે હારમાં બેસી જતા. એક હાર જમણી બાજુ અને બીજી ડાબી બાજુ બેસતી. આવેલું નૈવેદ્ય ભકતો થાળામાં ઠાલવતા. તેમાં પોળી, પૂરી, માંડી, બાસુંદી, સાંઝા, ભાત વગેરે અનેક વસ્તુઓ આવતી. બાબા તેને સ્પર્શ કરી પાવન પ્રસાદ બનાવે તેની રાહ જોઈ એ નૈવેદ્ય લાવનાર

ભકત બહાર બેસતા. પછી ભકતો બધી વસ્તુ મિશ્ર કરી ખિચડો કરતા અને બાબા પાસે મૂકતા. એ સર્વ ભગવાનને ધરાવીને બાબા પવિત્ર કરતા હતા અને પછી તેમાંથી લઈને બહાર રાહ જોતા ભકતોના વાસણમાં થોડુ થોડું આપતા હતા. ત્યાર બાદ બાકી વધેલું નૈવેદ્ય બાબા અંદર બેઠેલા ભકતોને પીરસી દેતા અને તેમને ધરાઈને જમાડતા હતા. પોતે આ નૈવેદ્ય બધાની તબિયતનું ધ્યાન રાખીને જોઈતું પીરસી દેવાની આજ્ઞા નિત્ય શામાને તથા નાનાસાહેબ નિમોણકરને આપતા હતા. એ બન્ને જણ કાળજીથી અને ખુશીથી આ કામ કરતા હતા. આ રીતે લીધેલા પ્રસાદનો કોળિયો ભરતાં દરેકને ખૂબ સંતોષ-આનંદ થતો. આવું મીઠું-પવિત્ર-પ્રેમાળ ભોજન મળવું કેટલું દુર્લભ છે ? આ ભોજન સદા મંગળ, સદા પવિત્ર જ હતું.

છાશનો વાટકો : હું પણ એક વાર સત્સંગમાં બેસીને પેટ ભરીને જમ્યો હતો. તે વખતે બાબાએ મને છાશનો એક વાટકો પીવા આપ્યો. તે જોઈને હું રાજી થયો. પેટ ભરીને જમેલો હોવાથી હવે પેટમાં જગા નહોતી. તેથી ડરતો હતો. છતાં મેં એક ઘુંટડો પીધો ત્યારે એ છાશ બહુ સ્વાદિષ્ટ લાગી. મને સંકુચિત થયેલો જોઈ બાબા બોલ્યા, ''તું એ બધી છાસ પી જા. આવી છાશ તને કદી ફરીને મળવાની નથી.'' હું તે પી ગયો. બાબાનાં આ વચનો ભાવિકથન જ હતાં, કેમ કે ત્યાર પછી અલ્પ સમયમાં જ બાબાએ મહાસમાધિ લીધી હતી.

મેં એ છાશનો વાટકો પીધો અને તે દ્વારા બાબાની લીલાના રૂપમાં મને પૂરતું અમૃત મળ્યું હતું. ચાલો આપણે સૌ પણ આવા અમૃતના પ્યાલા પર પ્યાલા પીએ અને સુખ તથા સંતોષના ઓડકાર ખાઈએ.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'હાંડી વર્ણન'**
**નામ આડત્રીસમો અધ્યાય: સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૩૯
# ગીતાશ્લોકાર્થ નિવેદન

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

આ અધ્યાયમાં ભગવદ્‌ગીતાના એક શ્લોકનો જે અર્થ બાબાએ કરી આપેલો તેનું વર્ણન છે. કેટલાક કહે છે કે બાબા સંસ્કૃત જાણતા નહોતા અને શ્લોકનો અર્થ તો નાનાસાહેબ ચાંદોરકરે કર્યો હતો. તેના ઉત્તર રૂપે જ આ અધ્યાય તથા પચાસમો અધ્યાય લખાયો છે.

**ઉપોદ્‌ઘાત :** ધન્ય છે શિરડીને અને ધન્ય છે દ્વારકામાઈને. પોતાની મહાસમાધિ લગી આ દ્વારકામાઈમાં જ બાબા સદા વાસ કરીને રહ્યા તથા હર્યાફર્યા છે. શિરડીના લોકોને પણ ધન્ય છે; જેમની પર કૃપા કરી બાબા દૂરથી આવીને શિરડીમાં વસ્યા હતા. શિરડી પ્રથમ તો નાનું ગામ હતું પણ બાબાના વાસને લીધે જ તેનું આટલું બધું મહત્ત્વ વધ્યું અને યાત્રાનું એક પવિત્ર તીર્થસ્થળ બની ગયું. શિરડીના સ્ત્રીવર્ગને ધન્ય છે તથા તેમની સમગ્ર દ્દઢ ભક્તિને ધન્ય છે ! સ્નાન કરતાં, દળતાં, ધાન ખાંડતાં, ઘરનાં સર્વ કામ કરતાં કરતાં એ બહેનો બાબાના ગુણગાન ગાતી હતી ! તેમના પ્રેમને ધન્ય છે, જેમનાં મધુર ગાનથી શ્રોતા-વક્તાનાં ચિત્ત શાંત બનતાં હતાં !

બાબાનો અર્થ : બાબા સંસ્કૃત જાણતા હતા એવું તો કોઈ માનતા જ નહિ. એક દહાડો ગીતાના એક શ્લોકનો સરસ અર્થ તેમણે નાનાસાહેબ ચાંદોરકરને કરી બતાવ્યો ત્યારે બધાંને ભારે આશ્ચર્ય થયું હતું. તે પ્રસંગનો ટૂંકો વૃત્તાંત નિવૃત્ત મામલતદાર શ્રી બી.વી. દેવે લખીને શ્રી સાઈલીલા માસિકના પુ.૪ માં. સ્ફૂટ વિષય પાન પંદર પર પ્રગટ કરેલ છે. વળી શ્રી

નૃસિંહસ્વામીએ પણ તેનો ટૂંકો વૃત્તાંત તેમના 'શ્રી સાઈનાં ચાર્ટર્સ ઍન્ડ સેઈંગ્સ' નામના ગ્રંથમાં તેમજ 'વંડરસ સેઇન્ટ સાઈબાબા' નામે ગ્રંથમાં તથા ભક્તોના અનુભવ ભા. ૩ માં પણ પ્રકટ કરેલ છે. આ બાબતની સર્વ માહિતી શ્રી દેવને નાનાસાહેબની પોતાની પાસેથી મળી હતી. તેથી તેમની કહેલી હકીકત જ નીચે આપી છે.

નાનાસાહેબ ચાંદોરકર વેદાંતના સારા અભ્યાસી હતા. તેમણે ભગવદ્ગીતા પરની વિવિધ ટીકાઓ વાંચી હતી. તેઓને આ જ્ઞાનનો જરા ગર્વ પણ હતો. બાબા કંઈ સંસ્કૃત જાણતા નથી; અગર તેમને આવું કંઈ જ્ઞાન નથી, એવી તેમની કલ્પના હતી. તેથી બાબાએ જ એક દહાડે એ ફોલ્લો ફોડ્યો. બાબા પાસે થોકબંધ માણસો આવવા લાગ્યાં તે પહેલાંના સમયની વાત છે. એ વખતે બાબા ભક્તો જોડે મસીદમાં એકલા બેસીને કથાવાર્તા કરતા હતા.

એકવાર નાનાસાહેબ બાબા પાસે બેસીને તેમના પગ દાબતા હતા. એમના મનમાં કંઈક ગણગણતા હતા. ત્યારે બાબાએ પૂછ્યું, ''નાના, તું શું ગણગણે છે?'' નાનાએ કહ્યું, ''સંસ્કૃતનો એક શ્લોક બોલું છું.'' બાબાએ પૂછ્યું, ''કયો શ્લોક ?'' ત્યારે નાનાએ કહ્યું, ''ભગવદ્ગીતાનો એ શ્લોક છે.'' બાબાએ આજ્ઞા કરી : ''જરા મોટેથી એ શ્લોક બોલ જોઈએ.''

પછી નાનાસાહેબ ભગવદ્ગીતાના અધ્યાય ચોથાનો નીચેનો શ્લોક બોલ્યા:

तद् विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति तेऽज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिन : ॥

બાબાએ પૂછ્યું : ''નાના, આનો અર્થ તું સમજે છે ?'' નાનાએ હા પાડી. ત્યારે બાબાએ આજ્ઞા કરી, ''જો સમજતો હો તો મને કહે જોઈએ.'' નાનાએ કહ્યું : ''તેનો અર્થ આવો થાય છે : સાષ્ટાંગ પ્રણામ કરીને, ગુરુને પ્રશ્નો પૂછીને, તથા તેમની સેવા કરીને આ જ્ઞાન શું છે તે શીખજે. ત્યારે જ જે જ્ઞાનીઓને આ સદ્‌વસ્તુ, બ્રહ્મનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયું છે તેઓ તને આ જ્ઞાનનો ઉપદેશ આપશે.''



બાબા બોલ્યા : ''નાના, આખા શ્લોકના એકત્ર કરેલા આવા સારની મને જરૂર નથી. મને શબ્દે શબ્દ કહે. અને તેમાં વ્યાકરણના અર્થ તથા શબ્દ પર કેવો ભાર મૂક્યો છે તે બધું મને સમજાવ.''

નાનાએ શબ્દેશબ્દ સમજાવવા માંડ્યા. બાબાએ પૂછ્યું, ''નાના, સાષ્ટાંગ પ્રણામ જ પૂરતા છે ?'' ત્યારે નાનાએ કહ્યું, ''સાષ્ટાંગ નમન સિવાય 'પ્રણિપાત' શબ્દના બીજા કોઈ અર્થની મને ખબર નથી.''

વળી બાબાએ પૂછ્યું: ''પરિપ્રશ્ન એટલે શું ? નાનાએ કહ્યું, ''પ્રશ્ન પૂછવા તે.'' ત્યારે વળી બાબાએ પૂછ્યું, ''પ્રશ્નનો શું અર્થ થાય ?'' નાનાએ કહ્યું, ''એ જ, પૂછવું તે.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''જો પરિપ્રશ્નનો અર્થ પ્રશ્ન જ થાય તો પછી વ્યાસે તેની પહેલાં 'પરિ' શા માટે લગાડ્યું છે ? શું વ્યાસ ગાંડા હતા ?'' ત્યારે નાનાએ ઉત્તર દીધો, ''પરિપ્રશ્ન શબ્દના બીજા કોઈ અર્થની મને ખબર નથી.''

વળી બાબાએ પૂછ્યું : ''સેવા. અહીં કયા પ્રકારની સેવા કહી છે?'' નાનાએ કહ્યું : ''જે પ્રકારની સેવા અમે નિત્ય કરીએ છીએ તે.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''આવી સેવા કરવી પૂરતી છે ?''

નાનાએ કહ્યું, ''સેવા શબ્દમાં બીજું વધારે શું સૂચન છે તે હું જાણતો નથી.''

વળી બાબાએ પૂછ્યું, ''એ પછીની લીટીમાં 'ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાન' છે તેમાં જ્ઞાન પહેલાં કંઈ પ્રત્યય કે શબ્દ અધ્યાહાર છે ?'' નાનાએ હા પાડી. ત્યારે બાબાએ પૂછ્યું, ''કયો શબ્દ ? ત્યારે નાનાએ કહ્યું, ''અજ્ઞાનં.'' ત્યારે બાબાએ પૂછ્યું, ''જ્ઞાનને બદલે એ શબ્દ મૂકવાથી આ શ્લોકનો કોઈ બીજો અર્થ થાય છે ?'' નાનાએ કહ્યું, ''ના. શાંકરભાષ્યમાં આવી રચના આપી છે.'' ત્યારે બાબાએ કહ્યું, ''જો તેમાં કંઈ સમજાવ્યું નથી તો પછી એ વાત કંઈ જરૂરની નથી. અજ્ઞાન શબ્દ મૂકવાથી તેનો અર્થ બરાબર થતો હોય તો તે મૂકવામાં કંઈ વાંધો છે ?'' નાનાએ કહ્યું, ''આમાં અજ્ઞાન શબ્દ મૂકવાથી તેનો અર્થ શું કરવો તે મને સમજાતું નથી.''

*વળી બાબાએ પૂછ્યું, ''જ્ઞાની ને તત્ત્વદર્શીને સાષ્ટાંગ પ્રણામ કરવા, પ્રશ્નો પૂછવા, સેવા કરવી એ સર્વ શ્રીકૃષ્ણ અર્જુનને શા માટે ફરમાવે છે ? શું શ્રી કૃષ્ણ જ તત્ત્વદર્શી નહોતા ? શું તે જ જ્ઞાનસ્વરૂપ નહોતા ?'' નાનાએ કહ્યુ, ''હા, તે હતા. તો પછી તેમણે અર્જુનને કોઈ જ્ઞાનીને પૂછવાની આજ્ઞા શા માટે કરી તેનો હેતુ હું સમજતો નથી.''*

*બાબાએ પૂછ્યું, ''આ સર્વ તું સમજ્યો નથી ?''*

*આમ નાનાએ પોતાનું અજ્ઞાન કબૂલ કરવું પડ્યું. તેથી તેમનું અભિમાન ઘવાયું હતું. પછી એ શ્લોકનો સાચો અર્થ બાબાએ જ તેને સમજાવ્યો હતો.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'ગીતા શ્લોકાર્થ નિવેદન***
***નામ ઓગણચાલીસમો અધ્યાય: સંપૂર્ણ ।***
***શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૦
## ઉદ્યાપન-કથા

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં બાબા ૧) દહાણુંમાં શ્રી દેવનાં માતુશ્રીના વ્રત-ઉદ્યાપનમાં તથા ૨) ધૂળેટીના ભોજનમાં મારે ઘેર બાંદ્રા કેવી રીતે પધાર્યા હતા તે બે કથા વર્ણવી છે.

**ઉપોદ્‌ઘાત :** શ્રી સમર્થને ધન્ય છે. તેઓ આધિભૌતિક તેમજ આધિદૈવિક બન્ને વિષયમાં ભક્તોને બોધ દઈ જીવનનો અંતિમ હેતુ સફળ કરી સુખ દેતા હતા. વરદ હસ્ત ભક્તોના માથા પર મૂકીને શક્તિઓ પ્રદાન કરતા હતા અને ભેદ-ભાવનો નાશ કરી અલભ્ય લાભ દેતા હતા. વળી સાષ્ટાંગ પ્રણામ કરનાર ભક્તોને કંઈ ભેદ-ભાવ વિના ભેટી પડતા હતા. વર્ષાઋતુમાં સમુદ્રને મળતી નદીઓની માફક બાબા ભક્તો જોડે એકરૂપ થતા હતા અને તેમને મહદ્‌સ્થાન-શક્તિ અર્પતા હતા. આ પરથી સમજાશે કે માત્ર ઈશ્વરની જ લીલાનું ગાન કરનાર ભક્તો કરતાં પ્રભુના ભક્તોની લીલાનું ગાન કરનાર ભક્તો તેમને વધુ વહાલા છે. હવે આ અધ્યાયની કથા કહીએ.

**શ્રી દેવનાં માતૃશ્રીના વ્રતની ઉદ્યાપન વિધિ :** શ્રી બી.વી. દેવ થાણા જિલ્લામાં દહાણુના મામલતદાર હતા. તેમનાં માતૃશ્રીએ કરેલાં પચીસ-ત્રીસ વ્રતનો ઉદ્યાપન-વિધિ કરવાનો હતો; જે પ્રસંગે સો-બસો બ્રાહ્મણો જમાડવાના હતા. તે માટેની તિથિ નક્કી કરી શ્રી દેવે શિરડી બાપુસાહેબ જોગ પર એક કાગળ લખ્યો, જેમાં આ ભોજનપ્રસંગે પોતાના તરફથી શ્રી સાઈબાબાને આમંત્રણ આપવા જણાવ્યું હતું. બાબાની હાજરી વિના આ પ્રસંગ સંપૂર્ણ કેમ ગણાય ? બાપુસાહેબ જોગે એ પત્ર બાબાને વાંચી સંભળાવ્યો. ત્યારે આ પવિત્ર પ્રેમભાવભરેલું આમંત્રણ કાળજીથી ધ્યાનમાં લઈ બાબા બોલ્યા : ''મારું સ્મરણ

કરનારનું હું સદા ચિંતન કરું છું. મારે કોઈ વાહન, ટાંગો, ટ્રેઇન કે બલૂનની જરૂર નથી. હું ધારું ને હાજર થાઉં છું. તેને એક પત્ર લખો કે ''અમે ત્રણ જણા હું, તું અને એક ત્રીજો માણસ સાથે આવીને જમી જઈશું.'' શ્રી જોગે બાબાની આજ્ઞા મુજબ દેવને પત્ર લખી ખબર આપ્યા. એથી દેવ બુહ રાજી થયા. પણ બાબા જાતે તો રાહતા કે નીમગાવ સિવાય બીજે કોઈ સ્થળે જતા નહિ પણ પોતે સર્વવ્યાપક હોઈ ગમે તે રૂપમાં ગમે તે સ્થળે અચાનક જ આવીને પોતાનું વચન પાળે છે એમ શ્રી દેવના મનમાં તો થયું.''

આ પ્રસંગ અગાઉ થોડા દિવસ પર જ ગૌરક્ષા નિમિત્તે ફાળો ઉઘરાવનાર એક બંગાલી સંન્યાસી દહાણુ સ્ટેશન-માસ્તર પાસે આવ્યો હતો. તેને સ્ટેશન-માસ્તર, મામલતદાર દેવની સહાયથી ઉઘરાણું કરવાની સલાહ જ્યાં આપતા હતા ત્યાં જ શ્રી દેવ સ્ટેશન પર આવ્યા. તેથી માસ્તરે સંસ્યાસીની ઓળખાણ પાડી અને બન્ને વાતચીત કરતા પ્લૅટફૉર્મ પર ઊભા. દેવે કહ્યું, ''ગામના અગ્રગણ્ય શેઠ રાવસાહેબ નરોત્તમદાસ હાલ તો ધર્માદા નિમિત્ત એક ઉઘરાણું કરે છે. તેથી આ ખરડો હમણાં ફેરવવો તે ઠીક ન ગણાય. માટે તમે મહિના પછી આવો તો સારું.'' એ સાંભળી એ સૂચના મુજબ આવવાનું કહીને સંન્યાસી જતા રહ્યા હતા.

હવે અકાદ મહિના બાદ આ સંન્યાસી ટાંગામાં સવારે એક વાગે આવ્યા અને દેવના ઘરની સામે ઉતર્યા. દેવ સમજ્યા કે પેલા ખરડા માટે તે આવેલ છે. શ્રી દેવને ઉદ્યાપનવિધિની તૈયારીમાં પડેલા જોઈ તે સંન્યાસીએ કહ્યું, ''હું પૈસાના ઉઘરાણીના ખરચ માટે નથી આવ્યો, પણ ભોજન માટે આવ્યો છું.''

દેવે ઉત્તર દીધો, ''ખુશીથી જમવા પધારજો. ઘર તમારું જ છે.'' ત્યારે સંન્યાસીએ કહ્યું, ''મારી જોડે બે છોકરા પણ છે.'' દેવે કહ્યું, ''તેમને પણ જમવા લેતા આવજો.'' ભોજનને હજુ બે કલાકની વાર હતી. તેથી દેવે કહ્યું, ''જમવાનું તૈયાર થાય ત્યારે આને તેડવા સારુ માણસને ક્યાં મોકલું ?'' સંન્યાસીએ ઉત્તર દીધો, ''તેડવા મોકલવાની જરૂર નથી. બરાબર વખતસર હું હાજર થઈ જઈશ.'' ત્યારે દેવે કહ્યું કે ''બપોરે બાર વાગે પધારજો.'' એ પછી બપોરના બાર વાગે એ ત્રણે જણ આવ્યા અને પંગતમાં બેસી જમીને ચાલ્યા ગયા.



ઉદ્યાપનવિધિ પૂરો થયા પછી શ્રી દેવે બાપુસાહેબ જોગ પર પત્ર લખ્યો કે ''બાબાએ ઉદ્યાપન-ભોજનમાં આવવાનું કહ્યું હતું. તે વચનભંગ કેમ થયો?'' આ ફરિયાદનો પત્ર લઈ જોગ બાબા પાસે ગયા. પણ એ પત્ર વાંચતાં પહેલાં જ બાબા બોલ્યા, ''અરે મેં આવવાનું વચન આપ્યું હતું અને મેં તેને છેતર્યો એવું દેવ કહે છે ને ? તેને લખો, હું બીજા બે જણ સાથે આવીને ભોજન જમી ગયો. પણ મને તે ઓળખી શક્યો નહિ. તો પછી મને બોલાવ્યો હતો શા માટે? તેને લખજો કે ઉઘરાણી માટે પેલો સંન્યાસી આવ્યો છે એમ તેં ધાર્યું હતું. એ બાબત તારી શંકા મેં નિર્મૂળ નહોતી કરી ? અમે ત્રિમૂર્તિ આવીને જમી નહોતા ગયા ? જુઓ, મારું વચન પાળવા તો હું મારું પોતાનું બલિદાન દેતાં પણ અચકાતો નથી. મારાં વચન કદી જૂઠાં પડવા દેતો નથી.'' આ ઉત્તર જોગે સાંભળ્યો ત્યારે તેના અંતરમાં ખૂબ આનંદ થયો અને તેણે શ્રી દેવને તે મુજબ જવાબ લખી મોકલ્યો. જેવો દેવે આ ઉત્તર વાંચ્યો તેવી જ હર્ષાશ્રુની ધાર તેની આંખોમાંથી વહેવા લાગી. પોતે બાબાને ખોટું દોષારોપણ કર્યું તેથી પસ્તાયા. ખરડા માટે આવેલા સંન્યાસી જ પુનઃ ઉઘરાણી માટે આવેલ છે એમ લાગવાથી પોતે કેવા છેતરાયા હતા એ જોઈ તેને અચંબો થયો. ''હું બીજા બે છોરા સાથે જમવા આવું છું'' એવા સંન્યાસીના શબ્દોનું મહત્ત્વ પોતે સમજી શક્યા નહિ, તે જાણીને તેમને વધુ આશ્ચર્ય થયું.

આ કથા પરથી સમજાય છે કે જ્યારે સદ્‌ગુરુનું સંપૂર્ણ શરણ પકડે છે ત્યારે તેમના ઘરમાં થતાં બધાં ધર્મકૃત્યોમાં દરેક યોગ્ય વિધિવિધાન બરાબર થાય છે કે કેમ તેનું ધ્યાન ગુરુ જ અદશ્યપણે રાખે છે.

**હુતાશનીનું મારે ઘેર ભોજન :** સને ૧૯૧૭માં ફાગણ સુદી પૂનમના રોજ પ્રાતઃ કાળમાં મને સ્વપ્નદર્શન થયું. સ્વપ્નમાં એક સુંદર કપડાંવાળા સંન્યાસીરૂપે બાબાએ આવીને મને જગાડ્યો અને કહ્યું,''હું આજે તારે ત્યાં ભોજન લેવા આવીશ.'' મને સ્વપ્નમાં જ જગાડ્યો હતો પણ એ પછી જ્યારે મારી ઊંઘ ગઈ અને હું જાગ્યો ત્યારે મેં કોઈ સંન્યાસીને જોયા નહિ. પણ સ્વપ્નું યાદ કરતાં સ્વપ્નમાં સંન્યાસીએ કહેલા દરેક શબ્દ મને સાંભરી આવ્યા. હું છેલ્લાં સાત વર્ષથી બાબાના સમાગમમાં આવ્યો હતો અને બાબાનું સદા

ધ્યાન કરતો હતો. છતાં બાબા મારે ઘેર ભોજન માટે આવશે એવી મેં કદી આશા રાખી નહોતી. બાબાના સ્વપ્નમાં સાંભળેલા આ શબ્દોથી રાજી થઈ મેં મારાં પત્નીને વાત કરી કે ''આજે હુતાશનીનો દિવસ છે અને એક સંન્યાસી અતિથિ આપણે ત્યાં જમવા આવવાના છે. તેથી થોડા ભાત વધારે બનાવજો. એ અતિથિ કોણ છે અને કયાંથી આવનાર છે એમ મારી પત્નીએ મને પૂછ્યું. તેને કદી ગેરસમજ ન થાય અગર ખોટો ખ્યાલ ન આવે તેથી મેં તેને સ્વપ્નની સાચી વાત કહી બતાવી. પણ તેના મનમાં શંકા જાગી. તેથી કહેવા લાગી કે ''શિરડીનાં સ્વાદિષ્ટ ભોજન છોડી બાબા આપણે ત્યાં સાદું ભોજન જમવા શિરડીથી બાંદ્રા જેટલે દૂર આવે ખરા ?'' ત્યારે મેં તેને ખાતરી આપી કે ''જાતે નહિ આવે તો કોઈ અતિથિરૂપે પણ પોતે પધારશે. તેથી થોડા ભાત રાંધવામાં આપણું કંઈ બગડી જવાનું નથી.''

એ પછી રસોઈ શરૂ કરી અને બપોરે ભોજન તૈયાર થયું. હોલિકાનું પૂજન કર્યું. કેળનાં પાંદડાની પત્રાવળીઓ મૂકી ફરતી રંગોળી પૂરી. મધ્યમાં અતિથિનો પાટલો મૂકી બન્ને બાજુ બે હારમાં પત્રાવળીઓ ગોઠવી હતી. કુટુંબનાં સર્વ માણસો-પુત્રો, પૌત્રો, પુત્રીઓ, જમાઈઓ, સૌ આવીને પોતપોતાની જગાએ પાટલા પર બેઠાં. પીરસાવું શરૂ થયું. એ વખતે દરેક જણ અતિથિની રાહ જ જોતાં હતાં. બપોર થયા છતાં કોઈ આવ્યું નહિ. પછી બારણું બંધ કરી સાંકળ ભીડી. અન્નશુદ્ધિનું ઘી પણ પીરસાયું. જમવાનું શરૂ કરવાની એ છેલ્લી નિશાની હતી. વૈશ્વદેવ તથા શ્રીકૃષ્ણ પ્રભુને અર્પણ કરવાનું નૈવેદ્ય પણ પીરસાઈ અર્પણ કરી દીધું અને જમનારા ભોજન શરૂ જ કરતા હતા ત્યાં જ દાદર પર કોઈ ચઢતું હોય એવો અવાજ સ્પષ્ટ સંભળાયો. તુરત ઊઠીને મેં બારણું ઉઘાડ્યું તો ત્યાં મેં બે જણને દીઠા : ૧) અલી મહંમદ; ૨) મૌલાના ઈસ્મુ મુજાવર. એ બન્ને જણે ભાણાં પીરસેલાં તથા બધાંને ભોજન કરવાની તૈયારીમાં જોઈ મારી માફી માગી અને આવા કફોડા સમયે મને તકલીફ આપવા માટે ક્ષમા યાચી. તે બોલ્યા : ''આપ પાટલા પરથી ઊઠીને અમારા પાસે દોડી આવ્યા છો. જમનારા બધા આપની રાહ જોઈને ખોટી થાય છે. તેથી અત્યારે તો કૃપા કરીને આ ચીજ લાવ્યા છીએ તે રાખી લો અને ફુરસદે આવીને આ વિષેની અજબ વાત આપને કરશું.'' એટલું બોલી જૂના છાપાના કાગળમાં



લપેટેલું એક બંડલ બગલમાંથી કાઢીને તેમણે ટેબલ પર મૂક્યું. મેં તે બંડલ છોડયું ને જોયું તો મારા આનંદ તથા આશ્ચર્ય વચ્ચે તેમાં મેં શ્રી સાઈબાબાની એક મોટી સુંદર છબી જોઈ. એ જોતાં જ મને ભારે આનંદ થયો. આંખમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં અને શરીર રોમાંચિત બન્યું. નમીને બાબાના ચરણમાં છબી પર મારું મસ્તક મૂક્યું. આ અજબ લીલા દ્વારા બાબાએ મારા પર કૃપા કરી છે તેની મને ખાતરી થઈ. કુતૂહલથી મેં તેમને પૂછ્યું કે ''આ છબી તમને કયાંથી મળી ?'' તેમણે કહ્યું, ''મેં એક દુકાનમાંથી ખરીદી હતી. એ વિષેની બધી વીગતવાર વાત હવે પછી આવીને હું આપને કહીશ. અત્યાર તો ઘરમાં સૌ આપની રાહ જોઈને બેઠાં છે. માટે અમે જઈએ. તમે આ સૌ સાથે બેસીને જમો.'' મેં તેમનો ઉપકાર માન્યો. તેમને વિદાય કરી હું જમવા બેઠો. અતિથિ માટે મધ્યમાં જે પાટલો મૂકયો હતો તેના પર એ છબી મૂકી અને નૈવેદ્ય ધરાવ્યું. અને અમે સૌએ ભોજન લેવાનું શરૂ કર્યું અને યથાસમયે તે પૂરું થયું. બાબાની એ સુંદર છબી જોઈને સૌ બહુ રાજી થયાં. બાબાની આ અજબ લીલા જાણીને સૌ ભારે અચંબો પામ્યાં.

આમ સ્વપ્નમાં બોલેલાં વચનો બાબાએ બરાબર પાળ્યાં. અલીમહંમદને એ છબી કેમ મળી, તે શા વાસ્તે મારે ત્યાં લાવ્યો અને મને કેમ આપી ગયો એ સર્વ આ છબીની વીગતવાર કથા આવતા અધ્યાયમાં કહીશું.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'ઉદ્યાપન-કથા'**
**નામ ચાલીસમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૧
# શ્રી સાઈકૃપા-અનુગ્રહદાન

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

ગયા અધ્યાયમાં વર્ણવેલ બનાવ બાદ નવ માસ પછી અલીમહંમદ મને મળ્યો ત્યારે તેણે મને નીચેની વાત કહી :

''મુંબઈની શેરીઓ ફરતાં ફરતાં એક દહાડો મેં એક ફેરિયા પાસેથી એ છબી ખરીદી હતી અને તે મઢાવીને મેં મારા બાંદ્રાના મકાનની દીવાલે લટકાવી હતી. બાબા પર પ્રેમ હોવાથી હું નિત્ય છબીનાં દર્શન કરતો. હું તમને એ છબી આપવા આવ્યો તે પહેલાં ત્રણ માસ અગાઉ મને પગે ગૂમડું થવાથી સોજો આવ્યો અને મારે ઑપરેશન કરાવવું પડ્યું. તેથી મારા બનેવી નૂરમહંમદ પીરભાઈના ઘેર રહેવું પડ્યું અને બાંદ્રાનું મારું ઘર ત્રણ માસ બંધ રહ્યું. ત્યાં કોઈ રહેતું નહોતું. પણ ઘરમાં બાબા અબ્દુલ રહેમાન, મૌલાના સાહેબ મહંમદહુસેન, બાબા સાઈ, બાબા તાજુદ્દીન અને એવા બીજા પવિત્ર પુરુષોની છબીઓ હતી. કાળનું ચક્ર કોઈને છોડતું નથી. હું તો માંદો પડી મુંબઈમાં પથારીવશ હતો. બાંદ્રામાં આ છબીઓની બૂરી દશા શા વાસ્તે થઈ ? મને તો લાગે છે કે જન્મમરણની જેવા તેના પણ વારાફેરા જ હોવા જોઈએ. બધી છબીઓની એક જ દશા થઈ. પણ તેમાંથી સાઈબાબાની જ છબી કેમ બચી ગઈ તેનું કારણ હજુ પણ મને સમજાતું નથી. તેમાં સાઈબાબાની સર્વવ્યાપકતા, સર્વજ્ઞતા અને અજબ શક્તિનાં જ મને દર્શન થાય છે.''

''મને સંત બાબા અબ્દુલ રહેમાનની એક નાની છબી ઘણે વર્ષ પૂર્વે મહંમદહુસેન થારિયાટોપણ પાસેથી મળી હતી. મેં એ છબી મારા બનેવી નૂરમહંમદ પીરભાઈને આપી હતી; જે તેના ટેબલ પર આઠેક વર્ષ પડી રહી. એક વાર એ છબી પર નૂરમહંમદની નજર ગઈ અને એક ફોટોગ્રાફરને તે દઈને



તેને ઍન્લાર્જ (મોટી) કરાવી તેની કેટલીક નકલો કઢાવી અને મિત્રો તથા સગાને એ નકલો ભેટ આપી. તેની એક પ્રત મને મળી હતી; જે મેં મારા બાંદ્રાના મકાનની દીવાલે લટકાવી હતી. નૂરમહંમદ સંત અબ્દુલ રહેમાનનો શિષ્ય હતો. તેથી તેમના ખુશાલ દરબારમાં ગુરુને પણ એ છબી ભેટ આપવા ગયો. ત્યારે ગુરુ ક્રોધે ભરાઈ તેને મારવા દોડ્યા અને કાઢી મૂક્યો. તેથી તો તેને દિલમાં દુ:ખ ને નિરાશા થઈ. છબીઓ તૈયાર કરાવવામાં આટલા બધા પૈસા પાણીમાં નાંખી દીધા અને ઊલટો ગુરુનો ક્રોધ તથા નારાજી વહોરવી પડી. કેમ કે ગુરુને બુતપરસ્તી-મૂર્તિપૂજા ગમતી નહોતી. તેથી તે એ છબી ઍપોલો બંદર પર લઈ ગયો અને એક હોડી ભાડે કરી દરિયામાં દૂર જઈને છબી પાણીમાં ફેંકી દઈ ડુબાડી દીધી. એ જ પ્રમાણે મિત્રો તથા સગાંને ભેટ આપેલી છબીની નકલો તેણે પાછી મંગાવી જેમાં, છ છબીઓ મળી. તે બધી પણ એક માછીમારને બાંદ્રાની ખાડીમાં ફેંકી દેવા સારુ આપી. તે વખતે હું મારા બનેવીને ત્યાં જ આરામ માટે રહેતો હતો. મને પણ તેણે કહ્યું કે તારા ઘરમાં સંતોની છબીઓ છે તે બધી દરિયાની ખાડીમાં ફેંકી દઈશ ત્યારે જ તારી આ માંદગી-દેહકષ્ટનો અંત આવશે. એ સાંભળી મેં મારા મહેતાજીને બાંદ્રા મારા ઘેર મોકલ્યો અને મારા ઘરમાં સંતોની જ છબીઓ હતી તે બધી દરિયામાં ફેંકી દીધી.

''ત્યાર બાદ બે માસ પછી હું બાંદ્રા ગયો અને ઓરડાની દીવાલ પર જોયું. તો ત્યાં સાઈબાબાની છબી હજુ ટાંગેલી જોઈને મને આશ્ચર્ય થયું. મારો મહેતાજી બીજી બધી છબીઓ ઉપાડી ગયો હતો અને આ છબી જ કેમ બાકી રહેવા પામી તે કંઈ હું સમજી શક્યો નહિ. તેથી મેં એ છબી તુરત જ દીવાલ પરથી ઉતારી લીધી અને કાગળમાં લપેટી મારા કબાટમાં સંતાડી દીધી. કેમ કે મને બીક હતી કે મારો બનેવી જોઈ જશે તો તે છબીનો પણ નાશ કરશે. હવે મારે આ છબીનું શું કરવું, તે કોને આપું તો જાળવીને રાખશે એ પ્રકારના વિચાર મારા મનમાં ઘોળાતા હતા. ત્યાં જ સાઈબાબાએ પોતે મને સુઝાડ્યું કે તું મૌલાના ઈસ્મુ મુઝાવરની સલાહ લે અને તે કહે તેમ કર. તેથી મૌલાના પાસે જઈ મેં બધી વાત કરી. લાંબો વિચાર કર્યા બાદ અમે નિર્ણય કર્યો કે આ છબી અણ્ણાસાહેબ, આપને આપવી. જેથી તે બરાબર જળવાશે. તેથી અમે બન્ને તે લઈ આપની પાસે આવ્યા અને આપને સમયસર ભેટ આપી.''

બાબા ભૂત-વર્તમાન-ભવિષ્ય જાણીને કેવી ચતુરાઈથી બધી વ્યવસ્થા કરી ભકતોની મનોકામના પૂરી કરતા હતા એ બધું આ સંપૂર્ણ કથા દર્શાવે છે. આધ્યાત્મિક વિષયોમાં રસ લેનારા ભકતો બાબાને કેવા પ્રિય હતા અને તેમનાં સઘળાં કષ્ટનિવારણ કરી ભકતોને કેવા સુખી કરતા હતા; તે નીચેની કથા શ્રવણ કરવાથી જાણી શકાશે.

**ચીંથરાની ચોરી અને જ્ઞાનેશ્વરીનું વાંચન :** દહાણુંના મામલતદાર શ્રી બી.વી. દેવને બીજા ગ્રંથો જોડે જ્ઞાનેશ્વરી ગીતા વાંચવાની દીર્ઘકાળથી ઇચ્છા હતી. ભગવદ્ગીતાનો એક અધ્યાય તથા બીજા ગ્રંથોનો થોડો ભાગ તે નિત્ય વાંચતા હતા. પણ જ્ઞાનેશ્વરી ગીતા હાથમાં લેતા ત્યારે કંઈ ને કંઈ મુસીબત ઊભી થતી અને વાંચનમાં વિઘ્ન ઊભાં થતાં. એક વાર ત્રણ માસની રજા લઈ તે શિરડી આવ્યા અને ત્યાંથી વિશ્રામ લેવા માટે પોતાને ગામ પૌંડ ગયા. અહીં પણ પોતે બીજા ગ્રંથ વાંચી શકતા હતા. પણ જ્ઞાનેશ્વરીનો ગ્રંથ ઉઘાડતાં જ દિલમાં કંઈ કંઈ દુષ્ટ અકલ્પ્ય વિચારો ઊઠતા અને ગ્રંથવાંચનનો પ્રયત્ન છોડી દેવો પડતો હતો. તેમ ઘણા પ્રયત્ન કરી જોયા છતાં થોડી લીટીઓ પણ શાન્તિથી પોતે વાંચી શકતા નહિ. તેથી મનમાં નક્કી કર્યું કે હવે તો જ્યારે એ ગ્રંથ પર મારો ભાવ જાગ્રત કરીને મને તે વાંચવાની બાબા આજ્ઞા કરશે ત્યારે જ હું તે વાંચીશ; ત્યાં લગી તે ગ્રંથ હું હાથમાં પણ નહિ લઉં. ત્યાર બાદ સને ૧૯૧૫ના ફેબ્રુઆરી માસમાં પોતે સહકુટુંબ શિરડી આવ્યા. ત્યાંથી જોગે પ્રશ્ન કર્યો કે ''તમે જ્ઞાનેશ્વરી વાંચો છો કે કેમ ?'' ત્યારે દેવે ઉત્તર દીધો કે ''જ્ઞાનેશ્વરી સારી રીતે વાંચવાની ઇચ્છા તો ઘણી છે પણ એ ઇચ્છા કંઈ બર આવતી નથી. હવે તો જ્યારે તેના વાંચનની બાબા આજ્ઞા કરે ત્યારે જ તે શરૂ કરવી છે.'' જોગે તેને સલાહ આપી કે 'જ્ઞાનેશ્વરીની એક પ્રત લઈ બાબાને ભેટ કરો. જેથી બાબા હાથમાં લઈ તેને સ્પર્શ વડે પાવન કરી તમને પાછી આપે. ત્યાર પછી તેનું વાંચન શરૂ કરો.' તેને દેવે ઉત્તર દીધો, ''બાબા મારી અંતરની અભિલાષા જાણે છે. તેથી આવી યુક્તિ મારે અજમાવવી નથી. મારી ઇચ્છા જાણીને બાબા મને તેના વાંચનની સ્પષ્ટ આજ્ઞા આપીને મારી મનોકામના શું નહિ સંતોષે?''



પછી દેવ બાબાના દર્શને ગયા તથા દક્ષિણાનો એક રૂપિયો બાબાને આપ્યો. બાબાએ વીસ રૂપિયા દક્ષિણા માગી અને દેવે આપી. તે રાત્રે બાળકરામ નામે એક ભકત તેમને મળ્યા. ત્યારે દેવે તેને પૂછ્યું, ''બાબાની આટલી ભક્તિ-કૃપા તમારા પર કેમ ઉતરી ?'' બાળકરામે તેમને કહ્યું, ''એ વાત લાંબી છે. આવતી કાલે આરતી થઈ ગયા પછી હું તમને બધું કહીશ.'' બીજા દહાડે સવારે દેવ બાબાને દર્શને ગયા. વળી બાબાએ દક્ષિણાના વીસ રૂપિયા માગ્યા અને દેવે ખુશીથી આપ્યા. એ વેળા મસીદમાં ઘણા માણસો ભેગા થયા હતા. તેથી દેવ એક બાજુ જઈને ખૂણામાં બેઠા. બાબાએ તેમને નજીક આવી શાંત ચિત્તથી બેસવા આજ્ઞા કરી. દેવ આવીને પાસે બેઠા. ત્યાર બાદ બપોરની આરતી થઈ ગયા પછી માણસો વિખરાયા. દેવ બાળકરામને મળ્યા અને પેલી બધી વિગત કહેવા વિનંતી કરી. બાબાનું ધ્યાન કેમ ધરવું અને એ બાબત બાબાએ શું બોધ આપ્યો હતો એ બધું પૂછ્યું. બાળકરામ હજુ વાત કહેવાનો પ્રારંભ કરે છે ત્યાં જ ચંદ્ર નામે પતિયા ભકતને બાબાએ દેવને બોલાવી લાવવા સારુ મોકલ્યો.

દેવ બાબા પાસે ગયા ત્યારે બાબાએ પૂછ્યું કે 'તમે કોની જોડે હમણાં શું વાત કરતા હતા?' દેવે ઉત્તર દીધો કે 'હું બાળકરામને આપની મહત્તાની જ વાત પૂછતો હતો.' વળી બાબાએ દેવ પાસેથી પચીસ રૂપિયા દક્ષિણાના માગ્યા. દેવે ખુશીથી રૂપિયા લાવી દીધા. પછી બાબા તેને અંદર લઈ ગયા અને થાંભલી પાસે બેસી તેની પર આક્ષેપ મૂકતાં બોલ્યા, ''મને પૂછ્યા વિના તું મારું ચીંથરું ચોરી ગયો છે ?'' ત્યારે દેવે કહ્યું કે 'મને આપના ચીંથરાની કશી જ ખબર નથી.' એટલે તે શોધી કાઢવાની તેને આજ્ઞા કરી. દેવે આસપાસ બને શોધ કરી પણ કશું મળ્યું નહિ. એથી બાબા ક્રોધે ભરાયા અને બોલ્યા, ''અહીં બીજું કોઈ આવ્યું નથી. તું જ ચોર છે. આટલો ઘરડો થયો. આ પળિયાં આવ્યાં અને તું અહીં ચોરી કરવા આવ્યો?'' પછી તો બાબાનો મિજાજ ગયો. ખૂબ ખૂબ ક્રોધ કરીને ગાળો તથા ઠપકાનો વરસાદ વરસાવવા લાગ્યા. દેવ તો સર્વ જોઈને ઠરી જ ગયા. તેમને લાગ્યું કે કદાચ હમણાં બાબા મારા પર હાથ ઉપાડશે. આમ એકાદ કલાક રુદ્ર સ્વરૂપ બતાવ્યા પછી બાબાએ તેને વાડામાં જવાની આજ્ઞા આપી. દેવે વાડામાં આવી જોગ

તથા બાળકરામને જે કંઈ બન્યું હતું તે કહી સંભળાવ્યું. તે દહાડે બપોર પછી બાબાએ બીજા જોડે દેવને પણ મસીદમાં બોલાવ્યા અને કહ્યું, ''મારા શબ્દોથી આ વૃદ્ધ (દેવ)ને ખોટું લાગ્યું હશે. પણ તેણે ચોરી કરી એટલે મારાથી બોલ્યા વિના ન રહેવાયું.'' વળી બાબાએ દેવ પાસેથી બાર રૂપિયા દક્ષિણા માગી અને દેવે બીજા પાસેથી લઈને તે આપ્યા અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એ વખતે બાબાએ પૂછ્યું, ''તું શું કરે છે?'' દેવે ઉત્તર દીધો, ''કશું નહિ.'' બાબાએ આજ્ઞા કરી, ''નિત્ય પોથી (જ્ઞાનેશ્વરી) વાંચતો રહેજે. જા, જઈને વાડામાં બેસ. નિત્ય નિયમિત રીતે તેમાંથી થોડું થોડું વાંચજે અને વાંચેલો ભાગ પ્રેમ-ભક્તિથી બધાને સમજાવજે. સોનેરી ભરતનું આખું ને આખું શેલું આપનારો હું અહીં બેઠો છું, પછી બીજા પાસે જઈને ચીંથરાં કેમ ચોરે છે ? આવી ચોરી કરવાની ટેવ કેવી?''

બાબાના આ શબ્દો સાંભળી દેવ બહુ રાજી થયા, કેમ કે બાબાએ તેમને જ્ઞાનેશ્વરી (પોથી) વાંચવાનો પ્રારંભ કરવાની આજ્ઞા કરી હતી. પોતાને જોઈતું હતું તે મળ્યું હતું. હવેથી એ ગ્રંથ પોતે શાંતિથી વાંચી શકશે એમ તેણે માન્યું. તેણે પુનઃ બાબાને પ્રણામ કર્યા ને કહ્યું, ''મારે તો આપનું જ શરણ છે. મને તો આપનો બાળક જ ગણજો. આપ મને આ વાંચનમાં સહાય કરજો.'' ચીંથરાં ચોરવાનો અર્થ બાબા શું કરતા હતા તે હવે જ બરાબર સમજાયું. પોતે બાળકરામને કરેલો પ્રશ્ન ચીંથરારૂપ હતો. આ વિષયમાં ભક્ત આમ વર્તે તે બાબાને બિલકુલ પસંદ નહોતું. પોતે જાતે જ કોઈ પ્રશ્નના ઉત્તર આપવા તૈયાર હતા. પછી બીજાને પૂછીને નાહકની તપાસ કોઈ કરે તે તેમને ગમતું નહોતું. તેથી જ પોતે દેવ પર ગુસ્સે થઈને ઠપકો દીધો હતો. દેવે આ ઠપકો તથા ક્રોધનો અર્થ એટલો જ લીધો હતો કે ભક્તની કામના પૂરી કરવા માટે બાબા સદા તૈયાર છે. તેથી બીજાને ફોગટનું પૂછવાની જરૂર નથી. દેવે બાબાની આ ગાળો તથા ઠપકો ફૂલના આશીર્વાદ જેવો જ ગણ્યો અને પૂરો સંતોષ પામીને ઘેર ગયા.

આ વસ્તુનો અંત અહીં જ આવતો નથી. માત્ર આટલી વાંચનની આજ્ઞા આપીને બાબા રહી ગયા નહોતા. એકાદ વર્ષમાં જ પોતે દેવ પાસે ગયા અને



તેણે કેટલી પ્રગતિ કરી છે એમ પૂછ્યું હતું. સને ૧૯૧૪ના એપ્રિલની બીજી તારીખ અને ગુરુવારે પરોઢિયે બાબાએ તેમને સ્વપ્નમાં દર્શન દીધું. બાબા મેડી પર બેઠા હતા અને પોથીમાં સમજણ પડે છે કે કેમ એમ દેવને પ્રશ્ન કર્યો. ત્યારે દેવે ના પાડી. ત્યારે બાબાએ કહ્યું, ''તો તું તે ક્યારે સમજીશ?'' દેવની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. તેમણે ઉત્તર દીધો, ''આપની કૃપાવર્ષા નહિ થાય ત્યાં લગી વાંચન કંટાળારૂપ લાગે છે. એ સમજવું તો એથી પણ અઘરું છે. હું આપને સત્ય કહું છું.'' ત્યારે બાબા બોલ્યા : ''તું વાંચતાં ઉતાવળ કરે છે. મારી હાજરીમાં મારી સામે બેસીને વાંચ જોઈએ.'' દેવે પૂછ્યું: ''શું વાંચું?'' બાબાએ કહ્યું, ''અધ્યાત્મ વાંચ.'' જેવા દેવ એ પુસ્તક લેવા ઊઠ્યા તેવી તેમની આંખ ઊઘડી ગઈ અને તે જાગી ગયા. આ સ્વપ્નદર્શનથી દેવને કેટલો બધો આનંદ તથા સંતોષ થયો હશે તેની વાંચકોએ જ કલ્પના કરી લેવી.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈકૃપા-અનુગ્રહદાન'**
**નામ એકતાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૨
# શ્રી સાઈનાથ નિર્વાણ (૧)

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।
શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।
શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં શ્રી બાબાના કૈલાસવાસનું વર્ણન કર્યું છે.

**ઉપોદ્‌ઘાત :** અગાઉના અધ્યાયોમાં આપેલી કથા પરથી માલૂમ પડે છે કે ગુરુકૃપાના પ્રકાશને લીધે જ સંસારનો ભય રહેતો નથી. મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે તથા સર્વ સંકટ ટળી જઈ સુખપ્રાપ્તિ થાય છે. સદ્‌ગુરુના ચરણનું સ્મરણ કરવાથી આપણાં સર્વ દુઃખનો અંત આવે છે. મૃત્યુનો ડંખ રહેતો નથી અને સંસારનાં સર્વ કષ્ટ ભુલાઈ જવાય છે. માટે દરેક કલ્યાણવાંછુ પુરુષે શ્રી સાઈસમર્થની કથાઓનું સ્મરણ કરીને ચિત્તને પાવન કરવું ઘટે છે.

પ્રારંભમાં ડૉ. પંડિતે કરેલું બાબાનું પૂજન તથા બાબાના કપાળમાં કરેલું ત્રિપુંડ્ર હું વર્ણવવા ઇચ્છતો હતો પણ એ વર્ણન અગિયારમા અધ્યાયમાં આવી ગયું હોવાથી તે અહીં પુનઃ આપવું નિરર્થક છે.

**અગાઉથી દેખાતાં ચિહ્ન :** શ્રી બાબાના જીવનની કથા અહીં લગી આપણે કહી. હવે મહાસમાધિનું વર્ણન ધ્યાનથી સાંભળો. સન ૧૯૧૮ના સપ્ટેમ્બરની ૨૮મી તારીખે બાબાને સહેજ તાવ આવ્યો. તાવ ત્રણ દિવસ રહ્યો, પણ એ પછી બાબાએ ખોરાક જ લેવો બંધ કર્યો. તેથી નબળાઈ વધતી ગઈ. ત્યાર પછી સત્તરમે દિવસે એટલે સને ૧૯૧૮ના ઑક્ટોબરની ૧૫મી ને મંગળવારે બપોરે અઢી વાગે બાબા આ કલેવર છોડી ગયા. (સાઈલીલા માસિક ૧લું વર્ષ, પાન ૭૮ પર પ્રકટ થયેલ તા. ૫મી નવેમ્બર ૧૯૧૮નો દાદાસાહેબ ખાપર્ડે પર લખેલો પ્રા. નારકેનો પત્ર વાંચો.) આ અગાઉ બે વર્ષ પહેલાં સને ૧૯૧૫માં બાબા મહાસમાધિ લેવાના છે એવાં ચિહ્ન દર્શાવ્યાં હતાં. પણ તે



વખતે કોઈ એ વસ્તુ સમજ્યું નહોતું. તે વેળા દશેરા-વિજયાદશમીના દિને સાંજે જ્યારે લોકો સીમોલ્લંઘન કરીને પાછા વળતા હતા ત્યારે બાબાને ભારે ક્રોધે ભરાયેલા દીઠા. માથેથી કપડાનો ટુકડો, દેહ પરથી કફની તથા લંગોટ કાઢી નાંખીને બધાં કપડાં નાખ્યાં અને બળતી ધૂણીમાં ફેંકી દીધાં. એથી ધૂણીમાં ભડકો થયો અને બાબા પ્રકાશવંત દેખાયા. એ વેળા બાબા નવસ્ત્રા બનીને ઊભા હતા. તે લાલચોળ આંખ કરીને ત્રાડી ઊઠ્યા: ''હે લોકો ! હવે જોઈ લો ! હું હિંદુ છું કે મુસ્લિમ તે છેલ્લા-છેલ્લા નક્કી કરી લો !'' લોકો તો ડરને લીધે ધ્રુજતા હતા અને બાબા પાસે જવાની કોઈની હિંમત ચાલી નહિ. છેવટે બાબાનો પતિયો સેવક ભાગોજી શિંદે હિંમત કરીને બાબાની પાસે ગયો અને તેમની કેડ પર લૂંગી વીંટી શક્યો. તેમણે બાબાને પૂછ્યું, ''બાબા, આ બધું શું છે ? આજે તો દશેરા સીમોલ્લંઘનનો તહેવાર છે.'' એ વેળા જમીન પર સટકો પછાડીને બાબા બોલ્યા, ''આ મારુ સીમોલ્લંઘન છે.'' આમ રાતના અગિયાર વાગ્યા સુધી બાબા શાંત થયા નહિ. તે રાત્રે ચાવડી સરઘસ નીકળશે કે કેમ તેની શંકા બધાંને થવા લાગી. પણ કલાકેક પછી બાબા સાવ શાંત થયા અને નિયમિત સ્વાંગ ધરી લીધો અને ચાવડી સરઘસમાં જોડાયા. પોતાના જીવનનો સીમોલ્લંઘનનો સમય પણ દશેરાના દિને થનાર છે તે વાતનો સૂચક જ આ બનાવ હતો. પણ તેનો અર્થ કોઈ સમજી શક્યા નહિ. વળી બાબાએ નીચેનું બીજું ચિહ્ન પણ દર્શાવેલ હતું:

**રામચંદ્ર તથા તાત્યા પાટીલનું મૃત્યુ-નિવારણ :** ઉપરના બનાવ પછી થોડા સમય બાદ રામચંદ્ર પાટીલ ખૂબ માંદા પડ્યા. તેને ભારે પીડા થવા લાગી, જેના બધા ઉપાય અજમાવી જોયા પણ ખાસ ફાયદો થયો નહિ. તેથી નિરાશ બની તેણે જીવનની આશા છોડી દીધી અને અંત ઘડીની રાહ જોતા બેઠા. પણ એક મધ્ય રાત્રે બાબા અચાનક જ તેના ઉશીકા પાસે આવીને ઊભા. પાટીલે તેમના ચરણ પકડી લીધા અને કહ્યું, ''બાબા, મેં તો હવે જીવનની આશા છોડી દીધી છે. મારું મૃત્યુ ક્યારે થશે તે કૃપા કરીને મને કહો.'' ''નકામી ચિંતા કર મા. તારી હુંડી (મોતનું વૉરંટ) પાછી ખેંચાઈ છે. તેથી હવે તું જલદી સાજો થઈ જઈશ. પણ તાત્યા પાટીલ માટે ધાસ્તી લાગે છે. શકે ૧૮૪૦ની વિજયાદશમીના દિને તે ગુજરી જશે. આ વાત કોઈને કહીશ

નહિ. તાત્યાને પણ કહેતો નહિ. કેમ કે એથી તે ડરી જશે.'' રામચંદ્ર દાદા સાજા થયા પણ તેમના દિલમાં તાત્યાની ધાસ્તી પેઠી. બાબાનાં વચન અફર હોય છે એની તેને ખબર હતી. તેથી ચોક્કસ તાત્યા બે માસમાં ગુજરી જશે એમ જ તેને લાગ્યું. આ વાત તેણે દરજી બાળા શીમ્પી સિવાય બીજા કોઈને કરી નહોતી. તેથી તાત્યાના થનાર મૃત્યુની શંકા આ બે જ માણસના દિલમાં ભરી હતી.

રામચંદ્ર દાદા ખાટલેથી ઊઠ્યા અને હાલતા-ચાલતા થયા. સમય ઝડપબંધ પસાર થવા લાગ્યો. શકે ૧૮૪૦ ને ૧૯૧૯નો ભાદરવો માસ પૂરો થવા આવ્યો અને આસો બેસવાની તૈયારી થઈ. બાબાના કહેવા પ્રમાણે તાત્યા માંદો પડ્યો અને પથારીવશ થઈ ગયો. બાબાનાં દર્શન કરવા મસીદ સુધી પણ તે જઈ શકતો નહોતો. બાબાને પણ તાવ આવતો હતો. તાત્યાને બાબામાં તેમજ શ્રી હરિમાં પૂર્ણ શ્રદ્ધા હતી કે મારા રક્ષક તો તે જ છે. તાત્યાની માંદગી ખૂબ વધી પડી. હવે તો તે હરી-ફરી શકતો નહોતો. છતાં સદા બાબાનું સ્મરણ કરતો. બાબાએ ભાખેલું કૂડું ભાવિ સત્ય ઠરતું લાગ્યું. દિવસ નજીક આવ્યો. વિજયાદશમીના આગમનના ભણકારા વાગ્યા. રામચંદ્ર દાદા તથા બાળા શીમ્પીના દિલમાં હવે તાત્યાના અંગે ખૂબ ભય લાગવા માંડ્યો. તાત્યાનો અંતકાળ નજીક આવ્યો છે એવા બાબાના ભવિષ્યકથનના વિચારમાત્રથી એ બન્નેના દેહ ધ્રુજી ઊઠતા અને શરીરે પસીનો વળી જતો. વિજયાદશમી આવી. તાત્યાની નાડી મંદ પડવા લાગી અને થોડી વારમાં તે ખલાસ થઈ જશે એમ સૌને લાગ્યું. પણ એવામાં એક અજબ બનાવ બન્યો. તાત્યા જીવી ગયો. તેનું મૃત્યુ જતું રહ્યું અને તેને બદલે બાબાએ આ પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. જાણે આ બે જણે મૃત્યુનો અદલો-બદલો કર્યો હોય તેવું લાગ્યું ! લોકો બોલી ઊઠ્યા: ''બાબાએ તાત્યાને ખાતર પોતાનો જીવ આપ્યો.'' તેમણે આમ શા માટે કર્યું તેની તો એકલા બાબાને જ ખબર. તેમની લીલા જ અકળ છે. છતાં આ બનાવમાં એવું દીસે છે કે તાત્યાના નામને સ્થળે પોતાનું નામ લખાવીને શ્રી સાઈબાબાએ મહાસમાધિ લીધી !

પંઢરપુરમાં દાસગણુને બીજે દહાડે ૧૫મી ઑક્ટોબરે સ્વપ્નમાં બાબાનાં દર્શન થયાં. ત્યારે બાબાએ કહ્યું, ''મસીદ પડી ગઈ. શિરડીના બધા તેલી



તથા ગાંધીએ મને ખૂબ પજવ્યો. તેથી હું એ સ્થળ છોડી ગયો. એથી હું તને એ ખબર આપવા અહીં આવ્યો. તું ત્યાં જલદી જા અને મને બકુલના ફૂલથી ઢાંકી દેજે.'' વળી આ ખબર શિરડીથી આવેલ પત્રો દ્વારા પણ દાસગણુને મળ્યા. એથી શિષ્યોને લઈને તે શિરડી આવ્યા અને ભજનકીર્તન આરંભ્યાં. બાબાની સમાધિ પાસે આખો દહાડો શ્રીહરિના નામનું ગાન કર્યું. દાસગણુએ શ્રીહરિના નામવાળી પુષ્પમાળા જાતે જ ગૂંથીને બાબાની સમાધિ પર ચઢાવી અને બાબાની પાછળ બ્રહ્મભોજન તથા અનાથ-ભોજન કરાવ્યું.

**લક્ષ્મીબાઈને દાન :** વિજયાદશમીને સઘળા હિંદુ બહુ મંગળ સમય ગણે છે. તેથી બાબાએ સીમોલ્લંઘન માટે એ દહાડો પસંદ કર્યો તે યોગ્ય જ હતું. આ પહેલાં થોડા દહાડાથી બાબાને કંઈક પીડા તો હતી જ. પણ આમ હૃદયથી તો પોતે સાવધાન જ હતા. અંત ઘડી વેળા પોતે કોઈની સહાય લીધા વિના ટટાર બેઠા અને તેમને ઠીક હોય તેમ બધાને લાગ્યું. લોકો સમજ્યા કે હવે કંઈ બીક જેવું નથી અને બાબા સાજા થઈ જશે. પણ પોતે ચાલી જવાના છે તેની બાબાને પોતાને તો ખબર હતી. તેથી લક્ષ્મીબાઈ શિંદેને કંઈક રકમ દાનમાં આપવાની તેમની ઇચ્છા હતી.

**સર્વ પ્રાણીમાં વ્યાપક બાબા :** લક્ષ્મીબાઈ જરા ધનવાન ભલી બાઈ હતી. રાત-દહાડો તે મસીદમાં કામ કરતી હતી. ભગત મહાળસાપતિ, તાત્યા પાટીલ તથા લક્ષ્મીબાઈ એ ત્રણ સિવાય રાતના મસીદમાં પેસવાની કોઈને રજા નહોતી. એક સાંજે બાબા તાત્યા જોડે મસીદમાં બેઠા હતા. ત્યાં લક્ષ્મીબાઈએ આવી બાબાને નમસ્કાર કર્યા. બાબાએ તેને કહ્યું, ''અરે લક્ષ્મી, મને બહુ ભૂખ લાગી છે.'' લક્ષ્મીબાઈએ કહ્યું, ''બાબા, થોડી વાર થોભો.રોટલો લઈને હમણાં જ આવું છું.'' એમ કહીને તે દોડતી ઘેર ગઈ અને થોડી વારમાં રોટલો તથા શાક થાળીમાં લઈને પાછી આવી. બાબા પાસે થાળી મૂકી. બાબાએ તે ઉપાડીને ત્યાં ઊભેલા કૂતરા પાસે મૂકી. એટલે લક્ષ્મીબાઈએ પૂછ્યું, ''બાબા, આ કેવું ? ઉતાવળથી દોડીને જઈને તમારા માટે રોટલો ઘડી તૈયાર કરીને હું લાવી. અને તમે તો કકડો પણ ખાધો નહિ અને કૂતરાને નીરી દીધો. તમે મને નાહકની હેરાન કરી.'' ત્યારે બાબા બોલ્યા, ''તું નકામી આ શી ચિંતા કરે

છે? આ કૂતરાની ભૂખ ભાંગી એ મારી જ ભૂખ ભાંગ્યા બરોબર છે. કૂતરાનો પણ આત્મા છે. ભલે પ્રાણીઓ જુદાં રહ્યાં પણ ભૂખ તો સૌને સરખી જ છે. કોઈ પ્રાણી બોલી બતાવે છે તો કોઈ પ્રાણી મૂંગાં છે. ચોક્કસ યાદ રાખજે કે ભૂખ્યાં પ્રાણીને ખવડાવનારાં લોકો અન્નદાન વડેમારી જ સેવા કરે છે. આ વસ્તુ તું તત્ત્વત: સાચી માનજે.'' આ તો એક સામાન્ય દાખલો છે. પણ બાબાએ એ શિખામણ દ્વારા એક મહાન આધ્યાત્મિક સત્યનું પ્રતિપાદન કરેલું છે તથા કોઈની પણ લાગણી દુભવ્યા વિના દૈનિક જીવનમાં તેનો વ્યાવહારિક ઉપયોગ બતાવ્યો છે. ત્યારથી લક્ષ્મીબાઈ પ્રેમ-ભક્તિથી બાબાને નિત્ય દૂધ-રોટલો દેતાં હતાં અને બાબા તેનો સ્વીકાર કરી આનંદથી જમતા હતા. તેમાંથી થોડો રોટલો ખાઈને બાકીનો રોટલો આ લક્ષ્મીબાઈ જોડે જ રાધાકૃષ્ણબાઈને મોકલી દેતા અને બાબાનો જમતાં વધેલો આ પ્રસાદ રાધાકૃષ્ણબાઈ સદા પ્રેમથી આરોગતાં હતાં. આ રોટલાની કથાને કોઈ આડકથા ગણશો મા. પ્રાણીમાત્રમાં બાબા કેવા વ્યાપક હતા તે વસ્તુ આ વાર્તા દ્વારા સ્પષ્ટ થાય છે. શ્રી બાબા તો અજન્મા, અમર અને સર્વવ્યાપક છે.

અંતકાળે બાબાને આ લક્ષ્મીબાઈની સેવા યાદ આવી. પોતે એ કેમ ભૂલી જાય ? પ્રાણ છૂટતાં પહેલાં પોતે ખિસ્સામાં હાથ નાંખ્યો અને પહેલી વાર પાંચ રૂપિયા અને બીજી વાર ચાર રૂપિયા એમ મળીને તેમને નવ રૂપિયા આપ્યા. નવ પ્રકારની ભક્તિદર્શક આ નવનો આંકડો છે, તે અધ્યાય ૨૧માં સમજાવ્યું છે. વળી સીમોલ્લંઘન સમયની આ દક્ષિણા હતી. લક્ષ્મીબાઈની સ્થિતિ સારી હતી. તેથી તેમને કંઈ ધનની જરૂર નહોતી. તેથી જ બાબા શ્રીમદ્ભાગવતના ૧૧મા સ્કંધના ૧૦મા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં ''સારા શિષ્યનાં નવ લક્ષણ છે'' તેનું સ્મરણ રાખવાનું તેને સૂચવતા હશે તેમ લાગ્યું. તેની પહેલી લીટીમાં પાંચ અને બીજીમાં ચાર લક્ષણ બતાવ્યાં છે (અમાની, ચમત્કારો, દક્ષો, નિર્મમો, દઢ સૌહૃદ; અસત્વરો, અર્થજિજ્ઞાસુ, અનુસૂયુ, અમોઘવાન). આમ બાબાએ લક્ષ્મીબાઈના હાથમાં પ્રથમ પાંચ અને પછી ચાર એમ મળી નવ રૂપિયા હાથમાં મૂકયા. બાબાનું આ દાન આજ પણ તેણે સંઘરી રાખ્યું છે.



બાબા પોતાના નિર્વાણ સમયે પણ સાવચેત તથા ખબરદાર હતા. સદાય ભક્તોના પ્રેમભાવમાં જ પોતે ગુંથાયેલા રહે તે કારણથી તેમણે એ સમયે બધાંને ઘેર મોકલી દીધાં હતાં. કાકાસાહેબ દીક્ષિત, બાપુસાહેબ બુટી વગેરે મસીદમાં બાબાની સેવામાં મગ્ન હતા. તેમને બધાંને પણ જમવા માટે વાડામાં મોકલી દીધા અને જમીને આવવાની આજ્ઞા કરી. બધા જાણતા હતા કે બાબાની સ્થિતિ બહુ ગંભીર છે અને તેમને એકલા મુકાય તેમ નથી. તેઓ આજ્ઞા પાળવા માટે જ વાડામાં ગયા, પણ મન તો બાબામાં જ ચોંટ્યું હતું. જમવાનું પૂરું થઈ રહે તે પહેલાં જ ખબર આવી કે બાબાનું કલેવર પડી ગયું. ભાણા ઉપરથી ઊઠીને સૌ મસીદમાં દોડી આવ્યાં ત્યારે બયાજીના ખોળામાં અંતિમ શાંતિ લેતા બાબાને દીઠા. પોતે ભૂમિ પર પડ્યા નહોતા કે પથારીમાં સૂતા નહોતા. પણ પોતાના આસન પર જ શાંતિથી બેસીને પોતાના હાથે દાન કરતાં જ તેમણે ઈહલોક છોડ્યો હતો. સંતો દેહ ધારણ કરીને ચોક્કસ હેતુસર જ જગત પર અવતરે છે અને એ હેતુ પૂરો થાય છે ત્યારે જેવા તેઓ આવ્યા તેવી જ શાંતિ તથા સરળતાથી સરજનહારને ત્યાં ચાલ્યા જાય છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈનાથ નિર્વાણ (૧)'**
**નામ બેંતાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૩
# શ્રી સાઈનાથ-નિર્વાણ (૨)

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: । શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: । શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

*શ્રી બાબાના મહાનિર્વાણની કથા અધ્યાય ૪૩ તથા ૪૪માં પણ ચાલુ છે.*

***અગાઉથી તૈયારી :*** *હિંદુ સમાજમાં એક સામાન્ય નિયમ છે કે અંતકાળે માણસને કોઈ સારો અધ્યાત્મશાસ્ત્રનો ગ્રંથ વાંચી સંભળાવવો; જેથી તેનું મન સંસારી વિષયમાંથી હટી જઈ ભગવાનમાં ચોંટે અને તેનો નવો અવતાર સુધરે. રાજા પરિક્ષિતનું મૃત્યુ ઋષિપુત્રના શાપને લીધે એક સપ્તાહ પૂરું થતાં જ થવાનું હતું એવું જાણીને મહર્ષિ શુકે તેની પાસે પ્રસિદ્ધ શ્રીમદ્‌ભાગવત ગ્રંથનું પારાયણ એક સપ્તાહમાં કર્યું હતું. આ રિવાજ આજ પણ ચાલુ છે; અને અંતકાળે માણસ પાસે ગીતા કે ભાગવત જેવા પવિત્ર ગ્રંથ વાંચવામાં આવે છે. બાબા પોતે તો ભગવાનનો અવતાર હતા. તેથી તેમને આવી કશી જરૂર ન ગણાય છતાં લોકો પર દાખલો બેસાડવા સારુ તેમણે પણ આ નિયમ પાળ્યો હતો. પોતાનો દેહ અલ્પ સમયમાં પંચભૂતમાં વિલીન થનાર છે એવું જાણીને તેમણે શ્રી વઝેને રામવિજય નામનો ગ્રંથ પોતાની પાસે બેસીને વાંચવાની આજ્ઞા કરી. વઝેએ એ ગ્રંથ એક સપ્તાહમાં વાંચીને પૂરો કર્યો ત્યારે બાબાએ એ ગ્રંથ પોતાની પાસે રાત-દિવસ ફરી ફરીને વાંચવાની આજ્ઞા કરી. વઝેએ પુન: ત્રણ દિવસ એ ગ્રંથ વાંચ્યો અને તે થાકી ગયા. તેથી બાબાએ તેને જવા દીધો અને આત્મનિમજ્જનમાં મગ્ન બની બાબા શાંત બેઠા અને શુભ ઘડીની રાહ જોવા લાગ્યા.*

*દેહાવસાનના અગાઉ બે કે ત્રણ દિવસથી બાબાએ પ્રાત:કાળનું પરિભ્રમણ તથા ભિક્ષા માગવા જવાનું છોડી દીધું હતું અને પોતે મસીદમાં જ બેસતા. છેલ્લી ઘડી સુધી તેમને ભાન હતું અને પોતે ભક્તોને હિંમત રાખવાની શિખામણ*



*આપતા હતા. પોતાની છેલ્લી વિદાયની ઘડી તેમણે કોઈને જાણવા દીધી નહોતી. કાકાસાહેબ દીક્ષિત તથા શ્રીમાન બુટી નિત્ય મસીદમાં બાબાની જોડે જ ભોજન લેતા. પણ ૧૫મી ઑક્ટોબરે આરતી પછી તેમને ઉતારા પર જમવા જવાની બાબાએ આજ્ઞા કરી. છતાં લક્ષ્મીબાઈ શિંદે, ભાગોજી શિંદે, બયાજી, લક્ષ્મણ, બાબાજી શીમ્પી અને નાનાસાહેબ નિમોણકર ત્યાં બેઠા હતા. શામા નીચે પગથિયાં પર બેઠા હતા. લક્ષ્મીબાઈ શીંદેને નવ રૂપિયા આપ્યા પછી બાબા બોલ્યા, ''અહીં મસીદમાં મને ઠીક લાગતું નથી. મને બુટીના દગડી (પથ્થર) વાડામાં લઈ જાઓ. ત્યાં મને ઠીક પડશે.'' આ છેલ્લા શબ્દો બોલીને જ પોતે બયાજીના દેહ ઉપર ઢળી પડ્યા અને ગુજરી ગયા. ભાગોજીએ જોયું કે શ્વાસ ચાલતો બંધ થયો છે. તેથી નીચે બેઠેલા નાનાસાહેબ નિમોણકરને તેણે કહ્યું. નિમોણકરે થોડું પાણી આણ્યું અને બાબાના મુખમાં રેડ્યું; પણ પાણી બહાર નીકળી ગયું. ત્યારે તેમણે મોટેથી પોક મૂકી ''હે દેવ! એ વેળાએ બાબા જાણે આંખ ઉઘાડીને ધીમે સ્વરે 'અરે' કહેતા હોય તેમ લાગ્યું. પણ પછી તો સૌને ખાતરી થઈ કે બાબાએ આ કલેવર સદાને માટે છોડી દીધું છે.*

*બાબાના મહાનિર્વાણની ખબર શિરડી ગામમાં ભયંકર આગની માફક પ્રસરી ગઈ અને તમામ માણસો, પુરુષો, સ્ત્રીઓ, બાળકો બધાં મસીદમાં દોડી આવ્યાં અને તેમને આવી પડેલી ખોટનો શોક સૌ વિવિધ રીતે કરવા લાગ્યાં. કેટલાક પોક મૂકીને રહ્યા. કેટલાક શેરીઓમાં જ ઠોકર ખાઈને પડી ગયા. કેટલાક બેભાન બની ગયા. બધાંની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. દરેક જણ શોક કરવા લાગ્યા.*

*એ પછી બાબાના પાર્થિવ દેહનું શું કરવું એ પ્રશ્ન ઊઠ્યો. કેટલાક મુસ્લિમોએ કહ્યું કે શબને ગામ બહાર ખુલ્લી જગામાં દફનાવવું અને તેના પર મકબરો ચણવો. અમીર શક્કર તથા ખુશાલચંદ પણ એ જ માનતા હતા. પણ ગામના પોલીસ પટેલ શ્રી રામચંદ્ર પાટીલે કહ્યું, ''અમને એ દરખાસ્ત માન્ય નથી. બાબાનો દેહ બુટીના વાડા સિવાય બીજે કોઈ ઠેકાણે પધરાવાશે નહિ.'' આમ આ પ્રશ્ન ઉપર બે પક્ષ પડી ગયા અને તે બાબતની ચર્ચા છત્રીશ કલાક ચાલી.*

*બુધવારે પ્રાત:કાળે લક્ષ્મણમામા જોશીના સ્વપ્નમાં બાબાએ દર્શન દીધાં અને તેને હાથથી ઢંઢોળીને બાબાએ આજ્ઞા કરી, ''જલદી ઊઠ. બાપુસાહેબ માને છે કે હું ગુજરી ગયો છું. તેથી તે નહિ આવે. તું પૂજા કર અને કાકડઆરતી કર.'' લક્ષ્મણમામા ગામના જોશી હતા. અને તે શામાના મામા થતા હતા. તે રૂઢિયુકત બ્રાહ્મણ હતા અને નિત્ય સવારમાં બાબાની પૂજા કરતા. અને પછી જ ગામના દેવ-મંદિરનું પૂજન કરવા જતા. તેને બાબામાં પૂર્ણ શ્રદ્ધા હતી. આ સ્વપ્નદર્શન પછી તે પૂજનસામગ્રી લઈને આવ્યા. મૌલવીઓએ લીધેલા વાંધા અવગણીને પણ તેમણે પૂજન કર્યું અને સર્વ વિધિ સાથે કાકડઆરતી પણ કરી અને પછી તે ઘેર ગયા. એ પછી બપોરે બાપુસાહેબ જોગે બીજા બધા ભકતો સાથે આવીને નિત્યની માફક બપોરની આરતી વિધિસર કરી.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'સાઈનાથ નિર્વાણ (૨)'***
***નામ તેતાલીસમો અધ્યાય: સંપૂર્ણ ।***
***શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

http://suratiundhiyu.wordpress.com/

"suratiundhiyu"- http://vipuldesai.ning.com/

# અધ્યાય ૪૪
# શ્રી સાઈનાથ-નિર્વાણ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્દગુરુસાઈનાથાય નમઃ ।**

છેવટે બાબાના અંતિમ શબ્દોને માન આપીને તેમના પાર્થિવ દેહને વાડામાં જ પધરાવવાનું નક્કી થયું. એ ઓરડાની મધ્યે ખોદવાનું કામ શરૂ થયું. મંગળવારે સાંજે રાહતાથી પોલીસ સબ ઇન્સ્પેક્ટર આવ્યો અને અન્ય સ્થળેથી બીજા પણ આવ્યા. સૌએ આ વાત કબૂલ રાખી. બીજે દહાડે સવારે મુંબઈથી અમીરભાઈ આવ્યા અને કોપરગાવથી મામલતદાર આવ્યા. લોકોના મત બે પક્ષમાં વહેંચાયેલા જોયા. બહાર ખેતરમાં દફનાવવાનો કેટલાકનો આગ્રહ હતો. તેથી મામલતદારે મતગણતરી કરીને જોયું તો વાડામાં સમાધિ લેવનારાના મત પેલાના કરતાં બમણા હતા. છતાં આ બાબત કલેક્ટરને પૂછાવવાની તેની મરજી હતી. તેથી કાકાસાહેબ દીક્ષિત અહમદનગર જવા તૈયાર થયા. દરમ્યાન બાબાની પ્રેરણાથી પેલા લોકોનો મત પણ ફરી ગયો અને સર્વેએ એકમતે વાડામાં જ સમાધિ લેવડાવવાનું નક્કી કર્યું. તેથી બુધવારે સાંજે સરઘસ કાઢીને બાબાનો પાર્થિવ દેહ વાડામાં લઈ જવાયો અને મુરલીધર મંદિર માટે યોજેલા ગર્ભગૃહમાં જ યોગ્ય વિધિ સાથે તેને પધરાવવામાં આવ્યો. આમ બાબા પોતે જ મુરલીધર બન્યા અને આ વાડો બાબાનું મંદિર પવિત્ર સ્થાન બન્યું, જ્યાં આજે ભક્તો આવી શાન્તિ-આરામ પામે છે. બાબાની સર્વ ધાર્મિક ઉત્તરક્રિયા વિધિસર બાળાસાહેબ ભાટેએ તથા બાબાના પરમ ભક્ત પ્રસિદ્ધ ઉપાસની મહારાજે જ કરી. અહીં એટલું નોંધવું જોઈએ કે પ્રો. નારકેએ બાબાનું શબ બરાબર તપાસીને જોયું હતું તેથી જણાય છે કે છત્રીસ કલાક પડી રહ્યા છતાં દેહ અક્કડ થઈ ગયો નહોતો. પણ બધાં અંગ વળી શકતાં હતાં. જેથી તેમની કફની ફાડી નાંખ્યા વિના આખી જ ઉતારી શકાઈ હતી.

**ઈંટ ભાંગી :** બાબાના કૈલાસવાસ અગાઉ થોડા દહાડા પર તેની આગાહીનું એક અમંગળ ચિહ્ન નજરે પડ્યું હતું. મસીદમાં દિવસે એક જૂની ઈંટ પર બાબા ટેકો દઈને બેસતા અને રાત્રે એ ઈંટને અઢેલીને બેસતા. તે ઈંટ તેમનું આસન પણ બનતું. આ ઈંટ ઘણાં વર્ષ અખંડ રહી. એક દહાડો બાબાની ગેરહાજરીમાં મસીદનું ઝાડુ કાઢનાર છોકરાએ આ ઈંટ હાથમાં લીધી ત્યારે કમભાગ્યે ઈંટ હાથમાંથી સરકી ગઈ અને નીચે પડી. તેના બે ટુકડા થયા. જ્યારે બાબાને આ વાતની ખબર પડી ત્યારે તે ઈંટ માટે દિલગીર થતાં તેમણે કહ્યું, ''એ ઈંટ નહોતી, પણ મારું ભાગ્ય હતું, જેનો ભાંગીને ભુક્કો થયો.મારી એ જીવનભરની સાથી હતી. તેના પર બેસી હું આત્મચિંતન કરતો. મારા જીવ જેટલી એ મને વહાલી હતી. આજે તે મને છોડી ગઈ !'' વળી અહીં કોઈ પ્રશ્ન કરશે કે 'ઈંટ જેવી નિર્જીવ વસ્તુ માટે બાબાએ આવો શોક શા માટે કરવો જોઈએ ?' તેનો ઉત્તર એટલો જ છે કે સંતોના અવતાર નિરાધાર ગરીબ લોકોના રક્ષણાર્થે આ જગતમાં થાય છે અને લોક જોડે એકત્વ સાધી સામાન્ય લોકોની માફક જ તેઓ વર્તે છે. બહારથી બીજા લોકોની માફક જ હસે છે, રમે છે ને રડે છે પણ અંતરથી પોતાના જીવનહેતુ તથા ધર્મ પ્રત્યે સદા પૂરા જાગ્રત હોય છે.

**૭૨ કલાકની સમાધિ :** બત્રીસ વર્ષ પૂર્વે સને ૧૮૮૬માં સીમોલ્લંઘનનો એક પ્રયત્ન થયેલો. માગશર સુદી પૂનમના રોજ બાબાને દમનો હુમલો થયો.તે મટાડવા સારુ બાબાએ પ્રાણને ઊંચા લઈ સમાધિ ચડાવવાનું નક્કી કર્યું અને ભક્ત મહાળસાપતિને કહ્યું, ''મારો દેહ ત્રણ દિવસ જાળવજે. જો હું આવું તો બરાબર છે. પણ ન આવું તો આ દેહ પેલા મેદાનમાં દફનાવજો અને ત્યાં નિશાની-દાખલ બે વાવટા જોડજો.'' એટલું બોલી રાત્રે દસેક વાગે બાબા સમાધિસ્થ થઈ ગયા અને શ્વાસ તેમજ નાડી બંધ થઈ દેહમાંથી પ્રાણ ચાલ્યા ગયા છે એવું લાગ્યું. શિરડીના લોકો ત્યાં ભેગા થયા અને તપાસ કરી બાબાનો દેહ દફનાવવાનો વિચાર કરવા લાગ્યા. પણ મહાળસાપતિએ તેમને વારી રાખ્યા. ત્રણ દિવસ પૂરા થયા. એવામાં ત્રણ વાગે દેહમાં પ્રાણનો સંચાર દેખાયો. શ્વાસોચ્છવાસ ચાલુ થયો. પેટ હાલવા લાગ્યું. આંખ ઊઘડી. અંગ પહોળાં થયાં અને બાબા સચેત બન્યા.



આ ઉપરથી તેમજ બીજી વાતો પરથી વાંચકોએ સમજવાનું છે કે જે સાડા ત્રણ હાથની કાયામાં બાબાએ કેટલાંયે વર્ષો સુધી વાસ કર્યો અને તે પછી તે છોડી ગયા એ માત્ર દેહ જ બાબા હતા કે અંદર વસતો આત્મા બાબા હતા ? પંચતત્ત્વનો બનેલો દેહ ક્ષણભંગુર છે પણ અંદરનો આત્મા જ સત્ય, શાશ્વત અને અમર છે. આ પવિત્ર આત્મા જ મન-ઇન્દ્રિયોના નિયામક સત્ય બ્રહ્મ સાઈ છે. વિશ્વની દરેક વસ્તુમાં તે વ્યાપક છે. તેના વિનાનું એક પણ સ્થળ નથી. ચોક્કસ જીવનહેતુ પૂરો કરવા સારું જ તેમણે માનવી-દેહ ધર્યો હતો અને તે હેતુ પૂરો થયા પછી તેમણે આ દેહ છોડી દીધો અને પાછું પોતાનું અનંત સ્વરૂપ ધર્યું. પૂર્વે થયેલા દત્તપ્રભુ ગંગાપુરના શ્રી નૃસિંહસરસ્વતીના અવતાર જેવા જ, બાબા અવતર્યા હતા. તે બ્રહ્મસ્વરૂપ થયા એ તો એક દૃશ્ય જ છે. ખરી રીતે તે સજીવ તેમજ નિર્જીવ સર્વ વસ્તુમાં વ્યાપક છે તથા તેમના નિયામક અને ઈશ્વર છે. આજે પણ તેમનું સંપૂર્ણ શરણ પકડનારનો, સાચા હૃદયથી ભક્તિ સાથે તેમનું પૂજન કરનારનો એ જ અનુભવ છે.

જોકે આપણે બાબાની જીવંત મૂર્તિ દેખી શકતા નથી પણ શિરડી જઈએ તો સુંદર જીવંતસમ છબી મસીદમાં મૂકેલી જોવા મળશે. એ છબી બાબાના પ્રસિદ્ધ ભક્ત નામાંકિત કલાકાર શ્રી શામરાવ જયકરે તૈયાર કરેલી છે. ભક્તહૃદયી અને કલ્પનાશીલ યાત્રીઓને આજે પણ એ છબીનાં દર્શન કરીને બાબાનાં જ દર્શન કર્યાનો સંતોષ થાય છે. અત્યારે બાબા દેહધારી નથી છતાં પોતે સર્વત્ર વસે છે. પોતે દેહધારી હતા ત્યારે જેમ ભક્તોનું કલ્યાણ સાધતા હતા તેવું જ અત્યારે પણ કલ્યાણ સાધે છે. બાબા જેવા સંતનું મૃત્યુ જ થતું નથી. માનવી જેવા તે દેખાય છે ખરા, છતાં તે પોતે જ ઈશ્વર છે.

**બાપુસાહેબ જોગનો સંન્યાસ :** હવે શ્રી જોગના સંન્યાસનો વૃત્તાંત સાંભળો. સખારામ હરિ ઉર્ફે બાપુસાહેબ જોગ પૂનાના પ્રસિદ્ધ વારકરી વિષ્ણુબુવા જોગના કાકા થાય છે. સરકારી ઇજનેરી ખાતામાં તે સુપરવાઇઝર હતા. સને ૧૯૦૯માં પેન્શન પર છૂટા થયા પછી પત્ની સાથે શિરડી આવીને રહ્યા. તેમને કંઈ સંતાન નહોતું. એ દંપતીને બાબા પર પ્રેમ હતો, તેથી બાબાની સેવાપૂજામાં જ તે ઘણો સમય ગાળતા હતા. મેઘાના સ્વર્ગવાસ પછી બાબાની મહાસમાધિ

લગી મસીદમાં તેમજ ચાવડીમાં આરતીનો બધો વિધિ આ જોગના હાથે જ થતો હતો. વળી સાઠેના વાડામાં શ્રોતાઓ પાસે જ્ઞાનેશ્વરીનું તથા એકનાથી ભાગવતનું વાંચન તથા અર્થ કરવાનું કામ પણ તેમને જ સોંપ્યું હતું. ઘણા વર્ષની સેવા પછી શ્રી જોગે એક વાર બાબાને પૂછ્યું: ''મેં આપની સેવા દીર્ઘકાળ કરી. છતાં હજુ મારા ચિત્તને શાન્તિ કે સુખ નથી. સંતસમાગમથી પણ શાન્તિ કેમ ન મળી ? મારા પર આપની કૃપા ક્યારે થશે ?'' ભક્તની આ પ્રાર્થના સાંભળી બાબા બોલ્યા, ''તારા સંચિત પ્રારબ્ધના દુષ્કર્મનાં ફળ સમય આવતાં નષ્ટ થશે. તારાં પાપ તેમજ પુણ્ય સર્વ બળીને ભસ્મ થશે. તું બધું વળગણ (આસક્તિ) છોડી દઈશ, લોભ તથા સ્વાદેન્દ્રિય જીતીશ. સર્વ વિઘ્ન પાર કરી સર્વભાવે ભગવાનની સેવા કરીશ અને ભિક્ષાપાત્રનો આશ્રય લઈશ (સંન્યાસી થઈશ) ત્યારે તારા પર કૃપા થયેલી સમજજે.''

થોડા સમય બાદ બાબાનાં વચન સાચાં પડ્યાં. તેનાં પત્ની ગુજરી ગયાં તેથી કશું સંસારી વળગણ રહ્યું નહિ અને તેમણે સંન્યાસ ગ્રહણ કર્યો.

**બાબાનાં અમૃત જેવાં વચન :** દયાળુ પ્રેમાળ સાઈબાબા ઘણી વાર મસીદમાં નીચેનાં મધુર બોધવચન સંભળાવતા હતા : ''જેને મારા પર અત્યંત પ્રેમ છે તે મારાં દર્શન સદા કરે છે. તેને મારા વિના સમગ્ર જગત ઉજ્જડ લાગે છે. મારા સિવાય બીજી કોઈ વાત જ તેને ગમતી નથી. તે નિરંતર મારું ધ્યાન ધરે છે અને સદા મારું નામ રટે છે. સમગ્ર ભાવે મારું શરણ પકડનારનો તેમજ મારું સ્મરણ કરનારનો હું દેવાદાર છું. તેમને મુક્તિ આપીને જ હું ઋણમુક્ત થઈશ. જેઓ નિત્ય મારું ચિંતન કરે છે, જે મારે ખાતર ભૂખ સહન કરે છે, જે પ્રથમ મને અર્પણ કર્યા સિવાય કશું જમતા નથી તેમનો હું તાબેદાર છું. માટે અહંત્વ તથા અભિમાન છોડી તેનો છાંટો પણ રહેવા દીધા સિવાય તમે અંતરમાં બેઠેલા એવા મારું શરણ પકડજો.''

હું કોણ છું ? બાબા ઘણી વાર 'હું કોણ છું'નું વિવેચન કરતા હતા. તે કહેતા, ''મને શોધવા તમારે ક્યાંય દૂર જવાની જરૂર નથી. કોઈ પણ નામરૂપ સિવાય તમારામાં તેમજ પ્રાણીમાત્રમાં આત્મભાવ (હયાતીનું ભાન) છે તે જ હું છું. આટલું સમજીને તમે મારામાં તેમજ પ્રાણીમાત્રમાં મારું દર્શન કરજો. જો



તમે એ મુજબ વર્તો તો તમે પણ સર્વવ્યાપકભાવ અનુભવશો અને મારી જોડે એકત્વ પામશો.''

માટે આ ગ્રંથના સર્વ વાચકોને હું પ્રણામ કરું છું અને સૌને નમ્રતાથી પ્રેમપૂર્વક વિનતિ કરું છું કે તમે સર્વ દેવ, સંતો, ભક્તો બધાનું સન્માન કરજો. શું બાબાએ વારંવાર નથી કહ્યું કે ''જેઓ બીજાની ઈર્ષ્યા કરી બૂરું કરે છે તેઓ મારા જ હૃદયને ભોંકીને મને ખફા કરે છે. પણ જેઓ સહન કરીને ભોગવી છૂટે છે તેઓ મને બહુ વહાલા છે.'' આમ બાબા પ્રાણીમાત્રમાં વ્યાપક છે. તેઓ સર્વત્ર છે. પ્રેમ સિવાય તેમને કશું જ પસંદ નથી. આવાં અમૃત જેવાં પવિત્ર મંગળ સુબહ વચનો બાબાના મુખકમળમાંથી પુષ્પવૃષ્ટિ સમ બહાર પડતાં હતાં. એથી આ અધ્યાય પૂરો કરતાં અગાઉ પુનઃ આપને એક વાત કરું છું: બાબાની સુકીર્તિનું ગાન કરનારા તથા ભક્તિથી તેનું શ્રવણ કરનારા સૌ સાઈરૂપ છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈનાથ નિર્વાણ (૩)'**
**નામ ચુવાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૫
# શ્રી ગુરુચરણ મહિમા

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

**ઉપોદ્‌ઘાત :** છેલ્લા ત્રણ અધ્યાયમાં બાબાની મહાસમાધિનું વર્ણન કર્યું છે. તેમનો ભૌતિક દેહ આપણી દૃષ્ટિથી અલોપ થયો છે પણ તેમનો આત્મા સદા જીવંત છે. તેમના જીવન દરમ્યાન થયેલી લીલાઓનું વર્ણન આપણે વિસ્તારથી કર્યું છે. તેમના મહાનિર્વાણ પછી તાજેતરમાં લીલા થઈ છે અને હજુ થયા જ કરે છે. એ પરથી સ્પષ્ટ થાય છે કે બાબા સદા જીવંત છે તથા અગાઉની જેમ તે ભકતોને સહાય કરે છે. તેમની હયાતી દરમ્યાન જે જે લોકોને તેમનો સત્સંગ થયો હતો તે સર્વ ખરેખર ખૂબ ભાગ્યશાળી ગણાય. છતાં તેમાંથી જેમને ભોગવાસના રહી ગઈ હોય ને વૈરાગ્ય ન થયો હોય તથા પ્રભુ પ્રત્યે ચિત્ત ન વળ્યું હોય તેઓ દુર્ભાગી કહેવાય. એ સમયે જે જરૂરી હતું અને આજે પણ જે જરૂરી છે તે તો બાબાની ભાવપૂર્વકની ભક્તિ જ છે. શ્રી બાબાના પૂજનમાં મન-ઈન્દ્રિય-દેહ બધાં જ લગાડવાં જોઈએ. દેહનું એક અંગ પૂજા કરતું હોય અને બીજાં કયાંક ભટકતાં હોય તે કંઈ કામનું નથી. ધ્યાન અગર પૂજન જે કરો તે સદા તન્મય થઈ એકચિત્તથી કરજો.

સતી સ્ત્રીના પતિ ઉપરના પ્રેમને કેટલાક લોકો શિષ્યના ગુરુ પ્રત્યેના પ્રેમ જોડે સરખાવે છે. પણ શિષ્યનો ગુરુ પ્રત્યેનો પ્રેમ સતીના પ્રેમથી ચડે છે. એ તો અજોડ જ છે. આત્મદર્શનની સાધનામાં માતા-પિતા, ભાઈભાંડુ કે કોઈ સગાંસ્નેહી સહાય કરી શકતાં નથી. એ માર્ગ તો આપણે જ કરવાનો છે. આ લોકનાં તેમજ પરલોકનાં સુખ-ભોગ તજી દેવાનાં છે. મને ઇન્દ્રિયો ઉપર નિયંત્રણ કરવાનું છે અને મુક્તિની જ કામના કરવાની છે. બીજા પર આધાર રાખવાને બદલે આપણા પોતાનામાં જ પૂરી શ્રદ્ધા રાખવાની છે. વિવેક કરીને



જોઈએ ત્યારે જ આ લોકની ચીજો પરનો રાગ ઘટવા લાગે છે. તેથી મનમાં તે બધાં પર વૈરાગ્ય આવે છે. પછી આપણને માલૂમ પડે છે કે ગુરુ જ બ્રહ્મ છે અને તે જ સત્ય છે. તે વિશ્વથી પર છે, સર્વવ્યાપક છે એવું સમજાય છે ત્યારે પ્રાણીમાત્રમાં રહેતા એવા તેમનું આપણે પૂજન કરવા લાગીએ છીએ; એ જ તેમનું સંવાદક ભજન-પૂજન છે. આમ જ્યારે ગુરુ અર્થાત્ બ્રહ્મની અનન્ય ભાવથી પૂજા કરીએ છીએ ત્યારે આપણે તેમની જોડે એકરૂપ બનીએ છીએ તથા આત્મદર્શન પામીએ છીએ. ટૂંકામાં ગુરુનામનો સદા જપ કરવાથી; તેમનું ધ્યાન ધરવાથી પ્રાણીમાત્રમાં તેમનું દર્શન થાય છે અને અખંડ સુધા પમાય છે. નીચેની કથા તેનું જ દૃષ્ટાંત છે.

**કાકાસાહેબની શંકા અને આનંદરાવનું સ્વપ્નદર્શન :** શ્રી બાબાએ કાકા દીક્ષિતને (૧) એકનાથી ભાગવત તથા (૨) ભાવાર્થ રામાયણ એ બે ગ્રંથો વાંચવાની આજ્ઞા કરી હતી તે પ્રસિદ્ધ છે. બાબાની હયાતી દરમ્યાન આ ગ્રંથો કાકાસાહેબ નિત્ય વાંચતા અને બાબાના કૈલાસવાસ પછી પણ તેમણે એ ગ્રંથોનું વાંચન ચાલુ રાખ્યું હતું. એકવાર મુંબઈમાં ચોપાટી પર કાકા મહાજનીના ઘેર સવારમાં કાકાસાહેબ એકનાથી ભાગવત વાંચતા હતા. તે વેળા શામા (માધવરાવ દેશપાંડે) તથા કાકા મહાજની એ બે જણ ત્યાં હાજર હતા અને શ્રવણ કરતા હતા. ગ્રંથના અગિયારમાં સ્કંધનો બીજો અધ્યાય વંચાતો હતો અને બધા ધ્યાનપૂર્વક શ્રવણ કરતા હતા. તેમાં એવી વાત આવે છે કે ઋષભ-કુલના નવનાથ અર્થાત્ નવ સિદ્ધ-કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રમિલ, ચમસ તથા કરભાજન એ સર્વ રાજા જનકને ભાગવત ધર્મના સિદ્ધાન્ત સમજાવતા હતા. રાજા જનકે એ નવે સિદ્ધોને બહુ અગત્યના પ્રશ્નો પૂછ્યા અને દરેકે તેમને સંતોષજનક ઉત્તર આપ્યા. તેમાં પ્રથમ કવિએ ભાગવતધર્મ શું છે તે સમજાવ્યું; હરિએ ભકતનાં લક્ષણ સમજાવ્યાં; અંતરિક્ષે સાંસારિક માયા; પ્રબુદ્ધે આ માયા કેમ તરવી તે; પિપ્પલાયને પરબ્રહ્મ શું છે તે; આવિર્હોત્રે કર્મ શું તે; દ્રમિલે ભગવાનના અવતાર તથા તેમાં કરેલાં કામ; ચમસે અભકતની મૃત્યુ પછીની થતી ગતિ; કરભાજએ વિવિધ યુગમાં પ્રભુપૂજનની વિવિધ વિધિ-એમ દરેકે સમજાવ્યું. આ સઘળા શાસ્ત્રાર્થનો સાર

એટલો જ હતો કે આ કલિયુગમાં મુક્તિનો માર્ગ જ ગુરુચરણ અગર હરિસ્મરણ છે. આ વાંચન પૂરું થઈ રહ્યા પછી કાકાસાહેબે નિરાશાભર્યા સ્વરે માધવરાવને કહ્યું, ''ભક્તિ પરનો નવનાથનો આ સંવાદ કેવો અજબ છે ! છતાં તેનો અમલ કેવો કઠણ છે. નાથ તો સંપૂર્ણ ભકત હતા. પણ એમણે દર્શાવેલ માર્ગે ભક્તિ પામવી તે શું આપણા જેવા મૂર્ખને માટે સંભવિત છે ? કેટલાયે જન્મ પછી પણ આપણે તે પામવાના નથી; ત્યારે આપણી મુક્તિ કેમ થશે ? મને તો લાગે છે કે આપણે માટે કોઈ આશા નથી.''

કાકાસાહેબનો આ નિરાશાવાદ માધવરાવને ગમ્યો નહિ. તેથી તેમણે કહ્યું, ''સદ્ભાગ્યે જેને શ્રી બાબા જેવા ગુરુ-રત્ન મળ્યા છે તે આમ નિરાશ બની રડે એ તો ખરેખર દયા ખાવા જેવું છે. જો બાબામાં દઢ શ્રદ્ધા-વિશ્વાસ હોય તો તમે નિરાશ શા માટે થાઓ છો ? ભલે નાથની ભક્તિ શક્તિમંત તથા દઢ હશે પણ શું આપણી ભક્તિ પ્રેમળ અને સ્નેહભરી નથી ? બાબાએ આપણને છાતી ઠોકીને શું નથી કહ્યું કે હરિના તથા ગુરુના નામ-સ્મરણથી મુક્તિ અવશ્ય મળશે જ ? તો પછી ડરનું કે ચિંતાનું શું કારણ છે ?'' માધવરાવની આ સમજાવટથી પણ કાકાને સંતોષ ન થયો. નાથની ભક્તિ કેવી શક્તિવંત હતી તેના જ ધ્યાનમાં ને વિચારમાં તે આખો દહાડો ચિંતાતુર અસ્વસ્થ રહ્યા. બીજે દહાડે પ્રાતઃકાળમાં જ ગ્રંથવાચન થતું હતું ત્યાં જ તેમને નીચેનો પરચો થયો.

આનંદરાવ પાખાડે નામે એક ગૃહસ્થ માધવરાવને ગોતતા ત્યાં આવ્યા. એ વેળા ભાગવત વંચાતું હતું. પાખાડે માધવરાવ પાસે આવીને બેઠા અને તેમના કાનમાં કંઈક વાત કહેવા લાગ્યા. પોતાના સ્વપ્નદર્શનની વાત એ ધીમે અવાજે કહેતા હતા. આ ગણગણાટથી વાંચનમાં કંઈક ખલેલ પડી. તેથી કાકાસાહેબે વાંચવાનું બંધ કર્યું અને શી વાત છે એમ માધવરાવને પૂછ્યું. ત્યારે માધવરાવે કહ્યું, ''તમે ગઈ કાલે શંકા કરી હતી તેનું જ અહીં સમાધાન થઈ ગયું છે. શ્રી બાબાએ પાખાડેને આપેલું સ્વપ્નદર્શન સાંભળો. તેમાં ભક્તિનાં લક્ષણ સમજાવીને ગુરુચરણના પૂજન અંગે કેવળ નમસ્કાર પણ પૂરતી ભક્તિનું કામ કરે છે એવી ખાતરી આપી છે.'' આ સ્વપ્નદર્શન સાંભળવા બધા, ખાસ કાકાસાહેબ બહુ આતુર હતા. સ્વપ્નદર્શનની નીચેની વાત પાખાડેએ કહી :



''ઊંડા સમુદ્રમાં હું કેડ લગીના પાણીમાં ઊભો હતો. ત્યાં મેં એકાએક સાઈબાબાને દેખ્યા. શ્રી બાબા રત્નજડિત સિંહાસન પર બેઠા હતા. તેમનાં ચરણ પાણીમાં હતાં. બાબાનાં દર્શન કરીને હું બહુ રાજી થયો; અને મને ખૂબ સંતોષ થયો. આ દર્શન એટલું સાચું લાગતું હતું કે એ સ્વપ્ન છે એમ મેં માન્યું જ નથી. અજબ વાત તો એ છે કે એ વખતે માધવરાવ ત્યાં પાસે ઊભા હતા. તેમણે મને ભાવથી કહ્યું, ''આનંદરાવ, બાબાને પગે પડો.'' મેં ઉત્તર દીધો: ''મારી પણ બાબાને પગે પડવાની ઇચ્છા છે. પણ બાબાના પગ પાણીમાં છે. તેથી તેમના ચરણ પર હું માથું શી રીતે મૂકું ? હું અસમર્થ છું.'' તે સાંભળી તેમણે બાબાને કહ્યું, ''અરે દેવ, આપના ચરણ પાણીની નીચે છે તે જરા ઊંચા લો.'' એટલે બાબાએ તરત જ ચરણ ઊંચા લીધા. મેં મુદ્દલ ખોટી ન થતાં એકદમ એ ચરણ પકડી લીધા અને મારું માથું તેના પર મૂક્યું. એ જોઈ બાબાએ મને આશીર્વાદ આપ્યા ને કહ્યું, ''જા તારું કલ્યાણ થશે. ચિંતા અગર ડરનું કંઈ કારણ નથી. એક રેશમી કિનારનું ધોતિયું તું મારા શામાને આપજે. એથી તને લાભ થશે.''

આટલી વાત કહીને પાખાડેએ બાબાની આજ્ઞા મુજબ આપવા સારુ સાથે લાવેલ ધોતિયું કાકાસાહેબના હાથમાં મૂક્યું અને તે માધવરાવને આપવા વિનંતી કરી. પણ માધવરાવે તે સ્વીકારવાની ના પાડી અને કહ્યું, ''આનો સ્વીકાર કરવા માટે બાબા મને કોઈ દૃષ્ટાંત કે સૂચન દેશે તો જ હું તે સ્વીકારીશ, નહિતર નહિ સ્વીકારું'' થોડી ચર્ચા પછી ચિઠ્ઠીઓ નાંખીને નક્કી કરવાનું કાકાસાહેબે કહ્યું. શંકાશીલ બાબતમાં ચિઠ્ઠીઓ નાંખી ઉપાડેલી ચિઠ્ઠીમાં જે આવતું તેનો અમલ કરવાની કાકાને ટેવ હતી. તેથી અત્યારે તેમણે એક ચિઠ્ઠીમાં 'સ્વીકારવું' અને બીજામાં 'ન સ્વીકારવું' એમ લખીને બન્ને ચિઠ્ઠી બાબાની છબીના ચરણે મૂકી. એમણે એક બાળકને બોલાવી એ બેમાંથી એક ચિઠ્ઠી લેવા સૂચવ્યું. બાળકે ચિઠ્ઠી ઉપાડી. તેમાં 'સ્વીકારવું' એમ લખ્યું હતું. તેથી કાકાસાહેબે ધોતિયું માધવરાવના હાથમાં આપ્યું અને તેણે તે સ્વીકાર્યું. આ રીતે આનંદરાવ તથા માધવરાવ બન્નેને સંતોષ થયો અને કાકાસાહેબની શંકાનું સમાધાન થયું.

આ કથા ઉપરથી આપણે બોધ લેવાનો કે અન્ય સંતોને પણ આપણે સન્માનવા જોઈએ અને ખાસ આપણા ગુરુમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને તેના બોધ પ્રમાણે આપણે ચાલવું જોઈએ. આપણું કલ્યાણ ક્યાં રહેલું છે, તેનું સૌથી વધુ જ્ઞાન તો તેમને જ હોય છે. માટે શ્રી બાબાનાં નીચેનાં વચનો સદા હૃદયમાં કોતરી રાખી તેનો અમલ કરવા સરખો છો.

આ જગતમાં અસંખ્ય સંત છે. બીજાની પણ સારી વાતો સાંભળવી, પણ ગુરુનાં વચન કદી ભૂલશો નહિ. ટૂંકમાં ગુરુ પર અંતરથી પૂરો પ્રેમ રાખો અને સર્વભાવે તેમને શરણે જાઓ. તેમને સન્માન દઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરો. પછી તમે જોશો કે સૂર્ય પાસે જેમ અંધારું ટકતું નથી તેમ તમારા સંસારસાગર તરવા સામે કોઈ વિઘ્ન ટકશે નહિ.

**લાકડાનું પાટિયું :** બાબા ઘણા કાળ પહેલાં એક ચાર હાથ લાંબું અને એક વેંત પહોળું પાટિયું મોભ જોડે ચીંદરડા વડે બાંધીને લટકાવતા અને તેના ચાર ચાર ખૂણે ચાર કોડિયાના દીવા મૂકી તે પર બાબા સૂઈ રહેતા. પછી તો એ પાટિયું ભાંગી નાંખ્યું; અને તેના ટુકડા ફેંકી દીધા (જુઓ અધ્યાય ૧૦મો). આ પાટિયાની મહત્તા બાબા એક વાર કાકાસાહેબને વર્ણવી બતાવતા હતા. એ સાંભળી કાકાસાહેબે બાબાને કહ્યું, ''આપને હજુ એવા પાટિયા પર સૂઈ રહેવાનું પસંદ હોય તો સુખેથી સૂઈ રહેવા સારુ મસીદમાં એક પાટિયું બંધાવી આપું.'' બાબાએ ઉત્તર દીધો, ''મહાળસાપતિને જમીન પર સુવડાવીને મારે એકલાને ઊંચા સૂવું મને ન ગમે.'' ત્યારે કાકાએ કહ્યું, ''તો મહાળસાપતિ માટે એક બીજું પાટિયું બંધાવી આપું.'' એટલે બાબા બોલ્યા : ''પાટિયા પર તે શી રીતે સૂએ ? પાટિયા પર સૂવું કાંઈ સહેલું નથી. જેનામાં અપાર ગુણ-શક્તિ ભરેલ હોય તે જ તેના પર સૂઈ શકે છે. જે સદા આંખો ઉઘાડી રાખીને સૂઈ શકતો હોય તેનું જ એ કામ છે. હું સૂતો હોઉં છું ત્યારે ઘણીવાર મહાળસાપતિને કહું છું, 'મારી પડખે બેસજે અને મારી છાતી પર હાથ રાખજે. અંદર શ્રીહરિના નામનો જાપ ચાલે છે કે કેમ તે તપાસ. જો તું મને ઊંઘતો દેખે તો જગાડજે.' આટલું પણ તે કરી શકતો નથી. તે પોતે જ ઝોકે ચડે છે અને ઘોરવા માંડે છે. તેનો હાથ મારી છાતી પર પથ્થર જેવો ભારે લાગે



છે ત્યારે હું જ બોલી ઊઠું છું: 'અરે ભગત !' એટલે તે સળવળે છે તથા આંખો ઉઘાડે છે. જે ભોંય પર પણ બરાબર બેસી કે સૂઈ શકતો નથી, જેનું આસન જ સ્થિર નથી, જે ઊંઘનો ગુલામ છે, તે આવા પાટિયા પર ઊંચે કેમ સૂઈ શકે?''

ભક્તો પરના પ્રેમને લીધે બાબા ઘણીવાર કહેતા, ''જે કંઈ સારું-માઠું આપણું પોતાનું હોય છે તે આપણી જોડે જ રહેવાનું છે અને જે કંઈ બીજાનું છે તે તેમની જોડે રહેશે.''

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી ગુરુચરણ મહિમા'**
**નામ પિસ્તાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૬

## કાશી-ગયા-પ્રયાગ-ગમન, અજાજન્મકથા

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં બાબા, શામાની અગાઉ કાશી-ગયા-પ્રયાગ યાત્રામાં છબીરૂપે કેમ આવી પહોંચ્યા હતા તે કથા તથા બે બકરીના પૂર્વજન્મની બાબાની સ્મૃતિ-કથા વર્ણવી છે.

**ઉપોદ્‌ઘાત :** હે સાઈ ! આપના ચરણને ધન્ય છે ! આપના સ્મરણને ધન્ય છે ! આપના દર્શનને ધન્ય છે ! એ સર્વ અમને કર્મબંધનમાંથી મુક્તિ દે છે. આપનું સ્થૂળ સ્વરૂપ હયાત નથી, છતાં શ્રદ્ધાળુ ભક્તોને આપ હજુ પણ જીવંત જેવા અનુભવ આપો છો. ઝીણા અદૃશ્ય તંતુ વડે દૂર દૂરથી ભક્તોને આપના ચરણ નજીક ખેંચી લાવો છો અને પ્રેમાળ માતાની જેમ તેમને ગોદમાં લો છો. આપ ક્યાં છો તેની ભક્તોને ખબર નથી. પણ આપ એવી કુશળતાથી દોરીસંચાર કરો છો કે ભક્તોને લાગે છે કે આપ સહાય કરવા સારુ પીઠ પાછળ જ સદા ઊભા છો. ડાહ્યા, વિદ્વાન, બુદ્ધિમાન લોકો અહંત્વને લીધે સંસારના ખાડામાં પડે છે તેનું છેવટે તો તેમને ભાન થાય છે. પણ સાદા ગરીબ ભક્તોને આપ સહજ બચાવી લ્યો છે. બધી રમત આપ અકળ રીતે રમો છો અને કોઈ વાતમાં કશી લેવા-દેવા ન હોય એવું આપ દેખાડો છો. કર્તા આપ છો, છતાં અકર્તા હોવાનો ડોળ કરો છો. આપનું જીવન કોઈ જાણતું નથી. અમારાં પાપ નષ્ટ કરવા માટે આપનાં ચરણનું શરણ પકડી અમારાં મન-વાણી આપના નામનો જપ કરે એ માર્ગ જ અમારે સારુ ઉત્તમ છે. કામનાવાળા ભક્તોના ભાવ આપ પૂરા કરો છો અને કામનારહિત ભક્તોને અપ્રતિમ સુખ આપો છો. આપના મધુર નામનો જપ જ ભક્તોનું સરળ સાધન છે. એ સાધનથી અમારાં સર્વ પાપ, રાજસ-તામસ-ગુણ નષ્ટ થશે અને ધર્મ તથા સત્ત્વગુણ ઊંચા



આવશે. વિવેક, વૈરાગ્ય તથા જ્ઞાન સ્વતઃ ઉદ્‌ભવશે. ગુરુભાવમાં જ અમે લીન થશું. આને જ ગુરુનું સંપૂર્ણ શરણ કહે છે; જેનું નિર્વિવાદ ચોક્કસ લક્ષણ એ છે કે મન સુખમય શાંત બની રહે છે. આવી શરણાગતિ, ભક્તિ, જ્ઞાનની મહત્તા અપૂર્વ છે. શાન્તિ-વૈરાગ્ય-કીર્તિ-મુક્તિ એ સર્વ તેની પાછળ પાછળ જ ચાલ્યાં આવે છે.

ભક્તોનો સ્વીકાર કર્યા પછી બાબા તેની પછવાડે ચાલીને રાતદિવસ સર્વત્ર તેને સહાય કરે છે. ભક્ત ગમે ત્યાં હોય પણ બાબા ગમે તે રૂપે ત્યાં અગાઉથી જ હાજર થઈ જાય છે. નીચે આપેલી કથા આ વાતનું જ દૃષ્ટાંત છે:

**ગયાની યાત્રા :** કાકાસાહેબે, બાબાના પરિચયમાં આવ્યા બાદ થોડા જ સમયમાં પોતાના મોટા પુત્ર બાબુને નાગપુરમાં જનોઈ દેવાનું નક્કી કર્યું. લગભગ એ જ સમયમાં નાનાસાહેબ ચાંદોરકરે પોતાના મોટા પુત્રનાં લગ્ન ગ્વાલિયરમાં કરવાનો નિર્ણય કર્યો. આ શુભ પ્રસંગનું નિમંત્રણ આપવા માટે દીક્ષિત તેમજ ચાંદોરકર બન્ને બાબા પાસે શિરડી આવ્યા અને બાબાને જાતે પધારવા આગ્રહ કર્યો. ત્યારે બાબાએ કહ્યું, ‘‘આ શામા મારો પ્રતિનિધિ છે. મારા બદલે તેને તમારા જોડે તેડી જાઓ. તેને કાશી-ગયા-પ્રયાગની યાત્રા પણ થશે. અમે શામાની અગાઉ ત્યાં પહોંચી જઈશું.’’ બાબાના આ શબ્દો યાદ રાખવા જેવા છે. આથી બાબાની સર્વવ્યાપકતાનું સૂચન થાય છે.

આ શુભ પ્રસંગો પર બાબાની રજા લઈને શામાએ નાગપુર તથા ગ્વાલિયર અને ત્યાંથી કાશી-પ્રયાગ-ગયા જવાનું નક્કી કર્યું. આપ્પા કોતેએ પણ તેની જોડે જ જવાનું ઠરાવ્યું. પ્રથમ જનોઈના પ્રસંગ પર એ બન્ને નાગપુર ગયા, જ્યાં શ્રી કાકાસાહેબ દીક્ષિતે કાશીયાત્રાના ખર્ચ માટે શામાને બસો રૂપિયા આપ્યા. એ પછી તે ગ્વાલિયર લગ્ન પર ગયા. ત્યાં નાનાસાહેબ ચાંદોરકરે આ યાત્રાનિમિત્તે સો રૂપિયા આપ્યા અને તીર્થસ્થળોના ભલામણપત્રો લખી આપ્યા. તેમના વેવાઈ શ્રી જઠારેએ પણ સો રૂપિયા આપ્યા. ત્યાંથી શામા કાશી-અયોધ્યા ગયા. કાશીમાં શ્રી જઠારના લક્ષ્મીનારાયણ મંદિરમાં અને અયોધ્યામાં રામમંદિરમાં ઉતર્યા; જ્યાં શ્રી જઠારના મહેતાજીએ તેમની સારી સરભરા કરી. શામા તથા

કોતે કાશીમાં બે માસ રહ્યા. અયોધ્યામાં ૨૧ દિવસ રોકાયા. ત્યાંથી તે ગયા જવા નીકળ્યા. ટ્રેઇનમાં સાંભળ્યું કે ગયામાં પ્લેગ ચાલે છે. તેથી તેમને ચિંતા થવા લાગી. રાત્રે ગયાના સ્ટેશનમાં ઉતર્યા અને પાસેની ધર્મશાળામાં સૂઈ રહ્યા. સવારે ગયાવાળા ગોરે ધર્મશાળામાં આવીને તેમને કહ્યું કે ''યાત્રીઓ ક્યારના ચાલી નીકળ્યા છે. તમે ઉતાવળ કરો.'' શામાએ તેને અમસ્તું જ પૂછી જોયું કે ''ગયામાં પ્લેગ ચાલે છે કેમ?'' ત્યારે ગયાવાળા ગોરે કહ્યું, ''ના. ના. કશી ચિંતા કે ડર વિના ચાલો અને નજરે જ જોઈ લેજો.'' એ પછી ગોર જોડે ગામમાં ગયા અને ગોરને ઘેર જ ઉતર્યા. એ વિશાળ મોટું મકાન હતું. તેમાં તેમને ઉતારો દીધો. સગવડ જોઈને શામાના આનંદનો પાર રહ્યો નહિ. એ વેળા બાબાએ કહેલા શબ્દો યાદ આવ્યા કે ''કાશી તથા પ્રયાગ ફરીને અમે શામાની પહેલાં ગયા પહોંચી જઈશું.'' આ શબ્દોનું સ્મરણ કરતાં જ શામાની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી અને રૂંવાટાં ઊભાં થઈ ગયાં. ગળું રૂંધાઈ ગયું અને ડૂસકાં ભરવા લાગ્યા. પેલા ગોરને થયું કે નક્કી અહીં પ્લેગ ચાલે છે એવી સાંભળેલી વાત પરથી તે ડરી ગયા છે ને રડે છે. પણ શામાએ તો તેને બાબાની આ છબી ક્યાંથી મળી તે હકીકત પૂછી. પેલા ગોરે ઉત્તર દીધો, ''અહીં ગયા આવનાર યાત્રીઓની સગવડ માટે મારા બસો-ત્રણસો માણસો મનમાડ તથા પુણતાંબે બાજુ ફરે છે. બાબાની નામના મેં તેમની પાસેથી સાંભળી. તેથી બાર વર્ષ પર હું શિરડી ગયો હતો અને બાબાનાં દર્શન કર્યાં હતાં. ત્યાં એક ભક્તને ત્યાં લટકતી બાબાની આ છબી મેં માંગી અને એ ભક્તે બાબાની રજા લઈ આ છબી મને આપી હતી.'' ત્યારે શામાને એ બધી વાત યાદ આવી. આ છબી પોતે જ આ ગોરને આપી હતી તેનું સ્મરણ થયું. અને ગોરને એ વાત કહી. એથી પોતાના પર ઉપકાર કરેલ ભક્ત શામા જ આજે પોતાને ત્યાં અતિથિ બનેલ છે એવું ગયાવાળા ગોરે જ્યારે જાણ્યું ત્યારે તેના હર્ષનો પાર રહ્યો નહિ. પછી તો એ બન્નેએ પ્રેમ-સેવાનો અલભ્ય લાભ લીધો અને ખૂબ આનંદ પામી રાજી થયા. ગયાવાળા ગોરે તેમનું ભારે સ્વાગત કર્યું. તે ખૂબ ધનવાન હતો. તેમને પાલખીમાં બેસાડ્યા અને ફેરવ્યા. તેમજ હાથી પર પણ બેસાડી સન્માન કરી સર્વ સુખ-સગવડ આપ્યાં.



**કથાનો સાર :** બાબાનાં વચન અક્ષરેઅક્ષર સત્ય પડ્યાં. ભક્તના આનંદની સીમા ન રહી. પણ એ વાત બાજુએ રાખો. બાબાનો પ્રેમ તમામ પ્રાણી પર એકસરખો હતો. નીચેની કથા આ વાતનું દૃષ્ટાંત છે.

**બે બકરીઓ :** એક વાર બાબા લેંડીથી પાછા આવતા હતા. એવામાં તેમણે બકરાંનું એક ટોળું જોયું. તેમાંથી બે બકરીઓને જોઈ પાસે જઈ પીઠ થાબડી અને વહાલથી બત્રીસ રૂપિયા આપી તે બન્ને વેચાતી લીધી. બાબાની આ ખરીદી જોઈ ભક્તો અચંબો પામ્યા. તેમને લાગ્યું કે આ સોદામાં બાબા છેતરાયા છે. આ દરેક બકરીના બહુ બહુ તો ચચ્ચાર રૂપિયા બેસે. તેથી બે બકરીના આઠ રૂપિયા થાય. એવું જોઈને બધાએ બાબાના ઉઘડા લીધા. પણ બાબા તો શાંત રહ્યા. તેથી શામા તથા તાત્યા કોતેએ બાબાને આનું કારણ પૂછ્યું. બાબાએ ઉત્તર દીધો, ''મારે કંઈ ઘરબાર કે કુટુંબ નથી. તેથી હું પૈસા ભેગા કરતો નથી. પ્રથમ તો તમે આ પૈસાની ચાર શેર દાળ લાવી મારા આ બે ભક્તોને ખવડાવો.'' એ બકરીઓ દાળ ખાઈ રહ્યા પછી બાબાએ એ બન્ને બકરીઓને પેલા ભરવાડને પાછી આપી દીધી અને બાબાએ એ બે બકરીઓની પૂર્વજન્મની કથા કહી:

''અરે શામા, અરે તાત્યા, આ ખરીદીમાં હું છેતરાયો છું એમ તમે ધારો છો? એવું કંઈ જ નથી, તમે આ બે બકરીની કથા સાંભળો. પૂર્વ જન્મમાં એ બન્ને ભાઈઓ હતા અને મારા મિત્ર હતા. તેથી મારી પડખે જ બેસતા. બન્ને સગા ભાઈ હતા. પ્રથમ તો તેમને એક-બીજા પર પ્રેમ હતો. પણ પછીથી તેઓ દુશ્મન બન્યા. મોટો ભાઈ આળસુ હતો અને નાનો બહુ ચપળ તથા હોશિયાર હતો. તેથી તે ખૂબ પૈસા કમાયો. મોટો લોભી હતો. તેથી નાનાની ઈર્ષ્યા કરવા લાગ્યો અને તેને મારી નાંખીને તેના પૈસા હજમ કરવાનો તેને લોભ લાગ્યો. ભાઈ ભાઈ વચ્ચેનો પ્રેમસંબંધ તે ભૂલી ગયા અને એકબીજા જોડે લડવા લાગ્યા. મોટાએ નાનાનો જાન લેવા ઘણી યુક્તિઓ કરી પણ બધા પ્રયત્ન નિષ્ફળ ગયા. આમ બન્ને કટ્ટા શત્રુ બન્યા. છેવટે એક પ્રસંગે મોટાએ નાનાના માથામાં લાકડીનો સખ્ત પ્રહાર કર્યો અને નાનાએ મોટાને ધારિયું માર્યું. જેથી એ જ સ્થળે બન્નેના પ્રાણ ઊડી ગયા. તેમના કર્મના ફળરૂપે બન્નેને બકરીના અવતાર

મળેલ છે. આજે મારી પાસેથી તે ચાલ્યા જતા હતા. ત્યારે હું તેમને એકદમ ઓળખી ગયો. તેમનો પૂર્વ વૃત્તાંત યાદ આવ્યો. તેમના પર દયા આવી. તેમને દાળ ખવડાવી આરામ આપી સુખી કરવા મેં ઇચ્છા કરી. તેથી મેં તેમના પર આ બધો ખર્ચ કર્યો, જે માટે તમે સૌએ મારો ઉઘાડો લીધો. મારો સોદો તમને પસંદ ન પડ્યો. તેથી એ બન્ને બકરીઓ મેં ભરવાડને પાછી આપી દીધી.'' આ બકરીઓ પર શ્રી સાઈનો આવો પ્રેમ હતો.

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'કાશી-ગયા-પ્રયાગ-ગમન, અજાજન્મકથા'***
***નામ છેતાલીસમો અધ્યાય સંપૂર્ણ ।***
***। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૭
# શ્રી સાઈમુખ-શ્રુતકથા

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

ગયા અધ્યાયમાં બે બકરીના પૂર્વજન્મની કથા વર્ણવી. આ અધ્યાયમાં વીરભદ્રપ્પા તથા બસપ્પાની કથા આપી છે.

**ઉપોદ્‌ઘાત :** બાબાના મુખકમળને ધન્ય છે. એ મુખ સામે એક ક્ષણ પણ નજર કરતાં ગતજન્મના દુઃખશોકનો નાશ થાય છે અને આપણા પર સુખની વૃષ્ટિ થાય છે. બાબાની આપણા પર કૃપાદષ્ટિ થતાં જ કર્મબંધન સત્વર તૂટી જાય છે તથા આનંદ પ્રાપ્ત થાય છે. ગંગાજીમાં સ્નાનાર્થે તેના તીર પર જનાર લોકોનાં મેલ-પાપ ગંગાજી ધોઈ નાંખે છે. પણ ગંગાજી પોતે તીવ્ર ઇચ્છા સેવે છે કે સંત લોકો પોતાના કાંઠા પર આવે અને ત્યાં એકઠાં થયેલ સર્વ મેલ-પાપ દૂર કરી દે, કારણ કે ગંગાજી જાણે છે કે એ સર્વ પાપનો પુંજ તો સંતના પવિત્ર ચરણથી જ દૂર થનાર છે. શ્રી સાઈ સંતશિરોમણિ છે. ચાલો, આપણે તેમની પાસેથી નીચેની પવિત્ર કથા સાંભળીએ.

**સર્પ અને દેડકો :** શ્રી બાબા બોલ્યા, ''એક દહાડો સવારે નાસ્તો કરી હું બહાર ફરવા નીકળ્યો અને એક નદીના કાંઠે હું આવ્યો. થાકી ગયો હતો તેથી ત્યાં બેસી હાથપગ ધોઈ નાહીને તાજો થયો. પાસે જ એક ગાડામાર્ગ હતો. ત્યાં એક ઝાડના છાંયામાં હું બેઠો. પવન ધીમે ધીમે વહેતો હતો. ચલમ પીવાની તૈયારી કરતો હતો, ત્યાં જ મેં દેડકાનો મોટો અવાજ સાંભળ્યો. ચકમક કરીને દેવતા સળગાવ્યો. એવામાં એક વટેમાર્ગુ ત્યાં આવી ચડ્યો અને નમસ્કાર કરી મારી પાસે બેઠો. તેણે વિવેકથી પોતાને ત્યાં જમીને આરામ લેવા માટે મને પ્રેમથી આમંત્રણ આપ્યું. તેણે જ ચલમ સળગાવી મને આપી. દેડકાનો મોટો

અવાજ ફરીથી સાંભળ્યો. તેથી શું છે તે જાણવાની તેની ઇચ્છા થઈ. તેથી મેં તેને કહ્યું કે ''એક દેડકો સપડાયો છે, જે પોતાના કર્મનાં જ કડવાં ફળ ભોગવે છે. ગત જન્મમાં આપણે જે કંઈ વાવ્યું હોય તેનાં ફળ આ જન્મમાં ભોગવવાં પડે છે. તેથી તેને માટે રડવું નકામું છે.'' પછી વટેમાર્ગુએ ચલમના દમ લઈ મને આપીને કહ્યું કે 'હું જાતે જોઈ આવું.' મેં તેને કહ્યું કે 'એક મોટા સાપે એક દેડકાને પકડ્યો છે, તેથી તે રડે છે. ગત જન્મમાં બન્ને બહુ દુષ્ટ હતા. હવે આ દેહે કર્મનાં ફળ ભોગવે છે.' અને એ વટેમાર્ગુએ ત્યાં જઈને જોયું તો એક મોટા કાળા નાગે પોતાના મોઢામાં મોટા દેડકાને પકડ્યો હતો.

''મારી પાસે આવીને તેણે કહ્યું, 'બાબા, દસેક મિનિટમાં જ સાપ દેડકાને ગળી જશે.' મેં કહ્યું, 'નહિ, નહિ. એવું કંઈ નહિ બને. હું તેનો બાપ અહીં આવીને બેઠો છું. તે સાપને કેમ ગળી જવા દઈશ ? શું હું અહીં ફોગટ આવ્યો છું ? હું કેમ છોડાવું છું તે જોજે.'

''ફરીથી ચલમના દમ લઈ અમે નદીકાંઠે ગયા. પેલાને બહુ ડર લાગ્યો. તેથી તેણે મને કહ્યું, 'બાબા, સાપ બહુ મોટો છે. માટે આગળ ન જતા. કદાચ એ આપણા પર ધસી આવશે.' પણ મેં તેની વાત પર લક્ષ ન આપ્યું, હું ઠેઠ સુધી ગયો અને બન્નેને ઉદ્દેશીને કહ્યું, 'અરે વીરભદ્રપ્પા, તારા શત્રુ ચેનબસપ્પાને દેડકાનો અવતાર આવ્યો તોય પસ્તાવો થતો નથી ? અને તું સાપયોનિમાં જન્મ્યો છે છતાં તેના પરની તારી કટ્ટર શત્રુવટ જતી નથી ? ધિક્કાર છે તમને! શરમાવ શરમાવ. હવે તો તમારું વેર છોડો અને શાન્તિમાં રહો !' મારા આ શબ્દો સાંભળતાં જ સાપે દેડકાને મૂકી દીધો અને કૂદકો મારી અલોપ થયો. દેડકો પણ કૂદીને ઝાડીમાં ભરાઈ ગયો.

''એ જોઈ વટેમાર્ગુ ભારે આશ્ચર્ય પામ્યો. તેણે કહ્યું, 'સાપ આપના શબ્દો સાંભળી એકદમ દેડકાને છોડી નદીમાં અલોપ થયો તેનું કારણ હું સમજી શક્યો નહિ. આ વીરભદ્રપ્પા કોણ અને ચેનબસપ્પા કોણ ? તેમને અદાવતનું શું કારણ હતું ?' એથી વળી અમે પેલા ઝાડ નીચે આવીને બેઠા.પછી ચલમના થોડા દમ લઈને એ આખો એ અદ્ભુત પ્રસંગ મેં તેને કહી સંભળાવ્યો.



''હું રહેતો હતો તે સ્થળથી ચાર-પાંચ માઈલ પર એક પ્રાચીન તીર્થસ્થળ હતું, જ્યાં મહાદેવનું એક મોટું મંદિર હતું. એ મંદિર જીર્ણ પડું-પડું થઈ રહ્યું હતું. તેને સમરાવવા માટે ગામના લોકોએ ફાળો એકઠો કર્યો. મોટી રકમની ટીપ થઈ. પછી પૂજનની વ્યવસ્થા કરી મંદિરના જીર્ણોદ્ધારના નકશા તથા અંદાજ તૈયાર કર્યા. ગામના એક ધનવાનને ખજાનચી નીમી બધી રકમ તેને આપીને આ સર્વ કામ તેને ભળાવ્યું. નિયમિત હિસાબ રાખી તેણે પ્રામાણિકપણે બધી લેવડદેવડ કરવાની હતી. પણ તે ભારે લોભિયો હતો. તેથી જીર્ણોદ્ધારમાં ઘણો જ થોડો ખર્ચ કર્યો અને કામ બહુ ઓછું થયું. ફાળાની બધી રકમ ખર્ચમાં ઉધારી દીધી. કેટલાક પૈસા પોતે જ હજમ કરી ગયો અને ફાળાની એક પાઈ પણ ખર્ચી નહિ. માત્ર મોઢાનો જ મીઠો હતો. કામ બહુ ધીમું તથા ખરાબ થયું હતું અને ફાવે તેવાં તેનાં કારણ આપતો હતો. ગામના લોકો તેની પાસે ગયા અને કહ્યું, 'શેઠ, તમે પોતે કંઈ મદદ નહિ કરો અને પ્રયત્ન નહિ કરો તો કંઈ કામ થવાનું નથી. માટે ધાર્યા પ્રમાણે કામ કરાવો.' અને તેમણે ફરીથી ફાળો કરી એકઠા થયેલા પૈસા તેને આપ્યા. એ તો પાછા પૈસા લઈને બેસી ગયો. અને કશું કામ થયું નહિ. થોડા દહાડા પછી મહાદેવે તેની સ્ત્રીને સ્વપ્નમાં દર્શન દીધાં અને કહ્યું 'બાઈ, તું ઊઠ અને શિવાલયનો ઘુંમટ બાંધ. તું જેટલું ખર્ચ કરીશ તેનું સો ગણું હું તને આપીશ.' બાઈએ આ સ્વપ્નની વાત પતિને કહી. એથી એ શેઠને બીક લાગી કે આના ખર્ચમાં મારે સંડોવાવું પડશે. તેથી તેણે સ્ત્રીની વાત હસી કાઢી અને કહ્યું, 'આ તો માત્ર સ્વપ્નું કહેવાય. તેના પર આધાર રાખીને કંઈ વર્તવાનું ન હોય. મહાદેવજી ખુદ મને દર્શન આપીને કેમ ન કહી ગયા ? તારાથી હું કંઈ દૂર હતો ? આ તો કોઈ ખરાબ સ્વપ્નું છે. તેમાં આપણે પતિ-પત્નીની વચ્ચે કજિયો કરાવવાનો કોઈ હેતુ લાગે છે.' એ સાંભળીને બાઈ શાંત થઈ ગઈ.

''દાતાની ઇચ્છા વિરુદ્ધ મોટા ફાળા કે દાન એકત્ર થાય એવી ઈશ્વરની ઇચ્છા હોતી જ નથી. પણ પ્રેમ-ભક્તિ-સેવાના ભાવથી આપેલી નજીવી રકમથી પણ પ્રભુ રાજી થાય છે. વળી થોડા દહાડા પછી મહાદેવે બાઈને

ફરીથી સ્વપ્નમાં દર્શન આપ્યાં અને કહ્યું, 'જીર્ણોદ્ધારના ખર્ચ બાબત તારા ધણી જોડે કશી ચર્ચા કરીશ મા. તેને શિવાલય માટે એક પાઈ પણ ખર્ચવાનું કહીશ નહિ. હું તો તારા ભક્તિ-ભાવનો ભૂખ્યો છું. માટે જો તારી ઇચ્છા થાય તો તું તારું પોતાનું દ્રવ્ય ખર્ચજે.' આ સ્વપ્નદર્શન પછી બાઈએ પોતાના કરિયાવરમાં પિતાએ આપેલા દાગીનાનો ઉપયોગ આ કામમાં કરવાનું નક્કી કર્યું. આ લોભી શેઠને જરા ચિંતા તો થઈ પણ આ કામમાં પણ શિવજીને છેતરી લેવાનો તેણે ખેલ રચ્યો. એ દાગીનાની કિંમત ઓછી આંકી તેનું મૂલ્ય હજાર રૂપિયાનું ઠરાવ્યું અને પોતે જ તે રાખી લીધા અને એ હજાર રૂપિયા રોકડા ન આપતાં તેના બદલમાં શિવજીના નામે એક ખેતર ચડાવી દીધું. તેની સ્ત્રી પણ કબૂલ થઈ. આ ખેતર દુબાકી નામે એક ગરીબ બાઈનું હતું, જેણે તેને ત્યાં બસો રૂપિયામાં ગીરો મૂક્યું હતું. પણ બાપડી ઘણા વખતથી છોડાવી શકી નહોતી. તેથી આ લુચ્ચા લોભી શેઠે પોતાની સ્ત્રીને, દુબાકીને તથા મહાદેવજીને એમ સૌને છેતાર્યાં. એ જમીન ખેડવાણ નહોતી. સારા વરસમાં પણ તેમાં કંઈ પાકતું નહિ. તેથી તેની કશી કિંમત આવે તેમ જ નહોતું. આમ આ સાટું થઈ ગયું અને એ ખેતર મહાદેવજીના ગરીબ પૂજારીના નામે ચડી ગયું. તેથી પૂજારી રાજી થયો. એ પછી કેટલાક સમય બાદ એક અજબ બનાવ બન્યો. ભારે વાવાઝોડું થયું અને ગાજવીજ સાથે સખત વરસાદ પડ્યો. તેમાં એ લોભી શેઠના મકાન પર વીજળી પડી. જેથી એ પતિ-પત્ની બન્ને ગુજરી ગયાં. પેલી દુબાકી પણ મરણ પામી.

''બીજે ભવે એ ધનવાન લોભી શેઠનો જન્મ મથુરામાં એક ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં થયો અને તેનું નામ વીરભદ્રપ્પા પાડ્યું. પેલી તેની ભક્તિવાળી પત્નીનો જન્મ આ શિવાલયના પૂજારીની પુત્રીરૂપે થયો અને તેનું નામ ગૌરી પાડ્યું. પેલી ખેતરની માલિક દુબાકી આ પૂજારીના પુત્રરૂપે જન્મી. તેનું નામ ચેનબસપ્પા પાડ્યું. આ પૂજારી મારો ભક્ત હતો. તે મારી પાસે ઘણી વાર આવતો અને બેસીને ચલમ પીતો. તેની પુત્રી ગૌરી પણ મારી ભક્ત હતી. તેની વય વધવા લાગી. તેથી તેનો બાપ સારા મુરતિયાની શોધ કરવા લાગ્યો.તે મારી સલાહ પૂછતો હતો. મેં તેને કહ્યું, 'આ વાતની ચિંતા તું કરીશ મા.



મુરતિયો પોતે જ ઘર પૂછતો આવશે.' પછી તેની જ નાતનો પેલો વીરભદ્રપ્પા છોકરો રખડતો, ભીખ માગતો આ પૂજારીને ઘેર આવ્યો.પૂજારીએ મારી સંમતિ લઈ ગૌરીનું લગ્ન આ વીરભદ્રપ્પા જોડે કર્યું. આ લગ્નની ભલામણ મેં જ કરી હતી. તેથી શરૂમાં તે મારો ભક્ત બન્યો. આ ભવે પણ તેનો ધનલોભ તો એવો જ તીવ્ર હતો. તેથી તે મને કહેતો, 'બાબા, મને પૈસા મળે એવું કંઈક કરો. કેમ કે હવે તો હું પરણ્યો છું.'

''વળી એક ચમત્કાર થયો. બધી ચીજોના ભાવ આસમાને ચડ્યા. ગૌરીના સારા નસીબે એ ખેતરની માંગ આવી અને તેના એક લાખ રૂપિયા ઉપજ્યા. દાગીનાની આંકેલી કિંમત કરતાં સો ગણા પૈસા મળ્યા. તેમાંથી અરધાં નાણાં રોકડાં મળ્યાં અને બાકીનાં બબે હજારના પચીસ હપ્તાથી પૂરા કરવાનાં ઠર્યાં. આ સોદો સૌને ગમ્યો. પણ આ ધનને લીધે કંકાસ શરૂ થયો. તેથી મારી સલાહ લેવા બધાં આવ્યા. મેં કહ્યું, 'આ મિલકત શિવજીની છે. માટે તે પૂજારીના નામે છે અને પૂજારીએ પુત્રી ગૌરીને તે આપેલ છે. માટે આની વારસ એકલી ગૌરી જ છે. માટે ગૌરીની સંમતિ વિના એક પાઈ પણ ખર્ચાય નહિ. એ રકમ પર તેના ધણીનો મુદ્દલ અધિકાર નથી.' મારી આ વાત સાંભળીને વીરભદ્રપ્પા ચીડાયો અને બોલ્યો, 'તમારે ગૌરીનો હક્ક સ્થાપિત કરીને તેની બધી મિલકત રફેદફે કરવી છે.' તેનાં વેણ સાંભળી હું સમસમી ગયો. પણ પ્રભુનું નામ લીધું અને કંઈ બોલ્યો નહિ. પછી તો વીરભદ્રપ્પા ગૌરી જોડે લડતો હતો. એક દહાડો બપોરે મારા પાસે ગૌરી આવી અને મને કહ્યું, 'બાબા, આપ કોઈનાં વેણ મનમાં લાવશો નહિ. હું તો આપની દીકરી છું. માટે મને અવગણશો નહિ.' આમ ગૌરીએ મારું રક્ષણ માગ્યું. મેં તેને વચન આપ્યું કે સાત સમુદ્ર પાર કરીને પણ હું તને સહાય કરીશ. એ જ રાત્રે ગૌરીને સ્વપ્નદર્શન થયું. સ્વપ્નમાં મહાદેવજીએ દર્શન આપીને કહ્યું, 'બધું ધન તારું છે. એક કોડી પણ બીજાને આપીશ મા. ચેનબસપ્પાની સલાહ લઈ શિવાલય માટે થોડું ધન ખર્ચજે. એ દ્રવ્યનો તારે કોઈ બીજો ઉપયોગ કરવો હોય તો મસીદવાળા બાબાની સલાહ લેજે.' ગૌરીએ આવીને આ સ્વપ્નદર્શનની વાત

મને કરી. મેં તેને વાજબી સલાહ આપી, ‘મૂડી તો તું તારી પાસે રાખજે. વ્યાજનો અધો ભાગ બસપ્પાને આપજે. વીરભદ્રપ્પાને આમાં કંઈક લેવાદેવા નથી.’ હું આ પ્રમાણે વાત કરતો હતો ત્યાં જ વીરભદ્રપ્પા તથા ચેનબસપ્પા લડતાં લડતાં ત્યાં આવ્યા. તેમને શાંત પાડવા મેં ઘણી મહેનત કરી અને વળી ગૌરીને થયેલા સ્વપ્નદર્શનની પણ વાત કરી. પણ વીરભદ્રપ્પા તો ક્રોધમાં ગાંડો બની ગયો અને બસપ્પાનું ખૂન કરી તેના રાઈ રાઈ જેવડા ટુકડા કરવાની ધમકી આપી ગયો. બસપ્પા બીકણ હતો. તેણે મારા પગ પકડી લીધા અને મારું રક્ષણ માગ્યું. શત્રુના ક્રોધમાંથી રક્ષણ કરવાનું મેં તેને વચન આપ્યું. એ પછી કેટલાક સમય બાદ વીરભદ્રપ્પા ગુજરી ગયો અને સર્પરૂપે જમ્યો છે. ચેનબસપ્પા પણ મૃત્યુ પામીને દેડકારૂપે અવતર્યો છે. ચેનબસપ્પાની બૂમો સાંભળી મને મારું વચન યાદ આવ્યું. તેથી અહીં આવી મેં તેને બચાવ્યો અને વચન પાળ્યું. ભયની પળે પ્રભુ ભકતોની વહારે હમેશાં દોડે છે. ભગવાને જ મને અહીં મોકલી ચેનબસપ્પા દેડકાને બચાવ્યો છે. એ સર્વ પ્રભુની જ લીલા છે.’’

સાર : આ કથાનો સાર એટલો જ છે કે માણસ વાવે તેવું લણે છે. બીજાનાં કરેલાં દેવાંના લેવડદેવડના હિસાબ પતી ન જાય અને નસીબમાં લખેલું દુઃખ ભોગવાઈ ન જાય ત્યાં લગી કંઈ છૂટકો થતો નથી. ધનનો લોભ માનવીને ખૂબ નીચે પાડે છે જેને પરિણામે તેનો પોતાનો તેમજ બીજાનો નાશ થાય છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે ‘શ્રી સાઈમુખ શ્રુતકથા’**
**નામ સુડતાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૮

## સાશંક ભક્ત અનુગ્રહકરણ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

શું શ્રી સાઈબાબા સદ્‌ગુરુ હતા ? એ પ્રશ્નના ઉત્તરમાં સદ્‌ગુરુનાં સર્વ લક્ષણ આ નીચે આપું છું :

**સદ્‌ગુરુનું લક્ષણ :** જે વેદ-વેદાંગ-ષટ્‌શાસ્ત્રનો બોધ કરે છે, જે સમાધિ ચઢાવે છે, જે દેહ પર વૈષ્ણવનાં તિલક કરે છે, જે બ્રહ્મનું આનંદજનક વિવેચન કરે છે, જે શિષ્યોને મંત્ર આપી ચોક્કસ સંખ્યામાં એ મંત્રરૂપ કરવાની શિષ્યને આજ્ઞા દે છે છતાં ચોક્કસ મુદતમાં તેના ફળની ખાતરી દેતા નથી. જે વાચાળ બનીને અંતિમ સિદ્ધાન્ત મજેના ભલે સમજાવે છતાં પોતાને તો એ આત્મદર્શનનો મુદ્દલ અનુભવ નથી, તેવા પુરુષ સદ્‌ગુરુ નથી, પણ જે આપણને સાચી સમજ આપીને આ લોક તેમજ પરલોકના ભોગનો આપણામાં અભાવો ઉત્પન્ન કરે છે તથા આત્મદર્શનની ભૂખ જાગૃત કરે છે, જે આત્મદર્શનના શાસ્ત્રી તેમજ અનુભવ-જ્ઞાનમાં પારંગત છે, તે પુરુષ જ સદ્‌ગુરુ કહેવાય છે. જેને પોતાને આત્મદર્શન ન થયું હોય તે શિષ્યોને ક્યાંથી કરાવી શકે ? સ્વપ્નમાં પણ શિષ્ય પાસેથી સદ્‌ગુરુ કશી સેવા અગર લાભ મેળવવાની આશા રાખતા નથી. ઊલટા પોતે શિષ્યની સેવા કરવા ઇચ્છે છે. પોતે મોટા અને શિષ્ય છોટા એવો વિચાર કદી મનમાં પણ લાવતા નથી. શિષ્ય પર પુત્ર જેટલો પ્રેમ રાખે છે. એટલું જ નહિ પણ તેને પોતાના સમાન અગર બ્રહ્મ સમાન ગણે છે. સદ્‌ગુરુ શાંતિનું સ્થાન છે. એ તેમનું પ્રથમ લક્ષણ છે. તે કદી ચિંતાતુર કે અશાંત બનતા નથી. તેમને વિદ્યાનો ગર્વ નથી. રાય-રંક, નાના-મોટા સર્વ તેમને મન એકસરખા છે.

મારા ગત જન્મના પુણ્યસંચયને લીધે શ્રી સાઈબાબા જેવા મને સદ્‌ગુરુ મળ્યા અને હું તેમના આશીર્વાદ પામ્યો. એ મારું પરમ સદ્‌ભાગ્ય સમજું છું. યુવાનીમાં પણ ચલમ સિવાય તેમણે કોઈ વસ્તુ પાસે રાખી નથી. કુટુંબ-કબીલું કે ઘરબારનો કોઈ આશ્રય તેમને નહોતો. અઢાર વર્ષની વયથી જ અજોડ સંપૂર્ણ મનોનિગ્રહ પાળતા. એકાંત સ્થાનમાં અભય બનીને રહેતા. સદા આત્મનિમગ્ન જ રહેતા. ભક્તોની પવિત્ર કામના લક્ષમાં લઈ તેમનું શ્રેય સદા સાધતા. દેહધારી હતા તે વેળા ભક્તોને જે કંઈ અનુગ્રહ કરતા તે જ પોતે મહાસમાધિ પછી પણ કરે છે. ભક્તોએ તો માત્ર આટલું જ કરવાનું છે : શ્રદ્ધા-ભક્તિનો દીવડો પ્રગટાવી પ્રેમજ્યોતિ વડે તે બાળવો. એથી આત્મદર્શનના જ્ઞાનની જ્યોતિ પ્રગટશે તથા તે ઉજ્જવળ બનશે. પ્રેમ વિનાનું જ્ઞાન શુષ્ક છે. એવું જ્ઞાન કંઈ કામનું નથી, પ્રેમ વિના સંતોષ નથી. માટે અખંડ અસીમ પ્રેમ રાખવો. પ્રેમની શું પ્રશંસા કરું ? પ્રેમ પાસે બધું તરણાતુલ્ય છે. પ્રેમ જાગૃત થશે તો ભક્તિ-વૈરાગ્ય-શાંતિ-મુક્તિ સર્વના ખજાના ખુલ્લા થશે. આપણામાં તીવ્ર લાગણી ન જન્મે ત્યાં લગી કોઈ વસ્તુ પર પ્રેમ થતો નથી. માટે જ જ્યાં સત્ય લાગણી સાથે આતુર ભાવ છે, ત્યાં સાક્ષાત્ પ્રભુ પ્રગટ થાય છે. જેમાં પ્રેમનો પણ સમાવેશ થઈ જાય છે અને એ જ મુક્તિનું સાધન છે.

**હવે આ અધ્યાયની મુખ્ય કથા કહીએ :** દંભથી કે પવિત્ર ભાવથી કોઈ પણ માણસ સાચા સંત પાસે જઈ તેના ચરણનો આશ્રય લે છે તો છેવટે તેનું કલ્યાણ જ થાય છે. આ વસ્તુનું દૃષ્ટાંત નીચેની કથામાં જોશો.

**શ્રી શેવડે :** સોલાપુર જિલ્લામાં અક્કલકોટના શ્રી સપટણેકર વકીલાતનો અભ્યાસ કરતા હતા. એક વાર તેના મિત્ર શેવડે તથા બીજા વિદ્યાર્થીઓ એકબીજાનો અભ્યાસ કેવો છે તેની અંદરોઅંદર પ્રશ્નો પૂછીને ખાતરી કરતા હતા. તેમાં જણાઈ આવ્યું કે શેવડે સાવ પછાત છે. એથી બધા તેની મશ્કરી કરવા લાગ્યા. ત્યારે શેવડેએ કહ્યું, ''મેં પરીક્ષાની તૈયારી કરી નથી એ ખરું પણ હું પરીક્ષામાં પાસ ચોક્કસ થવાનો છું. મારા સાઈબાબા જ મને પરીક્ષામાં પાસ કરવાના છે.'' આ વાત સાંભળીને સપટણેકરને અચંબો થયો અને શેવડેને એક બાજુ લઈ જઈને પૂછ્યું કે ''તમે આટલી ખાતરી આપો



છો તે સાઈબાબા કોણ છે?'' ત્યારે શેવડેએ ઉત્તર દીધો : ''અહમદનગર જિલ્લામાં શિરડી ગામની મસીદના તે ફકીર છે. એ મહાન સત્પુરુષ છે. બીજા સંતો ભલે રહ્યા પણ શ્રીબાબા તો અજોડ છે. પૂર્વજન્મનાં પુણ્ય હોય તો જ તેમનાં દર્શન થાય છે. મને તો તેમના પર પૂરી શ્રદ્ધા છે. તે કહે છે, તે કદી જુઠ્ઠું પડતું નથી. તેથી મને તો ખાતરી છે કે તેમની કૃપાથી હું છેલ્લી એલ.એલ.બી.ની પરીક્ષામાં જરૂર પાસ થઈશ.'' સપટણેકરે તેની આ અંધશ્રદ્ધા હસી કાઢી અને શેવડેની તથા બાબાની ઠેકડી કરી.

**શ્રી સપટણેકર :** સપટણેકર એલ.એલ.બી. માં પાસ થયા અને અક્કલકોટમાં વકીલાત કરવા માંડી. એ પછી દસ વર્ષ બાદ સને ૧૯૧૩માં ગળાના રોગથી તેનો એક પુત્ર ગુજરી ગયો. તેથી તેને ભારે આઘાત લાગ્યો. પંઢરપુર, ગંગાપુર અને એવાં પવિત્ર સ્થળોની યાત્રા કરી ચિત્તની શાન્તિ મેળવવાના તેણે ઘણા પ્રયત્નો કર્યા. પણ શાન્તિ થઈ નહીં. વેદાંતના વાચનથી પણ કંઈ લાભ થયો નહીં. દરમ્યાન શેવડેની બાબા પરની શ્રદ્ધા તથા તેમની કહેલી વાત તેને યાદ આવી. તેથી શિરડી જઈ બાબાનાં દર્શન કરવાની તેની ઇચ્છા થઈ. પોતાના નાનાભાઈ પંડિતને સાથે લઈ તે શિરડી ગયા. દૂરથી જ દર્શન કરી આનંદ પામ્યા. પાસે જઈ દંડવત્ પ્રણામ કરી ભક્તિથી બાબાના ચરણમાં શ્રીફળ મૂક્યું. તે વખતે બાબા બોલી ઊઠ્યા, ''ચલ હટ.'' સપટણેકર માથું નમાવી પાછા હઠી એક બાજુ પર જઈને બેઠા. હવે શું કરવું; તેની સલાહ આપે એવા કોઈ માણસને પૂછવાની તેની ઇચ્છા થઈ. કોઈએ તેમને બાબા શીમ્પીનું નામ આપ્યું. સપટણેકરે તેને મળીને સહાય માગી. બાબાના ફોટો ખરીદી મસીદમાં આવી એક ફોટો બાબા શીમ્પીએ હાથમાં લીધો અને બાબાના હાથમાં મૂક્યો. એ ફોટો કોનો છે એમ બાબાએ પૂછ્યું; ત્યારે સપટણેકર તરફ આંગળી કરી બાબાએ કહ્યું કે ''આ ફોટો મારા ચોરનો છે.'' એટલું બોલી બાબા હસ્યા અને બીજા સૌ પણ હસવા લાગ્યા. બધાએ હસવાનું બાબાને પૂછ્યું અને તે સાથે બાબાના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. ત્યારે વળી બાબા બોલી ઊઠ્યા: ''ચલ હટ.'' હવે શું કરવું તે સપટણેકરને સૂઝ્યું નહીં. તે તો બન્ને હાથ જોડી બાબા પાસે પ્રાર્થના કરવા બેઠા. એવામાં

ત્યાંથી એકદમ ચાલી જવાની બાબાએ તેને આજ્ઞા કરી. બાબાની આજ્ઞાને માન આપવું જ જોઈએ. તેથી પોતાને પુન:દર્શનની રજા મળે એવી પ્રાર્થના કરી સપટણેકર શિરડી છોડી ગયા.

**શ્રીમતી સપટણેકર :** એક વર્ષ વીતી ગયું. છતાં સપટણેકરના ચિત્તની શાન્તિ થઈ નહોતી. તે ગંગાપુર ગયા. ત્યાં ચિત્ત વધુ અસ્વસ્થ થયું. આરામ સારું મોઢગામ ગયા અને છેવટ કાશી જવાનું નક્કી કર્યું. કાશી જતાં અગાઉ બે દિવસ પહેલાં તેની સ્ત્રીને સ્વપ્નદર્શન થયું. સ્વપ્નમાં પોતે ઘડો લઈને લક્કડશાને કૂવે પાણી ભરવા જતી હતી. ત્યાં માર્ગમાં લીમડાના ઝાડ તળે માથા પર કપડાનો ટુકડો વીંટીને બેઠેલા ફકીર ઊઠીને તેની પાસે આવ્યા અને બોલ્યા, ''અરે દીકરી, તું શા માટે અમસ્તી થાકી ગઈ છે ? હું તારો ઘડો નિર્મળ પાણીથી ભરી આપું.'' પણ તેને ફકીરની બીક લાગી. તેથી ખાલી ઘડો લઈને તે ઉતાવળી પાછી આવી. ફકીર પણ તેની પાછળ આવ્યા. એવામાં ઊંઘ ઊડી ગઈ અને તેની આંખ ઊઘડી ગઈ. આ સ્વપ્નની વાત બાઈએ પોતાના ધણીને કરી. આ મંગળ શુકન છે એમ માની બન્ને જણ શિરડી આવ્યાં. મસીદમાં ગયાં ત્યારે બાબા ત્યાં હાજર નહોતા. તે લેંડી પર ગયા હતા. તેથી આવે ત્યાં સુધી રાહ જોઈ એ બેઠાં. બાબા આવ્યા ત્યારે સ્વપ્નમાં પોતે જે ફકીરને જોયા હતા તેના જ જેવા બાબા તેણે દીઠા. પ્રેમ-ભક્તિથી બાઈએ બાબાને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને તેમને નીરખતી બેઠી. તેની નમ્રતા દેખીને બાબા બહુ રાજી થયા અને એક જણને લાક્ષણિક ઢબે પોતે એક વાર્તા કહેવા લાગ્યા : ''મારા હાથ, પેટ તથા કેડ ઘણા વખતથી દુખે છે. મેં ઘણી દવા કરી પણ દુ:ખ કમી થતું જ નથી. દવાથી મને આરામ ન થયો. તેથી હું તો દવાથી કંટાળી ગયેલ છું. એ બધું દુ:ખ એકદમ કેમ અલોપ થયું તે જોઈ મને ભારે આશ્ચર્ય થાય છે.'' આ વાતમાં તેમણે કોઈનું નામ આપ્યું નહોતું છતાં શ્રીમતી સપટણેકરની જ આ વાત હતી એમ તે સમજી ગઈ. કેમ કે બાબાના વર્ણન મુજબ પોતાને જ પીડા થતી હતી અને દર્શન કરતાં હવે આરામ લાગતો હતો.

પછી શ્રી સપટણેકર દર્શન કરવા આગળ આવ્યા. આ વખતે પણ તેમને તો 'ચલ, હટ' એમ જ કહ્યું. પણ તેમને પસ્તાવો ખૂબ થતો હતો અને



બાબાની ક્ષમા માગવા ઇચ્છતા હતા. તેથી તે મનમાં જ બોલ્યા, ''મારા પૂર્વ-કર્મને લીધે બાબાની નારાજી મારા પર ઊતરી છે. પણ હું તેનું પ્રાયશ્ચિત્ત કરવા ઇચ્છું છું.'' બાબાને એકાંતમાં મળી બાબાની માફી માગવાનો તેમણે મનમાં નિશ્ચય કર્યો અને એ પ્રમાણે નક્કી કરી બાબાના ચરણ ઉપર તેમણે માથું મૂક્યું. બાબાએ તેના માથા પર વરદ્ હસ્ત મૂક્યો. અને તે બાબાના ચરણ દાબવા લાગ્યા. એવામાં એક ભરવાડ બાઈ આવી અને બાબાની કમર ચોળવા લાગી. તેને બાબા લાક્ષણિક ઢબે એક વાણિયાની વાર્તા કહેવા લાગ્યા, જેમાં સપટણેકરે પોતાના જ સમગ્ર જીવનની વિવિધ દશાનું વર્ણન થયેલું સાંભળ્યું. તેમાં તેના એકના એક પુત્રના મૃત્યુની પણ વાત આવી. બાબાએ જે વાર્તા કરી તે પોતાની જ છે એવું જોઈ તે આશ્ચર્ય પામ્યા. આથી તેમની ખાતરી થઈ કે બાબા સર્વજ્ઞ છે અને સર્વના હૃદયની વાત તે જાણે છે. આ વિચાર તેના દિલમાં ચાલતા હતા ત્યાં જ એ બાઈને ઉદ્દેશીને છતાં સપટણેકરને ચીંધીને બાબા બોલ્યા : ''આ માણસ મારો દોષ કાઢે છે અને તેના પુત્રની હત્યા મેં કરી છે એવો મને દોષ દે છે. શું હું કંઈ કોઈના છોકરાની હત્યા કરું છું ? શા માટે આ માણસ મસીદમાં આવીને રડે છે ? હવે એવું કરું છું કે એ જ બાળક તેની સ્ત્રીના ગર્ભમાં પાછો લઈ આવું છું.'' આ શબ્દો બોલી બાબાએ વળી તેના માથા પર વરદ્ હસ્ત મૂક્યો અને સાંત્વન આપતાં બોલ્યા: ''આ ચરણ તો વૃદ્ધ ને પવિત્ર છે. તારી ચિંતા હવે ચાલી ગઈ. મારામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખજે. અલ્પ સમયમાં તારી મનોકામના પૂર્ણ થશે.'' સપટણેકરનું અંતર દ્રવી ઊઠ્યું. આંખનાં આંસુ વડે બાબાના ચરણ ધોઈ તે ઉતારે ગયા.

પૂજનની તથા નૈવેદ્યની સર્વ તૈયારી કરી પત્નીને લઈ પોતે પાછા મસીદમાં આવ્યા. પોતે બાબાને નૈવેદ્ય નિત્ય અર્પણ કરતા હતા અને તેનો જ પ્રસાદ લેતા હતા. મસીદમાં ઘણા માણસો બેઠા હતા. તેમણે ત્યાં જઈ બાબાને પુન: પુન: પ્રણામ કર્યા. માથાં સાથે માથાં અફળતાં જોઈ બાબાએ તેને કહ્યું, ''અરે ! તું વારંવાર કેમ પ્રણામ કરે છે ? નમ્રતા તથા પ્રેમથી કરેલ એક પ્રણામ પણ પૂરતા છે.'' અગાઉ વર્ણવેલ ચાવડી-સરઘસનાં દર્શન પણ તે રાત્રે તેને થયાં, જેમાં બાબાને અસલ પાંડુરંગ રૂપે તેણે દીઠા.

બીજે દહાડે વિદાયવેળા સપટણેકરે બાબાને દક્ષિણાનો એક રૂપિયો આપવા સંકલ્પ કર્યો. બાબા જો પુનઃ માગે તો ના ન પાડતાં બીજો રૂપિયો વધુ આપવાની તેની ઇચ્છા હતી. કેમ કે વળતી મુસાફરીના ખર્ચ જેટલા જ પૈસા તેની પાસે બાકી હતા. તેણે મસીદમાં જઈ એક રૂપિયો ધર્યો. ત્યારે તેની આંતરિક ઇચ્છા મુજબ બાબાએ બીજો રૂપિયો માગ્યો અને તેણે આપ્યો. બાબાએ આશીર્વાદ દેતાં કહ્યું, ''શ્રીફળ લઈ જા, તારી પત્નીની સાડીમાં ઓટી છેડામાં બાંધી લેજે. કશી ચિંતા કર્યા વિના સુખેથી જા.'' અને બન્ને જણ આનંદથી ઘેર આવ્યાં. એક વર્ષમાં જ તેને ત્યાં પુત્રનો જન્મ થયો. એ આઠ માસના પુત્રને લઈને આ દંપતી શિરડી આવ્યું અને બાળકને બાબાના ચરણમાં મૂકીને પ્રાર્થના કરી, 'હે સાઈનાથ, આપે અમારા પર કરેલ ઉપકારનો બદલો વાળવા અમે અસમર્થ છીએ અને અમે કંઈક જાણતાં નથી. માત્ર અમે આપને સાષ્ટાંગ પ્રણામ જ કરીએ છીએ. અમને ગરીબ નિરાધાર સેવકોને આપ આશિષ આપો. અમારું આશ્રયસ્થાન તો આપનાં પવિત્ર ચરણ જ છે. જાગ્રતમાં તેમજ સ્વપ્નમાં અમને સેંકડો ચિંતા અને હજારો વિચારો હેરાન કરે છે. તેથી અમારું દિલ આપના ભજનમાં ચોંટે એવો આપ અમને આશીર્વાદ આપો.''

આ બાળકનું નામ મુરલીધર પાડ્યું. એ પછી તેને બીજા બે પુત્રો થયા. એક ભાસ્કર અને બીજો દિનકર. સપટણેકર દંપતીને ખાતરી થઈ કે બાબાનાં વચન કદી અસત્ય અગર નિષ્ફળ હોતાં જ નથી. એ વચનો અક્ષરશઃ સત્ય હોય છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'સાશંકભક્ત અનુગ્રહકરણ'**
**નામ ઉડતાલીસમો અધ્યાય સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૪૯
## સંતપરીક્ષણ-મનોનિગ્રહણ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।
શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।
શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

**ઉપોદ્‌ઘાત :** વેદ તથા પુરાણ પણ સદ્‌ગુરુ બ્રહ્મની પૂરેપૂરી પ્રશંસા કરી શકતાં નથી. તો પછી આપણા જેવા અજ્ઞાની જન સદ્‌ગુરુ સાઈબાબાનું વર્ણન કઈ રીતે કરી શકે ? માટે આ બાબતે ચૂપ રહેવું જ વધુ સારું એમ અમે માનીએ છીએ. ખરી રીતે સદ્‌ગુરુની પ્રશંસાનો ઉત્તમ માર્ગ જ મૌન છે. પણ શ્રી બાબાના સદ્‌ગુણ આપણું મૌનવ્રત ભૂલાવી દે છે; અને સ્વતઃ જ મોઢું ઉઘડી જાય છે. સગાં-સ્નેહી-મિત્રો આપણી જોડે જમવામાં ન હોય તો ઉત્તમ ભોજન પણ આપણને લૂખું લાગે છે. સૌ સાથે બેસીને જમીએ ત્યારે જ તેમાં મીઠાશ આવે છે. એવું જ સાઈલીલામૃતપાન બાબતનું પણ છે. આપણે એકલા એ અમૃતપાન કરી શકતા નથી. આપણા બંધુમિત્રોને પણ સાથે રાખવા જોઈએ. જેમ વધારે સ્નેહીઓ આપણી જોડે હોય તેમ વધુ મીઠાશ આવે છે.

શ્રી સાઈબાબાએ પોતે જ આ કથાઓ સ્ફુરાવી છે; અને તેમની ઇચ્છા મુજબ જ તેમણે લખાવી છે. આપણો ધર્મ તો તેમનું સંપૂર્ણ શરણ પકડી તેમનું ધ્યાન ધરવું એટલો જ છે. યાત્રા, વ્રત, દાન એ સૌ કરતાં તપ વધુ સારું છે. તપ કરતાં હરિનું પૂજન વધુ સારું છે અને સૌ કરતાં વધુ શ્રેષ્ઠ તો સદ્‌ગુરુનું પૂજન જ છે. માટે મુખેથી સાઈનાથ જપ, મનમાં તેમનાં વચનોનું ચિંતન, આંખે તેમના રૂપનું ધ્યાન, અંતરમાં તેમના પ્રત્યેનો સાચો પ્રેમ અને હાથે તેમને ખાતર જ સર્વ કર્મ કરવાં એટલું જ આપણું કર્તવ્ય છે. આ સંસારમાં બંધન કાપવાનો આ કરતાં બીજો કોઈ સરળ માર્ગ નથી. આમ આપણે ધર્મ બજાવીએ તો શ્રી સાઈ સહાય કરવા તથા મુક્તિ દેવા બંધાયેલા જ છે. હવે આપણે આ અધ્યાયની કથા કહીએ.

***હરિ કાનોબા :*** *મુંબઈના હરિ કાનોબા નામે એક જણે મિત્રો પાસેથી બાબાની ઘણી લીલાઓ સાંભળી. પણ તે શંકાશીલ હોવાથી કંઈ માનતો નહોતો. તેથી જ બાબાની પરીક્ષા લેવા ચાહતો હતો. તેથી મુંબઈના મિત્રો જોડે તે શિરડી આવ્યો. માથે જરીનો ફેંટો તથા પગમાં નવાં ચંપલ તેણે પહેર્યાં હતાં. દૂરથી બાબાને જોતાં જ પાસે જઈ સાષ્ટાંગ પ્રણામ કરવાનું તેને મન થયું. પણ 'નવાં ચંપલ રેઢાં મૂકીશ તો કોઈ ઉપાડી જશે' એવી બીક હતી. છતાં ચોકમાં એક ખૂણામાં ચંપલ ઉતારીને મૂક્યાં અને મસીદમાં પગથિયાં ચડી બાબાના દર્શન કર્યાં. ભક્તિભાવથી બાબાને નમન કર્યું તથા બાબા પાસેથી ઉદી-પ્રસાદ લઈ પાછો ગયો. જઈને પેલા ખૂણામાં જોયું તો તેનાં નવાં ચંપલ ઉપડી ગયાં હતાં. શોધ કરતાં મળ્યાં નહિ. તેથી નિરાશ બની તે ઉતારા પર પાછો આવ્યો. સ્નાન કરી પૂજા કરી નૈવેદ્ય ધર્યું અને જમવા બેઠો. પણ મનમાં તો ચંપલના જ વિચાર આવ્યા કરતા હતા. જમી રહ્યા પછી તે હાથ ધોવા ઊઠ્યો ત્યારે એક મરાઠા છોકરાને પોતાની તરફ આવતો જોયો. તેના હાથમાં એક લાકડી પર નવાં ચંપલની જોડી લટકતી હતી. જમીને જે લોકો બહાર હાથ ધોતા હતા તેમને તે કહેવા લાગ્યો, ''બાબાએ આ લાકડી પર ચંપલ લટકાવી તે મારા હાથમાં આપી અને મને કહ્યું કે તું શેરીમાં બૂમો પાડતો જજે: ''હરિ કા બેટા, જરીકા ફેંટા'' અને જે માણસ આ ચંપલ પોતાનાં છે એમ કહે તેનું નામ પૂછીને ખાતરી કરી લેજે કે તેનું નામ હરિ છે ? અને તે કા (કાનોબા)નો પુત્ર છે ? અને તે જરીનો ફેંટો પહેરીને આવ્યો છે ? આટલી ખાતરી કરીને તેને ચંપલ દેજે.'' આ વાત સાંભળતાં જ પેલો હરિ કાનોબા આશ્ચર્ય પામ્યો અને છોકરા પાસે જઈને કહ્યું કે ''એ ચંપલ મારાં છે. મારું નામ હરિ છે અને હું જ કાનોબાને પુત્ર છું. આ રહ્યો મારો જરીનો ફેંટો.'' એથી છોકરાને સંતોષ થયો ને પેલાં ચંપલ તેને આપ્યાં. તે મનમાં અચંબો પામ્યો કે મારો જરીનો ફેંટો તો બધાની માફક બાબાએ પણ જોયો હશે. પણ મારું નામ હરિ છે અને હું કાનોબાનો પુત્ર છું એ તેમણે ક્યાંથી જાણ્યું ? હું તો પહેલવહેલાં જ શિરડી આવું છું. હું બાબાની પરીક્ષા કરવાના હેતુથી જ આવ્યો છું. આ પ્રસંગ દ્વારા મને ખાતરી થઈ કે શ્રી સાઈબાબા મહાન ત્રિકાળજ્ઞાની સંતપુરુષ છે. આમ તેની ઇચ્છા ફળીભૂત થયેલી જોઈ તે ખૂબ રાજી થઈ ઘેર ગયો.*



***સોમદેવ સ્વામી :*** *હવે બાબાની પરીક્ષા લેવા આવનાર એક બીજા જણની કથા સાંભળો. કાકાસાહેબ દીક્ષિતના ભાઈ ભાઈજી નાગપુર રહેતા હતા. સને ૧૯૦૬માં તે હિમાલય ગયેલા ત્યારે ગંગોત્રીની ખીણમાં ઉત્તરકાશી પાસેના દરદ્વારના સોમદેવસ્વામીનો તેમને પરિચય થયો. બન્નેએ એકબીજાનાં નામ ડાયરીમાં લખી લીધાં. એ પછી પાંચ વર્ષ બાદ સોમદેવસ્વામી નાગપુર આવી ભાઈજીને ત્યાં ઉતર્યા. ત્યાં બાબાની લીલાકથા સાંભળી તે રાજી થયા અને શિરડી જઈને બાબાનાં દર્શન કરવાની ઇચ્છાથી તે શિરડી આવવા નીકળ્યા. મનમાડ થઈ કોપરગાવ સ્ટેશને આવ્યા અને ત્યાંથી શિરડી જવાનો ટાંગો બીજા ઉતારુ જોડે ભાડે કર્યો અને ઉપડ્યા. શિરડીની નજીક આવ્યા ત્યારે શિરડીની મસીદ પર બે ઊંચા ધજાગરા ફરકતા જોયા. સામાન્ય રીતે વિવિધ સંતોની રહેણી-કરણી, રીતભાત, બાહ્ય દેખાવ વગેરે જુદાં જુદાં હોય છે. પણ માણસે આ બાહ્ય દેખાવ પરથી એ સંતનો ખ્યાલ કદી બાંધવો નહિ. પણ આ સોમેશ્વરસ્વામી ભૂલ્યા. ધજાગરા ફરકતા જોઈ તેમણે મનમાં જ કહ્યું, 'સંતને વળી આવા ધજાગરાનો શો મોહ છે ? શું એમ કરવાથી સંતપણું ઓળખાતું હશે ? આથી તો તેમને પોતાને કીર્તિ-નામનાની પડી છે એમ જ લાગે છે.' આવો ખ્યાલ મનમાં બાંધીને શિરડી જવાનું બંધ રાખી પાછા વળવાની તેમને ઇચ્છા થઈ અને જોડેના ઉતારુઓને તેમણે કહ્યું, ''હું તો પાછો જાઊં છું.'' ત્યારે પેલા લોકોએ પૂછ્યું: ''તો પછી આટલે દૂર આવ્યા કેમ ? હજુ તો આ ધજાગરા જોઈને તમારું મન ડગી ગયું છે, ત્યારે શિરડીમાં રથ, પાલખી, ઘોડો, અને એવી એવી ચીજો જોઈને તમને શું નહિ થાય ?'' એથી સ્વામી મુંઝાયા અને બોલ્યા, ''આવા ઘોડા-પાલખી-છત્ર-ચામરવાળા સાધુ મેં તો ઘણાયે જોયા છે. માટે એવાનાં દર્શન કરવા આવવા કરતાં પાછા વળવું જ મને તો ઠીક લાગે છે.'' એટલું બોલી તે પાછા વળી નીકળ્યા.પણ સાથેના ઉતારુઓએ તેમને પાછા ન જતાં સાથે આવવા ઘણો આગ્રહ કર્યો ને કહ્યું, ''તમારા આવા અવળા વિચાર છોડી દો. આ સાધુબાબાને આ ધજાગરા કે એવી કોઈ ચીજની પડી નથી. નામનાની પણ તેમને પડી નથી. ગુરુ પરનાં પ્રેમ-ભક્તિને લીધે ભક્તોએ જ આ બધી વસ્તુ એકઠી કરી છે.'' છેવટે સ્વામી સમજ્યા અને શિરડી આવી બાબાનાં દર્શન કર્યાં. મસીદમાં જઈ ચોકમાંથી બાબાનાં દર્શન*

કરતાં જ તેમનું અંતર દ્રવ્યું. આંખમાં આંસુ આવ્યાં. ગળું રૂંધાયું અને રોમાંચ થયો. તેમની અવળી મતિ ફરી ગઈ. પોતાના જ ગુરુનાં વચનો યાદ આવ્યાં : 'જ્યાં આપણું મન આનંદ પામી આકર્ષાય તે જ આપણું શાંતિનું પવિત્ર સ્થળ ગણવું.' બાબાની નજીક આવતાં તો તેમની ચરણરજમાં આળોટવાની તેમને ઇચ્છા થઈ આવી પણ એ વેળા બાબા ક્રોધ કરીને બોલ્યા : ''અમારું તૂત અને આ બધી અમારી વસ્તુ ભલે અમારા જોડે રહી. તું તારે ઘેર પાછો જા. ખબરદાર, આ મસીદમાં આવ્યો છે તો ! મસીદ પર ધજાગરા ઉરાડનારાનાં દર્શન શા વાસ્તે તારે કરવાં જોઈએ ? આ બધી શું સંતની નિશાની છે એક ઘડી પણ અહીં રહેતો નહિ.'' સ્વામી તો આ સાંભળી સડક જ થઈ ગયા. તેમણે જોયું કે 'બાબાએ મારા અંતરની વાત જાણી લીધી છે. તેથી મારા બોલેલા બધા બોલ કહી દીધા ! તે કેવા સર્વજ્ઞ છે ? હું તો અક્કલહીન છું.' આમ બાબા પવિત્ર દૈવી પુરુષ છે તેની ખાતરી થઈ. આ વખતે બાબા કોઈને ભેટતા હતા; તો કોઈને હસ્તસ્પર્શ કરતા હતા; તો કોઈને આશ્વાસન દેતા હતા; તો કોઈના પર પ્રેમભરી નજર નાંખતા હતા. કોઈની જોડે હસતા હતા; તો કોઈને ઉદી-પ્રસાદ દેતા હતા. આમ પોતે સૌને રાજી કરી સંતોષ પમાડતા હતા. સ્વામીએ જોયું કે મારા એકલા પર જ બાબાની આવી નારાજી કેમ ? દીર્ઘ વિચાર કરતાં તેને સૂઝી આવ્યું કે 'મારા અંતરમાં જેવા વિચાર ઘોળાતા હતા તેના જ પ્રત્યાઘાતરૂપે બાબા વર્તતા હતા. આ પરથી મારે પાઠ શીખવો જોઈએ અને સુધરવું જોઈએ.' બાબાનો ક્રોધ તો છૂપા આશીર્વાદસમ હોય છે. એ બધું તે સમજ્યા અને પછી તો બાબા પર શ્રદ્ધા દઢ થઈ. અને તે બાબાના અનન્ય ભક્ત બની ગયા.

**નાનાસાહેબ ચાંદોરકર :** નાનાસાહેબ ચાંદોરકરની કથા કહીને આ અધ્યાય પૂરો કરીએ. એકવાર મસીદમાં નાનાસાહેબ, મહાળસાપતિ તથા બીજા ભક્તો જોડે બેઠા હતા. એવામાં બીજાપુરથી એક મુસ્લિમ ગૃહસ્થ ઝનાના સાથે બાબાનાં દર્શને આવ્યા. તેમની જોડે પરદાનશીન બે બાઈઓ હતી. તેથી નાનાસાહેબ ઊઠવા જતા હતા. પણ બાબાએ તેને ઊઠતા રોકયા. એક બાઈએ બાબાનાં દર્શન કરી બાબાના ચરણમાં પડવા સારું મોઢા પરથી બુરખો ઊંચો



કર્યો અને પાછો બુરખો પહેરી લીધો. એ વેળા નાનાસાહેબ એ સ્ત્રીનું મુખ જોઈ તેના રૂપથી અંજાઈ ગયા અને એ મુખ ફરીથી જોવાની મનમાં વૃત્તિ જાગી. નાનાના મનની આ ચંચળતા જોઈને એ સ્ત્રીના ગયા પછી બાબાએ તેમને કહ્યું, ''નાના, તું નાહકનો કેમ આવા ભાવથી શરમાય છે ? ઇન્દ્રિયોને પોતપોતાના ધર્મ બજાવવા દેવા. તેના કામમાં આપણે વચ્ચે ન આવવું જોઈએ. આ સુંદર રૂપાળા જગતની રચના ઈશ્વરે જ કરી છે. તેથી એ સુંદરતાના ભાવની પ્રશંસા કરવી તે આપણો ધર્મ છે. મન તો દઢ તથા શાંત ધીમે ધીમે બને છે. આગળનું દ્વાર ઉઘાડું હોય પછી પાછલા દ્વારથી શા માટે પ્રવેશ કરવો ? હૃદય પવિત્ર હોય તો કશી મુશીબત જ નથી. જો આપણામાં પાપ નથી તો પછી ડરવું શા માટે? ભલે આંખ આંખનું કામ કરે. એથી તારે શરમાઈને નીચે શા માટે જોવું પડે?''

એ વેળા શામા ત્યાં હતા. બાબાનાં ઉપરનાં વચનોનો અર્થ તે કંઈ સમજ્યા નહીં. તેથી મસીદમાંથી ઉતારા પર જતાં શામાએ નાનાને આ વાત પૂછી જોઈ. પેલી પરદાનશીન રૂપાળી બાઈને જોઈને પોતે કેવા ચંચળ ચિત્ત થયા હતા એ વાત બાબાએ કેમ જાણી તથા એ બાબાનો આ વસ્તુ કહેવાનો અર્થ નાનાએ તેને આ પ્રમાણે સમજાવ્યો : ''આપણું મન સ્વભાવથી જ ચંચળ છે. તેને વિકૃત થવા ન દેવું જોઈએ. ઇન્દ્રિયો ચંચળ બને તોપણ દેહ પર સંયમ રાખવો. તેને અધીર થવા ન દેવું જોઈએ. વસ્તુ પાછળ ઇન્દ્રિયો ભલે દોડે. પણ આપણે તેના પાછળ દોડી તેની પ્રાપ્તિની ઝંખના ન કરવી જોઈએ. ધીરે ધીરે ટેવ પાડવાથી આ ચંચળતા જતી રહે છે. આપણા પર ઇન્દ્રિયોને સત્તા જમાવવા દેવી નહીં. અલબત્ત, ઇન્દ્રિયો પર સાવ નિયંત્રણ શકય નથી. પ્રસંગ જોઈ તેના પર યોગ્ય દાબ રાખવો. સુંદરતા ચક્ષુનો વિષય છે. માટે નિર્મળ બનીને સુંદર પદાર્થ જોવા. તેમાં બીક કે શરમને સ્થાન નથી. પણ એ વખતે કોઈ પાપી વિચારને મનમાં ન આવવા દેવો જોઈએ. કામનારહિત ચિત્તથી ઈશ્વરની સુંદર કૃતિઓ જોવી. તેથી સ્વાભાવિક જ ઇન્દ્રિયો પર નિયંત્રણ આવતું જશે. એવી સુંદર વસ્તુને આનંદથી નિરખવામાં ઈશ્વરની અજબ શક્તિનું સ્મરણ જ થશે. જો બહારની ઇન્દ્રિયોને કાબૂમાં રાખ્યા વિના મનને તેની પાછળ દોડવા દઈ તેમાં જ તેને આસક્ત રાખશું તો આપણા જન્મ-મરણના

ચક્રનો કોઈ અંત જ આવવાનો નથી. ઇન્દ્રિયોના વિષય જ હાનિકર્તા છે. સારથિ તરીકે વિવેકને રાખવાથી મન પર કાબૂ આવશે અને આપણે ઇન્દ્રિયોને ખોટે માર્ગે જતી રોકશું. આવો સારથિ રાખવાથી જ અંતિમ સ્થાન વિભુપદ સુધી આપણે પહોંચી શકીશું, જ્યાંથી ફરી ફેરો છે જ નહીં.

***સ્વસ્તિ શ્રી સંતસજજનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'સંતપરીક્ષણ મનોનિગ્રહણ'***
***નામ ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ ।***
***। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૫૦
# અજ્ઞાનનિરસન-સમાધિમંદિર નિર્માણ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

**આ અધ્યાયમાં અગાઉ ૪૯મા અધ્યાયમાં આપેલ ગીતાના શ્લોકનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે :**

**શ્રી બાબાએ કહ્યું :** ૧) જ્ઞાનીને સાષ્ટાંગ પ્રણામ કરવા એટલું જ બસ નથી. સદ્‌ગુરુને સર્વસ્વ શરણાગતિના ભાવથી તાબે થવું જોઈએ. ૨) માત્ર પ્રશ્ન પૂછવા એટલું જ બસ નથી. કોઈ કુતૂહલથી અગર ગુરુને પકડમાં લેવા માટે કે તેના ઉત્તરમાં કોઈ ભૂલ ખોળવાના હેતુથી અગર એવા કોઈ બદઇરાદાથી શિષ્યે પ્રશ્નો પૂછવાના નથી. ગંભીર થઈ આધ્યાત્મિક ઉન્નતિના અર્થે અગર મોક્ષપ્રાપ્તિના હેતુથી આ પ્રશ્નો પૂછવાના છે. ૩) હું સેવા અગર સેવાની ના પાડવા મુખત્યાર છું એવો ભાવ મનમાં રાખીને સેવા કરવાની નથી. આ દેહનો માલિક હું પોતે નથી. પણ આ દેહ તો ગુરુનો છે અને તેમની સેવા માટે જ આ દેહનું અસ્તિત્વ છે એવો ભાવ મનમાં હોવો જોઈએ.

જો આ પ્રમાણે વર્તો તો અગાઉના શ્લોકમાં જે જ્ઞાન કહ્યું છે તે જ્ઞાન સદ્‌ગુરુ તમને બતાવશે.

ગુરુ અજ્ઞાનનો બોધ કરે છે એ વાતનો શું અર્થ થાય છે તે કંઈ નાનાસાહેબની સમજમાં આવ્યું નહિ. તેથી બાબાને પૂછ્યું, ‘‘જ્ઞાનોપદેશ કેમ કરવો ? અજ્ઞાનનો નાશ એટલે જ જ્ઞાન (જ્ઞાનેશ્વરી ટીકા અ.૧૬, ૬૬ની ઓવી ૧૩૯૬માં કહે છે : હે અર્જુન ! અજ્ઞાન નષ્ટ થવું તે આના જેવું છે. અંધારું નષ્ટ કરવું એટલે જ અજવાળુ કરવું. દ્વૈતભાવનો નાશ એટલે જ અદ્વૈત. જ્યારે અંધારાના નાશની વાત કરો છો ત્યારે પ્રકાશ વિશે જ તમે બોલો છો.

અદ્વૈતભાવનો અનુભવ કરવો હોય તો આપણામાંથી દ્વૈતભાવનો આપણે નાશ કરવો જોઈએ. ત્યાં જ અદ્વૈતભાવનો અનુભવ છે. શું દ્વૈતમાં રહીને અદ્વૈતની વાત કરી શકાય ? એ સ્થિતિમાં મુકાયા સિવાય જો કોઈ એવી વાત કરે તો તેણે અદ્વૈતભાવને કયાંથી જાણ્યો અને તેનો અનુભવ શું કર્યો ?)

વળી સદ્‌ગુરુની માફક શિષ્ય પણ તત્વત: જ્ઞાનસ્વરૂપ જ છે. એ બે વચ્ચેનો ભેદ તો ઊંચો અનુભવ, અજબ દૈવી સત્ત્વ, અતુલ શક્તિ તથા ઐશ્વર્યયોગની તેમની વૃત્તિમાં જ રહેલો છે. સદ્‌ગુરુ નિર્ગુણ, સચ્ચિદાનંદ છે. જગતને ઊંચે લાવવા, માનવજાતિની ઉન્નતિ અર્થે જ તેમણે અવતાર ધારણ કર્યો. પણ એથી તેમનો સત્ય નિર્ગુણ સચ્ચિદાનંદ છે. જગતને ઊંચે લાવવા માનવજાતિની ઉન્નતિ અર્થે જ તેમણે અવતાર ધારણ કર્યો. પણ એથી તેમનો સત્ય નિર્ગુણ સ્વભાવ મુદ્દલ નાશ પામતો નથી. સત્ત્વ, દૈવી શક્તિ તથા બુદ્ધિ મુદ્દલ કમી થતી નથી. શિષ્યનું પણ ખરી રીતે એ જ સ્વરૂપ છે. પણ ઘણા જન્મના સંસ્કારને લીધે તેના પર અજ્ઞાનનું આવરણ આવી ગયું છે. જેથી શુદ્ધ ચૈતન્ય છુપાઈ રહી નજરે પડતું નથી. (અજ્ઞાનેન આવૃત્તં જ્ઞાનં; તેન મુહ્યન્તિ જન્તવ:) તેમાં કહ્યું છે તે મુજબ તે એમ જ માને છે કે ''હું જીવ છું; નમ્ર ગરીબ પ્રાણી છું.'' અજ્ઞાનનાં આ ઝાંખરાં ગુરુએ નિંદી નાંખવાનાં હોય છે. અને તેથી તે તેને ઉપદેશ દે છે. હું નમ્ર ગરીબ પ્રાણી છું એ ખ્યાલથી અનંત પેઢીથી મૂઢ બનેલા શિષ્યને સેંકડો જન્મ લગી ગુરુ બોધ આપ્યા કરે છે કે 'તું જ ઈશ્વર છે. તું જ બળવાન તથા પ્રકાશસ્વરૂપ છે.' ત્યારે તેને લગાર અનુભવ થાય છે કે 'હું ખરે જ ઈશ્વર છું. છતાં પોતે દેહ છે, પોતે જીવપ્રાણી છે. પરમાત્મા તથા જગત પોતાનાથી જુદાં છે; એવા જ ભાવમાં શિષ્ય રમ્યા કરતો હોય છે. આ સર્વ તો અસંખ્ય ગતજન્મોની વારસાજન્ય ભૂલ છે એવું તે પછીથી જ સમજતો થાય છે. એ ભ્રમની ભૂમિકા પરથી કરેલાં કર્મના પરિણામે તેને હર્ષ-શોક થાય છે. આ મૂળનું અજ્ઞાન આ ભ્રમને દૂર કરવા સારું શિષ્યે પ્રશ્નો પૂછવાના છે. અજ્ઞાન કેમ ઉદ્‌ભવ્યું ? તે કયાં રહ્યું છે ? આ સર્વે વાતોની સમજણ માટે ગુરુના ઉપદેશની જરૂર છે. હવે અર્જુનના દાખલા આપીએ : ૧) હું જીવપ્રાણી છું; ૨) હું દેહ છું (દેહ જ આત્મા છે); ૩) ઈશ્વર, જીવ અને જગત જુદાં જુદાં છે; ૪) હું ઈશ્વર નથી. ૫) 'દેહ આત્મા નથી' એવું હું



જાણતો નથી. ૬) ઈશ્વર, જીવ અને જગત એક છે તેનો અનુભવ થતો નથી.

જ્યાં સુધી આ ત્રુટીઓનું શિષ્યને દિગ્‌દર્શન કરાવવામાં આવતું નથી ત્યાં સુધી શિષ્યને આ વાતનો કદી પણ અનુભવ થતો નથી કે ઈશ્વર, જીવ તથા શરીર શું છે ? તેમનો આંતરિક સંબંધ કેવો છે તથા તે ભિન્ન કે અભિન્ન છે ? આ પ્રકારનો બોધ દેવો તથા ભ્રમનો નાશ કરવો એને જ અજ્ઞાનનો જ્ઞાનોપદેશ કહે છે. હવે પ્રશ્ન એ છે કે, જીવ કે જે સ્વયં જ્ઞાનમૂર્તિ છે તેને જ્ઞાનની શું આવશ્યકતા છે ? ઉપદેશનો હેતુ તો કેવળ ત્રુટીને તેની નજર પર લાવીને અજ્ઞાનનો નાશ કરવો એ જ છે. બાબાએ આગળ કહ્યું: ૧) પ્રણિપાતનો અર્થ શરણાગતિ છે. ૨) શરણાગતિ તન, મન, ધનથી અર્થાત્ અનન્ય ભાવથી હોવી જોઈએ. ૩) કૃષ્ણ બીજા જ્ઞાનીઓનો શા માટે ઉલ્લેખ કરે છે ? સદ્‌ભક્તને માટે તો પ્રત્યેક વસ્તુ વાસુદેવ જ છે. (ભગવદ્‌ગીતા અધ્યાય ૭, ૧૯) અર્થાત્ કોઈ પણ ગુરુ પોતાના ભક્તને માટે તો કૃષ્ણ જ છે અને ગુરુ શિષ્યને વાસુદેવ માને છે અને કૃષ્ણ એ બન્નેને પોતાના પ્રાણ તથા આત્મા માને છે. કેમ કે શ્રીકૃષ્ણને ખબર હતી કે આવા અનેક ભક્તો તથા ગુરુ વિદ્યમાન છે. તેથી તેની મહત્તા વધારવાના હેતુથી શ્રીકૃષ્ણે અર્જુનનો ઉલ્લેખ કરેલો છે.

**સમાધિમંદિરનું બાંધકામ :** શ્રી બાબાએ જે કરવા ધાર્યું હોય તેની પોતે બહુ વાતો કરતા નહિ; અગર તેનું કશું ધાંધલ કરતા નહિ. પણ એવા સ્નેહપૂર્વક સ્થિતિ-સંજોગો પોતે ગોઠવી દેતા હતા કે તેનું ધીમું પણ ચોક્કસ પરિણામ જોઈને લોકો આશ્ચર્યચકિત બની જતા. સમાધિમંદિરનું બાંધકામ આ વાતનું દૃષ્ટાંત છે. નાગપુરના પ્રસિદ્ધ કોટ્યાધીશ શ્રીમાન બાપુસાહેબ બુટી સહકુટુંબ શિરડી રહેતા. એક વાર તેમના દિલમાં થયું કે શિરડીમાં મારું પોતાનું મકાન બાંધું. એ પછી થોડા સમય બાદ તે દીક્ષિતના વાડામાં સૂતા હતા ત્યાં તેમને સ્વપ્નદર્શન થયું. સ્વપ્નમાં બાબા પ્રકટ થયા અને પોતાનો વાડો, ઇમારત તથા મંદિર બાંધવાની આજ્ઞા કરી. શામા પણ ત્યાં સૂતા હતા. તેને પણ એવું જ સ્વપ્ન આવ્યું. બુટી ઊઠ્યા ત્યારે શામાને રડતા જોયા. તેથી તેનું કારણ પૂછ્યું: શામાએ ઉત્તર દીધો. સ્વપ્નમાં બાબા મારા પાસે આવ્યા અને

મને સ્પષ્ટ આજ્ઞા કરી કે 'મંદિર તથા વાડો બાંધ.' હું સર્વની કામના પૂરી કરીશ.' બાબાનાં આવાં મધુર-પ્રેમપૂર્ણ વચનો સાંભળીને હું તો ગળગળો થઈ ગયો. મારું ગળું રૂંધાઈ આવ્યું અને મારી આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં અને હું રડી પડ્યો.' પોતાનું સ્વપ્ન પણ આને બરાબર મળતું હતું એ જોઈ બાપુસાહેબ અચંબો પામ્યા. પોતે ધન-શક્તિવાળા હોવાથી વાડો બાંધવાનો તરત જ નિર્ણય કર્યો અને માધવરાવ (શામા) જોડે બેસીને નકશો દોર્યો. કાકાસાહેબ દીક્ષિતને પણ તે પસંદ પડ્યો. બાબા પાસે મૂક્યો ત્યારે તેમને પણ તે ગમ્યો અને મંજૂર કર્યો. પછી તે બાંધકામ પણ શરૂ થયું અને શામાની દેખરેખ તળે ભોયતળિયું અને કૂવો તૈયાર થયાં. બાબા પણ મસીદમાંથી લેંડી પર જતાં-આવતાં અહીંથી પસાર થતા હતા અને કંઈ કંઈ સુધારા સૂચવતા હતા. પછીનું કામ બાપુસાહેબ જોગને ભળાવ્યું. આ કામ ચાલતું હતું ત્યાં બાપુસાહેબ બુટીના મનમાં તર્ક ઊઠ્યો કે એક ઓરડો તથા ઓટલો-મંદિર પણ રચવાં. જેમાં મુરલીધર કૃષ્ણની મૂર્તિ આપણે પધરાવીશું. તેણે આ વાત શામાને કરી અને બાબાને પૂછી તેમની સંમતિ લેવા કહ્યું. બાબા આ વાડા પાસેથી નીકળ્યા ત્યારે શામાએ તેમને આ વાત પૂછી જોઈ. સંમતિ આપતાં બાબાએ કહ્યું, ''એ મંદિર પૂરું થઈ રહેશે ત્યારે હું જ ત્યાં રહેવા આવીશ.'' અને પોતે વાડા સામે જોઈને બોલ્યા : ''વાડો પૂરો થાય પછી આપણે જ વાપરશું, રહેશું, ફરશું અને એકબીજાને મળીને આનંદ કરશું.'' એ પછી મંદિરના 'આ મધ્ય ઓરડાના પાયા નાંખવાનું આ મંગળ મુહૂર્ત છે કે કેમ' એમ શામાએ બાબાને પૂછી જોયું. બાબાએ હા પાડી. શામાએ શ્રીફળ લાવી વધેરીને કામ શરૂ કર્યું. સમય જતાં એ કામ પણ પૂરું થયું અને મુરલીધરની સુંદર મૂર્તિ બનાવવાનો હુકમ આપવામાં આવ્યો. પણ એ મૂર્તિ તૈયાર થાય તે અગાઉ નવીન જ બન્યું. બાબા માંદા પડી ગયા અને કૈલાસવાસી થયા. બાપુસાહેબ દિલગીર બન્યા અને નિરાશ થયા કે મારો વાડો બાબાની પવિત્ર ચરણરજના સ્પર્શથી પાવન થાય તે પહેલાં બાબા કૈલાસવાસી થયા. તેથી એ બાંધવાના ખર્ચના મારા લાખેક રૂપિયા છૂટી પડ્યા. પણ બાબા કૈલાસવાસી થયા અગાઉ તેમના મુખમાંથી આ શબ્દો નીકળ્યા હતા કે 'મને વાડામાં લઈ જાઓ.' આ શબ્દોથી બાપુસાહેબના દિલને તેમજ અન્ય સર્વને દિલાસો



મળ્યો. મુરલીધરના મંદિર માટે રાખેલા ઓરડામાં જ બાબાના પવિત્ર દેહને પધરાવી સમાધિ લેવડાવી અને બાબા પોતે જ મુરલીધર બન્યા અને આમ વાડો જ બાબાનું સમાધિમંદિર બન્યું. તેમનું અજબ જીવન જ અગાધ છે ! ભાગ્યશાળી બાપુસાહેબ બુટીના વાડામાં બાબાના પવિત્ર પાવનકારી દેહને પધરાવેલ છે એ બુટીને પણ ધન્ય છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'અજ્ઞાનનિરસન, સમાધિમંદિર નિર્માણ'**
**નામ પચાસમો અધ્યાય સંપૂર્ણ ।**
**। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૫૧
## ભકતત્રયકથા

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

**ઉપોદ્‌ઘાત :** આપણા સદ્‌ગુરુ, ભકતોના સર્વાધાર, ગીતાના અર્થકાર, સર્વ શક્તિના દેનાર શ્રી સાઈબાબાને ધન્ય છે ! તેમનો સદા વિજય હજો. હે સાઈ, અમારા પર કૃપાદષ્ટિ કરો અને અમે સુખી થઈએ એવી આશિષ વરસાવો. ચંદનવૃક્ષો મલયગિરિ પર પેદા થઈ તાપને નિવારે છે; મેઘ વર્ષા કરી જગતને શીતળ કરે છે; વસંત ઋતુમાં ફૂલ ખિલીને પ્રભુપૂજનમાં કામ લાગે છે. એ જ પ્રમાણે શ્રી સાઈબાબાની કથાઓ વાંચકોને દિલાસો તથા આરામ દેવા સારુ જ ઉદ્‌ભવી છે. શ્રી બાબાની કથાના વકતા તેમજ શ્રોતા બન્ને નસીબવંત પાવન બને છે. તેથી વકતાના વદનને તથા શ્રોતાના કાનને ધન્ય છે ! એટલું તો ચોક્કસ છે કે સેંકડો ઉપાય તથા સાધના કર્યા છતાં જ્યાં સુધી કૃપાળુ સદ્‌ગુરુ આપણા પર આશીર્વાદ ન વરસાવે ત્યાં લગી જીવનના આધ્યાત્મિક હેતુ સફળ થતા નથી. તેની અજબ દષ્ટાંતરૂપ નીચેની કથા વાંચો :

**કાકાસાહેબ દીક્ષિત (સને ૧૮૬૪ – ૧૯૨૫) :** શ્રી હરિસીતારામ ઉર્ફે કાકાસાહેબ દીક્ષિત મધ્ય પ્રાંતમાં ખંડવાના વડનગરા નાગર બ્રાહ્મણ કુટુંબમાં સને ૧૯૬૪માં જન્મ્યા હતા. તેમણે પ્રાથમિક કેળવણી ખંડવામાં તેમજ હીંગણઘાટમાં લીધી અને માધ્યમિક કેળવણી નાગપુરમાં લીધી. ઊંચી કેળવણી માટે મુંબઈ આવી પ્રથમ વિલ્સન કૉલેજમાં અને પછી એલ્ફિન્સ્ટન કૉલેજમાં અભ્યાસ કર્યો. સને ૧૮૮૩માં ગ્રૅજ્યુએટ થયા પછી તેમણે એલ.એલ.બી. તથા સૉલિસિટરની પરીક્ષા પાસ કરી અને સરકારી સોલિસિટર મેસર્સ લિટલ ઍન્ડ કું.ની પેઢીમાં નોકરી કરી. પછીથી તેમણે સ્વતંત્ર સૉલિસિટરની પેઢી ખોલી.



સને ૧૯૦૯ અગાઉ કાકાસાહેબ દીક્ષિતે બાબાનું નામ સાંભળ્યું નહોતું. અને પછી અલ્પ સમયમાં જ તે બાબાના ભકત બન્યા. પોતે લોનાવલા રહેતા હતા ત્યારે જૂના મિત્ર શ્રી નાનાસાહેબ ચાંદોરકર તેમને મળવા આવ્યા. બન્ને જણે વિવિધ વાતો કરી. કાકાસાહેબ લંડનમાં હતા ત્યારે એક ટ્રેનમાં ચડતાં પગ સરકી જવાથી પડી ગયા હતા, જેથી પગે ઇજા થયેલી. એ અકસ્માતની વાત કાકાસાહેબે કરી. સેંકડો ઉપાય કર્યા છતાં કશો ફાયદો થયો નહી. ત્યારે નાનાસાહેબે કહ્યું, ''જો તમારા આ પગની ખોડ ને પીડા મટાડવા માગતા હો તો મારા સદ્‌ગુરુ સાઈબાબાને મળો. તેમના સત્સંગથી તમારા તનની એકલાની નહિ પણ મનની ખોડ પણ તેઓ દૂર કરશે.'' આમ તેમણે સાઈબાબાની ઘણીયે વાતો કરી અને છેવટે બાબાનો આ સિદ્ધાન્ત પણ કહ્યો કે ''પગે દોરો બાંધેલ ચકલીની માફક હું દૂર દૂર સાત સમુદ્ર પારથી પણ મારા માણસને મારા પાસે ખેંચી લાવું છું.'' તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે ''તમે બાબાના માણસ નહિ હો તો તમને તેમનું આકર્ષણ જ થશે નહિ અને બાબાનાં દર્શન જ કરી શકશો નહિ.' આ સર્વ વાત સાંભળી કાકાસાહેબ રાજી થયા અને નાનાસાહેબને કહ્યું, ''બાબા પાસે જઈ હું તેમનાં દર્શન કરીશ અને આ એકલા પગની જ નહિ પણ મારા ચંચળ મનની ખોડ પણ સુધારવા હું બાબાને પ્રાર્થના કરીશ અને અખંડ સુખ માગીશ.''

કેટલૉક સમય બાદ કાકાસાહેબ મુંબઈ ધારાસભાના સભ્યપદ માટે મત મેળવવા સારુ અહમદનગર ગયા અને ત્યાં કાકાસાહેબ સરદાર મિરીકરને ત્યાં ઉતર્યા. આ મિરીકરના પુત્ર સરદાર બાળાસાહેબ મિરીકર કોપરગામના મામલતદાર હતા અને ઘોડાના પ્રદર્શનના કામને અંગે એ વખતે અહમદનગર આવ્યા હતા. ચૂંટણીનું કામ પૂરું થઈ રહ્યા પછી કાકાસાહેબ દીક્ષિતની ઇચ્છા શિરડી જવાની હતી. તેથી કાકાને માર્ગદર્શન કરે તેવા કોઈ માણસની જોડે તેમને મોકલવા એ બાબત મિરીકર પિતા-પુત્ર બન્ને વિચાર કરતા હતા. ત્યાં જ સાઈબાબાએ જ જાણે તેમના સત્કારની તૈયારી કરી. અહમદનગરમાં શામાના સસરા રહેતા હતા. તેનો તાર શામા પર આવ્યો કે 'તમારાં સાસુ બહુ માંદાં છે. માટે તમે પત્નીને તેડી બન્ને જણ મળવા માટે જલદી આવો.' બાબાની

રજા લઈ શામા શિરડીથી નીકળી અહમદનગર આવ્યા અને સાસુને મળ્યા. તેમની તબિયત સુધરતી ગઈ અને તે સાજા થયા. પેલું પ્રદર્શન જોવા જતાં માર્ગમાં શામાને નાનાસાહેબ પેંડસે તથા અપ્પાસાહેબ ગદ્રે મળ્યા અને તેમણે સરદાર મિરીકરને ત્યાં જઈ કાકાસાહેબ દીક્ષિતને મળીને તેમને શિરડી સાથે તેડી જવાની વાત કરી. શિરડીથી શામા આવ્યા છે, આ ખબર દીક્ષિતને તેમજ મિરીકરને પણ મળી હતી. સાંજે શામા મિરીકરને ઘેર આવ્યા ત્યારે તેમને કાકાસાહેબ દીક્ષિતની ઓળખાણ કરાવી. બધાંએ મળી નક્કી કર્યું કે રાત્રે દસની ગાડીમાં કોપરગાવ જવા માટે શામાએ કાકાસાહેબ દીક્ષિતને સાથે લઈને નીકળવું. આ નક્કી થયા પછી વળી એક ચમત્કાર થયો. પડદો ઢાંકેલી બાબાની મોટી છબી બાળાસાહેબ મિરીકરે કાકાસાહેબને બતાવી. જેમને મળવા પોતે શિરડી જનાર છે તે પોતે જ છબીરૂપે અહીં જ પધાર્યા છે એ જોઈ તેને અચંબો થયો. એથી તેમનું દિલ આર્દ્ર બન્યું અને છબીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. આ છબી મેઘાએ મઢાવી હતી. તેના પરનો કાચ તૂટી ગયો હતો. તેથી નવો કાચ બેસાડવા માટે તે અહમદનગર મિરીકર પર મોકલી હતી. નવો કાચ નંખાવી તે તૈયાર થઈ આવેલ હતી. તેથી એ છબી પણ શામા જોડે મોકલવાનું નક્કી થયું.

ટ્રેનના ટાઇમ પહેલાં તેઓ સ્ટેશન પર આવ્યા અને ટિકિટો લીધી. ગાડી આવી તો તેમાં સેકન્ડ ક્લાસનો ડબો ચિક્કાર હતો. સુભાગ્યે આ ગાડીનો ગાર્ડ કાકાસાહેબનો ઓળખીતો નીકળ્યો. તેથી તેણે તેમને ફર્સ્ટ ક્લાસમાં બેસાડ્યા. આમ આરામથી મુસાફરી કરી તેઓ કોપરગાવ ઉતર્યા. એવામાં કોપરગાવ સ્ટેશન પર શિરડી જવા માટે ઉતરેલા નાનાસાહેબ ચાંદોરકર પણ તેમને મળી ગયા. એ જોઈ બધાંના આનંદનો પાર રહ્યો નહિ. કાકાસાહેબ તથા નાનાસાહેબ એકબીજાને ભેટી પડ્યા અને પછી કોપરગાવની ગોદાવરી નદીમાં સ્નાન કરી તેઓ શિરડી જવા નીકળ્યા. ત્યાં પહોંચી બાબાનાં દર્શન કર્યા. કાકાસાહેબનું અંતર દ્રવ્યું ને આંખમાં હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. એટલે બાબા બોલ્યા : 'હું તારી જ રાહ જોતો હતો. તને તેડવા સારુ તો શામાને અગાઉથી નગર મોકલ્યો.''



પછી તો બાબાના સત્સંગમાં કાકાસાહેબ ઘણા વર્ષ રહ્યા. શિરડીમાં તેમણે વાડો બંધાવ્યો; અને ઘણુંખરું કાયમી નિવાસ જ ત્યાં કર્યો. તેમને થયેલાં બાબાનાં દૃષ્ટાંત એટલાં બધાં છે કે એ સર્વનું વર્ણન જ સંભવિત નથી. એ માટે સાઈલીલા માસિકના વર્ષ ૧૨ના અંક ૬ થી ૯ સુધીનો કાકાસાહેબ દીક્ષિતનો જ ખાસ અંક વાંચકોને વાંચી જવાની ભલામણ કરીએ. અહીં માત્ર એક જ વાત આપીને આ વૃત્તાંત પૂરો કરીએ. છેવટે બાબાએ કાકાને એવું કહીને સાંત્વન આપેલું કે 'હું તને વિમાનમાં લઈ જઈશ,' મતલબ કે સુખદ મૃત્યુ આપીશ. અને આ વાત સાચી પડી. સને ૧૯૨૬ના જુલાઈની પાંચમી તારીખે તે મારી જોડે ટ્રેનમાં મુસાફરી કરતા હતા અને અમે બન્ને સાઈબાબાની જ વાતો કરતા હતા. એવામાં શ્રી સાઈબાબાના ધ્યાનમાં તે ઊંડા ઊતરી ગયા હોય એમ લાગ્યું. એકાએક તેમની ડોક મારા પર નાંખી દીધી અને મુદ્દલે દુઃખ કે પીડા વિના સ્વર્ગે સંચર્યા.

**શ્રી ટેમ્બેસ્વામી :** સંતો એકબીજાને બંધુ માફક કેવા પ્રેમથી ચાહે છે તે કથા હવે આપણે જોઈએ. ટેમ્બેસ્વામી નામે ઓળખાતા એક વાસુદેવાનંદસરસ્વતી આંધ્રમાં ગોદાવરી કાંઠે રાજમહેન્દ્રીમાં રહેતા હતા. એ સનાતની, જ્ઞાની, પ્રભુ દત્તાત્રેયના યોગી ભક્ત હતા. નિઝામ રાજ્યના નાંદેડ શહેરના એક વકીલ શ્રી પુંડલીકરાવ મિત્રોને તેડી તેમને દર્શને ગયા. વાતચીત દરમ્યાન અચાનક જ શિરડી તથા સાઈબાબાનાં નામ આવ્યાં. બાબાનું નામ સાંભળતાં જ સ્વામીએ બન્ને હાથ જોડી નમન કર્યું. એક શ્રીફળ લઈ પુંડલીકરાવને આપીને કહ્યું: ''મારા બંધુ સાઈને મારા પ્રણામ કહેજો અને આ શ્રીફળ તેમને અર્પણ કરજો. કહેજો કે મને કદી ન ભૂલતા, મારા પર સદા પ્રેમ રાખે એવી વિનંતી કરજો. સામાન્ય રીતે અમે સ્વામી એકબીજાને પ્રણામ પાઠવતા નથી. પણ સાઈ તો અજબ અપવાદરૂપ છે.'' અને પુંડલીકરાવે આ શ્રીફળ તથા સંદેશો બાબાને પહોંચાડવાનું કબૂલ કર્યું. સ્વામીએ સાઈબાબાને બધું કહ્યું તે બરોબર છે. કેમ કે જેમ એ સ્વામી રાતદિવસ સનાતની પદ્ધતિએ અગ્નિહોત્ર રાખતા હતા તેમ સાઈબાબા પણ મસીદમાં ધૂણી-અગ્નિહોત્ર અહર્નિશ રાખતા હતા.

એ પછી એક માસ બાદ પુંડલીકરાવ મિત્રો જોડે શ્રીફળ લઈને શિરડી જવા નીકળ્યા અને મનમાડ આવ્યા. તરસ્યા હતા, તેથી વહેળા પર પાણી પીવા ગયા. પણ ભૂખ્યા પેટે પાણી ન પીવાય એવું જાણી તેમણે નાસ્તા માટે થોડો ચેવડો લીધો. પણ તે બહુ તીખો હતો. તેથી શ્રીફળ વધેરીને તેના ટુકડા મિશ્ર કરવાની કોઈએ સૂચના કરી. એથી શ્રીફળ વધેર્યું અને ચેવડો સ્વાદદાર બનાવ્યો. કમનસીબે સ્વામીએ બાબાને ધરવા માટે આપેલું જ શ્રીફળ અહીં વધેર્યું હતું. એ પછી આ બધા શિરડી પહોંચ્યા ત્યારે પુંડલીકરાવને તે શ્રીફળ સાંભર્યું. પણ તે તો વધેરીને વાપરી નાખ્યું હતું તેથી તેને ચિંતા થવા લાગી. ડરતા-ધ્રુજતા શિરડી આવી બાબાનાં દર્શને ગયા. સ્વામીના શ્રીફળનો બિનતારી સંદેશો બાબાને મળી ગયો હતો. તેથી પોતાના બંધુની સોંપેલી વસ્તુ આપવા બાબાએ પુંડલીકરાવને આજ્ઞા કરી. પુંડલીકરાવે તો બાબાનાં ચરણ પકડ્યાં અને પોતાની બેદરકારી તથા ભૂલ કબૂલ કરી પસ્તાવો કરતાં ક્ષમા માગી અને તેને બદલે બીજું શ્રીફળ ધર્યું. પણ બાબાએ તે સ્વીકારવા ના પાડી અને બોલ્યા, ''મારા બંધુના મોકલેલા શ્રીફળનું મૂલ્ય આ શ્રીફળ કરતાં ખૂબ વધારે છે ! તેને તોલે કંઈ ન આવે. હવે તેની ચિંતા કરીશ મા. મારી ઇચ્છાથી જ તેમણે તે શ્રીફળ તને સોંપ્યું હતું અને મારી ઇચ્છાથી જ માર્ગમાં તેં તે વધેર્યું. આ કર્મનું કર્તાપણું તું કેમ માથે ઓઢી લે છે ? સત્કર્મ અગર દુષ્કર્મ આચરતાં કર્તાપણાની બુદ્ધિ જ ન રાખવી. કોઈ બાબતમાં અહંકાર કે અહંત્વ ન રાખવું. તો જ આધ્યાત્મિક ઉન્નતિ ઝડપથી થશે.'' આમ બાબાએ અમૂલ્ય આધ્યાત્મિક બોધ આપ્યો.

**બાલારામ ધુરંધર (સને ૧૮૭૮ થી ૧૯૨૫) :** બાલારામ ધુરંધર મુંબઈ સાંતાક્રુઝના રહીશ, પાઠારે પ્રભુ કોમના હતા અને મુંબઈ હાઈકોર્ટના ઍડવૉકેટ હતા. સરકારી લૉ સ્કૂલના પોતે પ્રિન્સિપાલ પણ હતા. આખું ધુરંધર કુટુંબ પવિત્ર ને ધાર્મિક છે. તેમણે ગીતા, જ્ઞાનેશ્વરી અને એવા બીજા તત્ત્વજ્ઞાનના ગ્રંથોનો સારો અભ્યાસ કર્યો હતો. પંઢરપુરના વિઠોબાના તે ભક્ત હતા. સને ૧૯૧૨માં તે સાઈબાબાના સમાગમમાં આવ્યા. એ અગાઉ છ માસ પહેલાં તેના ભાઈ બાબુલજીએ તથા વામનરાવે શિરડી જઈ બાબાનાં દર્શન કર્યાં હતાં. ત્યાંથી પાછા આવીને બાબાના મીઠા અનુભવોની વાતો તેમણે શ્રી બાલારામ તથા બીજા પાસે કરી. તેથી બધાએ શિરડી જવાનો અને બાબાના દર્શન કરવાનો નિશ્ચય કર્યો. એ સૌ શિરડી પહોંચ્યા તે અગાઉ જ બાબાએ તે દહાડે કહેલું, ''આજે મારા દરબારમાં ઘણા માણસો આવે છે.'' બાલારામે તો આ બાબતની કોઈ ખબર આપ્યા નહોતા છતાં બાબાએ એ વાત અગાઉથી જાણીને કહી હતી. એવું સાંભળી ધુરંધર ભાઈઓને અચંબો થયો. તેમણે આવીને બીજા લોકો જોડે બાબાને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને વાતો કરતા બેઠા. બાબા બોલ્યા, ''આ મારા દરબારના માણસો છે. મેં પહેલેથી જ વાત કરી હતી.'' એ પછી ધુરંધર ભાઈઓને કહ્યું, ''આપણે તો છેલ્લી સાઠ પેઢીથી એક-બીજાની ઓળખાણ છે.'' આ ધુરંધર ભાઈઓ નમ્ર ને વિવેકી હતા. સૌ હાથ જોડી બાબાના ચરણ સામું જોઈને ઊભા રહ્યા. આંખમાં હર્ષાશ્રુ હતાં; દેહ પર રોમાવલિ ખડી થઈ હતી; અને ગળું રુંધાયું હતું. એવા સર્વ આત્મિક ભાવથી તેમનાં અંતર દ્રવતાં હતાં. તેમને પરમ આનંદ થયો. ત્યાંથી ઉતારે જઈને જમ્યા અને થોડો આરામ લીધા પછી પુનઃ મસીદમાં ગયા. બાલારામ બાબા પાસે બેસી તેમના પગ દાબવા લાગ્યા. બાબા ચલમ પીતા હતા. તે ચલમ તેને આપી પીવાની આજ્ઞા કરી. બાલારામને બીડી કે હુક્કો પીવાની ટેવ નહોતી. છતાં તેમણે ચલમ હાથમાં લઈ મુસીબતથી પીધી અને માનપૂર્વક પાછી આપી. બાલારામ માટે એ મંગળકારી ક્ષણ હતી. છ વર્ષથી તેને દમનું દર્દ હતું. આ ચલમ પીવાથી તે મટી ગયું અને તેની કશી પીડા રહી નહિ. લગભગ છ વર્ષ બાદ બાબાની મહાસમાધિના અરસામાં ફરીથી એ વ્યાધિનો ઉથલો મારેલો, પણ તરત આરામ થયો હતો ધુરંધર કુટુંબ ગુરુવારે જ શિરડી આવ્યું હતું. તેથી એ જ રાત્રે ચાવડી સરઘસના દર્શનનો લાભ તેમને મળ્યો હતો. ચાવડીમાં આરતી વેળાએ બાબાના મુખપર પાંડુરંગનું તેજ બાલારામે દીઠું. બીજે દહાડે પરોઢિયામાં કાકડઆરતી વખતે પણ એ જ તેજ. પોતાના પ્રિય ઇષ્ટદેવ પાંડુરંગનો ઝગઝગાટ બાલારામે પુનઃ બાબાના મુખ પર દીઠો.

*શ્રી બાલારામ ધુરંધરે મરાઠીમાં મહારાષ્ટ્રના સંત તુકારામનું ચરિત્ર લખ્યું છે. પણ તે છપાઈને પ્રકટ થાય ત્યાં સુધી તેઓ જીવ્યા નહિ. તેમના ભાઈઓએ તે સને ૧૯૨૮માં પ્રકટ કર્યું. આ પુસ્તકના પ્રારંભમાં બાલારામના જીવન સંબંધે આપેલી ટૂંકી નોંધમાં બાલારામની શિરડીયાત્રાનું જે વર્ણન આપ્યું છે તે પરથી ઉપરની હકીકતને સંપૂર્ણ ટેકો મળે છે.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'ભકતત્રયકથા'***
***નામ એકાવનમો અધ્યાય સંપૂર્ણ ।***
***। શ્રી સદ્‍ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

http://suratiundhiyu.wordpress.com/

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય પર
## ગ્રંથ-સિંહાવલોકન

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્દગુરુસાઈનાથાય નમ: ।**

*સર્વ ધાર્મિક ગ્રંથોની માફકત સર્વ અધ્યાયનો સાર કાવ્યમાં આપીને ગ્રંથનું સાંકળિયું આપવાનો શ્રી હેમાડપંતનો ઇરાદો હતો. પણ કમભાગ્યે એ કશું તેમના કાગળોમાં મળતું નથી. એથી એ કામ શ્રી સાઈબાબાના ઉચ્ચ કોટીના સમર્થ ભક્ત થાણાના મામલતદાર શ્રી બી.વ્હી. દેવે રચી આપેલ છે. અંગ્રેજી પુસ્તકોમાં જેમ પ્રારંભમાં સાંકળિયું તથા દરેક પ્રકરણના ઉપર તેમાં આવતી હકીકતની સૂચક નોંધ આવે છે, તેવો આ છેલ્લો અધ્યાય અનુક્રમણિકાનો સમજવાનો નથી. તેથી અમે આ અધ્યાયનું નામ પૂર્ણાહૂતિ સિંહાવલોકન એવું રાખ્યું છે. આ અયાયની મૂળ નોંધ સુધારી આપવા તથા છાપખાના માટે તૈયાર કરવા કમભાગ્યે હેમાડપંત જીવતા નથી. જ્યારે તે છાપવા સારું છાપખાનામાં મોકલ્યું ત્યારે દેવને તે અપૂર્ણ લાગ્યું. તથા કોઈ કોઈ સ્થળે અર્થ વગરનું લાગ્યું. તેથી જેવું મળ્યું તેવું છાપવું પડ્યું છે. તેમાં ગ્રંથમાં જે જે વિષયો આપણે અગાઉ વાંચી ગયા તે સર્વ ટૂંકામાં અહીં આપેલ છે.*

**શ્રી સદ્દગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાય ૫૩
# ફળશ્રુતિ

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: । શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: । શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

**સદ્‌ગુરુ સાઈની મહત્તા :** શ્રી સાઈસમર્થને અમારા સાષ્ટાંગ નમસ્કાર છે. અમારે તો તેમનો જ આધાર છે. વિશ્વના તમામ સજીવ-નિર્જીવ પદાર્થોમાં બ્રહ્માથી માંડી મકાનો-મેડીઓ-પાત્રો-આકાશ એ સર્વમાં તે વસેલા છે. કોઈ ભેદ વિના સર્વ પ્રાણીઓમાં તે એક જ સરખા વ્યાપક છે. તેમને મન સર્વ ભકત સરખા છે. માનાપમાન, સારું-નરસું એ બધું જેમને મન સરખું જ છે, એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે. તેમનું સ્મરણ કરવાથી તથા શરણ પકડવાથી આપણી સર્વ કામના પૂરી થાય છે. જીવનના સર્વ ઉચ્ચ હેતુ શ્રી સાઈબાબા જ હાંસલ કરાવે છે.

આ સંસાર-સાગર તરવો બહુ મુશ્કેલ છે. રાગ-લાભનાં મોજાં દુષ્ટ વિચારોના કાંઠા સામે એટલાં ઊંચાં ઊછળીને અથડાય છે કે આપણાં ધૈર્યરૂપ વૃક્ષોને ઉખેડી નાંખે છે. અહંત્વનો પવન ખૂબ જોરથી ફુંકાય છે. સાગર ઉછળીને તોફાની બને છે. ક્રોધ-દ્વેષરૂપી મગરો ત્યાં નીડર બની ઘૂમે છે. 'હું તથા મારું' તથા એવી શંકારૂપી ઘુમરીઓ અહીં કાયમ ઊઠ્યા કરે છે. નિંદા-તિરસ્કાર-સ્પર્ધારૂપી માછલીઓ ત્યાં રમ્યા જ કરે છે. આ સાગર મહા ભયંકર તથા જોખમી છે છતાં સદ્‌ગુરુ સાઈ તેના અગસ્ત્ય છે. સાઈભકતોને તેનાથી મુદ્દલ ડરવાનું નથી. આ સંસાર-સાગરને પેલે પાર સલામત લઈ જનાર હોડી આપણા સદ્‌ગુરુ છે.

**પ્રાર્થના :** હવે શ્રી સાઈને સાષ્ટાંગ પ્રણામ કરી ચરણ પકડી તેમની સ્તુતિ કરીએ : હે સાઈ ! અમારાં ચિત્ત કયાંય બહાર ન ભટકે અને શાન્ત બની



નામજપમાં મગ્ન બને ! આપના સિવાય અમને કશી કામના ન રહે ! શ્રી સાઈ સચ્ચરિત્રનો આ ગ્રંથ દરેક ભકત ઘરમાં રાખી નિત્ય તેનું વાચન કરો ! અને નિત્ય નિયમિત વાંચનારનાં સર્વે કષ્ટ ટળો !

**ફળશ્રુતિ :** આ ગ્રંથના વાચનથી મળતુ ફળ હવે ટૂંકામાં સાંભળો. પવિત્ર ગોદાવરી નદીમાં સ્નાન કરીને શિરડી સાઈસમાધિ મંદિરમાં સમાધિનાં દર્શન કરીને દરેકે આ સચ્ચરિત્રનું વાંચનશ્રવણ કરવું. એમ કરવાથી તમારાં ત્રિવિધ પાપ નષ્ટ થશે. સાઈની કથાઓના સામાન્ય ચિંતનથી પણ તમને અજાણતાં જ દૈવિક જીવનમાં રસ પડશે. જો તમે પ્રેમથી આ ગ્રંથ પૂરેપૂરો વાંચશો તો તમારાં સર્વ પાપ બળીને ભસ્મ થશે. જન્મમરણના ચક્રમાંથી છૂટવાની તમારી ઇચ્છા હોય તો શ્રી સાઈની કથાઓનું વાંચન કરો. શ્રી સાઈનું સદા સ્મરણ કરો અને તેમનાં ચરણમાં પ્રીતિ જોડો. શ્રી સાઈનાથના સાગરમાં તમે પોતે ડૂબકી મારશો અગર તો તે તમે કોઈને સંભળાવશો તો તેમાંથી તમને સદા નવી નવી સુવાસ મળ્યા કરશે. અને વકતા-શ્રોતા સૌ પાપમુકત બનશે. એકાગ્ર બની શ્રી સાઈસ્વરૂપનું ધ્યાન ધરશો તો સમય આવતાં તમે જ તે રૂપ બની જશો અને આત્મદર્શનમાં લીન થશો. આત્મા અર્થાત્ બ્રહ્મનો સ્વભાવ સમજવો દુર્ઘટ છે. પણ સગુણ બ્રહ્મ દ્વારા માર્ગ પકડવાથી પ્રગતિ સરળ બને છે. ભકત સર્વભાવથી તેમનું શરણ પકડે છે તો ભકતનું પોતાનું વ્યકિતત્વ લય પામે છે અને તેમાં જ તે સમાઈ જાય છે. જેમ નદી સમુદ્રમાં મળી જાય છે તેમ ભકત તેમાં એક થઈ જાય છે. જાગ્રત; સ્વપ્ન કે ઊંઘ એ ત્રણમાંથી ગમે તે સ્થિતિમાં તેમનામાં લય થશો તો તમારું સંસારબંધન તૂટી જશે. નિત્ય સ્નાન કરીને જે ભકત પ્રેમ-શ્રદ્ધાથી આ ગ્રંથ નિયમિત વાંચશે અગર સાંભળશે અને એક સપ્તાહમાં તે પૂરો કરશે તો તેનાં સર્વ કષ્ટ ટળી જશે. નિત્ય નિયમિત આ ગ્રંથના વાંચકો તેમજ શ્રોતાના સર્વ ભય નષ્ટ થશે. આ ગ્રંથનો અભ્યાસ કરવાથી ધનની ઇચ્છાવાળાને ધન મળશે; પવિત્ર વ્યાપારીને પોતાના ધંધામાં ફત્તેહ મળશે. દરેકને શ્રદ્ધા-ભકિતના પ્રમાણમાં સુફળ અવશ્ય મળશે. શ્રદ્ધા-ભકિત વિના કોઈ પ્રકારનો અનુભવ નહિ થાય. માનપૂર્વક આ ગ્રંથનું વાંચન

કરનારા પર શ્રી સાઈ પ્રસન્ન થશે અને તમારું અજ્ઞાન તથા દરિદ્રતા નિવારી તમને જ્ઞાન, ધન, સંપત્તિ સર્વ લાભ દેશે. મન એકાગ્ર કરી જો તમે નિત્ય એક અધ્યાય વાંચશો તોપણ તમે અસીમ સુખ પામશો. જેના હૃદયમાં કલ્યાણની કામના છે, તેણે આ ગ્રંથનો કાળજીથી અભ્યાસ કરવો અને જન્મોજન્મ ઉપકારવશ થઈ શ્રી સાઈનું સદા સ્મરણ કરવું. ખાસ કરીને આ ગ્રંથનું વાંચન ગુરુપૂર્ણિમા, ગોકુળઅષ્ટમી, રામનવમી અને દશેરાના રોજ અવશ્ય કરવું. જો તમે આ એક જ ગ્રંથનો શ્રદ્ધાથી-કાળજીથી અભ્યાસ કરશો તો તમારી સર્વ કામના પૂરી થશે અને તમારા હૃદયમાં શ્રી સાઈચરણનું સદા સ્મરણ રહેશે તથા તમે જરૂર સરળતાથી સંસાર-સાગર તરી જશો. આ ગ્રંથના વાંચનથી રોગી તથા માંદા માણસો આરોગ્ય પામશે. નિર્ધનને ધન મળશે; દીનદુ:ખી-દરિદ્રને સંપત્તિ મળશે અને સૌનું મન કુવિચારમાંથી મુકત બની સદ્‌ભક્તિમાં દૃઢ થશે.

વહાલા ભકત વાચકો તથા શ્રોતાઓ ! અમે આપ સૌને હવે પ્રણામ કરીએ છીએ. આપને એક ખાસ વિનંતી કરીએ. તમે રોજેરોજ, માસોમાસ જેમની કથા વાંચી-સાંભળી છે, તેમનું વિસ્મરણ કદી કરશો નહિ. જેમ જેમ વધુ ઉત્સાહથી આ કથાઓ વાંચશો-સાંભળશો, તેમ તમારામાં સેવાનો તથા વધુ ઉપયોગી થવાનો ઉત્સાહ શ્રી સાઈબાબા સૌમાં પ્રેરશે. આ ગ્રંથ, ગ્રંથકર્તા તથા વાચકો બન્નેને અરસપરસ પ્રેમસંપની વૃદ્ધિ સાથે સદા સહાયરૂપ બનો ! અને સૌ સુખી થાઓ !

**પ્રસાદ-યાચના :** વાચકો તથા ભકતોને શ્રી સાઈચરણમાં સંપૂર્ણ હૃદયપૂર્વકની ભક્તિ થાઓ ! તેમનું સ્વરૂપ ચક્ષુમાં સદા અવિચળ બનો ! અને પ્રાણીમાત્રમાં શ્રી સાઈપ્રભુનું દર્શન થાઓ ! છેલ્લે શ્રી સાઈબાબાનાં થોડાં વચનામૃત યાદ કરી તેમની આરતી કરી આ ગ્રંથ સમાપ્ત કરીએ : ૧) જેનો પગ શિરડીમાં પડે, બાધા તેની સર્વ ટળે. ૨) મારી સમાધિની જે પાયરી ચડે, તેનાં દુ:ખો સર્વે ટળે. ૩) ભલે ગયો હું છોડી શરીર, ભકતકાજ દોડીશ થઈ અધીર. ૪) દૃઢ બુદ્ધિ રાખો મારામાં, તો બાધા ફળે સમાધિમાં. ૫) નિત્ય જીવંત છું સત્ય, હું અનુભવ તેનો લેજો નિત્ય. ૬) મારું શરણ જેણે લીધું, તેનું



જીવન એળે નથી ગયું. ૭) જે જે જેવા ભાવે ભજે, પ્રાપ્તિ થાયે તેને તે ભાવે. ૮) ભાર તમારો વહીશ હું સદા, ન ટળે બિરુદ મારું તે કદા. ૯) સત્ય સહાય અહીં સર્વને મળે, જે જે યાચે તે તે મળે. ૧૦) કાયા વાચા મનથી મારો થયો, તેનો હું ઋણી સદા બન્યો. ૧૧) શ્રી સાઈ વંદે તે જન ધન્ય થયા, જે અનન્ય મારા ભકત બન્યા.

## <u>આરતી</u>

આરતી સાઈબાબા, સૌખ્ય દાતાર જીવા,
ચરણરજાતળીં દ્યાવા વિસાંવા, ભકતાં વિસાંવા આરતી... (૧)
જળુનિયાં અનંગ સ્વસ્વરુપીં રાહે દંગ,
મુમુક્ષુજનાં દાવી, નિજ ડોળાં શ્રીરંગ ડોળાં શ્રીરંગ આરતી... (૨)
જ્યા મનીં જૈસા ભાવ, તયા તૈસા અનુભવ;
દાવિસી દયાઘના, ઐસી તુઝીહી ભાવ તુઝીહી ભાવ આરતી... (૩)
તુમચેં નામ ધ્યાતાં, હરે સંસૃતિ વ્યથા;
અગાધ તવ કરણી, માર્ગ દાવિસી અનાથા દાવિસી અનાથા આરતી... (૪)
કલિયુગી અવતાર, સગુણ બ્રહ્મ સાચાર;
અવતીર્ણ ઝાલાસે, સ્વામી દત્ત દિગંબર દત્ત દિગંબર આરતી... (૫)
આઠાં દિવસાં ગુરુવારી, ભકત કરિતી વારી;
પ્રભુપદ પહાવયા, ભવભય નિવારી ભવભય નિવારી આરતી... (૬)
માઝા નિજ દ્રવ્ય ઠેવા, તવ ચરણરજ સેવા;
માગણેં હેંચિ આતાં, તુમ્હાં દેવાધિદેવા દેવાધિદેવા આરતી... (૭)
ઇચ્છિત દીન ચાતક, નિર્મળ તોય નિજમુખ;
પાજવેં માધવા યા, સાંભાળ આપુલી ભાક આપુલી ભાક આરતી... (૮)

## આરતી ભાવાર્થ :

*હે જીવોને સુખદાતા સાઈબાબા ! અમે આપની આરતી કરીએ છીએ. આપના દાસ તથા ભક્તોને આપના ચરણની શીતળ છાયામાં આપ સ્થાન આપો ! આપ પ્રદીપ્ત ભાવથી સદા આત્મલીન રહો છો અને મુમુક્ષુઓને આપ ઈશ્વરની પ્રાપ્તિ કરાવી દો છો. જેવો જેનો ભાવ હોય છે તેવો જ અનુકૂળ અનુભવ આપ તેને કરાવો છો !*

*હે દયાળુ ! આપની જ કંઈ વિશિષ્ઠતા છે. આપના શ્રી ચરણોનું માત્ર ધ્યાન ધરવાથી ભકત આ સંસારના ભયમાંથી મુકત બની જાય છે. આપ સદૈવ દીન તથા અનાથોની રક્ષા કરો છો. આપની કાર્યશૈલી અપૂર્વ છે. આ કલિયુગમાં હે દત્ત ! આપ સગુણ બ્રહ્મરૂપે અવતર્યા છો. તેથી જે ભકત નિત્ય ગુરૂવારે આપની પાસે આવે તેના સાંસારિક ભય આપ નિર્મૂળ કરો ! અને ભગવત્ દર્શનને યોગ્ય આપ તેને બનાવો ! હે દેવોના દેવ ! આપનાં ચરણકમળ જ મારી સંપત્તિ છે. સ્વાતિ નક્ષત્રના જળબિંદુ વડે ચાતક પક્ષીની તૃષા જેમ મેઘ શાંત કરે છે, તે જ પ્રમાણે માધવની (અહીં આરતી કરનારે પોતાનું નામ બોલવું.) પણ સંભાળ લઈ આપનાં વચન પૂર્ણ કરો !*

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્તહેમાડપંતવિરચિતે**
**શ્રી સાઈસમર્થસચ્ચરિત્ર 'ફળશ્રુતિ' નામ ત્રેપનમો અધ્યાય સંપૂર્ણ**
**। શ્રી સદ્‌ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

**સમાપ્ત**

http://suratiundhiyu.wordpress.com/
NOTE: IF ANY BODY WANTS SOFT COPYOF THIS BOOK PLEASE SEND AN EMAIL TO ME AT FOLLOWING EMAIL ADDRESS, I WILL SEND IT TO YOU
desaivm50@yahoo.com